G. P. B.—(J) Y/251—1000—7-52.
E. E. D. F. No. 71

SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BL
1107
N2
22833

# ધર્મવિચાર

Smt. HANSA MEHTA LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA
સત્યં શિવં સુન્દરમ્

લખનાર
કવિ નર્મદાશંકર લાલશંકર

"રાત વિતી ને વાયું વ્હાણું, અરુણોદય દીપતો આ;
આકાશ કુમળો સુનું ઓપતું, શકુન સહૂ શુભ સોહ્યા."

આવૃત્તિ ત્રીજી

"ગુજરાતી" પ્રેસના માલિક
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રકટ કીધું.
સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઈ

સંવત્ ૧૯૭૦ ઇ. સ. ૧૯૧૪

કિંમત રૂ. ૧-૪-૦

7 B2
1107
N8

22833

(સન ૧૮૬૭ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવ્યું છે.)

# પ્રસ્તાવના

## (આવૃત્તિ પહેલીની)

આ ગ્રંથમાં છપાયલા નિબંધો એટલા બધા તો અમૂલ્ય અને મનન કરવા યોગ્ય છે કે, તેની ઘણી માંગણી થવાથી હાલનો સંગ્રહ બહાર પાડ્યો છે. કવિ નર્મદાશંકરના વિચારથી જે જે વિદ્વાનો જૂદા પડતા હોય, તેઓ પણ આ નિબંધોની શૈલી, તેમાંની સ્પષ્ટતા, નિરાકરણ કરવાની ઢબ, અને સૌથી ઉત્તમ એમનું નિખાલસપણું જોઈ બહુ પ્રશંસા કરે છે, એ જ એમના વિચારની બલિહારી છે.

ત્રીસ વર્ષપર ગુર્જર પ્રજાજનો ઉદ્યમના રંગમાં ખૂબ ખિલ્યા હતા, પણ સુધારાના રંગનો લહાવો લેતાં તેઓ છેક જ થાકી ગયા, મોળા પડ્યા અને દેશાભિમાની સ્નેહરંગ તદ્દન ઉડી ગયો. એના સંબંધમાં "ભુલ્યા ત્યાંથી ફરી ગણો" એ નીતિએ ઉદ્યોગ ચલાવી દેશજનતાને વંશપરંપરાની ઉજળી કરવી, એ આ નિબંધોનો હેતુ છે. આ સમય, આવી ઉત્તમ રીત ગ્રંથસંકલના માટે યોજી તેનાપર વિવેચન કરવાનો નથી; પણ જે પુરુષે સુધારાના પ્રથમ કાળમાં છેદકપણું ધર્યું, પછી છેદકરક્ષકપણું ધર્યું; ને હવે તદ્દન રક્ષકનીતિ ધરી છે, તેનો સકારણવાદ બહુ બહુ રીતે લક્ષપૂર્વક અવલોકન કરવા યોગ્ય છે. કવિના જેવી ઉત્તમ શક્તિ સ્પષ્ટીકરણમાં, વિચારની પ્રૌઢીમાં, ચિત્રદર્શનમાં અને ભાષાની નવી શૈલીમાં બીજા કોઈ પણ ગુર્જરમાં નથી, એ સર્વ રીતે માન્ય છે. હમણાના વિદ્વાનો બનાવોનાં અવલોકન કરે છે ખરા; પણ બુદ્ધિવિચારબળે સિદ્ધાંતનું સ્વરૂપ જોતા નથી. કવિએ તદ્દન જૂદી જ રીતિ પકડી સુધારાનું ત્રીસ વર્ષનું સ્વરૂપ જોયું ને તેમાંથી જેટલું સત્ય ને ગ્રાહ્ય દીઠું, તે જ રાખી અગ્રાહ્ય વસ્તુને તજી દીધી છે. ઉપલક વિચાર કરનારા વિદ્વાનોમાં કદી આને માટે મતભેદ હોય, પણ થોડો કાળ વીત્યા વિના ખરું સ્વરૂપ માલમ પડશે નહીં. બેકન પંડિતે જે મહા સમર્થ નીતિ "વિચાર કરવા" માટે યોજી હતી, તે જ ધોરણ કવિએ સાચવ્યું છે, પણ જેમ બેકન

પંડિતના વિચારનો અમલ એક બે વીસી વીત્યા પછી થયો છે, તેમ કવિના વિચારનો જય થતાં વિલંબ લાગશે નહીં. એની પ્રત્યક્ષ સાબિતી એ જ છે કે, આ ગ્રંથની ઉપરા ઉપરી માંગણી થઈ છે.

આ ગ્રંથમાંના સઘળા નિબંધો ઉપર દૃષ્ટિ ફેરવવાનો સમય કવિરાજને મળ્યો નથી. ગ્રંથસંગ્રહ કરનાર ઉપર એના અક્ષરચૂકનો કે સંગ્રહવ્યવસ્થાનો દોષ છે.

તા૰ ૧૭ મી ફેબ્રુવારી ૧૮૮૫. ઈ. સૂ. દેસાઇ.

# પ્રસ્તાવના

## ( આવૃત્તિ બીજીની )

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ સને ૧૮૮૫ માં જ્યારે કવિ હયાત હતા ત્યારે બહાર પડી હતી; ત્યારપછી એક વર્ષની જ મુદતમાં કવિ સ્વર્ગવાસ પામ્યા; અને તેર વર્ષની લાંબી અવધિએ હવે તેની બીજી આવૃત્તિ બહાર આવે છે. કવિ જેવા લેખકની આવી અતિ ઉપયોગી અને બહુ પ્રકારે સમર્થ કૃતિ પણ બીજી આવૃત્તિ માટે આવડો દીર્ઘ કાળ લે છે, એ ગુજરાતની વાંચનારી આલમની ન ઘટે તેવી કંજુસાઈ અને અધન્યતા પ્રદર્શિત કરે છે; તોપણ સંતોષ માત્ર એટલો જ છે કે, આ ગ્રંથમાંયલા વિચારો જે નવા વલણથી લખાયલા છે તે વલણ ઉછરતી સમાજનો મોટો ભાગ પકડતો જાય છે અને એ જ વલણને હૃદયનિષ્ઠ રાખી ભેરીનાદથી સંરક્ષકનીતિનો બોધ કવિરાજના પછી અત્યાર સૂધી સ્વર્ગસ્થ પ્રોફેસર મણિલાલ નભુભાઈ દ્વીવેદી એકતાનથી કરી ગયા છે.

ઘણી જ અફસોસની વાત એ છે કે, એ પુરુષના જીવનનો અંત વિધિએ એટલો બધો પાસે નિર્મેલો; નહિ તો કવિરાજની અન્ત્ય સમયની સંરક્ષકનીતિના વિસ્તારની ઉગ્ર ઉત્કંઠા બહુ અંશે ફળીભૂત થાત. એ ઉપરાંત બીજો પણ એક ગેરલાભ એ પુરુષના ત્વરિત સ્વર્ગવાસથી આપણને વેઠવો પડ્યો છે; ગુજરાતની સમાજ માટે આદિથી અન્ત સૂધી સાચી બંધુતાથી તથા ખરી દેશદાઝથી કવિરાજે ઘટિત ત્યાગવૃત્તિ અને ઉત્સાહ રાખી વારંવાર જે જે પ્રયત્નો સાહિત્યદ્વારા કરેલા છે, તેની અત્યારના ગુર્જર સાક્ષરોમાં ખરી બુજ એ પુરુષને જ હતી, એમ એકથી અધિકવાર બીજા પ્રસંગોના લેખદ્વારા એમણે બહાર મૂકેલ છે; આ ગ્રંથનો ઉપોદ્ઘાત આપવાનું પણ એમણે માથે લીધું હતું, પણ ઈશ્વરની ઈચ્છા વિપરીત નીવડી!

કવિરાજ જેવા પ્રસિદ્ધ લેખક, અને ધર્મવિચાર જેવો ઉપયોગી અને અનુપમ ગ્રંથ બીજી આવૃત્તિમાં આવતાં આવો લાંબો કાળ લે

છે, એ બીના જ આ ગ્રંથમાંયલા વિચારોના સુગમ પ્રવેશ માટે ઉપોદ્ઘાત માગે છે. પણ એ કામ સુલભ નથી, અને થોડા શબ્દોમાં પતાવી શકાય તેમ નથી. વળી કવિરાજ જેવા સાક્ષર અને લેખકે અન્ય ગ્રંથોદ્વારા પણ ગુજરાતી ભાષા અને ગુજરાતી સમાજની જે સેવા બજાવી છે; અને જે કામ લેખની વિવિધ શાખાઓમાં એઓ કરી ગયા છે, તેને પણ દૃષ્ટિથી દૂર રાખી શકાય તેમ નથી. એટલે એ પ્રયત્નને માટે ઇલાયદું સ્થાન રાખી આ આવૃત્તિ આટલા જ પ્રસ્તાવથી બહાર મૂકવામાં આવે છે. આશા છે કે, જે દેશહિતેચ્છુવીરે સ્વદેશી બંધુ માટે એક દીલથી જીવન સમર્પ્યું હતું, તેના આવા પ્રયત્નભણી સમાજ બેકદર નહિ રહી શકે.

આ નવી આવૃત્તિમાં કવિરાજના અન્ય સ્થળે લખાયલા લેખો તથા ભાષણો ( જૂઓ અનુક્રમણિકા વિષય ૫, ૯, ૧૦ ને ૧૧) નો વધારો કરવામાં આવ્યો છે.

તા૰ ૨૨-૧૨-૯૯

જટિલ.

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| | | | પૃષ્ઠ. |
| ૧ | સુધારો ને સુધારાવાળા. | ઈ. સ. ૧૮૮૧ | ૧ |
| ૨ | આર્યોત્કર્ષ ... ... ... ... ... | ૧૮૮૨ | ૪૨ |
| ૩ | મુક્તિતંત્ર ... ... ... ... ... | ૧૮૮૪ | ૧૦૫ |
| ૪ | ધર્મજિજ્ઞાસા | સંવત ૧૯૩૫– ,, ૧૮૭૯ | ૧૩૪ |
| ૫ | આર્યદર્શન. | ,, ,, ,, ,, | ૧૬૬ |
| ૬ | લગ્ન. ... ... ... ... ... ... | ૧૮૮૧ | ૧૯૩ |
| ૭ | દેશાભિમાન ( નિબંધરૂપે) ... ... ... | ,, | ૧૯૮ |
| ૮ | સામાજીક તથા સનાતન ધર્મસ્થિતિ ... | ,, | ૨૦૭ |
| ૯ | બુદ્ધિ. ... ... ... ... ... ... | ,, | ૨૧૦ |
| ૧૦ | સ્વદેશાભિમાન ( અવલોકનરૂપે ) ... ... | | ૨૧૪ |
| ૧૧ | ગ્રહણકાળ | સંવત ૧૯૩૫ આશાઢ વદ ૧૩ | ૨૧૭ |

# * धर्मविचार *

## સુધારો ને સુધારાવાળા

(૧) પ્રત્યેક પ્રજામંડળની સ્થિતિ કાળે કાળે બદલાય છે; કોઈ કાળે અતિઘણી તથા કોઈ કાળે અતિ થોડી પણ બદલાતી ને પછી બદલાયલી દેખાય છે.

બદલાતી સ્થિતિના સમયમાં કેટલાક જણ પોતપોતાના મત પ્રજાને જણાવે છે અને કેટલીક વારે બે મોટા પક્ષ સામસામા બંધાય છે—જો કે વળી એકેક પક્ષમાં પણ મતફેર થોડો કે ઘણો હોય છે જ.

જૂના નવા વિચારની ચાલતી લડાઇમાં કેટલાક જણ પોતાનાં મતને ભૂલ ભર્યું જાણી લે તોપણ અપમાનને ભયે કે ભાવિ જયની આશાએ હઠ ધરી તે મૂકતા નથી; કેટલાએક ભૂલ જણાયેથી બીજા પક્ષમાં ઉતરે છે; કેટલાક તટસ્થ દિગ્મૂઢ રહી જોયાં કરે છે; કેટલાએક સંશયે નબળા કે સ્વાર્થે સબળા તે મધ્યસ્થનું ડોળ ઘાલી રહે છે; અને કોઈ વળી પ્રથમ ન દીઠામાં આવેલા તે નવા દેખા દે છે.

લડાઈ કોઇવાર બંધ પડે છે, કોઇવાર ધીમી ચાલે છે, કોઇવાર પૂર જોરમાં મચે છે, અને સમયની આવવાની અવધિએ જૂના નવા વિચાર છિન્નભિન્ન થયલાની નવી વ્યવસ્થા થાય છે.—નવો વિચાર તે જૂનાને નિર્મૂળ કરી શકે જ નહિ કેમકે નવો તોપણ બાપનો બેટો થાય; તે થોડો ઘણો જૂનામાં ભળે કે પોતાનું નાનું કે મોટું જૂદું રાજ્ય માંડે ને એ રીતે જીત્યો કહેવાય. જૂનો તે પોતાનામાં નવાને થોડોક દાખલ કરે (સમયને નમીને) કે નાશ કરે, કે દેશ બહાર હાંકી મૂકે, તોએ જીત્યો કહેવાય. ઘણું ખરું નિત્યના જૂનામાં સમયના નવામાંના કેટલાક વિચાર ભળી રહે છે.

નવા વિચારવાળો કે જૂના વિચારવાળો જે જયી પુરુષ સમયની છેલ્લી વ્યવસ્થા કરે તે મહાપુરુષ કહેવાય છે—(એ બીજાને, હિંદુઓ અવતારી કે અંશાવતાર કે આચાર્ય કે જગદ્દગુરુ અને શકવર્ત્તિ કે ચક્રવર્ત્તિ એને વિશેષણે ઓળખે છે).

નવા વિચારનો જયી પુરુષ તે મોટો સુધારો કરનારો કે સિદ્ધ સુધારાવાળો એ શબ્દે પણ ઓળખાય. સુધારવું એટલે બગડેલું—અવ્યવસ્થિત હોય તેને ચોખ્ખું વ્યવસ્થિત કરવું; સુધારો એટલે સુધારવા સંબંધી કર્મ કે ક્રિયા અથવા સુધરેલું કાર્ય કે સુધરેલી સ્થિતિ,–નવો વિચાર. સમયનો સિદ્ધ સુધારાવાળો દર્શન દે તેની પહેલાં જે પુરુષો સુધારાનાં મતનો બોધ કરનારા તે સાધક સુધારાવાળા અને એમાંના જે મોટાના સાથી તે સહાય સુધારાવાળા.

સાધક સૌનો ઉદ્દેશ સુધારાનો છતે જૂદી જૂદી બુદ્ધિએ, જૂદા જૂદા વિષયમાં, જૂદે જૂદે પ્રસંગે, જૂદી જૂદી રીતે ઉદ્યોગ કરનારા હોય. પ્રત્યેક જણ પોતપોતાના વિચાર, શ્રમ તથા કાર્ય પ્રમાણે જૂદા જૂદા યશને યોગ્ય થાય. તેઓ વિચાર કર્મમાં જીવતાં કે મુઆ પછી સિદ્ધને વધારે ઓછા અનુસરતા જણાય તે પ્રમાણે માનપાત્ર ઠરે–સમયના સુધારાવાળા રૂપે; અને એમ તુલના ન થઈ હોય ત્યાંસૂધી તે પોતાની જ વેળાના સુધારાવાળાની તુલનાએ માનપાત્ર કહેવાય. સાધકમાં પ્રથમ નવો વિચાર આપવાવાળો પણ મોટું પદ ધરાવે. પછી તેણે કાંઈ કીધું હોય યા નહિ. વિષયપરત્વે ધર્મ તે પહેલી, રાજનીતિ તે બીજી, ને દેશસમૃદ્ધિ તે ત્રીજી એમ ક્રમે મહત્તા રાખે છે. ધર્મવિષયમાં તત્વજ્ઞાન તથા શુદ્ધધર્મ એ પહેલી, વ્યવહાર ધર્મનીતિ એ બીજી, ઘર સંસારની નીતિરીતિ એ ત્રીજી એમ અગત્ય રાખે છે.

સાધકમાં કેટલાએક ઉચ્છેદક (radical), રક્ષકછેદક (liberal radical), ને છેદકરક્ષક (liberal conservative) હોય. એક તે જૂના વિચારને નિર્મૂળ કરવાને બીજો તે નવાને વિશેષ દાખલ કરવાને; અને ત્રીજો તે જૂનામાંનું ઘણુંક અવશ્ય રાખવાને તથા ન છુટકાના નવાને દાખલ કરવાને ઉદ્યમી હોય–જૂનાને હઠથી રાખી રહેવાને મથે તેને પ્રરક્ષક (conservative) કહીએ.

સાધકમાં કોઈ પ્રથમ ધસી તરત જ પલાયન કરે, કોઈ નિભાવ કરતાં વચમાંથી કાતર દીન થઈ રહે, કોઈ પ્રસંગવશાત્ થોડે શ્રમે મોટો યશ મેળવે ને કોઈ મોટે શ્રમે જીવતાં યશ મેળવે નહિ. કોઈ તરતના સુધારાને મોટો માને ને કોઈ ઘણો કાળ રહે તેવાને; કોઈ ધીરા, કોઈ ઉતાવળા; કોઈ આડે માર્ગે તથા નિંદ્યપ્રપંચે ને કોઈ સૂધે માર્ગે તથા અનિંદ્યયુક્તિએ કામ કરનારા હોય; કોઈ ટોળાં કરી તેને વધારવાને મથે ને કોઈ સ્વતંત્રે વિચાર કરતા થાય તેમ લોકને બોધે.

(૨) હિંદુ પ્રજામંડળ છેક જૂના કાળથી સ્થાપિત છે. મનુથી તે યુધિષ્ઠિર સૂધીના ત્રણ મોટા યુગ જેટલા લાંબા કાળમાં જો કે ઘણી વાર ધર્મચક્ર તથા રાજ્યચક્ર બદલાયાં તોપણ સંસારનો ત્યાગ કે રાગ એ વિષયમાં પ્રજાએ ત્યાગને જ અવશ્યે પ્રધાન જાણ્યો માન્યો પાળ્યો હતો. પછી કેટલોક કાળ તેમ જ હતું. પછી વળી સતેજ બૌદ્ધ તથા નિસ્તેજ બ્રાહ્મણ એ બે ધર્મે ત્યાગને જ મનાવ્યો હતો. વિક્રમ સંવતના આરંભથી તે સૈકા વીસના આરંભ લગીમાં શાંકર વૈષ્ણવ જૈન એ ત્રણ ધર્મે પોતાના અનેક



સંપ્રદાય સાથે અને કબીર નાનક સાધુ સંન્યાસી જોગી જતીના અનેક પંથોએ ત્યાગને જ પ્રધાન ભણ્યો છે. અર્થાત્ નિવૃત્તિધર્મ પ્રધાન ને પ્રવૃત્તિધર્મ ગૌણ એમ હિંદુઓ પરંપરાથી માનતા આવેલા છે.

એ બે ઉલટપુલટ થાય એટલે પ્રવૃત્તિનો ધર્મ પ્રધાન મનાતો થાય–સકળ પ્રજામાં, તેવો નવો વિચાર તિસેક વર્ષ થયાં દેશમાં ધુંધું કરી રહ્યો છે ને બહુ બહુ પ્રકારે ઉદ્યમી છે. પ્રજા પરલોક સંબંધી વિચાર કાઢી નાખે ને આ લોકના સુખભોગનો જ રાખે તેને માટે દેશાભિમાનને મહાદેવત મનાવવાને સુધારાવાળા મથન કરે છે.

'ઉલટપુલટ' શબ્દે રક્ષકછેદકનું મત અમે જણાવ્યું છે, પણ વેદને ન માનનારા સ્વબુદ્ધિનો સુઝાડેલો ફેરફાર કરનારા ઉચ્છેદક તે તો એમ જ ઇચ્છે છે કે, નિવૃત્તિધર્મ જ ન જોઇયે. એકેશ્વર ભક્તિનો નવો ધર્મ સમાજ પ્રવર્તાવે છે તે લોકનું વળું પોતાની તરફ કરવાને; કેટલાક સમજે છે કે ઈશ્વરને માનવો સંસારી તે દુઃખભોગમાં તથા સુખ પ્રાપ્તિમાં સહાય કરવાને. જેમ સને ૧૭૯૩ માં ફ્રેંચ લોકે બુદ્ધિદેવીની સ્થાપના કરી ઉગ્ર ભયંકર ફેરફાર કીધો હતો તેમ તો છેક નહિ, પણ તેવી રીતે અહીંના સુધારાવાળા દેશાભિમાનને સ્થાપી નિવૃત્તિધર્મને બ્રાહ્મણની ઠગાઈ કહી નિંદે છે; અપરોક્ષ ગ્રાહ્ય વિષય સત્ય ને પરોક્ષ અગ્રાહ્ય તે અસત્ય મનાવે છે;–મરણ પછીની ગતિ અને ઈશ્વરજ્ઞાન તથા ધર્માચરણ એ વિષે અનાદર કરાવે છે; વેદવચન તથા મહર્ષિના આનુભવ અને સાત્વિકબુદ્ધિવાદ તે અપ્રમાણ છે, પણ યુરોપના શાસ્ત્રીઓના સિદ્ધાંત તથા ત્યાંના શિષ્ટના અનુભવ અને રજસ્તમસી બુદ્ધિવાદ તે સપ્રમાણ છે એમ કહે છે. પૂર્વના બૌદ્ધ વેદને વગોવતા ને અમણાના પણ વગોવે છે અથવા નામનો માને છે; પૂર્વના બૌદ્ધ જીવની કર્મ પ્રમાણે ગતિ, દેહાંતર ને દેવાદિયોનિ એને માનતા અને અમણાના નથી માનતા; પૂર્વના તે એક જગદીશ્વર નથી એમ સ્પષ્ટ કહેતા ને આમણાં કેટલાક નાસ્તિક છતે તે, ને બીજા તે, ઈશ્વર છે એમ કહે છે.

સ્થિતિબળ જોઇયે. ત્યાગધર્મ પ્રજાના હૃદયમાં ઘણા કાળથી વ્યાપિ રહ્યો છે ને રાગધર્મ તે થોડુંક થયું દેખાઈ ધું ધું કરે છે. હિંદુ પ્રજાની સંખ્યાના પ્રમાણમાં સુધારાવાળાની સંખ્યા હજી કંઈજ નથી. અગ્રેસર કેવા છે? સનાતન ધર્મમાં આચાર્ય તથા ધર્મગુરુ ને શિક્ષક બ્રાહ્મણ એ સ્થિતિ ભ્રષ્ટ છે–સાત્વિક તે સમય નથી એમ માની ટક ટક જોયાં કરે છે, રાજસી તે વિલાસમાં મગ્ન છે ને તામસી તે અર્થ સાધવે પ્રપંચ રમે છે; કેટલાક પંડિત નવા વિચારની સામા પણ થાય છે–કેટલાક પુનર્વિવાહ પ્રકરણમાં ને કોઈ કોઈ તે સ્વામી દયાનંદના ધર્મકથનની. પ્રજાનો મોટો ભાગ સુધારાના બકવાદને ન લેખવતાં સ્વધર્માચરણ, ઘરડા કરતા આવેલા તેમ કર્યા જાય છે ને એમાંના કેટલાક જેને સુધારાનો પાસ લાગ્યો છે તેઓ ઘરમાં

ને જ્ઞાતિમાં જૂની રીતિ રાખી રહી કે કાંઇક બદલી સુધારાને વખાણે છે પણ તે પક્ષમાં જતા નથી. સુધારાવાળામાં સેન તો દિનપરદિન વધારે વધારે ખ્રિસ્તી સાધુના સ્વપ્ન તરંગમાં રમે છે. સ્વામી વેદની સંહિતાને જ મનાવે છે ને તે પણ તેમાંની હિરણ્યગર્ભસૃષ્ટિની, દેવતાઓને કાઢી નાંખીને; તે અમણાં મુંબઈ ઈલાકાની આશા છોડી ઉત્તર હિંદુસ્થાનના તથા પંજાબના પ્રદેશમાં ઘૂમે છે. પ્રાર્થનાસમાજના અગ્રેસર તો દયામણા છે. સાધક સુધારાવાળામાં હવે પછી કોઈ ગાદી ચલાવે તેવા હજીલગી તો જણાતા નથી. પ્રજામાં વેદોક્ત જ્ઞાન વિશેષ સતેજ થતું જાય છે ને જ્ઞાતિ આચાર કર્મ વિષયમાં તેણે કાંઈ કાંઈ હઠ મૂકી છે. રાજ્યનીતિ, દેશસમૃદ્ધિ, વિદ્યાકળા, વ્યવહારચાતુર્ય એ વિષયમાં સુધારાવાળાનાં વખાણ કરે છે પણ નિવૃત્તિધર્મના વિષયમાં એ હાથ ઘાલે છે તે તેને પ્રિય નથી. સુધારાવાળાના પ્રયત્નમાં આર્યસમાજે કેટલાક અંગ્રેજી ભણેલાને વેદ માનતા કીધા છે. સૌ સુધારાવાળાએ ખ્રિસ્તી ઉપદેશકોનું ફાવવા દીધું નથી પણ પ્રજામાં કુસંપ કીધો છે; કેટલાકને સંશયી કીધા છે; તેઓ બહુબોલા છે; કહેણી પ્રમાણે રહેણી રાખતા નથી; વિષયસેવન યથેચ્છ કરે છે; અસત્ય, અમર્યાદા, વ્યભિચાર, મદ્યપાન, સ્વાર્થબુદ્ધિ, સંકોચવૃત્તિ એ આદિ દુર્ગુણ પ્રજામાં વધ્યા છે, તે જડ શક્તિને વખાણનારા ને નીતિવિષે નિસ્પૃહ રહેનારા સુધારાવાળાની સંગતિએ. કેટલાક પંડિત બંગાલી તથા દક્ષણી પુનર્વિવાહના પક્ષમાં ગયા છે ને સુરતનો એક દક્ષણી શાસ્ત્રી દેશાટનને પુષ્ટિ કરનારો હતો. થીઓસોફીસ્ટ અગ્રેસરોએ યોગ તથા મંત્રની સિદ્ધિ સત્ય માની એની વિરુદ્ધ જે સુધારાવાળા તેને ઝાંખા પાડ્યા છે અને સનાતન ધર્મનો આદર કરવા ભણી કેટલાકની મતિ કરી છે. યુરોપના ઘણાક લોકપ્રવૃત્તિમાં મચેલા તે સાત્વિક ત્યાગ વૃત્તિવાળા હિંદુને પુરુષાતન રહિત કહે છે પણ સમજવાનું આ છે કે સત્વ મલિન થયેલી, ત્યાગવૃત્તિ ઓછી થયેથી હિંદુઓ નિર્બળ થયા છે, બાકી સત્વ તથા ત્યાગમાં તો બળ છે જ. ગીતામાં કૃષ્ણોક્તિ છે કે "अश्वत्थमेनं सुविरूढमूलमसंगशस्त्रेण दृढेन छित्वा"–"સંસાર જેનાં મૂલ બહુ ફેલાયલાં છે તેને દૃઢ અસંગરૂપી શસ્ત્રે છેદવો"–ત્યાગ જ શ્રેષ્ઠ છે.

ઉપર પ્રમાણે બંને પક્ષનું બળ જોઇયે છીએ; વળી સ્મરણ આણીએ છીએ કે સ્વધર્મનું જાણ્યા વિના પરધર્મના મોહમાં અનુભવ વિનાના તરુણોએ સુધારો આરંભ્યો હતો, વળી જોઇયે છિયે કે કાળા હિંદુની વૃત્તિનું વલણ પાછું ફેરવે છે ત્યારે અમને તો પ્રતીતિ થાય છે કે સમયની અવધિએ સનાતન ધર્મ તે થોડાક જ સુધારો પોતાનામાં દાખલ કરશે.



(૩) ગુર્જર હિંદુ પ્રજામાં સેન કે સ્વામીના મતના ગુજરાત કાઠિયાવાડમાં કોઈ નથી. (માત્ર મુંબઇની આર્યસમાજમાં ચાળીસેક જણ હશે ને એમાં ધર્મની સમજણવાળા પાંચ પણ નથી.) પ્રાર્થનાસમાજ ગુજરાતમાં છે, કાઠિયાવાડમાં નથી. એમાં નોંધાયલામાં વેદ તે ઈશ્વરવાણી નથી એમ સ્પષ્ટ કહેનારા થોડાક જ છે ને વેદોક્ત ધર્માચરણ ઘરજ્ઞાતિમાં ન રાખનારો તેવો એક પણ નથી. લગ્ન, જ્ઞાતિ, રીતભાત વિષે સભામાં બોલાય છે ને પત્રોમાં લખાય છે; દેશી કારીગીરી સંબંધી કંઈ કંઈ વડોદરાની સભા કરે છે. (રાજ્યપ્રકરણ ને દેશી કારીગીરી એને માટે સુરત અમદાવાદમાં થયલી સભાઓ ભાગી પડી છે.)

સ્વામીએ અમદાવાદની સમાજના અગ્રેસરોને વેદ માનવા વિષે બહુ પ્રયત્ન કીધેલો પણ તેઓએ માન્યું નહોતું. રાજકોટ તથા ભરૂચમાં આર્યસમાજ થયલી પણ તે તુરત જ તુટી ગઈ હતી. આર્યસમાજના થોડાક જણ થીઓસોફીસ્ટ પણ છે કે જેનું મત દેવભૂતાદિઓને પણ માનવાનું છે–સમાજના મતની સામાં.

ગુજરાતીઓમાં સુધારા સંબંધી સારી પેઠે ચરચાયલા વિષયના મોટા પ્રસંગ આ હતાઃ–જાદુમંત્રનો તે સુરતની માનવધર્મસભાએ આણેલો (૧૮૪૪); સ્ત્રી કેળવણીનો બુ૦ વ૦ સભાએ આણેલો (૧૮૫૧); ઈંગ્લંડ જઈ આવેલા બ્રાહ્મણ વાણીઆ ભાટીઆના સંબંધમાં ચાલેલી ચર્ચા તે તે જ્ઞાતિઓમાં (૧૮૬૦ પછી કેટલાંક વર્ષ); પુનર્વિવાહ સંબંધી મુંબઇમાં (૧૮૬૦); મહારાજ લૈબલકેસ મુંબઇમાં (૧૮૬૦–૬૧). ગુજરાતીમાં સઘળા વિષયપર બોલાયું લખાયું છે; છોકરીઓની નિશાળ ભણાવનારી થોડીક સ્ત્રિઓ બહાર પડી છે; એકવીસ વર્ષમાં તિસેક પુનર્લગ્ન થયાં હશે;–બ્રાહ્મણથી બીજી જ્ઞાતિઓમાં પાંચેક વધારે; નાગર બ્રાહ્મણ, કપોળ, મોઢવાણીઆ, ભાટીઆ ને કાએચ ઈંગ્લંડ જઈ આવ્યા છે અને કાએચ તથા ક્ષત્રી તે ચીન. વિદ્યાવૃદ્ધિના કામમાં વર્નાક્યુલર સોસૈટી (૧૮૪૮), એંદ્રુસ લૈબ્રેરી (૧૮૫૦), હીમાભાઈ ઇન્સટિટ્યુટ (૧૮૫૮), ને મુંબઈ ભૂલેશ્વર લૈબ્રેરી (૧૮૭૪) એ થયાં છે.

સુધારાનો ઉપદેશ કરનારાની સંખ્યા દશ વર્ષ (૧૮૫૧થી૬૧) સારી હતી ને તેમાં વધારે આગળ પડેલા તથા સર્વત્ર જણાયલા તે નર્મદાશંકર લાલશંકર (ગદ્યપદ્ય લખાણથી, ભાષણથી ને પુનર્વિવાહની ચર્ચાથી; ) અને કૃષ્ણદાસ મૂલજી (સત્યપ્રકાશ પત્રથી, ભાષણથી ને લૈબલકેસથી;) વળી બીજા તે મુંબઇમાં ગંગાદાસ કિશોરદાસ, કૃષ્ણદાસ માધવદાસ ને ડાક્તર ધીરજરામ; સુરતમાં દુર્ગારામ મંછારામ ને અમદાવાદમાં મહીપતરામ રૂપરામ તથા કવિ દલપતરામ ડાહ્યાભાઈ એ હતા. પછી (૬૧–૭૦) મુંબઇમાં

ગિરિધરલાલ દયાળદાસ, નગિનદાસ તુળસીદાસ, ઠાકુરદાસ આત્મારામ ને પાછલા ભાગમાં ટીકાકારના લખનારા. (શેરસટ્ટાના વખતથી સુધારાનું કામ બહુજ ધીમું પડી ગયું ને કેટલાક ઉપદેશક ખસી બેઠા). પછી (૭૦–૮૦) નવા દેખાયા; તેમાં ભોળાનાથ સારાભાઈ (પ્રાર્થનાસમાજથી). પત્રચલાવનારામાં "ગુજરાત મિત્ર" વાળા, "હિતેચ્છુ"વાળા ને ગયા વર્ષથી "ગુજરાતી"વાળા. ભાટીઆમાં મૂળજી ઠાકરસી તથા રામદાસ ભાણજી એ નામ ગણવાનાં; અને જાદુકપટપ્રકાશવાળો ઇચ્છારામ વ્યાસ.

કૃષ્ણદાસ, નીતિ તથા સંસારસુધારો એ વિષયમાં રક્ષકછેદક હતો, પણ લૈબલકેસથી ઉચ્છેદક જણાયો. ગિરિધરલાલ લખાણ ભાષણથી ઉચ્છેદક ને આર્યસમાજના પ્રમુખરૂપે સ્વામીની પેઠે રક્ષકછેદક કે ઉચ્છેદક હતો. મહીપતરામ રક્ષકછેદક તે વેદને ધર્મપુસ્તક ન માનવાથી ઉચ્છેદક છે. નર્મદાશંકર રક્ષકછેદક, પછી સર્વ વિષયમાં ઉચ્છેદક જણાઈ "રાજ્ય રંગ" લખ્યા પછી છેદકરક્ષક છે. સને ૧૮૬૮ માં નર્મદાશંકરે બુદ્ધિવર્ધક સભામાં સુધારા વિષે ભાષણ કરેલું ને પછી જે મત જણાયાં તે તા૦ ૨૯ મી નવેમ્બરના ડાંડિયામાં છપાયાં હતાં: નર્મદાશંકર–"પ્રજાનાં તન મન ધનમાં વ્યવસ્થાપૂર્વક જે વધારો કરવો તે સુધારો:" ગિરિધરલાલ–"આગળ વિચારમાં દોડ કર્યાં કરવી તે સુધારો;" ઠાકુરદાસ–"સારી વ્યવસ્થા કરવી તે સુધારો;" નર્મદાશંકર–"ગિરિધરલાલની વ્યાખ્યામાં આગળ ધસવા ઉપર ને ઠાકુરદાસનામાં વ્યવસ્થા ઉપર પ્રાધાન્ય છે;" નગિનદાસ–"ધર્મને વળગી રહેવાની જેવી આપણી વૃત્તિ છે તેવી હવે વિદ્યા તથા રાજદરબારી વિષયને વળગેલી તે રહે તેવું કરવું કે જેથી દેશની સ્થિતિ સારી થાય;" મનસુખરામ સૂર્યરામ–"માથે અંકુશ રાખી ચાલ્યાં કરવું તે સુધારો."

ગુજરાતી સુધારાના કામમાં દ્રવ્યનો આશ્રય આપનારા તે ભાટીઆ, વાણીઆ, કળમી, શ્રાવક ને પારસી એ જ્ઞાતિના ગૃહસ્થો છે. વળી દક્ષણી ગૃહસ્થોની સૂચનાથી સુરત અમદાવાદમાં લવાદકોરટ થઈ તે કંઈ કંઈ કરે છે; એક દક્ષણી ગુજરાત કાઠિયાવાડમાં દેશી કારીગરી વિષે ભાષણ કરી ગયો છે; પુનાનો જોષી સુરતના હુલ્લડ કેસમાં અધિપતિઓની મદદમાં હતો. ગુજરાતના લોકે દક્ષિણના દુકાળથી પીડાતાને માટે કેટલુંક દ્રવ્ય મોકલ્યું હતું.

સુધારાના સામા પક્ષવાળાએ ઈંગ્લંડ જઈ આવનારાને હેરાન કીધા હતા–નાગરમાં શાસ્ત્રી દિનમણિશંકર ને મહાજનના ગુરુ મુખી હતા; (જ્ઞાતિમાં દાખલ થવાના પ્રસંગમાં સુધારાવાળાઓએ સ્થિતિનીતિમાં પોતાની બહુજ નબળાઈ જણાવી હતી). સ્વામી દયાનંદની સામા ભરૂચનો દક્ષણી માધવરાવ થયો હતો ને હાલ ત્યાં પ્રાર્થના સમાજની સામા નારાયણસભા છે. બીજા બધા પ્રાંત કરતાં ગુજરાતી પ્રજામાં જ્ઞાતિઓનાં બંધન વિશેષ છે. ગુજરાતમાં ધર્મવિષયનો સુધારો ભાંગી પડે તેવો છે; પુનર્વિવાહની રીતિ ધીમે



ધીમે ચાલુ થાય ને તે જોડાં થોડે કાળે પોતપોતાની જ્ઞાતિમાં ભળે પણ એક વીસા વાણીઆની નવી જ્ઞાતિ થવાનો સંભવ નથી.

આખા હિંદુસ્થાનમાં બંગાલી, મરેઠી ને ગુજરાતી એ ત્રણ પ્રજામાં સુધારો વધારે ગડબડ કરે છે; બંગાલામાં સુધારો દાખલ થયાને વધારે કાળ થયો છે તો પણ ત્યાંના લોક સ્વધર્માચરણ રાખી રહ્યા છે–કોઈ કોઈએ કેટલુંક નવું પણ દાખલ કીધું છે. દક્ષણી ગુજરાતીઓ બોલે છે બહુ પણ વર્તે છે જૂની રીતે, હજી નવું ભેળ્યું નથી. રીતભાત વિષયમાં દક્ષણી કર્ત્તાં ગુજરાતી બૈરાંએ વધારે સુધારો દાખલ કીધો છે–દાખલો, કે નાક તથા પગ એનાં આભૂષણ કાઢી નાખવા માંડ્યાં છે અને મર્યાદાનીતિમાં ગુજરાતી બૈરાં દક્ષણી કર્ત્તાં ઉતરતાં હતાં તે હવે વધારે સ્વચ્છંદે વર્તનારાં થયાં છે. સુધારાએ પુરુષોને સ્ત્રીજિત કરવા માંડ્યા છે.

(૪) સાર–નિવૃત્તિધર્મવિષયમાં વેદોક્ત સનાતન ધર્મ છે તેજ લોકે પાળવો;—સુધારાનો કે સમાજવાળાનો નહિ નહિ ને નહિ. પ્રપંચી મમતીઓનો મમત મુકાવવાને અમારો મમત કે યત્ન નથી પણ સત્યાર્થ ગ્રહણ કરવાની ગરજવાળાને અને સંશયી છે તેને સમજાવવાને અમારો યત્ન છે ને તે પણ મમતથી નહિ; તેઓએ આટલી વાત વિષે પ્રથમ નક્કી કરવું.

સત્વ, રજ, તમ એ ત્રણ ગુણવાળી બુદ્ધિ પ્રત્યેક મનુષ્યની છે; પણ કોઇમાં કોઈ ગુણનો અંશ વધારે એમ જન્મથકી જ હોય છે. (યુરોપના વિદ્વાનો માનતા નથી)

વેદોક્ત ધર્મનું બંધારણ તથા તેની વ્યવસ્થા શુદ્ધસત્વબુદ્ધિ ઉપરથી છે. (બીજા કોઈ પણ ધર્મનું નહિ).

સત્વાંશ વધારે એવા હિંદુઓમાં રજસ્તમસી નીતિ ભળે જ નહિ. ધર્મને લગતા સંસારી વિષયમાં નવા વિચાર જૂનામાં દાખલ કરવાને અનેક કલ્પના થાય છે તેથી કાંઈ સિઝતું નથી માટે કોઈ પણ મુખ્ય ધોરણ રાખવું કે જેને અનુસરી અમુક રીતિ દાખલ કરવી. કાં તો આર્યનો સિદ્ધાંત કે યુરોપીઅનોનાં મત કે આત્મબુદ્ધિનો અનુભવ.

નિત્યાનિત્યનો વિચાર રાખવો; પછી એની મેળવણી કરવી. પારકું આપણામાં ભળી શકે નહિ, ભળે તો ઝાઝું રહે નહિ એમ હોય તોપણ તે લેવું શું? આપણું પૂર્વનું બહુ સારું પણ અમણા આપણાથી પળાય તેવું ન હોય તોપણ તે બલાત્કારે લેવું શું? લાભ હાનિ શેમાં છે?

સ્વધર્મ શું છે તે જાણ્યાવિના વગર વિચારે પારકું લેવું એ ડહાપણ છે? સ્વધર્મ પ્રથમ જાણવો. સમાજવાળા જે નથી જાણતા તેને શું કરવા પૂછવું? કાં ન પૂછવું આચાર્યોને, ગુરુને ને બ્રાહ્મણોને?

સુધારાનો ઉદ્દેશ પ્રવૃત્તિધર્મ વધારવાનો ને એને અર્થે દેશાભિમાનની પ્રતિષ્ઠા ને એનો ખરો મર્મ સ્વરાજ્ય કરવાનો ને એને માટે ઉપાય લેવાય નહિ ત્યારે સુધારાવાળાએ વર્ણાશ્રમ કાઢી નાખી લોકનું ઐક્ય કરવું યોજ્યું;

એમાં કંઈ વળ્યું નહિ; હવે સ્વરાજ્ય કરવાને લોકસમસ્તના ઐક્યની અગત્ય છે કે લોકમાંના ક્ષાત્રબુદ્ધિવાળા એઓએ જ માત્ર તે ઉદ્યોગ કરવો? બ્રાહ્મણબુદ્ધિવાળાએ શું કરવું? એ સર્વ વિચાર સમજુકોએ કરવા;—અને પછી સુધારાને સમયને માટે ઘટે તેટલો દાખલ કરી જૂનામાં ભેળવો એ અમારું કહેવું છે.

---

(૫) પ્રવૃત્તિવિષયમાં ઉત્તમ પ્રકારનું સુખ દેશીઓ ભોગવે તેવી શુભેચ્છા હિંદુ સુધારાએ પ્રસિદ્ધ કીધી. કોઈ પણ પ્રજાની પ્રવૃત્તિવાળી સ્થિતિનું ઉત્તમ દર્શન તે તેના સ્વદેશી સ્વધર્મી સ્વાનુકૂળ રાજ્યમાં જ હોય; તો, લાંબે કાળે પણ આ દેશમાં હિંદુઓનું સ્વરાજ્ય થાય એ હેતુ હિંદુ સુધારાનો હોવો જોઇયે. સ્વરાજ્ય થાય તેને માટે દેશાભિમાન છે એમ તો સુધારો સ્પષ્ટ બોલી શક્યો નહિ, અમણાની સરકારની ઇતરાજી થવાની બીકે; પણ દેશી પ્રજાની સ્થિતિ સઘળી વાતે સારી થાય. દેશના અનેક ધર્મજાતના જન સામાન્ય લાભમાં સંપે કામ કરતા થાય તેને માટે દેશાભિમન છે એવો તેણે લોકને બોધ કીધો. વળી હિંદુ–પ્રજામાં ધર્મભેદે કુસંપ છે અને ધર્મ કર્મમાં બહુ કાળ ગાળવાથી તથા જ્ઞાતિના પ્રતિબંધોથી પ્રવૃત્તિનાં કામ થતાં નથી માટે નવા ધર્મની યોજના કીધી. તીસ વર્ષનો અનુભવ કહે છે કે સુધારાનું દેશાભિમાન તે સ્વદેશી ધર્મ–નીતિ–રીતિ વિષે દેશી સમસ્તનું બહુ કાળનું જે ઉત્તમ પ્રકારનું અભિમાન તેને નિંદી નિર્મૂળ કરવાને મથન કરે છે. યુરોપના લોકમાં દેશાભિમાન એ મોટો વિચાર છે, પણ માત્ર પરદેશી સત્તાને અધીન લોક તે તેની સામા થવાના ઉદ્યોગમાં તથા સ્વદેશી રાજ્યવાળા તે પરદેશી રાજ્યવાળાની સામા થવાના પ્રસંગમાં દેશાભિમાન રાખે છે. હિંદુ પ્રજા નિવૃત્તિધર્મનો મોટો વિચાર રાખનારી તે નવા દેશાભિમાનને ઝીલતી નથી ને નવા ધર્મને લેખવતી નથી.

"સંસારસું સરસો રહે ને મંન મારી પાસ,
સંસારમાં લેપે નહીં તે જાણ મારો દાસ—"

સંસારનાં કામ કરે પણ ચિત્ત નિરંતર ઈશ્વરમાં રાખે ને સંસારની આસક્તિ ન રાખે એ બોધ સમજુક અણસમજુક સર્વે હિંદુને માટે સાધારણ છે, ને સંસારને 'કાકવિષ્ટા' જેવો જાણે તે મહાપુરુષ છે. મોટી પ્રવૃત્તિએ મોટાં પાપ થાય; રાજ્ય પ્રાપ્ત કરવાની ખટપટમાં ને પછી ઐશ્વર્યના મદમાં બહુ પાપ થાય. 'રાજ્યને અંતે નરક' એમ પણ કહેવાય છે.



રાજ્યપ્રાપ્તિ (ભાવિમાં) ને રાજ્યમાં સુખ (વર્તમાનમાં) એ બે પ્રકરણ અમે હિંદુ પ્રજાના ઉદ્યોગના સંબંધમાં દેખાડ્યાં છે; (આગસ્ટ તા૦ ૧૪ મીનું 'ગુજરાતી' જોવું); પણ વળી પ્રસંગોપાત્ત લખીશું. પહેલા વિષયમાં લોકના હૃદયમાં વાસનાએ નથી અને સુધારાના અગ્રેસરોને વાસના ખરી પણ ઇચ્છા નથી; પછી વિચાર તથા ઉદ્યોગ વિષે શું કહેવું? બીજા વિષયમાં કરભાર ઘટો, ન્યાય નિર્મળ તથા થોડા કાળમાં થોડે ખરચે મળો ને ક્ષેમ રહો, રાણીનું રાજ રક્ષણ કરતું તથા છૂટ આપતું એમ દેશી પ્રજા ઇચ્છે છે ને કહે છે. માત્ર થોડાક જણ છૂટા રહીને કે સભામાં ભરાઈ લોકનાં દુઃખ સરકારને જણાવે છે તથા કૃપા માગે છે અને તે થોડાકમાંના જૂજ તે, લોકના હક માટે પણ અરજ કરે છે. અર્થાત્ લોકની રાજપ્રકરણ ભણી વૃત્તિ નથી ને જેઓ શ્રમ કરે છે તે થાકયાના ગાઉ જેવા છે.

વર્તમાન રાજ્યથી અમણાના રાજકુળમાંના ઘણાંક તો રાજી છે ને કેટલાંક તે પોતાનાં દુઃખની અકળામણમાં તેને ભુંડું કહેતા હશે. કોઈ રાજકુળ તથા પ્રજાકુળ પૂર્વજની સારી સ્થિતિનું અભિમાન રાખતાં હશે, પણ તેવી સ્થિતિ આણવાને કોઈ વિચારતું હોય એમ અમને ભાસતું નથી, સ્થિતિ આવે તો તેમાં મળવાનો વિચાર કરે તેવાં હશે ખરાં; અને દેશાભિમાનની શુદ્ધનીતિ કે પરદેશી સત્તા કૃપાળ પણ તે ભુંડી ને સ્વદેશી સત્તા ત્રાસદ પણ તે રુડી એ મોટા, ઉંચા, પૂજ્ય મનાયલા વિચારથી ભક્તિદૃઢ ને સ્વદેશીની સ્થિતિ જોઈ નિત્ય ઉદાસીન એવો એક પણ સુધારાવાળો નથી. (એવા પુરુષો યુરોપ અમેરિકામાં છે.)

ચાલતા કાળમાં સુધારાવાળા અગ્રેસરોના પ્રયત્નથી રાજ્યપ્રકરણમાં લાભ થયો હોય તેવું નથી. આસોસીએશન વગેરે સભાઓને લોક કોઈ મદદ કરતા નથી. (અગ્રેસરો સમજાવે ત્યારે વળી પરાણે સહીઓ કરી આપે, કોઈ કોઈ કામમાં) અને તે સભાઓ બહુ બહુ મેહનત કરે છે ત્યારે સરકાર કાંઇક વાત વળી સાંભળે છે. લેજિસલેટિવ કૌંસીલમાં દેશી પ્રજાના સંબંધમાં ઘડાતા ધારાની બાબતમાં દેશી મેમ્બરોનાં મત ઓછા વજનનાં ગણાય છે. કોઈ કોઈ પાત્ર ધારાની ચર્ચામાં બહુ કાળ કાઢે છે પણ લોક ને સરકાર બેદરકાર છે. વડોદરાના મામલામાં દેશાભિમાનથી ઉશ્કેરાઈ કેટલાક જણે પત્રોમાં લખાણ કીધાં પણ ત્યાંની વ્યવસ્થા સરકારે પોતે ઘટતી ધારી તેમ જ કીધી. તે વખતમાં 'બ્રિટિશ રાજ્ય તે આગળ પડતું હોઇને બીજા દેશી રાજ્યોને સાથે દોરે છે પણ કંઈ સર્વોપરિ રાજ્ય નથી' એમ કોઈ સુધારા વધારાવાળાએ અંગ્રેજી પત્રમાં લખેલું પણ રાણીશ્રી તે ચક્રવર્તી મહારાણીશ્રી થયાં છે. લૈસન્સ ટાકસની બાબતમાં અધિપતિઓ તથા બીજાને અરજી કરનારા લોકની સભાના સંબંધમાં સમયના અણધાર્યા હંગામમ

ઘણુંક વેઠવું પડ્યું છે. દેશાભિમાનથી ઉશ્કેરાઈ તોફાન મચાવનાર ફડકેને સરકારે સજા કીધી છે. અમણા કંઈ થયું નથી પણ એમ પલોટાવાથી કોઈ કાળે લોકનું બળ વધશે ને રાજ્ય પ્રકરણમાં હક મળતા થશે એ સમજ સુધારાવાળાની ભૂલ ભરેલી છે.

યુરોપના રાજનીતિકુશળ પંડિતોએ યુરોપના પ્રજામંડળ વિષે આવી રીતે લખ્યું છે કે "જે મંડળમાં સુધારો ઉચ્છિષ્ટ ને તુચ્છ મનાતો હોય, જ્યાં તે લાત ખાઈ દૂર રહેતો હોય, જ્યાં ટોળીઓને લૂટને માટે જૂદા જૂદા રસ્તા હોય, જ્યાં સત્તાધારીને લોકની દાઝ ન હોય, જ્યાં ઉંચા નીચા વર્ગના સૌ બદદાનતના હોય, જ્યાં દેશાભિમાની ને સરકારી કામદાર આમ જ સમજતા હોય કે પૈસો જ દરેક કામ કરી શકે છે ને પૈસાને જ માટે તેઓ હરકોઈ કામ કરવાને તૈયાર હોય, જ્યાં ધર્મવિષે ઉપલો વર્ગ બેદરકાર, વચલો વર્ગ જેવું હોય તેવું કબૂલ રાખનારો ને નીચલો વર્ગ જનુનવાળો હોય ને સૌ સ્વાર્થને જ જોતા હોય તે મંડળ સ્વાધીન સ્વતંત્ર થઈ શકે જ નહિ." એમાંનું ઘણું એક અમણાના અહિંના લોકને લાગુ પડે છે. વળી આપત્તિમાં લોક તરતની જરૂરીઆત શિવાએનાં બીજાં કામ કરી શકે જ નહિ. લોકની ને અગ્રેસરોની સ્થિતિનીતિ હાલમાં કેવી છે તે વિષે તો આગલા લખાણોમાં સારી પેઠે જણાવ્યું છે.

ગયા કાળમાં કેમ થયું છે તે જોઈએ. વિક્રમની પૂવ ઘણાંક પરદેશી રાજ્ય હિંદુસ્થાનમાં હતાં પણ તે સમયની અવધિએ તૂટ્યાં; પછી રજપૂતોનાં રાજ્ય આવ્યાં, રહ્યાં ને ગયાં, અને સંવત્ ૧૨૫૦ થી હિંદુ પ્રજા પરધર્મી સત્તાને અધીન છે. કે જેમાં વચમાં વચમાં કહીં કહીંના કોઈ કોઈ લોકજથાએ થોડી થોડીવાર રાજ્યસુખ ભોગવ્યું છે, પણ તે સ્વપ્ન જેવું. પ્રજા સ્વધર્મને વળગી રહી પોતાનું હિંદુપણું રાખી રહી છે ને પડતીના કાળને જેમ તેમ નિર્ગમન કરે છે. હિંદુ પ્રજા પોતાના ધર્મરાજ્યની જ દરકાર રાખે છે, રાષ્ટ્રરાજ્યની નહિ; જ્યારે એ અતિ દુઃખદ થાય છે ત્યારે પ્રજાનું રક્ષણ હરકોઈ રીતે થાય છે. પરધર્મી સત્તાની સામાં હિંદુ પ્રજાનાં રક્ષણને અર્થે સ્વધર્મી રજપૂત છેક જ અશક્ત થયા ત્યારે દક્ષણી શૂદ્ર તથા બ્રાહ્મણની હાક હતી, ને એઓ જ્યારે અશક્ત થયા ત્યારે હવે અંગ્રેજ છે.

છે જાનમાલની પૂરી સલામતી ને સઘળી વાતે છૂટ, રાજ્યપ્રકરણમાં પણ મત જણાવવાની છૂટ છે. (માત્ર નથી સરકારની સામા થવાની). ધર્મ સંબંધી જુલમ નથી; કેટલા બધા લોક સરકારી નોકરીમાં મહિને મહિને પગાર લે છે ને કેટલા બધા જુવાન વિદ્યાભ્યાસ કરે છે! રેલવે પોસ્ટથી કેટલી સગવડ છે! વગેરે—તો પૃચ્છા નિકળે છે કે પરદેશી, ખ્રિસ્તી અંગ્રેજો (દૂર વિરાજતી ચક્રવર્તી રાણી—શ્રીની સરકાર) જેટલું જેવું સુખ દેશી પરધર્મી લોકને સઘળી જાતને સરખી રીતે આપે છે તેવું છસેં સત્યાસી વર્ષના કાળમાં કોઈ હિંદુ કે મુસલમાન રાજ્યે આપ્યું છે? ના, રાજ્ય સારું છે. મુગલાઈ લુટાઈ પિંખાઈ તેવામાં અંગ્રેજને બદલે ફ્રેંચનું ફાવ્યું હત તો આપણે આપણું



હિંદુપણું રાખી રહત નહિ, કેમકે આપણામાં તેઓ હળતા રહત ને આપણે તેઓનું વેઠેલું લત. આપણે આપણું હિંદુપણું હજી રાખવું છે માટે જ ઈશ્વરે આપણને અંગ્રેજી રાજ્યને અધીન કીધા છે.

બીજી રીતે જોઇએ—એ તો માયાવી રાજ્ય છે. સ્વાર્થ સાધવે, સાચવવે વધારવે બહુ જ ચોકસ કઠિન છે. દ્રવ્ય તથા હકનું હરણ કરી લીધું છે ને હજી કરી લેશે; થોડાંક વર્ષ થયાં તો લોક કરભારથી તથા ઉદ્યોગ ન મળવાથી અતિસે પીડિત છે. ગોરાકાળાના ન્યાયમાં ભેદબુદ્ધિ વધારે દેખાય છે, ને આગળ ન્યાય હતો ને અમણા નથી; દેશી રાજ્યોપર કરડી દ્રષ્ટિ છે; રાજ્યનીતિ બગડવા માંડી છે એમ સમજુકો કહે છે. પણ તેઓ નથી ઇચ્છતા કે રાજ્ય જાય કે સરકાર નારાજ થાય રૈયત ઉપર.

જેમ ધર્મપ્રકરણમાં સુધારાવાળાઓ સમાજનાં મતોમાં પોતાનાં મત દેખાડે છે તેમ રાજ્યનીતિ વિષે તેઓએ નિત્યમત સ્થાપિત કીધાં નથી; સભાદ્વારા કે પત્રદ્વારા સ્પષ્ટ દેખાડ્યાં નથી; તેમ હજી રાજ્યનીતિના ગ્રંથો આર્યના તો ન જ લે પણ યુરોપના ગ્રંથોમાંથી પણ કેટલુંક ચૂંટી કાઢી તેનું ભાષાંતર લોકને આપ્યું નથી; સમયને માટે પત્રમાં ને ચોપાનીઆમાં લખ્યું છે ખરું. પત્રવાળા વર્ત્તમાન રાજ્યની નીતિ અનીતિ ઉપર યથેચ્છ વિચાર ઊડાવ્યા જાય છે ને ઉપલા વર્ગમાં ઉપલકીઆં મત પણ રાખવાવાળા થોડા જણ છે. પ્રાંત પ્રાંતના સુધારાવાળાની જૂદી જૂદી નીતિ—બંગાલીની, દક્ષણીની, ગુજરાતીની વગેરે—જાત જાતનાની જૂદી જૂદી—બ્રાહ્મણની, ક્ષત્રીની, વૈશ્યની, શૂદ્રની—અને એકેક જણથી સ્વભાવ પરત્વે હોય; ને તે કેટલુંક પ્રાંત પ્રાંતના વર્ત્તમાન પત્રો ઉપરથી સમજાય. એ વિષય માત્ર નોંધને માટે છે, વિસ્તાર કરવાને નથી.

દેશનાં દારિદ્રય વિષે મહાદેવ ગોવિંદ રાનડે ને દાદાભાઈ નવરોજી એના નિબંધો છે. સને ૧૮૫૭–૫૮, ૧૮૭૪–૭૫ ને ૧૮૭૬–૭૭ એ વર્ષના પ્રાંત પ્રાંતના વર્ત્તમાનપત્રો જોઈ દોહન કાઢવાથી દેશી રાજકુળ તથા પ્રજા અને બ્રિટિશ રાજ્ય એ એના એક બીજા વિષે મત જાણી લીધાથી રાજ્યનીતિના વિષયમાં હવે પછીને માટે કેટલુંક સારું સાધન મળે ખરું. બંગાલી જાગીરદારની ને લોકની, દક્ષણીમાં દેશસ્થની ને કોંકણસ્થની, ગુજરાતીમાં હિંદુની ને પારસીની નીતિ, દેશી રાજકુળની નીતિ સમયના વિચારથી સાંખી રહેવાના વિવેકમાં છે એમ કહીએ; સુધારાવાળાની તે ભ્રષ્ટ બ્રાહ્મણબુદ્ધિની તથા વૈશ્યબુદ્ધિની ભળેલી છે ને એ વળી જૂદા જૂદા પ્રકારની છે. કોળી, ભીલ વગેરેની આવી કે ખીચડી મળે તેના થવું, ખાવે દુઃખ પડે ત્યારે ચોરવું લૂટવું ને સરકાર બંદોબસ્ત કરવા આવે ત્યારે સામા થવું કે, લટી જવું.

બનાવ અદ્ભુત છે! બ્રિટિશ રાજ્યથી કેટલાકનાં મન અતિ ચંચળ થયાં—તેઓની વૃત્તિ પરંપરાની નિવૃત્તિમાંથી ખસી ને પ્રવૃત્તિમાં ધસી; તેઓની ઇચ્છા તૃષ્ણા વધી; બ્રિટિશ રાજ્યમાં ખ્રિસ્તી ધર્મની નીતિ સુધારાએ દેશી-

એમાં પ્રવર્ત્તાવી, પાદરીઓનું કેટલુંક કામ સુધારાએ કીધું; અને બ્રિટિશ રાજ્ય તેની તથા લોકની ઇચ્છા પૂરી પાડતી નથી કે પૂરી પાડી શકતી નથી. સરકારનો, લોકનો, સુધારાવાળાનો શો શો દોષ છે, બનાવો કીઆ કીઆ દેશીઓને પ્રતિકૂળ બન્યા છે અને કેમ થવાનું છે તથા કેમ કરવું જોઇએ એ વિષે સરકારે ને લોકના અગ્રેસરોએ હવે અવશ્ય ઠરી બુદ્ધિએ વિચાર કરવાના છે, પોતપોતાની ભાવિ સ્થિતિને માટે.

સુધારાએ નિવૃત્તિને ટાળી પ્રવૃત્તિનો મોટો મહિમા વધાર્યો પણ પ્રવૃત્તિમાંજ સૌથી વિશેષ પ્રવૃત્તિવાળું તથા સર્વોપરિ ઊંચું એવું જે રાજ્ય પ્રકરણ તેમાં તો સુધારાએ મિથ્યા મથનનું પરિહારનું સ્વરૂપ દેખાડ્યું છે; અતો ભ્રષ્ટ જેવું, લોક તથા સરકાર એ બેની વચમાં અથડાતું દયાપાત્ર કે હાસ્યપાત્ર ઉત્તેજનપાત્ર કે તિરસ્કારપાત્ર એમ મતો કઢાવતું.

(૬) પ્રવૃત્તિ વિષયનાં બીજાં પ્રકરણોમાં સુધારાનો ઉદ્યોગ તો ઘણેક પ્રસંગે જણાવ્યો છે. પણ સદ્‌ગુણ નીતિ પ્રકરણમાં થોડુંક અહીં ફરીથી લખીશું. પરંપરાથી સ્થાપિત નીતિ નિવૃત્તિ ધર્મની કે જેને અંકુશે પ્રવૃત્તિ વ્યવસ્થિત રહે તેને તો વગોવી–શાંતિ, વૈરાગ્ય, પવિત્રતા, સત્ય, મર્યાદા, એમાંનાં દૈવતને ખોટું મનાવ્યું, પણ સત્ય, સભ્યતા, સંપ, બંધુત્વ, પરોપકાર એને વખાણ્યાં ને પ્રપંચ, અમર્યાદા, કુસંપ, વાદ, મમત, સ્વાર્થ એ દેખાડ્યાં. ત્યાગ ઉદારતા સ્વાર્પણ એના શૌર્યનો અનાદર કરી, સ્નેહ, સંકોચ સાવધાની એવું શૌર્ય દાખવી, સુધારાવાળાની, કોરટ કાયદાની, વકીલ બારિસ્ટરની પરદેશી વેપારીની નીતિના સહવાસમાં હિંદુ લોક પણ પોતાની નિત્યની નીતિઓનાં બળ વિષે શંકા આણતા થયા છે.

(૭)–૧ સુધારો કહે છે કે માત્ર સંસારી સ્થિતિ સારી કરવી; પ્રજાની સ્થિતિ નઠારી છે તેનું કારણ નિવૃત્તિધર્મ છે માટે તેને કાઢી પ્રવૃત્તિધર્મ રાખવો; પ્રવૃત્તિ વધવાથી લાભ છે ને રાજકીય લાભ પણ; "उद्यम खंते शुं न बने रे पहाड पाणी थइ जाये."

સનાતન ધર્મ ઇચ્છે છે કે સંસારી સ્થિતિ પણ સારી રહો; સ્થિતિ સારી કે નઠારીનાં કારણ સ્વભાવ, કાળ, દૈવ, કર્મ એ સર્વે છે કે જે ટાળ્યાં ટળતાં નથી; સત્કર્મ કર્યાં કરવાં કે લાભનો સંભવ ઘડાય (પ્રવૃત્તિ વધવાથી હાનિ છે) "धार्युं न थाये थवानुं ते थाए; आशाए फोगट जीव ठगाए."

એ બે વિચાર સાથે મૂક્યા છે. તે વિવેચન અમારે કરવું છે માટે નહિ, પણ થોડુંક જે નીચે લખીશું તે ઉપરથી વાંચનારા પોતે પોતાની મેળે નક્કી કરી લે માટે. (એશિયા યૂરોપની નિવૃત્તિ પ્રવૃત્તિની તુલના અમે ગ્રંથોમાં તથા ભાષણોમાં દેખાડી છે.)



યુરોપના કર્માભિમાની તથા પ્રવૃત્તિવિસ્તાર કરનારા લોકની પણ ચઢતી પડતી થઈ છે. અમણાનાં સ્વાધીન રાજ્યના લોક તે પૂર્વ કાળમાં પરાધીન હતા જ; જાતિસ્વભાવ દેશસ્થિતિપરત્વે તેઓએ જૂદા: જૂદા જશ દાખવ્યા છે; ઘણું ઘણું મથન કરે પણ તેઓને ઇચ્છેલી સિદ્ધિ મળી નથી; ને વળી વિપરીત ભુંડાં પરિણામ પણ બન્યાં છે. એ શી શિક્ષા સુચવે છે? તે લોક પણ પોતાનાં તથા સંબંધીઓનાં કર્મ (પૂર્વ તથા વર્ત્તમાન) અને જગતનો સ્વભાવ (ઉત્પત્તિસ્થિતિલય) તથા કાળ એના એકત્ર યોગને વશ હતા તથા છેજ.

ગ્રીક તે ૭૩૬ વર્ષ ઇ. સ. ૫૮૦ સૂધી રોમન રાજ્યને અને ૩૮૦ વર્ષ તુરક રાજ્યને અધીન હતા; ૧૮૩૩ થી સ્વાધીન રાજ્યવાળા છે, ઇટલીના લોક ઇ. સ. ૪૭૬ થી અવ્યવસ્થિત; કોઈ જથા સ્વતંત્ર તો કોઈ પરદેશી સત્તાતળે, ને એમાં જે જર્મન બાદશાહને અધીન ૯૬૨ થી તે ૮૯૯ વર્ષ તેમજ હતો; ૧૮૬૧ માં તેઓનું સ્વાધીન રાજ્ય થયું, ઇંગ્લંડના લોક ૧૨૦૮ વર્ષ પરદેશી સત્તાને અધીન હોઇને ૧૧૫૪ થી તેઓનું સ્વદેશી રાજ્ય કહેવાયું. સ્પેનના ખ્રિસ્તી ૭૮૧ વર્ષ મુસલમાનને અધીન હતા ને પછી ૧૧૯ વર્ષે તેઓએ પરદેશી પરધર્મીને કાઢ્યા હતા. રુશિયામાં મોગલ તારતર હતા (૧૨૨૩–૧૪૬૨). ફ્રેંચ ને સ્વીડ એઓએ ધારા આપી જર્મનનું માન ઉતાર્યું હતું; પછી જર્મનીનાં રાજ્યો સ્વાધીન હતાં; પછી તેઓનું ઐક્ય ૧૭૦૫ માં તૂટેલું ને પાછું ૧૮૭૦ માં જોવામાં આવ્યું. ઇંગ્લંડ ફ્રાન્સના લોકે રાજા ન જોઇએ એવે મમતે ચઢી રાજાને મારી નાખેલા, તેઓએ ફરીથી રાજાને બેસાડ્યા હતા. યૂરોપના ધર્મ સુધારા વિષે બીજે કોઈ પ્રસંગે બોલીશું–યૂરોપમાં પ્રોટેસ્ટંટ પંથના ૬॥, ગ્રીક પંથના ૬॥, ને કાથલિક પંથના ૧૫ કરોડ છે. કાળે કાળે લોકની સ્થિતિ નીતિ વિદ્યાકળા જૂદી જૂદી દેખાય છે; કાળે કાળે મહાપુરુષ દેખા દે છે; સીઝર ને નેપોલિયન અદૃષ્ટને માનતા અને સારાં માઠાં બંને અદૃષ્ટને અધીન થયા હતા. ખ્રિસ્તી વિદ્વાનો 'ડેસ્ટિની' (નિર્માણ) ને 'ફ્રિવિલ' (સ્વતંત્ર ઇચ્છા) એ વિષે ચર્ચા ચલાવે છે; ઇચ્છાનો પક્ષ મોટો છે.

હિંદુઓ જૂના કાળથી એકજ ઠેકાણે છે, પરદેશી પરધર્મી જે દેશી થયેલા, તે સાથે પણ ભળ્યા નથી; પંદર સોળ કરોડ જેટલી સંખ્યા પોતાની રાખીને સ્વધર્મની આણમાં સુખી છે. (બહારના લોકનો ઉપદ્રવ ઘણું કરીને નહિ.) બહારના હુમલાની સામા થવું, શત્રુને પાછા કાઢવા, ને કદાપિ તે દેશમાં ભરાય તો તેઓથી અળગા રહેવું–ખાવા પીવા લગ્ન વગેરેનો સંબંધ કરવો નહિ–એ નીતિએ પ્રવૃત્તિથી દૂર રહેલા. મુગલાઇના વિલાસમાં મોહ ન પામેલા, બીજા લોકના સંબંધથી નહિ પણ પોતાનીજ બુદ્ધિએ પોતાનો ઉત્કર્ષ કરવાવાળા હિંદુઓનું ઐક્ય દેશકુલધર્મ એ ત્રણે વાતે સઘન થયલું, તેને શિથિલ કરવાને સુધારાએ હામ ભીડી એ કેટલું ઉચ્છૃંખલપણું? સુધારાવાળા વીસરી ગયા કે રાજ્યાશ્રયથી બહુ ફાવી ગયલા બૌદ્ધ તેમાંનો એક

પણ આજે હિંદુસ્થાનમાં નથી. લોક આ સૈકાના નવા થતા શોધના લાભ લેવામાં ફાવતા નથી; એ વિના પાછલા સેંકડો વર્ષના કાળમાં ભૂમિ ધન ધંધા વેપાર વિદ્યાકળાના વિષયમાં કોઈપણ વાતે ઉણા ન હોતા અને અમણાં જો કે ધન ધંધાની અછત છે, ભૂમિનું ઉત્પન્ન જોઇએ તેથી વધારે સરકાર-તિજોરીમાં જાય છે, તોપણ ભૂમિ કંઈ ઉપડીને બીજે કંહી જવાની નથી. નિવૃત્તિ વિષયમાં હિંદુઓએ ને પ્રવૃત્તિ વિષયમાં હિંદુસ્થાને જગતને મોહિત કીધું છે. હિંદુસ્થાનનું ધન જોઈ ખ્રિસ્તીઓ આવ્યા વેપારને અર્થે ને પછી અહીંની અવ્યવસ્થામાં ધણીઆતા થઈ બેઠા; ગરીબ હિંદુઓ પોતાના બૈરાં છોકરાં સાથે આજે પણ સુખી છે તેવા યૂરોપમાં શ્રીમંતો પણ સુખી નથી. યૂરોપમાં રાજકુળ નિરંતર ભયમાં રહે છે ને પ્રજાકુળ એકમેકથી સાવધ; એમાંનું અહીં કાંઈ નથી. તો હવે કયા નિત્યના ઉદ્દેશને અર્થે સુધારો લોકની પ્રવૃત્તિ વધારવાને ઇચ્છે છે?

હિંદુ શિષ્ટજન તે દૈવને જ માને છે ને બીજા સૌ તે દૈવ તથા ઉદ્યોગ બંનેને માને છે; પણ કેવળ ઉદ્યોગને જ સાચો માની મનાવવાવાળા તે માત્ર અમણાના સુધારાવાળા છે. આ સંસારના કામને માટે જે યત્ન તેને જ માત્ર ઉદ્યોગ માને છે; પણ એ યત્ન, સંસારમાં રહી ધર્મ કર્મ કરવાનો યત્ન, ઈશ્વર ભણી ચિત્ત લાગ્યું રહે તેને માટે યોગ સાધવાનો યત્ન એ બધાએ ઉદ્યોગ છે એમ હિંદુઓ જાણે છે. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એ વિષે પૂર્વના સિદ્ધાંત છે જ. સુધારો કહે છે કે, દૈવને માનનારથી મોટો ઉદ્યોગ થાય નહિ; પણ દૈવને માનનારા તે જ ધીટ, ધીર, ત્યાગી, ઉદાર, નિવૃત્તિપ્રવૃત્તિના ધર્મકર્મમાં નિત્ય ઉદ્યમી હોઇને સમયે સમયે મોટી પ્રવૃત્તિ કરે છે. જયી અવતારી પુરુષ નિરભિમાન ને દૈવને માનનારા હતા. એવો રામ, તેને શિવે બોધ આપ્યો હતો કે "તું શું રાવણને મારવાનો હતો? કર્ત્તા હર્ત્તા હું જ છું; તું આકળો પડે છે પણ શત્રુનો પુણ્યકાળ છે ત્યાં લગી તું કંઈ કરી શકવાનો નથી; પણ જાણ તેનો અધર્મ હવે એટલો વધી ગયો છે કે તે સધ પડશે, માટે જા ને નિમિત્તરૂપ ઉદ્યોગપરાક્રમે તેને રણમાં જીત." કૃષ્ણે બાળકપણમાં રાક્ષસોને માર્યા પણ પોતાના માબાપને કારાગૃહમાં રહેવા દીધા; કેમકે કંસવધના નિર્માણ કાળને વિલંબ હતો. પોતાને દૈવાધીન જાણતાં છતે મુનિઓ મુક્તિને અર્થે એટલે જન્માંતરોના કર્મબંધનથી છુટવાને નિત્ય તપશ્ચર્યા કરતા; દૈવને માનનારા રાજા તે પરલોક આલોકનાં સુખને અર્થે બહુ ઉદ્યમી હતા; વેદ તે વસ્તુતઃ નિવૃત્તિનો જ્ઞાનબોધ કરનારો હોઇને અનેક બુદ્ધિના લોકને પાત્ર કરવાને અર્થે કર્મ ઉપાસનાની મહાપ્રવૃત્તિ દાખવે છે. (દૈવને માનનારો હિંદુ, એકબાલ-તગદીર માનનારો મુસલમાન ને અદૃષ્ટને ન માનનારો કર્મિષ્ઠ ખ્રિસ્તી એના સંસારી ઉદ્યોગ જસ વિષે બીજે કોઈ પ્રસંગે બોલીશું.)

—૨ સુધારો કહે છે કે મનુષ્યમાં બુદ્ધિ છે, બીજાં પ્રાણીમાં નથી; બીજરૂપ બુદ્ધિ સૌ માણસમાં સરખી પણ વિદ્યા સંગતિ વગેરેથી જૂદી



જૂદી કેળવાયલી થાય; સંસારસુખને અર્થે સૌ મનુષ્યના સરખા હક છે; ને સૌએ એક બાપના દીકરારૂપે બંધુત્વના સ્નેહભાવે રહેવું જોઇએ. (સમાનતા).

સનાતન ધર્મ બોધે છે કે, પ્રાણી માત્રમાં બુદ્ધિ છે પણ પરમેશ્વર સંબંધી જાણને પમાય તેવી વિશેષ બુદ્ધિ તે મનુષ્યમાં જ છે; બુદ્ધિ કેળવણીએ પ્રકાશતી થાય, પણ તે સત્વાદિગુણ ભેદે સૌ મનુષ્યમાં જન્મથી જ જૂદી જૂદી હોય અને એમ છે માટે સારી કે નરસી બુદ્ધિવાળો એમ જન્મથી જ ભેદ હોવો જોઇયે, ને તે વળી બંનેના સારાને માટે કે પોતપોતાની સારી પેઠે કેળવી બને તેટલી સારી કરી દેખાડે. (વર્ણમર્યાદા.)

—૩ સુધારો (આસ્થિક) સંશય કરે છે કે, જીવ શરીરથી જૂદો હશે કે કેમ? મરણ પછી જીવ બીજી યોનિમાં અવતરતો હશે કે કેમ? મનુષ્ય લોક તેવા બીજા લોક હશે શું? ભૂત દેવપિતર યોનિ હશે શું? મુસલમાન ખ્રિસ્તીમાં કયામતનો દહાડો ને જીવ પોતાના ખોળીઆમાં પાછા ભરાશે, એ શો વિચાર હશે?

હિંદુસ્થાનના સર્વે ધર્મોએ ઈશ્વર, જગત્, જીવ, કર્મ એ આદિ વિષયમાં જે નક્કી કીધું છે (કેટલુંક મળતું તથા કેટલુંક જૂદું દેખાતું) તેમાં યુરોપના તેજ વિષયના શાસ્ત્રિયો વિશેષ પ્રવેશ કરી શકતા નથી તો તેઓનું કંઈ કંઈ લેઈ બોધ કરવા મંડી પડેલા તે કેમ સમજે? પણ એઓ વહેલા મોડા સમજશે ને યુરોપના નહિ સમજે એ ઓખાણું છે સુધારાવાળાઓએ કહેવાનું.

—૪ સુધારો વૈદિક પવિત્રતાના આચારનો અનાદર કરે છે; જરતોસ્ત, મૂસો, મહંમદ એના આચારબોધ વિષે જાણતો હોય યા નહિ. બુદ્ધનો નીતિબોધ ખ્રિસ્તી પંડિત વખાણે; પણ સુધારો તે ખ્રિસ્તનો જ વખાણે; અને વળી આચરણ રાખે રાજનીતિના પ્રપંચ જેવું.

મન્વાદિ મહર્ષિઓએ आचारो प्रथमो धर्मः ભણ્યું છે; શ્રુતિ, સ્મૃતિ, પુરાણ તે ત્રણે પ્રકૃતિના મનુષ્યોની ઉત્તમ ઉત્તમ નીતિ દેખાડે છે ને સૌની જે સામાન્ય તે. લોકમાં બગાડો પેઠો છે પણ ધર્મરાજ્યની પ્રજારૂપે સદાચરણ ને સત્ક્રિયા હજી છે ને છે.

—૫ સુધારો કહે છે કે ઘણાં ધર્મમત છે, ધર્મક્રિયાનો મોટો પ્રસ્તાર છે ને સમય સંકટનો છે માટે સ્વલ્પ ધર્મ જોઇએ.

(૮) સનાતન ધર્મ કહે છે કે, બૌદ્ધ ખ્રિસ્તી મહંમદીમાં મતભેદ ઓછાં નથી; જ્ઞાતિભેદનો વિચાર અળગો કરીને જોશે તો ધર્મમતભેદ ઓછાં જોશે; વળી મતભેદ હિંદુ ધર્મમાં તે દુઃખકારક નથી-જેવા બીજા ધર્મના છે તેવા. આ પત્રમાં સ્વલ્પ કર્મ કરવાં એમ કહ્યું છે જ, પણ ન જ કરવાં

એમ કહ્યું નથી; કર્મવિચાર સાર્થ છે તેને નિર્મૂળ કરવાને બોધ શા માટે? ફાવતો ધર્મ પોતાનામાંથી એકાદો કાં ન લીધો સુધારાએ? સ્વધર્મમાંના સઘળાનું દોહન કરી એક નવો કાં ન કીધો? બૌદ્ધ જૈનનાં, જરતોસ્તી મહમદીનાં તત્વ વધારે એવો કાં ન કીધો? ખ્રિસ્તી ગ્રીક કે કાથલિકનો કેમ નહિ ને પ્રોટેસ્ટંટ કેમ? એ બધા વિચાર સુધારો આરંભે કરી શક્યો નહિ, કેમકે તે દેશાભિમાનનો મંગળ વિચાર હિંદુ મંડળમાં દાખલ કરવાને અતિ ઉત્સુક હતો.

(૯) **ઉપસંહાર.** વેદધર્મ સૃષ્ટિના આરંભકાળથી હોઇને જ્ઞાન ઉપાસના કર્મ એ વિષયમાં કાળે કાળે થોડું થોડું જૂદું જૂદું દર્શન દે છે; એ જૂદ દર્શન મૂળધર્મની આણમાંથી ખસતાં જ નથી. એ દર્શનમાંનું એક તે અમણાની હિંદુ પ્રજા સમસ્તનો સ્વધર્મ છે.

એને ખોટો કહી **પ્રવૃત્તિનો ધર્મ** સાચો મનાવવાને અંગ્રેજી ભણેલા—વિશેષે જનોઇવાળા જ આગળ પડ્યા ને એઓને પુષ્ટિ આપવાને એક સંન્યાસી પાછળથી ભળ્યો છે, પણ એ કહે છે કે **વેદને તો માનવો ખરો.**

સુધારાનો ઉદ્દેશ પ્રજામાં ધર્મભેદ ઘણા તેથી ઐક્ય કરાવવાનો હતો, પણ તીસ વર્ષ થયાં છતાં તે તે વિષયમાં કાંઈ પણ કરી શક્યો નથી; સને ૧૮૫૦ પહેલાં પ્રજા જે પણ અમુક સ્થિતિમાં હતી તેને સ્થિતિભ્રષ્ટ કીધી છે; સુધારો પોતાના જનોમાં પણ એકી કરાવી શક્યો નથી—બ્રહ્મસમાજ ત્રણ (જૂની, નવી ને સાધારણ); પ્રાર્થના સમાજ—દક્ષણી ને ગુજરાતીની. તે કેટલીક વાતે જૂદી છે; ને આર્ય સમાજ—એમ મત પંથ છે. સુધારાએ પ્રજાનાં ધર્મકર્મ ઓછાં કરાવ્યાં નથી ને મૂર્તિને નિંદનારા સુધારાવાળા તેમાંના કેટલાક તે હવે કહે છે કે તે ધ્યાનથી ઊતરતો પ્રકાર છે પણ તેથી પાપ તો નથી જ. સુધારાનો પ્રયત્ન રાજકીય લાભ મેળવવાનો તે પણ ખાટયો નથી. સુધારાએ સ્વધર્મ જાણ્યા વિના એને વગોવ્યો; પ્રજામંડળની પ્રકૃતિ તથા વ્યવસ્થા જાણી લીધા વિના તેના ઉપર છાપા માર્યા; કોઇપણ સત્તાશ્રય વિના જીત મેળવવાનો મનોરથ કીધો. તેણે માનવ ધર્મ, ખ્રિસ્તી ધર્મ—પ્રોટેસ્ટંટ પંથનો ધર્મ, ખ્રિસ્તી પદાર્થશાસ્ત્રિયોનો ધર્મ, એ સર્વેને એકત્ર કરી નાસ્તિક આસ્તિકનો એકેશ્વર ભક્તિનો ધર્મ ઉભો કીધો ને એને હિંદુધર્મશાસ્ત્રના માત્ર શબ્દસંસ્કારે નવો હિંદુ ધર્મ કહી દાખ્યો. સુધારો વધ્યો પણ ફાવ્યો નહિ; સાહસ કીધું દેશની દાઝે દેશનું પરાધીનપણું ટાળવાને. તેના મથનથી થોડોક લાભ થયો છે—પ્રજાની સ્થિતિ ઉપર કેટલોએક મલિન ગર્ભો બાઝેલો તે કપાયો છે ને લોક પૃચ્છક



જિજ્ઞાસુ થયા છે. એમ કરવાને સુધારાવાળા ઉત્પન્ન થયા હતા, પણ હવે તેઓએ પ્રવૃત્તિના અપવિત્ર, નિર્બળ વિચાર હાનિ કરનારા તે કાઢી નાખી પોતાના પૂર્વજના પવિત્ર સબળ વિચાર લાભ કરનારા તેને જ પાછા ગ્રહણ કરવા ને શ્રદ્ધાએ પાળવા.

સનાતન ધર્મ પાળનારાની નીતિ તીસ વર્ષ ઉપર હતી ને અમણા છે તેમાં બહુ ફેર જોવામાં આવે છે. ધર્મસ્વરૂપનું તેજ દશ આની ઓછું છે; તેનાં અંગ સત્ય, વિશ્વાસ, શ્રદ્ધા, ભક્તિ, ક્રિયા કર્મ, આચાર પવિત્રતાનો ને ધર્મરૂઢિ મર્યાદાનો, દાન, દયા, શાંતિ, ઉત્સાહ, શૌર્ય, વિવેક, સ્નેહ એ સર્વેના બળમાં ઘટાડો છે; કોઇમાં થોડો ને કોઇમાં ઘણો. પ્રપંચ તથા મત્સર એ હતા તેથી દશ પંદરગણા વધ્યા છે. અર્થલલુતા આઠ ગણી ને ભોગલલુતા બાર ગણી વધી છે.

પ્રજામંડળમાં કોઈ નવો પંથ નિકળ્યો જણાયો નથી. પરમેશ્વરનું **સત્યનારાયણ** સ્વરૂપ એનું માહાત્મ્ય હિંદુસ્તાની લશ્કરી લોકમાં નવું ચાલેલું તે જોઈ દક્ષણીઓ વ્રતોદ્યાપન કરતા થયા છે ને એ જોઈ મુંબઇના ગુજરાતીઓ પણ.

**વેદધર્મનું વર્તમાન સ્વરૂપ** જે મોહનિદ્રાના સ્વપ્નતરંગસમયનું છે, તે હવે બદલાઇને **જાગૃતિના તેજમાં વૃદ્ધિ પામતું થશે**—**તેના ચિત્તમાં છે સપ્રણવ સત્તા** (પવિત્ર સાત્વિક સત્ય) અને તેના નિત્યને માટે ને **આપત્તિકાળને માટે** નિવૃત્તિમાં ને પ્રવૃત્તિમાં, ઘરમાં ને રણમાં, મિત્રપ્રતિ ને શત્રુપ્રતિ આજ **બોધ** છે કેઃ—

"जयाजयौ दैववशौ तथापि धर्मे जयो नैव कृतेप्यधर्मे."

---

(૧) **હિંદુ પ્રવૃત્તિ નબળીને યુરોપની નીતિએ સબળી** કરવી એવો અમારો ઉદ્યમ પ્રથમ હતો, બીજા સૌ સુધારાવાળાની સાથે; એ યોજના હાનિ કરનારી થઈ છે એમ અમે પાછળથી જાણ્યું; ને સાથીઓને કહીએ છીએ. હવે **હિંદુ નિવૃત્તિ નબળી તેને સબળી** કરવાને ઉદ્યમી છીએ; સમજીને કે એમ થશે તો એની સાથે અનાયાસે **પ્રવૃત્તિ પણ સબળી થશે.**

–૧ પુરાણમાંહેની ઘણીએક કથા જેને સુધારો હસી કાઢે છે તે ખરેખર શિક્ષણીય છે. દેવદૈત્યને પરસ્પર હાડવેર હતાં; દૈત્યની મોટી પ્રવૃત્તિ નિત્યે ને દેવની કોઈ કોઈ સમે હતી; દૈત્યોએ ઘણીકવાર દેવને સ્વર્ગમાંથી કાઢેલા, પણ દેવની સત્તા સ્વર્ગમાં બહુ કાળ રહી છે; દૈત્યના મારની સામા દેવથી ટકાતું નહિં ને તેઓ નાસભાગ કરી છૂપા રહેતા, પણ વળી અનુ-

કૂળ કાળે એઓજ દૈત્યને હાંકી મૂકતા. ભગવદ્ગીતામાં દૈવી સંપત્તિ ને આસુરી સંપત્તિ વિષે પ્રકરણ છે. એ સર્વ ઉપર વિચાર કરતાં ખુલ્લું જણાય છે કે, આ દેશના હિંદુની ને યૂરોપના લોકની નીતિ કોઈ દહાડો પરસ્પર હળનારી નથી. સુધારો તમોગુણે યૂરોપની નીતિ આપણામાં દાખલ કરવાને હજી પણ મથે પણ તે દાખલ થશે નહિં ને થઈ કદાપિ તો તે લોહી ચુસી લીધા વિના પણ રહેશે નહિં. યુરોપમાં થોડાક જણ સાત્વિક છે ને આપણામાં થોડાક જણ પ્રપંચી તામસી ક્રૂર છે. આપણી અમણાની નીતિ નમ્ર મલિન સત્વરજસી છે ને તેઓની ઉન્મત્ત મલિન રજસ્તમસી છે; એ બે કેમ હળે?

–૨ **આપણી નિવૃત્તિ સબળી** કેમ થાય? સ્વધર્મના જ્ઞાનથી–ને સ્વધર્મ એ વિષય ઉપર તો અનાદર છે; આસ્થા ઉઠતી જાય છે; ત્યારે કેમ કરવું? દેશી નીતિને પરદેશી નીતિ એની તુલના કરી સારાસાર શિખવો; સ્વધર્મને પણ જાણવો ને પછી સમજવો–જોઇએ તેવા સમજાવનારા ન હોય તોપણ તેમાંના વિષયપર પોતેજ વિચાર કર્યા કરવો ધીરજ રાખીને. લોકને ધર્મ સમજવાની ઇચ્છા થશે તો સંપ્રદાય–પંથના ગુરુ ને બ્રાહ્મણ તે પણ ઉદ્યમી થશે. (ગુરુ ભૂલે તો શિષ્યે ને શિષ્ય ભૂલે તો ગુરુએ એમ એકમેકને સાવધ કરવા.) એમ થયેથી પરનીતિનો મોહ ખસશે ને સત્વ ઉપરનો ઘણોજ મળ જશે. પછી સ્વધર્મ પાળેથી સત્વ વધારે શુદ્ધ થઈ વધારે તેજ ધરશે, ને પછી ધીરજના તપમાં કાળાકાંક્ષી રહેશે. પોતાનો જય પ્રકાશ કરવાને સત્વ ગુણનું લક્ષણ છે કે પોતાનાને બાઝી રહેવું, અસત્યનો પાસ ન લાગે માટે સંરક્ષિત રાખવું, શત્રુ આવી દુઃખ દે તો કનક કામિનીનો ત્યાગ કરી સામું થવું–હારવાને કે જીતવાને પણ પૂરેપૂરા. હિંદુનું બળ સહન કરવામાં તથા સદાચાર પાળવામાં છે અને ધર્મરક્ષણને અર્થે કોઈ સમયે મહા કપટ ને અતિ ક્રૂરતા કરવામાં પણ છે (સત્વનો તમ). આપણું જાણીશું, શુદ્ધ થઇશું, નિશ્ચળપણે તથા નિયમે પરલોક સંબંધી તથા આલોક સંબંધી સત્કર્મ કરતા રહીશું તો તે કર્મ વિપાકકાળે બહુ કાળ રહે તેવું જયસુખ આપશેજ.

–૩ **સ્વધર્મભક્તિ** અને બળે ખ્રિસ્તી ને મહંમદી લોકે પ્રવૃત્તિમાં મોટા જય દાખવ્યા છે તો હિંદુઓ ક્ષુદ્ર જે માત્ર પ્રવૃત્તિ વિષેનું કલ્યાણ તે કરવાને સમર્થ કેમ નહિ થાય? કાળે કાળે જ્યારે મોહ થયલો (પછી સ્વભાવે કે સંગતિયે) ત્યારે તેઓને તેઓનાજ બ્રહ્મજ્ઞાને, તેઓનાજ પ્રારબ્ધવિવેકે ને તેઓનીજ સ્વધર્મભક્તિયે તેઓને સાવધ ને ઉદ્યમી કીધા હતા



ને હવે પણ તેજ કરશે. મુસલમાન રાજ્યથી હિંદુ ધર્મને કંઈક આંચ લાગેલી ને બ્રિટીશ રાજ્યથી વધારે; પણ હિંદુ સુધારાવાળાએ તો મોહવિદ્યાને પ્રતાપે દેશાભિમાનની નીતિયે હિંદુ ધર્મનું નખોદ વાળવા માંડ્યું; પણ ચિંતા નહિં, હવે સુધારાવાળા વહેલા ઠેકાણે આવશે. હિંદુઓએ વિષ્ણુભક્તિયે તથા સ્વધર્મરક્ષણનીતિયે મુસલમાની પ્રવૃત્તિના મોહને અળગો રાખ્યો હતો (બહુ વર્ષ); પછી શિવભક્તિ ને પરધર્મીનો તિરસ્કાર એથી સ્વધર્મનું રક્ષણ કીધું હતું (થોડીકવાર;) અને હવે ખ્રિસ્તી પ્રવૃત્તિનો મોહ ખસેડવા ને સ્વધર્મ ઉપર ભક્તિ રાખવાનું તથા વધારવાનું કહિયે છિયે. એ વધશે એટલે ધર્મના અંગ સૌ સબળ થશે. જે કાળમાં શિવભક્તિ પ્રબળ હતી તથા રજપૂતોની રજપૂતી, તે કાળનું ધર્મતેજ પૂર્ણાંક લઇએ તો, પ્રબળ વિષ્ણુભક્તિ તથા મુસલમાની એના કાળમાં તે $\frac{૧}{૨}$ લગી ઉતર્યું હતું ને (ગયા અંકમાં લખ્યું છે કે "તીસ વર્ષ પહેલાં ૧૬ આની તો અમણાં દશ આની છે," તો) અમણા $\frac{૧}{૨}+\frac{૫}{૮}=\frac{૫}{૧૬}$ એટલું ઉતર્યું છે સાતશે વર્ષમાં. પરધર્મ વિષે ઉત્સાહ બુદ્ધિ ઘટે તો પ્રજામંડળની સ્થિતિ સબળી થાયજ.

–૪ **વ્યવસ્થા** જ્યારે જેવી જેમ થવાની હશે તેમ થશે ને કરનારો પુરુષ પ્રગટશે તે વેળાએ. હિંદુઓ! તમે સ્વધર્મ ઊપર ભક્તિ રાખતા થાઓ એમ કહેવાનો દહાડો આવ્યો છે તો વ્યવસ્થા વિષે અમણા શું બોલવું? તોપણ આ વેળાનેજ માટે થોડીક યોજના લખીશું કે તે અધિકારીઓ પ્રયોગમાં આણે.

સ્વધર્મના અધિકારી જે સંન્યાસી તથા બ્રાહ્મણ અને સંપ્રદાયના આચાર્ય, કુળ તથા મોટા પંથોના ગુરુ (સુધારાવાળાના કટ્ટા શત્રુ, માત્ર તેઓની અમણાની અનીતિને માટે નહિ પણ ધર્મની ધાંધલ મચાવનારા માટે) એઓએ હવે જાગૃત થવું,–પોતે ધર્મકર્મ કરવાં, સદાચર પાળવો, ને લોકને તેમ કરવા વિષે બોધ આપવો. તેઓ પોત પોતાના માર્ગને પુષ્ટિ આપે પણ તેની સાથે હિંદુ ધર્મ તે બીજા બધા ધર્મથી જૂદો જ છે ને સ્વધર્મમાં અનેક માર્ગ છતે પણ સૌનો એક જ ધર્મ છે એ બોધ અવશ્ય આપે. નિત્યકર્મ ને શુભાશુભ નૈમિત્તિક કર્મની પદ્ધતિ સંક્ષેપમાં રચી તે પ્રમાણે કર્મ કરવાં કરાવવાં, પણ શ્રદ્ધા ભાવે તે થાય તે વિષે અવશ્ય બોધે.

અધિકારી જન સ્થિતિમાં આવશે ત્યારેજ મૂર્ત્તિ, જ્ઞાતિ, આચાર, લગ્ન એ વિષય સારી પેઠે ચરચાશે ને અમુક નીતિ સ્થપાઈ પળાશે. અમે નથી ઇચ્છતા કે મૂર્ત્તિ સંબંધી ચર્ચા અમણા ચાલે, પણ લોક મૂર્ત્તિમાં પ્રતિષ્ઠિત કરેલા દેવને શ્રદ્ધાએ ઉપાસે એમ ઇચ્છિયે છિયે; અમે નથી કહેતા

કે જ્ઞાતિયો નિર્મૂળ થાય (તે થવાની જ નથી) પણ શાખા જ્ઞાતિ તથા ઉપજ્ઞાતિ ઓછી થાય એમ ઇચ્છિયે છિયે; આચાર અવશ્ય પાળવાનું કહીએ છિએ, પણ અલ્પાચારે મલિનતા ને અત્યાચારે મૂર્ખતા" એવું નથી ઇચ્છતા. દૂર પરદેશ જઈ આવનાર તે થોડાએક પ્રાયશ્ચિત્તનેજ માત્ર આધીન રહો.

સંસારી ઉદ્યોગ ધંધો વેપાર એ પ્રકરણમાં લોકે પોતાનું સત્ય તથા પોતાનો સંતોષ એ બેનું વિસ્મરણ ન કરતાં સારી પેઠે ઉદ્યોગ કરવો; અને રાજ્યપ્રકરણમાં તો તેઓએ તથા ધર્મશિક્ષકે ચિત્ત રાખવું જ નહિ. એ પ્રકરણમાં અવશ્યે કોણે ચિત્ત રાખવાનું છે? સ્વદેશી રાજકુળોએ તથા રાજ્યના કારભારીઓએ અને બ્રિટિશ પ્રજામાંથી જે બુદ્ધિમંત વિદ્વજ્જન પોતાના સંસારી ઉદ્યોગ ઉપરાંત તેજ એક વિષયનો વિચાર બહુ વર્ષ લગી કરવાને ઇચ્છતા હોય તેઓએ. દેશી રાજ્યવાળા, તે કામની નવરાસ વિલાસ વૈભવમાં નહિ પણ દેશ દેશની રાજનીતિ તથા યુદ્ધક્રિયાની જાણ કરી લેવામાં ને હિંદુ ક્ષત્રિ ધર્મ તે શું, તે સમજી લેવામાં કાળ ગાળે; અને બ્રિટિશ રાજ્યવાળા તે, પ્રજાનાં દુઃખ પ્રસંગે પ્રસંગે શુદ્ધ વિવેકે સરકારને જણાવે (પછી એ કૃપા કરો વા ના); હક દાખલ કંઈ માગે નહિ ને ગોરાકાળાના ન્યાયભેદ વિષે ટીકા કરે નહિ. હિંદુ ક્ષાત્ર બુદ્ધિ વડી સરકારની સામાં નિત્ય છળભેદ યોજવાને સ્વભાવેજ નિર્બળ છે; ને વડી સરકાર બહુ બહુ રીતે સાવધ છે, કોઈ તેવી નિકળી આવે તેને માટે. હાલમાં મદ્ય નૃત્યાદિથી દૂર રહેવું, દુઃખ ધીરજથી સાંખવું, હરિકીર્ત્તન તથા ધર્મદાન ભાવથી કરવાં, સ્વકાર્ય યથાન્યાય કરવાં ને વડી સરકારના વહેવારમાં સાન મર્યાદાપૂર્વક પણ નિડર સ્પષ્ટ વર્ત્તવું એ રહેણી ક્ષાત્રબુદ્ધિએ રાખવાની છે. સમો બદલાય છે, ને એવો પણ સમો આવે કે, પરદેશી સરકાર આ દેશની થઈ લોક ઉપર મહેરબાન થાય કે પછી આ દેશની ક્ષાત્ર બુદ્ધિ તેના ઉપર ફાવે.

ક્ષાત્ર વર્ગને માળા જપવાનું કહ્યું? હા. પ્રવૃત્તિના ઉદ્યોગમાં ફવાતું નથી ત્યારે જાણવું કે સમય અનુકૂળ નથી; એમ છે ત્યારે નિવૃત્તિના માર્ગનો ઉદ્યોગ કરવો–અભિમાન મૂકી ઈશ્વરને ભજવાનો કે તે સમય ઉપર સહાય થાય. વિલાસ ને પ્રપંચથી દૂર રહેતાં નિર્બળ ન થવાય ને ધર્મનિયમો પાળતાં વધારે સબળ થવાય.

મનુષ્યને કાર્યસિદ્ધિને અર્થે ઉદ્યોગ પણ એક અવશ્ય સાધન છે. થોડે ઉદ્યોગે તરત ને બહુ બહુ સિદ્ધિ, ઘણે ઉદ્યોગે મોડી ને સ્વલ્પ સિદ્ધિ ને કોઈ વેળા બહુ બહુ ઉદ્યોગે પણ સિદ્ધિ નહિ જ. (બીજે કોઈ ભવે થાય). કોઇને વિના ઇચ્છાએ પ્રાપ્તિ, કોઇને પારકાની ઇચ્છાએ પ્રાપ્તિ ને કોઇને ઇચ્છિતની પ્રાપ્તિ થાય. સંસારી ઉદ્યોગે જ સંસાર કામની સિદ્ધિ થાય તેમ માત્ર નથી;–સંસારી ઉદ્યોગ ન જ કરે પણ સંસારથી આઘો થઈ ઈશ્વરને ઉપાસે સંસારી સિદ્ધિને માટે, તો તેને પણ ઉદ્યોગ ફળે ને વળી વહેલો ફળે–કારણ કે નિવૃત્તિના ઉદ્યોગમાં બાધ મુળગો ન હોવાથી ચિત્તવાસના વહેલી



શુદ્ધ દૃઢ થાય. વ્યવહાર પ્રયત્ન સાધુપણે કરે તેને સિદ્ધિ સંભવ વહેલો ને કપટે કરે તેને મોડો. વસિષ્ઠે કહ્યું છે કે "નિયમ પાળવા તે પુરુષાર્થ ને ફળસિદ્ધિ થવી તે દૈવ છે; ઈશ્વર ઉપર પૂર્ણ વિશ્વાસે રહે તેને પ્રાપ્તિ થાય; (સંસારી કે સ્વર્ગના) ભોગને અર્થે તપ કે પ્રયત્ન તે પણ અર્થસિદ્ધિ પામે (પણ એને પાછાં દુઃખ હોય જ); નિશ્ચયે પ્રયત્ન ન કરે ને અનેક વાસના કરે, તેને ફળપ્રાપ્તિ થતી નથી."

અમેરીકન તથા કેટલાક યૂરોપીઅન તે હિંદુસ્તાનના લોકની દયા ખાય છે ને વિસ્મય કરે છે કે આ તે કેવા લોક છે કે સત્તાધારીનો જૂલમ સાંખ્યા જ કરે છે. જનસંખ્યા, દેશપ્રકૃતિ, સુધરેલી સ્થિતિ અને બીજાં ઘણાંક સાધન અનુકૂળ છે તે છતાં! એનો ખુલાસો આટલો જ કે સ્વભાવભેદે પશ્ચિમના ખ્રિસ્તી દેશના ઘણાખરા લોક ઉદ્યોગથી અનુકૂળ સમો આણવાનો ફાંકો રાખી મથન કરે; મુસલમાન સમય જેમ પ્રેરે તેમ ઉદ્યોગ કરે; અને હિંદુનું રક્ષણ કરનારો ક્ષાત્ર વર્ગ તે પ્રતિકૂળ સમયના દુઃખ ભોગવ્યા વિના છુટકો જ નહીં તેથી તે ધીરજથી ભોગવી છુટતાં અનુકૂળ સમયને માટે લોકની સાથે રહી ઈશ્વરોપાસના કરે ને પછી એની પ્રસાદીએ રણસંગ્રામમાં મચે; અર્થાત્ હિંદુનો (થોડા જાણનો) ઉદ્યોગ ધીરો સમયને જોતો પણ નક્કી જયને જોનારો ને પછી બહુ કાળ સુખ ભોગવનારો છે. બીજા એના જયવિષે વાંચનારે સમજી લેવું.

યુરોપમાં સોળમાં સૈકા અર્ધ સુધી કાથલિક પ્રોટેસ્ટંટના રાજ્યોમાં સર્વત્ર લડાઇઓ હતી; ને ધર્મ વ્યવસ્થા થઈ કે તરત જ પછીના અર્ધ સૈકામાં લોકોએ પોતપોતાના રાષ્ટ્રરાજ્યની વ્યવસ્થા કીધી હતી. ભાવાર્થ કે પહેલી નિવૃત્તિ વિષયની વ્યવસ્થા થઈ ને પછી પ્રવૃત્તિ વિષયની થાય છે. હિંદુસ્થાનમાં પણ રાજ્યશ્રેય કાળની પૂર્વે જ ધર્મ વ્યવસ્થા થઈ છે. વળી મોટા ફેરફારની પહેલાં થોડીકવાર કોઈપણ રાજ્યનું સ્વરૂપ નિર્મળ જ હોય છે.

હિંદુઓને ધર્મ આપનારા યોગીશ્વરોએ કહ્યું છે કે જે દેશ પ્રદેશમાં કાળાં મૃગ સ્વચ્છંદે ચરતાં હોય ત્યાં ધર્મ છે, કોઇને દુઃખ ન દેનારાં એવાં પશુ તે કોઈના ઉપદ્રવના ભય રહિત હોય; ભાવાર્થ કે જ્યાં પશુઓના જીવાત્માને દુઃખ દેનારા નથી ત્યાં. વળી એવો દેશમાંનો આ એક છે; વળી ઋષિઓએ આ દેશને **કર્મભૂમિ** કહી છે એટલે તપ યજ્ઞ અનુષ્ઠાનાદિ કર્મો કરવાની ભૂમિ કે પુણ્યપ્રાપ્તિ ઇચ્છેલાં કામની સિદ્ધિ થાય–વહેલી ને આ જન્મમાં પણ.

વિદ્યા પ્રકરણમાં વેદાંત તથા ન્યાય એ હજી સતેજ છે; સ્મૃતિમાંનો વ્યવહાર વિષય તેને સરકારે થોડાં ઘણાં માન સાથે સતેજ રાખ્યો છે; કર્ણાટક તૈલંગમાં વેદાધ્યયન હજી છે;–સંસ્કૃત વિદ્યા હજી છે ધર્મ ક્ષેત્રોમાં પણ વિશેષે કાશી ને કાંચીમાં. નવાં પુસ્તક સંસ્કૃતમાં થતાં બંધ પડ્યાં છે, દક્ષિણમાં નવાં નાટક થાય છે ખરાં; સરકારને આશ્રયે ચાલતી પાઠશાળામાં સંસ્કૃત અભ્યાસ ચાલે તે ઠીક જ છે. પણ પ્રાકૃત ભાષા પ્રાંત પ્રાંતની સારો સંસ્કાર પામી છે. એમાં લખાયલાં પુસ્તકના વર્ગ પાડીયે તો એક મોટો વર્ગ સરકારી ધારા વગેરેનો; એક મોટો તે સંસ્કૃતનાં ભાષાંતરનો કે નવાં વેદ વેદાંત સ્મૃતિ પુરાણ રામાયણ મહાભારત એમાંના વિષય તથા નાટ-

કાદિ છે; એક મોટો તે નવીન વાર્ત્તા, નાટક, કવિતાનો; એક મોટો ભાષાજ્ઞાનનો જેમાં સરકારી નિશાળોમાં ચાલેલી ચોપડીઓ અને કોશ વ્યાકરણ વગેરે છે; એક મોટો ચોપાનિયાં પત્ર પ્રાશંસિક ગ્રંથ વગેરેનો અને એક નાનો તે પદાર્થ શાસ્ત્રકળાકૌશલ્ય એ વિષયનો છે. એ વિદ્યા પ્રકરણમાં સુધારાના પ્રયત્ન વિષે બીજે પ્રસંગે બોલીશું; અહીં આટલું જ કે સંસ્કૃતમાંથી ભાષાંતર કરવાનો ઉદ્યોગ બહુ વધ્યો અને રસના ગ્રંથમાં ખ્રિસ્તી તથા મુસલમાનની રસવૃત્તિ વિશેષે દાખલ થયલી છે પણ હવેથી હિંદુરસવૃત્તિ પ્રધાન રહે તેવી રીતે તે લખાવા જોઇએ.

કેવળ સ્થૂલ બળની વૃદ્ધિ વિષે સુધારાનો બોધ છે, કેમકે તેનો ઉદ્દેશ પ્રવૃત્તિ જ વધારવાનો. જનની મોટી સંખ્યા અમારા મતની થાય; દેશમાં પદાર્થશક્તિ વધે; યંત્ર તથા રસાયનની ક્રિયાએ ને વેપાર તથા ધંધાએ દેશની સમૃદ્ધિ વધે, દીર્ઘકાળ બ્રહ્મચર્ય પાળેથી તથા બાળલગ્ન બંધ કરી બહુ મોટી વયે પરણેથી શરીરમાં ધાતુની વૃદ્ધિ થાય; યત્ન કરો કે હવા સાફ થાય કે આરોગ્યે આયુષ્ય વધે ઇત્યાદિ; એ બોધનો આદર કરે તેવો લોકનો સ્વભાવ જ નથી. વળી

“સુખ સ્વતંત્રતાનું મોઘું મળે શિર સાટે,
રક્ત બળિદાન દેતું કાર્ય સિદ્ધિ માટે.”

એ સ્વાર્પણ, ત્યાગ, ઔદાર્ય, સત્ય, પોતાનું જ રાખવું પારકું લેવું નહિ એ અભિમાન, કુલીન જોદ્ધાનું માન ઇત્યાદિ નીતિનો બોધ દાસપણામાં લોકને ઉત્તેજન આપી શકે નહી તો હવે મોહિત મૂર્છિત પતિત લોકને ભ્રષ્ટ સ્થિતિમાંથી કાઢી ઉપર આણવાને શો ઉપાય છે?

હજી તેઓની સ્વધર્મભણી દૃષ્ટિ છે. (જે બ્રહ્મજ્ઞાને રામ ને અર્જુન એઓનો મોહ ગળ્યો હતો તેનું પૂરું વિસારણ થયું નથી) તો તે વિષેનું ઉત્તેજન તેઓને મળવું જોઇએ—

“પ્રવૃત્તિ જુતું વળગણ તોએ ધર્મ હડે રહેવાશે;
હૃદય દ્રવ્ય ઉકળશે ત્યારે પર્વત તો ઉચલાશે.”

માટે લોકની સ્વધર્મ ભક્તિ દૃઢ કરવાનો ઉદ્યોગ સર્વે યોગ્ય અધિકારીઓને સોંપી દેઇયે છિયે–પુનરપિ સ્મરણ કરીને કે, “यतो धर्मस्ततो जयः”

---

(૧૧)–૧. ગુર્જર પ્રજામંડળમાં સુધારો* દાખલ કરનાર તે અંગ્રેજ સરકાર પોતે, અંગ્રેજોની પ્રેરણાએ ઉભી થયલી સભાઓ, અને અંગ્રેજી ભણેલા જુવાનોએ સ્વતંત્રે ઉભી કરેલી સભાઓ; વળી બીજા બુદ્ધિવંત કે ધનવંત દેશી ગૃહસ્થો જાણવા.

(અ) સને ૧૮૨૬ માં સરકારે ગુજરાતી નિશાળો માંડી નવું ભણતર નવી રીતે ચલાવ્યું.* (૧૮૫૮–૫૯ માં જેર્વિસની યોજેલી પુસ્તકપદ્ધતિ નિકળી ગઈ ને હોપની યોજેલી ચાલુ થઈ.)

(ઇ) સને ૧૮૪૯ માં અમદાવાદમાં વર્નાકયુલર સોસૈટી સ્થપાઈ મી૦ ફારબસની † પ્રેરણાથી ને ધનવંતનાં નાણાથી; તે સભા ઇનામો આપી ગ્રંથ લખી છપાવે છે ને મહિને મહિને બુદ્ધિપ્રકાશ કાઢે છે. સને ૧૮૬૦ સુધીમાં કાઢેલાં પુસ્તકમાં ભૂતનિબંધ (૧૮૪૯,) જ્ઞાતિનિબંધ (૧૮૫૧,) બાળવિવાહનિબંધ (૧૮૫૪) એ મુખ્ય હતાં.

એ ત્રણે નિબંધો કવિ દલપતરામના રચેલા હતા; વળી તેનો પુનર્વિવાહ પ્રબંધ (૧૮૫૬ માં) છપાયો હતો. કવિતામાં હુન્નરખાનથી (૧૮૫૧) તેણે જણાવ્યું કે “મન ઉદ્યમમાં અહોનિશ રાખો, શિદ ભાગ્ય લખ્યું થાશે

---

* સરકાર કેળવણી આપે છે તે વિષે, સભા તથા પુસ્તકસંગ્રહ અને પત્ર તથા ચોપાનિયાં વિષે, સુધારાના કામને જેઓ નાણાએ પુષ્ટિ આપે છે તે વિષે અને ગ્રંથ તથા ગ્રંથકારો વિષે આ વિષયમાં લખીશું નહીં, પણ જૂના વિચારના દોષ દેખાડવા અને નવા વિચાર તથા એને પ્રસિદ્ધ કરવા તથા એ પ્રમાણે આચરવું એ વિષયમાં થોડુ ઘણું લખીશું અહિં. સરકારી કેળવણી વિષે લખ્યું તે તથા કોઈ પ્રસિદ્ધ પુરુષ વિષે લખાશે તે માત્ર નોંધનેમાટે છે એમ જાણવું.

* પ્રથમ ચોપડીઓ તથા મહેતાજીઓ તઇયાર કરવામાં ને નિશાળો થયા પછી તેની વ્યવસ્થા તથા વૃદ્ધિને અર્થે તનમનથી શ્રમ લીધો હતો જેણે, તે ભરૂચના મોઢવાણિયા રણછોડદાસને અમે આરંભકાળનો ગુજરાતની પ્રસિદ્ધિનો પહેલો પુરુષ કહીશું. તેના જ ભણાવેલા દુરગારામ મહેતાજીએ મંત્રાદિક તથા પુનર્લગ્ન સંબંધી સુધારાના વિચાર પોતાની નગરીના લોકમાં ચરચાતા કીધા ને પ્રજાનાં કામ સરકાર સંબંધનાં મરતાં સુધી કીધાં. રણછોડદાસના મોહોટા દીકરા મોહનલાલે બુ. વ. સભાના પહેલા સમયમાં સારાં ભાષણ કર્યાં હતાં; અને નહાના દીકરા મનમોહનદાસ તે અમણા ભરૂચની પ્રાર્થનાસમાજમાં કવિતાવાણીએ પ્રાર્થના તથા ભાષણ કરે છે. રણછોડદાસને પોતાને વેદાંતના ગ્રંથો વાંચવાપર પ્રીતિ હતી, એવી અમારી સ્મૃતિ છે.

† સુરતની એંડ્રુસ લાઇબ્રેરીની સ્થાપનાના પ્રસંગમાં મી૦ ફારબસ પણ ગણાય છે; દેશી વિદ્વાનો ને અંગ્રેજો એના એકત્ર વિચારથી ને શ્રીમંત તથા લોકનાં નાણાંથી તે થઈ હતી. બીજી કેટલીક લાઇબ્રેરી ઉભી કરવામાં અંગ્રેજો હતા. વળી મી૦ ફારબસના હોંસીલા પ્રયત્નથી “ફારબસ” ગુજરાતી સભા (૧૮૬૫) મુંબઇમાં સ્થપાઈ છે; તેણે ‘રાસમાળા’ તથા “ફારબસજીવનચરિત્ર’ છપાવ્યાં છે અને ‘ગુજરાતીકોસ’ નિકળેલો જોઈ પ્રસન્નતામાં એના કર્ત્તાને રૂ ૫૦૦) બક્ષીસ આપ્યા છે; વળી સાંભળ્યા પ્રમાણે રા૦ રા૦ વિશ્વનાથ નારાયણ મંડલીકને પણ રકમ આપી છે, ઇતિહાસ લખ્યા ઉપરથી.

ભાખો;" "સંચાને જંત્રો સિદ્ધ કરો," "પૃથ્વી* ગઈ પરદેશી હાથે, એ મોટી ભૂલ તમો માથે, તમે સંપ ન રાખ્યો કોઈ સાથે; દેશી મિત્રો, દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું." વળી વેનચરિત્રથી (૧૮૬૭) તેણે વિધવાવિવાહને પુષ્ટિ આપી.

સને ૧૮૫૦-૫૧માં મુંબઇમાં બુદ્ધિવર્ધક હિંદુ સભા સ્થપાઈ. ૧૮૬૦ લગીમાં) અનેક ભાષણો થયાં; છોકરીઓની નિશાળ મંડાઈ ને મહિને મહિને ગ્રંથ નિકળતો થયો. સ્ત્રી કેળવણી (૧૮૫૧), દેશાટન (૧૮૫૩), દેશાભિમાન (૧૮૫૬) ને વૈધવ્યચિત્ર (૧૮૫૯-૬૦) એ વિષય વિશેષ પ્રસિદ્ધિએ અંકિત થયા.

કૃષ્ણદાસે (૧૮૫૫) સત્યપ્રકાશ કાઢ્યું; તેમાં છપ્પન ભોગના શૈવ-વૈષ્ણવના ઝગડા સંબંધી, (૧૮૫૮-૫૯) વૈષ્ણવોએ મહારાજને ગુલામખત લખી આપ્યું તે સંબંધી અને (૧૮૬૦) વલ્લભીપંથ તથા મહારાજોની અનીતિ સંબંધી લખ્યું.

સને ૧૮૫૮માં સત્યપ્રકાશ, ગુરુ અને સ્ત્રી, વિષયી ગુરુ, ગુરુની સત્તા, ચાબખા એણે વૈષ્ણવોમાં ખળભળ કરી હતી; ૧૮૫૯ માં કવિ દલપતરામ મુંબઈ આવેલા તેથી બંને કવિનાં ભાષણ ઘણેક ઠેકાણે થયાં હતાં ને તે લોકે ઉત્સાહથી સાંભળ્યાં હતાં; ૧૮૬૦માં કવિ નર્મદાશંકરે પુનર્વિવાહ સંબંધી વાદ માંડ્યો જદુનાથજી સાથે ને એણે કૃષ્ણદાસ ઉપર લૈબલ માંડ્યો. વળી એક મોઢ વિધવા બ્રાહ્મણીએ લગ્ન કીધું.

—૨. દશબાર વર્ષમાં સુધારાના ઘણાખરા વિચાર બહાર પડી ચુક્યા ને એ બોધકાળમાં કવિ દલપતરામ (૧૮૪૯થી), કૃષ્ણદાસ (૧૮૫૩ થી) ને કવિ નર્મદાશંકર (૧૮૫૬ થી) એ આગળ પડ્યા હતા.†

* દલપતકાવ્યની નવી આવૃત્તિમાં 'પૃથવી' ને બદલે 'દોલત' છે, જમાનાનો આ કેવો દિલગિરી ભરેલો ફેરફાર. અ. ગુ.

† સને ૧૮૫૦-૫૧ માં અમે મુંબઇ સુરતમાં મંડળીઓ ઊભી કરી સંપે કામ કરવું એ વિષે નિબંધ વાંચ્યો હતો; ૧૮૫૬ માં 'રડવા કુટવાની નઠારી ચાલવિષે નિબંધ લખ્યો હતો; ૧૮૫૭-૫૮ માં સ્ત્રીઓને છુટ આપવા વિષે લખ્યું હતું. ૧૮૫૭ થી લખાતી થયલી નર્મકવિતામાં એકેશ્વરની ભક્તિનો બોધ પ્રવર્તાવ્યો હતો ને ૧૮૬૦ માં નવી ઉભી કરેલી તત્વશોધક સભામાં તે ધર્મનાં ભાષણ આપ્યાં હતાં. જદુનાથજી પોતાને ત્યાં વૈષ્ણવ ધર્મનાં ભાષણ આપતા; કેટલાક શ્રોતા અહિંની વાત ત્યાં ને ત્યાંની વાત અહિં કહી બડી ગડબડ કરતા. કૃષ્ણદાસનો કોઈપણ રીતે સંબંધ નહોતો તત્વશોધક સભા સાથે, ને તે કવિની સાથે વાદપ્રસંગમાં નહોતા.'

ગંગાદાસે ૧૮૫૧ થી તે ૧૮૫૯ સુધી એક સરખી રીતે સભાની વ્યવસ્થા રાખી



રવાં —૩. સને ૧૮૬૦-૬૧ થી તે ૧૮૭૬-૭૭ સુધીનો ૧૬ વર્ષનો કાળ લોકે સુધારાનો કર્મકાળ કહેવાય—તે પૂર્વોક્ત વિચારના સંબંધમાં કર્મને અર્થે ...ધ અને થયેલાં કર્મ તેને અવશ્ય દેખાડે છે; જો કે કેટલાક બીજા વિચાર નિકળ્યા હતા તોપણ—

વિચાર કેટલાક પરદેશી તથા દેશી રાજ્યસંબંધી હતા. (જોવી નર્મકવિતા;) અમણાની સરકાર તથા સરકારી કામદાર અને દેશી રાજ્યસંબંધી (જોવો ડાંડિયો ને બીજાં પત્રો. ડાંડિયો ૬૪ થી ૬૯ સુધી ચાલ્યો હતો;) શેરસટાની ઘેલછા, (૧૮૬૩-૬૪-૬૫) તેના સંબંધમાં લોકને બોધ. ગુજરાતી સ્ત્રીપુરુષની વર્તમાન સ્થિતિ; (જોવા બંને કવિઓના તે વિષે નિબંધ.)

વિચાર કેટલાક જે બીજાંકુર રૂપે દેખાઈ અદીઠ થયલા, તે પાછા દેખાઈ સારી પેઠે ચરચાયા ને કર્મમાં ઉતરતાં પાછા બંધ પડી ગયા. સને ૧૮૭૧ ના અક્ટોબરમાં સુરતમાં *પ્રાર્થનાસમાજ થઈ, તે કંઈ પણ કામ કીધા વિના જ ભાંગી

હતી ને સુધારાના કામને જોઇતાં નાણાંની મદદ વાણિયા ભાટીયાઓ પાસેથી મેળવી આપી હતી. વળી તેઓ ભાષણ કરનારાઓને સારી સલાહ આપનારા હતા.

મહીપતરામનું રહેવું મુંબઈમાં બે વર્ષ (૧૮૫૬-૧૮૫૭) હતું. તેમાં છ સાત મહિના સત્યપ્રકાશ તેના હવાલામાં હશે; ને જેમ કૃષ્ણદાસે માનવધર્મનીતિ તેમ તેણે ઘરસંસારનીતિ લખી હતી.

મેડીકલ કોલેજમાં જનારો પહેલો ગુજરાતી ધીરજરામ હતો ને એ દાકટર થયા પછી બીજાઓ બાધ નથી જાણી પોતાના છોકરાઓને તે કોલેજમાં મોકલતા થયા. એ દાકટરે પોતાના ભાષણથી જીવ અમર નથી એવું સૂચવ્યું હતું. તે પોતાના પ્રસંગમાં આવેલા ઘણા જણને ન્યાતિ આચારની વિરુદ્ધમાં બોધરૂપ કહેતા. વૈદકશાસ્ત્રનાં એનાં ભાષણ બહુ જ થયાં હતાં.

કૃષ્ણદાસ માધવદાસે રામમોહનરાયનું ચરિત્ર લખી પોતાની ધર્મવૃત્તિ દેખાડી હતી. તેણે બુ૦ વ૦ ના સેક્રેટરી થયા પછી સભામાં ઉમંગ વધાર્યો હતો ને સુધારાના કામમાં નાણું આપ્યું હતું.

મુંબઇની વાર્તા પત્રદ્વારા કાઠિયાવાડ ને કચ્છ જઈ વંચાતી, પણ ત્યાં કેળ... તથા સંગતિના લાભ બહુ જ ઓછા ને વળી દેશી રાજ તેથી તે તરફના જુવા... એ કોઈ બહાર પડી ઝળક્યો નહિ. તોપણ જુનાગઢમાં ને ભાવનગરમાં કેટલાક ...યતાએ લાઓ સભા કરતા ને વિષય ચરચાવતા. જુનાગઢમાં પ્રાણલાલ મથુરાદાસે બોધપધમાં બીજ રોપ્યું હતું. ને પછીથી આખા કાઠિયાવાડનું કેળવણી ખાતું ભોગીલાલ ...ચો હોય. ...મદાસના ઉપરીપણા તળે આવ્યું હતું. કચ્છમાં મોરલીધર ગિરધરે ... કીધું હતું. પ્રાણલાલ (૧૮૫૧) ને મોરલીધર (૧૮૫૭) એ બુ૦ વ૦ સભામદદ લીધી ...ધમાં હતા.

...સુધારાવાળો

* વકીલ વર્ગ ને શ્રીમંત વર્ગ એઓ સમાજમાંથી ખસી ગયા. વળી ...ને ઉત્તેજન ...રેકર્ડમાં પણ આવી મતલબનું કાંઈ લખવામાં આવેલું કે, એવી સમાજોથી ...ગ્રહ રાખે છે. ...લાભ થવાનો છે.

ગઈ; તેજ વર્ષમાં ભરૂચની સભા થયલી, તેણે ચારેક બાબતની માંગણી કરેલ પણ ૧૮૭૪ થી તે બંધ પડી છે; ૧૮૭૨ માં અમદાવાદમાં સભા ઊભી થઈ તે પ પાછી તરત જ દબાઈ ગઈ. (મુંબઇની આસોસીએશનમાં થોડાક ગુજરાતી છે તે કરે છે તે જણાતું નથી. (૧૮૫૯ માં સ્વતંત્રતાની પછીની ગરબીમાં "હાંરે તમે દરબારા કામમાં પેશો" વગેરે હતું.) સને ૧૮૭૫-૭૬ માં દેશી કારીગીરી સંબંધી ભાષણો થયાં. ગુજરાતમાં ઠામ ઠામ ને (પાંચેક મુંબઇમાં) સુરત અમદાવાદમાં શેરો ભરાઈ મંડળીઓ ઉભી થઈ, પણ વળી તુટી ગઈ. (૧૮૧૧ માં હુન્નરખાનનું ભાષણ હતું.) એ વિષયમાં હરગોવિંદદાસ પુસ્તકો લખે છે ને *ભાષણો કરે છે. વળી વડોદરાની મંડળી કંઈક કરે છે; પણ જે મોટો જોસ્સો ઉઠયો હતો–કેટલાક જુવાને–પરદેશી માલ ન વાપરવો એવો પ્રતિજ્ઞારૂપ જે નિશ્ચય કર્યો હતો તે હવે નથી જ. સને ૧૮૭૭-૭૮ માં લવાદ કોર્ટ સુરત અમદાવાદમાં થઈ પણ કામ કરે છે તે ઠીક જ છે.

(અ) કર્મને અર્થે બોધ એ વિષયમાં કવિએ સુધારાવાળાને ઉત્તેજન આપવાને શૂરવીરનાં લક્ષણ લખ્યાં ને કુલીન ગ્રહસ્થે સંસારમાં, જોદ્ધાએ રણસંગ્રામમાં ને નવા વિચારના અગ્રેસરોએ જુના વિચારની સામા થવામાં કેવી નીતિ રાખવી, તે વિષે બોધ કીધો: (નર્મ કવિતા જોવી; કેટલીક ઈશ્વર પ્રાર્થનામાં સુધારાવાળા થોડા છે, સહાય થશે એવું પણ લખાણ છે.)

કર્મ કરનાર મહીપતરામના સંબંધમાં ચરચા; (જોવો ડાંડિયો, નેટીવ ઓપીનીયન ને બીજાં પત્રો) અને તે વિષયમાં અમદાવાદનાં પત્રો કવિ ઉપર પણ ઉલટયાં હતાં. (ચંદ્રોદય, શાળાપત્રક જોવાં.) કર્મ કરનાર કૃષ્ણદાસના સંબંધમાં ચરચા. (મુંબઇનાં પત્રો જોવાં.) અમદાવાદમાં બાળલગ્ન ન કરવાં, એ વિષે કેટલાકે સહીઓ કરી પોતાની સભા કીધી હતી, પણ તે પ્રમાણે જૂજ કોઈ વર્ત્યા હશે. વળી ત્યાં (૧૮૬૮ માં) પુનર્વિવાહ ઉત્તેજક સભા થઈ. તે પુનર્વિવાહ કરનારને સહાય થાય છે, લગ્ન ક્રિયાનાં સાધન સંબંધી.

(ઈ) થયલાં કર્મ:--

૧ લૈબલ કેસમાં સુધારાવાળા જીત્યા.

૨ કેટલાક જણ ઇંગ્લંડ અમેરિકા જઇ આવ્યા.

૩ કેટલાક પુનર્વિવાહ થયા.

૪ અમદાવાદમાં પ્રાર્થનાસમાજ સ્થપાઈ (૧૮૭૧-૭૨.) મુંબઈમાં આર્ય- (૧૮૭૫.)

* સુરતમાં હરગોવિન્દદાસે ભાષણ કરેલું, તે પ્રસંગે અમે પ્રમુખરૂપે બોલતાં ું કે આ વિષય અમણા જે ચરચાય છે તેનું માન દક્ષણીઓને છે, પણ એ કોઈ કાળે પણ જશ લેનારા તે ગુજરાતીઓ જ થશે; કેમકે વેપાર ધંધા વિષે ઓની જ પ્રકૃત બુદ્ધિ વિશેષ છે, દક્ષણીઓની નહીં--એઓની રાજપ્રકરણ- વિશેષ છે—એ ઉપરથી આકૌંટંટ આફીસના હેડ કલાર્ક ટોંડુપંથને માઠું લાગ્યું દક્ષણીઓમાં તે બુદ્ધિ નથી? સભા વિસર્જન થયા પછી અમે ઘણીક રીતે ્યું કે ગુજરાતીઓના જેવી નથી ને જોવામાં આવનાર પણ નથી.



રવાનો ે૫ ત્રણ ચાર સ્ત્રીઓ નાના ગ્રંથ કે ભાષણ કે પત્ર લખી બહાર પડી છે. લોકે અંદ મુંબઇમાં સ્ત્રી પુરુષ નાટકશાળામાં જતાં થયાં.

ાં ૭ ભૂત જાદુના વહેમ થોડાક ઓછા થયા.

મહીપતરામ ૧૭૬૦ માં ઇંગ્લંડ ગયા ને ૧૮૬૧ માં પાછા આવ્યા; એના સંબંધી જ્ઞાતિમાં ચાલેલો ટંટો ૧૮૬૭-૬૯ માં પત્યો.

કૃષ્ણદાસ ૧૮૬૩ માં ઇંગ્લંડ ગયા ને તે જ વર્ષમાં પાછા આવ્યા. (વાણિયાઓની જ્ઞાતિઓમાં ટંટા ચાલ્યા,) વળી બીજીવાર ગયા હતા ૧૮૬૭ માં. એ વેળા તેની સાથે ભરૂચના મોઢ વાણિયા માણેકલાલ હતા, ને મૂળજી ઠાકરસી પણ હતા.

(ઉ) એ કાળમાં વિચાર દર્શાવનાર રૂપે નર્મદાશંકર, ગિરધરલાલ ને નગીનદાસ એ ત્રણ મુંબઇમાં, અમદાવાદમાં મહીપતરામ (૧૮૬૭ પછી.)

–૪. સને ૧૮૭૬–૮૦ માં સુધારા સંબંધી વાત આટલી જ કે સુરતમાં (૧૮૭૮) પ્રજા સમસ્તની સભા થઇ હતી સરકારને અરજી કરવાને; પ્રાર્થનાસમાજ પુનર્વિવાહ કરાવે છે; આર્યસમાજ વેદ વેદ ગોખાવે છે અને કવિ નર્મદાશંકર નિવૃત્તિ પ્રવૃત્તિ સમજાવે છે. (સને ૧૮૭૭ થી.)

–(**વિવેચન**) ગુજરાતી સુધારાનો બોધ ધર્મ તથા ધર્મગુરુની નીતિ એ પ્રકરણમાં અને ધર્મતત્વયુક્ત જ્ઞાતિ તથા લગ્ન એ પ્રકરણોમાં મુખ્યત્વે હતો.

(અ) મુંબઇમાં વલ્લભાચાર્ય અધિકારીઓ પોતાના શિષ્ય સમુદાયમાંના સમજુક જનોના સમજાવ્યા સમજ્યા નહિ ત્યારે તેઓને લજ્જિત કરી શુદ્ધિમાં આણવાને ચાર પાંચ ભાટિયાઓ તેઓની અનીતિ ઊઘાડી પાડવાનો ઉદ્યોગ ચલાવતા. તેવામાં કૃષ્ણદાસે 'સત્યપ્રકાશ' કાઢ્યું ને તેમાં પછી તેણે પણ મહારાજોની અનીતિ વિષે લખાણ ચલાવ્યું. કવિ નર્મદાશંકરે પણ વિષય મળ્યો જાણી નિબંધો લખ્યા.* કેટલાંક કારણો ઉપરથી કવિએ મહારાજ જદુનાથજી સાથે વિધવાના પુનર્વિવાહ વિષે વાદ માંડ્યો, પણ તે શાસ્ત્ર ઈશ્વરકૃત છે કે નહિ એ પરિચ્છેદ આગળ અટકયો આગળ ચાલવાને.† પણ તેટલે તો કવિએ મોટી ભૂલ કીધી એમ કહીને કૃષ્ણદાસે શાસ્ત્ર ઈશ્વરકૃત કે નહિ એ વિષય ઝડપી લેઇ, એને પણ વહેલો દૂર કરી મથુરાદાસની‡ સહાયતાએ

* એ પ્રસંગમાં છોટમલાલ તથા મનજલાલ એ બે ભાઇનાં પણ લખાણ ગદ્યપદ્યમાં હતાં ને કવિ દલપતરામનો નિબંધ **ગુરુશિષ્ય** ધર્મ એ પણ ઉપયોગમાં આવ્યો હોય.

† એ પ્રકરણ તેવામાં સઘળું છપાયલું છે.

‡ કૃષ્ણદાસે કોરટમાં કહ્યું હતું કે, 'મેં મારા મિત્ર મથુરાદાસ લવજીની મદદ લીધી હતી.' એ અવશ્ય ગણનીય પુરુષ સુધારાવાળા નિકળ્યા તેની પહેલાંનો સુધારાવાળો છે; અંગ્રેજી ભણ્યો નથી; વેપાર ધંધો કરે છે પણ તેની સાથે વિદ્યા તથા સુધારાને ઉત્તેજન આપનારો, બુદ્ધિવાન્ અને શોધક છે; સંસ્કૃત પ્રાકૃત પુસ્તકનો મોટો સંગ્રહ રાખે છે.

જૂનાં પુસ્તક ખંખોળી તે વિષે બોલતાં વલ્લભી ધર્મને પણ વખોડ્યો. નાથજીએ કોરટમાં દાવો માંડ્યો ૧૮૬૧ ના મેની ૧૪ મીએ ) અને ન્યાય આપ્યો ૧૮૬૨ ના અપરેલની ૨૨ મીએ);

૧. મહારાજો બ્રાહ્મણમાં મુખ્ય નથી. ૨ વલ્લભાચાર્યે ચલાવેલો ધર્મ તે જુના કાળનો નથી પણ પંદરમા સૈકામાં (ઈસવી) ઉત્પન્ન થયો છે. વલ્લભાચાર્યના પંથ વિષે સત્યપ્રકાશમાં લખાયું છે તે ખરું છે. ૪ જદુનાથજીની અનીતિ વિષે તે પણ ખરું છે.

એ વેળા સુધારાનું ધર્મમત શું હતું તે જાણીએ. "મનુનાં બનાવેલાં પુસ્તક ઈશ્વરકૃત કહેવાય છે;" વેદની પછી જે પુસ્તક લખવામાં આવ્યાં છે તે બધાં પુસ્તકોની સઘળી વાત ઈશ્વરે લખી છે, એવું હું માનતો નથી." એમ કૃષ્ણદાસે સાક્ષા આપતાં લખાવ્યું છે, કાર્યવશાત્, પણ વેદ ઈશ્વરકૃત છે એમ તે શુદ્ધ બુદ્ધિએ માનતો હતો એમ અમે તો નહિ કહીએ; તેનું રચેલું નીતિવચન (અંગ્રેજી ઉપરથી ભાષાંતર) તે મનુષ્યની સામાન્ય નીતિ બતાવે છે; અર્થાત્ તે એકેશ્વરનો ધર્મ માનનારો હતો. અમે તો એ મતનો ઉપદેશ જ કરતા હતા. અમારી જાણમાં મુંબઇ કે બીજે કહીં થઇને ગુજરાતી સુધારાવાળામાં (૧૮૬૨ લગી) ચારેક જણ વિના બીજા બધા તે ઈશ્વરનું અસ્તિત્વ માનનારા હતા, સંપ્રદાયના દેવોને ન માનવા પણ એક પરમેશ્વરને માનવો, એવો તે કાળનો વા હતો—"દલપતનો દેવ ને નર્મદનો બ્રહ્મ." અર્થાત્ સુધારાવાળા એકેશ્વર મતના, સર્વ સંપ્રદાયની સામાં ને સામાન્ય માનવા નીતિને માનનારા હતા. (કોઇએ જુનો ધર્મ છોડ્યો ન હોતો ને ઘણાખરા તો તે પાળતા પણ હતા.) એ ધર્મે વલ્લભી સંપ્રદાય ઉપર કોરટમાં જય મેળવ્યો; સુધારાવાળાનું ઐકય પ્રકાશ્યું; અને કૃષ્ણદાસની કીર્ત્તિ થઈ—ખ્રિસ્તીઓએ મોટી વખાણી.*

કૃષ્ણદાસ તનમને શ્રમિત ને ધને અવ્યવસ્થિત થયલો તે થોડાક સ્વસ્થ ને વ્યવસ્થિત થયો કે તેનામાં પોતાને મળેલી કીર્ત્તિ વધારવાનું તથા સંસારી સ્થિતિપદ ઉંચું કરવાનું કોડ જાગ્યું ને તેણે ધર્મવિષયના સુધારાનો ઉદ્યોગ છોડ્યો, તેના સાથી ભાટીઆ તે પોતાના વેપાર ધંધામાં પડ્યા. નર્મદાશંકર હિંદુ ધર્મનું સંશોધન ને એકેશ્વર ભક્તિનો પ્રસાર એને માટે ઉદ્યમી. તે ગુજરાતી તથા દક્ષણી સુધારાવાળાની સ્થિતિ નીતિથી

* બીજા વૈષ્ણવ ધર્મવાળા રાજી થયા વલ્લભ માર્ગ પીંખાયો જોઈ; પણ વળી બીધા સુધારાવાળાથી કે રખે કોઈ દહાડો આપણાપર ઉતરે;—ને એ રીતે સુધારાનું મોટમ વધ્યું. બોજા અને પારસી સુધારાવાળા તે હિંદુ સુધારાની ફતેહ જોઈ ખુશ ખુશ થઈ ગયા (પોતપોતાનાં મંડળમાંના જુના નવા વિચારના સંબંધમાં); અને કૃષ્ણદાસને નાણું આપી સહાય થયા પછીની તેની અવ્યવસ્થામાં; હિંદુ ધર્મની પિંખણીમાં ખ્રિસ્તી પાદરી ઉમંગી હોયજ ને ડાકતર વિલસન તે કૃષ્ણદાસને સારી પેઠે સહાય થયા હતા. કોરટમાં ને તે પછી પણ.



થઈ,* ધર્મ સુધારાનો વિષય છોડી દઈ, સુરત જઈ રહ્યો કોશ ગ્રંથ પૂરો રવાનો બેસને ૧૮૬૩ થી ચાલેલા શેરસટ્ટાએ સુધારાવાળાને લોભાવેલા ને પછી માઠી લોકે અં[illegible] આણેલા; તેઓ વછુટા પડી ગયા હતા. અમદાવાદમાં મહીપતરામ તે પણ [illegible] દારુ રણમાં ઉપાધિગ્રસ્ત હતો. (અમદાવાદમાં ધર્મસભા ૧૮૫૮ થી થયલી ને જેણે બે વર્ષ ધર્મપ્રકાશ નામનું ચોપાન્યું કાઢેલું, તે ઈશ્વર વિષયમાં વાદવિવાદ કરતી નામની રહી હતી; મુંબઈમાં તત્વશોધક ૧૮૬૦ થી ચાલી ને ૧૮૬૫ માં બંધ પડી; જુનાગઢની ધર્મસભાએ વેદાર્થપ્રકાશ એવું ચોપાન્યું કાઢ્યું હતું, જાણ્યામેળે ૧૮૬૫-૬૬ માં).

સમાજોમાં એક,† ખ્રિસ્તી ધર્મતત્ત્વ અવશ્યે ભળેલાં એવો ભક્તિકર્મપ્રકાર ચલાવે છે ને બીજી‡ તે માનવધર્મતત્વ વિશેષ ભળેલાં એવો ભક્તિ કર્મકાર વેદમંત્રદ્વારા ને થોડીક ખ્રિસ્તી રીતિ રાખીને ચલાવે છે.

* કૃષ્ણદાસ તથા સુધારાવાળા ભાટીયા કોઈ નવું વૈષ્ણવ મંદિર કાઢશે, કે એકેશ્વરની ભક્તિનું કરવાને કોઈ સ્થળ રાખશે એવી આશા હતી તેવું કાંઈ થયું નહિ. જ્ઞાતિભેદ ન રાખી એકેશ્વર ભક્તિનો તથા માનવનીતિનો ધર્મપ્રસાર કરવો, એના વિચારને માટે દક્ષણીઓમાં સભા હતી તેમાં દાખલ થવાને મિત્રો અમને કહ્યાં કરતા પણ અમે થતા નહિ, જાણીને કે કોઈ છતું તો પડવાનું નથી જ; વળી તેઓએ નિશ્ચયથી કહ્યું ને અમે દાખલ થયા; વર્ષેક પછી તે તુટી;—એ સમયે છ જણે બહાર પડવા વિષે નક્કી કીધું; પછી વળી ચાર જણ મોટા પુરુષ ખસી ગયા, તેથી અમે પણ અટક્યા. એ બનાવ પછી આજલગીમાં કોઈપણ ધર્મ સુધારાની સભામાં અમે દાખલ થયા નહિ.

† રીપોર્ટમાં લખાયું છે કે "અમદાવાદમાં ધર્મસભા હતી તેનું રૂપાંતર કરી પ્રાર્થનાસમાજ સ્થાપી છે." ગેઝેટીઅરમાં લખાયું છે કે "પ્રિન્સ આવ વેલ્સની માંદગી ગઈ તે બાબતની પ્રાર્થના કરવાને સૌ મળેલા ૧૮૭૧ ના ડિસેમ્બરની ૧૭ મીએ. તે પ્રસંગ ઉપર કેટલાંક જણ જે એકેશ્વર ભક્તિને માટે સભા કરવાને બહુ વર્ષ થયાં ઇચ્છતા હતા તેઓએ રવિવારે રવિવારે મંડળી મેળવી જગત્કર્ત્તા, મનુષ્ય સર્વેનો પિતા સર્વોત્તમ તેની પ્રાર્થના કરવાનો ઠરાવ કીધો. સને ૧૮૭૯ માર્ચ લગી ૧૦૮ સભાસદ, તેમાં ઘણાક તે બ્રાહ્મણ, ક્ષત્રી, વાણીઆ; ને થોડાક તે કણબી, સુથાર, લુહાર, કોળી હતા, વળી એક મુસલમાન ને એક પારસી. ઘેડ કે ભંગિયાને આવવાને છુટ નથી, ખ્રિસ્તી આવે. તેઓએ પોતાનો જુનો ધર્મ છોડ્યો નથી—શુભાશુભ કર્મમાં ફેરફાર કીધો નથી. એક સર્વશક્તિમાનની ભક્તિ કરવી મૂર્ત્તિ કે છબી વિના અને કોઈ મધ્યસ્થ ગુરુ વિના; જગદીશ્વર પોતે જ મનુષ્યનાં કર્મ પ્રમાણે રુડો ભુંડો બદલો આપશે, એ તેઓનું મત છે." અગ્રેસર મહીપતરામ તથા ભોળાનાથનાં ક્લેશછિન્ન ચિત્ત (સ્વજ્ઞાતિના પોતાના નિમિત્તના જુલ્મોના ટંટાથી) બ્રહ્મસમાજના મતવાળા સત્યેંદ્રનાથ ટાગોરનો સહવાસ (૧૮૬૪-૬૭), નવું કાંઇ કરવાને ઉશ્કેરાયલું મન (કૃષ્ણદાસ મુળજીની પેઠે), છેક જૂદાં તો ન જ પડવું એ નિશ્ચય, વેદાદિક ન માનવા વિષે સ્વગત પ્રથમ બહાર પાડવાથી લોક નહિ ખેંચાય માટે યુક્તિ પ્રયોગ——એ બધાં કારણ સમાજની ઉત્પત્તિનાં છે એમ અમે માનીએ છિયે.

‡ મુંબઇમાં સ્વામી દયાનંદે ભાષણો કીધાં ને કેટલાએક ગુજરાતી દક્ષણિઓના વિચારથી સમાજ સ્થાપવામાં આવી. એ ખુલ્લું કહે છે કે સંપ્રદાયમત ખોટાં છે, મૂર્ત્તિ

સારાંશ કે તીસ વર્ષમાં ગુજરાતી ધર્મસુધારાએ એકેશ્વરભક્તિવિ
મૂર્ત્તિ આચાર કર્મનો અનાદર તથા સંપ્રદાયમત સર્વેનો તિરસ્કાર ઓછો
અપ્રગટ પ્રગટ કોઈ કોઇમાં ને કહીં કહીં પણ સર્વત્ર દેખાડ્યો છે. સુધ
ળાનો પોણો ઉપર ભાગ તે હિંદુ ધર્મતત્વ અવશ્યે ભળેલાં એવી ભ... વિચાર રાખનારો છે; થોડાક જણ તે પ્રાર્થના સમાજની રીતની ભક્તિ કરનારા અને જુજ તે આર્યસમાજની નીતિયે ભક્તિ તથા કર્મ કરનારા છે.

(ઇ) ઇંગ્લંડ સરખે દૂર દેશાવર જવાને ધર્મનો અટકાવ છે તે તોડવો જ એ ઉદ્દેશે મહીપતરામ કે કૃષ્ણદાસ સુધારાવાળારૂપે ઇંગ્લંડ ગયા નથી; તેઓએ ઉદ્દેશ પણ સધાશે, કીર્તિ પણ મળશે એ વિચારથી ને જ્ઞાતિથી દૂર થઇશું તોપણ નાતીલા મિત્રો સાથે રહેશે એવી આશાએ તેઓ ગયા હતા. ગયા એટલે સુધારાનો ઉદ્દેશ સધાયો કહીએ ને તેઓને માન આપીએ; પણ આવ્યા. પછી જ્ઞાતિના સંબંધમાં તેઓ પોતાની જોદ્ધારૂપ કીર્ત્તિને ઉજળી રાખી શક્યા નથી.

મહીપતરામ તથા તેની સાથે જમનારા વિષે બહુ લખાયું છે એટલે ફરીથી અહીં લખવાની અગત્ય નથી; પણ કૃષ્ણદાસના સંબંધમાં થોડુંક અહીં લખીશું અવશ્યે ગુજરાતના લોકને માટે ને થોડુંક નવું અહીના લોકને માટે પણ. ઇંગ્લંડથી આવ્યા કે મુંબઇના* મહાજને તેની સાથે કે તેની સાથે રહેનારા સાથે પાણી વહેવાર બંધ એવો ઠરાવ કીધો. કૃષ્ણદાસ તે કૃષ્ણદાસની સાથે જમ્યા; પહેલા સાથે એના નાતીલા જમ્યા; ને એ રીતે મુંબઇના નાગર વાણીઆની જ્ઞાત મહાજન બહાર થઈ. એનો નિકાલ પાંચ છ વર્ષે થયો ને નાગર વાણીઆ દેહશુદ્ધિ કરી મહાજનમાં નવા દાખલ થયા. કૃષ્ણદાસ મુળજીની સાથે એના જ્ઞાતિના પ્રાણજીવનદાસ વાઘજી જમેલા તેણે પણ દેહશુદ્ધિ કરી. મુંબઇમાં† કૃષ્ણદાસે જ્ઞાતિમાં દાખલ થવાની આશા છોડેલી‡ પણ કાઠિયાવાડમાં

---

નજ પૂજવી, અહં બ્રહ્માસ્મિ બકતા બ્રાહ્મણોએ ખરાબી કરી છે, વેદ સંહિતાના એકેશ્વરને ભજવો. (તેનાં ભાષણ નિમિત્ત ખરચમાં મદદ કરનારા મુંબઇમાં ભાટીઆ, ભણશાલી, મારવાડી શેઠ, દક્ષણી અમલદારો ને પારસી ગૃહસ્થો હતા.)

* એમાં કપોળ, લાડ, પોરવાડ, શ્રીમાળી, મોઢ, નાગર, ઝારોળા, વાયડા, વગેરે નાતના શેઠો એકઠા થઈ વિચાર કરે છે ને તેમાં મુખી કપોળ શેઠીઓ હોય છે.

† એક વાણીઆ ગૃહસ્થે કૃષ્ણદાસ સાથે જમવાનું વચન આપેલું ને વળી લખી આપેલું કે ખુલ્લી રીતે ન જમું તો રૂપીઆ વીસ હજાર આપું; પછી જ્યારે તે ન જમ્યો ત્યારે તેની પાસેથી તે રકમ કૃષ્ણદાસને મળી હતી. (આપનારને આપવી ગમી ન હોતી પણ પરનાતિના ગૃહસ્થોએ વચમાં પડી અપાવી.)

‡ ડા. વિલસનને બંગલે કેશવચંદ્રસેન અને દક્ષણી ગુજરાતી સુધારાવાળા મળેલા તે પ્રસંગે કેટલાક જણે ભાષણ કીધાં હતાં ને કૃષ્ણદાસે પણ કહ્યું હતું કે જ્ઞાતિનો જુલમ



...-૭૧) તેણે કે તેની તરફથી કોઇએ યુક્તિ કામે લગાડી હોય; રવાનો ...ઠિયાવાડના ચાર ચોરા કપોળના તેમાંના એક ઉપર કોઈ દરબારથી લોકે અંગ્રે...ઈ હતી.* રાજકોટના વાણીઆ કૃષ્ણદાસ સાથે જમ્યા એમ લખાયું છે... દારુ ઢેબંધા તો નહિ હોય એમ કંઠિબંધા કહે છે.

મહીપતરામને માટે તેના સ્વજ્ઞાતિ સ્વવર્ગી મિત્રોએ સામદામ ભેદદંડ એ ચારે ઉપાયો કામે લગાડી સાત વર્ષે પણ ધાર્યું પાર ઉતાર્યું. †એ મિત્રો મુત્સદ્દી પદવીવાળા ને વગવાળા હતા તોપણ તેઓને વેઠવું પડયું હતું. કૃષ્ણદાસની તરફથી પોતાની જ્ઞાતિના મિત્ર નહોતા ને નાગરવાણીઆની જ્ઞાતે પક્ષ ખેંચ્યો પણ તે દેશાવરખાતાનો વહેવાર બંધ પડવાથી કંઈ કરી શકી નથી. કોઇએ લૈબલનું કે ફોજદારી કામ ચલાવ્યું; કોઇએ મોસલ બેસડાવ્યા, કોઇએ નાણાનું જોર વાપર્યું અને છળ પ્રપંચ તો બંને પક્ષવાળાઓએ સુમાર વિનાના કીધા. જ્ઞાતિઓએ ધર્માચાર રૂઢિને આગળ પાડ્યાં હતાં તોપણ તેની સાથે દ્વેષ મમત ઓછાં નહોતાં રાખ્યાં.

જેઓએ જ્ઞાતિમાં દાખલ થવાને પોતે મથન ન કરેલું કે મિત્રો ન કરી શકેલા, તેવા બીજામાં મનોરદાસ (કપોળ,) માણેકલાલ (મોઢ) એ બે વાણિયા અને મુળજી ઠાકરસી તથા રામદાસ ભાણજી એ બે ભાટીયા હતા. એ ચારમાં છેલ્લો માત્ર ઇજરાતો ખરો.‡

મહીપતરામની સાથે જઈ આવેલા ખેડાવાળનું શું થયું તે અમે જાણતા નથી; માણેકલાલ જ્ઞાતિમાં દાખલ થયો છે. દા. ગીરધરલાલ (કાએચ) તે જ્ઞાતિબહાર છે. વળી એક નાગર બ્રાહ્મણ છાનો વિલાત જઈ આવ્યો છે. (ચારમાંનો કીઓ? ક્યાંનો? કે બારડ? એક વિસનગરો એડન જઈ આવ્યો છે એમ પણ સાંભળ્યું છે.)

ઇંગ્લંડ જઈ આવવું એ કારણથી નહિ પણ બીજાં ઘણાંક જુદાં જુદાં કારણોથી પોતપોતાની જ્ઞાતિના ભોજન વ્યવહારથી દૂર થયલા તેવા કેટલાક જણ (સુધારાના સંબંધમાં કેહવાયલા) સઘળી જ્ઞાતિઓમાં હતા તથા છે. (એ વર્ગમાં અમે પણ છિયે.)

---

ઘણો છે માટે સુધારાના સાથીઓએ જુદા પડવું; પછી તેમ કરવાને કૃષ્ણદાસ સાથે પાંચ જણે નામ આપ્યાં; રેવરંડ ધનજીભાઇએ અમને કહ્યું કે છઠ્ઠું નામ તમારું આપો; અમે કહ્યું કે ઘણીકવાર એવા નિશ્ચય થયા છે ને પછી કંઈ થયું નથી માટે જો આવતી કાલે જ નામ બહાર પડવાનાં હોય તો અમારું નામ પણ લખવું; પછી તેઓ બોલ્યા હતા કે એટલી ઉતાવળ તો ન કરવી.

* કૃષ્ણદાસના મરણ પછી તેના કુટુંબને જ્ઞાતિમાં લેવાના પ્રસંગમાં તે ચોરાવાળાનું મન મનાવવામાં આવ્યું હતું, ઉપર થયલી જાસ્તીથી થયલાં નુકસાનના બદલામાં.

† સને ૧૮૬૭ ના સપ્ટેમ્બરની ૧૦ મીએ; પણ રહેલો બખેડો ભાવનગર જુનાગઢ વચ્ચેનો તેનો છેલ્લો નિકાલ ૧૮૬૯ ના નવેમ્બરની ૧૪ મીએ થયો હતો.

‡ કૃષ્ણદાસને જ્ઞાતિમાં દાખલ થવાનો સમય ઢુંકડે આવતો હતો, તેવામાં તે મરણ પામ્યો. (૧૮૭૧ ની ૨૮ મી આગસ્ટે;) મનોરદાસ, રામદાસ ને મૂળજી (૧૮૮૦) એ જ્ઞાતિ બહાર સ્થિતિમાં મરણ પામ્યા છે.

જ્ઞાતિમાં દાખલ થતાં શાસ્ત્રોક્ત દેહશુદ્ધિ કરવી નહિ એવું સુધારાનું ર
પણ પ્રસંગ આવ્યા ત્યારે તે થઈ છે પરાણે.

(ઉ) વિધવાવિવાહ એ સુધારાના ઇતિહાસનું એક મોટું પ્રકર
જે વિષય ૨૭ વર્ષ થયાં ગુજરાતી લોકમાં ચર્ચાય છે, જે વિષય
કવિએ લખ્યું છે (દલપતરામે વધારે,) જે વિષય લૈબલ કેસનું બીજું કારણ હતું તે વિષયમાં થોડુંક કામ થયું છે. તે જોઈ સુધારાવાળાએ ઉત્તેજન લેવાનું છે. ને પહેલું કામ ગરબડીઉં હોય તે છતાં તે કામને સહાય થનાર મંડળીઓને માન પણ આપીએ. થોડુંક કામ પણ થયું છે તેનું કારણ કે વિવાહ કરનારા સમજીને જ જ્ઞાતિથી દૂર રહે છે ને લોકમાં હો હો કરતા નથી. એ વિષયમાં ઘણુંક સ્વચ્છ કરવાનું છે.

સુધારાએ કરાવેલા વિવાહ તે પોતે માનેલા શાસ્ત્રની વિધિ પ્રમાણે પણ સ્વચ્છ છે કે નહિ તે સુધારાવાળા પોતાની ક્રિયાપોથી તે વિષેની બહાર કાઢશે ત્યારે જણાશે. પુનર્લગ્ન થયાં, બ્રાહ્મણે કરાવ્યાં (ગુજરાતી કે દક્ષિણી કોણ જાણે) એમ પરણેલાં જોડાં કહે છે. વિધવાવિવાહ કેટલાક તે લોકે ચાર દહાડા પણ આગમચથી જાણ્યું હોય કે થવાના છે એવા; કેટલાક તે પ્રથમ છાના થયા પછી પ્રસિદ્ધ થયલા કે થવાના એવા ને કેટલાકને માટે લગ્નની તૈયારી ઉપર તે થવાના છે એમ પ્રસિદ્ધિ કરેલી એવા થયા છે. વળી એ બધામાં વિવાહ પહેલાં સ્ત્રીપુરુષ પરસ્પર ન મળેલાં એવાં થોડાંક જ હશે. વિવાહનું નામ નહિ પણ સ્ત્રીપુરુષના વહેવારમાં જગ જાણે તેમ રહેતાં ઉત્તમ નીતિયે તેવાં પણ ગુજરાતમાં કેટલાંક જોડાં છે. વિવાહથી જોડાયલાં સ્ત્રીપુરુષમાં બહુ થોડી સંખ્યા નિકળવાની પરણ્યા પછી ગૃહસ્થ ગૃહસ્થાણીની ખરેખરી રહેણી રાખતાં હોય તેવાં જોડાંની,* માત્ર સંસારસુખ ઇચ્છા એ જ ઘણાકનો હેતુ હશે. પરણીને મનમાં દઝાતાં કોઈ ડાવકાં કોઈ બાવરાં ધણી ધણીઆણીને બનાવ નહિ એવાં, પુરુષની પોતાની સ્ત્રી ઉપર સખતી હોય તેવાં ને સ્ત્રી ધણીથી પડદો રાખે તેવાં પણ જોડાં છે પુનર્વિવાહ કરનારાંઓનું પરસ્પર ઐક્ય નથી.

—૬ સંસારસુધારાના રાજપ્રકરણમાં લોક સમજતા નથી ને સભા થયલી તે તરત બંધ પડી હતી. દેશાભિમાન શબ્દ કેટલાકને મોડે ચઢ્યો છે ખરો પણ સમજ વિનાનો. આ ટાણે સાંભરે છે કે સુરતની સ્કુલમાં સ્વામી દયાનંદે ભાષણ કરેલું તેને અંતે પ્રશંસા કરતાં અમે બોલેલા કે બાવીસ વર્ષ થયાં દેશાભિમાન દેશાભિમાન કહિયે છિયે પણ તેને ધર્મની છાપ તો સ્વામીએ જ આપી. દેશની કારીગીરી વધારવાની મંડળીઓ ભાંગી પડી છે. ન્યાતિ ખરચ ઓછા કરવાનો બોધ અપાય છે પણ વળી સઘળી રસેન્દ્રિયોને લડાવવામાં મોટો ખરચ થાય છે જ. કસરત કરી જોર વધા-

* એમાં માધવદાસ મોટે પદે છે; એની મોટી ઓથ છે પુનર્વિવાહ કરનારાઓને; એણે સુરતની કોરટમાં સાક્ષી આપી હતી પત્રવાળાના કામમાં.



રવાનો બોધ ખરો, પણ કસરત ઉપર દુધ જોઇએ તેનું કેમ? સિલોનના લોકે અંગ્રેજી નીતિ રીતિ થોડી ઘણી રાખી છે પણ ત્યાં એકપીડું નથી—કોઈ દારુ પીતા નથી; આપણામાં નીચી મનાતી જ્ઞાતિઓએ દારુથી દૂર રહેવા માંડ્યું ત્યારે ઊંચી જ્ઞાતિઓ તેમાં આનંદ માણતી થઈ છે. નર્મ-કવિતાના શૃંગારમાં જુવાનિયા બહુ રાજી પણ તેમાંના વીર કે શાંતને શું કરવા જુવે? એ સઘળું શું બતાવે છે? ભ્રષ્ટ સ્થિતિ. સુધારો કરવાને માટે બે નીતિ કહેવાય છે—"ધીરે ધીરે સુધારાનો સાર." અને "યાહોમ કરીને પડો." એ બેમાં સમયને માટે બીજી જ જરૂરની હતી, તે જુવાનિયાએ બહુ વખાણી પણ કામ કરવામાં તે વપરાઈ નથી ને વપ-રાઈ ત્યાં દુઃખદ થઈ છે, જોઇએ તેટલો પણ વિચાર ન કરવાથી. પહેલી નીતિનો ઉપયોગ વિશેષે વ્યવસ્થિત કાળમાં કરવાનો છે. તોપણ એ બે નીતિને પ્રસંગ વિચારી યોજવી.

(ક) ગ્રંથ—ચંદ્રિકા* (૧૮૬૫), ભૂગોળ† (૧૮૭૨), મુક્તાનો બોધ‡ (૧૮૭૯), ટુંકી કાહણીઓ§ (૧૮૮૧), એનેજ ૩૦ વર્ષની સ્ત્રી કેળવણીના ફળરૂપે જોઇએ! ભાષણ અમદાવાદ પ્રાર્થનાસમાજમાં મહીપ-તરામભાઇનાં પત્ની ને ભોળાનાથ ભાઇની વડી પુત્રી‖ એઓએ કીધાની જાણ પત્રદ્વારા અમને થઈ હતી એમ સાંભરે છે. પત્રમાં બે ત્રણ વિષય ચંદ્રિકા લખનારીએ લખ્યા છે; ચાર પાંચેક, સ્ત્રી શિક્ષણ જમનાબાઇએ¶ લખ્યા છે ને એવી કેટલીકોએ લખ્યું પણ હોય, પુરુષોએ મદદ કરી હોય એ ઠીક તો નહિં જ, પણ પત્ર ચોપાનિયાંમાં સ્ત્રીને નામે પુરુષ લખાણ બહાર પાડે તે તો બહુ જ ખોટું થાય.

(ખ) છૂટનો વિષય જોઇએ. ગુજરાતીઓમાં એક પાસ બૈરાં ને એક પાસ પુરુષ એમ બેસવાની રીત છે; પણ મુંબઈની નાટકશાળામાં ઘણી

* એમાંનાં ત્રણેક ગીત ચોપડી નીકળી ત્યારથી મુંબઈની છોકરીઓની કેટલીએક નિશાળમાં ગવાય છે. "નાગર સ્ત્રિઓનાં ગીત"ની ચોપડીમાં રીતકથન તેણેજ લખ્યું છે.

† ભૂગોળમાં કોઈના કહેવા પ્રમાણે એકથી વધારે પુરુષની મદદ કહેવાય છે. (અંગ્રેજીમાંથી ભાષાંતર છે.)

‡ કેટલાકનું કહેવું છે કે તે પુરુષે જ લખેલી છે ઉપલે કલ્પિત નામે.

§ એ ચોપડીમાં જ લખેલું છે કે એ ચોપડી કેમ થઈ તે. (અંગ્રેજીમાંથી ભાષાં-તર છે.)

‖ એની બહેન બાળાબા એણે અમદાવાદનાં નાગરી ગીતનો સંગ્રહ રચ્યો છે.

¶ એણે કન્યાશાળામાં કરેલું ભાષણ તથા પ્રાર્થનાસમાજમાં કરેલું તે 'મુંબઈ સમાચાર' તથા 'ગુજરાતી'માં છપાયાં છે.

ધણીઆણીનાં જોડાં સાથે બેસે ને કેટલાંક કુલીન બૈરાં તે અકુલીનની સાથે. (એક મંડળીએ એ વિષયમાં પાકો બંદોબસ્ત સાચવ્યો હતો ખરો). જેમ કેટલાંક દહેરાંનાં રંગમંડપમાં ગોખ હોય છે તેમ અમદાવાદ સમાજના મંદીરમાં છે. સ્ત્રીઓને બેસવાને તે રુડું અમે સાંભળ્યું છે. મુંબઇમાં થોડીક સ્ત્રીઓ પોતાના ધણીની સાથે પુરુષસભામાં ભાષણ સાંભળવા જાય છે, તેઓ ત્યાં આવેલાં બીજાં બૈરાં સાથે શેકહેંડ કરે છે. કેટલીક તે ધણી સાથે કે એકલી પણ બેંડસ્ટેંડપર જાય છે. પહેરવેશમાં કાએય સ્ત્રીઓએ પહેલ કરી છે ને કેટલીક તે બુટ સ્ટાકીંગ, પોલ્કા ને સાડી પહેરતી થઈ છે; કેટલીકે અષ્ટ* સૌભાગ્યમાંના કેટલાંક વર્જ્યાં છે; મર્યાદા સુઘડતા ભણેલીઓ ઘરમાં ઓછી, પણ બહાર બહુ બતાવે છે.

(ગ) ભૂત જાદુના વહેમ કેટલાક ઓછા થયા. પણ વળી થીઓસોફીસ તેના તત્વને સાચાં ઠેરવે છે! આપણાં શાસ્ત્રોએ સાચાં કહેલાં તે ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો હતો. ફળ જ્યોતિષ ખોટું એમ સુધારાવાળાં કહેતા ને હવે કેટલાક તે સાચું માને છે. મૂળ તત્વે અમે તેને સત્ય માનીએ છિયે ને અમણાના વહેવારમાં વસાશાસ્ત્રની કોટીએ સોમાં પંચાવન દાખલા ખરા થાય.

—૭ (પુનરાવલોકન) જૂના વિચારના હિંદુ એક જ ઇશ્વરને માને છે પણ પોતપોતાના ગુરુના બોધ્યા પ્રમાણે; અને ગુરુ કે તેનાં બોધેલાં કર્મને ટાળીને, એકને એનું સ્વરૂપ સમજ્યા વિના ભજવો, એ સુધારાનું મત છે. એ ચલાવવાને ગુજરાતી સુધારાએ કામ કીધું પણ તે વહેલું જ ડબાઈ ગયું; પાછું તે સમાજરૂપે લીલા કરતું થયું છે; પણ કહેણી પ્રમાણે રહેણી રાખી શકતું નથી ને મનમાં ચોક પુર્યાં કરે છે!

મહારાજની અનીતિ કાઢતાં ૪૦ વર્ષ થયાં, પણ તેઓએ તે છોડી નથી; તેને ખરેખર ધિક્કારનારા થોડા જ વૈષ્ણવ છે. કેટલાક ભાટીઆ સુધારાવાળા કહે છે કે, મંદિરની વ્યવસ્થામાં ફેરફાર કરવો નહિં માત્ર મહારાજ સુધરે. વળી દોષ કોનો છે વસ્તુતઃ? ગુરુનો કે શિષ્યનો? અમે નથી સમજતા કે સુધારો મહારાજનો પીછો શા માટે નથી મુકતો? નવો ઉપાય કોઈ ન હોય તો થોડાંક વર્ષ વાત બંધ રાખવી. સ્વામી દયાનંદ પણ તેના ઉપર ઉલટ્યો હતો. શું બીજા પંથો નથી સુધારાની સળવળતી જીભ ને

* સિંદુર સેંતામાં, ચાંલ્લો, કાજળ, વાળી, કાનેકંઈ, કીડીઆંસેર કોટમાં, ચુડો કે બંગડી, અફાસિયાં એ આઠ કહિયે તેમાં ૧, ૩, ૪, ૮ એ ચાર વર્જ્યાં છે.



ચળવળતી લેખણીને માટે?* સુધારો નીતિઅનીતિનો પારેખ થવાનું ડોળ કરે છે પણ તેના કર્મે તે સઘળી બતાવી છે તેની ક્રિયામાં ને કાર્યમાં. મૂળથી જ ધર્મની ભક્તિની લાગણી નહિ તો ધર્મ સુધારો કેમ થાય?†

(ઘ) જ્ઞાતિ વિષયમાં સુધારો છેક જ સપડાઈ પડ્યો. સને ૧૮૬૦–૭૨ માં ગુજરાત કાઠિયાવાડમાં બધે જ્યાં ત્યાં બ્રાહ્મણ વાણીયાની જ્ઞાતીઓમાં તડ ને બંધી, પ્રાયશ્ચિત્ત ને દંડ, કંકાસ ને ક્લેશ, દ્વેષ ને મમત, સત્તા ને ધન, વહાલામાં વેર ને જમવાનાં ઘેર એ જોવામાં આવ્યાં હતાં. જ્યારે સુધારાવાળાએ **ન્યાત બહાર** એ શબ્દ ઉપર સરકારી કાયદાને પોતાની તરફ લીધો ત્યારે ન્યાતવાળાએ **વહેવાર** આગળ પાડ્યો. ગુજરાતી બ્રાહ્મણ ન્યાતીઓએ પોતે ઊંચી માનેલી નાગર ન્યાતીદ્વારા અને ગુજરાતી વાણીઆ ન્યાતીઓએ મુંબઇના મહાજનદ્વારા ધર્મસત્તા વાપરી હતી.

(ઙ) લગ્નનો વિષય કેવળ સંસારી છે એમ સુધારો હૃદયથી માને છે પણ પોતાની નીતિ કે મત રાખવું પણ પાળવું નહિ તેથી તે લગ્નની ધર્મક્રિયાને અધીન રહે છે. તેમ જ વિધવાવિવાહ લોકોમાં ચલાવવાને તેમાં ધર્મક્રિયાનો ઉપયોગ કરે છે. હવે વિધવાવિવાહને માટે પંડિતોમાં પણ બે પક્ષ છે ને તેને સમય ધર્મરૂપે ચલાવવો, એવું અમારું પણ મત છે. એક જણ આવી અમારી આગળ બોલ્યો કે "ગટ્ટુજી પંડિત કહે છે કે સમયનો વળી ધર્મ કેવો? નિત્ય ધર્મ જ ખરો." પણ વલ્લભસંપ્રદાય ને સત્યયુગનો ધર્મ નથી તે તેઓ જાણે છે જ.

વિધવાવિવાહ ન કીધો ને ન કરાવ્યો ફલાણાએ પ્રસંગ છતે, વળી બાળવિવાહ નિષેધમાં ફલાણાએ સહી આપેલી તે તેણે પાળી નહિ, એવી

* કૃષ્ણદાસે કોરટમાં કહેલું કે "મુંબઈમાં તીસ ચાળીશ હજાર ભાટિયા હશે ને મહારાજની અનીતિને ધિક્કારનાર બસ હશે." આજે વળી હજાર કરીયે, પણ તેઓ મહારાજને છોડે તેવી સ્થિતિમાં નથી. સ્વામી દયાનંદ સ્વામીનારાયણના મત ઉપર ભાષણ ચલાવતો હતો પણ એટલે તેનું જવું થયું. શું બીજા પંથોમાં દુરાચાર અનાચાર છળપ્રપંચ નથી? ને એનું પાપ વિશેષ કે વલ્લભપંથના જાર કર્મનું? એ પાપ વિશેષ કે સુધારાનાં ખોટાં કર્મનું? યમરાજા કે તેનો ચિત્રગુપ્ત જાણે.

† નર્મદાશંકર ૧૮૫૮ માં શાસ્ત્રી વ્રજલાલ સાથે વાતો કરતો એકેશ્વરમતના પ્રસારને અર્થે; ૧૮૬૦ માં ઉપદેશ કરતો; ૧૮૬૫ માં તે ઉદ્યોગ બંધ પાડી બેઠો; પછી તે ધર્મશોધનમાં વિશેષ લાગ્યો કે–જેનું પરિણામ આ થયું કે ૧૮૭૫ થી વેદધર્મના પોતાના જૂના સંપ્રદાય ભણી વળ્યો છે. મહીપતરામનું મત ૧૮૫૭ માં કેવું હતું, તેની સ્પષ્ટ સ્મૃતિ આવતી નથી પણ ૧૮૭૨ થી તેનું મત પ્રસિદ્ધ જ છે. કૃષ્ણદાસનું અગાડી કહ્યું છે.

ચર્ચાથી સુધારાને લાભ છે કે હાનિ ? પત્રવાળાએ અમુક જણને નિંદવો નહિ, દાખલાની દરકાર રાખવી નહિ, પણ વિચારને જ નિત્ય ઠસાવ્યા કરવો; (અમુકને ઠપકો ને દાખલાની દરકાર તે વ્યવસ્થિત કાળની નીતિ છે.) વળી પક્ષ કે મમત કે સ્વાર્થને દૂર રાખી શુદ્ધબુદ્ધિએ ભૂલ ભર્યું પણ લખાણ થાય તે રુડું, પણ તે દુર્ગુણથી ઉશ્કેરાયલું ને સારું પણ હોય તો તે ભુંડું*

–(ક) સ્ત્રી કેળવણી જેમ ચાલે છે તેમ ચલાવ્યા કરવી કે કેટલાક નિયમ કરવા એ વિષે હવે પછી.

–(ખ) રડવા કુટવા સંબંધી બોધ ૨૪ વર્ષ થયાં પણ સ્ત્રિઓનાં હૈયામાં વસ્યો નથી ને પુરુષો પણ આરડતા દોડતા બંધ થયા નથી. તેમ વળી ઘણીક વાત રુઢી સંબંધી તે પણ સ્ત્રિયોએ લેખવી નથી.

–(ગ) વળી ગુજરાતી સુધારાના સંબંધમાં આ નિબંધમાં પૂર્વે ન જણાવેલાં ને જે અમણાં સાંભળે છે તે કેટલાંક નામ નીચે જોવાં. પારસી પત્રોએ ને ગૃહસ્થોએ ગુજરાતી સુધારાને બહુ બહુ રીતે ટેકો આપ્યો છે.†

‡ મુંબઇમાં ત્રિભોવનદાસ દ્વારકાદાસ (સત્યપ્રકાશના સંબંધમાં); લલુભાઈ નરોત્તમદાસ (માનવ ધર્મપ્રસારના સંબંધમાં). સુરતમાં કાળાભાઈ લલુભાઈ (સ્ત્રિઓને છૂટ તથા તેઓના પહેરવેશના સંબંધમાં), ગણપતરામ ગૌરીશંકર (હિંદુસ્થાનમાં એક ભાષા થાય તે સંબંધમાં), નંદશંકર તુળજાશંકર (મહીપતરામના સંબંધમાં), નવલરામ લક્ષ્મીરામ (બાળવિવાહ નિષેધના સંબંધમાં) અને પત્રવાળા. અમદાવાદમાં પ્રાર્થનાસમાજના સભાસદોમાં

* પારસી પત્રો હિંદુ ધર્મ ન્યાતી લગ્ન એ વિષયમાં પોતાના મત આપતા બંધ રહે તો સારું. કેમકે તેઓ કોઈ પ્રસંગે હસવા જેવું ને કોઈવાર કંટાળો આવે તેવું કરે છે. કોઈ કોઈ પારસી ગૃહસ્થોએ પોતાના મિત્ર સુધારાવાળાની તારીફ કરતાં તેઓને આંચ લાગે તેવું કરેલું, માત્ર ધર્મ સંબંધી જાણ ન હોવાથી.

† પારસી ગૃહસ્થોનાં નામ ને બધું થઈ પારસીનું દ્રવ્ય ગુજરાતી સુધારા ખાતે કેટલું આવ્યું, તેની અટકળ એ વિષે બીજે પ્રસંગે.

‡ બુ૦ વ૦ના સંબંધમાં કહાનદાસ મંછારામ, ગોકળદાસ કહાનદાસ, ચીમનલાલ નંદલાલ, જવેરીલાલ ઉમયાશંકર, દલપતરામ જીવણરામ, દલપતરામ પ્રાણજીવન ખખર, નાનાભાઈ હરીદાસ, નારાયણદાસ કલ્યાણદાસ, પરભુરામ નવલરામ, ભાઈશંકર નાનાભાઈ, મનસુખરામ સૂર્યરામ, માણેકલાલ ગોપાળદાસ, રણછોડભાઈ ઉદયરામ, લલુભાઈ કેશવલાલ, હરીલાલ મોહનલાલ, હરીવલભદાસ બાળગોવનદાસ ને અમણાના બીજા ઘણાએક.

વળી ગુજરાતી સુધારાને આસરો આપનારા વિષે કોઈ પ્રસંગે લખાશે તોપણ ત્રણ નામ તો અહીં ઘણી પ્રસિદ્ધિને લીધે લખી રાખીશું. શેઠ મંગળદાસ, શેઠ લખમીદાસ (મુંબઈમાં), ને શેઠ બેચરદાસ (અમદાવાદમાં.)



કેટલાએક ને એમાં લાલશંકર ઉમયાશંકર (અનાથ બાળરક્ષણના સંબંધમાં) ને પત્રવાળા. કાઠિયાવાડમાં મણિશંકર જટાશંકર ને બીજા જુવાનો.*

૮ (ઉપસંહાર.) એ પ્રમાણે સુધારો પોતાનાં યોજેલાં કામમાં ફાવી શક્યો નથી ને બહુ વર્ષ પછી માંહે રહી ખોદવું ને બ્હાર ન પડવું એ નીતિએ ફાવે તેવી ઊંડી છાપ પણ તેણે મંડળનાં મન ઉપર પાડી નથી. ધર્મવિષયમાં માત્ર વિધવાવિવાહ ઊપર વાત આવી રહી છે ને એ હવે બ્રાહ્મણોને પાલવે પડી છે. માત્ર સંસારવિષયનું જ કલ્યાણ કરવાને અવતરેલો તે અર્થપ્રાપ્તિમાં ફાવ્યો નથી ને તેની વધારેલી રસવૃત્તિ નિંદાઈ છે. સુધારાવાળામાં ગણાયલા તે કેટલાક જૂના વિચારના થયા છે. કેટલા આઘા ખસી બેઠા છે ને માત્ર થોડા જ તે ટેંટેં કરી પોતાની પ્રકૃતિ દેખાડે છે. સુધારાએ ઘણાકનાં મન દોદરાં કીધાં ને કેટલાકને ફટાવ્યા પણ હવે તે પોતે જ દોદરો થયો છે ને ફાટી આંખે જુએ છે. તેણે બુદ્ધિચાંચલ્ય, પૃચ્છકશક્તિ, સાહસવૃત્તિ દેખાડ્યાં છે; પોતાના નિમિત્ત ગ્રંથવિદ્યા કેટલીક દાખવી છે; વળી તેના કર્મમાંથી કેટલુંક સારરૂપ લેવા જેવું છે– ટુંકામાં તેને પોતાને તો લાભ ન થયો પણ તેના સત્વનો જો ઘટતો ઉપયોગ થાય તો ખરે મોટો લાભ થાય મંડળને. માટે, હવે ગુજરાતી સુધારાએ પોતાને જૂદો ન કહેવાડતાં મહામંડળમાં મળી જવું: સ્વધર્મ ઊપર ભક્તિ વધારવી ને સત્ય સંતોષ મર્યાદાએ ઉદ્યોગ કરવા. ભુલ્યા ત્યાંથી ફરી ગણો, માંડો પંડ્યા ઘરથી, ઉદ્યમે છે સિદ્ધિ, હારે તેને હરિ મળો, નીતિએ નારાયણ વસે; સત્યે લક્ષ્મી, સંપે જંપ, પાપે ક્ષય ને ધર્મે જય.

## જયવાર્ત્તા†

### વિજયાદશમીએ.

–(૯) ગુર્જર હિંદુપ્રજામંડળે પોતાનાં મહેચ્છ કોડીલાં પણ સંગદોષે ઉન્મત્ત પતિત થયલાં પણ વળી પાછાં નમ્ર સ્વધર્મભણી વળેલાં

* દક્ષણીઓમાં ગોપાળરાવ દેશમુખ, વાસુદેવ વકીલ, રઘુનાથરાવ મ્યુનીસીપાલ સેક્રેટરી, ગોપાળરાવ દેશપાંડે, ગણેશ જોશી ને બીજા કેટલાએક મુંબઈ પુનાના બુદ્ધિમંતો. બંગાલીમાં સત્યેન્દ્રનાથ ટાગોર ને ખ્રિસ્તીમાં મીસ મેરી કારપેંટર એ સહુ ગુજરાતી સુધારાને સલાહ આપનાર હતા.

† **સુધારો અને સુધારાવાળાનાં સંબંધમાં,** અમે હિંદુ શબ્દ સિંધુ શબ્દ ઉપરથી થયો માનીએ છૈયે. (આરબી ન સમજવો.) હિંદ શબ્દે વેદોક્તધર્મની પ્રજા અવશ્યે ને વળી જૈનધર્મની પણ એમ જાણવું. **સુધારો** શબ્દ ગુજરાતી ભાષામાં નવો દાખલ થયો છે. મુંબઈના પારસીઓએ પહેલો વાપરેલો.

પુત્રપુત્રીને પોતાના વહાલમાં લીધાં છે-**મંગળવાર્ત્તા!** (૨) પરાયા વિચારે યોજેલું ઐક્ય તે ન બને તેવું હતું પણ આ ઐક્ય હવે મંડળને સુઘટિત કરશે—**મંગળવાર્ત્તા!** (૩) ધર્મે ઐક્ય થયું છે.-**પવિત્ર મંગળ વાર્ત્તા!** (૪) ધર્મની વૃદ્ધિ થશે. ત્યાગપુરુષબળ વધશે-**શકુન શુભ વાર્ત્તા!** (૫) બ્રાહ્મણ ક્ષત્રિ વૈશ્ય શૂદ્ર સૌ ધર્મ કર્મ પાળતા થશે-**ઉત્સાહ વાર્ત્તા!** (૬) એ ચારે પોતપોતાના ઉદ્યોગમાં ઘુમશે-**ઉજ્વળયુદ્ધ વાર્ત્તા!** (૭) અને ઉદ્યમ સમૂહનાં ક્ષાત્રતેજબળે આખું મંડળ પોતાનું પારલૌકિક ઇહલૌકિક કલ્યાણ કરી લેઈ ભોગવશે-**જય જય જય વાર્ત્તા!**

સુધારાવાળા પાછા ભળ્યા છે. મંડળમાં.* (૨) સુધારાએ આખાં મંડળમાં પોતાના વિચારનું ઐક્ય કરવાનું કીધું; પણ એમ ઐક્ય થયું નહિ; તે પોતે જ જૂદો પડી ગયો; પણ હવે તે શુદ્ધિમાં આવ્યો છે; એ નવું ઐક્ય થયું છે તેથી મંડળ જે કેટલીક રીતે અવ્યવસ્થિત છે તે વ્યવસ્થિત થશે.† (૩) સુધારો દેશાભિમાનની નીતિયે રાજ્યમાં કે સમૃદ્ધિનો લોભ કરાવી ઐક્ય કરાવી શકયો નહી; વળી કેટલાક સુધારાવાળા ન્યાતિમાં દાખલ થયા તે સરકાર સત્તાને બળે નહી પણ હિંદુધર્મની શિક્ષા પામીને; વળી કેટલાક સ્વધર્મનું જ્ઞાન થયે મંડળમાં દાખલ થયા છે: તો હવે પવિત્રતાના વિચાર આચાર કર્મ જ્ઞાન વિષયના તે સબળ થશે. (૪) સૌજ પરદેશી પરધર્મી વિચારોનો ત્યાગ કરશે તેથી મંડળ શુદ્ધ અને નિવૃત્તિધર્મ પાળશે તેથી સબળ ભાવે થશે; ખરી દિશાએ લક્ષ થયો ને ભુલ્યા હતા તે ઠામ પાછા એ આરંભ શકુન છે.‡ (૫) સુધારાએ વર્ણભેદ કાઢી નાંખવાની ને યથેચ્છ કર્મ કરવાની પ્રવૃત્તિનો બોધ કીધો હતો અને હવે જ્ઞાતિનાં કર્મ રાખતાં સમયોચિત પ્રવૃત્તિ કરવી એમાં જ લાભ છે એમ તેણે જાણ્યું છે. (૬) એમાં કંઈ છળ પ્રપંચે સૌ લોકે રાજ્યની સામા થવાનું નથી; વળી ક્ષત્રિયો

* (જેઓ હજી મમત રાખી રહ્યા છે તે પ્રાર્થના સમાજના જુજ જન જાણવા.)

† સુધારાવાળાનો બોધ સંપ વિષે તે પોતાનામાં જોવામાં આવ્યો નથી; સુધારાનો સંપ નિરંકુશ સ્વતંત્રતા સાથે સ્વાર્થ હેતુનો તે પ્રયોગમાં સફળ ઉતર્યો જ નથી. મંડળી કરી થોડોક કાળ સાથે બેઠા બોલ્યા વગેરે એટલું જ. હવે નવા ભળેલાની પ્રથમની ઉગ્ર નીતિ, મર્યાદાની સાથે થવાથી ને પ્રજાસંપ તુટિત છતે પણ અમુક મર્યાદામાં છે એથી, મંડળનો સંપ સબળ સતેજ થશે.

‡ ત્યાગમાં પુરુષ બળ છે અને રાગમાં સ્ત્રીબળ છે. વળી બળ ત્રણ પ્રકારનાં છે. નિવૃત્તિ પુરુષબળની ને પ્રવૃતિ સ્ત્રીબળની છે. સુધારો એ પ્રવૃત્તિ છે. એ વિષે સૂચક જેવું તો ઘણી વાર અમારું બોલવું લખવું થયું છે.



પોતાની વિદ્યાનીતિનો અભ્યાસ કરે તેમાં બાધ નથી. (૭) પ્રભુનિર્મિત સમયે ક્ષત્રી પ્રાણદાન કરશે, બ્રાહ્મણ અનુષ્ઠાન ફલદાન કરશે ને વૈશ્ય સમૃદ્ધિદાન કરશે સ્વધર્મ રક્ષણને અર્થે, ને એમ સર્વેને પુણ્યબળે જય લાભ થશે.

(અ) મંડળના બે ધર્મ છે; વેદોક્ત ને જૈન ને એ બન્ને બહુ ભેદે પળાય છે. વેદોક્તમાં સ્થાપિત બે મોટા સંપ્રદાય શૈવ તથા વૈષ્ણવ છે; ને વૈષ્ણવમાં રામાનુજી, વલ્લભી, માધવી એ છે. પંથ સ્વામિનારાયણી પ્રણામી, બીજમાર્ગી, કબીરપંથી, રામસ્નેહી, રાધાવલ્લભી વગેરે છે; અને ત્યાગી ગોંસાઈ વેરાગીના અનેક પંથ છે તે જૂદા. એ સૌમાં ઉછરેલા લોકે પોતપોતાનું જાણવું; અધિકારીઓએ જાગૃત થવું.*

ઈશ્વરતત્વજ્ઞાન વિષયમાં હજી પણ શૈવ રામાનુજી માધવી એ ત્રણ સંપ્રદાયમાં કેટલાએક સંસ્કૃત ભાષાના પંડિતો છે. લોક વર્ગમાં શંકરના વેદાંતને માનવાવાળા ઘણાક બ્રાહ્મણ છે; ને થોડાક તો બીજાને બોધી શકે તેવું જ્ઞાન ધરાવે છે. કાઠીઆવાડના નાગર અને સુરતના ભાઠેલા તથા કણબી એમાં કેટલાક જણનો તે નિત્ય સ્મરણ ચર્ચાનો વિષય છે. ગુજરાત કાઠીયાવાડ થઇને કુંડીએક વિધવા બ્રાહ્મણીઓ પણ તે વિષય ઉપર સમજ સાથે ભાવ રાખતી હશે. ગુજરાતી બ્રાહ્મણ કર્મિષ્ઠ નથી; ગુજરાતી લોકમાં કર્મ નહિ પણ ભક્તિ પ્રધાન છે; આચાર વિચાર છે. (ઉચ્ચ જ્ઞાતિઓમાં અમણાં થોડાક ઘટ્યો છે.) બ્રાહ્મણે સંધ્યાવંદન વિના રહેવું નહિં ને તેઓએ ધર્મશિક્ષક રૂપે બહુ ઉદ્યમી થવાની અગત્ય છે.

(બ) હિંદુ, મુસલમાન તથા પારસી એ ત્રણે એક દેશભૂમિના સંબંધમાં એક દેશીરૂપે ગુજરાતની પ્રજારૂપે ઓળખાય છે. એનું રક્ષણ બ્રિટિશ રાજ્યસત્તા કરે છે; કેટલીક પ્રજા તેના ખુદના હવાલામાં ને કેટલીક તે દેશી રાજ્યસત્તાના હવાલામાં છે. દેશી રાજ્યસત્તા તે રજપૂતી, મરેઠી ને મુસલમાની છે. રજપૂત સત્તા ભૂમિના સંબંધમાં ચાર મોટે જથે છે-કચ્છ, કાઠિયાવાડ, મહીકાંઠો ને રેવાકાંઠો અહીં; મરેઠી સત્તા તે ગુજરાતમાં અંગ્રેજી ખાલસા સત્તાની પડોસમાં અહીં તહીં તથા કાઠિયાવાડમાં છે; મુસલમાની તે કાઠિયાવાડમાં મહીકાંઠામાં ને ગુજરાતમાં મોટા નાના તાલુકા દાખલ છે. બ્રિટિશ રાજ્યની નીતિ ખાલસા ભાગમાં ને દેશી રાજ્યોના સંબંધમાં; દેશી રાજ્યોમાં હિંદુ ને મુસલમાન રાજ્યોની; હિંદુમાં રજપૂત ને મરેઠાની; રજપૂતની કાઠીયાવાડમાં, રેવાકાંઠામાં ને મહીકાંઠામાં; રેવાકાંઠામાં નાંદોદની ને બીજા બધાની એકઠી; કાઠીયાવાડમાં ભાવનગરની, પાલીટાણાની તથા

* ગુજરાતની ૯૦ લાખની વસ્તીમાંથી ૧૦ લાખ મુસલમાન બાદ કરતાં ૮૦ લાખ હિંદુ વસ્તી છે. વૈષ્ણવોમાં સૌથી વધારે રામાનુજી છે ને એના અડધા વલ્લભી હશે અને વલ્લભીને તીજે હિસ્સે સ્વામીનારાયણી, કબીરી ને મધ્વ હશે.

પોરબંદરની; નવાનગર તથા કચ્છની; જુનાગઢની હિંદુ મુસલમાની; વળી રાજકુળ ને ભાયાત કુળની સર્વત્ર; એ સર્વે નિસ્તેજ છે તેને સતેજ કરવાને રાજભાયાત, દેશી રાજ્યની પ્રજામાંનો વિચક્ષણ ભાગ (નાગરબ્રાહ્મણ તથા મોઢવાણીઆ ને દક્ષણી એ તો છે જ ને વળી બીજા), બ્રિટિશ લખાસાની પ્રજામાંના વિચક્ષણ પુરુષ એઓએ ઉદ્યમી થવું.*

(૩) વેપાર ધંધાની નીતિ, દેશી સાહુકારીની નીતિ, દેશી ઉદ્યોગની મહાજનની નીતિ એ બધી અસ્તવ્યસ્ત છે તેને માટે બુદ્ધિમંત, અનુભવી વૈશ્યજનોએ વિચાર કરવા.

ગમે તેટલી અડચણો નિર્ધનપણાની ને રાજ્ય સંબંધી હોય તોપણ બુદ્ધિનો પ્રકાશ ને પ્રયોગ કરવાનો આ જ સમય છે માટે ઇતિહાસમાં અંકિત થયલા ગુજરાતી વાણીઆ શ્રાવકોએ યુક્તિ યોજવી. શું વિલાતનો જ વ્યાપાર ને સાંચા રુના એનો ધંધો; ને એ વિના બીજા ઉદ્યોગ નથી ? ખરા માલનો ધંધો ને સટ્ટાનો ધંધો, દેશી વસ્તુનો વાપર ને પરદેશીનો અનાદર, દેશમાં ઉદ્યોગ ને પરદેશના સંબંધમાં ઉદ્યોગ તરતને માટે ને હંમેશને માટે, એ વિષે ખ્યાલ કરવાને ચંચળ કાળે થોડાક જાણને પણ હજી રાખ્યા છે.

"યથા રાજા તથા પ્રજા" એ નીતિએ કેટલીક નવી પ્રવૃત્તિ દાખલ થાય; મુસલમાનીમાં થઈ હતી, આપણે આઘા રહ્યા હતા, તે છતાં થોડીક આવી હતી; અંગ્રેજી થયે કેટલીક નવી આવી છે ને પ્રજાનો મોટો ભાગ આઘો રહ્યો છે; પણ સુધારાએ યૂરોપની સઘળી પ્રવૃત્તિનીતિ દાખલ કરવાને મથન કીધું એ ખોટું થયું. કેમકે નવી પ્રવૃત્તિ બહુ વધી. પણ વળી સુધારાવાળા સમજીને તે કાઢી નાખશે. સુધારાવાળાને પણ કાળે ઉત્પન્ન કીધા મંડળની અવ્યવસ્થા વધારવાને કે જેથી મંડળ શુદ્ધિમાં આવી પોતાની વ્યવસ્થા કરે. સુધારાની ધાંધલે† મંડળને જગાડ્યું છે. તો હવે અમે

* કેટલાકે ગ્રંથ લખવા, કેટલાકે દેશી રાજ્યોમાં નોકરી કરવી; કેટલાકે દેશી રાજ્યના ને બ્રિટિશ રાજ્યના સૈન્યોમાં નોકરી કરવી. સુધારાએ દેશી રાજ્યના પ્રકરણમાં કાંઈ જ કીધું નથી ને વડોદરાનું રક્ષણ કરવાને ક-રતે ગયલા પારસી તથા દક્ષણી સુધારાવાળા તે જશ લઇને તો પાછા ન ફરયા. બંગાળી સ્વામીની સુધરેલી મંડળી નવાનગરમાં ને સુરતના સુધારાવાળા મોતીરામ દલપતરામની મંડળી કચ્છમાં એ પણ અહીં નોંધી રાખવાની.

† સુધારાનો પ્રવાહ અટક્યો છે ને ક્ષીણ થયો છે; અમે દિશા બદલાવીએ છિયે; એમ તે ગળાઇને નિર્મળ ઝરણરૂપે મંડળમાં ભરાઈ એને પુષ્ટસબળ કરશે. મોહભરી આસક્તિની સામા અમારું બોલવું તે પ્રિય ન જ લાગે, પણ અમને દોષ જણાયા તે અમે કહ્યા; દોષનો વિચાર ન કરતાં માત્ર નામનો જ મહિમા ગાયા કરવો તે હાનિ કરનારો મમત છે.



કાળને નમી માનપૂર્વક સુધારાનું વિસર્જન કરીશું, તેનો ઉપકાર માનીને તથા સુધારાવાળાઓની કીર્ત્તિ કરીને. વળી વિષય પૂરો કરતાં ગુજરાતના બ્રાહ્મણ સઘળા, રજપૂતનો મોટો ભાગ ને કેટલાક વૈશ્ય એઓને અર્થે એઓના સ્વધર્મનું જ સ્મરણ કરાવીશું:-*

वेदांतसार शुचिपूर्वक सांबभक्ति संन्याय सात्विक वडे व्यवहारवृत्ति
सत्कर्मवृद्धि थवि एज समृद्धिशक्ति एवो सुबोध वदती जयशारदाश्री

---

### (ઓખા હરણનો ઢાળ).

હિંદુ માત્રનું મોટું છે ટાણું, રુડું ઐક્ય કવિએ વખાણ્યું;
રામે રાવણ રોળ્યો જે દીને, ત્રેતાયૂગને અંતે લડીને.
તેનો ઓચ્છવ કર્યે હજીએ, વિજયાદશમીએ સાજ સજીએ;
રામ લક્ષ્મણ હનુમંત વીર, જેનાં નામ યશદ રણધીર.
ધન્ય દહાડો અક્ષય એ કહીયે, શૂરવીરનાં સમરણ લહીયે;
શસ્ત્ર પાંડવે ફરિથકી લીધાં, શમી શસ્ત્રનાં પૂજન કીધાં.
જુદ્ધ માંડી કૌરવને હંફાવ્યા, જીતિ હસ્તિનાપુરમાં આવ્યા;
જોદ્ધા ઉંચા જે જુદ્ધે રીઝયા, તેને સ્મરણે જીતે જન બીજા.
ધન્ય વીર શ્રી અર્જુન ભીષ્મ, જેના સ્તુત્ય કુલીનતા નીમ;
દેશી રાજ્યોમાં ઓચ્છવ થાયે, રાજ્યસ્વારી હજીયે સોહાયે.
રાજ શસ્ત્ર પૂજે છે ઉમંગે, અજ મહીશ વધેરે છે રંગે;
કરે રુધિરનું તીલક ભાળે, રણકીર્ત્તિ ઉજ્વળ ચિત્ત ભાળે.
ઠાઠમાઠ ઘણેરો દીપે છે, જંન જયજયકાર વદે છે;
ઘણાં વાજાં વાજે રણરંગી, રણયશનાં મંગળ ગીત ચંગી.
સર્વ જાય છે સીમમાં હરખે, નવાં ધાન્યને હોંસે નિરખે;
તડકો સિંદુરી લાલ ને પીળો, લીલાં ક્ષેત્ર વિષે તે રસીલો.
જન શરદનો વાયરો લે છે, શકુન જોઇને ઘેર વળે છે;
રમે રાતે શૃંગારની બાજી, દસેરાથી છે સંધા રાજી.

* હવે સમય ત્યાગ બુદ્ધિની વૃદ્ધિને સૂચવે છે, ભોગ બુદ્ધિની વૃદ્ધિને નહિ. ભક્તિકાળની સમાપ્તિ ને કર્મકાળનો ઉદય છે તો એને અનુકૂળ ધર્મ હોય તો સારું. ગુજરાતના બ્રાહ્મણ ને રજપૂતનો મોટો ભાગ એ શિવભક્ત છે પણ ભક્તિ સતેજ થવી જોઇએ, આચાર સાથે; વેદાંતશાસ્ત્રનું અધ્યયન કરવાનું અમે અમણા નથી કહેતા પણ તેનો સાર જે અનેક મોહને ખસેડનારો ને સ્વધર્મને શ્રદ્ધાથી પળાવનારો ને કેવળ એકમાં રમણ કરાવનારો છે તેને હૃદયમાં રાખવાનું કહીએ છીએ, અમણાં ત્રણે વર્ગમાં પ્રપંચયુક્ત ન્યાય-નીતિ ચાલે છે. તે બદલાઈ સત્યયુક્ત ચાલવી જોઇએ, સૌએ હાનિનું ભય ન રાખતાં સાત્વિક ન્યાયને વળગી રહેવું. (વડોદરાના પ્રકરણના ન્યાયની અહીં નોંધ કરીશું).

# આર્યોત્કર્ષ.

આ દેશના લોકના મોટા ભાગનો એટલે આર્યનો ઉત્કર્ષ ફરી પાછો કેમ થાય? એ પ્રશ્ન આજે આગળ કરીશું.

કેમ થાય એટલે કેવે ઉપાયે-સાધને થાય, એ વિષય ઉપર ઉતરતાં પહેલાં આર્યનો ઉત્કર્ષ એટલે શું એ સમજવું; ઉદ્દેશ વિષે નક્કી કરવું કે ઉદ્દેશ પ્રમાણે ઉપાય યોજાય.

૧. ઉદ્દેશ-ધર્મ, અર્થ, ને કામ એ ત્રણે વિષયમાં આર્ય તે હતવીર્ય હોઇને દુર્દશામાં રીબાય છે, તે પાછા સવીર્ય થઈ સારી સ્થિતિએ સુપ્રસન્ન પોતાનો પ્રકાશ કરે, એ ઉદ્દેશ અગ્રેસર પુરુષોનો થાઓ; એમ થવા વિષે ઇચ્છા તો સર્વેની છે પણ તે હવે યોગ્ય શિષ્ટજનના ઉદ્દેશરૂપ થાઓ.

કેવળ પારલૌકિક, કેવળ ઇહલૌકિક, વિશેષે પરલૌકિક ને વિશેષે ઇહ-લૌકિક એ ચારમાંથી કયા ઉદ્દેશ ભણી આર્યની પ્રકૃત બુદ્ધિ છે તે જાણીએ. જીવને અનેક જન્મ લેવાના છે, મનુષ્ય જન્મથી પણ અધિક શ્રેષ્ઠ જન્મ બીજા છે, પરલોકમાં સદ્‌ગતિ થવા માટે મનુષ્ય જન્મ છે. એ જન્મ તે નિત્યાનિત્ય-સારાસારની તુલના કરવાને અને પરમેશ્વરને ઓળખવા તથા તેની પ્રસાદીના સાધનનો અભ્યાસ કરવાને છે. અહીંના કરતાં સ્વર્ગના ભોગ-વિલાસ ઉત્તમ છે ઇત્યાદિ વિચાર આર્યની પ્રકૃત બુદ્ધિમાં છે ને તે મહાત્માના પરંપરાના ધર્મબોધથી સુદૃઢ છે-એ જોતાં આર્ય બુદ્ધિનો ઉદ્દેશ પારલૌકિક છે. એ ઉદ્દેશને જોનારા અમણા ઘણા જણ નથી અને અમણાના સંન્યાસી, બ્રાહ્મણ ને બીજા ધર્માધિકારી એઓની સ્થિતિ જોતાં તે ઉદ્દેશ નથી એમ કહેવાય, પણ સમયની મોહબુદ્ધિ તે ચંચળ તથા પરાધીન છે ને નિત્યની બુદ્ધિ તે સ્થિર તથા સ્વાધીન છે, માટે ઉદ્દેશ નક્કી કરવો તે નિત્યનો.

ઉદ્દેશ સર્વકાળ આર્યની પ્રકૃત બુદ્ધિમાં છે પણ કાળે કાળે તેનું માહાત્મ્ય ઘટતું જાય છે એ પણ ખરું છે-પાછલા ત્રણ યુગમાં આર્ય ધર્મબુદ્ધિનો જે પ્રકાશ હતો, તેનો સહસ્રાંશ અમણાં નથી તોપણ તે નિર્મૂળ થઈ નથી ને થશે કદાપિ તો પૂર્વના ભાવિવક્તાઓના કહેવા પ્રમાણે કલિયુગના અંતમાં થશે; વળી અમણાં જોવામાં આવતો ધર્મવિષે અનાદર તે તો થોડાક જ વર્ષમાં સાદર થશે-દેશમાં સર્વત્ર જૂના વિચારનાં સત્ય તથા નિત્યપણા-વિષે લોકની આસ્થા ફરી પાછી બેસતી જાય છે. ઇતિહાસ પ્રતીતિ કરે



છે કે બૌદ્ધ ધર્મે અશોક તથા પછીના થોડાક રાજાઓના આશ્રમથી મોટો જય કીધેલો પણ થોડાક શૈકામાં તે ધર્મનો કાઇપણ આર્યભૂમિ ઉપર રહી શક્યો નહિ; વળી તે બૌદ્ધ ઘણાક વિષયમાં વેદધર્મ માનનારાને મળતા હતા અને અમણાના, નવા વિચાર માનતા નથી, તેઓના ટકાવ વિષે બોલવું જ શું?

સર્વે ધર્મની શિક્ષા આ સંસાર ઉપરથી પ્રીતિ ખસેડવાને, એમાં અંકુ-શથી રહેવાને ને ઉત્તરગતિ સારી કરવાને માટે છે; રાગ નહિ પણ ત્યાગ, અમીરી નહિ પણ ફકીરી, અભિમાન નહિ પણ નમ્રતા, સ્વાર્થ નહિ પણ પરાર્થ, એને જ વખાણ્યો છે; સંસારી અર્થ તથા સંસારીસ્નેહ એ વસ્તુતઃ ક્ષણભંગુર, અધર્મની વૃદ્ધિ કરનારા, પોતાને તથા બીજાને દુઃખ દેનારા છે! તો બડી સાવધાનીથી રહેવું. વૈરાગ્ય વિનાનો ધર્મ તે ધર્મ જ નહિ. એમ છે તો આ દેશનાં જ લોકનાં વધારે વખાણ શા માટે? એ ઉદ્દેશ જાણી એને અર્થે આચરણ રાખી સત્કર્મ કરવા વિષે જેવી તથા જેટલાની બુદ્ધિ આર્યમાં છે, તેવી તથા તેટલાની બીજા કોઈ લોકમાં નથી. બીજા લોકમાં થોડાકને પાકી સમજ તથા ઘણાકને થોડીકવાર સારી રુચિ હોય છે પણ રજોતમોગુણના અધિક બળે તેઓ સંસારી સ્નેહઅર્થ વિશેષ જોય છે. આર્યમાં પણ રજોતમો છે, તોપણ તે પોતાના વિશેષ સત્વથી-સહજ જ્ઞાનથી ચંચળ મનના વેગમાં પણ ધર્મને ચિત્તનું ધ્રુવ સમજે છે; સંસારી ખટપ-ટથી વહેલો જ કંટાળી જાય છે; સમયે અતિક્રૂર પણ થાય તોપણ શાંતિ જ પ્રિય છે સ્વભાવમાં એવો આર્ય છે.

અર્થાત્ ઉદ્દેશ તથા તેને માટે આચરણ એ બેને સમગ્રે જોતાં વેદોક્ત ધર્મ પાળનારાનો પ્રધાન ઉદ્દેશ પારલૌકિક સુખનો અને એને અર્થે મોટાં સાધનરૂપ ઇહલૌકિક સુખનો. (મોટું આયુષ્ય, આરોગ્ય, ઉપદ્રવ રહિતપણું, સ્વાધીનતા, શૌર્યપરાક્રમ, સત્યકર્મની વૃદ્ધિ, નિર્મળ કીર્તિ ઇત્યાદિ.) આર્ય ઇહલૌકિક સુખના વિચાર રહિત નથી, સંસારી સુખને અર્થે કર્મ કરનારા છે પણ વિવેકના અંકુશમાં રહીને કે રખેને કીધાં કર્મ પાછળથી દુઃખદ થઈ પડે. કેવળ ઇહલૌકિક ઉદ્દેશ લોક સમસ્તનો કોઈ કાળે નહોતો, કેવળ પાર-લૌકિક તે આ શિષ્ટજનનો સર્વકાળ હોય.

अस्थिरं जीवितं लोके अस्थिरे धनयौवने।
आस्थिराः पुत्रदाराश्च धर्मकिर्तिद्वयं स्थिरं ॥

લોકમાં જીવિત અસ્થિર, ધન જોબન અસ્થિર, સ્રીપુત્રાદિક અસ્થિર પણ ધર્મ તથા કીર્તિ એ બે જ સ્થિર છે, એ આર્યસમજ છે. સ્વધર્મે પરમેશ્વરનું જ્ઞાન પામવું, સ્વધર્મને પાળી ઇહલૌકિક સુખમાં રહી પરલોકમાં

સારી ગતિ ઇચ્છવી, વળી ધર્મસહિત અર્થ ને ધર્મસહિત સ્નેહ અર્થાત્ ધર્મ એ જ આર્યનો ઉદ્દેશ છે. આર્યધર્મનો અનુષ્ઠાનનો પ્રકાશ એ જ આર્યનો ઉત્કર્ષ.

૨ તીસેક વર્ષ થયાં અંગ્રેજી ભણેલા તરુણોએ પરદેશી પરધર્મી લોકોની નીતિથી લાભ છે એમ માની લઈ તે નીતિનો જ બોધ ગજાવી મૂક્યો છે. અંગ્રેજી રાજ્યને યોગે અનેક રીતનાં સંસારી સુખનાં સાધન લોકના જોવામાં આવ્યાં છે; પરરાજ્યને લીધે સ્વધર્મ શિક્ષક નિર્બળ પડવાથી ને તેઓ તથા તેઓની સાથે બરાબરીનો દાવો કરનારા જન મોહવશ અધીર થઈ જવાથી, અંગ્રેજી ભણેલા કેટલાક જણે અગ્રેસર બની કેવળ ઇહલૌકિક કલ્યાણ એને જ કેવળ ઉદ્દેશ કરી થાપ્યો છે; માત્ર સમયને માટે નહિ, પણ નિત્યને માટે.

એ ઉદ્દેશે સુધારાવાળા–સમાજવાળાનો પારશ્રમ અને તેથી થયલા લાભાલાભ, વળી તેઓનાં અનેક ખરાં ખોટાં એ અમે વિસ્તારે દાખવ્યું છે ને વળી દાખવીશું. પણ ખરો ઉદ્દેશ નક્કી કરવાના આ પ્રસંગમાં અમે ભેરીનાદે જણાવીશું કે, કેવળ ઇહલૌકિક સુખ એ જ ઉદ્દેશ આર્યનો નથી ને એ મા થાઓ; એ ઉદ્દેશના બોધક તે કૃતઘ્ની હોઇને આર્યને અનાર્ય કરવાનું, તેથી પડ્યું પડ્યું પણ પવિત્ર ઉચ્ચ એવા મહામંડળને ભ્રષ્ટત્રુટિત કરી એનો વિનાશ યોજવાનું પાપ માત્ર હોરી લેશે; બાકી સિદ્ધિ તો થનારી નથી.

૩ વાદ થાઓ, ચર્ચા થાઓ–**કેવળ ઈહલૌકિક સુખનો** ઉદ્દેશ તથા એને માટે સાધનરૂપ ઇશ્વર સંબંધી સ્વલ્પ કર્મ અને **પારલૌકિક સુખનો ઉદ્દેશ પ્રધાન તથા એના અવશ્ય સાધનરૂપ ઇહલૌકિક સુખનો ગૌણ**–એમાં કીઓ ઉદ્દેશ આર્યનું કલ્યાણ કરનારો છે? નિત્ય ઉદ્દેશ અમારે મતે તે ઉપર જણાવ્યો છે, અને સમય સ્થિતિપરત્વે તે ઉદ્દેશનું સ્વરૂપ કાંઇક જૂદું ચિત્તમાં ધારવું કે તેજ સ્વરૂપ ધારી રાખવું, એ વિષે હવે પછી બોલાશે.

---

૪ **સ્થિતિ.** પરલોકને જ અર્થે શુદ્ધ આચરણ રાખી રહેનારા યોગી સાધુ બ્રાહ્મણ ક્ષત્રી જૂજ છે; ધર્મોપદેશક સ્વકર્મવિષે નિઃસ્પૃહ રહી સંસારી અર્થમાં મગ્ન છે; અંગ્રેજી ભણેલા ઘણાક તથા તેના સંગી તે સ્વધર્મ વિષે સંશયી તથા પરધર્મ વિષે મોહિત ને ભ્રષ્ટ કે પતિત છે; તોપણ આર્યનો મોટો ભાગ અદ્યાપિ સ્વધર્મશીલ છે જ—હૃદયનો ભાવ સબળ સતેજ નથી. એટલું ઓછું ખરું. લોક રાજ્યપ્રકરણમાં કેવળ અજાણ છે––સ્વાધીન રાજ્યનું સુખ મેળવવા વિષે કોઈ કોઈ અંગ્રેજી ભણેલાને કોઈ કોઈ વાર કોડ થઈ આવતું હશે અને અંગ્રેજી ન ભણેલા એવા કોઈ તે પોતાના વર્ગની સત્તા



થાય તેને માટે ઇચ્છા રાખતા હશે; વ્યવહાર ચોખ્ખો નથી; મધ્યમ વર્ગને પૂરતો ઉદ્યોગ નથી; ઘરસંસાર ક્લેશગર્ભિત સુખનો છે. એમ સ્થિતિ જોતાં ને ભૂતનો અનુભવ તથા ભાવિનો સંભવ એ ઉપર વિચાર કરતાં ઉદ્દેશને જરાપણ ફેરવવો અમને ઘટિત લાગતો નથી. અવશ્યે વિશેષે પારલૌકિક તથા અવશ્યે સાધનરૂપ ઇહલૌકિક એ ઉદ્દેશ આર્યે નિત્યે રાખવાનો, તે આ સમયને માટે પણ રાખવો––કેવળ ઇહલૌકિક સુખનો ઉદ્દેશ કોઈ કાળે આર્યસમૂહનો નહોતો. (કેટલાક દાનવાદિકનો હતો તે દેવથી જૂદા જ ગણાયા છે. બૌદ્ધ જૈન ત્યાગના બોધક હતા. ચાર્વાકનું ઈંદ્રિયસુખ ભોગવિષે મત તેવું કેટલાક જણનું કાળે કાળે થયું હશે. પણ તે પ્રમાણે કોઈ અમુક મંડળની વ્યવસ્થા નહોતી.) પછી કોઈ વિષયમાં સમયના નવા વિચારમાંના કોઈ પોતાના વેગને બળે અનિવાર તે મહામંડળની વ્યવસ્થામાં નવા દાખલ થાઓ, થોડી કે ઘણી-વાર રહેવાને પણ ધર્મનો સંસ્કાર પામીને.

૫ **બુદ્ધિ.** ઉપર વર્ણી તેવી સ્થિતિમાં ઉદ્દેશ ભણી એકલક્ષ થવાય નહિ એટલે ઉત્કર્ષ વહેલો થાય નહિ. માટે મનુષ્યબુદ્ધિ જે ત્રણ ગુણે ભળેલી છે તેમાં સત્યાંશ અધિકવાળી તેજ ધર્મોદ્દેશનું આદર કરવાવાળી છે. સર્વે જાતિના લોકને ને અવશ્યે વિશેષે આર્યને એમ જાણી સાત્વિક બુદ્ધિ તે શું, તેનું બળ કેટલું છે, તેથી લાભ કેટલો છે, પરલોક સંબંધી વિષયમાં માત્ર નહિ પણ આ સંસારમાં જ એ વિષે સારી પેઠે જાણ થવી જોઇએ. એ જ બુદ્ધિ, ધર્મનો આદર કરનારી છે.

૬ **ઉપાય.** મોહવિસ્મૃતિમાં આવી પડેલા ઉદ્દેશને તથા એનો અનાદર કરનારી બુદ્ધિને જ્ઞાનસ્મૃતિમાં આણી સતેજ કરવાં જોઇયે ને પછી કર્મને અભ્યાસે ઉત્કર્ષરૂપી ફળસિદ્ધિ પામવી. કેમકે, કોઈપણ મનુષ્ય કે મનુષ્યમંડળીની સ્થિતિ રુડી કે ભુંડી તે બુદ્ધિ, ઉદ્દેશ ને કર્મ એ ત્રિપુટીનાં સુઘટિતપણાં કે ત્રુટિતપણાંમાં જોવામાં આવે છે. એ ત્રિપુટિ સુઘટિત થવી ને ત્રુટિત થવી એવો જીવજગતનો અનિવાર નિયમ છે. મનુષ્ય ઈછતો નથી પણ તેનાથી મદાભિમાન મોહાદિકમાં કર્મ થઈ જાય છે કે, જેથી સુઘટિત સ્થિતિ તે ત્રુટિત થાય છે અને એ ત્રુટિત હોય તો કેટલોક કાળ સ્તબ્ધ રહી પાછી જાગૃતિમાં આવી મનુષ્ય ઉદ્યમી થઈ સ્થિતિને સુઘટિત કરે છે. બુદ્ધિ, ઉદ્દેશ ને કર્મ એ ત્રણે એકતાર તપે ત્યારે અમુક પૂર્ણ સ્થિતિનું દર્શન થાય; જીવની વૃત્તિ અમુક વિષય ભણી દૃઢ થઈ એકરસ ઉકળે કે દ્રવ્ય કર્મ સિદ્ધ થાય.

બુદ્ધિ મનુષ્ય માત્રની ગર્ભથકી જ (પૂર્વ કર્મના સંસ્કારથી) જૂદી છે; મોહ કે કોડથી અમુક ઉદ્દેશ નક્કી કરીએ, તે પ્રકૃત બુદ્ધિનો વેગ જે પોતાને વિપા-

કકાળે દર્શન આપે છે તેણે કરીને પલટાઈ જાય; બુદ્ધિને અનુસરીને ઉદ્દેશ તે જ ઘણું કરીને અંતે પણ રહે; વળી કર્મ પણ બુદ્ધિને અનુસરતાં હોવા જોઈયે. બુદ્ધિ કોઈ, ઉદ્દેશ કોઈ ને કેવળ કર્મનો અતિ પરિશ્રમ અતિ પ્રપંચ સાથે હોય તો તેથી અમુક કાર્ય ઘડાય પણ તે જૂદું જ ને પાછળથી બહુ બહુ દુઃખ વેઠવું પડે તેવું જ.

ધર્મનો ઉત્કર્ષ એ ઉદ્દેશ આર્યની પ્રકૃત સત્વબુદ્ધિનો છે તો હવે કર્મની યોજના તથા તેનો અભ્યાસ પણ તેને અનુસરતાં હોવાં જોઇયે. હજી બુદ્ધિ નિર્મળ નથી માટે તેને શુદ્ધ કરવી અને પછી ઘટિત કર્મનો આરંભ કરવો. **ધર્મેંજય, સ્વધર્મે શ્રેય, પરલોકમાં તથા આ લોકમાં અને પરધર્મે વિનાશ** એ સત્યનો આદર આર્ય મહામંડળમાં પૂરેપૂરો થવો જોઇયે—એ જ ઉપાય આર્યોત્કર્ષને અર્થે પહેલો છે. આર્યમંડળ પરધર્મના બોધક ખ્રિસ્તી કે મુસલમાને નહિ પણ પોતાનામાંના જ કેટલાકે ત્રુટિત કીધું છે. સુધારાવાળા કે સમાજવાળા કહેવાતા જને ભાષણ વર્તમાન પત્ર-ગ્રંથદ્વારા પરધર્મના વિચાર લોકમાં ફેલાવ્યા છે તેને ધિક્કારી કાઢવા જોઇયે—એ ધિક્કાર કરવામાં આર્યસત્વ જે બળ વાપરશે, તે બળ પ્રમાણે મંડળ શુદ્ધ ને છિન્નભિન્ન છે તે એકત્ર એક થશે.

સુધારાવાળા સમાજવાળા જેઓનો અવશ્યે ઇહલોક સુખનો જ ઉદ્દેશ તેઓએ પણ ધર્મદ્વારા કાર્ય કરવું યોજ્યું—પરીક્ષા તો ખરી કીધી કે આર્યમાં ધર્મબુદ્ધિ વિશેષ છે. પણ સુધારાએ આર્યના સ્વધર્મને પુષ્ટિ ન કરતાં એનું સર્વસ્વ (જ્ઞાન કર્મોપાસના આચાર) નિંદ્યું ને સર્વે જ્ઞાતિ ધર્મના લોક માન્ય રાખશે, એમ અનુમાન કરી માનવધર્મને દેખાડ્યો; નામનો ધર્મ બાકી પ્રવૃત્તિનો જ ઉદ્યમ,—કોઈ પણ ખ્રિસ્તી કે મુસલમાન કે બીજી જ્ઞાતિ તેવો ધર્મ માન્ય ન રાખે તો આર્ય કેમ જ રાખે? આર્ય લોકે પોતાની બાવરી સ્થિતિમાં પણ તે લીધો નહિ ને સુધારાવાળા પણ પોતાની ભૂલ સમજી ટહાડા પડી ગયા. સાતેક વર્ષ થયાં આર્યસમાજ વેદને આગળ પાડી સ્વધર્મનો બોધ કરવાનું ડોળ દાખવી મોહ ઉપજાવે છે પણ લોકમાં તો તે સ્વધર્મની ઉચ્છેદક જ મનાય છે. ઈશ્વર પરલોક વિષયમાં સમાજોએ પ્રસિદ્ધ કરેલા વિચારમાંના કીઆ સ્વધર્મના છે ને કીઆ પરધર્મના છે, તે હવે પછી જૂદાં પાડી દેખાડીશું.

૭. સંવત ૧૨૫૦ થી તે ૧૯૦૭ સૂધી આર્યમંડળમાં સ્વધર્મનો ઉચ્છેદ કરે તેવા વિચાર કોઇએ જણાવ્યા નહોતા; પાંતરીસેક વર્ષ થયાં તેવા વિચાર આગિયારૂપે ચળક ચળક કરે છે.



મૂળપુરુષનું કોડ ધર્મકર્મમાં ફેરફાર કરવાનું હશે, એમ તેની કેટલીક વૃત્તિ ઉપરથી અનુમાન કરાય, પણ સમાજ તો સને ૧૮૨૮ થી તે અમણા સૂધી સ્વધર્મનું રક્ષણ કરતી આવી છે. આર્ય પરંપરાથી એક જ પરમેશ્વરને માનનારા છે એમ દેખાડી નિંદક પરધર્મીને બડબડતા બંધ કીધા તથા એઓની સામા સ્વધર્મી તરુણોને સાવધ કીધા. એ સમાજે ધર્મ કર્મ વિષે સમયના વેગની સામાં કેટલુંક નિઃસ્પૃહપણું રાખ્યું છે પણ ૧૮૫૨ માં જ્યારે કેટલાક જણ મોટો ફેરફાર કરવાને તત્પર થયલા ત્યારે ઘણાકે એકમત રહી પરંપરાની પદ્ધતિને હઠથી સ્થાપિત રાખી સબળ કીધી હતી—જાતિભેદ, બ્રાહ્મણનો અધિકાર, દેવ પિતર સંબંધી કર્મ એ કાઢી નાખવા વિષે તેની બુદ્ધિ થઇ નથી.

નવી બ્રહ્મસમાજે ઉપનિષદમાં વર્ણેલા એકને ન સમજીને આપોપુંવાળા એકને માન્યો; વેદને બૈબલ કુરાનની હારનો ગણ્યો; પરલોક તથા પુનર્જન્મનો વિષય ખોટો ભણ્યો; ને બધામાં જે સામાન્ય નીતિબોધ, તેને જ સત્ય કહી સ્થાપ્યો; વૈદિક આચારકર્મ જ્ઞાતિ સર્વે નિંદ્યું અને મનુષ્યનો સામાન્યધર્મ ખ્રીસ્તીપદ્ધતિયે પાળવાનો બોધ કીધો. એ સમાજ સર્વે ધર્મનો ઉચ્છેદ કરનારી મતે તથા આચરણે જણાઈ. પ્રાર્થના સમાજનું મત બ્રહ્મસમાજના જેવું જ—દક્ષણીસમાજ તેમાં ભળી જતી હતી પણ વળી અટકી રહી; મતે ઉચ્છેદક પણ પ્રગટ આચરણ તેવું રાખતી નથી. અમદાવાદની સમાજમાં બે ત્રણ અગ્રેસરનું મત ઉચ્છેદક છે ને તે પણ જ્યારે તેવું આચરણ રાખવાની હિંમત કરી શકતા નથી ત્યારે માત્ર ભજન મંડળી છે એવે બહાને શાખા વધારવામાં મતપ્રસારનું કોડ માની લેછે.

આર્યસમાજ વેદધર્મ તે સ્વધર્મ છે એમ બોધે છે પણ વેદધર્મ એટલે માત્ર સંહિતાનો (બ્રાહ્મણ તથા ઉપનિષદનો નહીં); મંત્રના અર્થમાં દેવાદિકનો વિષય છે જ નહિ એ તેનું કહેવું છે પણ પંડિતની તથા લોકની પરંપરાની સમજ તે વિષયમાં સુદૃઢ છે; જન્માંતરની આવૃત્તિ માને છે પણ દેવપિતરને નથી માનતી ને એને ન માને એટલે તેને અર્થે ધર્મકર્મ તે ન જ માને—મૂર્તિપૂજન, ચટપૂજન, તીર્થસ્નાન ઈત્યાદિકને; શૂદ્રને પણ વેદ ભણવાનો અધિકાર આપે છે; વેદ, પુનર્જન્મ, યજ્ઞકર્મ, વર્ણાશ્રમ ઇત્યાદિ શબ્દને ગજાવે છે પણ તે આર્યધર્મની પરંપરાની સમજને પુષ્ટિ આપવાને કે નિર્મળ કરવાને નહિ, પણ નિર્મૂળ કરી પોતાની નવી કલ્પેલી સમજ લોકને આપવાને—શેને કાજે? પ્રવૃત્તિ વિષયમાં મનુષ્યોન્નતિ ને આર્યોન્નતિ કરવાને યોજેલા પ્રપંચને પુષ્ટ કરવા કાજે.

આદિબ્રહ્મસમાજ વિના બીજી ત્રણેનું મત આર્યમંડળમાં માનવધર્મ દાખલ કરવાનું છે. પ્રાર્થના સમાજ જો કે અમણાં થોડા દહાડા ઉપર થાણામાં એક

શાખા કરી ઉત્સાહમાં આવી છે પણ તેનું મત હવે શિથિલ છે ને અગ્રેસર તે પૂર્વજના ધર્મભણી કાંઇકાંઈ વળ્યા છે. બ્રહ્મસમાજમાંથી કેટલાક જણે છુટા પડી નવી સમાજ કીધી છે ને કેશવચંદ્રની વર્ત્તણુકથી એની સમાજ ઝાંખી પડી છે–ચળકારો આટલો કે તેનું નાનકડું ટોળું બંગાળામાં જગદીશ્વરનાં ભજન કીર્તનનો મહિમા વધારે છે. પંડિત દયાનંદનો દેખાવ, પહેરવેષ સ્વભાવ ભાષણ બોધ એ વિષયમાં હતો તેથી જૂદો કેટલીક રીતે અમણા દેખાયો છે; પહેલાનો બોધ સર્વ પ્રકારે ધર્મોચ્છેદક તથા ઉગ્રકટુ વાણીદ્વારા હતો અને અમણાનો કેટલીક રીતે ધર્મરક્ષક જેવો ભાસતો તથા ઓછો ઉગ્રકટુ છે;–તો પણ, મુખ્ય બોધ પ્રથમનો ને અમણાનો તેનો તેજ છે ને તે માનવધર્મને આર્યમંડળમાં ઘુસાડવાનો છે.

યોગદર્શને તથા તત્વજ્ઞાને નિરૂપણ કરેલા એક વ્યાપક સર્વાત્મા પરમેશ્વરનું જ્ઞાન, જન્માંતરના વિચારમાં દેવપિતરનાં અસ્તિત્વનું સત્ય, યોગ તથા મંત્રની સિદ્ધિનું સત્ય, દેવપિતર પ્રીત્યર્થ પવિત્રતાપૂર્વક પૂજનકર્મ, જ્ઞાતિ કુળ બુદ્ધિના અધિકાર પરત્વે ધર્મકર્મની વ્યવસ્થા ને સામાન્ય સદાચાર, એ વિનાનો વેદધર્મ તે પાખંડ છે.

---

૮. માનવધર્મ કોને કહીએ? ધર્મજિજ્ઞાસા ગ્રંથના પહેલા અંકમાં લખ્યું છે કે,

“સ્વાર્થ વિષયમાં–શરીર તથા મન શુદ્ધ રાખવાં, સત્ક્રિયાએ ઉદ્યમ કરવો, સુખમાં ફુલાવવું નહીં ને દુઃખમાં ચીડાવવું નહીં, ગર્વ કરવો નહીં ને નિત્ય સમાધાન સંતોષમાં રહેવું. પરાર્થ વિષયમાં–પરોપકાર કરવો, સાચો વહેવાર રાખવો અને ન્યાયે વર્ત્તવું તથા વર્તાવવું. પરમાર્થ વિષયમાં—જગત્કર્ત્તા એક છે ને સત્યસ્વરૂપ તથા મોટો ઐશ્વર્યવાન્ છે માટે શ્રદ્ધાએ કર્મ કરી તેની પ્રીતિ મેળવવી.” એ બોધ પરલોક સંબંધી વિશેષ વિશેષ જ્ઞાન કર્મના જૂદા જૂદા ધર્મ પાળનારા છે તેઓને પણ માન્ય છે ને મનુષ્ય સર્વેને માન્ય છે; પણ ઉપર જે કહ્યું તેટલાથી જ માત્ર સંતોષ માનીને મનુષ્ય અટકી રહેતો નથી; તે પોતાના સ્વભાવથી જ ઉત્પન્ન થતી એક બીજી પ્રેરણાએ પરમાર્થ વિષયમાં વધારે જાણ ખોળે છે અને પ્રત્યક્ષ સ્વજન કરતાં પરોક્ષ ઈશ્વર તથા બીજા આત્માના ઉપર વધારે વિશ્વાસ રાખે છે; અહીંનાં સ્થિતિ સુખ કરતાં તહીંનાં સ્થિતિ સુખને અવશ્યે વધારે ઊંચું તથા વધારે કાળ રહેનારું સમજે છે; નઠારા કર્મની શિક્ષાને માટે જનમત કે રાજભય કરતાં ઈશ્વરનાં કે તેનાં અદૃષ્ટ નિયમનાં ભયને વધારે ગણે છે.



ઈશ્વર—પરલોકને દૂર રાખી કેવળ સંસારી શ્રેષ્ઠ નિયમનો ધર્મ કોઈ પણ સુધરેલ કે જંગલી મંડળે પાળ્યો તેવું ઇતિહાસમાં નથી. ઉપર કહેલો માનવધર્મ ( જેમાં ઈશ્વર સંબંધી થોડુંક તો છે જ ) એટલો જ પાળવો ને પરલોક સંબંધી વિશેષ કથન અનુભવી શિષ્ટજનોનું ન જ માનવું, એમ મનુષ્યસ્વભાવમાં નથી. એક જગત્કર્તા છે એમ ન માનનારા બૌદ્ધજૈન પણ ઈશ્વર–સિદ્ધરૂપ અનેક જીવ જેને આપણે જોઈ શકતા નથી તેને માને છે. કેટલાંક વર્ષ થવાં યૂરોપમાં કેટલાક જણ જેઓ પેગંબર તથા સાધુની સમજાવેલી પરલોકની વાત નથી માનતા ને જેઓ ઉપર કહેલો માનવધર્મ (જેમાં એકેશ્વરભક્તિ ખરી કે નામની હોય ને સંસારી નિયમોનું પાલન તો અવશ્ય હોય તે ) જગતમાં પ્રવર્તેલો જોવાને ઇચ્છે છે, તેઓ હજી તેવું નાનું પણ મંડળ બાંધવાને સ્વાર્થે તથા સંશયે પામર છે.

આ દેશમાં સુધારાવાળાનું ધર્મમત તેને એક પ્રકારનો માનવધર્મ કહિયે. તેના પ્રવર્ત્તક તે કલકત્તા ને મુંબઈના અંગ્રેજી ભણેલા જુવાનો જણાયા (સને ૧૮૫૦–૭૫). સઘળાએ સ્વધર્મથી અજાણ, સઘળાએ પરલોક વિષયની પરંપરાનો અનાદર કરવાવાળા ને સઘળાએ સ્વદેશી બંધુઓનું સંસારી કલ્યાણ કરવે કોડીલા હતા. કોઈ ખ્રિસ્તિ બૈબલની નીતિ ઉપર ને કોઈ ગૃહસંસાર વિષયમાં યુરોપીઅનની [illegible]ત ઉપર મોહિત; કોઈ ધર્માચારના બંધનથી છુટી યથેચ્છ વર્તવાને ને કોઈ રાજકીય સુખને અર્થે દેશાભિમાન જગાડવાને હોંસીલા હતા. સુધારાવાળાનાં મત બે સમાજમાં વહેંચાયાં. પણ એકેશ્વરભક્તિ બંનેએ રાખી. સને ૧૮૭૫ માં પંડિત દયાનંદે સુધારાનો ઉદ્દેશ સ્થાપિત રાખી. તેને પુષ્ટ કરવાને (કે જેથી ઘણા લોક સ્વમતના થાય) પોતાનું સંસ્કૃત ભણતર ઉપયોગમાં આણ્યું. દેવપિતર તથા તેને અર્થે ધર્મ કર્મ મૂર્તિપૂજનાદિક બે સમાજ માનતી નથી તેમ આર્યસમાજ પણ માનતી નથી. બે સમાજ વેદને ઈશ્વરપ્રેરિત તથા સ્વમતનું આધારરૂપ ધર્મપુસ્તક માનતી નથી. વળી જન્માંતર તથા જાતિભેદને માનતી નથી. પણ આર્યસમાજ તે ત્રણે વાત માને છે; પણ તે જે ઉદ્દેશે જેવી રીતે માને છે તે જોતાં તેનું તે માનવું ભુંડી યુક્તિ, અઘટિત ને છળવાળું છે કે જેવા દોષથી બીજી બે સમાજ મુક્ત છે. તે બે સમાજે પ્રવૃત્તિ વિષયના સુધારાના વિચાર કેટલાક ટાઢા પાડ્યા છે પણ આર્યસમાજ મોઢાનો મમત મુકતી નથી; પણ અમે એના પોતાના જ વિચાર આગળ પાડી એમાંથી જ એના પ્રવૃત્તિના જ વિચાર કેટલા નબળા ને દુબળા છે તે પ્રસંગે પ્રસંગે દેખાડીશું; કે જે પછી ઈશ્વર સંબંધી તેના નરયા વિચાર, તેણે

બોધેલી કર્મચેષ્ટા (પંચયજ્ઞ, સંસ્કારાદિક, વગેરેની), હું જ કહું છું તે જ વેદ ધર્મ છે ને લોકમાં જે ચાલે છે તે ખોટો છે ઇત્યાદિ વિષય સહેજ ખુલ્લો થશે. અમણા અમારે પ્રસ્તુતઃ વિષય પૂરો કરવો છે.

૯. પ્રસાદધર્મ તે શું? કાળેકાળે મનુષ્યોમાં કોઈ કોઈ પુરુષ તપ-ધ્યાનધારણાએ અંતરપ્રેરિત થઈ પોતપોતાના મંડળને ઈશ્વર સંબંધી જ્ઞાન કર્મનો જે બોધ આપે તે. એમાં સંસારી સામાન્ય નિયમોનો પણ સમાવેશ હોય છે; અને એટલા જ માટે પ્રસાદધર્મ તે જ ધર્મ કહેવાય છે. એ પ્રસાદધર્મ મંડળ મંડળના જૂદા હોય છે પ્રકૃતિ વશાત્;—વળી એમાંના પ્રેરિત મહાત્માની સાધનાને બળે એનું અંતઃકરણ જેટલું જેવું નિર્મળ થયું હોય ને એની જેવી વાસના હોય તે પ્રમાણે. જરથોસ્તી, યાહુદી, ખ્રિસ્તી, ને મહંમદી એ ધર્મમાં સર્વોપરિ સાધનમાર્ગ **ભક્તિ** છે અને વેદોક્ત અને બૌદ્ધજૈનમાં જ્ઞાન છે; ભક્તિધર્મ સાથે થોડુંક જ્ઞાન ખરું અને જ્ઞાનની પૂર્વે કર્મ ઉપાસના ભક્તિ સારી પેઠે.

ધર્મ પળાવવાને વ્યવસ્થા પણ મંડળ મંડળની જૂદી જૂદી હોય છે. મંડળના સર્વે જણને માટે ઘણું કરીને એકસરખાં ધર્મ કર્મ અને સંસારી તથા ત્યાગી એ બે વર્ગને માટે તે ઓછાં વધતાં છે. વર્ણભેદે તથા આશ્રમભેદે જૂદાં જૂદાં છે.

ધર્મનો જય તેને પાળનારાના વિશ્વાસ શ્રદ્ધાના બળદ્વારા પરલોકમાં તથા આ લોકમાં જે ગતિ સ્થિતિ પ્રાપ્ત થાય, તેમાં પ્રકાશે છે. નીતિમાં વૈરાગ્ય અવશ્ય છે.

૧૦. અનંત ગોળ પોતાની માંહે વસનારાં ચરાચર સાથે એક આકર્ષણ **શક્તિની** સત્તામાં નિયમસર સંબંધે રહ્યાં છે. એ સત્ય અમણાના લોક માનશે પણ વિશ્વમાં એક **સર્વવ્યાપી ચૈતન્યતત્વની** સત્તામાં અસંખ્ય જીવ પોતપોતાની કર્મલીલા કરે છે, એ સત્ય તો આ દેશના જ જ્ઞાની યોગીઓએ નિઃશંક માન્યું છે, ને એમ છે માટે આ ગોળના જીવ પોતાનાથી શ્રેષ્ઠ જીવ બીજા ગોળના તેના જેવાં થવાની, તેઓને ઠામે જવાની તૃષ્ણા રાખે છે. એ સામાન્ય ચૈતન્યતત્વ છે માટે જ જીવ જગદીશ્વરને સ્તવે છે તે સાર્થ છે; જીવ ને જગદીશ્વર એ બે વચ્ચે સંબંધસૂત્ર છે, તેથી જ જીવ પ્રાર્થના કરે છે ને ઈશ્વર સાંભળે છે.

જીવ કર્મ પ્રમાણે દેહ—લોક—જ્ઞાતિ—કુળ—જનસંબંધ—આયુષ્ય—સુખદુઃખનો ભોગ ઈત્યાદિ; વૈરાગ્ય, જિતેંદ્રિયત્વ, કર્મત્યાગ, યોગાભ્યાસ એથી ઐશ્વર્યપ્રાપ્તિ; આત્મતત્વનાં જ્ઞાનથી છેલ્લે નિશ્ચળ સ્થિતિ અથવા પરમાનંદ પદ;—એ સત્ય



Smt. HANSA MEHT RARY

આર્યપંડિતો માને છે. વળી શુભાશુભ કર્મ, તેની ક્રિયા, તેનાં ફળ, મંત્રની તથા યોગની સિદ્ધિ, ઇચ્છારહિત કર્મનાં ફળ ને સિદ્ધિ માત્રનો ભોગ પાછળથી દુઃખદાયક ને જ્ઞાનશાંતિનું નિત્ય સુખ ઇત્યાદિ વિષયની સમજ તથા સમજ સાથે અભ્યાસ તે આર્યલોકમાં હતો, તે આજે પણ ઘણાકમાં છે.

એ અદ્ભુત માળા ઉત્પત્તિ સ્થિતિ લયના મહાનિયમના ચક્રક્રમણના મેરવાળી એની આગળ અમણાના અદ્ભુત મનાતા શોધ ને ઉંચા મનાતા વિચાર તે ખરેખર નહિ સરખા છે. પૂર્વોક્ત વિષયમાં ઘણોક તે સૂક્ષ્મ પદાર્થશાસ્ત્રના સંબંધનો છે પણ સમજ ન પડવાથી તેનો અનાદર કરવો તથા અસંભવિત ખોટા છે એમ બકવું, એ ધિક્કારપાત્ર મૂર્ખાઈ છે. "ગર્ભસ્થ બુદ્ધિ મનુષ્ય માત્રની સમાન" ને તે ઉપરથી "પરિણામે સમાનતાના ઉચ્ચ સુખની તૃષ્ણા" ને "મનુષ્યનું જ્ઞાન સૃષ્ટિની આદિમાં પશુતુલ્ય હતું ને ઉત્તરોત્તર વધીને પૂર્ણ થશે" એ આદિ વિચાર યૂરોપસ્થ પંડિતોના તે રજો તમસી બુદ્ધિના તરંગ છે—આર્યની સાત્વિક બુદ્ધિ નિશ્ચયે કહે છે કે "ગર્ભસ્થ બુદ્ધિ જુદી સૌની, પરિણામે સૌએ પોતાનું આપોપું તજી એક કે એકરૂપ થઈ જવું છે;" ને "આદિમાં મનુષ્ય શ્રેષ્ઠ હતો ને હવે ઉતરતોજાય છે," ઇત્યાદિ.

આર્યના પ્રસાદધર્મના પરલોક સંબંધી અવશ્ય મોટા વિસ્તા[illegible] આ સંસારના ધર્મ અર્થ કામ એ ત્રણે વિષયમાં, સર્વે લોકના ઉત્તમ સુખને અર્થે વર્ણભેદ છતે તેઓને જોઇયે તેટલી પૂરતી સામગ્રી દેશમાં સર્વકાળ દેખાઈ છે. (વસ્તુ સંપત્તિ વિષયમાં આ કાળના સંબંધમાં જે ન્યૂનાધિક તે વિષે ઘટતે ઠામે બોલીશું.)

૧૧. યોગ એટલે ચિંત્ય ને ચિત્ત એ બેને જોડવાં તે. અંતઃકરણની એક વૃત્તિ ચિત્ત તે ચિંત્ય—લક્ષ્ય સાથે એક તાર સ્થિર થઈ રહે ત્યારે પૂર્ણ યોગ થયો કહેવાય. એમ થવું દુર્લભ ને દુર્ઘટ છે. એને માટે અભ્યાસ જોઇયે ને પૂર્વનો સંસ્કાર હોય તો થાય. અનેક પ્રકારના ઉદ્દેશ યોગના છે ને અનેક પ્રકારની યોગક્રિયા છે. જેમ બહાર સંસારી ઉદ્યોગ તેમ સંસારી અનેક ઇચ્છા દૂર કરવાનો તથા ચિત્તને અનેક વાસનાના જાળાંથી નિર્મળ કરવાનો પણ ઉદ્યોગ છે. જેમ સંસારી ઉદ્યોગથી (અનુષ્ઠાન, તપ વગેરેથી) પણ લાભ છે. મોટા યોગથી એટલે બહુ જન્મની તપશ્ચર્યાએ તથા બહુ જન્મના દ્રઢ તત્વજ્ઞાને સંકલ્પ સિદ્ધિ પમાય—એવો યોગી નવી સૃષ્ટિ રચે, પોતે અનેક રૂપે થઈ અનેક સ્થળે સરખાં કે જૂદાં કર્મ કરે ઇત્યાદિ. તપથી ને મંત્રથી અણિમાદિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે; કેવળ દૃષ્ટિલક્ષ્યથી પણ કેટલીક

સિદ્ધિ થાય. વિના અભ્યાસ સકળશાસ્ત્ર મનમાં સ્ફુરે, આયુષ્ય વધે, સર્વ ગોળમાં જવાય, પાછલા જન્મોનું જાણ્યામાં આવે, ચિત્યનું સાક્ષાત્ દર્શન થાય ઇત્યાદિ. કેવળ ઔષધિનું અમુક ક્રિયાયે સેવન કીધાથી જે અદ્ભુત સિદ્ધિ ભણી છે તે વહ્નિવિદ્યુતની તથા લોહાકર્ષણની શક્તિઓના ચમત્કારથી અતિશ્રેષ્ઠ કહેવાય. એ સઘળો વિષય આર્ય ધર્મમાં છે. સંસારી ઉદ્યોગ કાર્યની સિદ્ધિને અર્થે જે ક્રિયાઓ અવશ્ય તથા ફળ આપનારી મનાઈ છે તે પણ અમુક યોગક્રિયા જ છે. હઠયોગ ને રાજયોગ તેમાં રાજયોગના એક એક પ્રકરણમાં ક્રિયાયોગ લખ્યો છે તે આવો કે મત્સર, મમતા, માયા, હિંસા, રાગ, દ્વેષ, પાખંડ, ભ્રાંતિ, આળસ, અશુચિ એ ઓછાં થતાં જાય ને ક્ષમા, વિવેક, વૈરાગ્ય, શાંતિ, સંતોષ ઇત્યાદિ વધતાં જાય તેવો અભ્યાસ કર્યા કરવો વિચારથી તથા કર્મથી.

પંડિત દયાનન્દ કહે છે કે, "યોગથી બુદ્ધિ પ્રકાશ થાય પણ સિદ્ધિની પ્રાપ્તિ નહિ;" "મારણ મોહનાદિક ખોટું છે," "મંત્રબળ અસ્ત્રમાં એટલે યુક્તિવાળી રસાયનાદિક ક્રિયા તેમાં;" અમેરિકાથી આવેલી બાઈએ કરેલા ગોંધાટમાં યોગવિદ્યા લોકની સ્મૃતિમાં આવી ને કેટલાક જણે પંડિતને પૂછ્યું ત્યારે વળી એણે તેઓને ટાઢા પાડવાને યુક્તિવાળું જણાવ્યું કે "મુનિઓને એવી પદાર્થવિદ્યા આવડતી કે તેઓ આત્માના બળથી સહુના અંતઃકરણની વાત જાણી શકતા, ભિતરના પદાર્થના સંયોગથી યોગી લોક અદ્ભુત કર્મ કરી શકતા. જેમ બહારના પદાર્થનો ઉપયોગ બહારથી થાય છે તેમ જ ભિતરના પદાર્થોનો ઉપયોગ ભિતરથી થાય છે." અર્થાત્ આત્મ-તત્વના–શુદ્ધ ચૈતન્યના બળ વિષે તેને પ્રતીતિ નથી ને એ નહિ એટલે સંકલ્પસિદ્ધિ શેની માને? ને "एकोऽहं बहुधा स्याम्" એનો અર્થ યોગૈશ્વર્ય સત્તા ઉપર આધાર રાખે છે તેને યથેચ્છ કેમ ન સમજાવે? અને અવતાર ખોટા કહે, સ્તંભના નૃસિંહને હસી કાઢે, પ્રાણ પ્રતિષ્ઠાને વગોવે એમાં નવલ કંઈ જ નથી. જન્માંતર વિષે ચર્ચા ચાલી ત્યારે ભાષણ કરી પ્રમાણમાં ગીતામાં યોગભ્રષ્ટની સ્થિતિ વિષે છે તે કહી સંભળાવ્યું, પણ ગીતામાંનું વિશ્વરૂપ દર્શન તે તો ખોટું જ છે તેને મતે. યોગબળે દત્તાત્રેયના આશ્રમ-માંના પ્રાણી સ્વભાવથી પરસ્પર વેર બુદ્ધિવાળાં તે નિર્વૈર થઈ રહેતાં, એ તો ગપ્પાં જ તેને મતે; શુદ્ધ જપરૂપ અનુષ્ઠાનથી કે યજ્ઞરૂપકર્મથી આ લોક પરલોક સંબંધી કાર્યસિદ્ધિ તે વળી કેવી તેને મતે?–(યજ્ઞથી તો વાયુ સ્વ-ચ્છ થાય.) યોગસિદ્ધિના વિષયમાં સુધારાવાળાને પૂર્વજનાં માનેલાં સત્ય ઉપર મોહભરી પણ પાછી આસ્થા કરાવવાના ઉદ્યમમાં પરદેશી પરધર્મી



મડમ ગણનીય થઈ,* પણ હા કષ્ટ! કે આર્યકુલોત્પન્ન પંડિત સંન્યાસી સ્વામિ વેદધર્મ ઉપર આસ્થા બેસાડવાને બોધ કરનારો શુદ્ધસત્વની સિદ્ધિનાં સત્યને અસત્ય ભણે છે!

---

૧૨. આચાર સર્વે ધર્મના લોકને પોતપોતાનો છે. કર્મ ક્રિયા કર-વામાં તથા કરવાને પાત્ર થવામાં શાસ્ત્રીય તથા લૌકિક મર્યાદારૂપ નીતિ-રીતિ પરંપરાથી પળાતી આવી હોય છે. આર્ય શિષ્ટોએ તો આચારને 'પ્રથમ ધર્મ' ને 'પરમ ધર્મ' કહી વખાણ્યો છે. આચારથી આયુષ્ય, પ્રજા, અન્ન, લક્ષ્મી, શ્રેષ્ઠપણું પમાય; સત્કર્મ વિધયુક્ત થાય કે જેથી બ્રહ્મજ્ઞાન ને એથી મુક્તિ; ઉભય લોકમાં કલ્યાણ. પ્રતિદિન નહાવું; દેવપૂજન–સ્મરણ કરવું; નૈવેદ્ય કરી જમવું; રસોઈ કરતાં ને જમવાને હીરનું કે ઉનનું કે ધોયલું વસ્ત્ર પહેરવું; મદ્ય ન પીવો ને ખાવામાં અમુક વસ્તુ લેવી તથા અમુક ન લેવી; મુએલાંને બાળવું; સંબંધીએ તેનું સૂતક પાળવું ને શ્રાદ્ધ કરવું; રજોદર્શને સ્ત્રીએ ત્રણ દિવસ કશાંને અડકવું નહિ ને ચોથે દહાડે નાહીને ઘર કામ કરવું પણ દેવકાર્યમાં સામેલ થવું નહિ–એ આદિ સામાન્ય આચાર તે વેદધર્મ માનનારા લોકનો છે. વળી જ્ઞાતિ કુળ ગામ દેશ પ્રમાણે વિશેષ આચાર છે. આચાર ઘણાક તે પરલોક સંબંધી હેતુવાળા તથા પવિ-ત્રતાનો આશ્રય કરી રહેલા છે; તે જ વળી આ લોક સંબંધી હેતુના પણ છે. કેવળ લૌકિક તો બહુ થોડા છે. મહાભારત યુદ્ધ પછી આર્યની વર્ણ-વ્યવસ્થા તુટી ને દ્વિજ શબ્દ માત્ર બ્રાહ્મણ વર્ગને માટે રહ્યો; એ પણ ઘણીક રીતે કર્મભ્રષ્ટ થયો; તો પણ આચાર રૂઢિરૂપ દેશમાં સર્વત્ર પુરુષ સ્ત્રી બાળક પાળે છે.

---

* મડમ બ્લાવાટસ્કી ને પંડિત દયાનંદ એ બેને અમણાં તુટ પડી છે ને તેઓએ સામસામા લખાણ કીધાં છે; પંડિત આવું કાંઈ કહે છે કે 'તેણે અમને ગુરુ માન્યા ને હવે તો તે અમને ચેલા બનાવે છે, વળી ટાચકા ટુચકીના ખેલને યોગ-સિદ્ધિ કહે છે; પોતાનો વગ વધારવાને સૌના ધરમને સાચા કહે છે પણ પોતે નાસ્તિક છે.' મડમ આવું કાંઈ કહે છે કે 'કાંતો તે યોગને ધિક્કારે છે અથવા જાણીને છુપાવે છે'; એ છેલ્લા ઉપર અમારો વધારે ભરોસો છે; અમે ખોટી જાણથી તેને ગુરુ માન્યો હતો પણ પાછળથી અમને જણાયું કે તે માત્ર સુધારાવાળો છે; યોગાદિક ઉપર તેનો લક્ષ નથી; આર્યસમાજ સાથેનો તથા તેના સ્થાપનાર સાથેનો સર્વે પ્રકા-રનો સંબંધ છોડીએ છીએ ને એ લોકને જાહેર કરીએ છીએ. (સમયની નોંધને માટે એક પ્રહસન રચાય તો ઠીક.)

સુધારાવાળા સનાતન આચાર વૃક્ષના દંડ ઉપર તો ઘા કરી શક્યા નહિ, માત્ર નાની ડાળી કાપવાને ઘા કરતાં ખખડાટ કરી તેઓએ કેટલાંક પત્ર વણસાડ્યાં. અનાર્ય વિચારના સ્વીકારમાં અનાર્ય ખાનપાનાદિકની લલુતામાં લોકને અનાર્ય કરવાનું કોડ દાખવ્યું.. પણ હવે કેટલાક હારી બેઠા છે ને કેટલાકો પાછા ફર્યા છે. અમુક કારણે અમુક આચાર છે એમ સ્પષ્ટ થશે તેઓ તેનો ત્યારે આદર કરશે. પોતાના આચારને પરકીય આચારથી સંરક્ષિત રાખવો, એ આર્યજનને કર્તવ્ય છે કેમકે ધર્મની પ્રવૃત્તિ મંડળના આચારથી જ સબળ રહે છે. બ્રહ્મસમાજે આર્યના "ओंकार तत् सत्" રાખ્યા પણ આચારને ખસેડી નવો ખ્રીસ્તી ઘણોક દાખલ કીધો; (અમણાં સાંભળ્યું છે કે સેનના ભક્તો એને હિંડોળામાં ઝુલાવે છે!) પ્રાર્થનાસમાજે જૂનો આચાર સમૂળો કાઢવાનું મત દેખાડેલું, પણ હવે તે ઘણોક તો રાખવો એમ મત ચલાવે છે. (પુનાની નિરાશ્રિત બાળકશાળા સ્વાધીન કીધી પણ તેઓનો લગ્નાદિક વહેવાર પોતાની સાથે રાખવાને ઇચ્છતી નથી!) પંડિત દયાનંદે પ્રથમ તો આચાર વિષે સુધારાનું મત દેખાડેલું ને પાળેલું—વર્ણભેદ ટળશે ને સૌ સાથે ભોજન કરવામાં બાધ નહિ ગણે; સ્નેહે ઐક્ય કરશે ત્યારે દેશોન્નતિ થશે; ચારે વર્ણને વેદાધ્યયન તથા વેદોક્તકર્મ એને માટે સરખો અધિકાર આપ્યો હતો—જોડા પેહરી સમાજમાંના શૂદ્રજન પણ વેદ ભણતા ને અંત્યેષ્ટિ કર્મમાં સામેલ રહેતા. આ વર્ષમાં તેણે વર્ણભેદ ન પાળનારા, માંસ મદિરામાં રાચનારા, ખ્રિસ્તી મુસલમાન સાથે ભોજન વહેવાર રાખવાને ઇચ્છનારા એવાઓનો જાહેર ભાષણે તિરસ્કાર કીધો છે; ગયા ચૈત્રમાં વર્ષોત્સવે કરેલાં હોમ કર્મમાં બ્રાહ્મણ પાસે જ આહુતિ અપાવી હતી ને બીજાઓને માત્ર સામગ્રીપૂરક રાખી સંતોષ્યા હતા.

૧૩. સત્યને મનુષ્ય સર્વે પૂજે છે. અદષ્ટ વિચારમાં પરમ સત્ય એક પરમેશ્વર છે, એમ સઘળા પ્રસાદધર્મે પ્રકાશિત કીધું છે; પણ લોકાંતર વિષયમાં ભક્તિધર્મ જ્ઞાન ધર્મથી જૂદા હોવાથી તે વિષયનું સત્ય જૂદું જૂદું છે; અને જ્ઞાનધર્મમાં પણ બુદ્ધિસત્વાંશના પ્રમાણમાં તત્ત્વદર્શન જૂદું જૂદું છે. દૃષ્ટ વિષયમાં ઇંદ્રિયગોચર પ્રત્યક્ષ તે સત્ય, એમ સર્વે મનુષ્ય માને છે તોપણ જ્ઞાનધર્મી જન તે સત્યને નિત્ય નથી માનતા—કેટલાક જણ તો સ્વપ્નના સત્ય સરખું માને છે; અને એમ છતે તેઓ આ સંસારના સત્યને અર્થે પણ સ્વધર્મ બુદ્ધિએ ઉત્તમ આચરણ રાખે છે. ધન સુત દારા માત પિતા કોઈ મરણ પછી સહાય થવાના નથી, કેવળ ધર્મ સહાય રહેવાનો છે. એ વૈરાગ્યરૂપ નિશ્ચય છતે તેઓ સંસારી અર્થ કામ વિષયમાં પણ



ઉત્તમ પ્રકારે લહાવો લેતા દેખાયા છે; જો કે અમણા તે વિષયમાં તેઓ ક્ષુદ્રપણે મોહિત ને સંસારી સુખના મૌડા થયા છે.

અમે ત્રણ પ્રકારની બુદ્ધિ વિષે ઘણુંક લખ્યું છે ને કહ્યું છે તેનું સ્મરણ કરાવી જણાવીએ છૈયે કે સત્વાંશ વિશેષવાળી, જ્ઞાનધર્મનો પ્રકાશ કરવાવાળી તે આર્યની છે, ને વૈરાગ્ય, ઇંદ્રિયોને જિતવી, સંતોષે ચિત્ત પ્રસન્ન રાખવું, દુઃખમાં ધૈર્ય તથા સ્વધર્મનું અનુષ્ઠાન વિશેષ કરતાં રહેવું, આદિ લક્ષણ સત્વબુદ્ધિનાં, તે જ ખરું ઉંચું જયસુખ આપશે—રજોગુણ તમોગુણવાળી બુદ્ધિ નહિ આપે. રજોતમોગુણ દબાય ત્યારે જ જાણવું કે, સત્વનો પ્રકાશ થયો, સત્વબુદ્ધિ સમજવી ને પછી તેને નિશ્ચયે વર્તવું, એથી જ સ્વધર્મનું ચોખ્ખું જ્ઞાન થશે.

સુધારાવાળાઓએ રજસ્તમસી નીતિનો બોધ કીધો તે ખોટો ઠર્યો છે. પ્રાર્થનાસમાજવાળા દક્ષણી વિદ્વાનો સારું અંગ્રેજી ભણેલા તે હજી પણ આર્યની સાત્વિક નીતિનાં કરતાં બૈબલની નીતિને અવશ્ય વખાણે છે. પશ્ચાત્તાપની નીતિ વૈરાગ્યદશાની પૂર્વે થવી જરૂરની છે પણ તે જ ઉત્તમ એમ રજસ્તમસી જ બોલે. સત્વગુણી તો પશ્ચાત્તાપ પામવા જેવું આચરણ કરશે નહિ, કરશે ને પસ્તાશે તો તરત જ વૈરાગ્યે ચઢી ફરી પસ્તાવા જેવું કરશે નહિ (રજોગુણી પસ્તાવો કરશે ને વળી પાછો નરસાં કર્મ કરશે.) ને કોઈ વળી જ્ઞાનને નિશ્ચયે ચઢી પૂર્વકૃતની શિક્ષા યોગ્ય થઈ એમ માની પસ્તાવો ન કરતાં પસ્તાવો થાય તેવાં સર્વે કર્મનો ત્યાગ કરી ફલેચ્છારહિત ઇશ્વરાર્પણ એવાં જ કર્મ કરશે. પંડિત દયાનંદ વૈરાગ્ય એટલે કુકર્મથી દૂર રહેવું એટલો જ અર્થ કરે છે. જે અર્થમાં વૈરાગ્યને લોક સમજે છે તે અર્થ નહિ; "ओम् शांतिः शांतिः" તે પણ સ્વસ્થતાના અર્થમાં વૈરાગ્ય તથા જ્ઞાનને સંસારનો ઉપશમ, ચિત્તની સંસારવાસના સમાઈ જવી એ અર્થમાં નહિ—તે બુદ્ધિના સત્વગુણને માનતા નથી. પૂર્વજન્મના કર્મની અસર બુદ્ધિ ઉપર નહિ પણ મન ઉપર છે એમ માને છે; સત્વગુણનું બળ જે ખરે ખરું મોટું છે, તે તેને મને કંઈ જ નથી, પણ શરીરમાં વીર્ય વધશે તો બુદ્ધિ વધારે બળવાળી થશે એમ શિક્ષા આપે છે; અર્થાત્ આત્માનું બળ યોગબળ—વૈરાગ્યબળ તે શરીરબળથી ઉતરતું છે એમ તે કહે છે. એ વિચાર જ્યાં સુધી તે ફેરવશે નહિ ત્યાં સુધી તે વેદધર્મનો કે કોઈ પણ બીજા પ્રસાદધર્મનો કે સદ્‌ગુણ વ્રતવાળા શિષ્ટોના માનવધર્મનો પણ બોધ કરવાને યોગ્ય નથી. સ્નેહબુદ્ધિએ કે અર્થબુદ્ધિએ કે કેવળ ધર્મબુદ્ધિએ કર્મ કરવું, એ ત્રણમાં કેઈ બુદ્ધિનું કાર્ય મોટું ઉત્તમ થાય? આર્યનો

ઉત્કર્ષ કરવાને શારીરબળ શ્રેષ્ઠ કહેનારો તે આર્યનો અપકર્ષ કરનારો છે. અમારે મતે. શારીરબળ કરતાં નીતિબળ શ્રેષ્ઠ, નીતિબળથી ધર્મબળ શ્રેષ્ઠ ને ધર્મબળથી જ્ઞાનયોગબળ શ્રેષ્ઠ છે અમારે મતે. પશુપક્ષીમાં બહુ બળ છતે દુબળો મનુષ્ય પોતાની બુદ્ધિને પ્રસાદે તેને વશ કરે છે ને યુદ્ધનાં સાધન રહિત જંગલીઓએ પોતાના જોસ્સાને બળે મોટાં રાજ્યોનો અંત સહેજમાં આણ્યો છે.

---

૧૪. જગદીશ્વરે ઉત્પત્તિ સ્થિતિ લય સંબંધી નિયમો કરીને જગતનો નિર્વાહ ચલાવ્યો છે; અને જીવજગતની સ્થિતિ વ્યવસ્થા વિષયમાં આ પણ એક નિયમ છે કે, પ્રભુ પોતે પણ વેળાએ કાર્ય કરવામાં સ્વેચ્છાએ ધૂમે ને અદ્‌ભૂત લીલા દાખવે. માયાવશ મનુષ્યજીવ ઇચ્છવે સ્વતંત્ર સ્વભાવ દેખાડે છે; વિશેષ શક્તિવાળા દેવતા વધારે સ્વતંત્રતા દાખવે છે ને વશમાયા આદિદેવ સગુણ ત્રીમૂર્તિ કે એમાંની એકેક તે "कर्तुमकर्तुमन्यथा कर्तुम्" (કરવા, નહિ કરવા, તથા ઉલટું કરવા.) પૂર્ણ સ્વતંત્ર છે. વૈદિક ધર્મની પ્રવૃત્તિમાં દેવતાનું સામર્થ્ય ન હોય તો કર્મમાર્ગ જૂઠો ઠરે; કર્મ ઉપાસના કરનારા છે તો તેનું ફળ આપવાવાળા દેવતા પણ છે. વેદનો સત્વસારરૂપ જે વેદાંત–જ્ઞાનબોધ, તેનો હેતુ વૈદિક કર્મનો લય બ્રહ્મમાં કરવાનો છે મુમુક્ષુને માટે; પણ લોકસમુદાયને માટે વેદના ધર્મકર્મ બુદ્ધિભેદે જૂદાં જૂદાં છે ને તે તેનાં ફળને માટે છે. પૂર્વના સંસ્કાર પ્રમાણે કાર્ય ઘડાવું એ નિયમ છે, પણ વળી એ નિયમને અનુસરતાં પણ કેટલીક રીતે નવાં જ કર્મ થવાં એ પણ નિયમ છે. ન્યાયાધીશ અપરાધીને યથાન્યાય દંડે પણ વળી જો દયાદિ ઔદાર્ય દાખવે તો અથવા પુણ્ય કરનારને જોઇએ તેથી વધારે પ્રસાદ આપે તો તેના ન્યાયને દૂષણ નથી. પૂર્વકર્મને લીધે કોઇને અંધાપો છે;–એ ઇશ્વરી નિયમે છે તો શું એને સારો કરવાનો ઉપાય ન કરવો કે તેને સહાય ન થવું? ઉપાય કરવા એ પણ નિયમ છે.

વેદાંતનું બ્રહ્મ અકર્મ છતે ચિદંશરૂપે પ્રકાશી જગતની વ્યવસ્થા રાખે છે; પણ પંડિત દયાનંદનો ઇશ્વર નિર્ગુણ ને વળી પૂર્ણ સગુણ છતે તે જીવના કામમાં પડતો નથી; સ્વતંત્રે લીલા ન દાખવનારો ને પ્રથમ ઇચ્છા કરેલી હોય કદાપિ પણ પછી ઇચ્છારહિત બેઠેલો છે. પ્રાર્થના સ્તુતિ કરાવે છે તે નિરર્થક છે અથવા સૂક્ષ્મ પદાર્થના સંયોગથી ઉત્પન્ન થતી સદ્‌ગુણશક્તિના સ્મરણઅભ્યાસથી સદ્‌ગુણ વધે તેટલામાટે. પંડિતનો પરમેશ્વર આત્મતત્વ છે કે કોઈ પદાર્થશક્તિ અતિ સૂક્ષ્મરૂપે છે તે વિષે નક્કી હવે પછી તે પોતે જ કરાવશે.



૧૫. ધર્મ તે શું? "આચાર, પ્રાયશ્ચિત્ત ને ન્યાય" એ ત્રણ મુખ્ય વિષયમાં જે શિક્ષા–શાસન તે ધર્મ" એ વ્યાખ્યા જૂદા જૂદા પ્રસાદધર્મના શિષ્ટો એકમતે માન્ય રાખશે. "वेदप्रतिपादितकर्मजन्यो धर्मः स्वर्गादिकसाधनम्" એ વ્યાખ્યા વેદધર્મને માટે છે. યમનિયમનું પાલન તે મનુષ્યના સામાન્ય ધર્મ છે–યમ દશ આ કે સત્ય, શૌચ, અહિંસા, અસ્તેય (ચોરી ન કરવી તે), બ્રહ્મચર્ય (કુંવારાનું ને પરણેલાનું), દયા, આર્જવ, ક્ષમા, ધૃતિ, મિતાહાર; અને નિયમ તે તપ, સંતોષ, આસ્તિક્ય, દાન, ઇશ્વરપૂજન, સિદ્ધાંતશ્રવણ, જપ, વ્રત, એ છે. ધર્મનું સત્વબળ તેને પાળનારાના વિશ્વાસ તથા શ્રદ્ધા ઉપર આધાર રાખે છે, એ પૂર્વે કહેલું જ છે.

કેવળ બુદ્ધિવાદ, દષ્ટવાદ, જડ ને ચૈતન્ય એ બેના ધર્મ સમાન હોવા જોઇએ એવો વાદ એ સહુ જે સામાન્ય સત્યનું પ્રતિપાદન કરે તે ઉપર ધર્મનો મૂળ પાયો હોવો જોઇએ, એમ સુધારાવાળાનું મત હતું ને હજી થોડાકનું છે ને તેઓ सत्यमेव जयते લખે છે તે ઉપર કહ્યાં તેવાં સત્યને માટે. એ ધોરણે જગદીશ્વર વિષયમાં દષ્ટિ પહોંચી તે પ્રમાણે તેઓ તેની કૃપાપ્રસાદીને અર્થે હૃદયના ભાવને આગળ પાડે છે; અને એ ભાવ પ્રાર્થનાસમાજમાંના કેટલાકનો સાચો છે એ અમે સાચું માનીએ છિયે. પણ પંડિત દયાનંદ કહે છે કે, ધર્મનું મુખ્યતત્વ ન્યાય* છે. એ, તે પોતે માનેલાં પ્રત્યક્ષાદિ આઠ પ્રમાણ પ્રમાણે સિદ્ધ કયારે કરશે? એ પંડિતે પહેલી વાર તો વેદની સંહિતાને જ માનવી ને મૂર્તિપૂજન ન કરવું, એ બોધ આગળ પાડ્યા હતા અને આ વેળા અહિંસાનો બોધ આગળ પાડે છે. કોઈ પ્રાણીને

---

* એ વ્યાખ્યા શું એક દેશી નથી? માનવધર્મને માટે પણ ન્યાયકરતાં શું સત્ય આગળ પડવા યોગ્ય નથી? બુદ્ધિનો સત્વભેદ પંડિત માનતા નથી તો તેનો ન્યાય રાજસી કે તામસી કેવો સમજવો? તેનો દેવ તો કટ્ટો ન્યાયકારી છે–કૃપા કરી ભક્તનું દુઃખ કાપે તેવો નહિ; પણ 'બચ્ચા કીધું માટે ભોગવ' એમ કહેનારો છે, પણ વળી મને જોયાં કર, ઠીક ઠીક થશે!

યૂરોપસ્થ પંડિતનાં મત જુઓ "દેવ કે ઈશ્વર કોઈ છે જ નહિ;" "ધર્મ એટલે પૂર્ણ પરાધીનતા;" "પરાધીનતા જોડે લોભ પણ ખરો;" "અહંભાવ વિના ધર્મ હોય નહિ;" "ધર્મ એ પવિત્ર રોગ છે;" "ઇન્દ્રિયો ને બુદ્ધિ એ બેથી થયેલી ક્રિયાનું પરિણામ." થોડા પણ વિનય રાખવાવાળા આમ કહે છે: "વ્યવહારોપયોગી નીતિ તે ધર્મ;" "શુદ્ધસુનીતિ તે ધર્મ" "સંપૂર્ણ સ્વાધીનતા તે ધર્મ" એથી ચઢીઆતા આમ કહે છે: "અંતઃકરણની ગુપ્ત પ્રાર્થના તે ધર્મ;" અનંતને ઓળખવાની શ્રદ્ધા તે ધર્મ;" "કોઈ સર્વોપરી શક્તિ પ્રતિ જે કર્તવ્યતા તે;" મહાશક્તિ દુઃખદાયી રાક્ષસી હોય પણ તેવી નહિ, તે નિર્મળ ને કૃપાળ હોવી જોઇએ." ઇત્યાદિ

દુઃખ ન કરવું એ સામાન્ય શિક્ષા સર્વે લોકને માન્ય છે; પણ ગૌવૃષભ જે અતિ ઉપયોગી તેની હત્યા કરવી એ મોટું પાપ છે એમ તે કહે છે. યજ્ઞકર્મમાં પશુની હિંસા તે હિંસા નથી ને વિના પ્રયોજન પ્રાણીને દુઃખ દેવું તે હિંસા છે, એ વેદોક્ત ધર્મશિક્ષા છે અને યજ્ઞમાં કે કોઇપણ પ્રયોજને કોઈપણ જીવને મારવો એ મોટું પાપ છે એમ જૈન ધર્મની શિક્ષા છે; પણ પંડિતની અહિંસા તે આ લોકના જ અર્થ સંબંધી છે, પરલોક વિષય તેનો ઉદ્દેશ નથી. પૂર્વકાળમાં યજ્ઞમાં પશુવધ નહોતો ને લોક માંસભક્ષણ નહોતા કરતા એમ તેનું આ વેળા કહેવું છે. માંસ ક્ષત્રીઓ ખાતા એવું ને તેથી શરીરબળ વધે એવું તેઓનું બોલવું હતું.

૧૬. બીજા ધર્મમાં ઈશ્વરપ્રતિ આચારપૂર્વક ભક્તિનું અર્પણ અને માનવપ્રતિ સદાચરણ એ કર્મ પ્રધાનપણે છે; પણ વેદોક્ત ધર્મમાં એ કર્મ સાધનરૂપે છે-પ્રધાનબોધ પરમેશ્વરની ઓળખનો છે;—ચિત્તશુદ્ધિ વિના પરમાત્માનું સ્વરૂપજ્ઞાન પમાય નહિ માટે ધર્મકર્મ છે. સ્વરૂપનાં નિરૂપણનો વિષય સમજવાને થોડાક જણ અધિકારી હોય ને તેઓને માટે વેદનો ઉપનિષદ્કાંડ છે; પણ લોકસમુદાયને* કર્મઉપાસનાનો બોધ છે-આ વિહિત ને તે નિષિદ્ધ; આટલાં નિત્ય ને આવાં નૈમિત્તિક કે કામ્ય. કર્મ વર્ણાશ્રમભેદે† કરવાનાં ને વળી કેટલાંક સામાન્ય તે સર્વને માટે છે. અધિકાર ને પદ્ધતિ એને અનુસરી કર્મ કરવાં, એ વેદધર્મની અવશ્ય વ્યવસ્થા છે.

૧૭. કર્મ પ્રમાણે સ્થિતિ-કુળ. પૂર્વ જન્મનાં ઊંચા કૃત્યોથી આ જન્મે ઊંચા કુળમાં જન્મ. (પાપપુણ્યના અંશ પ્રમાણે પૃથ્વીઆદિતત્વોએ ઘડાયલી દેહે.) જે વિચારે ઊંચી સંસારી સ્થિતિના પુરુષ હલકી સ્થિતિવાળા સાથે સહવાસ કે ભોજનવહેવાર નથી રાખતા તેજ વિચારે-જન્માંતરનાં કર્મથી પ્રાપ્ત થયલી જાતિસ્થિતિને વિચારે આર્ય તે ઘેડાને અડકવાથી પોતાને અભડાયો સમજે છે; એકમાં સુઘડતા ને બીજામાં પવિત્રાઈ તથા

* કેવળ ઈશ્વરાર્પણ એ ભાવે જ કરવાનાં નિત્ય કર્મ; પરલોક તથા આ લોક સંબંધી કલ્યાણને માટે દેવતાનો પ્રસાદ મેળવવાને નૈમિત્તિક કે કામ્ય કર્મ; કેવળ આ સંસારી અર્થકામનું શાસ્ત્રજ્ઞાન તથા કર્મકૌશલ્ય;-એ સર્વેને માટે વેદધર્મમાં શિક્ષા છે—સંહિતામાં, બ્રાહ્મણમાં, વેદાંગમાં; શ્રૌતસૂત્ર ને ગૃહ્યસૂત્રમાં, સ્મૃતિ ને પુરાણમાં.

† યૂરોપીઅન પંડિતોનું મત કે જાતિભેદરૂપી બંધનને બૌદ્ધ ધર્મે તોડી સૌ લોકને સમાન હક આપ્યા, એ મોટો સુધારો કીધો; પણ કૂઝો એણે લખ્યું છે કે 'બૌદ્ધધર્મથી વર્ણવ્યવસ્થા તુટીને આર્ય પડ્યા.' અમે કહીશું કે રોમન લોકે કુળવ્યવસ્થા રાખી હતી ને પરદેશીને પોતાનામાં ભેળ્યા નહોતા ત્યાં સૂધી તે ખરા રોમન હતા; તેમ બૌદ્ધધર્મની પહેલાના આર્ય તેજ ઉત્તમ હતા.



સુઘડતા છે. ત્યાગી કે જ્ઞાની આર્યને ઘેડા સાથે ભોજનનો બાધ નથી; સંસારીને પણ આપત્તિમાં બાધ નથી. (પછી તે પ્રાયશ્ચિત્તે શુદ્ધ થાય.) વળી બ્રાહ્મણ ને ઘેડો બેઉને પ્રભુપ્રાપ્તિને માટે તથા સંસારી સ્થિતિ સારી કરવાને હક છે પણ ઈશ્વરે બાંધી આપેલે નિયમે કે તેઓએ પોતપોતાની જ્ઞાતિના ધર્મ આચરવા; ભીલમાં કોઈ બ્રાહ્મણ બુદ્ધિનો હોય ને બ્રાહ્મણમાં થોડાક ભીલની બુદ્ધિના હોય તોપણ પારલોક તથા આલૌકિક વ્યવસ્થામાં બ્રાહ્મણ ઊંચો ને ભીલ નીચો એ જ ખરું છે. બ્રાહ્મણ કોળી સર્વે મનુષ્યરૂપે સંસારી યોગ્યતાને માટે સરખો હક ધરાવે છે એ વિચાર ખોટો છે. પરલોક સંબંધી ગતિ સારી કરવામાં મિશ્ર વહેવારથી બગાડો ન કરવે અને જે જાતિઓ પરસ્પર વહેવાર રાખવાને યોગ્ય હોય, તે જાતિઓએ કુળમોટપના મમતમાં વહેવાર ટુંકડો કરી દેશની સ્થિતિ બગાડવી નહિ.

૧૮. પ્રભુ પોતાને કરેલે નિયમે તથા વળી સ્વેચ્છાએ જીવમાત્રનો નિર્વાહ ચલાવે છેજ, એ વિચારને ખરેખરો માનવાવાળા જેવા તથા જેટલા મુસલમાન લોક તેવા બીજા નથી; પણ એ સાત્વિક વિચારને અનુસરતો સાત્વિક બુદ્ધિનો જે પ્રયત્ન તે તે મંડળમાં નથી. આપણામાં તેવી બુદ્ધિનો અંકુર ઘણામાં છતે તે સાત્વિક વિચાર ઉપરથી અમણા ઘણાનો વિશ્વાસ ઉઠી ગયો છે તેથી પ્રયત્ન પણ નથી. નિષ્કામ કર્મ કરવું એવી બુદ્ધિ થવી ને તે નિશ્ચય થવી એ બ્રહ્મજ્ઞાનને માટે ઉત્તમ ઉપાય છે, તેમ સંસારી જસને માટે પણ છે-મારે કર્તવ્ય છે (મારી ફરજ છે) માટે હું કરીશજ, એ નિશ્ચયબુદ્ધિનો ઉદ્યોગ મોલા મૂલનો છે.

૧૯. કામ્યકર્મની સિદ્ધિ, ચિત્તશુદ્ધિ ને મંત્રશુદ્ધિ ને દ્રવ્યસામગ્રીની શુદ્ધિ એ ત્રણ ઉપર આધાર રાખે છે; શુદ્ધિનો અવશ્ય વિચાર છે પછી ઉદ્દેશ પરલોક કે આ લોક સંબંધી હોય. એવી રીતે દેવતાનું અનુષ્ઠાન માંડે કે પછી ચિત્તની ખંત, યુક્તિક્રિયાની કુશળતા ને સાધનની પૂરી અનુકૂળતા એ શક્તિના અવશ્ય વિચારથી સંસારી કર્મ કરે તેને સિદ્ધિ થાય. ચિત્તશુદ્ધિનું તેજબળ કર્મશક્તિનાં બાહ્યબળને ચૂર્ણ કરે તેવું છે. માટે પહેલીને પ્રધાન રાખી બીજીને ઉપયોગમાં લેતાં કાર્ય સિદ્ધિ કરવી. જ્ઞાન ને ક્રિયા, શુદ્ધિ ને શ્રદ્ધા, નિશ્ચય ને નિયમ એ મહાસિદ્ધિ આણનારાં યોગસાધન છે.

૨૦. વેદધર્મે ત્રણ સ્વરૂપ દાખવ્યાં છે. પહેલું કેવળ શુદ્ધ હતું. ઉપવીતસંસ્કારે દ્વિજરૂપ ઐક્યમાં બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય પોતપોતાનાં કર્મથી બેઉ લોકનાં કલ્યાણ સાધતા. રોટીબેટીના વહેવારમાં કરડા પ્રતિબંધ જેવું

કાંઈ નહોતું. ધર્મકર્મ ઉપર સૌની નિષ્ઠા હતી ને સંસારકર્મમાં સર્વે કુશળ હતા. ઘેરેઘેર અગ્નિહોત્ર હતાં—સવારસાંજ આહુતિઓ અપાતી ને કામ્યકર્મ પણ યજ્ઞદ્વારા વિશેષે હતાં. સાત્વિક તે પશુયજ્ઞ નહોતા કરતા, રાજસી પુરોહિત બ્રાહ્મણ તે ને ક્ષત્રીઓ તે કરતા. દ્વિજમંડળમાં યજ્ઞશાળાઓ હતી, દેવસ્થાન નહોતાં (શૂદ્ર લોકમાં કોઈ કોઈ ખરાં). કોઈ વળી જ્ઞાનચર્ચા કરતા કે તપશ્ચર્યા કરતા કે થોડી વારને માટે કરેલી મૂર્તિદ્વારા ઇષ્ટ દેવતાની ઉપાસના કરતા પણ સઘળા જ વેદ પાઠ કરતા.

૨૧. મહાભારતના યુદ્ધ પછી ઓછામાં ઓછાં હજારેક વર્ષ* તો લોકમાં યજ્ઞકર્મ ખરાં. મોટા રાજા નહિ, મોટી સમૃદ્ધિ નહિ; પરદેશીઓએ થાણાં ઘાલ્યાં હતાં; અનેક બૌદ્ધ મત ફેલાયાં હતાં—એ સ્થિતિમાં વેદધર્મી લોક યજ્ઞકર્મ બંધ કરી પુરાણોક્ત તથા તંત્રોક્ત દેવતાની ઉપાસના કરતા થયા. કર્મનો અધિષ્ઠાતા બ્રહ્મા તે માત્ર બ્રાહ્મણના વૈદિક કર્મમાં રહ્યો પણ લોકમાં વેદોક્ત દેવતાનાં નામ બદલાયાં તથા કેટલાંક નવાં યોજાયાં. બૌદ્ધ ધર્મના પ્રસારથી બ્રાહ્મણધર્મ નિસ્તેજ દબાઈ રહ્યો પણ વળી વિક્રમના પહેલા સૈકા ઉપર તે ઉદ્યમમાં આવ્યો અને રજપૂત રાજ્યોએ બૌદ્ધધર્મી રાજ્યોને તોડ્યાં. બૌદ્ધ લોકે સ્તૂપ ને દહેરાં ઘણાંક બાંધ્યાં હતાં.

૨૨. શંકરાચાર્યના કાળથી તે અમણા સુધીનું તે ધર્મનું ત્રીજું સ્વરૂપ જાણવું. બ્રાહ્મણ વર્ણ. બીજી કેટલીક ઉંચ વર્ણ ને ઉતરતી વર્ણ એ વિભાગે લોક ધર્મકર્મ પાળે છે. રોટી બેટી વહેવારની બંધી છે—ન્યાતો ઘણી વધી ગઈ છે. સર્વે પ્રજા એક નિર્ગુણ પરમેશ્વર છે એની ઓછી વધતી જાણ સાથે સગુણ શિવ કે વિષ્ણુ કે એના અવતારને ઉપાસે છે. બ્રાહ્મણો કેટલાક શૈવ સ્માર્ત ને કેટલાક બ્રાહ્મણ તથા બીજા ઊંચી વર્ણના તે વૈષ્ણવ પુરાણોક્ત સંપ્રદાય માનનારા છે અને ઉતરતી વર્ણ તથા ત્યાગી વર્ગ તે નિર્ગુણનું સ્મરણ કે પોતપોતાના દેવની પૂજાસેવા કરે છે. ઊંચી વર્ણના શૈવ વૈષ્ણવ તે વેદના ભાષ્યકાર આચાર્યોએ ચલાવેલા સંપ્રદાયને માને છે ને ઉતરતી વર્ણના તે સુજાણ જ્ઞાની કે ભક્તને ગુરુરૂપે ભજે છે. શૈવસંપ્રદાય શંકરાચાર્યનો આપેલો ને વૈષ્ણવ તે રામાનુજ, મધ્વ, વલ્લભ એઓના; પંથ તે રામાનંદનો, કબીરનો, નાનકનો, ચૈતનનો, સ્વા-

* યુદ્ધ પછી હસ્તિનાપુરમાં યુધિષ્ઠિરે ૩૬, પરીક્ષિતે ૬૦, જન્મેજયે ૮૪ ને શતાનીકે ૮૨ વર્ષ રાજ્ય કીધું. ઇંદ્રપ્રસ્થમાં વજ્રનાભની પેઢી પચ્ચીસ તીસ ક્ષેમક સુધી હતી અને મગધમાં સહદેવથી ૩૫ મો અજાતશત્રુ તે ગૌતમ બુદ્ધના સમયમાં હતો તે બૌદ્ધ થયો હતો.



મીનારાયણનો ઇત્યાદિ. ભક્તિમાર્ગ પ્રધાન છે; લોકમાં દેવદહેરાં છે; મૂર્તિપૂજન સર્વત્ર છે; આચાર છે; સૂતક પળાય છે; શ્રાદ્ધ થાય છે; બ્રાહ્મણ ધર્મશિક્ષકરૂપે પૂજ્ય ગણાય છે અને ભોજન કરાવવાને કે દાન આપવાને પાત્ર મનાય છે.

૨૩. વેદોક્ત કર્મ બે પ્રકારનાં. સ્વર્ગાદિ પરલોકમાં તથા આ લોકમાં સુખ તથા ઉત્તરોત્તર વૃદ્ધિ કરનારાં તે પ્રવૃત્ત;—પણ એથી વારેવારે અનેક દેહે જન્મ લેવો પડે છે; અને મોક્ષ એટલે કોઈ કાળે જન્મ લેવો ન પડે, તેને માટે જે કર્મ તે નિવૃત્ત—જ્ઞાનપૂર્વક જે નિષ્કામ કર્મ તે. મન વાણી કાયાથી થયેલાં કર્મનાં ફળ સુખ દુઃખદાયક તે ઉત્તમ મધ્યમ તથા અધમ હોઇને પાપ પુણ્ય પ્રમાણે કોઈપણ પરલોકમાં કે આ લોકમાં—મનુષ્ય કે પશુ પક્ષી કીટ કે ઉદ્ભિજ્જ પાષાણ એવા દેહને આપનારાં થાય છે. શુભાશુભ ક પ્રમાણે જીવ મરણ પછી લિંગદેહ પ્રથમ કેવી સ્થિતિમાં, પછી સ્થૂલ દેહે અમુક લોકમાં કેવી સ્થિતિમાં એ વિષે, અને પરમાત્મા, ભૂતાત્મા, પંચમહાભૂત એનો પરસ્પર સંબંધ, એ વિષે બહુ બહુ જ્ઞાન વેદધર્મમાં છે.

૨૪. લગ્ન ઉંચી વર્ણમાં માબાપના સપિંડમાં કે સગોત્રમાં કરવાં નહિ. કન્યાદાને લગ્ન કરવાનો પ્રકાર અતિધર્મ્ય; સ્ત્રીપુરુષે સાથે રહી ધર્માચરણ કરવું, પુત્રે પોતાના ધર્મકૃત્યથી પૂર્વજને તથા પોતાની સંતતિની સારી ગતિ સ્થિતિ કરવી;—એ હેતુ વિધાન આર્યલગ્નનાં છે. લગ્નના પ્રકાર, લગ્ન કરવાને યોગ્ય કુળ, સધવા વિધવા સ્ત્રીઓના ધર્મ, એ વિષે કાળે કાળે બહુ લખાયું છે. ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં. સ્ત્રીની સ્થિતિ યોગ્યતા પુરુષથી ઉતરતી છે; સ્ત્રી તે પુરુષનું વામાંગ.

૨૫. પૂર્વજન્મનાં કોઈ મોટાં પુણ્યથી રાજપદ પ્રાપ્ત થાય છે. રાજામાં ઇંદ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ચંદ્ર ને કુબેર એ દેવતાના સારભૂત અંશ હોય છે. માટે પ્રજાએ તેની અવજ્ઞા કરવી નહિ. પ્રજાનું સંરક્ષણ કરવું, એ રાજાનો અવશ્ય ધર્મ છે.* લોભાદિકારણે અવિચારે રાજા વર્તે તો પ્રજાનો નાશ થાય; રાજા અન્યાય અપહરણ એ આદિ અધર્મથી ને પ્રજાના કોપથી નાશ પામે.† અરાજ્યમાં પ્રજાને સુખ નહી માટે રાજા જોઇયે ને કુરાજ્યમાં પ્રજાને સુખ નહી માટે સુરાજ્ય જ જોઇયે.

* "હે રાજા! જો તું પૃથ્વીરૂપી ધેનુનું દુધ કાઢવા ઇચ્છે છે તો વત્સ પ્રમાણે લોકનું પોષણ પાલણ કર;—એ સારી પેઠે સંતુષ્ટ થયેથી પૃથ્વી કલ્પલતા પ્રમાણે નાના પ્રકારનાં ફળે કરીને તને સર્વકાળ ફળ આપ્યા કરશે." (ભર્તૃહરિ.)

† "વેન, નહુશ, સુદાસ નામનો યવન રાજા, સુમુખ, નિમિ રાજા એ અવિનયે નાશ પામ્યા." (મનુ.)

૨૬. ઉદ્દેશ પારલૌકિક છે, તે સ્પષ્ટ દેખાડવાને, બુદ્ધિ સંશયી મલિન છે તેને સંશય રહિત નિર્મળ કરવાને,–આર્ય પ્રજાને સમાજોના નાસ્તિક દાંભિક પાખંડી મતોથી સાવધ રાખવાને તથા પરદેશી વિચાર ઉપરથી મોહ ખસેડી પોતાના જ સત્ય છે એવો દૃઢ વિશ્વાસ કરવાને–વળી સમાજવાળામાંના વિચારશીલ સત્યશોધક એવા તે પણ પૂર્વજના સત્યાર્થ સિદ્ધાંત સમજી પોતાનું મમત્વ મૂકે તેને માટે અમે લખાણને લંબાવી મુખ્ય મુખ્ય વિચારને આગળ પાડી દેખાડ્યા. વેદોક્ત ધર્મ તે મનુષ્યનો માત્ર સામાન્ય ધર્મ નથી, બીજા બધા સ્થાપિત ધર્મથી જૂદો છે, ભક્તિ–કર્મ પ્રધાન ધર્મથી ને બૌદ્ધ જૈનના જ્ઞાન ધર્મથી પણ જૂદો છે,–તે જ્ઞાનપ્રધાન પ્રસાદ ધર્મ છે ને કાળે કાળે તેનાં જુદાં બાહ્ય સ્વરૂપ છતે પોતાનું સનાતન નિત્ય સ્વરૂપ વસ્તુતઃ રાખી રહ્યો છે. બીજા સર્વે ધર્મનો સમાસ પોતાનામાં કરી શકે એવી તેની વ્યવસ્થા છે. એક જ દેશની સત્તર કરોડ જેટલી પ્રજા તેને માને છે, એ તેની મોટી આજે પણ સત્તા છે.

૨૭. પોતીકા ધર્મના વિચાર જાણી લેવાની ને પરાયા વિચારનું ખરું બળ સમજવાની સ્પૃહા ન રાખતાં પરાયું જ ઉત્તમ છે એમ માની બેઠેલી અને વેદ ને જન્માંતર ને જાતિભેદ વગેરેને ન માનનારી સમાજ વિષે (તેને દંભ નથી માટે) અમે આમ બોલીશું કે પૂર્વના કોઈ જન્મનું કોઈ સુકૃત આડે આવી તે લોકની મોહ મમતે જડ થયેલી બુદ્ધિ પશ્ચાત્તાપે ફરે ને તેઓ પાછા વેદધર્મની જ આણમાં પોતાનું ખરું કલ્યાણ ખોળે.

'અમણાના આર્યનો ધર્મ તે વેદોક્ત નથી ને હું જ જે બોધું છું તે જ વેદનો ખરો ધર્મ હતો ને તે જ પાછો સહુએ પાળવો' એમ અભિમાન ધરનારી બહુબોલી સમાજે પોતાના અભિમાનની પૂર્ણોન્નતિ યથેચ્છ ગર્જને ને પ્રપંચે ભજવવી;–કે જેથી તેનું વેશધારીપણું, હિતશત્રુપણું, અનાર્યપણું તે આર્ય સમસ્તના જાણવામાં અધુરું છે તે પૂરું આવે ને તે પોતે પોતાને માટે પણ નિરભિમાનનાં ધર્માચરણમાં પોતાનું ખરું કલ્યાણ ખોળે.

નિઃસંદેહ વેદધર્મનો ધ્વજ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ એ શબ્દોમાં વેદનું સર્વસ્વ દેખાડે છે ને પંડિત દયાનંદ પણ તે જ ભણે છે પણ સમજ, બ્રાહ્મણ પંડિતોની ઉત્તરધ્રુવ ભણી છે તો પંડિત દયાનંદની દક્ષિણ ધ્રુવ ભણી છે. એ બે સમજ ખુલ્લી થયેથી સાધારણ બુદ્ધિનો કોઈપણ જાત ધર્મનો મનુષ્ય આટલું તો કહેશે જ કે, પંડિત દયાનંદ જેને વેદધર્મ કહે છે તેવો તો તે ન હોવો જોઇયે. એ પંડિત જન્માંતર છે એમ કહે છે, પણ સૂર્યચંદ્રાદિ ગોળમાં કોઈ જીવ વસતા હશે કે? એનો ઉત્તર કે 'કુછભી હોગા;' દેવ પિતરના



અસ્તિત્વની સાફ નાજ; જન્માંતરોમાં મનુષ્યયોનિ જ સર્વોત્તમ હોય તેવું દેખાડ્યાં કરે (પરધર્મી વિચાર); એક જન્મની બીજા ઉપર અસર કહે માત્ર, પણ વળી પ્રારબ્ધ ભોગ ખોટા જ કહે (પુરુષાર્થ ઉદ્યોગનો બોધ ઢીલો પડશે એવી બીકે); વેદધર્મની વ્યવસ્થા બીજા ધર્મની વ્યવસ્થા જેવી રખાવે; વેદના જ્ઞાનધર્મને ભક્તિ કર્મ ધર્મમાં ઉતારી પાડે; બુદ્ધિના સત્વ ભેદને માને જ નહિ; ઇત્યાદિ ઇત્યાદિ ઇત્યાદિ.

---

૨૮. મૂર્ત્તિપૂજા સૈંકડો વર્ષ થયાં સ્થાપિત થયલી, તેને દેશમાંથી કાઢી નાખવાને જે કંઈ બોલાય છે તે સમજ વિનાનું છે. જ્ઞાનધર્મ–વેદધર્મમાં કર્મ માત્ર ગૌણ છે તો કર્મનો એક પ્રકાર મૂર્ત્તિપૂજા તે પણ ગૌણ છે; મૂર્ત્તિપૂજાથી ભક્તિને બોધનારાં પુરાણ પણ તેને તેમ જ કહે છે; મૂર્ત્તિપૂજા ન કરેથી કોઈ આર્ય સ્વધર્મથી પતિત થતો નથી ને તે કરેથી મોક્ષ પણ પામતો નથી; વળી પંથવાળા લોકોનો કેટલોક ભાગ મૂર્ત્તિપૂજક નથી, શૈવસંપ્રદાયના તે બીજાં કર્મની સાથે તે રાખે છે, વૈષ્ણવ સંપ્રદાયના બ્રાહ્મણ પણ તેમ, માત્ર એ સંપ્રદાયના સચ્છૂદ્ર તથા શૂદ્ર તે અવશ્ય પાળે છે; અર્થાત્ તે કર્મ આર્ય સમસ્તનું નથી; તોપણ વળી તે, ધર્મ કર્મ વિષયમાં આર્ય સમસ્તનો સ્થાપિત માન્ય માર્ગ કહેવાય, જેમ પહેલા યુગોમાં યજ્ઞનો હતો તેમ.

કાળ કાળનાં ધર્મ કર્મ જુદાં છતે તે વેદોક્ત જ છે; કેમ કે સર્વેનો ઉદ્દેશ ચિત્ત શુદ્ધિદ્વારા જ્ઞાન પામવાનો છે; સર્વેમાં વેદનાં સામાન્ય તત્વ હોય છે જ; વેદાંતી શંકરે પણ મૂર્ત્તિપૂજનને ઉત્તેજન આપ્યું–દ્વિજ વર્ગ તૂટેલા, બૌદ્ધ ધર્મના પ્રસારથી વેદોક્ત કર્મ ઉપરથી લોકનો ભાવ ઘટેલો; બૌદ્ધનાં કર્મ માનતા થયેલા, ઉપાસનાની જાળ વધી ગયેલી એ સ્થિતિ જોઈ, કર્મને ઠામે ભક્તિ અને યજ્ઞને ઠામે મૂર્ત્તિ પૂજા એ રાખ્યાં. સંધ્યાદિક, વૈશ્વદેવ હોમ–સ્વાધ્યાય, તપ, જપ, ધ્યાન ધારણા, પાઠ પૂજા, વ્રત, તીર્થ, દાન, સિદ્ધાંતશ્રવણ, ચરિત્રશ્રવણ, સત્સંગ, વૈરાગ્ય પાલણ એ સઘળામાં લોકની અધિકાર સ્થિતિ જોતાં સામાન્યતઃ આર્યનું ઐક્ય રાખવાને પ્રશસ્ત કર્મ યજ્ઞને અભાવે મૂર્ત્તિપૂજન વિના બીજું કોઈ નથી.

એ વિષય ઉપર ચર્ચા ચલાવવી ને વળી વિષમ કાળમાં એ મૂર્ખાઈ છે. એ વિષયમાં સુધારો કરવો, એ વિષય ફેરવવો એની પહેલાં ઉપદેશકની ને લોકની સ્વધર્મ ઉપર આસ્થા થવી જોઇયે ને પછી યોગ્ય સમયે તેની ચર્ચા થવી. વેદની સંહિતામાંના મંત્રમાં મૂર્ત્તિપૂજનના આશય છે, ને વૈદિક કર્મમાં કેટલેક ઠેકાણે તે ખુલ્લા પડે છે, એ વિષે કોઈ પ્રસંગે વળી બોલાશે.

આર્યલોક ભક્તિપ્રધાનધર્મ માનતા હોય ને તેમાં પ્રધાન કર્મ મૂર્ત્તિપૂજનનું હોય તોપણ તેઓને હાનિ નહિ—યૂરોપમાં ફ્રાન્સ, સ્પેન, આસ્ત્રિયા, ઇટલી ને બીજાં કેટલાંક રાજ્ય કાથલિક ખ્રિસ્તી હોઇને પોતાની રુચિના ઉંચા સુધારા કરે છે જ.

પંડિત દયાનંદ જે ઉચ્છેદક સુધારાને વેદધર્મનું રૂપ આપે, વેદના દેવતાને ન માને, અધિકારપરત્વે ધર્મબોધ ન માને તે મૂર્ત્તિને કેમ માને? પણ પૃચ્છા નિકળે કે પદાર્થવિદ્યાનાં શોધકાર્ય અમણાં છે તે બધાં વેદમાં કહેલાં છે એમ તે કહે છે તો મૂર્ત્તિપૂજાનો વિષય વેદમાં કેમ નહિ? પછી ખંડને કે મંડને? વળી મૂર્ત્તિપૂજા નહિ ત્યારે બીજા કર્મની ચેષ્ટા શા માટે? ગ્યાસ—પાણી—બરફ એ ત્રણ સ્થિતિ જળની; માનસિક, વાચિક, કાયિક એ ત્રણ પ્રકાર કર્મના; તેમ સંકલ્પસ્ફૂરણ, છાયાસ્વરૂપ ને પ્રગટસ્વરૂપ કેમ નહિ? આત્મતત્વ ને યોગ ન માને તે તે પણ ન માને. ઈશ્વરનું સર્વવ્યાપીપણું, મંત્રદૈવત ને પ્રાણપ્રતિષ્ઠા, ભક્તિભાવનાની સિદ્ધિ માને તે મૂર્ત્તિપૂજાને ખોટી નહિ કહે. જપધ્યાનની પૂર્વેકર્મ—મૂર્ત્તિપૂજન અવશ્ય સાધન છે ઘણાકને મતે.

જ્યોતિર્લિંગ રૂપ શિવ, લક્ષ્મી સાથે સાયુધ ઉભેલો વિષ્ણુ, સાયુધ ઉભેલી દેવી, બેઠેલી બૌધ જૈન મૂર્ત્તિ, સુરૂપ કુરૂપ મૂર્ત્તિ એ વિષય પણ નિબંધરૂપે લખાવો યોગ્ય છે.

૨૯. પવિત્રાઈ તથા સ્વચ્છતાથી આરોગ્ય સંબંધી મોટો સુધારો આર્ય પોતાનો રાખી રહ્યો છેજ. જ્ઞાતિવિષયમાં ઘણાંક કારણથી પ્રતિબંધ થયેલા તેમાં ફેરફાર કેટલોક થવો જોઇએ; પણ વળી પરધર્મીના સહવાસથી કેટલો બગાડો થાય છે.* તેનો અને ધર્મકર્મ તથા ધંધાપરત્વે જે મર્યાદાભેદ રાખવો જોઇયે, તેનો પણ ઘટતો વિચાર થવો જોઇયે. આપદ્ધર્મ છેજ; પેશવાઇમાં બ્રાહ્મણે મુસલમાન સાથે રહી મુસલમાન ને ખ્રિસ્તી સામાં લડાઇયો કીધી છે; આજે પણ ઉત્તર હિંદુસ્તાનના બ્રાહ્મણ ક્ષત્રી બ્રિટિશ સરકારની જાતિઓના ભેળવાળી ફોજમાં છે ને યૂરોપ આફ્રિકા જઈ લડાઇયો કરે છે પણ તેઓએ પોતાનો આચાર છોડ્યો નથી; ઉદ્યોગને અર્થે પરદેશ જવાની બંધી નથી—હાલ અમુક અમુકને દુઃખ પડે છે તેનાં કારણ જુદાં છે. અભક્ષ્યાભક્ષ્ય વિષે ને ધર્મકર્મ કરવાને બહાર પણ શુચિ રાખવી, એ વિષે સર્વે આર્ય સાવધ રહેશે.

૩૦. માતપિતાના ઋણમાંથી છૂટવાને બહુ જન્મ લાગે એટલું તેઓએ વેઠેલું હોય છે—આજકાલ છોકરાઓ પોતાનો ધર્મ છેક જ ઉલ્લંઘન કરે છે,

* એ આપણે સારીપેઠે જાણ્યું છે કે, હવે સુધારાવાળાના પરધર્મી વિચારથી કેટલો બગાડો થયો છે તે. પરાયા વિચારે લોકને સંશયી ભ્રમિષ્ટ કીધા છે તેને પાછા ઠેકાણે આણવાને કેટલો શ્રમ પહોંચે છે અને મોહને ઠામે ધિક્કાર આણાવતાં કેટલી વાર લાગશે?—એમ થયા વિના સ્વધર્મનું તેજબળ વધનારું નથી. (એ વિષયમાં પૂર્વજોની કેવી પુખ્ત બુદ્ધિ!)



એ આર્યકુળમાં જન્મ લીધાનું સાર્થક નથી—ઘટિત કે અઘટિત આજ્ઞા માબાપની છોકરાંએ પાળવી જ—પરશુરામ, રામ, યુધિષ્ઠિરનું સ્મરણ કરીને. લગ્નવિષયમાં સુધારાવાળા કહે છે કે, બાળલગ્ન કરવાથી પ્રજોત્પત્તિ બળવાન્ થતી નથી. અમે આ પ્રમાણે કહીશું—રજસ્વલાની પૂર્વે કહેલા સમયમાંના છેલ્લામાં કન્યાદાન થાય, પણ છોકરાએ તો મોટી વયે જ પરણવું—કન્યાની વયથી બમણી વયે એવું સંસ્કૃત ગ્રંથોમાં છે ને અમણાનું જોતાં અઢાર વીસની વય ઓછામાં ઓછી તે યોગ્ય જણાય છે; એમ થાય, વળી પરણ્યો પુરુષ વ્યભિચારની વૃત્તિ ન રાખે, શાસ્ત્રોક્ત કાળને નિયમે સંભોગ રાખે, વળી સ્ત્રીને ગર્ભ રહ્યાને બેએક માસ થયા પછી સંભોગ વર્જે, (અમણા તો કેટલાક મૂર્ખ પ્રસવકાળ લગી બંધ પડતા નથી.) બાળકને બહુ સ્વાદિષ્ટ કરતાં પૌષ્ટિક પદાર્થ અવશ્ય ખવરાવે તો આર્યપ્રજા સારી થાય—બાળકીઓને સારી સંગતિ હોય તો તેઓને રજોકાલ પણ મોડો આવે. વિધવાના લગ્નનો વિષય બ્રાહ્મણ પંડિતોએ વાદમાં લીધો છે, બ્રાહ્મણ, વાણિયા ને રજપૂત એને માટે તે ચાલ કાઢવો છે. નાતરાનાં ચાલવાળી જ્ઞાતિઓમાં પણ પોતાને ઊંચાં કહેવડાવનારાં કુળ નાતરાં કરતાં નથી. બ્રહ્મચર્ય એ વિધવાનો નિત્ય ધર્મ છે ને આ સમયના કેટલાક સમજુકનો વિચાર પુનર્લગ્નને માટે છે, અમણા ચર્ચા બંધ પડી છે—હવે સમય જે કરે તે.* સ્ત્રીકેળવણી વિષયમાં થોડુંક આ પ્રમાણે જાણી રાખવાનું કે, અનેક વર્ણના મિશ્રણવાળી નિશાળોમાં ઊંચ વર્ણની બાળકીઓએ અભ્યાસ કરવો એથી લાભ નથી. અમણાની નિશાળોમાં ચાલતું ભણતર કન્યાઓને પછી નકામું તથા બુદ્ધિ બગાડે તેવું છે; સ્ત્રીકેળવણીનો હેતુ સ્વધર્મ અવશ્યે જાણવો એ છે—એ વિષે ધર્મજિજ્ઞાસા ગ્રંથમાં કેટલુંક લખ્યું છે, એટલે અહીં અટકીશું.

૩૧. સ્વધર્મ ઉપર આસ્થા, જિતેંદ્રિયપણું શમદમે, શાંતિ સંતોષ, મહાત્મતા ઔદાર્ય, શૌર્ય ક્ષમા, સત્ય પ્રામાણિકપણું, દયા પરોપકાર ગુણ-

* ક્ષત્રાણીએ પતિને મરણે સતી થવું એનું પારલૌકિક મોટું ફળ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે; બ્રાહ્મણીએ તો બ્રહ્મચર્ય જ પાળવું. કાળે કરીને સતી થવાનો ચાલ રજપૂતોમાં વિશેષે ચાલ્યો ને તે છેક અતિપર આવી રહ્યો. તેવામાં બ્રિટિશ રાજ્ય થયું જે સ્ત્રીજાતિની અવશ્યે દાઝ જાણનારું, અને ગવરનર જેનરલ બેંટિકની કારકીર્દીમાં સતી થવાનો ચાલ બંધ પાડવાનો ધારો થયો. (ડિસેંબર, ૧૮૨૯). સતી થવું એ નિત્ય ધર્મ પણ સતી ન થવું એ સમયનો ધર્મ થયો. એ ધારો કરવામાં બંગાલાના પંડિતોને પૂછવામાં આવ્યું હતું. વિધવાનું ભાગ્ય પંડિતો કે સરકાર કે દાઝ જાણનારી આર્ય પ્રજા કે વિધવા પોતે જ પોતાના ઉદ્યોગથી ફેરવશે કે તે છે તેમ રહેશે, એ અમણા કહેવાય નહિ.

ત્રપણું એ મનુષ્યમાત્રના ઉચ્ચ સદ્‌ગુણ તે આ સમયે આર્યજનમાં કેવળ નિસ્તેજ છે. બહારની સંકડામણમાં મન પણ ટુંકાં થઈ ગયાં છે. કેવળ સંસારી સ્વાર્થ, સંશય ભ્રમ, જૂઠ, કપટ, અપ્રામાણિકપણું, અસંતોષ, આશા, તૃષ્ણા, લોભ, ધનવંત કે કામદાર કે મિત્રના આશ્રયથી ઉદ્યમ ખોળવો–સ્વાશ્રયનો વિચારજ નહિ, બીજાનું સારું ખમાય નહિ, સ્ત્રીવિષયમાં લલુતા, કામચોરી, કાળચોરી, વચનચોરી, ધનચોરી એ સર્વત્ર જોવામાં આવે છે. જ્યાંલગી સદ્‌ગુણ પાળવાજ એવી ભક્તિ નહિ થાય, ત્યાંલગી ધર્મ, અર્થ કે કામ કોઈ પણ વિષયમાં ખરું મોટું ઉજળું કાર્ય પોતાના આ લોકના કે પરલોકના કલ્યાણને અર્થે કે આ લોકના સર્વેના કલ્યાણને અર્થે થવાનું નથી. અનેક પ્રકારની અવ્યવસ્થા છતે પણ ધીરજ રાખવી, દુઃખને ખમવું પણ નીતિનું ઉલ્લંઘન કરવું નહિ, એવી નિશ્ચય બુદ્ધિવૃત્તિ થયેથીજ લાભ છે.

---

૩૨. (હવે શૈલી બદલીને) આર્યબંધુ!* (એમ નહિ,) ભો આર્ય!† જો તું બ્રહ્મજ્ઞાન, તપ, વિદ્યા, સ્થિતિ, વય, સગપણ સ્નેહ એણે જ્યેષ્ઠ છે તો અમે આર્ય મર્યાદશીલ છિયે, પણ જો તું મોહાદિકે અસાવધ છે તો અમે તુને સાવધ કરીશું પછી સામે કે દંડે, ને એમ કરવાને અમે અધિકારી છિયે; જો તું સમાન છે તો કરીલે વિચાર ને થા સાથી કે રહે અળગો; અને કનિષ્ઠ છે તો સૂણ ને આજ્ઞા પાળ. અમણા તારી સ્થિતિ ધર્મ અર્થ કામ વિષયમાં ભ્રષ્ટ ભુંડી દયામણી છે પણ તું તેમ પોતાને નથી જોતો–તું તારા તોરમાં છે પણ હજી સમય છે વિચારી વર્તવાને.

૩૩. જાણ, પશ્વાદિ પ્રાણી ને મનુષ્ય પ્રાણી એ બંનેમાં પ્રાણીરૂપે કેટલોક સરખો સ્વભાવ છે; પણ મને સંકલ્પવિકલ્પ કરવો ને બુદ્ધિએ નિશ્ચયે વર્ત્તવું એ મનુષ્યમાં વિશેષ છે–**નિયમનું પાલણ**, એજ મનુષ્યપણું ને પુરુષાર્થ છે.

૩૪. જાણ, મનુષ્યરૂપે કેટલુંક નિયમપાલણ સર્વે જણ રાખે છે પણ સ્વભાવ વિવેક જન્મથીજ જુદા હોવાથી નિયમપાલણ પણ જુદું હોય

---

* કેવળ સમાનતા તથા મનુષ્યબંધુત્વભાવ એ આજકાલ યુરોપસ્થ કેટલાક પંડિતોના સર્વોપરિ ઉચ્ચ માનેલા વિચાર છે અને આર્યજન અધિકારક્રમ ને પ્રાણીમાત્રની દયા એને પરંપરાથી ઉચ્ચ માની પાળતા આવ્યા છે. ભાઇચારે રહેવું તથા ભાઈ કહી બોલાવવું, એ આર્યની વ્યવહારનીતિરૂઢિ છે. મૈત્રીના સમાનભાવમાં તથા કનિષ્ઠ પ્રત્યે પ્રેમભાવમાં.

† આ દેશમાં વેદોક્ત ધર્મ પાળનારાના કુળમાં ઉત્પન્ન થયેલો.



છે.* અમુક સ્વભાવ ને તેને યોગ્ય નિયમનું પાલણ હોય તોજ તે મનુષ્યનું ખરું કલ્યાણ થાય; અમુક સ્વભાવ સાથે બીજા સ્વભાવનું નિયમ પાલણ હોય તો કલ્યાણ દીસે. કદાપિ પણ તે વહેલુંજ દીસતું રહે, એમ આર્યનું નિયમપાલણ છે.

૩૫. જાણ, અનેક નિયમપાલણમાં જે આ મનુષ્યસંસારનાં તેના કરતાં પરલોકનાં તેજ ઉત્તમ છે. જે બુદ્ધિ આ સંસારનાજ અર્થકામમાં મગ્ન તે અધમ પછી ગમે તેવી તે દેખીતી બળવાળી રાક્ષસી હોય; જે બુદ્ધિ આ સંસારને જોઈ ઉદાસી રહી ઈશ્વરભણી લક્ષ રાખે ને સંસારી અર્થકામમાં શુભનિયમે માત્ર કર્તવ્ય કરે તે મધ્યમ, પછી ગમે તેવી નબળી દેખાતી સ્થિતિમાં મનુષ્યને દાખવે તોપણ; અને જે બુદ્ધિ સંસારથી અલગ કરી ઈશ્વરપ્રાપ્તિના નિત્ય ઉદ્યોગમાં રાખે તે ઉત્તમ છે. આ સંસાર આધિ ઉપાધિએ દુઃખ દેનારો, ભોગને માટે લલચાવી પછી રોગ આણનારો એવો છે. વિદ્યા પણ તે જ ઉત્તમ કે જે ઈશ્વરપ્રાપ્તિ કરાવે.†

૩૬. જાણ, કેવળ ઇહલૌકિક સુખની ઇચ્છાએ ને તેના જ સાધનને ઉદ્યોગે મનુષ્ય સંતોષે રહેતો નથી; તે જન્મબુદ્ધિથીજ કંઈ કંઈ પરલોક સંબંધી વિચાર કરે છે ને શિષ્ટોએ આપેલા બોધને વિશ્વાસ શ્રદ્ધાયે પાળે છે. પ્રસાદધર્મ મંડળ મંડળનો તે તેણે પાળવો ને તેમાં મનુષ્યના ઇહલૌકિક ધર્મ પણ ઉત્તમ હોય.

૩૭. જાણ, તું આર્ય છે ને તારો ધર્મ વેદોક્ત છે ને એના બોધને પાળવો, એજ તારો ધર્મ છે. મારું ખરું સ્વરૂપ શું છે, હું ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનો છું, આ લોક અને પરલોક બીજા એને સંબંધ શો છે, મારે અહીં કર્તવ્ય શું છે, મારું ઉત્તમ કલ્યાણ શું ને શાથી છે એ વિષે પૃચ્છા કર, વિચાર કર, એનાં સાધન ઢુંઢ, શિષ્ટોની શિક્ષા વાંચ. એ વિચાર કરવાને તું અધિકારી ન હોય તો ઈશ્વર પ્રીત્યર્થ નિષ્કામ કર્મ કર કે ચિત્તશુદ્ધિ થાય. નિષ્કામ કર્મ કરવાં ન ગમે, તેમ કરવાને ધીરજ ન રહે, તો સકામ કર્મ કર શાસ્ત્રમાં કહેલાં સાધને.

---

* જન્માંતર ને એક જન્મનાં કર્મનો ફલભોગ બીજે કોઈ જન્મે એ વિચારે મનુષ્યની બુદ્ધિ જુદી જુદી છે એમ આર્ય માને છે. જન્માંતર ન માનનારા બીજા લોક ઘણાક તે કુદરતથી બુદ્ધિ જુદી એમ માને છે; માત્ર યુરોપના કેટલાક પંડિત તે નથી માનતા, માને તો સમાનતાના વિચારને બાધ આવે.

† પદાર્થશાસ્ત્ર ને બીજી લૌકિક વિદ્યા સંસારી સુખભોગની વૃદ્ધિએ પાપ કરાવે ને વૃદ્ધિ પછી પાછો ક્ષય છે માટે તેવી વિદ્યાનો અભ્યાસ કાર્યે પૂરતો કરવો, એની આસક્તિ ન રાખવી.

૩૮. જાણ,–કે ધર્મ કર્મ કરવાથી પણ સંસારી લાભ છે; સંસારનું ભરણપોષણ ઈશ્વર જ કરે છે; એમ ધીરજ ન રહે તો ઈશ્વરનું ચિંતન મનમાં રાખી સાચવટે સંસારી ઉદ્યમ કર; ઈશ્વરને ન માનતાં કેવળ અભિમાને જ ઉદ્યોગ કરીશ તો વેળાએ ફાવીશ પણ પછી પાછું વેઠવું પડશે, માટે નિરભિમાન રહી કર્તવ્ય ઉદ્યોગ કર.

૩૯. જાણ સિદ્ધાંત કે 'स्वयं भवति यद्यथा भवति तद्यथा नान्यथा' જે જે પ્રકારે થવાનું છે તે તે પ્રકારે થશે, બીજે પ્રકારે નહિ. માટે ધીરો પડ ને ધીરજ ન રહે અને ભોગની જ ઇચ્છા છે તો સત્કર્મનું અનુષ્ઠાન કર; ભાગ્ય હશે તો આ જન્મે ફળ પામીશ, તે નહિ તો બીજે જન્મે, પણ શુભ કર્મનું ફળ શુભ તે પામીશ જ–કર્મ પ્રમાણે ફળ ને કર્મ પ્રમાણે બુદ્ધિ (જન્મ જન્મના સંબંધમાં) એમ છે, તોપણ રુડી બુદ્ધિએ વિચારી ક્રિયમાણ કર.

૪૦. જાણ, નીતિ કે કોઈનું કંઈ હરણ કરવું નહિ, કોઈનું મર્મ ઉઘાડવું નહિ, સદાચારે રહેવું ને પરમેશ્વરનું સ્મરણ પૂજન કરવું. પ્રાતઃકાળે ચાર વાગે ઉઠવાની ટેવ રાખ, પ્રહર દહાડેક તો ઈશ્વરપ્રીત્યર્થે ધર્મ કર્મ અવશ્ય કર, પછી છેક સાંજ સુધી સંસારી અર્થમાં મચ્યો રહે ને પછી રાત્રે કુટુંબ મિત્ર સાથે સુખભોગ કર અથવા ધર્મસિદ્ધાંત કે કથા પ્રસંગ જો, ઊંઘ આવે ત્યાં સુધી.

૪૧. જાણ વિષમ કાળ છે; તો ધર્મ કર્મ ઓછાં કર, પણ જેટલાં કરે તેટલાં શ્રદ્ધાએ કર. કોઈ શૈવ કોઈ વૈષ્ણવ એમ અનેક ધર્મ મત દેખી મનને સંશયી મા કર. સ્વભાવ રુચિભેદે એક ઈશ્વરના અનેક ગુણ સ્વરૂપમાંથી કોઈ તે કોઈને વધારે સેવે. આચાર ઓછો પળાય તો ઓછો પાળ પણ પાળ. બ્રાહ્મણ ને બીજા ધર્માધિકારીઓએ સ્વધર્મ પોતે જાણવો ને લોકને બોધવો, પોતે પાળવો ને બીજા પાસે પળાવવો. આજકાલ લોકમાં પૃચ્છા વધી છે માટે કર્મનાં કારણ પણ દેખાડવાં ને પૂર્વ કર્મના વિપાકના ગ્રંથોનો વિષય લોકની જાણમાં અવશ્ય આણવો.

૪૨. જાણ, તું સંસારી અર્થને માટે ટક ટક કરે છે અને ઉદ્યોગ તથા શરીરબળની નીતિની બક બક કરે છે પણ કયાં છે તારી એક વાત અને ટેકીલપણું તથા નિયમ? કયાં છે તારો અનુલક્ષ કે નિયમિત અભ્યાસ? અમુક ઉદ્દેશને માટે સ્નેહ કે લોભ કે કર્તવ્ય બુદ્ધિ પ્રેરક જોઈયે તે કયાં છે? એ ત્રણમાં છેલ્લી તે ઉત્તમ બુદ્ધિ છે. તે તું કેમ વિસરી ગયો? એ જ ધર્મ બુદ્ધિ પછી ઈશ્વરી વિષયમાં કે સંસાર વિષયમાં. કર્તવ્ય શું છે નક્કી સમજ ને પછી નિયમે અભ્યાસ કર.



૪૩. જાણ, અધર્મ ત્યાં નબળાઈ તથા અલક્ષ્મી અને ધર્મ ત્યાં જ સબળાઈ તથા લક્ષ્મી છે. સંસારી ધર્મ બુદ્ધિ સારું ફળ આપશે, પારલૌકિક તે વધારે વધારે સારાં ફળ આપશે પણ ફળની ઇચ્છા ન રાખતાં કર્તવ્ય માટે જ કરેલું તે તો વણ માગ્યું ઉત્તમ કલ્યાણ કરશે, ઈશ્વર સ્મરણાદિ કર્મમાં કાળ ગાળવાથી સંસારી અર્થ કેમ સધાશે, એવો કુતર્ક મા કર. પૂર્વના પુણ્યથી સંસારી લાભ છે ને અમણાનાં પુણ્યથી હવે પછી લાભ થશે.*

૪૪. જાણ, ધર્મના જય અદ્‌ભુત છે. જેમ ભય, વિસ્મય એ રોગ કરનાર કે કાઢનાર થાય છે તેમ ધર્મભાવના પણ આંધળાંને દેખતાં કરે, દરિદ્રીને ધનવાન્ કરે ને તે પથ્થરનો ચૂરો કરે. ધર્મ ભક્તિના ઉત્સાહે ઘટિત સાધન વિના પણ મોટાં મોટાં રાજ્યોનો અંત આણી નવાં સ્થાપ્યાં છે. એના જેવી પ્રત્યક્ષ ફળસિદ્ધિ બીજી કોઈ છે? જગત્‌માં જે ગર્ભશ્રીમંતો છે તે પૂર્વના અમુક પુણ્યથી જ છે. સ્નેહભાવ કે અર્થભાવનાં બલિષ્ઠ કાર્ય કર્તાં ધર્મભાવનાં કાર્ય વધારે બલિષ્ઠ છે. કેમ કે પહેલાં બેનો હેતુ સ્વાર્થ છે ને ત્રીજાનો તો પરાર્થ કે પરમાર્થ છે.

૪૫. ભો આર્ય! પરાયા વિચાર કાઢી શુદ્ધ થા, નિઃસંદેહ થા, આસ્થાવાન્ થા ને કર્ત્તવ્ય કર. પારલૌકિક ઉદ્દેશને તારી સાત્વિકબુદ્ધિએ નિષ્કામ કર્મને અભ્યાસે એકચિત્તે જો. આ સંસારી અર્થકામનાં જે તુચ્છ ફળ (પામતાં દુઃખ ને પામીને દુઃખ એવું) તેની તું ઇચ્છા કરીશ નહિ (ભાગ્ય પ્રમાણે મળશે જ,) અને અમણાં તું તેને માટે અતિલલુતાવાળો થયો છે પણ

* પરલોક ન માનનારો તે સંસારી ઉદ્યોગને જ ઇચ્છાફળનું પ્રધાન સાધન માને. પણ આર્ય સમજે છે કે આ જન્મનો ઉદ્યોગ તે પૂર્વજન્મનાં કર્મનાં ફળને માટે નિમિત્ત સાધન છે અને વળી બીજે જન્મે પામવાના ફળનું કારણસાધન છે. આ જન્મના કેવળ ઉદ્યોગથી સિદ્ધિ છે જ નહિ—ભાગ્ય, ઉદ્યોગ, સ્વભાવ, સમય ઈત્યાદિના સંયોગથી ફળસિદ્ધિ જોવામાં આવે છે; વળી, ભાગ્યકર્મફળ તે સ્વેચ્છ, પરેચ્છ ને અનિચ્છ હોય. અર્થાત્ અભિમાન મૂકી પોતાનો જે કર્તવ્ય ઉદ્યોગ તે જ કર્યાં કરવો. (ચૈતન્યધર્મે જોતાં) પ્રવૃત્તિનો ઉદ્યોગ પ્રપંચના મળવાળો તેથી ચિત્તશુદ્ધિ નહિ ને તેથી વાસના ઓછી દૃઢ. અભિમાન સાથે હોય એટલે બઢાવરો તથા ભૂલ કરનારો એટલે ઇચ્છાના ઉગ્ર તપમાં વિક્ષેપ કરનારો તો તેવા ઉદ્યોગની સિદ્ધિ વહેલી કેમ થાય? (કર્મ નીતિ જોતાં) પૂર્વ કર્મનો વિપાક થવો સત્ય છે તો બુદ્ધિ તથા ઉદ્યોગ તેના સંબંધમાં છે જ. (સ્વરૂપ જોતાં) આત્મા મૂળે પૂર્ણ સ્વતંત્ર છે ને પરમેશ્વર નિયમ ઉપરાંત અન્યથ કરવાને સમર્થ છે તો અજ્ઞાનમય આત્મા–મનુષ્યજીવ દેહરૂપકારાગ્રહ ભોગવતો છતો–એ કર્મ કરતો છતો પણ નવું કર્મ યોજે ને કાંઈ કાંઈ કરે. અર્થાત્ અનુભવી શિષ્ટોના વચન ઉપર વિશ્વાસ રાખી સારી નરસી સમજની તુલના કરી વર્ત્તવું.

પાછળથી તેને તું ધિક્કારીશ ને ધિક્કારીશ તોપણ તે સિદ્ધિ તુંને થશે. (તારી વાસના રહેશે માટે.) તું સ્વધર્મ પાળ, અનાર્ય તથા આસુરીબુદ્ધિનો ત્યાગ કર ને આર્ય તથા દૈવી બુદ્ધિનો આદર કર.

૪૬. ભો આર્ય! ઉત્તમ તત્વજ્ઞાન, ઉત્તમ રાજનીતિ, ઉત્તમ સંસારનીતિ—મહાત્મતા, ઔદાર્ય, ત્યાગ, તપ, ધૈર્ય, પરાક્રમ એ તારાં જ છે, પણ અમણા તું કાળવશાત્ મોહવશાત્ પરાધીન પતિત છે, તેથી તુને વિસ્મરણ છે. તું પાછો સબળ સતેજ થઇશ પણ હવે જાગ. ઉઠ, શુદ્ધ થઈ નિશ્ચયે તથા નિયમે કર્તવ્ય કર.

૪૭. ભો આર્ય! સ્મરણ કર, અનેક જન્માંતરનો પ્રવાસ કરી તારે મૂળ ધામે જવું છે; સ્મરણ કર, તે ધામે જવાને આત્મસ્વરૂપનું જ્ઞાન પામવું અવશ્ય છે; સ્મરણ કર, તે જ્ઞાન પામવાને વેદવિહિત નિત્ય નૈમિત્તિક કર્મ તારે કરવાં છે. સંસારી અર્થકામનામાં તારું કલ્યાણ નથી, પણ સ્વધર્મવિષયમાં ને સ્વધર્મપાલણે જ છે; વૈરાગ્ય, ભક્તિ, કર્મ, ઉપાસના ને જ્ઞાન એ સાધને છે; પ્રવૃત્તિની અશાંતિમાં નહિ, પણ નિવૃત્તિની શાંતિમાં જ પરમ કલ્યાણ છે.

---

૪૮, પૂર્વાર્દ્ધમાં સર્વાત્મા, જીવાત્મા, પરલોક આ લોક, યોગ ભોગ, ધર્મ કર્મ એ વિષયમાં વેદધર્મી લોકના તત્વરૂપ વિચાર આગળ પાડી જણાવ્યા—જણાવ્યું કે સર્વે મનુષ્યમંડળના તત્વદર્શી તથા ધર્મપ્રવર્તક શિષ્ટજન એક મતે આમ જ શિક્ષા આપે છે કે, આ સંસારનું માની લીધેલું સુખ ક્ષણિક, મલીન ને દુઃખદ છે માટે ફાંફાં ન મારતાં તેમાં મત્ત ન થતાં પરમેશ્વરપ્રાપ્તિ—પરલોકસુખભોગ એને અર્થે રહેણી કરણી રાખવી; જણાવ્યું કે આર્યલોકનો સ્વભાવ સંસારની ખટપટથી દૂર રહેવાય તેવો આનંદ અવશ્ય ખોળનારો છે, અને જણાવ્યું કે આર્યની વૃત્તિ આ સમયે સંસારસુખની અતિ લલુતાવાળી થઈ છે કે જે નબળી સ્થિતિને સબળી કરવાને બદલે ઉલટી વધારે નબળી કરશે, માટે સાવધ થઈ ઉદ્યમી થઈ પરાયા વિચારના ઉપરથી મોહ ખસેડી સ્વધર્મોક્ત કર્તવ્ય તે જ કરવાં.

સને ૧૮૫૦ પહેલાં આર્ય પ્રજાની સ્વધર્મ ઉપર જે સ્થિર ભક્તિ હતી, તે સમાજોનાં ઉછૃંકળપણાથી ચંચળ બાવરી થઈ. (અમણાં વળી પાછી ઠરીઠામ પડવા ભણી વળે છે.) સઘળી સમાજોએ પ્રવૃત્તિ દેવીની પૂજાનું માહાત્મ્ય વધાર્યું ને તે એટલે લગી કે તે દેવીના પ્રસાદરૂપ સુખની પ્રાપ્તિને કાજે જેથી આ જગત્પ્રવૃત્તિ છે ને પરમેશ્વરનું સ્તવનધ્યાન તો માત્ર ગૌણ



સાધનરૂપ ગણ્યું. ઈસુખ્રિસ્તને તારકગુરુ માનવો, એ ખ્રિસ્તી પાદરીઓના ઉપદેશને જુવાનીઆ લેખવતા નથી ને એમ ખ્રિસ્તીધર્મનો પ્રસાર થતો અટક્યો છે એટલું સમાજે કીધું. પણ વળી તે ધર્મના તથા તે ધર્મમંડળમાંના નાસ્તિક વિદ્વાનોના ઘણાક વિચાર આર્યપ્રજામાં ઘુસાડવાનું પણ કીધું. જગદીશ્વર અને અનંત જગત્ એ વિષયના સ્વધર્મોક્ત જ્ઞાન વિષે નિઃસ્પૃહ રહી અને ખોટું કહી, જગતના—મનુષ્યના સ્વભાવ તથા ધર્મ ન સમજતાં, અધિકારી ગુરુ છૈએ એવે દંભે મનુષ્યના સામાન્ય ધર્મનો બોધ કરવે સમાજના અગ્રેસર બહાર પડ્યા—એઓએ સર્વે ધર્મમાં કહેલા પરલોક, પ્રસાદધર્મ, ધર્મ કર્મને નિંદ્યાં; આર્ય સમાજે તો સુધારાના વિચારને એટલું બધું માન આપ્યું કે તે સર્વ વેદમાં છે, રે વેદ તો તેનો જ બોધ કરે છે!—એમ આર્યના સનાતન ધર્મનું સ્વરૂપ બદલાવવાને તેણે ભુંડું સાહસ કીધું.

૪૯. **હવે સંસારપ્રવૃત્તિ વિષય.** સમાજોએ સંસારસુખને જીવિતવ્યનો પ્રધાન અવશ્ય હેતુ માન્યો છે. ગૃહસુખ ને રાજ્યસુખ એ બે મોટા ઉદ્દેશ રાખી સકળ સંસારસુખનો સમાવેશ જેમાં થાય, સર્વ સુખની પ્રાપ્તિ જેણે કરી સર્વેને ને એકેકને થાય, અને વળી બીજા દેશના લોકના સંબંધમાં પોતાના દેશના લોકનો—આર્યનો વિશેષે થાય, એવો સ્વદેશાભિમાનનો વિચાર પ્રવર્તાવ્યો. (પ્રવૃત્તિ, દેશાભિમાન, ઘરસંસાર, રાજ્ય એ વિષયમાં ગયે વર્ષ આ પત્રમાં છે, પુષ્કળ લખ્યું છે ને વળી થોડુંક હવે લખીશું.)

પ્રવૃત્તિ—કર્મની વૃદ્ધિને અર્થે સુધારાએ બહુ બરાડા પાડ્યા. તત્વજ્ઞાન (વૈરાગ્ય શાંતિવાળું), પરલોક જ્ઞાન (આ સંસારનું અભિમાન મૂકાવતું), સ્વધર્મ કર્મ (સાત્વિક), ખોટાં કહ્યાં કે જેથી તે વિષે ભાવ ઘટે અને આ સંસારી કર્મ વિષે સારી પેઠે શ્રદ્ધા વધે; જ્ઞાતિભેદ જે જગતમાં વેદધર્મી લોકનો જ ને પરંપરાની સ્વધર્મરક્ષણાર્થ વ્યવસ્થાનીતિ તેને અતિ દુઃખદ બંધન કરી વગોવ્યું; પ્રારબ્ધ ખોટું—અહીંના કર્મનું ફળ અહીંઆં જ; યથાલાભ સંતુષ્ટ રહી સહન પણ કરી કર્તવ્યની ધર્મબુદ્ધિએ પોતપોતાનાં કાર્ય કરવાં, એ નીતિને નબળા માની અસંતુષ્ટપણે અર્થકામબુદ્ધિયે ઇચ્છિત કર્મ જેમ ફાવતું આવે તેમ, ભેદપ્રપંચે પણ કર્યાં કરવું, એ નીતિને વખાણી; વળી આર્યસમાજના સુધારાએ તો મનુષ્ય એ જ ઉત્તમ લોક છે એ પરાયા વિચારને સત્ય સ્થાપી મનુષ્યોન્નતિ ને દેશોન્નતિ ને આર્યોન્નતિ ને સામ્રાજ્ય સુખ તે જ મોક્ષ ને વીર્યબળને અર્થે બ્રહ્મચર્ય ને આરોગ્યને માટે યજ્ઞ ઇત્યાદિકને ઢમઢોલ માંહે પોલ તેવા શબ્દે અને નિંદા તથા ઠઠ્ઠાની રીતિએ આર્યનું કલ્યાણ બોધ્યું.

એ બોધનો લોકે આદર કીધો નથી; સમાજોના અગ્રેસર સંશયી છે ને એઓ તથા સાથી બોલવા પ્રમાણે કરી દેખાડવાની હિંમત ધરી શક્યા નથી. સુધારો પોતાના ઉદ્દેશમાં ફાવતો નથી જોકે તેને છાપયંત્ર સહાય છે ને પ્રાંત પ્રાંતમાં બહુ બહુ પ્રકારે વિષયો ચરચાય છે. પ્રજાની હજારો વર્ષની નીતિ ફેરવવાને બહુ કાળ જોઇએ અને અમણાં નથી ફાવતો પણ ધીમે ધીમે ઉદ્યોગ જારી રહેથી ફાવશે એમ બોલી ભલે આ દેશના સુધારાવાળા પોતાનો કક્કો ખરો કરવામાં પોતાનો કાળ કાઢે પણ અમારા પાકે વિચારે તો તેઓ પોતાનાં ને પ્રજામંડળમાં હિતનો નાશ કરનારા છે.

૫૦. સર્વેશ્વરને આધારે સંસારપ્રવૃત્તિ છે; વળી સંસારભણી ચિત્ત દોડવું એ વૃત્તિની સાથે સંસારમાંથી ચિત્ત ખસેડી સંસારકર્તા ભણી વાળવું, એ વૃત્તિ પણ મનુષ્યના સ્વભાવમાં જ છે. વળી વિશ્રાંતિરહિત કર્મ કર્યાં કરવાં, એમ જીવને નિર્માણ નથી; કર્મને સબળાં કરવાને વચમાં વચમાં વિશ્રાંતિની ગરજ પડે છે; આદિની સ્થિરતા ને મધ્યની ધૃતિ પ્રમાણે કર્મ-દોડ હોઇને તે પ્રમાણે અંતનું કાર્ય બલિષ્ઠ સિઝે છે; જેમ વિવેકબુદ્ધિ વધારે તેમ કાર્ય વધારે ટકતું તથા વધારે સારું થાય છે. વળી અનુકૂળ સંયોગ પણ સાધનરૂપ હોય છે.—અર્થાત્ સંસારી અર્થકામને ઉદ્દેશે પ્રવૃત્તિ તે સ્વતંત્ર બલિષ્ઠ નથી પણ પરતંત્ર નબળી છે, રૂપાંતર પામતી ને ગરજુ છે, રોગથી ભરેલી ને ચેપથી રોગી કરનારી છે, લોભકોડની તૃષ્ણાએ અનીતિનાં સાધન પણ કામે લગાડે છે કે જેથી પછી દુઃખ ભોગવવું પડે ને કાર્ય ઝાઝીવાર ટકે નહિ,—અને એટલા જ માટે પ્રવૃત્તિની દોડ અતિનિંદિત ભણી છે. દૈવી સ્વભાવની પ્રવૃત્તિ તે આસુરી સ્વભાવની પ્રવૃત્તિથી બહુ પ્રકારે વધારે સબળી તથા શ્રેષ્ઠ છે.* સર્વે લોકનાં તત્વધર્મશાસ્ત્રના સિદ્ધાંત તે શાંતિને જ સબળ તથા સુખદેણ સ્થાપી તે જ ઉદ્દેશનો બોધ આગળ પાડે છે. યૂરોપની મોટી પ્રવૃત્તિવાળાં રાજ્યો પણ મુખે સ્વસ્થતાને વખાણે છે. સ્વસ્થતામાં થયેલાં કામ અસ્વસ્થતાનાં કામથી વધારે સારાં હોય છે;—પછી આળસને સ્વસ્થતા માની ઉદ્યોગ ન કરે, તેની દશા ભુંડી થાય જ.

૫૧. કોઇ પણ જન કે મંડળની પ્રવૃત્તિ છેક બગડી† હોય તો તેને

* જોવો ભગવદ્ગીતાનો અધ્યાય ૧૬ મો.

† બગાડનાં કારણ પૂર્વજન્મનાં—કાળનાં માનતા છતે દશ્ય રોગ કાઢવા તથા સારી સ્થિતિ કરવા સહન કરતાં ધીરજથી નીતિના ઉપાય યોજવા, એ આર્યપુરુષાર્થ છે. પૂર્વજન્મને ન માનનારા, કાળ ઇતિહાસની નીતિને ન માનનારા, રજસ્તમસી બુદ્ધિના તો પોતપોતાની ચંચળ બુદ્ધિયે બગાડનાં કારણ અમુક જ છે એમ માની લે ને સાહસ



સુધારવાના ઉપાય આ છેઃ (૧) અભિમાન—મમત્વ મૂકી પરમેશ્વરનું—ઇષ્ટ દેવતાનું ચિંતન સ્મરણ નિત્ય રાખવું અને ઈશ્વરેચ્છા—અનિવાર ભાવી એને વિચારે ધૈર્ય ધરી શોકમોહને દૂર કરવા; (૨) પોતાના સ્વભાવ ગુણને અનુસરતાં યથાશક્તિ યથાસાધન પણ પૂર્ણ શ્રદ્ધાએ સ્વધર્મ કર્મ કરવાં;* (૩) સંસારી ઉદ્યોગ નિશ્ચય નિયમપૂર્વક કર્યાં કરવો. અથવા (૧) પરધર્મના વિચારથી ઉત્પન્ન થયલા મોહનો ધિક્કાર કરવો ને સ્વધર્મના વિચાર જે હજારો વર્ષના અનુભવે દૃઢ થયલા, તેના ઉપર ભક્તિ રાખવી; (૨) પોતાની ભુંડી સ્થિતિનો શોક તથા તેનું બાવરાપણું કાઢી નાખી ધૈર્ય રાખી ધર્મમાં પ્રવૃત્તિ તથા સધર્મ સંસાર પ્રવૃત્તિ નિયમવાળી રાખવી; (૩) ક્રિયમાણ ઉદ્યોગ કર્તવ્ય બુદ્ધિએ કરવો અને પ્રાપ્તિને અર્થે કે ભોગને કોડે કરવો, એ ત્રણ પ્રકાર ઉતરતે અનુક્રમે બલિષ્ઠ છે—જેમ જેને ફાવે તેમ તે કરે, પણ ત્રણેમાં નિયમપૂર્વક અભ્યાસ અવશ્ય છે. અથવા (૧) નિત્યાનિત્યનો વિવેક રાખવો. (૨) નિત્યને તો ધર્મે જ સંરક્ષવું અને નિત્યને સાવધપણે સમયની નીતિએ પાળવું; (૩) શાંતિનો ઉદ્દેશ રાખી ઠરી બુદ્ધિએ કર્મ કરવાં.

૫૨. એશિયાના કેટલાક લોક કોઈ કાળે યુરોપમાં ગયલા તો કોઈ કાળે યુરોપના કેટલાક તે એશિયામાં આવેલા છે;† બંને ખંડના લોક મનુ-

ઉપાયે કાર્ય ખરું કરી બતાવે તોપણ તે કારણ પૂરાં સાચાં નહી જ ને કાર્ય દુઃખદ;—કાર્યઘટનાને દૃષ્ટાદૃષ્ટ ઉભે કારણ હોય છે તો દૃષ્ટ ને એ પણ થોડાંક તે પૂરાં કેમ ગણાય? અને જે ઉપાય પરિણામે ચોખ્ખી સિદ્ધિ ન આપે કે અપાયરૂપ થાય તે શ્રેષ્ઠ છે, એમ કેમ કહેવાય?

* સત્ય, શૌચ, દયા, દાન એના ધર્મનિયમનું પાલણ અને તપજપયજ્ઞપૂજનાદિક કર્મ.

† એશિયાના કેટલાકે યુરોપમાં જઈ વસ્તી કીધી હતી ત્યાર પછી-યુરોપના ગ્રીક ઈ. સ. પૂ. સૈકા પાંચથી ઈરાનીના સંબંધમાં આવતા થયલા તે ઈ. સ. પુ. ૩૩૧ માં પશ્ચિમ એશિયા તથા ઈરાનમાં સત્તા ધારી થઈ રહ્યા; પાર્થીઅન (એશિયાના) જેઓએ ઈ. સ. પૂ. ૨૫૬ માં સ્વરાજ્ય કરેલું તેઓએ ગ્રીકની સામે થઈ ઈરાન પોતાનામાં જોડયું. ગ્રીકે બાક્ટ્રિયાનો અંત આણ્યો; અને પછી પશ્ચિમ એશિયાના રોમન સત્તાધારીને હરાવી આગળ વધતા અટકાવ્યા હતા, ઇ. સ. પૂ. ૫૩ માં.

એશિયાના આરબે ઈ. સ. ૭૧૧ માં સ્પેનની જીત કરી ૧૪૯૨ સુધી ત્યાં પૂરી સત્તા જાળવી હતી, ને પછી સો વર્ષમાં ત્યાંથી તેઓને ખ્રિસ્તીઓએ કાઢયા હતા-ઈ. સ. ૧૨૨૩ માં મોગલ રુશિયામાં ફરી વળ્યા ને ત્યાં તેઓ ૧૪૬૨ સુધી ઠામ, ઠામ સત્તાધારી હતા. પછી સોળમા સૈકામાં તેઓને રુશિયનોએ કાઢયા હતા. ઈ. સ. ૧૪૫૩ માં તુરકોએ કોન્સ્ટંટીનોપલનાં ખ્રિસ્તી રાજ્યનો અંત આણ્યો હતો.

ષ્યના સામાન્ય સ્વભાવ ગુણવાળા છતે શરીરરંગ, ધર્મ, રીતભાત સ્થિતિમાં ઘણી ઘણી વાતે (યુરોપના રાજકીય ઇતિહાસના ઉદયકાળથી તે અમણા લગી) વિશેષે જૂદા જ જણાયા છે.* સાંસારિક કર્મ વૃત્તિમાં ચિત્ત બુદ્ધિ પ્રયત્ન એ જેટલું જેવું યુરોપ રાખે છે તેટલું તેવું એશિયા રાખતું નથી; અભિમાન તથા સાંસારિક અર્થકામબુદ્ધિ એ નિત્યદર્શન યુરોપનું છે અને નિરભિમાનપણું તથા ધર્મબુદ્ધિ એ નિત્યદર્શન એશિયાનું છે.† યુરોપમાં ગ્રીસનો સુધારો ને પછી રોમનો સુધારો એ હતા; પોર્ટુગલ, સ્પેન, આસ્ટ્રિયા, હાલંડ એના હતા; ને હાલ ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની, રુશિયા એના સતેજ સુધારા છે. એશિયામાં બાબીલોનીઅનનો, યાહુદીનો, ઇરાનીનો, આર્યનો, ચીનાનો એ હતા; આરબનો ને મુગલનો એ હતા; અને અમણા ચીનાઓનો, મુસલમાનોનો, ને આર્યનો એ સુધારા છે પણ નિસ્તેજ છે. ઉદયાસ્ત ને અસ્તોદય એ મહા નિયમનું લેખું કાળમાને કરવામાં આવે છે. કાળે કાળે બનનારા બનાવોને માટે તે તે કાળના મનુષ્યનાં કર્મ, સાધનરૂપ હોય છે, કે જેમાં અડીવેળા ઉપર અણધાર્યાં અદૃષ્ટ કારણ પણ અકસ્માત્ દૃશ્ય થઈ પ્રધાન બલિષ્ઠ થાય છે–અર્થાત્ કર્મ દૃષ્ટાદૃષ્ટ બંને કાર્યસિદ્ધિ કરે છે. યુરોપનું પ્રગટ મથન ને એશિયાનું પ્રચ્છન્ન સહનતપન બંનેમાં ઉદ્યોગ છે, ને શિષ્ટોને મતે સહનતપનનું અમુક સમયનું પ્રગટ કર્મ, તે અતિ મોટું હોઇને અધિક મોટું પરિણામ દાખવે છે.

૫૩ એશિયામાં પરદેશી લોકના સંબંધથી જેમ બને તેમ દૂર રહેવું, એ મમતવાળા પાર્થીઅન ને ચીનાઓ દેખાયા. સ્વધર્મનું રક્ષણ કરવાના મમતવાળા યાહુદી ને આર્ય એ દેખાયા. સ્વધર્મના પ્રસારને અર્થે આગ્રહવાળા આરબ તથા બીજા કેટલાક મુસલમાનો દેખાયા.

૫૪. ખંડ તથા દેશની પ્રકૃતિ જોતાં નક્કી થાય છે કે, આ દેશના

યુરોપનાં પોર્ટુગીઝ ઈ. સ. ૧૪૯૯ થી એશિયામાં દેખાયા ને સોળમા સૈકામાં તેઓ ઘણાં બંદરો સાથે મોટો વેપાર ચલાવતા અને હિંદુસ્થાનમાં તથા કેટલાક ટાપુઓમાં કહીં કહીં રાજકીય સત્તા રાખી રહ્યા હતા. એઓનું જોર અંગ્રેજ તથા વલંદાએ તોડ્યું ને એઓ સત્તરમા સૈકામાં જબરા વેપારી દેખાયા. ઈ. સ. ૧૮૫૧ માં રૂશિયાએ આસ્ત્રાખાન તથા સૈબીરિયા પોતાનામાં જોડ્યાં. તેણે ચાલતા સૈકામાં મધ્ય એશિયાનો કેટલોક મુલખ મેળવ્યો છે. હાલમાં બ્રિટિશ તે હિંદુસ્થાનનું રાજ્ય કરે છે અને ફ્રેંચ તથા ઈટાલિયન તે સિયામ, બ્રહ્મદેશ, ને એ તરફના ટાપુઓમાં વગ સત્તા વધારતા જાય છે.

* જોવું રાજ્યરંગ ભાગ બીજાનું પૃષ્ઠ ૧૮૧ મું.

† સર્વે ધર્મનો પ્રાદુર્ભાવ એશિયામાં જ થયો છે.



લોકમાં યુરોપના લોકનું અભિમાન ઉત્પન્ન થનારું નથી. જે આર્ય હજારો વર્ષ થયાં એક ઠેકાણે કુટુંબ સાથે પડેલા છે, જે આર્ય ભરતખંડમાં જન્મ પામવાથી જ પોતાને ઉંચા ભાગ્યશાળી સમજે છે,* જે આર્ય અનેક પરદેશી પરધર્મી રાજ્યના સંબંધમાં આવ્યા છતે, અસહ્ય દુઃખ પણ વેઠ્યાં છતે, સત્તાધારીથી અળગા જ રહ્યા છે, જે આર્ય સંસારને સ્વપ્નવત્ ગણી ધર્માચરણે રહી† સંસારસુખનો ઘટતો ભોગ કરે છે, તે આર્યમાં યુરોપનું દેશાભિમાન ઉત્પન્ન કરવું તે નિરર્થક છે–આર્યની દૈવીપ્રકૃતિ બદલાઈ દૈત્ય પ્રકૃતિઓ થશે ને નિંદિત કળિ પ્રબળ થયો જણાશે, તેને હજી વિલંબ થશે.

૫૫. **દેશાભિમાનનો** વિચાર આર્યમંડળમાં ન હોવો જોઇએ. તે કાળવશાત્ મોહવશાત્ થયો (ને હવે પાછો કાળવશાત્ વિવેકવશાત્ જાય છે ને જશે.) સુધારાએ પ્રવૃત્તિ સબળી કરવાને સનાતન ધર્મને નિંદ્યો, એ તેણે મહાપાપવાળી ભૂલ કીધી અને મનુષ્ય માત્રના સામાન્ય ધર્મનો બોધ ભણ્યો, એ તેવી જ બીજી ભૂલ કીધી. એક ને ઐક્ય વિષે યોજેલી નીતિમાં તે હારી થાક્યો. યોગદર્શને ને તત્વદર્શને નિરૂપેલા એકને ન માનવો પણ કર્તા જગદીશ્વર એક તેનું સ્તવન કરવું, એને જ ધર્મ કહી બોધ્યો; પણ તે ચાલ્યો નહિ–સ્વધર્મ ઉપરથી ભાવ ઉઠડાવી લોકનું ઐક્ય સુધારો કરાવી શક્યો નહિ.‡ સ્વધર્મને વગોવ્યા વિના કેવળ સંસારી વિષય જેવા કે યુરોપનાં પદાર્થશાસ્ત્ર–રસાયન યંત્રાદિ વિદ્યાની વૃદ્ધિ, યુરોપના વૈદ્યની વૃદ્ધિ, યુરોપની રાજનીતિ-

* ધર્મકૃત્યનું ફળ શીઘ્ર મળે તેવો આ દેશ છે ને એટલા માટે તે "કર્મભૂમિ" કહેવાય છે–કાળાં મૃગ સ્વચ્છંદે આ જ દેશમાં ફરે છે. નિષ્કામ દેવપૂજન, ત્યાગ ને યોગ ને બ્રહ્મજ્ઞાન એ અદ્યાપિ છે દેશમાં.

"અભિમાન રાજારાવણનાં રહ્યાં નથી," "કંસ, શિશુપાળ ને કૌરવ એ દુષ્ટ હતા" એવી લોકને સતેજ સ્મૃતિ છે.

† દેવપૂજન, દાન, બ્રાહ્મણભોજન એ આદિ ઘણાંક ધર્મકૃત્યમાં સંકલ્પની પછી "ન મમ" એમ કહેવામાં આવે છે; દેવકને યાચતાં "સઉનું સારું કરજો" એમ બોલાય છે, "શત્રુનું પણ સારું થાઓ," "પ્રભુ તેને રુડી બુદ્ધિ આપો" "કરશે તે ભોગવશે" એવાં ક્ષમા વચન ભણાય છે; "તું જાણે ને તારો ધર્મ જાણે" "બાપનો બોલ પાળવો" એ વ્યવહારવાણી હજી છે.

‡ દેશમાં આર્ય ઘણા છે પણ વળી મુસલમાન થોડા નથી–આર્યના તીજા ભાગથી વધારે છે ને પ્રવૃત્તિમાં ઘૂમનારા છે તેઓ પણ સામાન્ય ધર્મમાં આવ્યા નહી. પછી વળી સમાજવાળાએ દેશાભિમાન ટાળી નિંદેલા ધર્મને ઓંકાર લઈ આર્યનું અભિમાન ઐક્ય–ભણ્યું પણ વળી "તત્સત્" લઈ જૈનને દૂર કીધા. મંડળનો ધર્મ ફેરવાયો નહીં ને પોતે જ સ્વધર્મનિંદક નાસ્તિક પતિત ભ્રષ્ટ એવે શબ્દે અપકીર્તિ પામી મંડળબહાર જેવા મનાયા.

ઓની જાણ, યુરોપનાં સાહસિક પુરુષોનાં ચરિત્ર, યુરોપના લોકની અર્થ-પ્રાપ્તિની ને કર્મ કરવાની નીતિ, યુરોપનાં સૈન્યસાધન એ વિષે ઉપરાઉપરી બોધ લોકભાષામાં થયો હોત તો તીસ વર્ષમાં પ્રવૃત્તિ કેટલીક રીતે સબળી થઈ હત; પણ તેમ કરવું સૂઝયું નહિ. સ્વધર્મના દોષ જોવા ઉપર દાઢ ને બીજી પાસથી યુરોપના સંસારસુખ ઉપર મોહ તેથી તેવું સંસારસુખ મેળવવાને પ્રયત્ન ચલાવ્યો. સ્ત્રીજાતિની સ્થિતિ યોગ્યતા વિષે એશિયા ને યુરોપ જૂદા વિચાર રાખે છે તે ખોટા છે. દેશના આર્ય મુસલમાન તે જાતિને ઉતરતે પદે રાખે છે માટે તે મૂર્ખ છે, સમાનતા એ જ ઉત્તમ સુખનું કારણ છે—એમ સમજી ઇચ્છા સ્વયંવરે મંડળમાં પરાક્રમ દાખવી પરણવું એવો પણ સ્વયંવર પસંદ ન કીધો. લગ્ન કરવા વિષે વિચાર જણાવ્યા. બાળલગ્નની વિરુદ્ધ ને વિધવાનાં લગ્નના પક્ષમાં ભાષણ લખાણ પ્રવર્ત્તાવ્યાં. દેશની કારીગીરી દોલત વધે તેવો ઉદ્યોગ ચલાવ્યો. સરકાર તરફથી રૈયતને સુખ મળે તેને અર્થે મથન માંડ્યું. લોકની સ્થિતિપાત્રતા વિચાર્યા વિના પુખ્ત બોલનારા જુજ ને બબડાટ કરનારા કોડીલા ઘણા, સઘળા જ સંશયી, ભીરુ ને કામ કરી દેખડાવવા ઉપર દૂર જઈ બેસનારા એવાઓએ અનેક વિષય ઉપર અનેક પ્રકારની ચંચળતા દાખવી. વળી એટલું પણ બોલનારા મુંબઈ ઈલાકામાં વધારે, તેથી ઓછા બંગાળામાં ને તેથી ઓછા મદ્રાસમાં જણાયા અને એ સર્વેના મોટેરાને લેતાં સવા કુંડી પણ ન થાય ને એમાં પણ કેટલાક અર્થસાધુ, કીર્ત્તિના કોડીલા ને સર્વે સ્વધર્મથી અજાણ હોઇને પરકીય વિચાર ઉપર મોહિત હતા. એ સ્થિતિમાં દેશાભિમાન એ શબ્દ પોતાનું રજસ્તમસી પ્રચંડપણું રાખી શકયો નહિ ને ‘દેશના સઉનું સારું થાઓ’ એ શુભેચ્છાવાળો સાધારણ અર્થ રાખતો થયો કે, જે ‘પ્રાણીમાત્રનું સારું થાઓ’ એ સાત્વિક શુભેચ્છા આગળ ક્ષુદ્ર છે. એક ઇચ્છા પ્રગટ સ્વાર્થ તથા છૂપી ઇર્ષાયુક્ત છે ને બીજી તે પરાર્થ તથા ઔદાર્યની છે; તો બીજી જ મોટી બળવાળી છે. સકામબુદ્ધિ કરતાં નિષ્કામ બુદ્ધિ જ શ્રેષ્ઠ છે. કેમ કે એ આસક્તિરહિત હોવાથી એક નિષ્ઠાએ કર્તવ્ય કરવાવાળી હોવાથી શોક મોહ સંશય વિનાની હોવાથી વિશેષ બળ ધારણ કરે છે. અંતે જય નિરભિમાનનો જ છે. અર્થાત્ દેશાભિમાન આર્યને યોગ્ય નથી. તોપણ વળી **ધર્મભૂમિ ભરતખંડમાં આર્ય છે માટે દેશભક્તિ**–કીર્ત્તિનો વિચાર સમયસ્થિતિ જોઈ આર્યકર્મિષ્ઠ તે વર્તમાનમાં આદરપૂર્વક ભલે રાખે.

૫૬. સુધારાએ બોધેલું દેશાભિમાન સિદ્ધિને પામ્યું નહિ; કદાપિ નાનો દેશ હોય તો તેનો કાંઈ પણ સત્કાર થયો હોત. સુધારાના અગ્રેસરને સુધારાવાળા મોટા પુરુષનું માન આપે છે, પણ એઓ નથી જાણતા કે આર્યમંડળમાં આજે પણ કેટલાક મહાબુદ્ધિમંત પુરુષો છે કે, જે દેશકાળ વિચારી આગળ પડતા નથી. પણ હવે અમે કાળનો મોહમહિમા માની સુધારાની ચંચળતા તે આર્ય મંડળની સ્થિતિ બદલાવાનું પૂર્વચિહ્ન છે એમ જાણી આર્યની સંસાર ઉન્નતિને કાજે પણ કહીએ છીએ કે (૧) તેઓએ ભગવદ્ગીતામાંના શ્રેયાન્ સ્વધર્મો૦ એનો નિદિધ્યાસ રાખવો, કે જેથી મોહ ખસે. (૨) સ્વધર્માનુષ્ઠાન કરવું સત્ય માનીને કે આ દેશનો વિશેષ મહિમા છે કે ધર્મ કર્મ કરવાથી ફળસિદ્ધિ વહેલું દર્શન દે છે.* (૩) બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય એ જ્ઞાતિકુળોએ પોતપોતાનાં ધર્મ કર્મ રાખવાં.† (૪) સંસારી ઉદ્યોગને માટે સૌ પોતપોતાને ફાવતાં કરે પણ સ્થિર બુદ્ધિયે. (૫) રાજકીય વિચારમાં થોડાક સમજુક પુકત જનો એ જ આગળ પડે.

૫૭. આર્યજને દેશાભિમાનનો વિચાર કાઢી જ નાખવો ને તેને બદલે સ્વધર્મસંરક્ષણના વિચાર દૃઢ કરવા. મુસલમાનને દેશાભિમાનનો વિચાર છે જ નહિ પણ સ્વધર્મરક્ષણનો છે જ. ધર્મ ને સંસાર એ વિષય આર્ય મુસલમાન ને બીજા સઉના જૂદા જૂદા છે માટે તે તે લોક પોતપોતાને માટે પોતાનામાં ભલે ચરચે. પણ વળી એને માટે પણ આ સમય નથી. આર્યલોકે ધર્મ તથા સંસારસુધારાની ચર્ચા **સારી સ્થિતિમાં** આવ્યા પછી કરવાની છે; અમણાં તો દેશની દોલત વધે, દેશમાં વિદ્યાકળા વધે અને સરકાર તે પ્રજાને ઘટતું સુખ કરે, એને માટે સઘળી જાતના લોકમાંના યોગ્ય કર્મિષ્ઠ પુરુષો સંપે રહી ઉત્સાહે વિચાર કરે—એમ દેશનું કલ્યાણ જોવાને સમયોચિત ઉપાય કરે તે જ ખરી દેશભક્તિ છે. જેમાં દેશના કોઈ લોકને બાધ નહિ એવો એ ઉદ્યોગ પ્રથમથી ચાલ્યો હોત તો દેશને મોટો લાભ થયો હોત. અનેક વિષય ઉપર બબડાટ કરવાથી લાભ થયો નથી ને થનાર નથી. દેશકાળ વિચારી બાવરાપણું ટાળી અમુક ઉદ્દેશને પાર પાડવા ભણી ચિત્ત કરવું ઠરી બુદ્ધિયે, એથી જ લાભ છે.

૫૮. દેશ બહુ મોટો હોવાથી, બહુ જાત ધર્મના લોક હોવાથી ને

* ઉષ્ણતા દેખાતી નથી પણ અસર કરે છે તેમ પુણ્યપાપની અસર પણ છૂપી ક્રિયાએ પ્રગટ કાર્ય દેખાડે છે.

† અંગ્રેજી સૈન્યમાંના હિંદુઓ પરદેશમાં પણ પોતાનો આચાર રાખે છે, મુસલમાની રાજ્યમાં કેટલાક બ્રાહ્મણ મુસલમાની વેશ રાખતા પણ ઘરમાં વેદોક્ત કર્મ કરતા. અમણાના કેટલાક બ્રાહ્મણ કચ્છ વિના પાટલુન પેહેરે, અભક્ષ્યાભક્ષ્ય કરે ને એવી બુદ્ધિ મંડળમાં વધારવાને ઉદ્યમી રહે.

જૂનાં નવાં રાજકુળ થોડો ઘણો પ્રદેશ પોતાની સત્તામાં રાખી રહેલાં તેથી આખો દેશ એકજ રાજકુળને એકસરખોજ આધીન, એવું કોઈ કાળે નહોતું. ઘણાંક નાનાં મોટાં રાજ્ય ને એમાં પ્રત્યેક મોટાંનાં મંડળિક રાજ્ય હતાં; અને મોટામાં મોટું તે જ્યારે ઘણાંક મોટાં નાનાં રાજ્યો પાસે પોતાની સર્વોપરિ સત્તા મનાવતું ત્યારે તેનો અધીશ તે રાજાધિરાજ ચક્રવર્તી કહેવાતો.*

મહારાજ્ય તૂટવાથી છૂટાં પડતાં તથા તે હંગામમાં કેટલાંક નવાં મંડાતાં એમ જૂદાં જૂદાં સ્વાધીન રાજ્ય થતાં અને વળી કેટલોક કાળ વીત્યા પછી નવું કોઈ મહારાજ્ય થતું.

૫૯ કલિયુગના આરંભ લગી તો સૂર્ય ચંદ્રવંશી ક્ષત્રીઓનાંજ રાજ્ય હતાં ને તેની પ્રકૃતિ એક સરખીજ હતી. વંશપરંપરાનો પુરુષ રાજા, (સ્ત્રીને રાજપદનો અધિકાર નહિ,) ધર્મયોજક–વ્યવસ્થા કરનારું–ધારા બાંધનારું શિષ્ટ બ્રાહ્મણોનું મંડળ, પ્રધાન મંડળ અને કાર્યભારના અધિકારીઓનો સમૂહ એમ હતું; વળી નગરગ્રામના ધંધાના સ્થાપિત મુખીઓને કાર્યપરત્વે પૂછવામાં આવતું. જનમેજયના કાળ પછી ધારા બાંધનારું મંડળ નિત્યને માટે કોઈ રાષ્ટ્રમાં નહોતું–પૂર્વકાળની સ્મૃતિયો, પરંપરાનો વહીવટ ને સમયની સમઝ એને આધારે નવી કોઈ વ્યવસ્થા રચાતી.

રજપૂત રાજ્યની પ્રકૃતિ ક્ષાત્ર રાજ્યની પ્રકૃતિથી જૂદી; મુસલમાન આવ્યા તેની અગાઉના રજપૂતોની ને પછીના રાજપૂતોની જૂદી; રાજકાર્ય

* સત્ય, ત્રેતા દ્વાપરના ચક્રવર્તી વિષે બીજે કોઈ પ્રસંગે બોલાશે. કલિયુગના આરંભમાં પહેલો યુધિષ્ઠિર મનાયો. રાજાધિરાજનો પર્યાય શબ્દ ચક્રવર્તી કલિયુગને માટે કહિયે ને ચક્રવર્તીમાં જેણે પરધર્મી રાજ્યોને અને સ્વધર્મી રાક્ષસોને હણી ધર્મનું સંસ્થાપન દેશમાં કરી શક વર્તાવ્યો તે શકવર્તી. યુધિષ્ઠિરે ઇંદ્રપ્રસ્થમાં રાજસુયજ્ઞ કરી શક વર્તાવ્યો; કૌરવને પાડી હસ્તિનાપુર લેઈ ચક્રવર્તીશ્રી દાખવી. પાંડવ પછી દેશમાં જે ઘણાંક રાજ્યો હતાં તેમાં મગધનું મહારાજ્ય હતું; એને મોરીવંશના અશોકે કીર્ત્તિમંત કીધું ને એ બૌદ્ધ ચક્રવર્તી મહારાજા કહેવાયો. એની પછી બૌદ્ધધર્મી રાજ્ય તૂટવા માંડ્યાં ને ડબાઈ રહેલાં બ્રાહ્મણધર્મી રાજ્ય ઉદ્યમી થયાં. તેવામાં બીજાં ઘણાંક પરદેશી પરધર્મી રાજ્યો પણ હતાં. પછી વળી **અગ્નિકુળ** જેનું એવા રજપુત લડવૈયા લોક નવા દેખાયા ને એમાંના એક ઉજ્જનના વિક્રમે પરદેશી રાજકુળ સઘળાંને કાઢયાં, બૌદ્ધરાજ્યોને તોડ્યાં, બ્રાહ્મણધર્મને પુષ્ટિ આપી ને શક પ્રવર્તાવ્યો. એકસો પાંતરીસ વર્ષ પછી દક્ષિણ હિંદુસ્થાનમાં શાલિવાહને મોટું રાજ્ય કરી પરધર્મીની સત્તા કાઢી શક ચલાવ્યો પણ તે પોતાનો જય નર્મદાની ઉત્તરે આણી શક્યો નહિ. પછી દેશમાં સર્વત્ર રજપૂત રાજ્ય હતાં ને તેમાં કનોજ તથા દિલ્હીનાં મહારાજ્ય બીજા બધામાં સર્વોપરિ હતાં ને પહેલું તે પોતાને ચક્રવર્તી સમજી તેમ મનાવવાને ઉદ્યમી હતું.



વિષયમાં પ્રથમના રજપૂતોમાં બ્રાહ્મણનું ચલણ અવશ્ય હતું; પછી ભાટોનું, પછી વાણિયાનું એમ દેખાયું છે; મરેઠી રાજ્ય તથા પેશવાઈની પ્રકૃતિ, મુસલમાની ને બ્રિટીશ બાદશાહીની પ્રકૃતિ એમ જૂદી જૂદી જણાઈ છે. એ વિષે પ્રસંગે બોલાશે.

૬૦ **રાજ્યની પ્રજા** એ રૂપે સ્વદેશી સ્વધર્મી પરદેશી પરધર્મી કોઈ પણ સત્તા તળે આર્યે નિત્યને માટે સર્વત્ર સુશીલપણુંજ દર્શાવ્યું છે. ધર્મનિંદકચ્છેદક તથા પ્રજાપીડકહિંસક રાજપુરુષ જ્યારે અતિ અધર્મી ને આત ક્રૂર થતા ત્યારે (વળી પણ કેટલુંક સહન કીધા પછી) પ્રજામાંના અધિક ધર્મિષ્ઠ બળિયા* તે અથવા થોડાક ધર્મિષ્ઠ રાજપુરુષ સ્વસૈન્યવાળા તે અધર્મી તથા તેના સંગી સાથે યુદ્ધ કરી તેઓનો સંહાર કરતા. પણ એમ કરવાને એક કે સર્વે રાજ્યની શસ્ત્ર લેઈ શકે તેવી પ્રજાના થોડાક ભાગે પણ ઘણો કાળ મથન કીધું કે ઐક્ય કરવાનો ઉદ્યોગ ચલાવ્યો, એવું દેશમાં દેખાયું નથી. આર્ય પ્રજા રાજપુરુષને દેવતાના તેજાંશવાળો સમજી પૂજ્ય ગણે છે.† ધર્મશિક્ષકના બોધને પરમ આસ્થાથી પાળે છે અને પ્રવૃત્તિના કલહથી ને યુદ્ધના વ્યસનથી છેટે અળગીજ રહે છે કે જેનું મંગળ પરિણામ આ કે આર્યમંડળ હજારો વર્ષ થયાં **પોતાની સ્થિતિ રાખી રહ્યું છે.** સમય સમયના ત્રાસદ રાક્ષસ સમય સમયના અવતરણ સ્વરૂપોનાં અસ્ત્રશસ્ત્રબળે નાશ પામ્યા છે ને પ્રજા વ્યવસ્થિત ક્ષેમ રહી છે.‡ ભગવદ્‌ગીતામાં કહ્યું છેઃ—

* અગસ્ત્યાદિ શસ્ત્રધારી ઋષિઓએ રાક્ષસોને હણ્યા હતા. પરશુરામે ક્ષત્રીઓ સામાં યુદ્ધ કીધું હતું. કેટલાક ઋષિઓએ કેટલાક રાજાઓને સિંહાસનેથી ઉઠાડી મુક્યા હતા. દ્રોણ, કૃપ, અશ્વત્થામા એ યુદ્ધમાં ઘુમ્યા હતા. યુદ્ધકર્મ નિત્યને માટે બ્રાહ્મણનું નહિ પણ ધર્મરક્ષણને અર્થે સમયે સમયે થોડાક બળીઆ તે ક્ષાત્રકર્મ કરતા. બૌદ્ધરાજા પ્રજાનો સંહાર શિષ્ટ બ્રાહ્મણોએ રજપૂત રાજાઓને સમજાવી એઓ પાસે કરાવ્યો હતો. મોગલ ફોજમાં થોડાક બ્રાહ્મણ હતા, પેશવાની તથા મરેઠાની ફોજમાં હતા, હાલ રજપૂત તથા મુસલમાન રાજ્યોની ને બ્રિટિશ ફોજમાં છે; બ્રાહ્મણોએ સમય ઉપર પોતાના ગામનાં રક્ષણ કીધાં છે–તો પણ દેશના બ્રાહ્મણ વર્ગના બહુ બહુ થોડા જણેજ શસ્ત્ર લીધાં છે.

† રાજા અન્યાયે વર્તતો થયો કે દેવતાએ પોતાનું તેજ લેઈ લીધું એમ સમજી પછી તેને પૂજ્ય ગણતા નથી પણ દૈત્ય કે રાક્ષસ ધિક્કાર પાત્ર નાશપાત્ર સમજી તેના પુણ્યના ક્ષયકાળની વાટ જુવે છે અને સમય ઉપર લડવૈયો વર્ગ લડાઈ કરે છે.

‡ ભૂમિ ઉપર અધર્મનો ભાર વધેથી તે ગાયનું રૂપ લેઈ બ્રહ્મા પાસે ગઈ ને પછી દેવતાએ પોતાના અંશાવતરણ કરી અધર્મીને સંહાર્યા એવી કથા છે. ધર્મમર્યાદાએ સુશીલ રહેલી પ્રજાનું ચિત્ત અધર્મને ત્રાસે વ્યાકુળ ને પછી ગદગદ થઈ

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

૬૧. નિત્યને માટે સામાન્ય નિયમ આ છે કે, પ્રજાને સ્વદેશી સ્વધર્મી રાજ્યમાં ઉત્તમ, પરધર્મી સ્વદેશી રાજ્યમાં મધ્યમ ને પરધર્મી પરદેશી રાજ્યમાં કનિષ્ઠ એમ સુખ હોય–પછી કોઈ કાળે પહેલામાં બહુ દુઃખ ને ત્રીજામાં સુખ પણ હોય. સ્પષ્ટ છે કે પરધર્મી સ્વદેશી રાજ્ય તે ધર્મ તથા ન્યાય ઉપર પ્રહાર કરે પણ એ થોડેક કાળે બંધ પડે ને દેશનું દ્રવ્ય તો દેશમાં જ રહે; પરધર્મી પરદેશી હોય તો તે ધર્મ તથા ન્યાયને બહારથી કે ભિતરથી છેદે ને વળી દ્રવ્યને તો લેઈ જ જાય; અને દેશી સ્વધર્મી બગડે તો પાછું વહેલું ઠેકાણે આવે.* એ નિયમ આર્યના સંબંધમાં તો યથાતથ્ય છે; કેમ કે ધર્મને કારણે તેઓ બહુ કાળથી અલગ જ રહ્યા છે ને ધર્મના બંધારણવાળી પોતાની નીતિ રીતિને વળગી રહ્યા છે. પણ વળી રાજ્યનાં સુખદુઃખ વિષે નિઃસ્પૃહ રહેવું, એમાં જ આર્યે પોતાનું ઉત્તમ જ્ઞાનસુખ માન્યું છે તેથી સંપદામાં ઉન્મત્ત થતા નથી ને આપદામાં ધીરજ મુકતા નથી. પોતાનું ધર્માચરણ ને પોતાનો કુળ ઉદ્યોગ કર્યાં જ કરે છે.

૬૨. **વિક્રમથી પૃથીરાજ સુધી સ્વદેશી સ્વધર્મી રજપૂત રાજા હતા.** પછી આર્ય કોઈ તે પરધર્મી સત્તાધીશની ને કોઈ તે સ્વધર્મી સત્તાધીશની પ્રજારૂપે હતા; પછી મોટો ભાગ તે મોગલ બાદશાહીના તાબામાં હતો; પછી વળી દક્ષિણમાં મરેઠાનું રાજ થયું ને એની પેશવાઇએ બાદશાહીને કમજોર કીધી; પછી વળી દેશમાં રજપૂત તથા મરેઠા ને મુસલમાન ને અંગ્રેજ ને ફ્રેંચ એ સર્વેએ ધમસાણ મચાવ્યું કે જેનો અંત અંગ્રેજ કંપનીના જયમાં જોવામાં આવ્યો.*

પછી વળી કંપનીનું રાજ્ય તેની પાસેથી રાણીએ લેઈ લીધું ને પોતાને નામે ચલાવ્યું. પછી વળી રાણીએ **કયસરેહિંદ** એ મોટે ઘલકાએ બ્રિટિશ રાજ્યનો આ દેશમાં પૂરો ઉત્કર્ષ દાખવ્યો ને તે અમણાં પોતાના સરદાર અમીરરૂપ ઘણાક દેશી રાજાસહિત વિરાજે છે.†

૬૩. ત્રટતી મુગલાઇમાં આર્યપ્રજા સ્વસ્થ નહોતી; પેશવાઈ ગઈ ને પિંડારા વિખરાઈ ગયા પછી અંગ્રેજી રાજ્યમાં પ્રજા સ્વસ્થ થઈ; પણ તેટલે બ્રિટિશ સરકારે દેશના લોકની માઠી સ્થિતિની દયા ખાઈ સારી સ્થિતિ કરવાને રાજકીય પ્રયોગ ચલાવ્યા. ખ્રિસ્તી પાદરીઓએ લોકોને ધર્મનીતિસંસાર વિષયમાં મૂર્ખ દયામણા કહી દાઝમાં પોતાની તરફના પ્રયોગ ચલાવ્યા. સમાજવાળાએ પોતાનાં જ મહામંડળને ધર્મમૂઢ કહી પોતાના પ્રયોગ ચલાવ્યા. યુરોપ અમેરિકાના કેટલાક લોક વિસ્મય ભણે છે કે, મોટી સંખ્યા એક જથે છતે પ્રજા બાપડી પરાધીન કેમ? દેશી રાજાઓ નિર્માલપણામાં ઉપરી સરકારના દોર્‌યા દોરાય છે. ખાલસાની પ્રજા ધંધાવિના તથા કરવેરાના ભારથી તથા વારેવારે બદલાતા કાયદાથી મુઝાય છે;–અને એમાંના જુજ તે દેશી સમસ્તના રાજકીય સુખને અર્થે સરકારને દીનતાએ જાચે છે. પવિત્ર ગૌચર ખેડાયાં પણ દેશ દારિદ્રયમાં છે અને દેશી સર્વે તનમનધને સ્થિતિભ્રષ્ટ નીતિમલિન છે. દામણો દેશ ને દામણા દેશીઓ! દૈન્ય, દૈન્ય સર્વત્ર આર્યભૂમીમાં દૃષ્ટિગોચર છે!

૬૪. કંપની સરકારની કારકીરદીમાં એની **પોતાની પ્રજા** દિવાની ફોજદારી ઇનસાફથી ને નિશાળોની સ્થાપનાથી રાજી હતી અને જો કે ૧૮૫૦ પછી જાગીરદારોના હકના પિંખણાંની તથા એ રાજ્યને ખાલસા કીધાની તેને થોડી ઘણી જાણ હતી, તોપણ તે વિષે તે નિઃસ્પૃહ હતી; ને ૫૭ ના બળવાથી સરકારને આપત્તિ તથા દેશમાં અસ્વસ્થતા જોઈ શોક ભયમાં હતી. મોટા દેશી રાજ્યોને **જો કે** નાગપુરનું (૫૩) તથા અયો-

ઈશ્વર ભણી વળે છે ને પરાવાણીએ વદે છે કે દેવ તું જ અશરણ શરણ છે–તરત જ પછી ઈશ્વર કરુણા કરે છે–બ્રાહ્મણ કે વેરાગી કોઈ ક્ષત્રિકર્મ કરનારાને બોધે છે ને એ યુદ્ધને અર્થે બહાર પડે છે. **રામને** વસિષ્ઠ **વિશ્વામિત્રાદિક** હતા; રજપૂતોને બ્રાહ્મણ ને ભાટ હતા; **શિવાજીને** રામદાસ સ્વામી હતા.

કોઇને ઉપદ્રવ ન કરવો, મળે તેથી સંતુષ્ટ રહેવું, ધણીનો કોપ ખમવો, ધણીને ઉપયોગી વસ્તુઓ આપવી એ આદિ સાત્વિક ગુણ ગાયના છે ને તેવા જ ગુણ આર્યપ્રજાના છે. અને સાધુજન એટલે સ્વધર્મે રહેતા, નિરુપદ્રવ, સત્ય તથા ન્યાયવાળી રહેણીના, સૂધા પ્રપંચરહિત તે.

યૂરોપનાં કોઈ પણ રાજ્યની પ્રજામાંથી ફોજદારી ગુનાહ કરનારાની સંખ્યા લેઇયે ને આ દેશના તેટલા જ પ્રદેશના ગુનેહગારોની સંખ્યા લેઇયે તો અહીંની સંખ્યા ઘણી જ ઓછી જણાશે.

* એ વિષય, રાજકીય વિચાર કરનારા અમણાના અગ્રેસરોએ સારી પેઠે શિખવાનો છે કે જેથી તરતના રૂડા દેખાતા સુધારા દાખલ કરતાં ભાવીમાં તે ભારે ન પડે તેવી સમજ રહે.

અમને સાંભરે છે કે મુસલમાની હાકમી ને **બ્રિટિશ** હાકમી એ બેના મુકાબલાની ચોપડીઓ છપાઈ હતી ને તેવામાં અંગ્રેજ અધિકારીઓએ પણ વિચાર જણાવ્યા હતા.

* **વિક્રમથી** તે અમણા સુધીના કાળની આર્ય પ્રજાના સંક્ષિપ્ત ઇતિહાસને માટે **સ્વદેશવત્સલ** માસિક ગ્રંથમાં **આર્યદર્શન** જોવું.

† જોવો રાજ્ય રંગ ભાગ બીજો, પૃષ્ઠ ૭૫ મું.

ધ્યાનું (૫૬) રાજ્ય ખાલસા કરવામાં આવેથી મોટી ફાળ પડેલી ને પછી કંપની સરકારની પોતાનીજ ફોજના હિંદુ મુસલમાન સીપાઇઓએ દિલ્હી તથા પુનાનાં રાજકુળની હિમાયતે અંગ્રેજોને દેશમાંથી કાઢવાને મોટું બંડ ઉઠાવેલું ને સરકારનું પાસું નબળું પડેલું તો પણ તેઓ બ્રિટિશ રાજ્યને મદદમાં હતાં ને એ મદદ તેના જયના સાધનમાં મોટી ગણાઈ છે.

રાણી સરકારની કારકીર્દીમાં એની **પોતાની પ્રજાએ** અધિક સુખની આશા રાખેલી, પણ બનાવો ઉત્તરોત્તર ગમતા અણગમતા એવા બન્યા કે જેમાં અણગમતા આગળ પડ્યા-(૧) ઉપરાઉપરી ધારા નિકળ્યા, તેમાંના કેટલાક અમલમાં આવ્યા પછી થોડી મુદતમાં થોડા કે ઝાઝા કે પૂરા રદ થયા; કેટલાકનો હેતુ અદાલત સેવતાં બહુ ખરચ તથા મોટી મુદતે નિકાલ થાય તેવો તથા કેટલાક જમીનદારનાં ધણીપણાંનો હક છેદાય તેવો જણાયો; અને ઇનસાફના ચલણનું તેજ ઘટાડી અમલદારીનું તેજ વધારવાનો ઉદ્દેશ છે, એમ ખુલ્લું દેખાયું. અમલદાર કાબેલ પણ ઉછ-ળતા, મતીઆ ને કરડા જણાયા. બારીસ્ટરી અને વકીલાઈ બહુ બહુ રીતે કાયદાને સમજાવતી જણાઈ; વળી ફોજદારી ગુનાહ ખોળવામાં ને સાબીત કરવામાં પોલીસની ચબરાકી વિશેષ દેખાઈ. કમાઈ, ધંધા, અફીણ, આબકારી, મીઠું, જંગલ, નરક વગેરે ઉપર કરભાર મૂકાયો. દેશી બજાર મંદો રહી ઘટે તેવી યોજના વેપાર પ્રકરણમાં દેખાઈ. કેટલાંક ખાતામાં એટલી બધી અવ્યવસ્થા વડી સરકારને ખુદને જ લાગી કે ખરાં કારણ જાણ-વાને ઘણાંક કમીશનો ને કમીટીઓ તેણે નીમી. પણ એથી એટલું કે સર-કાર કાળજી રાખે છે એમ લોકે જાણ્યું, પણ શેવટ થયું ત્યારે ઠીકાઠીક.* (૨) પ્રજાને ગમતા બનાવ આ હતા-સીવિલ સરવિસને માટે દેશીને પણ પાત્ર ઠેરવેલા. તે કોઈ કોઈ વગિયાને ઊંચી નોકરી આપે છે; લેજીસ લેટીવ કૌંસલમાં પોતાના પસંદ કરેલા દેશીઓને બેસાડે છે ને જીલ્લાકોરટમાં આસે-સર છે; મ્યુનિસિપલ કમીશનરોમાં થોડાક નગરજનને પણ પોતે ખોળી નીમે છે અને કોઇ કોઇને ખિતાબ આપી લોકમાં રુડું મનાવે છે. કેળ-વણીની વ્યવસ્થા એવી રાખવામાં આવી કે, ઘણાક છોકરા અંગ્રેજી તથા દેશી ભાષામાં ભણતા થયા ને કેટલાક તો યુનિવર્સિટીનાં સ્થાપિત પદને પામ્યા. (૩) લોકોપયોગી કામ રસ્તા, રેલવે, દવાખાનાં, પોસ્ટઆફીસ, ડક્કા, પુલ, ઇમારતો એ વધ્યાં છે ને ઠામઠામના લોકનો સંબંધ વહેવાર

* પ્રથમ દુકાળે વાલ્યો ઘાણ ને પછી ખોરાકની તાણ; સુરતે પાડી હડતાળ ને પડી સરકારને ફાળ; ફડકેનો ઉત્પાત ને સરકારને ઉચ્ચાટ, એમ પણ હતું.



તથા તેમની સગવડ વધી છે. **દેશી રાજ્યમાં** મોટાં તે સર્વોપરી રાજ્યનું કોડ પૂરું પાડતાં પોતાનું માન ઝાખું થયું એમ માનતાં હોય, વડોદરાની ખટપટે તેઓ ભય પામ્યા હોય અને રેસીડન્ટ તથા એજંટની સાથેના વહે-વારમાં તેઓને કેટલુંક ન પાલવતું પણ હોય:-તોપણ, તેઓએ રાણીના પુત્રોને બહુ માન આપ્યાં છે; અને દિલ્હીના મોટા મેળાવડામાં મુજરા ભર્યાં છે. વળી સરકાર પણ પોતાની તરફથી જેને જેટલું ઘટિત તેને તેટલું માન આપે છેજ. અજમેરમાં રાજપુત્રો માટે શાળા રાખી છે. નાના રજવાડામાં એજંટ અધિકારીઓ અંકોશ રાખે છે ને રાજ્ય માંહેની વ્યવસ્થા પણ ચલાવે છે ને મુલખ સુધરાઈ કરાવે છે. રાજકોટમાં રાજકુમાર કોલેજ છે ને ભાયાત કોરટ છે.

૬૫. સમય સમયની રાજ્યનીતિ ને પ્રજાસ્થિતિ જૂદી જૂદી દેખાઈ છે ને દેખાશે. પણ નીતિ સામાન્યતઃ નિત્યને માટે તો દેશી ભણી ઉદાર થવાની નહિ જ. હિંદુસ્થાનની સમૃદ્ધિનો યથેચ્છ ભોગ બ્રિટનના લોક કરે છે ને કરશે ને અહીંના લોક દુઃખે દહાડા કાઢશે. પરદેશી સત્તાધારી જો આ દેશના રહીશ થાય* તો વળી 'બાદશાહ ત્યાં બજાર' એ નીતિયે દેશ પાછો દોલતમંદ થાય. જેટલા મુલનો માલ બહાર જાય છે તેથી વધારે મુલનો અહીં આવે છે એ દેખીતું સારું છે પણ જે આવે છે તે ટકાઉ નહિ ને મોજમઝાનો. દેશી કારીગીરીને ઉત્તેજન મળતું નથી ને જોઇયે તેટલું તો કદાપિ મળનારું નહિ. મુગલાઈમાં ખેડુતોને સુખાકારીમાં રાખી રેવીન્યુ લેવાતું ને હાલની સરકાર ધારે તેટલું લે છે. પછી ખેડુતો પાસે હોય કે ન હોય-કરજમાં પીલાય કે ખેતી છોડે; બહુ કાળની ને ટોડરમલે તાજી દેખાડેલી નીતિ કે અનાજ ખળીમાં આવેથી સરકારે પોતાનો હિસ્સો લેવો, પણ હાલ તેમ નથી. કુદરતી કાયદો ખેડુતને મળે તેમાંથી પણ સરકાર લે છે. આગળની રીતથી ખેડુતો કોઈ દહાડો અન્નની તાણમાં ન હોતા, ને અમણા કેટલાક રહે છે પણ ખરા.† સરકાર કેટલાક જણને માન આપી લુખ્ખાં લાડ કરે છે, જમીનની બક્ષિશ કોઇને કરતી નથી. (સરકાર તર-ફથી દેશને સધન કરવાની તજવીજ થતી નથી ને દેશીઓએ દેશી માલ જ વાપરવો, એ વિષે બહુ બોલાયું લખાયું છે જ.)

* બ્રિટીશ રાજકુળ, લોક, ને સરદાર શું વિચારતા હશે; અને અહીંના લોકને દ્રવ્ય ઉપરાંત બીજો ફાયદો છે કે ગેરફાયદો; એ વિષય જાણવાજોગ છે.

† ખળી ભરાવાના ને કહોલાં મંડાવાના સમયની જાત્રા ને ખેડુતની ઉદારતા જે થતી, તેની સ્મરણ નોંધ અહીં રાખીશું.

બ્રિટિશ ખાલસાની પ્રજા અંગ્રેજી કેલવણીથી ને ન્યુસપેપરથી જાણ મેળવતાં રાજ્ય વહેવારમાં સમજ વધારતી જાય છે. પૂર્વનાં આર્ય રાજ્યમાં **રાજધર્મ** એ શબ્દ સર્વત્ર સંભળાતો. રજપૂત રાજ્યમાં ગાદીપતિ તે **આપજી** એ શબ્દે ઓળખાતો ને ઓળખાય છે, અને આ રાજ્યમાં **પ્રજાના હક*** એ શબ્દ અને "સરકાર આપતી નથી" એ ધ્વનિ સંભળાય છે. આર્ય રાજ્યમાં શિષ્ટ બ્રાહ્મણોએ ક્ષત્રી રાજાઓને પ્રજા સર્વ પ્રકારે સુખી રાખવા વિષે પોતાના સારા દાખલાથી પ્રજાની નીતિ સંરક્ષિત રાખવા વિષે બોધ વચન કહ્યાં હતાં; અને અમણા આ દેશની સઘળા ધર્મની પ્રજાના મુખમાં હક શબ્દ છે કે, જે હાલ યુરોપનો સબળ અર્થ ન રાખતાં માત્ર સ્થિતિના રુડા નિર્વાહને માટે જરૂર જોઇએ એવી પ્રસાદી વાંછે છે. કંપની સરકારની કારકીર્દિમાં પ્રજામાંના ફક્ત જમીનદારો હક શબ્દ વાપરતા, અને **રાણી** સરકારની કારકીર્દિમાં સર્વ પ્રજામાં તે વપરાવવા લાગ્યો છે. સરકારે આપેલી છુટની મેહેરે પ્રજા હકની માંગણી કરે છે. એ છુટ કંપની સરકારે આપી. બળવાના વખતથી સત્તાધારી વર્ગને એમજ લાગ્યું કે, હવે દેશીઓ ભરોસો રાખવા જેવા નથી; દબતા નહીં રાખીએ તો માથે ચડી બેસશે. પણ એમ વર્તવામાં અપકીર્તિ ન મળે એવી પણ તજવીજ રાખવી ને વેળાએ વેળાએ ઘટતું દાન પણ કરવું, એ વિચારે **રાણીની** સરકાર વરતી ને **બ્રિટિશ** ખાલસામાં સરદારરૂપ અધિકારીઓની સત્તા પ્રબળ થઈ; કે જે રાણીના કયસરેહિંદ થવાથી નિરંકુશ જેવી છે; પણ વળી **બ્રિટિશ** રાજ્ય પોતાની મ્હોટી હાક છતે પોતાની ભાવિ સ્થિતિને માટે અતિ સાવધ પણ રહે છે; ને તેણે શસ્ત્ર ન રાખવાનો ધારો કીધો છે; કોઈ કોઈ વેળા પ્રજાને બોલતી બંધ કરે છે ને કોઈ કોઈ વેળા કાંઈ કાંઈ આપે છે. કંપનીની કારકીર્દીમાં લાર્ડ બેંટીક હતો તેમ મહા-

* યુરોપમાં જર્મની તથા રુશિયાએ રાજાની સત્તાને શ્રેષ્ઠ સ્થાપી છે અને ઇંગ્લંડ ફ્રાન્સે પ્રજાની સત્તાને શ્રેષ્ઠ માની છે–પૂર્વે રાજાઓના વધ પણ કીધા છે; પણ વળી પછી ઇંગ્લંડે રાજપદને સર્વોપરી સ્થાપી, સરદાર વર્ગનાં માન પદને માની, રાજપ્રધાન મંડળનાં કામ ઉપર અંકોશ દેખાડતી એવી પ્રજાની પ્રતિનિધિ સત્તા રાખી છે.

યુરોપનાં રાજ્ય ને પ્રજાના હક એ વિષે થોડુંક રાજરંગ ભાગ બીજામાં જોવું. નગર પ્રજારાજ્ય ગ્રીસ રોમનાંને વાસ્તે રાજ્યરંગ ભાગ પહેલો (નર્મગદ્યમાં) જોવો. પ્રજામાંના વડીલની સત્તાથી અંકુશિત રાજપ્રધાન મંડળ, એ વ્યવસ્થા આર્યરાજ્યની હતી; નગરની વ્યવસ્થા નગરના મુખીઓ ને જ્ઞાતિની તે વડીલ કે કુળવંતા રાખે અમણાની અહીંની એકચક્રી તે વસ્તુતઃ રુશિયાની કરડી નીતિ રાખે છે પણ દેશી રાજ્યોના સંબંધમાં ફ્રેંચ ફ્યુડલ સોવરેનની દાખે છે ને ખુદની પ્રજાના સંબંધમાં બ્રિટીશ રાજ્યની.



રાણીની કારકીર્દીમાં હાલ **લાર્ડ રીપન** છે. એ નામવરે પ્રજાને થોડાક હક આપવાને મતિ ચલાવી છે ને પ્રજા હરખ દેખાડે છે. એ મતિનું ચલન, સામી મતિનું ચઢન–પડન ને પ્રજાનું વર્ત્તન એ હવે જોવાશે. એમ પ્રજાને હક મળો ને પછી વળી કોઈ સમે **બ્રિટિશ** પાર્લામેન્ટમાં કે અહીં સ્થપાયલી પાર્લામેન્ટમાં દેશીઓ વિરાજો! તોપણ જયી ને જિતમાં પરસ્પર વિશ્વાસપૂર્વક સ્નેહ થઈ પ્રકાશે, એવો સંભવ અમને ભાસતો નથી જ. સત્તાનું અભિમાન સર્વ પ્રકારે બળવાન્ સર્જ્યું છે ને પ્રજામાંના થોડાકનું તે પણ સર્વ પ્રકારે નિર્બળ છે; બંને અભિમાન હજીલગી ડાહ્યાં છે; પણ અભિમાનનું પરિણામ વ્હેલે મોડે કલહ છે જ, ને એ ઉથલી જવો એ સુભાગ્ય કહેવાય.

દેશી રાજ્યના સંબંધમાં **બ્રિટિશ** સત્તા માનપૂર્વક વિવેકે વર્તે છે, પણ તેની ઘડીઘડીની પ્રકૃતિ જોવે તથા તે પ્રમાણે ઉપાય લેવે ખંતિ રહે છે. **બ્રિટિશ** સરકારને રાજાઓનો તેટલો નહિ પણ તેઓના પટાવત–ભાયાત સરદાર–અમીર એઓનું રખે જૂથ બંધાય તેનો ડર રહે છે ખરો ને તેટલા માટે તેમ ન થવા વિષે તેનો રાજકીય યુક્તિ પ્રયુક્તિવાળો ઉદ્યમ છે જ. અકબરથી તે **શાહજહાં** સૂધીની મુગલાઇએ રજપૂતોને તેઓની ક્ષાત્રમાનની સ્થિતિમાં રાખી તેઓની પ્રીતિ મેળવી બાદશાહીની રખવાળીમાં જાન આપતા કીધા હતા. અંગ્રેજી તે દેશી રાજ્યોને વૈશ્યમાનની સ્થિતિમાં રાખી ભરોસો ન કરતાં ને સામો ન મેળવતાં હંમેશ અંગ્રેજની મદદમાં રહેવાના ફાયદા બતાવે છે ને ભલામણ કરે છે. એ સઘળું મોટા રજવાડા સમજે છે ને **બ્રિટિશ** રાજ્યની પ્રકૃતિ તથા કરણી ભૂત વર્ત્તમાનની સારી પેઠે જાણે છે. વળી ચઢતી પડતીના અનુભવી છે તેથી પ્રકૃતિવશાત્ સમય જ્ઞાન–વશાત્ સહનધીટ રહે છે–પણ મોટા નાના રજવાડામાં "જમીન જોરુ જોરકી, નહિ જોર તો ઓરકી એમ બોલતી રજપુતી," "હર હર ને સ્વરાજ્ય" એનું કોડ રાખતી મરેઠી ને "બાદશાહી વખ્ત" ને યાદ કરતી મુસલમાની આજે પણ છે. અર્થાત્ સર્વોપરિ રાજ્યશ્રી પ્રીતિપ્રસાદે કે અર્થપ્રસાદે કે ન્યાયપ્રસાદે હજી દેશી રાજ્યોને ખરેખરાં પોતાના કરી લીધાં નથી–ફક્ત હાકને જોરે દબતાં રાખ્યાં છે.

---

૬૬. સ્વરાજ્ય દૂર હોવાથી કુમકી ફોજને અહીં આવતાં વાર લાગે ને અહીંની ફોજમાં પણ સ્વરાજ્યના માત્ર પચાસેક હજાર સીપાઈ એવી સ્થિતિ છતે રાજ્યસત્તાની વ્યવસ્થાવાળી હાક દેશમાં સર્વત્ર છે. હિમાલયથી તે કુમારી લગી ને બ્રહ્મપુત્રા તથા સાગરથી તે સિંધુ તથા સાગર સૂધી

લોકને જાનમાલની ખરેખરી સલામતી છે, એ બ્રિટિશ રાજ્યનો લશ્કરી જસ છે; અને બ્રિટન તથા હિંદુસ્તાન એ બેનો વેપાર યુક્તિ સાથ ચલાવે છે અને દેશીઓ લાખો રૂપીયા ચિઠ્ઠી* ઉપર ધીરે છે, એ તેનો વણિક જશ છે. પોતે જાત ધર્મે જુદું તેથી સઘળી દેશી પ્રજા ન્યાયતુલનામાં સમાન છે;† ધર્મ તથા સંસાર વિષયમાં સૌ લોક પોતપોતાની ઇચ્છાએ નિર્ભય નિરંકુશ વર્તે છે; સઘળી જાતના લોકમાંના કેટલાએક સરકારી નોકરીમાં ગુજારો કરે છે ને મજુરી કરનારી જાતીઓને ધંધો મળે છે. સૌને પત્રગ્રંથદ્વારા વિચાર પ્રસિદ્ધ કરવાની છુટ છે, વગેરે વગેરે એ રુડાં વાનાં છે.

પણ રાજ્ય પોતાની જ સ્થાનિક સત્તાઓને અવશ્ય જેટલી પણ સ્વતંત્રે ન રાખતાં કેંદ્રાભિગામી જ રાખે છે; જિલ્લાના નગરગામનું ઉત્પન્ન ત્યાંના રહીશના ખપ ઉપરાંત બહાર જાય, એમ મર્યાદા કરતી નથી; દેશની સંપત્તિ વધે તેવું કરવે નિઃસ્પૃહ છે; કરભાર મુકવે દક્ષ છેઃ હક આપવે કૃપણ છે—એ રુડાં વાનાં નથી. એ કારણોથી પ્રજા ઇજરાય છે. આર્યપ્રજાઓને માત્ર ગાળિયું જ ઘટે છે, પણ મ્હોરી ને વળી કદી હરામી થાય માટે આગળથી જ ડાણું એ તો ન જોઇયે. દેશની ને દેશીની માઠી સ્થિતિ સરકારની અર્થબુદ્ધિયે જેટલી થયલી છે, તેટલીને માટે ઉપાય પણ સરકારની વિવેકબુદ્ધિ કરી શકે તેવું છે ને તેમ કરવાથી સરકારને જ લાભ છે. એ વિષે દેશીઓ સૂચના કરે છે પણ અહીંની સરકાર તે વિચારમાં લેતી નથી ને બ્રિટિશ પાર્લમેંટમાં કોઈ કોઈ બોલે છે, તેને બીજા ઉપાડી લેતા નથી. પરિણામ આ ધારી શકાય કે, સરકાર ને પ્રજા એ બેઉ વહેલાં મર્યાદાબ્હાર

* પ્રોમીસરી નોટ. એ વિષે અને સરકાર પ્રજાનું દેણુ કરે તે પ્રજાઋણ (National debt) કેવી કેવી રીતનું હોય તે વિષે નિબંધ લખાઓ.

† યુરોપીઅનને મોટા પગાર એ તો જાણે હોય પણ અમલદારનો અપરાધનો ન્યાય અપરાધી દેશીના ન્યાયથી જુદો પડે; ખ્રિસ્તી પાદરી અપરાધીને ધીરજથી ન્યાય સમજાવવામાં આવે ને ઓછી સજા થાય પણ દેશી ઉપદેશક અપરાધીને તરત જ મોટી સજા થાય. સેલર છાકટાને પણ દેશી પોલીસ પકડે નહીં. બ્રિટિશ ફોજમાંના દેશી તથા યુરોપીઅન સીપાઇઓ તરફ વૃત્તિ ભેદવાળી કેટલીક રીતે તો હોય પણ જોઇયે તેથી વધારે કેટલી છે—પગારના આંકમાં, દરજ્જે ચઢાવવામાં, લડાઇમાં આગળપાછળ રાખવામાં, મુવેલાંની દરકારમાં, ઇનામ પેનશન આપવામાં એ અને લડાઇમાં અક્કલ બહાદુરીના મુકાબલામાં કોણ ચઢીયાતા છે, એ બધી બાબત જાણવા જોગ છે.



જાય; અને પછી પ્રજામાંના કોઈ લોકની રાજભક્તિ* તે ઉપલક્રિયા દેખાડવાની, બળાત્કારની કે ખુશામતની થાય.

(૧) સરકાર અંગ્રેજી કેળવણીને ઉત્તેજન આપે છે.† પોતાની નોકરીમાં કેટલાક અંગ્રેજી ભણેલા જોઇયે ને અંગ્રેજી વિદ્યાના પ્રસારથી (સ્વદેશી વિદ્યા ઉપરથી ભાવ ઘટવાથી) ને તેથી થતા લાભથી પ્રજાનો રાજ્ય ઉપર સ્નેહ બાઝે, એ હેતુ સમજાય છે. યુનીવરસીટીની ઊંચી કેળવણીનું ચાર‡ મોટી શાખાનું વૃક્ષ જો કે વિદ્યાર્થીઓને મોટી નોકરીને માટે પાત્ર ઠેરવે છે તોપણ તેમ અવશ્ય અમલમાં આવતું નથી ને ઘણાક રખડતા છે પણ ખરા—એ ગમે તેમ હોય પણ તે વૃક્ષના ફળનો સારરસ સંસારી-રાજકીય સુખની તૃષ્ણા વધારનારો છે. એ સુખ જોઇયે તેટલું પણ દેશીઓને મળતું નથી.§ એ તરત મળવાનાં પ્રત્યક્ષ સુખની ગરજ તથા લઘુતામાં કેટલાકે પોતાના ધર્મશાંતિનાં સુખ ઉપરથી આસ્થા ઉઠાડી છે ને અંગ્રેજી ભણતરની અસર એટલી તો થઈ છે કે, ધર્મમાત્ર ખોટા છે—અર્થાત્ ધર્મનો અંકુશ ન માનેથી તેઓ રાજકીય સુખને માટે અતિ અધીર થાય છે અને જ્યારે રાજ્યની તરફથી નિરાશ થતા જાય છે ત્યારે તમોગુણમાં સ્વદેશાભિમાનને જગાવે છે કે જેનું પરિણામ રાજ્યની સામા થવાના સંભવમાં

* અમણાં વળી રાજભક્તિનાં ગીત જોડાવવાનો બુટ્ટો લંડનમાં ઉઠ્યો છે.

† દેશી વિદ્યાને ઉત્તેજન આપવું કે અંગ્રેજી વિદ્યાને, અંગ્રેજી વિદ્યાનો પ્રસાર અંગ્રેજી ભાષાદ્વારા કરવો કે દેશી ભાષાદ્વારા, રાજ્યને લાભ શાથી એ વિષે બહુ બહુ વિચાર કરી સરકારે છેલ્લે અંગ્રેજીમાં યુરોપની ઉંચી કેળવણી આપવાનું રાખ્યું છે. સને ૧૭૭૪ માં હેસ્ટિંગ્સ પહેલો ગવરનર જેનરલ થયો તેણે કેળવણી ખાતું કાઢી સંસ્કૃત ફારસી વગેરે ભણાવવાનું રાખ્યું હતું. બેંટિકે (૧૮૨૮ પછી) અંગ્રેજી ભાષાની કેળવણી આપવાનું કીધું. મેટકાફે (૧૮૩૫) અંગ્રેજી ને દેશી પ્રાકૃત બંનેમાં કેલવણી આપવાનું રાખ્યું. દલાહુસીની કારકીર્દીમાં (૧૮૫૩) યુનીવરસીટી સ્થાપવાનો ઠરાવ થયો. (પુણાની સંસ્કૃત પાઠશાળા બંધ કરવામાં આવી છે અને કલકત્તા કાશી-મુંબઇમાં સંસ્કૃત અંગ્રેજીની સાથે ભણાવવાને શાળા રાખી છે.)

‡ ઇજનેરી, ડાકતરી, લા ને આરટ. (સંસ્કૃત તથા ફારસી ને લાટિન એને અંગ્રેજી પદ્ધતિયે શીખવવાનો પણ વર્ગ છે.)

§ રાજ્ય એક પાસથી કેળવણી આપી રાજકીય સુખ દેખાડે ને બીજી પાસથી હક આપે નહી ત્યારે પ્રજા રડે. "આર્યદર્શન"માં લખ્યું છે કે "અંગ્રેજી રાજ્યે લોકોને પોતાનાં દુઃખ જણાવતાં શીખાડયું, અંગ્રેજી રાજ્યે લોકની વૃત્તિ બદલાવી ને ઇચ્છા અતિસે વધરાવી, એઓની પરંપરાની નિવૃત્તિમાંથી ખસેડી પ્રવૃત્તિના મોહપાશમાં નાખ્યા અને હવે અંગ્રેજી રાજ્ય તેઓને માટે કાંઈ કરી શકતી નથી."

દેખાય. દેશી ભાષામાં જે કેળવણી આપવામાં આવે છે, તે થોડી ને સાધારણ છે ને તેના છઠ્ઠા સાતમાં ધોરણે પસાર થાય તે મેહેતાજી કે સરકારની ગુજરાતી કચેરીમાં કારકુનની જગાને પાત્ર ઠરે છે—અભ્યાસના વિષય ઇતિહાસ ભૂગોળ એવું ભણતર ઝાઝું છતે દેશીને સંસારી ઉપયોગમાં થોડું જ આવે છે; દેશી નિશાળનું થોડું ભણતર ધંધાર્થીને બહુ જ ઉપયોગનું હતું. (૨) શરીર સંબંધી કેળવણી મૂળગી નથી, ઘણીક ચોપડીઓ એક જ વખતે શિખવાની પદ્ધતિ, શિખનારા ઘણા ને ધોરણ ભારે ને તેથી બહુ મહેનત કરવાની કાળજી કે જેથી શરીર તુટી જાય છે. રાજકુમારોને માટે કેટલીક કસરત રાખી છે પણ લશ્કરી હુન્નર તેમને પણ શિખવવામાં આવતો નથી. (૩) સમજશક્તિની કેળવણીમાં અનેક વિષયની થોડી થોડી જાણ એ સાધન છે, પણ ઠરીને વિચારવાને વિદ્યાર્થીઓને કાળ મળતો નથી. (૪) ઉંચી કે સાધારણ કેળવણીનું વલણ સ્વાર્થ તથા અરીસ્યા વધારવા તરફ, મર્યાદા ઘટાડવા તરફ ને ઉપાધિની ચિંતામાં ઉદ્યોગ અઘટતો પણ કરાવવા તરફ છે—નીતિની કેળવણી કહિયે તે એ જ;* નિયમે અભ્યાસ કરવાની નીતિ તો દેશી શાળામાં પણ હતી.

રાજ્યે દેશમાં નવું દાખલ કીધું તે આ છે. યુરોપની રાજ્યનીતિયો; બ્રિટિશ મુલખમાં ડિમોક્રસીના સમાનતાના વિચાર ને વિશેષાનુમતે નિર્ણય કરવાની નીતિ; કંપની બોર્ડ સોસાયટી આસોસીએશન કમીટી એટલે અનેક કામ નામની મંડળી સભાઓ કરી વિચાર કરવાની રીતિ; છાપ યંત્ર ને વર્તમાનપત્ર. જમીનદારીનાં માન ઉતર્યાં ને નોકરી નફ્ટ તે માનીતી મનાઈ. કાયદાની લાએરી ને નાદારીની દીવાળી. યુરોપનું શૌર્ય દાખલ ન થયું, પણ વિલાસ દાખલ થયોઃ દારુ માંસનો ઉપયોગ દેશીઓ પણ વિશેષે કરતા થયા; શિકાર—હિંસાની બુદ્ધિ આર્યબ્રાહ્મણોને પણ થઈ. સ્વાર્થ, કપટ, ઉપરથી સત્ય ને માંહે પ્રપંચ એવી સફાઇની વાણી કરણી ઇત્યાદિ. (સ્વધર્મનીતિ રીતિ વિષયમાં હાનિ થઈ છે, તે ઘણેક પ્રસંગે જણાવ્યું છે જ.)

* અંગ્રેજી કેળવણીના ઉંચા પંકાતા ધંધા વકીલાત ને ડાક્તરી તે બે આજકાલ તો દેશીઓમાં અતિ શઠતાવાળા છે કે 'ફી મુક પછી વાત.' એમ ગરજુ દરદીની ગમે તેવી હાલત હોય તેની દરકાર નહિં. દયા, પરાર્થ, સત્ય, વિવેક, સંતોષ એ નીતિ પાળનારી પ્રજાનામાં શઠતા, સ્વાર્થ, પ્રપંચ, અવિવેક અસંતોષ એ અનીતિ વધતી જાય છે—શૌર્ય, મહાત્મતા, સ્વાર્પણ, દાન એ મોટી નીતિનાં તો અમણાં સમણાં છે. દેશમાં અંગ્રેજી કેળવણી વિનાના લોક ઘણા ઘણા છે; તેઓની સ્થિતિ તે અંગ્રેજી ભણેલાની સ્થિતિ, એ વિષે વળી પ્રસંગે બોલાશે.



સરકારને આ દેશ વિષે જાણીતા કરી રાજ્યપ્રકરણમાં ઘટિત વર્તણુક તેની થાય, તેટલા માટે કેટલાક દેશી ગૃહસ્થોએ વિદ્વત્તાવાળા વિચાર જણાવ્યા છે ને જણાવે છે પણ તેનો ઉપયોગ સરકાર કરે ત્યારે—બંગાળામાં જમીનદારોનું ભાગ્ય હતું કે કારનવાલિસ ગવરનર જનરલે હંમેશને માટે તેઓને પટા કરી આપ્યા છે પણ મુંબઈ ઇલાકામાં જમીનના સંબંધવાળાને અનેક વિટંબણા છે. બંગાળાના લખનારાઓએ જમીનનાં ધણીપણાં ને તેના ઉપર કર વગેરે બાબતમાં વિશેષે લખ્યું છે; મુંબઈ તરફના લખનારાઓએ ન્યાય ધારાની બાબતમાં વિશેષે લખ્યું છે. ધારા બાંધનારી સભામાંના દેશી ગૃહસ્થોમાંના જુજ જણે પણ ઉત્તમ વિચાર દેખાડ્યા છે. સરકાર દેશી બુદ્ધિને તુચ્છ ગણી પોતાનો જ મમત ચલાવવે નિશ્ચયવાળી તેને લોકની દાઝ છે, એમ કહેવાય જ નહિ—સરકાર દેશીઓનાં દુઃખથી પોતે દિલમાં દાઝતી નથી પણ દેશીઓને વધારે વધારે દઝાડે છે. સરકારે પોતાની તથા લોકની સગવડ માટે રેલવે પોસ્ટ વગેરેની વૃદ્ધિ કરી છે ને કેટલાક બહારના સુધારાને ઉત્તેજન આપ્યું છે તો પણ દેશીની સ્થિતિ સારી થાય, તેને માટે રાજી થઈ કે દયાળુ થઈ ઉપાય લીધા નથી ને જો કદાપિ સ્વાર્થે લીધા છે તો તે પણ થોડી મુદત વીતે ભુલભરેલા સમજાયા છે. જૂઓ, લોર્ડ હારટિંગ્ટનનો તાજો દાખલો.

૬૭. ખ્રિસ્તી પાદરીઓ પોતાના ધીરા ખંતીલા ઉદ્યોગમાં ફાવતા નથી. શેના ફાવે? અંગ્રેજી ભણેલાની વૃત્તિ કોઈ પણ ધર્મ પાળવાની નહિ તો ખ્રિસ્તી તરફ ધર્મ કેમ વળે અને અંગ્રેજી ન ભણેલા તે તો સ્વધર્મ રાખી રહેવામાં આર્ય જ છે. કાચી ઉમરના, ઉતરતી જાતિના, ગરીબ એવા જુજનો શિકાર તેઓ કરી શકયા છે. સઘળાં મિશન હારી બેઠાં ત્યારે હવે તારણસૈન્ય (Salvation Army) નામનું મિશન વિચિત્ર વેષે દેશીઓને ખ્રિસ્તી કરવાને આવ્યું છે. આર્ય પારસી મુસલમાન તે ખ્રિસ્તને તારકગુરુ માને, એને માટે પાદરીઓનો ઉદ્યોગ તે મિથ્યા છે.*

૬૮. જે યુરોપીઅન અમેરિકન દેશીઓની નબળાઈ કહે છે, તેઓ દેશી પ્રજાની પ્રકૃતિનીતિ તથા સહનધર્મશક્તિ વિષે અજાણ છે. થવાના કાર્યને તેનો અમુક કાળ હોય છે તે તેઓ ચડતી દશાના અભિમાનમાં ભૂલી જાય છે, ને બ્રિટિશ રાજ્યના સંપત્તિભોગના અદેખા પણ હોય.

* સાંભરે છે કે પંડિત માક્સમૂલરે મિશનરી ને નોન મિશનરી ધર્મ ઉપર વિચાર જણાવતાં નોન મીશનરી ધર્મ પાળનારા લોક જગતમાં વેહેલા અદીઠ થાય છે એવું કાંઈ કહ્યું હતું પણ બહુ જુના આર્યની આજ પણ મોટી સંખ્યા છે, બહુ જુના યાહુદી અને પારસી એઓની થોડી સંખ્યા છે પણ હજી જ્ઞાતિબીજ છે જ.

૬૯. દેશી રાજ્યોમાં ઘણાકની પ્રજા સ્વધર્મશીલ, સંતોષી, યથાશક્તિ ઉદ્યોગ કરનારી ને જ્ઞાતિ તથા ઘરસંસારમાં હેતાળ પ્રસન્ન છે. જે રાજ્યોમાં એજંટની સત્તાનું પૂરું ચલણ, રાજા નબળા, એજંટના પસંદ કરેલા કારભારી, જનાનાની ખટપટ, ભાયાતની ખટપટ, કારભારી એજંટની મરજી રાખે, પછી વળી રાજાની રાખે, નવા નવા બહારના સુધારા થાય, તે રાજ્યોની પ્રજા ન્યાયે તથા ધંધે સુખી નથી.

૭૦. દેશિયો તનમનધને સ્થિતિભ્રષ્ટ છે, તે પાછા સારી સ્થિતિમાં આવે તેને માટે જે નીતિ વિચાર બહાર પડ્યા છે તે આ છેઃ કેટલાક સામાન્ય કે જેનું ફળ લાંબે કાળે થાય ને કેટલાક વિશેષ કે જેનાં તરત ફળને માટે આશા રાખવામાં આવે. સામાન્યમાં ઘણીક નીતિનો ઉદ્દેશ આ કે કોઈ કાળે પણ સ્વદેશી રાજ્ય થાઓ ને વિશેષમાં થોડીક તેમ સુચવે ખરી. સંસારપ્રવૃત્તિમાં રાજકીય સુખ એ જ દુર્લભ શ્રેષ્ઠ છે કે, જેથી બીજાં સુલભ થાય છે. એ નીતિયોને પ્રસિદ્ધ કરનારા વિશેષ કરીને બ્રિટિશ ખાલસા મુલકની જ પ્રજામાંના જન છે, જેમાં ઘણાક આર્ય, થોડાક મુસલમાન ને જુજ પારસી છે.

૭૧. **સામાન્યનીતિ.** (૧) સુધારાવાળા સમાજવાળાએ સંસારી સુખના વિષયમાં ધર્મ અર્થ કામ એ ત્રણ પુરુષાર્થમાં ધર્મને ગૌણ રાખી અર્થ ને કામ એને જ આગળ પાડ્યા–માત્ર સમયને માટે નહિ પણ નિત્યને માટે. યુરોપના લોકના અર્થકામ ઉપર મોહિત થઈ તેઓની નીતિરીતિયે તે પ્રાપ્ત કરવાને બોધ દેતા થયા. (૨) આર્યસમાજ સ્થાપનારાએ તો સામ્રાજ્યની પ્રાપ્તિ તે જ મોક્ષ, એમ ખુલ્લું કહી શારીરસંપત્તિ વધારવાનો ને દેશાભિમાન આર્યાભિમાન રાખવાનો બોધ કીધો. (૩) સ્વધર્મનું સંરક્ષણ ને ન્યાયનીતિનું પાલણ–બ્રાહ્મણબુદ્ધિનું માહાત્મ્ય ને ક્ષાત્ર બુદ્ધિનું ઔદાર્ય, એ અમારું મત છે.

**વિશેષનીતિ**–વર્ત્તમાન રાજ્યના સંબંધમાં આવીઃ (૧) અમારું અમને બહુ સારું જ લાગે છે, અમારી નીતિરીતિનો સરકારે તિરસ્કાર કરવો નહી ને સરકાર ગોરા કાળાના ન્યાયમાં ફેર રાખે છે એ બહુ ખોટું કરે છે તે જગત જાણો. (૨) સરકારના ધારાને માન આપતાં રહી પ્રજાના હક સરકાર પાસે માગવા જ અને લોકના મુખત્યારોની સભાઓએ તે કામ કરવું. (૩) કરભારથી દુઃખ થાય, તેને માટે પોકાર કરી કરીને સરકારને જણાવવું. (૪) સરકાર પ્રજાનું દુઃખ સાંભળતી નથી, પણ ઇંગ્લંડમાં થોડાક અંગ્રેજ આ દેશનું હિત ઇચ્છનારા છે; તેથી આશા રખાય છે કે, જો પ્રજા-



માંના અગ્રેસર પોતાના સ્વાર્થનો ભોગ કરી શ્રમ લે તો અહીંના લોક પણ કેટલાક હક મેળવે ને દેશમાંથી ધન જતું રહે છે તેનો અટકાવ થાય. (૫) લોકે દેશી કારીગરીને વધારવાનું ને સરકાર જે હક આપે તેની રુડી વ્યવસ્થાએ ભોગવટો કરવાનું કામ પોતાના જ બળ ઉપર રાખવું. (૬) અમલદારો મતલબ વેળા શ્રીમંત તથા લોકમાન્ય આગળ પડેલાને સમજાવે છે એ પણ ખુશામત છે. શ્રીમંત લોક સરકારના ખુશામતિયા છે ને બીજા તેઓની ખુશામત કરે તેવું ઇચ્છે છે, એથી સઘળી ખરાબી છે. માટે પોતાનામાંથી ખુશામતની ગુલામી કાઢવી ને પછી સરકારની ગુલામીમાંથી છુટવું. (૭) પ્રજામાં જ નિશ્ચય નિયમે કામ કરવાની ટેવ નથી ને વડાઇનો બબડાટ કરવો તે નકામો છે, માટે સરકાર જે કરે તે જોવું ને આપે તે લેવું. ઇત્યાદિ.

૭૨. **સામાન્યનીતિ**–ત્રણ ગણાવી તેમાં પહેલીએ આર્યમંડળનું સર્વસ્વ બદલાઈ જઈ એનું નવા પ્રકારનું ઐકય થાય તેમ ઇચ્છ્યું; પણ પ્રયોગ કરતાં તે અટકી ને ત્રુટિત થઈ પડી–ઐકય થયું નહિ. બીજી નીતિયે પહેલીના વિષયને પ્રસન્નતાથી માન્ય રાખી વેદને નામે ઐકય કરાવવું યોજ્યું. પણ વેદાંત ને વેદાંતી, આચાર્ય ને સંપ્રદાય, દેવતા ને પિતર, યોગસિદ્ધિ ને મંત્રસિદ્ધિ, અવતાર ને મૂર્ત્તિ, બ્રાહ્મણ ને વેરાગી એ સર્વેનો તિરસ્કાર કીધો ને મંડળે ડોળા ઉંચા કીધા–ઐકય વિષે તો બોલવું જ શું? પણ વળી અંગ્રેજી ભણેલા કેટલાક તથા તેઓના સાથીઓએ તે નીતિનો (પ્રવૃત્તિને પુષ્ટ આપતો) બોધ વખાણ્યો ને કોઈ કોઇએ આ સમજથી કે એ બહાને રાજકીય વિષયમાં ઘણાકનું ઐકય થશે. (પંડિત દયાનંદે આ વર્ષમાં મંડળના ધર્મ ઉપર કરડાકીનું બોલવું બંધ રાખી, ઘણાંક અભિમાન ને શારીરબળ એને સારી પેઠે આગળ આણ્યાં.) ત્રીજી નીતિનો ઉદ્દેશ પરધર્મનીતિ ઉપરથી મોહ ખસેડાવીને સ્વધર્મનીતિ ઉપર આસ્થા બેસાડાવી પ્રવૃત્તિની આસક્તિવાળાને મહામંડળમાં ભેળવા; ને આર્યસમસ્ત ને સ્વધર્મ વિષે સબળ સતેજ કરવા કે પછી એ ઐકય નિવૃત્તિ પ્રવૃત્તિના કોઈ પણ મોટા ઉદ્દેશને સદ્યસિદ્ધ જોય.*

* પ્રથમ અમે પહેલી નીતિનો બોધ કરતા (૧૮૫૧–૬૯). પછી સાત વર્ષ સ્વધર્મ પરધર્મ નિવૃત્તિ પ્રવૃત્તિના તે ખોળવામાં જાણવામાં વિચારવામાં ને પોતાને માટે તથા પોતાના દેશને માટે નક્કી કરવાને હતા; ને ૧૮૭૬–૭૭ થી ત્રીજી નીતિનો બોધ કરીએ છીએ. પંડિત દયાનંદની નીતિ ૧૮૭૫ થી છે. તેનો અમણાનો દેશાભિમાનનો બોધ આવો "પ્રાચીન કાળનું જે પોતાનું છે તે ગ્રહણ કરવું, પરદેશી ગમે તેવું

એક નીતિનો ઉદ્દેશ નિત્યને માટે* આ લોક સુખનો છે અને બીજીનો પરલોક સુખનો તથા એના સાધન માટે આ લોક સુખનો પણ છે–નિરુપદ્રવ સ્થિતિમાં નિવૃત્તિપ્રવૃત્તિનાં કર્તવ્ય કરવાને, એકનો ઉદ્દેશ અર્થ કામ અને બીજીનો ધર્મ તથા ધર્મસહિત અર્થકામ.† એકનો ઉદ્દેશ આર્યને અનાર્ય કરવાનો ને બીજીનો આર્યને આર્યજ રાખવાનો છે. તોપણ, વર્તમાન સમયમાં બંનેનો પહેલો મોટો ઉદ્દેશ પરાધીનતાથી મુક્ત થવાનો છે; અને એ મુક્તિના ઉપાયમાં પહેલો અવશ્ય જ તે પરાઈ નીતિ ઉપરથી ભાવ ખસવો, એ છે કે જેને પંડિત દયાનંદ દેશાભિમાન કહે છે ને અમે સ્વધર્મરક્ષણનું એક સાધનભૂત અંગ કહીએ છીયે.

બીજો ઉપાય પંડિત પોતાના ઉદ્દેશને અનુસરતો શારીરબળવૃદ્ધિનો અતિશય મહત્વનો દાખવે છે; અમારે મતે તે પણ અગત્યનો છે પણ વળી અમણાં સાધ્ય નથી.‡ અન્યાયનો ધિક્કાર ને સન્યાયની ભક્તિ એની લાગણી

સારું હોય તો પણ તે કામનું નહીં ને દેશી ગમે તેવું ઉતરતું હોય તો તે શ્રેષ્ઠ છે." ભણેલાઓ પશ્ચિમના ભભકામાં અંજાઇ ગયા છે; ધર્મનિયમ જાણતા નથી. "ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરતા નથી ને જાતિ વર્ણાશ્રમના ધર્મને તોડે છે એ બહુ ખોટું કરે છે"–(એ વિષે ૧૮૭૫ માં જાદું મત હતું.)

* દયાનંદની નીતિ સમયને માટે કે નિત્યને માટે છે એ વિષે અમે બહુ કાળ ખોટી રહી નક્કી કીધું છે કે નિત્યને જ માટે; માટેજ ભુંડી.

† કણિકે રાજનીતિ કહી છે કે ધર્મ પાળવો તે એવી રીતે કે અર્થ તથા સુખનો નાશ થાય નહિ, ધન એવી રીતે મેળવવું કે ધર્મ તથા સુખનો નાશ થાય નહિ, ને સુખ પણ એવી રીતે ભોગવવું કે ધર્મ તથા ધનનો ભંગ થાય નહિ," "કોઈ પણ પ્રકારે સંપત્તિ મેળવવી પણ મળ્યા પછી સર્વ કપટ છોડી કેવળ ધર્મનું જ આચરણ કરવું." પ્રજાનીતિમાં અમારું મત કે અર્થની તાણમાં પણ કપટે અર્થ સાધી લેવો નહિ;–અર્થ મળ્યા પછી ધર્મનું આચરણ કરવા સમય ને સુમતિ રહેશે એની શી પ્રતીતિ? રાજનીતિમાં કપટી શત્રુની સામાં કપટ કરવું એ નીતિ કહી છે પણ તે ઉત્તમ તો નહિ જ; રામની ઉજળી, કૃષ્ણની નહિં. શુક્રે રાજનીતિ કહી છે કે "શ્રી કૃષ્ણના સરખી કુટનીતિ કોઈ પણ નૃપે રાખવી નહિ," પ્રજાનીતિમાં અમારું મત કે અર્થની તાણમાં કામ–સુખની લાલસા તો રાખવી જ નહિં; ધર્મોક્ત અનુષ્ઠાન કરવું કે સાધુ ઉપાયે વ્યાવહારિક ઉદ્યોગ કર્યા કરવો.

‡ બ્રહ્મચર્ય, ઋતુગામીપણું એનો પરલોક ઉદ્દેશ ન હોવાથી, માત્ર તન મનની શક્તિની વૃદ્ધિનોજ ઠેરવેથી, પ્રજાને ઉત્પન્ન કરવા પંડિત ઇચ્છે છે–વીર્ય બળથી નીતિ વધશે ને નીતિવિવેકે ઉન્મત્તાઈ અંકુશિત રહેશે એ વાદ નિર્બળ છે. અમણા શરીર નિર્વાહ કઠિણ રીતે ચાલે છે તો પુષ્ટિનાં દ્રવ્ય ક્યાંથી મળે. ચિંતાવાળી સ્થિતિમાં લોહી બળે કે વધે, નિયમભ્રષ્ટ વિલાસીજન બ્રહ્મચર્ય ને ઋતુગામીપણું કેમ રાખે?



જે આર્યપ્રજાની પ્રકૃતિમાં જ છે તે બહાર પડી સારી પેઠે પ્રકાશવી જોઇએ. ન્યાય એ પ્રવૃત્તિવિષયમાં પૂરી મહત્તાવાળો ઊંચો ધર્મ છે. કોઇપણ લોકને તો સન્યાય પારલૌકિક ઇહલૌકિક બંને તેજ બળવાળો તે આર્યને કેમ ન હોય?

આર્યપ્રજાને વિષમ સ્થિતિમાંથી કાઢનારી તેની બ્રાહ્મણબુદ્ધિ તથા ક્ષત્રબુદ્ધિ છે; સુધારાની બુદ્ધિ નહિ. સુધારાની બુદ્ધિ ધર્મસંશયી કે ધર્મરહિત છે; સ્વાર્થસુખની લાલસાવાળી છે, વળી બાવરી અધીરી હોઇને કોડમાં અર્થકામને વાણીદ્વારા ઢુંઢે છે તેથી તે બહુ પ્રકારે નબળી છે. પણ ઊંચી બ્રાહ્મણક્ષાત્રબુદ્ધિ જે સ્વધર્મ દઢ સ્વધર્મશીલ છે, ધર્મઅર્થની હાનિમાં પણ નિત્ય તત્વજ્ઞાને શાંતિમાં રહે છે, જે એક નિશ્ચયવાળી ડાહી ધીરી હોઇને સહનતપ કરે છે, તે જે એમ બહુ પ્રકારે સબળી છે તેજ સમયની પ્રેરણાએ કર્મદ્વારા અર્થ સાધી આપશે. અભિમાની સુધારો જે મંડળમાંથી છુટો પડી પોતાનું કાર્ય કરી શકયો કે શકતો નથી ને જે મંડળમાં ભરાઈ રહી મંડળને બગાડે છે, તેણે અભિમાન મૂકી પોતાના પરંપરાના કુળધર્મનેજ સત્ય માનવો. આર્ય પ્રજાએ દેશાભિમાન રાખવું એમ સુધારો કહે છે પણ નામનું નીર તો ક્યારે કે જ્યારે તે પોતેજ આર્યપ્રજાના ધર્મમાં મળી રહે ત્યારે.* શુક્રે રાજનીતિમાં લખ્યું છે કે;—

> "विना स्वधर्मान्न सुखं स्वधर्मो हि परंतपः
> तपः स्वधर्मरुपं यत् वर्द्धितं येन वै सदा
> देवास्तु तस्य किंकराः किं पुनर्मनुजा भुवि ?"

ભોગ પાછળ રોગ છે માટે વિલાસી વૃત્તિ કાઢવી, વિલાસથી પાપ ને એથી પરલોકમાં ભય છે, વૈરાગ્યથી પુણ્ય લાભ છે. પરલોકનાં સાધનને માટે શારીરબળ જોઇયે, દેહકષ્ટથી દેહબળ વધે છે–એ વિચારોથીજ શારીરબળ વધે, નિર્ધન સ્થિતિમાં પણ. પંડિત અર્થની સાથે કામ પણ રાખે છે એટલે પોતે જ શારીરબળ ઘટે તેવું સુચવે છે ને બોલે છે ત્યારે બીજું શું? લોક મળસકે ઉઠી ઉઘાડે શરીરે નદી તળાવે નાહવા જતા ને બળિયા હતા–બૈરાં કાર્તિકમાઘસ્નાન કરતાં; વ્રત પાળતાં તેથી તેઓનામાં શરીરબળ હતાં કે જે અમણાનાં બૈરામાં નથી. ધર્મબળથી નીતિબળ ને નીતિબળે શારીરબળ–માટે ધર્મપતિજ દૃઢ થવી. અમણા રાજકીય લાભને અર્થે પણ ધર્મસંરક્ષણના ઉદેશે શૌર્યાદિ સદ્ગુણનો ઉપયોગ અવશ્ય છે–ધર્મને અર્થે મરવાથી પુણ્ય લાભ છે, યુદ્ધમાં મરવાથી સ્વર્ગ પ્રાપ્તિ છે ઇત્યાદિ ત્યાગબુદ્ધિથી, કર્તવ્યબુદ્ધિથી, શારીરબળ વધે છે ને અર્થપ્રાપ્તિ થયા પછી પૈષ્ટિક દ્રવ્ય ને વ્યાયામ અગત્યનાં છે. વળી શારીરબળ માટે વિલાસી સુધારાવાળા બુમ પાડે પણ દેશની પ્રજામાં તે બળ હજી બહુ છે, નિસ્તેજ છે એ વાત ખરી.

* આર્ય પ્રજાની નિવૃત્તિપ્રવૃત્તિના આચાર તથા કર્મની વ્યવસ્થા આદિથી બ્રાહ્મણબુદ્ધિ કરતી જ આવી છે. કેટલાક મોહિત લોભી બ્રાહ્મણોએ સહાય રહી બૌદ્ધ ધર્મની

**અર્થ**—સ્વધર્મ વિના સુખ નથી, સ્વધર્મ એજ મોટું તપ છે, જેણે સદા સ્વધર્મપાલનરૂપ તપ વધાર્યું તેને દેવતાઓ કિંકર છે તો પૃથ્વી ઉપર મનુષ્ય હોય એ કહેવું જ શું?

**વિશેષનીતિનાં** પ્રકરણમાંથી સાર આટલો નિકળે છે કે, બ્રિટિશ ખાલસાની પ્રજાનું મત સરકારની ન્યાય–દાન–કરસંગ્રહબુદ્ધિ વિષે રુડું નથી ને સ્પષ્ટ કહીએ કે માઠું છે (ભુંડું નથી). સરકાર વિચારમાં લેતી નથી પણ પ્રજા આવડત પ્રમાણે જુદી જુદી રીતે તેને સંભળાવે છેજ.

પણ જોઇએ કે પ્રજા નિત્ય સુખમાં રહે તેવી બ્રિટિશ રાજનીતિ છે? ઇંગ્લંડના લોકે સ્વરાજ્યમાં રાજા તથા પ્રજાના ટંટામાં, પ્રધાનમંડળ તથા પ્રજાસમાજના વાદવિવાદમાં, ન્યુસપેપરોની ચર્ચામાં, બીજાં રાજ્યોના સંબંધમાં જે સ્વાર્થબુદ્ધિ દેખાડી છે અને આ દેશમાં વેપારી રૂપે ને રાજ્ય મેળવતાં ને પછી જે દેખાડી છે તે તો પ્રાણ ને પ્રકૃતિ સાથેજ એમ નિત્ય રહેવાની. બ્રિટિશ સરકારની નીતિ સંસ્થાનોમાં જ્ઞાતિલાના સંબંધમાં જે દેખાઇ છે ને દેખાય છે, જે પોતાના જીતેલા ઐરિશોના સંબંધમાં દેખાતી આવી છે, (એઓ પાર્લામેંટમાં બેસે છે તો પણ) તે નીતિ આ દેશની કાળી પ્રજાના સંબંધમાં રાજધર્મથી કે સ્નેહથી કે દયાથી કે કીર્તિના કોડથી પ્રજાનું હિત કરનારી થાય નહિ. પ્રજા બહુ બોલશે ત્યારે ટેવ પડી છે કહી તુકડો નાંખશે ને થોડી વાર પછી નવી યોજનાએ એવું કરશે કે, આપેલાથી અધિકગણું પાછું લેઈ લેશે. વાઇસરાયની ને ગવરનરોની કાઉન્સિલમાં બ્રિટિશ મેમ્બરનો મોટો ભાગ પ્રજાને હક આપવાના વિચારમાં પ્રસન્નતાએ સંમત થનારો નહિ જ; અને એક વાઇસરાય કે ગવરનર આમ કરે તો બીજો વળી તેમ કરે. બ્રિટિશ સત્તા (૧) સ્વાર્થને જ જોય છે. (પ્રજાનું કંઈ સારું

વૃદ્ધિ કરી હતી અને બૌદ્ધ ધર્મને દેશમાંથી કાઢનારી પણ ઉંચી બ્રાહ્મણબુદ્ધિજ હતી; પાછી દેશની ચઢતી બ્રાહ્મણબુદ્ધિયેજ કીધી; ભય પમાડતી મુસલમાનીમાં ધર્મરક્ષણ તેજ બુદ્ધિયે કીધું હતું ને મોહ પમાડતી અંગ્રેજીમાં પણ તેજ કરે છે—પછી રાજસત્તા ક્ષત્રી, વૈશ્ય, શૂદ્ર, રજપુત, મુસલમાન, મરેઠા કોઇની પણ હતી ને અંગ્રેજી છે ને વળી 'કોઇની' થાય. એ બ્રાહ્મણબુદ્ધિને પુજનારી આર્યપ્રજાની કોઈ પણ વર્ણના પુરુષો ધર્મને અર્થે ઉત્સાહે પ્રાણ આપવાની બુદ્ધિ કરનારા સમયે સમયે નિકળ્યા છે ને નિકળશે. બ્રહ્મજ્ઞાન, વૈરાગ્ય યુક્ત ધર્મ કર્મ, નિર્લોભપણે પ્રજાકલ્યાણ એ આદિ લક્ષણવાળી તે બ્રાહ્મણબુદ્ધિ અને એના અંશવાળી પણ વિશેષે બહુબળે ગોબ્રાહ્મણને માટે ઉદાર ક્ષત્રી. (દયાનંદનો બ્રાહ્મણ તે કોઈ વિશેષે વિદ્વાન્ અને ક્ષત્રી એટલે લડવૈયો પછી શૂદ્ર મ્લેચ્છ કે રાક્ષસ હોય.)



કરે તેમાં વિશેષ પોતાનું હોય જ.) (૨) જયીના અભિમાનમાં પ્રજા તે સેવા કરનારી દાસીરૂપે હંમેશ રહે તેમ ઇછે છે. (૩) પ્રજા વિશ્વાસપાત્ર નથી ને ઉંચી સ્થિતિમાં આણી તો કોઈ સમે સામી થશે, એવું ભિતરમાં રાખે છે. (૪) પ્રજા અતિ કકલે ત્યારે વળી રખેને કહીં હુલ્લડ થાય માટે કાંઇક ઝાંસે છે. (૫) અને ભય જેવું કહીં જણાયું તો ચીઢાઈ જઈ વિકરાળ થઈ ઘુમે છે ને સમાધાની આણી રહે છે. અર્થાત્ પ્રજાની તરફથી માની લીધેલું ભય ને પોતાનું વિવેકચાતુર્ય એ બે જ, સત્તા પાસે પ્રજાનું હિત કરાવે તેવાં છે અને તેમાં ભય કોઇ સમે તેને ક્રૂર કરી છક્કડ ખવડાવે પણ વિવેકચાતુર્ય જે પણ બ્રિટિશ પ્રકૃતિમાં મોટું છે, તે પ્રજાના હિત તરફ નિત્ય વર્ત્યાં કરવાનું એ તો ખરું.

પ્રજાએ કેઈ નીતિ રાખવી? એ લોભી નથી પણ સંતોષી છે; સ્નેહાળ છે; સત્તાની આણમાં ભક્તિએ તત્પર રહી સેવા કરનારી છે; સ્વામીને અન્યાયે ઇઝરાય છે ને કષ્ટ પામતાં કર આપે છે. જમીનદાર રડે છે, ધંધાર્થી રખડે છે, ભણેલા તે નોકરીની ભીખ માંગે છે એવી સ્થિતિમાં પણ આર્યપ્રજા જાણે છે કે, પરાધીનપણું એ હીણું ભાગ્ય છે પણ વળી ચીઢાતી નથી; તે કહે છે કે જ્યાંસૂધી તેનું પુણ્ય છે ત્યાં સૂધી તે રહેશે; અર્થાત્ સત્તાની સામે થવાને તે ઉદ્યમી નથી–ઉલટું ઇચ્છે છે કે, રાજ્ય બહુ કાળ રહો! (ધર્મ ને જાનમાલ ઉપર ધાડ પડતી નથી), પણ ત્રણ વાના આપો. (૧) ન્યાય ચોખ્ખો, થોડે ખરચે વહેલો મળે ને ધારા વારે વારે બદલાય નહિ. (૨) કરભાર ઓછો કરો—દેવસ્થાન બ્રાહ્મણ સાધુની જમીન ઉપરથી કર કાઢો, ગોચર રાખી ઢોર તથા ખેડુતોને સંતોખો, મીઠાં જેવી વસ્તુ ઉપર કર ન રાખો. (૩) (નોકરી તો કરીએ છીએ, હથિયારનાં ધારાથી દાસપણાનો ડહામ લીધો છે હવે મિથ્યા છે માનપદ તોપણ) યોગ્ય જનની ને રાંકની સંભાળ લો તો સારું. સરકારનું પોતાનું દેશી સેન ને દેશી રાજા એના વિચાર સરકાર તરફ ગમે તેવા હોય પણ ખાલસાની આર્યપ્રજાનું વાસ્તવિક સ્વરૂપ ઉપર પ્રમાણે છે ને **ખુંધાં ખમવાં** એ નીતિ પાળે છે. પણ વળી,—

આર્ય તથા બીજી બધી પ્રજામાંનો કેટલોક ભાગ જે અંગ્રેજી ભણતરે અંગ્રેજી રાજનીતિથી જાણીતો થયલો ને જે રાજકીય સુધારો દેશમાં વધેલો જોવાને ઉદ્યમી છે તે 'માગ્યા વિના મા પણ ન પીરસે,' 'બોલે તેનાં બોર વેચાય' 'જેવાં ભાઇનાં મોસાળાં તેવાં બેનનાં ગીત' 'થાય તેવા થઇએ ને ચકલા વચ્ચે રહીએ' એવે ભાવે "શઠે શાઠ્યં" એ નીતિએ અગ્રેસર થઈ વર્તે છે.

એ નીતિ સઘળી જાતની પ્રજામાં પેઠી કે પછી સરકાર ને પ્રજા વચ્ચે યુરોપના રાજ્યની પેઠે નિત્ય કલહ ચાલવાનો ને તેનું પરિણામ મોડેથી પણ સરકાર વિરુદ્ધ જવાનું—સરકાર ઐરીશ પ્રજા સામા ફાવે છે, અહીં પણ ફાવી છે પણ ઉપલી નીતિનું બળ વધેથી ફાવનાર નથી, એમ પ્રજાની મોટી સંખ્યા જોતાં જણાય છે.

યુરોપની રાજકીય વ્યવસ્થા નીતિ બ્રિટિશ સરકારે પ્રજાને આપી છે; એ નીતિ ચલાવવા વિષે સરકારને સંશય હતો ને પ્રજા પણ તે વિષે ઝાઝું જાણતી નહિ; એ નીતિનો પ્રસાર પ્રજામાં સારી પેઠે થાય તેવો સમય અમણાં સરકારે આણ્યો છે. પ્રધાન ડિઝરાએલી તથા તેના સમયના વૈસરાયની કરડી કારકીર્દી પૂરી થઈ ને પ્રધાન ગ્લાડસ્ટન તથા લોર્ડ રિપનની મહેરભરી કારકીર્દી દેખાઈ છે; એ પણ કેટલીક રીતે પરવશ છે.

સને ૧૮૮૦ ના જુનથી આજ લગીમાં ઉદારબુદ્ધિ લોર્ડ રિપને જે કીધું છે, તેની ટુંકી નોંધ નીચે ટીપી છે.* તેમાંથી સ્થાનિક સ્વતંત્રતા સંબંધી કંઈક અહીં જણાવીશું.

અંગ્રેજી ભણેલા જે આગળ પડી કામ કરે છે માટે તે જ પ્રજાની શાણી બુદ્ધિ છે એમ નથી. અંગ્રેજી ન ભણેલી એવી મોટી સંખ્યાની પ્રજામાં અંગ્રેજી વિના છેટા રહે છે. સમર્થ બુદ્ધિના ઠરેલ પુરુષો છે પણ વળી અંગ્રેજી ભણેલામાં નિપુણબુદ્ધિ તે સરકારી નોકરીનાં બંધનમાં છે એટલે તે ઉપયોગના નથી. વકીલોમાં જે મોટા તથા કામવાળા તેઓથી જોઈયે તેટલું મન રાજપ્રકરણમાં ઘલાય નહી—એમાંના થોડાક ને બીજા વકીલ, થોડાક કેળવણીખાતાના ને અંગ્રેજી ન ભણેલા એવા કેટલાક એમાંથી અધિકારીઓની નેમણુક થવાની; નિમણુકનું કામ પણ કઠિન છે;

* (૧) ધારા—આબકારિ, શિકારી, વર્તમાનપત્ર એ સંબંધીનાં તો રદ્દ કરવામાં આવ્યા છે ને હથિયાર સંબંધીનો તેનું જોર નરમ રાખ્યું છે; ઠરાવ—આવા કે લેજિસ્લેટીવ કૌન્સિલમાં ચાલતી વાત દેશી ભાષા મારફત પ્રજામાં ફેલાવવી ને પ્રજામત જોઈ પછી ધારા કરવા; શક ઉપરથી ગુનેહગારને બેડી ન પહેરાવવી; વગેરે. (૨) કેળવણીખાતામાં સુધારો કરવાને કમીશન કીધું. (૩) ધંધા તથા નાણાંની ભીડ મટાડવા બાબત—ખેડુતોને માટે બેંક; ધંધાથી કોઈ પણ મંડળી રેલવે બાંધી શકે તેવી ગોઠવણ કીધી; દેશી હુન્નરને ઉત્તેજન આપ્યું—જે વસ્તુની પેદાશ અહીં તેની કારીગીરી પણ અહીંજ થવી. (૪) પ્રાંત તાલુકાને લગતી નીતિ—દરેક પ્રાંત પોતાની ઉપજમાંથી અમુક ખરચ કરે, મ્યુનીસિપલ ને લોકલ ફંડખાતાંથી થતાં કામમાં પ્રજાને કેટલોક હક આપવો. (૫) દેશને લગતી નીતિ—ઈંગ્લંડે ઇજીપ્તની લડાઇના ખરચમાં કેટલોક હિસ્સો આ દેશ ઉપર નાંખ્યો તેની સામાં વૈસરાયે પ્રોટેસ્ટ કીધો. વગેરે, વગેરે.



સરકાર પોતાની તરફના અધિકારી નિમવાની અને તે સભા જે કામ કરશે, તે પ્રજામત કહેવાશે.

---

**૭૩. સ્વદેશી નીતિ ને પરદેશી રાજનીતિ**—એ બેને હળે જ નહિ. દેશી તે પરદેશીમાં કે પરદેશી તે દેશીમાં ભળે. એટલે એમ નવું સ્વદેશી ઐક્ય થાય ત્યારે જ રાજરંગ વિરાજે.* આર્ય, પરધર્મીસત્તાથી અળગા જ રહ્યા છે. સ્પેનના ને રુશિયાના ખ્રિસ્તી પોતપોતાના પરધર્મી સત્તાધારીથી જેટલા જૂદા રહેતા તેના કરતાં ઘણા જ વધારે (સ્વધર્માચાર તથા સ્વસંસાર નીતિને લીધે) જૂદા રહ્યા છે; વળી ખ્રિસ્તીઓ પોતાના સત્તાધારીને નિત્ય અરિસ્યાએ જોતા ને બહુ દુઃખ પામતા પણ આર્ય પ્રજા પ્રારબ્ધભોગને વિચારે ને સંતોષવૃત્તિયે (રાજ્યપ્રકરણની પ્રવૃત્તિમાં ન પડવાથી) થોડું દુઃખ પામતી—સમય સમયના ત્રાસમાં અગ્રેસર રજપૂત સરદારો સામે કે યુદ્ધે સત્તાધારીને સમજાવતા ને પ્રજા પાછી સ્વસ્થ થઈ રહેતી† બ્રિટિશસત્તાતળે આર્યપ્રજા સ્વધર્માચારનાં રક્ષણ વિષે નિર્ભય છે ને રાજકીય વહેવારમાં માન મર્યાદાએ રુડી વર્ત્તે છે, પણ ઉપરાઉપરી પડતી કારભારની ભેખડ ને ઉપરાઉપરી પથરાતી કાયદાની જાળ એથી સઘળી જાતની પ્રજાનું મન બહુ જ ખાટું થઈ ગયું છે.

**૭૪. રાજનીતિ ને પ્રજાનીતિ.** **રાજનીતિ** વિષયના ઘણાક ગ્રંથ સંસ્કૃતમાં છે તેનો સાર આટલો કે રાજાએ પ્રજાનું ઉત્તમ પ્રકારે રક્ષણ પાલણ કરવું ને પોતાના આચરણથી તેને સદાચારી રાખવી.‡

* જેમકે રોમનો ટ્યુટનમાં, ઇરાનીઓ મુગલમાં અને માંચુતાર્તર ચીનાઓમાં, નોર્મન ફ્રેંચ-આંગ્લો સાકસનમાં મળ્યા.

† મુસલમાની હાકમીના વખતની તવારીખો જોવી. એ પ્રકરણ સંક્ષેપે આર્યદર્શનમાં દર્શાવ્યું છે.

‡ ઈન્દ્ર, વાયુ, યમ, અગ્નિ, વરુણ, કુબેર ને ચંદ્ર એ સાત દેવના અંશ રાજાનામાં હોય છે. શુક્રનીતિમાં ગુણભેદે રાજાને આ પ્રમાણે ઓળખાવ્યા છે—"સ્વધર્મનિષ્ઠ, પ્રજાપાળક; સર્વયજ્ઞનો યાજ્ઞિક, શત્રુસમુદાયને શિક્ષા કરનારો, બહુ દાનશીલ, ક્ષમાવાન્, શૂર, ભોગસામગ્રીવિષે નિઃસ્પૃહ, વિરક્ત, સાત્વિક તે અંતે મોક્ષને પામે છે. એથી વિપરીત તામસ તે નરકે જનારો નિર્દય, મદોન્મત્ત, હિંસક ને સત્યવર્જિત હોય, રાજસ તે દાંભિક, લોભી, વિષયી, વંચક, શઠ, મનમાં કંઈ વાણીમાં કંઈ એવો, કલહપ્રિય, નીચપ્રિય, સ્વેચ્છાચારી, નીતિહીન ને છળમાં પૂરો. સાત્વિક તે દેવના અંશ ભોગવે. તામસ તે રાક્ષસના ને રાજસ તે માનવના; માટે સત્વને વિષે જ મન રાખવું." બીજા ગ્રંથોમાંથી—શત્રુ દુર્બળની પણ ઉપેક્ષા ન કરવી; ખળ સાથે સંધિ કરવી

૯

ક્ષત્રિયોની નીતિ વખણાઈ છે પણ સર્વોત્તમ તે રામની હતી; યુધિષ્ઠિરની પણ કીર્તિમાં છે. રજપુત રાજાની નીતિ પણ પ્રજારક્ષણ વિષે–ગોબ્રાહ્મણની પ્રતિપાલના વિષે ખંતીલી જણાઈ છે. આ દેશની બાદશાહીમાં અકબર-શાહની ને પેશવાઇમાં મોટા માધવરાવની રાજનીતિ સારી કહેવાઈ છે. બ્રિટિશ રાજ્યનીતિ આ દેશની પ્રજાને સુખી કરે તથા પોતાને અનુકૂળ કરી રાખે, એને માટે હિંદુસ્થાન તથા બ્રિટનના અધિકારી પુરુષો વિચાર ને પ્રયોગ ઉપરાઉપરી કરે છે જ.

**પ્રજાનીતિ** આર્યે આદિકાળથી તે આજ સૂધી એક સરખી ઉત્તમ દેખાડી છે. રાજા ક્રૂર કપટી હોય પણ તેની આજ્ઞામાં રહેવું–માન મર્યાદાએ રહેવું–તન મન ધને કષ્ટ પામતાં પણ રહેવું, ને એમ જ કરવું એ ધર્મ છે. એ સમજથી રહેવું એ ઉત્તમ ગુણ તે આર્યપ્રજાના જ છે. રાજભક્તિમાં આર્યપ્રજા વખણાઈ છે અને અગ્રેસર યોધાઓએ પ્રાણદાન કીધાના દાખલા ઘણા છે. કુટુંબમાં જેમ વડીલ પૂજ્ય તેમ રાજ્યરૂપી મોટા કુટુંબમાં રાજા પૂજ્ય છે ને એ વડીલરૂપે અધર્મે વર્તે તો તેની વ્યવસ્થા પ્રજામાંના વડીલ તે યથાધર્મ કરે. રાજનીતિના ગ્રંથોમાં પ્રજાએ પોતપોતાને કુળધર્મે સદાચારી રહેવું. એથી વિશેષ જોવામાં આવતું નથી પણ રાજાએ તેના આચારની વ્યવસ્થા રાખવી ને તેનું મન દુભવવું નહીં. પ્રજાની આંતરડી કકળે કે રાજા પડે એવું ઘણું છે.

એ સાત્વિક નીતિ અમણા બગડવા માંડી છે કેમકે બ્રિટિશ રાજ્યની પ્રકૃતિ નીતિ એથી, બ્રિટિશ લોકના સહવાસ વહેવારથી ને અંગ્રેજી વિદ્યાએ યુરોપના લોકની નીતિ રીતિ ઉપર પ્રજાનો મોહ વધવાથી, સ્વધર્મ શિક્ષક સમયના વેગને વિપરીત જોઈ નિઃસ્પૃહ રહેવાથી, ઉન્મત્તપણું, વિલાસ ને પ્રપંચ દેશમાં વધે છે–ધર્માચાર, ગૃહસંસાર ને વ્યવહારનીતિ એ ખાલસાની પ્રજામાં કેટલેક લગી બગડ્યાં છે જ–મોટા રજવાડાના ને બ્રિટિશ સેનના આર્ય હજી સૂધી સાવધ છે ખરા.

---

નહિ; સેનાભિયોગ, પ્રસ્થાન બળસંખ્યા ૬૦ જાણ્યા પછી યાન કરવું કે દુર્ગસંગ્રહ કરવો; બળવાન્ મદોન્મત્ત શત્રુ દેશને પીડા કરતો હોય ને શૂરને ધર્મે ન જીતાય તેવો હોય તો તેને મોહ પમાડી છળકપટ કરીને પણ જીતવો." "ઉતરતાને ભય દાખવતાં રહેવું, બરોબરીઆને પરાક્રમ દાખવ્યાં કરવું, વધારે બળવાનને પોતાની ખામીઓ દેખાડવી નહી; શત્રુનો નાશ કરવો તો પૂરેપૂરો–વિશ્વાસ આપી પોતીકો કરી લઈ મારવો. રાજાએ પુત્ર, ભ્રાતા, સખા, ગુરુ એ જો શત્રુ પ્રમાણે વર્તે તો તેઓને પણ મારવા," "ભય નથી ત્યાં સૂધી બીવું પણ ભય આવે નિર્ભય થવું; કામ કરવું તે એવી રીતે કે, કીધા પછી મિત્ર કે શત્રુ જાણે;" ઇત્યાદિ.



સત્તાએ સૈનિક જનને માટે સૈનિક કરડી નીતિ રાખી છે; દેશી રાજ્યો સાથે વર્ત્તવાને યુક્તિ દક્ષતાની રાખી છે; અને પોતાની પ્રજા સાથે વર્ત્તવાને ધારાન્યાયનીતિ રાખી છે. એ ત્રીજીમાં પ્રજાને રાજકીય હક આપવા સંબંધી પણ છે. (૧) પ્રજા પોતાનાં દુઃખ અને સરકારનાં કામ ઉપર સ્વતંત્ર વિચાર (અટકાવ થતાં સૂધી) નિર્ભયપણે જણાવે.* (૨) યોગ્ય દેશીઓને પણ સરકારી ઉંચી નોકરી મળે.† (૩) મ્યુનિસીપાલીટી લોકલ ફંડ જેવાં ખાતાં ચલાવવામાં પ્રજાએ જ આગળ પડી કારભાર કરવો.‡–એ નીતિ પ્રજામાં વહેલી દાખલ થયલી જોવાને લોર્ડ રિપન ખંતી જણાયા§ છે. એ પ્રસાદરૂપ નીતિઓનો હેતુ કે હક મળેથી પ્રજા રાજી થાય તથા રાજ્ય ભણી પ્રીતિ વધારે અને સરકાર તથા પ્રજાનું ઐક્ય થઈ રાજ્ય સબળું શોભે. ઈંગ્લંડની રાજ્યનીતિ તે પ્રજાનીતિએ અંકુશિત છે, પણ અહીંની તે સદા સરકાર નીતિયે અંકુશિત જ રહેવાની, પછી થોડે ઘણે ઉત્તેજને તે મોડી-વહેલી પુષ્ટિ પામો.

આર્યપ્રજામાં થોડાક વડિલજનનો વિચાર તે જ પ્રજાનો વિચાર એ નીતિ પરંપરાથી છે, ગ્રામ–ધર્મ–રાજ્ય–જ્ઞાતિ–ગૃહવ્યવસ્થામાં. એ નીતિ અને મતપ્રદાને નક્કી થયલા અમુક પ્રતિનિધિયોનો બહુમતે જે વિચાર તે જ પ્રજાનો વિચાર એ નીતિ એ બે એક નથી ને એકમેકમાં ભળે તેવી નથી. એકમાં મર્યાદા ને બીજીમાં સમાનતા એ બીજ છે. બંનેને માટે તેના

---

* ૧૮૬૦ પછી તો માગ્યો લાભ મળ્યો નથી, પણ સરકારે વધારે કરડાકી રાખી છે.

† જુજ જણને સિવિલ સરવિસ મળી છે અને હૈકોરટમાં કોઈ કોઇને જડ-જની જગા મળી છે.

‡ પ્રેસીડેનસીની મ્યુનિસિપાલીટીનો વહીવટ ચાલે છે તે રૂડો તો નહીં કહેવાય.

§ પ્રજાએ મતપ્રદાને પોતાના પ્રતિનિધિ ઠેરવ્યા ને એઓની સભા થઈ. સભાસદો વિશેષાનુમતે નિર્ણય કરી કામ કરે. (એ નવી રીતે કામ કરવાને પ્રજા યોગ્ય જણાશે ત્યાં સૂધી સરકાર પોતાની તરફના કેટલાકને સહાયમાં આપશે એમ અમણા સરકારનું કહેવું છે.)

અંગ્રેજી રાજ્ય થયા પછી મતપ્રદાને કારભારી નિમવાની ને વિશેષાનુમતે નિર્ણય કરવાની નીતિને અનુસરી દેશીઓ સાંચાખાતાં, ધર્મખાતાં, ટ્રસ્ટીખાતાં, વિદ્યાખાતાં ચલાવે છે તે યથાસ્થિત નથી ચાલતાં ને તે તો વળી અભ્યાસથી સારાં ચાલે અને રાજકીય પ્રકરણમાં સરકાર જે નીતિ દાખલ કરે છે તે પણ અભ્યાસે રૂડી થાય અને પુનાસાર્વજનિક સભાનું જોઈ તેવી બીજી સભાઓ દેશમાં થાય એમ સંભવ માની શકાય; પણ બ્રિટિશ સત્તા સબળી રહે ત્યાં સૂધી જ.

પાળનારા જૂદી જૂદી પ્રકૃતિના લોક છે. પહેલી તે એશિયાખંડના સઘળા લોકમાં જુના કાળથી મનાતી આવી છે ને બીજી તે યુરોપ અમેરીકાના લોકની છે.*

**૭૫. ઉપસંહાર.** (૧) કોઈ પણ દેશના લોક જંગલી કે સુધરેલા પરદેશી સત્તા તળે જતાં પહેલાં ન જવાને મથે છે–પરદેશીને શત્રુ† કહે છે. આ દેશમાં રજપૂતો આફ્ગાન સામાં લડ્યા હતા; રજપૂત તથા આફ્ગાન તે મોગલ સામા લડ્યા હતા અને મુસલમાન તથા મરેઠા તે અંગ્રેજ સામાં લડ્યા હતા. દેશી સત્તાની હાર થઈ ને અંગ્રેજી સત્તા સ્થપાઈ ને પૂરી સ્થપાઈ, (૧૮૧૮.)‡

(૨) નિયમ જ છે કે નવી સત્તા બેસ્તાંવારને તરત તો લોકની પ્રીતિ મેળવવાને તેની ચાલતી નીતિરીતિમાં વધારે હાથ નજ ઘાલે. એ નીતિને અનુસરી કંપનીસરકાર વર્તી.

(૩) સને ૧૮૫૦ પછી બ્રિટિશ સત્તાએ **લોભ** ને **મમત** એ બેને પ્રધાન કીધાં અને એઓ ૧૮૫૭ પછી પોતાનો પ્રતાપ વધારતાં ભવ્યપણે પ્રકાશે છે.

---

* એ નીતિ બીજે સ્વરૂપે પ્રજાના હક વધારનારી તે પ્રાચીન કાળમાં ગ્રીસ રોમનાં નગરરાજ્યની હતી. અર્વાચીન કાળમાં સ્વરાજ્યના સુધારાને માટે તે ઇંગ્લંડ તથા ફ્રાન્સની છે; પરદેશી રાજ્યથી મુક્ત થવાને અમેરિકાના સંસ્થાનોની ને ઈટલીના લોકની ઐકય કરવાના ઉદ્યોગમાં હતી: અને જગતમાં વંશપરંપરાની રાજસત્તા નજ જોઇએ. એ મતના પ્રસારને અર્થે ઉદ્યમી તે યુરોપ અમેરિકાના સર્વે રાજ્યોમાંના થોડા ઘણા લોકની છે.

રાજાના ને રાજવર્ગના હક તોડવા-અંકુશિત રાખવા–કાઢી નાખવા અને રાજકીય હકને માટે સર્વ પ્રજા સમાન હક ધરાવે છે માટે તે મળવા એ ઉદ્દેશ યુરોપની પ્રજાનીતિના છે. ઉન્મત્ત લોકમાં રાજા વિશેષ ઉન્મત્ત હોય, તેને લીધે તે લોકમાં તેવી નીતિ નિકળી છે.

† નવી સત્તા અમારું સર્વસ્વ (ધર્મનીતિરીતિ) અસ્તવ્યસ્ત કરી નાંખશે, પોતાના લોકને વર્ત્તાવશે ને અમને નિત્ય દુ:ખ દેશે એ વિચારે શત્રુ કહે છે, શું પારકો અમારી સત્તા લેઈ લેશે? નહિ લેવા દેઇએ, લડાઈ કરી જેટલું બચાવાશે તેટલું બચાવીશું; શું પરદેશી અમને કાયદા આપશે? નહિ લેઇએ; એ વિચારે રાજવર્ગ શત્રુ સામાં લડવા ઉભો રહે છે પછી જીતે કે હારે. (જે લોક શત્રુ તે આપણા સત્તાધારી રૂપે દેશીનું હિત કરવા ઉદ્યમી છે અને દેશીઓ પૂર્વના શત્રુની જ નીતિરીતિનો પ્રેમથી આદર કરે છે–એમ જ કાળ પ્રવર્તાવે છે મોહ!)

‡ સમયોચિત સાહસ, છળકપટ, 'સબસીડીઅરી સીસ્ટમ' નામની પ્રપંચ નીતિ ને ભરોસાદાર કવાયતી લશ્કર સાવધ ચતુર ગોરા સરદારવાળું એ કારણબળ હતાં.



(૪) સને ૧૮૫૦ પછી કલકત્તા તથા મુંબઇના અંગ્રેજી ભણેલાઓએ પરધર્મનીતિનો બોધ અભિમાને પ્રવર્ત્તવ્યો કે જેની ધાંધલે ધંધાની સાંકડે, આગગાડી વગેરેની સગવડે, સરકારની ધામધુમે તે પ્રેસીડેન્સીના લોક કેટલીક રીતે મોહિત થયા; તોપણ મંડળનો મોટો ભાગ સ્વધર્મશીલ જ રહ્યો છે. દેશી રાજ્યો તો સ્વધર્મશીલ છે જ. અર્થાત્ આર્યપ્રજા સમસ્ત સ્વધર્મશીલજ છે એમ કહેવાય; માત્ર તેના રક્ષણને માટે આગ્રહ બળરહિત છે. દેશી રાજાઓ પોતાના મર્યાદાવાળાં ચોખ્ખાં માનને સામું માન સ્વાર્થસાધક મળે છે જોઈ, વળી અહીં તહીં દોરાયાથી પોતાનું માન જાય છે તથા ખરચ થાય છે એ જોઈ મનમાં અપ્રસન્ન રહેતા; વડોદરાના મામલાથી ચમકયા ને કચસરેહિંદના ઉત્સવથી છેક નિરભિમાન બેઠા છે ને રાજ્યરૂપી જાગીરો સમાલ્યાં કરે છે. દેશી રાજ્ય ને ખાલસા અહિના સઘળા લોકનું મત સરકારની નીતિવૃત્તિવિરુદ્ધ થયું છે. (પણ વળી સરકાર પોતાની ભણી ખાલસાની પ્રજાની રાજભક્તિ વધે તેમ કરે છે ને પ્રજામાંનું મોહિત ટોળું રાજકીય હક મળવાના કોડમાં ઉદ્યમી છે.)

(૫) સુધારાએ અનેક ઐકય યોજ્યાં પણ એક સાધ્યું નહિ ને તેનું અભિમાન લજ્જિત થઈ હવે ગળે છે. મોહ તે સંમોહ થવા પામ્યો નહિ. સમજ પડવા માંડી છે તેથી, ને દુ:ખ પડવા માંડયું છે તેથી, ને સરકારની વૃત્તિ જાણવામાં આવી છે તેથી સુધરેલનું વલણ સ્વધર્મ નીતિરીતિ ભણી પાછું વળતું જોવામાં આવે છે. સંસ્કૃત પુસ્તકોનાં ભાષાંતર થઈ છપાય છે તેથી લોકને સ્વધર્મનીતિ ઉપર ભાવ બેસતો ને દૃઢ થતો જાય છે. વળી દેશ અતિ નિર્ધન થઈ જવાથી પણ સૌ પ્રારબ્ધ ને પરમેશ્વરનો વિચાર કરતા થયા છે. દેશી રાજ્યો પોતપોતાના જથામાં ઐકય કરે છે. એ સઘળું રાજા તથા પ્રજાના નિમિત્તરૂપ કર્મદ્વારા **કાળ** કરે છે; અંતે રાજાના કે પ્રજાના લાભમાં તે, તે પોતે જ જાણે છે.

---

૭૬. (હવે શૈલી બદલીને) ભો આર્ય! પરમેશ્વરને જાણવો, પોતાનો તથા તેનો સંબંધ જાણવો, પોતાની ઉત્તમ ગતિ તથા એને અર્થે પોતાના કર્ત્તવ્ય એ જાણવાં. એને માટે મનુષ્યદેહ છે એ તું જાણે છે. સંસાર અસાર છે, એમ જાણતાં ને પૂરું જાણવાને મનુષ્યકર્મ છે એ તું જાણે છે. જાણવા છતાં કર્ત્તવ્ય ભણી તારી મનોવૃત્તિ સ્થિર થતી નથી, એ માઠું ભાગ્ય છે, એ તું જાણે છે. ભાગ્યને આધીન છતે પણ કર્ત્તવ્ય કરવાની વૃત્તિ રાખવી, એ તારું પુરુષાર્થ છે એ તું જાણે છે. એ પુરુષાર્થ પણ જો નિષ્કામ બુદ્ધિનું

તો જ તે ઉત્તમ એ પણ તું જાણે છે. એ સઘળું તું જાણે છે, પણ કર્ત્તવ્ય કરવા ભણી મનોવૃત્તિ વળતી નથી એ કેમ? એ જ કર્મલીલા; એનેજ વિચારે સત્કર્મ ને સ્વપ્રકૃતિને યોગ્ય એવાં સત્કર્મને અર્થે સ્વધર્મ ઉપર આસ્થા હોય. મોહાભિમાન ટાળ, વૈરાગ્ય ધૈર્ય ભાળ ને સ્વધર્મકર્મ પાળ કે કાળ તુને ઉત્તમ સ્થિતિ ગતિયે પહોંચાડે—પ્રસન્ન રહે સ્વરૂપનાં જ્ઞાનમાં, પછી કોઈ પણ સ્થિતિમાં.

૭૭. ભો આર્ય! સ્વધર્મપાલન અનુકૂળ નિરુપદ્રવ સ્થિતિમાં થાય પણ ભાગ્યવશાત્ પ્રતિકૂળ સ્થિતિ (મુસલમાન) આવી ને આવી કે પાલન ગયું ને રક્ષણની ચિંતાએ તુંને સપડાવ્યો. પણ એનેજ તેં તારો સમયનો પ્રધાનધર્મ માની સ્વધર્મનું તેં યથાશક્તિ રક્ષણ કીધું. પણ હવે વળી એવી મોહિત સ્થિતિમાં તું છે કે રક્ષણ વિષે પણ નિઃસ્પૃહ છે ને નિઃસ્પૃહ એટલું જ નહિ પણ પરધર્મનો આદર કરતો થયો છે. આર્ય! એ તો તું બહુ જ ખોટું કરે છે—ભુંડું, ભુંડું! થા સાવધ ને કહે અર્જુનની પઠે કે—

नष्टो मोहःस्मृतिर्लब्धात्वत्प्रसादान्मयाच्युत।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव॥

અર્થ—અચ્યુત! તારે પ્રસાદે મારો મોહ નાશ પામ્યો ને મને મારાં સ્વરૂપની સ્મૃતિ થઈ; હવે હું ચંચળ અધીર બાવરો નથી પણ સ્થિતિમાં છું, સંદેહ મારો ગયો છે, તારા કહેવા પ્રમાણે કરીશ.*

૭૮. ભો આર્ય! રુડી અનુકૂળ સ્થિતિ તો સ્વરાજ્ય થાય ત્યારે જ આવે ને નિવૃત્તિપ્રવૃત્તિના ધર્મનો ઉત્કર્ષ ત્યારે જ પૂરો પ્રકાશે. મધ્યમ ઉત્કર્ષ તે કેટલાંક આર્યનાં તથા કેટલાંક બીજા દેશીઓનાં એમ જૂદાં જૂદાં સ્વતંત્ર રાજ્યો હોય ને દેશના સામાન્ય લાભમાં સંપે રહેતાં હોય ત્યારે જોવામાં આવે.† પણ એવા ભાવિ ઉદ્દેશનો વિચાર કરવો ને ઉપાય યોજવા ને મથન કરવાં, એને માટે તારી પ્રકૃતબુદ્ધિ નથી.

વર્ત્તમાનનો વિચાર ને અવશ્યે સ્વધર્મરક્ષણનો તથા એને અર્થે રાજકીય સુખનો વિચાર કરવો એટલા જ માટે તારી પ્રકૃતબુદ્ધિ છે, ને એ તારી સાત્વિકબુદ્ધિને બલિષ્ટ પ્રકાશતી કરવી, એજ તારો ઉદ્દેશ છે એમ તું જાણ.

૭૯. ભો આર્ય! અમણાની વ્યવસ્થિત સારી સ્થિતિ જોતાં બ્રિટિશ

* કૌરવ સાથે યુદ્ધ કરીશ એમ અર્જુનને કહ્યું હતું પણ આર્ય તું કહે કે પરધર્મપ્રવૃત્તિથી છેટે રહીશ ને એમ કરવામાં અગત્ય પડશે તો તેની સામા ઝુઝીશ.

† એક કાળ ઇ. સ. ૧૧૯૩ સુધી હતો ને બીજો ચૌદમા સૈકાની આખરથી તે સોળમાના પા ભાગ લગીનો તે ઠીક હતો.



સત્તા તૂટવાને તો લાંબો કાળ જોઇયે; પણ નીતિબળ ઘટવા માંડ્યું છે, એમાં તો સંશય નથી. પણ વળી તે સંબંધી તર્ક કરવા* ને કોડમાં આશા બાંધવી એ ઘેલાઈ છે અને ઇટાલીના લોકની પેઠે ઉદ્યોગ ચલાવવો એ તો મૂર્ખાઈ જ છે એમ તું જાણ. ખાલસાની પ્રજાએ ખુંદ્યાં ખમવાની નીતિ છોડી બીજી નીતિ લેવી, એ યોગ્ય નથીજ અને પ્રજાના અગ્રેસર કેવા જોઇયે, તેને માટે નીચેનું ટિપ્પણ જો.†

૮૦. ભો આર્ય! (તામસ) તું વિષમ કાળમાં આર્ય સમસ્તના સંસારસુધારાને માટે બકે છે પણ વૃથાભિલાષી શું કરવા થાય છે? વિલાસસેવા, સ્ત્રીસેવા. નીચસેવા, ઉદરસેવા, સ્વાર્થ, શઠતા ને શુંભપણું, કાતરકપટી—ક્રૂરપણું કોડે પાળે છે તે કોડમાંથી ખસી જા, પુરુષ—ઉદાર શૂરના ધર્મનો રાગી થા, પરંપરાનો કુળધર્મ જાણ ને પછી તુંને સુઝશે ખરેખરું શું છે તે.‡

૮૧. ભો આર્ય! (રાજસ) તારી પ્રકૃતિ કર્મ કરવાની છે પણ નિશ્ચયપૂર્વક એક સદુદ્દેશને વળગી નથી રહેતો. યૂરોપને પ્રપંચે અભિમાન જગાવી ઐક્ય કરાવે છે તે ખોટોજ ઉદ્દેશ છે એ તું નક્કી જાણ. વળી યૂરોપનાં પ્રપંચ સાથે તેનું શૌર્ય ક્યાં છે? તેની પ્રકૃતિ ક્યાં છે? તેનો ખંતિ અભ્યાસ ક્યાં છે? માટે સ્વદેશની પ્રકૃતિ જોઈ સ્વદેશને પોતાની નીતિનું અભિમાન આવે તેને માટે પ્રયત્નશીલ રહે. **માન** શબ્દ જે આજકાલ સાર્થ નથી તેને સાર્થ તેજસ્વી કર. લાભ ઘટાડનારી વસ્તુનો ને બળ ઘટાડનારા દુર્ગુણોનો ત્યાગ કર અને સૌના અર્થને માટે પોતાના અર્થની હાનિ થવા

* રાજ્યને રૂશિયાનું ભય કહેવાય છે, બિસ્માર્કે પોતાના જર્મનને માટે યોજના કરી રાખી હોય; વળી બ્રિટિશ રાજ્ય યૂરોપની લડાઇમાં ગુંચવાઈ, અહીંની ફોજ બહાર જાય તેવામાં અહીં થાણું રાખી રહેલા ફ્રેંચ ને દેશી રાજાઓ ઉભા થાય; એમ રાજકીય તર્ક દેશીઓમાં જૂજ કોઈ કર્ત્તા હોય પણ આમ તો ઘણાક કહે છે કે ન્યાય ઘટે છે, કર વધે છે ને પ્રજા ચિંતાએ સોસવાય છે—વળી કોઈ કોઈ કહે છે કે સરકાર પ્રજાથી અતડી રહે છે તોએ તેની આપત્તિમાં કેમ અતડી નહિ રહે ને શસ્ત્રરહિત હોવાથી પોતે દુર્દશાને કેમ નહિ પામે?

† કોઈ પણ જાતનો સ્વાર્થ ન રાખતાં સાર્વજનિક કામનો ભાર પોતાને શિર છે એમ સમજનારા, સ્વતંત્ર, અનુભવી, ઠરેલ, પ્રમાણિક, વિવેકી એવા ને માનપૂર્વક પણ નિર્ભયપણે સ્પષ્ટ રીતે સરકારને સમજાવનારા હોવા જોઇએ, એવા કેટલાક જણાની સભા થઈ તે સરકારને સમજાવે તો તેથી સરકાર પ્રજા બંનેને લાભ તે સરકારે નિમેલાં કમીશનથી કે ન્યુસપેપરના પોકારથી થતા લાભથી વધારેજ થાય.

‡ વર્ણભેદ વિષે ને સ્ત્રી વિષે બીજા ગ્રંથોમાં છે; અને **અનુસૂયા** તથા રમા એ બાઇયોનાં સ્ત્રી કેલવણીનાં ભાષણ તથા લોકનો મોહ એ વિષે બીજે કોઈ ટાણે બોલાશે.

દઈ ઉદાર બુદ્ધિયે ઉદ્યોગમાં ઝુઝ ને પછી તુંને જણાશે ક્યાં સૂધી આવી પહોંચ્યો તે

૮૨. ભો આર્ય! (સાત્વિક) તું સ્વધર્મ કર્મ પાળે છે પણ સંશય સાથે નથી ગમતું પણ અમણાંના અસત્ય વહેવારમાં સામેલ રહે છે ને પેટ ભરવાને ચિંતાતુર રહે છે;—નોકરી કરે છે, કાલાવાલા કરે છે, પ્રપંચ કરે છે ને વળી એકાંતમાં ઇશ્વિરને સંભારે છે; સમય જેમ ઘસડે છે તેમ ઘસડાય છે; દયામણી સ્થિતિ છે તારી. પણ હવે તું સ્વધર્મ વિષે સંશય રહિત થા, ધર્મીને ઘેર ધાડ ને કસાઇને ઘેર કુશળ એવો સમય હોય છે જ, પણ અંતે ધર્મનો જય છે એ વિશ્વાસે ધીરજથી દુઃખ પડે તે ખમ ને ધર્મકર્મ વધારે પાળ.

૮૩. ભો આર્ય! તું તારી પ્રકૃત નીતિને પાછો વળગ—સાચાઈ, સાદાઇ ને નમ્રતા; સ્વેછાચાર નહિ, મર્યાદાચાર; લોભ નહિ, સંતોષ; અધીરતા નહિ, ધીરજ; આળસ નહિ, ઉદ્યોગ; ઉડાઉપણું નહિ, મિતવ્યય; દાધ્યો રંગ નહિ, ડાહ્યો રંગ; એને જ વળગી રેહ. રાજપ્રકરણની પ્રવૃત્તિમાં મા પડ, પણ તારા કુળના ધંધામાં જ કુશળ રેહ. રાજવહેવારમાં તારો જ્યેષ્ઠ ભાઈ અક્ષર કે શસ્ત્ર પ્રયોગમાં કુશળ પણ સમયને જાણનારો ડાહ્યો, બુદ્ધિશાળી નીતિમાન ને ઉદાર છે; ને તે અમણા જો કે નિર્માલ છે તોપણ અનુકૂળ સમયની આકાંક્ષામાં પરમેશ્વરને પૂજે છે જ; અને જો કે તારો વડીલ ગુરુભાઈ સ્વધર્મકર્મનો અનુષ્ટાની નથી તોપણ તે હવે સદ્ય જ કરતો થશે ને પ્રજાના સ્વધર્મતેજની વૃદ્ધિ કરશે.

૮૪. ભો આર્ય! પ્રાકૃત વિદ્યા વધી છે; પદાર્થશાસ્ત્ર કળા વધ્યાં છે; સામાન્ય જ્ઞાન સારું થયું છે; બુદ્ધિમાં ચાંચલ્ય આવ્યું છે પણ તે કેવળ બહિર્મુખ છે—નિવૃત્તિના ધર્મ તો ઘણા જ બગડ્યા છે. કહ્યું છે, કે "અધર્મનાં આચરણથી પૃથ્વી ખેંચાય છે જેમ અગ્નિમાં ચામડું તેમ." વળી કહ્યું છે કે "રાજાથી પ્રજા પીડા પામે છે ત્યારે એવો કોઈ અગ્નિ ઉઠે છે કે, તેનાં પ્રાણ કુળ સંપતને ભસ્મ કીધા વિના તે થંડો પડતો જ નથી." વળી કહ્યું છે કે "સમય સમય બલવાન હૈ, નહી પુરુષ બલવાન્"—"કાળે તૃણ તે વજ્રનું કામ કરે છે." માટે ચંચળતા ઘટાડી બુદ્ધિનું અંતર્મુખ સ્વધર્મ ભણી વાળ.

૮૫. ભો આર્ય! તારો ઉત્કર્ષ કેવળ નિજ પુરુષાર્થે છે—નથી મળવાની કોઈ પડોસનાં રાજ્યની સહાય કે યૂરોપ અમેરિકાના સ્વતંત્રતાના હિમાયતી આવવાના સહાય થવાને. તારો ઉત્કર્ષ મથન પ્રયોગે નથી પણ સહનશીલતામાં ને અંતે કાળના અવતરણ પુરુષના કર્મદ્વારા છે. તારો ઉત્કર્ષ સ્વધર્મરક્ષણનો આગ્રહ ધરવાથી છે અને એને માટે, પરધર્મપ્રવૃત્તિ જે તારા દેશમાંથી તારી પરંપરાની નિવૃત્તિપ્રવૃત્તિને કાડવાનું કરે છે ને જેને તારા જ કેટલાક મોહિત



ભાઇઓ સહાય કરે છે, તેની સામા હઠે ઝુઝવાથી છે. તારો ઉત્કર્ષ અભિમાને સંસારબુદ્ધિ તથા શારીરબળ વધારવાથી નથી પણ નિરભિમાનપણે ધર્મબુદ્ધિ તથા નીતિબળ વધારવાથી છે. તારો ઉત્કર્ષ, પ્રજા પોતપોતાની વર્ણના અને પુરુષ સ્ત્રીના વિશેષ ધર્મ અવશ્ય પાળે તેમાં જ છે. (બીજા ધર્મની પ્રજા જેમ એક વર્ણરૂપે પુરુષ સ્ત્રી સમાન ધર્મ પાળે છે તેમ નહિ જ.) તારો ઉત્કર્ષ સંસારી અર્થ કામ માટે પણ સ્વધર્મ પાલણથી છે—એનું જ ન દેખાતું પુણ્ય તુને તારો ઉદ્યોગ ફળ્યો દેખાડશે. તારો ઉત્કર્ષ રજસ્તમસી બુદ્ધિની ભક્તિથી નથી પણ સાત્વિક બુદ્ધિને વિશ્વાસે ને સત્વરજસીની શ્રદ્ધાએ સત્કર્મ કરવાથી છે.

૮૬. ભો આર્ય! તારી પ્રકૃતિ સમજીને કામ કરવાની છે. તેને જ તું વળગી રહે—મોહથી વગર વિચારે કામ કરવા ન મંડી પડ. ભો આર્ય! અમણા તું નિયમરહિત થયો છે તે તું ધર્મકર્મના નિયમ પાળવાથી જ સંસારી કામને માટે પણ નિયમ પાળતો થઇશ માટે નિયમપાળણ અવશ્ય રાખ. ભો આર્ય! સર્વત્ર અનાચાર દુરાચારનું મલિન અમંગળપણું પસરી રહ્યું છે તે જાય અને પવિત્ર સદાચાર પાછો તેજબળે જયી થાય તેને માટે તું તારી કુળદેવી દુર્ગાનું ચિંતન નિત્ય ચિત્તમાં રાખજે. પણ કર આ ટાણે તો સ્તવન અમારી સાથે—

"महामोहा भगवती महादेवी महासुरी । प्रकृतिस्त्वं च सर्वस्य गुणत्रयविभाविनी ॥
दुर्गे स्मृता हरसि भीतिमशेषजंतोः स्वस्थैः स्मृता मतिमतीव शुभां ददासि ॥
दारिद्र्यदुःखभयहारिणि का त्वदन्या सर्वोपकारकरणाय सदार्द्रचित्ता ॥
देवी प्रसीद परिपालय नोरिभीते निरयं यथासुरवधादधुनैव सद्यः ।
पापानि सर्व जगतां प्रशमं नयाशु उत्पातपाकजनितांश्च महोपसर्गान् ॥
"लोकानां वरदा भव."* जयतु०

# મુક્તિ તંત્ર

૧. પ્રાણી માત્રને સુખદુઃખની લાગણી તેના મૂળ સ્વભાવથીજ છે. મનુષ્યમાં તે લાગણી તેના મનના મળાવડાથી વિશેષે છે. તે સુખની ઇચ્છા

* અર્થ—મોટો મોહ કરનારી, ઐશ્વર્યવાળી મોટી દેવી, મોટી આસુરી, ત્રણ ગુણને પ્રગટ કરવાવાળી પ્રકૃતિ તું છે. હે દુર્ગે! સ્મરણ કરેલી તું સર્વ જીવોનાં ભયને મટાડે છે, સ્વસ્થ જનોએ સ્મરેલી તું અત્યંત શુભ મતિ આપે છે. દરિદ્રપણાનાં દુઃખનું ભય ટાળનારી તારા વિના બીજી કોણ શક્તિ છે ને સર્વેને ઉપકાર કરવાવાળી કોમળ ચિત્તની? હે દેવી પ્રસાદ દે, જેમ અસુરવધથી અમણા સદ્ય રક્ષણ કીધું તેમ નિત્ય અમારા શત્રુના ભય થકી સર્વ રીતે પાળ; સર્વ જગતનાં પાપ અને ઉત્પાતને પરિણામે ઉપજેલા જે ભુંડા ઉપદ્રવ, તેને વહેલી શમ પમાડ. લોકને વર દેનારી થા.

પાકી કરે છે, ઇચ્છા પાર પાડવાને પ્રયત્ન યોજે છે ને ઇચ્છા તથા યત્ન કરવામાં લાભાલાભ, શુભાશુભ, વિધિનિષેધને વિવેક રાખે છે.

૨. મનુષ્ય સુખ ઇચ્છવે ખોળવે સ્વભાવથી સ્વતંત્ર છે, પણ વળી આયુષ્ય, આરોગ્ય, સાધનરૂપ દ્રવ્ય તથા ક્રિયા, પ્રયત્નનું પરિપકવ થવું, સમયનું સંધાન, પ્રકૃત નીતિ શક્તિની જોઇતી છત, પોતાની સ્વસ્થિતિની યોગ્યતા ને પારકાને આશ્રય, અણધાર્યા યોગ ઇત્યાદિ વાતે તે જન્મથી જ પરવશ છે કે જેથી તેને જોઇતું સુખ મળતું નથી.

૩. સુખેચ્છા એવી તો ઉગ્ર હોય છે કે, તે પ્રતિકૂળ સ્થિતિની સ્પૃહા ન રાખતાં તેની સામાં મથન કરે છે; અને મરણ પછી પણ ઘણે કાળે મળવાની ઉત્તમ સ્થિતિઅભિલાષે આ સંસારમાં પણ વર્તે છે. નડતાં બંધનનાં પરતંત્રપણાથી છૂટી સ્વતંત્રે સુખ ભોગવવું એટલે મુક્તિ પામવી એ તેને ઉદ્દેશ છે.

૪. સુખની ઇચ્છા સર્વ મનુષ્યમાં છે પણ તે એક સરખી નથી; સુખને અર્થે યત્નક્રિયાએ એક સરખી નથી ને સિદ્ધિસ્વરૂપ પણ એક સરખાં નથી. વિષયભેદે, દેશકાળભેદે, અમુક કોડ–અર્થ–વિવેકના અંશ સ્વભાવમાં જ ઓછા વધતા હોવાથી, સંગત તથા અભ્યાસથી એકેક મનુષ્ય પોતપોતાને માટે અમુક પ્રકારનું સુખ ઉત્તમ માને છે;–જૂદા જૂદા જનમંડળનાં ઊંચાં માનેલાં સુખ જૂદાં જૂદાં પ્રકારનાં હોય છે;–પણ વળી એક મંડળના સર્વે જણાનું સર્વોપરિ માનેલું સુખ સામાન્યતઃ સરખું હોય છે. અર્થાત્ મુક્તિનાં સ્વરૂપ મંડળ મંડળે પોતપોતાના વિશેષ નક્કી કીધાં છે.

૫. મનુષ્ય સંસારસાગરમાં સ્વેચ્છારૂપ નાવ ચલાવે છે પણ તેમાં તે અમુક નીતિ રાખે છે કે જે તેણે પોતાના પૂર્વકર્મના અનુભવની નીતિ અને પૂર્વજના અનુભવની નીતિ અને સંગતિથી પ્રાપ્ત કરેલી નીતિ એને ધોરણે નક્કી કીધી હોય છે. મંડળ મંડળના મહાત્માઓએ પોતપોતાના જનના સર્વોત્તમ કલ્યાણને અર્થે ઉદ્દેશ તથા પ્રાપ્તિનાં સાધન વિષે બોધ શિક્ષા આપી છે તેને તેઓ સારી માને છે. મુક્તિનું સ્વરૂપ, તેને માટે આચરણ તથા ક્રિયા તથા જ્ઞાન અને વળી તેનાં વિધાન, એ સર્વેની જે એક રચના તેને **મુક્તિતંત્ર** એ સંજ્ઞાએ ઓળખીએ.

૬. મુક્તિતંત્રમાં ધર્મનું અવશ્ય પ્રધાન દર્શન છે. અમુક સુખની ઇચ્છા તો કીધી પણ તે સુખ પછીથી દુઃખરૂપ થાય તેવું છે કે કેમ તેને વિવેક કરવો, સાધનમાં અમુકથી જ લાભ છે એને વિવેક કરવો ઇત્યાદિ વિષે બોધિત થવાને મનુષ્ય ઇચ્છે છે અને તેટલા સારુ અમુક નિયમને દૃઢ ધરી રાખવા વિષે તથા શ્રદ્ધાએ કર્મ કરવા વિષે તેને ધર્મબોધની અગત્ય છે જ.



૭. મનુષ્યને મનુષ્યજાતિના સામાન્ય ધર્મના અને નિજમંડળકુળના વિશેષ ધર્મનાં આચરણથી લાભ છે અને મર્યાદારહિત મનસ્વી આચરણે તથા પરધર્મને સ્વીકારે હાનિ છે. એ સત્યવિષે વિવેકશીલ મનુષ્ય નિઃશંક છે–પછી તરતને માટે કદાપિ દુરાચરણે લાભ થયો તો શું થયું–સુખરૂપ માનેલા તે લાભનું પરિણામ દુઃખ જ છે.

विना धर्मं मनुष्याणां, जायते न शुभं क्वचित्;
यत्नतो धारयेत्तस्मात्, पुरुषो धर्ममेव हि.—१

અર્થ–ધર્મ વિના મનુષ્યનું કદી કલ્યાણ થતું નથી; માટે પુરુષે ધર્મને યત્નથી પાળવો જ.

૮. મનુષ્યને આ સંસારમાં ઇચ્છા પ્રમાણે પૂરું સુખ નહિ, તેથી મરણ પછી પણ તે મળે અને અહીંના દુઃખ ભય ઘણાં ઓછાં થાય તેને સારુ તે ધર્મને આસરો લે છે. દેશકુળ પરત્વે કેટલાક મનુષ્યની પ્રકૃતિ કેટલીક રીતે સરખી હોય છે અને તે જ પ્રકૃતિના પણ ઉત્તમ પ્રકારે બોધિત થયેલા એવા શિષ્ટો પોતાના મંડળને માટે ધર્મ સ્થાપે છે. અમુક જણની પ્રકૃતિમાં રહેલી સુખેચ્છા તે તેવી જ પ્રકૃતિના સર્વોપરિ સુખને જુએ છે. અર્થાત્ મનુષ્યનું ઇચ્છિત સુખ તે તેના સ્વધર્મમાં જ હોય–સ્વધર્મ જ પૂરું અને ખરું સુખ તથા તેનાં યોગ્ય સાધન દેખડાવે.

૯. સત્યયુગના આરંભથી તે દ્વાપરના અંત લગી આર્યજનની સર્વોત્તમ સુખેચ્છા બે પ્રકારે જણાઈ છે–આત્માએ, ઉપનિષદ્જ્ઞાને કે સાત્વિક યોગે આનંદમય સર્વાત્મા થઈ રહેવું કે ઇચ્છિત વેદોક્ત સ્વર્ગાદિ લોકમાં બહુ કાળ વાસ કરવો. આ કલિયુગમાં રાજા જનમેજય થકી તે શંકરાચાર્ય લગીના કાળમાં લોકમાં વિધવિધ પ્રકારની સુખેચ્છા હતીઃ–કેમકે તત્વદર્શન જૂદાં જૂદાં હતાં; અગ્નિઇંદ્રાદિ દેવતાને યજ્ઞાદિક કર્મ ઓછાં થઈ ગયાં હતાં, શિવ અને વિષ્ણુ સર્વોપરિ પૂજ્ય મનાતા થયા હતા ને તંત્રોક્ત શક્તિ ભૈરવાદિની ઉપાસના વધી ગઈ હતી. (વળી બૌદ્ધ, જૈન ને ચાર્વાકના મતની જૂદી જૂદી મુક્તિ હતી.) તોપણ, તત્વજ્ઞાને મૂળ સ્વરૂપ જોવું ને દેવતાઓની ગતિ પામવી, એવી સર્વ લોકની ઇચ્છા હતી. પછી રામાનુજાચાર્યના કાળ લગી લોકના મોટા ભાગની સુખેચ્છા અદ્વૈત તત્વમાં મળી જવામાં કે તેના શિવસ્વરૂપ સરખું થવાની કે તેના લોકમાં વસવાની હતી. પછીના કાળમાં દ્વૈતસિદ્ધાંત ને વિષ્ણુની કે તેના અંશાવતાર રામકૃષ્ણની અનેક પ્રકારની ભક્તિ ને નિર્ગુણ પરમેશ્વરનું ભજન ને ગુરુભક્તિ ને સાધુઓનાં તપ એ આગળ પડ્યાં. (દિગંબર ને શ્વેતાંબર એ જૈન મત પણ હતાં.)

૧૦. અમણાના કાળમાં જો કે એક પાસથી ખ્રીસ્તી પાદરીઓ ને બીજી પાસથી પોતાનામાંના જ પરધર્મમોહિતજનો મથન કરે છે, તોપણ મંડળ હજી તો સ્વધર્મ રાખી રહ્યું છે–આજે પણ દુર્ગા, કાળિકા, વિંધ્યવાસિની હિંગળા, મહાલક્ષ્મી ને અંબા શક્તિસ્વરૂપો પૂજાય છે; શિવ વિષ્ણુનાં પૂજન છે; વામન, નૃસિંહ, રામ, કૃષ્ણ એ અંશાવતારની ભક્તિ છે; સાધુઓ દેહકષ્ટ તપ કરે છે; કોઈ વ્રતાદિ કરે છે ને કોઈ તત્વજ્ઞાનમાં રાચે છે. જો કે વૈરાગ્યવૃત્તિ ઘટી છે, આચારવિચાર વિક્ષેપમાં છે ને નિષ્ઠા બળિષ્ઠ સતેજ નથી તોપણ મંડળ **આ સંસારના જ સુખભોગની તૃષ્ણાવાળું** થયું નથી.

૧૧. વેદધર્મી શિષ્ટોના તત્વવિચાર કાળે કાળે જે થયા છે, તે સર્વે નિર્ગુણ સગુણ–અદ્વૈતદ્વૈત* એ બે મુખ્ય સિદ્ધાંતમાં સમાય છે, અને બંને સિદ્ધાંતે મૂળવસ્તુ એક છે–પરમાત્મતત્વ કે પુરુષોત્તમ; પહેલું મોક્ષપદ વિશેષે બ્રાહ્મણને ને બીજું તે વિશેષે ક્ષત્રી વૈસ્યને ઇષ્ટ છે.

૧૨. મુક્તિ પાંચ પ્રકારની છે. **કૈવલ્ય** એટલે મૂળતત્વ–બ્રહ્મ–સદાશિવજ થઈ રહેવું; **સાયુજ્ય** એટલે શિવ કે વિષ્ણુ કે દેવી કે માનેલા કોઇપણ સર્વેશ્વરના સ્વરૂપમાં ભળવું; **સાષ્ટર્ય** એટલે તેના સરખા સામર્થ્ય પ્રભાવવાળું થવું; **સારૂપ્ય** એટલે તેના સરખું સ્વરૂપ મેળવવું ને **સાલોક્ય** એટલે તેના લોકમાં વાસ કરવો. વૈષ્ણવ આચાર્યોમાં કોઇએ કૈવલ્ય લીધું નથી અને એક રામાનુજ વિના બીજા કોઇએ સાયુજ્ય લીધું નથી. શંકરાચાર્યે કૈવલ્યને પરમ મુક્તિ ને સાયુજ્યને ઉત્તમ મુક્તિ જાણી છે.

* વિશ્વ તે વસ્તુતઃ સત્ય નથી પણ આકાશમાં જેમ ગંધર્વનગરનો ભાસ તેમ આત્મસત્તાને વિશે વિશ્વનો ભાસ છે. એ ભાસ દેખાડનારી શક્તિ તે આત્માનું જ્ઞાન ને અજ્ઞાન એ બેએ યુક્ત એવી ને અવશ્યે અજ્ઞાનને લીધે ત્રણ ગુણ ધારણ કરનારી અનાદિ કાળથી કલ્પિત થયલી છે ને તે વિશ્વની લીલા દાખવે છે. વળી, પોતાના ને પોતાનામાં રાખેલા ચરાચર જીવોનાં અજ્ઞાનને નાશ કરનારો તે પણ તેજ છેઃ–અર્થાત્ તે સર્વકાળ સમાન નથી; એવો તો એ એક આત્મા જ છે–જ્ઞાનમય આનંદમય.

દ્વૈતવાદી જગતને સત્ય માને છે ને પરમેશ્વરને સાકાર માને છે. ચૈતન્યશક્તિ ને જડશક્તિ એ બેએ યુક્ત એવો તત્વરૂપ કર્તારૂપ ને ભોક્તારૂપ પરમેશ્વર છે ને તે સ્વેચ્છાએ જગત્ રચે છે. કોઈ કહે છે કે જડ વસ્તુ પણ પરમેશ્વરસ્વરૂપે છે. કોઈ કહે છે કે પરમેશ્વર તત્વ ને જીવતત્વ એ બે જૂદાં જ છે.

ઉપર કહી તે શક્તિ શુદ્ધ સત્વગુણવાળી તેમાં આત્માનું જે પૂર્ણ પ્રતિબિંબ ને જગત્કર્તા સર્વજ્ઞ સર્વેશ્વર છે ને એ પોતાના સંકલ્પથી નિયમપુરઃસર જગત્ રચે છે, પાળે છે ને સંહારે છે. મલિન સત્વગુણવાળી તે શક્તિમાં આત્માનાં કિંચિત્ પ્રતિબિંબવાળા તે અલ્પજ્ઞ જીવ છે. દેવપિતર તે મોટી શક્તિ ધરાવનારા અંશી પ્રાણી છે.



૧૩. મુક્તસ્થિતિ ક્યારે થાય કે જ્યારે જીવ જન્માંતરની આવૃત્તિથી છુટે ત્યારે. જન્માંતરથી છુટવાને ધર્મ છે. પરલોકસુખને માટે ધર્મ છે. મનુષ્યજીવને દેહથી છુટ્યા પછી દુઃખમાં સહાય કરવાને કોઈ સગું કે વહાલું તેની સાથે રહેતું નથી પણ ધર્મજ રહે છે ને સંસારમાં વર્ત્તવાને પણ ધર્મ છે માટે સુખને અર્થે ધર્મરૂપ સાધન થોડામાં કહીશું; પણ તેની પહેલાં જે સામાન્ય તત્વ સઘળા સંપ્રદાય તથા માર્ગે માન્યાં છે પણ જે સાંપ્રત નિસ્તેજ જેવાં છે તે સતેજ થવાં જોઇયે.

૧૪. (૧) વેદ એ આર્યને સ્વધર્મનું મૂળ છે; સર્વ વિદ્યાનો સાગર છે; વંદનીય પવિત્ર કલ્પવૃક્ષ છે. (૨) વેદને આધારે રચાયલા ગ્રંથ સર્વમાન્ય છે. (૩) એક, અરૂપ, વ્યાપક, તેજોમય બ્રહ્મને આકાર કર્તા થઇને અથવા પરમેશ્વર મૂળેજ સાકાર હોઇને **બહુ રૂપે બહુ ભાવ ધારણ કરે છે.** (૪) જીવ શુભાશુભ સ્વકૃત કર્મનાં **ફળને ભોગવે છે.** (૫) એ ભોગ પૂરા કરવાને તેને **જન્માંતરો** લેવા પડે છે. (૬) પૂર્વજન્મના કર્મપરત્વે જીવોને **પ્રકૃતિવૈચિત્ર્ય** ને જૂદાં જૂદાં **ભાગ્ય** હોય છે. (૭) સદાચારવિહિતકર્મ ને તત્વજ્ઞાનથી પાપનો નાશ થાય છે. (૮) યોગસિદ્ધિ ને મંત્રસિદ્ધિ. (૯) આચાર વિચાર. (૧૦) વર્ણાશ્રમ. (૧૧) દેવપિતરનું નિત્યયજન; વ્રત નિયમ ને તીર્થયાત્રા; દાન દક્ષિણા; બ્રાહ્મણનું પૂજન ને તેને ભોજન; સત્સંગ ને વૈરાગ્ય. (૧૨) ગુરુ ને માતપિતાની ભક્તિ; વડીલની મર્યાદા. (૧૩) સત્ય વ્યવહાર. (૧૪) પતિની સેવા. (૧૫) રાજભક્તિ. (૧૬) દયા, પરોપકાર ને શાંતિ સંતોષ આદિ સદ્ગુણ.

૧૫. પરલોકસુખનાં સાધન ઘણાંક છે પણ તે સઘળાંનો **કર્મ ભક્તિ ને જ્ઞાન** એ ત્રણમાં સમાવેશ થાય છે. એ સાધન અહીંયાં સુખને માટે પણ છે.

(૧) **કર્મ.** કર્મને લીધે દેહી ને દેહીરૂપે વળી કર્મ કરનારો એવો જીવ તે કર્મથીજ શુદ્ધ થાય છે; ને પછી કર્મથી અળગો રહી વિદેહીરૂપ કે વિદેહી થાય છે. જીવનાં કર્મ સારાં નઠારાં એમ ભેળાં હોય છે અને ન દેખાતી એવી કર્મની અસરોની રસાયનક્રિયાએ પરિણામરૂપ કાર્ય ઘડાય છે–સ્થૂલ દેહ થાય છે. પૂર્વ જન્મના અમુક પુણ્યકર્મથી મનુષ્યદેહ થાય છે ને એમાં પણ અમુક ફળસ્થિતિ ને અમુક બુદ્ધિ ગુણવિશેષે હોય છે. મનુષ્યરૂપે કેટલુંક કર્મ સર્વમાં સરખું ને સ્થિતિગુણપરત્વે કેટલુંક જૂદું હોય. એ ઉપરથી સામાન્ય ને વિશેષ ધર્મનું નિરૂપણ છે. ધર્મ કર્મ ત્રણ પ્રકારનાં કહ્યાં છે–નિત્ય, નૈમિત્તિક ને કામ્ય. સંસ્કારે દ્વિજ એવાને સંધ્યા,

જપ, સ્વાધ્યાય, દેવપૂજન, ઋષિ તથા પિતરનાં તર્પણ, હોમ, બીજાં પ્રાણીને બલિ ને અતિથિને ભોજન એ નિત્ય કરવાનાં છે; જપ પૂજન એ દ્વિજ નહિ તેવાએ કરવાનાં છે; સંસ્કાર, પ્રાયશ્ચિત્ત, શ્રાદ્ધાદિ કર્મ તે નૈમિત્તિક છે; અને અમુક જણે અમુક કામનાની સિદ્ધિસારુ જે અમુક યજ્ઞ, વ્રત, દાનાદિક કરવાં તે કામ્ય. **ફળની ઇચ્છા રાખ્યા વિના** પાંચ ઋણ (દેવ, પિતર, ઋષિ, મનુષ્ય બીજાં પ્રાણી નિમિત્તનાં) અવશ્ય આપવાનાં તે આપવાથી અને પૂર્વ જન્મનાં કર્મથી ઉપજેલા ભલા ભુંડા ભોગને સમાનવૃત્તિએ તથા ધૈર્યે ભોગવવાથી પાપનો નાશ થાય છે, ચિત્તશુદ્ધિ તથા વૈરાગ્યવૃદ્ધિ થાય છે ને તત્વજ્ઞાનમાં રુડો પ્રવેશ કરાય છે.

(૨) **ભક્તિ.** એ કર્મ કરતાં કેટલીક રીતે સુલભ છે; એમાં કાયા તથા મનબુદ્ધિને ઝાઝું કષ્ટ નહિ ને દ્રવ્યસામગ્રીનો ઝાઝો ખરચ નહિ; એ અવશ્યે મનોવૃત્તિયે સંપાદન થાય છે. પરમેશ્વર કે તેના કોઈ સ્વરૂપ ઉપર પ્રેમ ભાવ રાખવો ને તે નિમિત્ત કર્મ કરવાં એવે વિશ્વાસે કે પાપ ભયનો નાશ ને પુણ્યસુખની વૃદ્ધિ તેની કૃપાએ થશે એ ભક્તિ. ગુણનું શ્રવણ ને સ્મરણ, પ્રતિમાપૂજા ને સેવા, નામકીર્તન ને તીર્થાદિ, દેવ સાધુનું દર્શન, વ્રત ઓચ્છવ એ ભક્તિ પ્રાપ્ત કરવાનાં ને દૃઢ કરવાનાં સાધન છે. ભક્તિ ગુણભેદે ત્રણ પ્રકારની છે—બીજાને પીડા થાઓ, એ ઉદ્દેશે દંભને આગળ કરી મત્સર ક્રોધયુક્ત થઈ દેવને ભજે તે ભક્તિ તામસી; નિત્ય પોતાના યશસંપત્તિભોગને માટે ભજે તે રાજસી; અને **અહંકાર તથા ફલેચ્છારહિત** અનન્ય ભાવે ભજે તે સાત્વિકી. એ ભક્તિ પ્રારબ્ધાધીન સર્વ જાણીને પરમેશ્વરમાંજ ચિત્ત રાખવાની ચિંતા વિના બીજી કોઈ ચિંતા રાખે નહિ કે જેથી કીધા પાપનો નાશ થાય, નવાં થાય નહિ ને પ્રભુપ્રસાદ મોટો થાય.

(૩) **યોગ.** અધિકારી* મુમુક્ષુએ સ્વાત્મા ને સર્વાત્મા—બ્રહ્મનું ઐક્ય કરવું તે યોગ. એ સાધન બે પ્રકારનાં છે—હઠયોગ ને રાજયોગ. પહેલામાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન તથા સમાધિ

* જેણે નિત્યાનિત્ય વિષે થોડો ઘણો વિચાર કીધો હોય, અહીંના કે પરલોકના ભોગની ઇચ્છાનો ત્યાગ કીધો હોય, જેની પ્રીતિ આત્મા વિષે જાણવા ઉપર લાગી હોય, બાહારમાંહેની ઇન્દ્રિયો ઉપર તેનો અંકુશ હોય, શીત ઉષ્ણ દુઃખ સહન કરવાની જેને ટેવ હોય અને નિશ્ચય તથા શ્રદ્ધા હોય તે દંભથી કે ક્રિયાના મોહથી કે સિદ્ધિના લોભથી કે પરમેશ્વર વહેલો મળે તેવી, અધીરી સમજથી જે યોગાભ્યાસ કરે, તે મુમુક્ષુ નહિ.



એ વિષય છે. એનો અભ્યાસ ગુરુ કરાવે તેવી રીતે શિષ્યે બ્રહ્મચર્ય પાળી કરવાનો છે. સમાધિના અભ્યાસથી અંતઃકરણમાં સમાતું ચિત્ત ચિંતનીય તત્વ સાથે એકતાર રહે ને પછી નિર્વિકલ્પ સમાધિયે આત્મા તે સર્વાત્મા થાય. કહ્યું છે કે, "તત્વબીજ, હઠક્ષેત્ર, ઉદાસીનપણું એ જળ ને ઉન્મની સ્થિતિ એ કલ્પલતિકા." રાજયોગ આવો કે એક પાસથી "सर्वं खल्विदं ब्रह्म," "सत्यं ज्ञानमनंतं ब्रह्म," "प्रज्ञानमानंदं ब्रह्म," अहं ब्रह्मास्मि," "तत्त्वमसि," "अयमात्मा ब्रह्म" ઇત્યાદિ વિષય સમજવાનો અભ્યાસ કરવો ને બીજી પાસથી સ્વભાવ, જ્ઞાન, આનંદ ઇત્યાદિનો એકેકના મૂળનો લક્ષ્ય કરી સર્વનાં મૂળતત્વ તે હું છું એવા ભાવમાંજ રહેવાનો અભ્યાસ કરવો; 'હંસ'ની ઉપાસના કરવી. રાજયોગના આરંભમાં ક્ષમા, વિવેક, વૈરાગ્ય, શાંતિ, સંતોષ, નિઃસ્પૃહતા એને દહાડે દહાડે વધારવાનો અને કપટ, હિંસા, તૃષ્ણા, મત્સર, રોષ, લજ્જા, અશુચિપણું, રાગદ્વેષ, આળસ, પાખંડ, ભ્રાંતિ, લોભમોહ ઓછાં કરવાનો અભ્યાસ કરવો અવશ્ય છે.

(૪) વળી આચાર જેમાં અનેક પ્રકારની ચોખાઈ રાખવાની તે અવશ્ય પાળવો. શરીરસંબંધી, રસોઈ સંબંધી, ખાવાપીવાની વસ્તુસંબંધી, સૂતકસંબંધી, રજસ્વલા સુવાવડીસંબંધી વગેરે. અને સદાચાર સદ્ગુણ જેવા કે જીવમાત્રને દુઃખ ન દેવું, સત્ય, શાંતિ, સહનશીલતા, ધૈર્ય એ રાખવા અને વિષયનું લંપટપણું, અતિ ચંચળતા, દંભ, મોટાઈ, પરદારગમન એ ન રાખવાં, કોઇનું મર્મ ઉઘાડવું નહિ વગેરે.

૧૬. અમુક આત્માએ સર્વાત્મા—બ્રહ્મ—તત્વરૂપ થઈ રહેવું એ કૈવલ્ય મુક્તિને માટે તો આત્મજ્ઞાન એજ યોગ અવશ્ય સાધન છે; સાકાર પરમેશ્વરના પૂર્ણ સાદૃશ્યને માટે નિષ્કામ કર્મ કે ભક્તિ એ પ્રધાન સાધન છે, પણ તેની સાથે તેથી ઉપજેલું પૂર્ણ વૈરાગ્ય તથા ઈશ્વરસ્વરૂપનું જ્ઞાન એ પણ હોય; અને સકામ કર્મ કે ભક્તિ એ જેવા પ્રકારનાં હોય, તે તે પ્રમાણે જૂદા જૂદા લોકને પમાય ને પછી સલોકતા સમીપતા એ મુક્તિ પણ સધાય.

૧૭. પૂર્વે કહેલાં સાધનમાંથી કીયું કોણે રાખવું, એ વિષે સામાન્ય ધોરી નીતિ આ કે પોતાના કુળનું ધર્માચરણ પાળવું ને ચઢતાં ચઢતાં તેમાંજ જે ઉત્તમ તે સાધવું. કાળેકાળે આચાર્ય તે લોકની પ્રકૃતિ તથા સ્થિતિ જોઈ સાધનના વિધાનમાં ફેરફાર કરે, તેથી કુળધર્મ બદલાય તો પ્રજાએ તેમ વર્તવું.

૧૮. મુક્તિ એટલે બહુ કાળના દુઃખમાંથી છુટવું, ને સદા સુખમાં રહેવું, એવું કહેવામાં આવ્યું છે; પણ હવે સુખ દુઃખને વિચારિયે. મૂળ

સ્વભાવે કે કીધેલે વિચારે દેહધારી આત્માને વિષયનો સંબંધ અનુકૂળ આવેથી જે પ્રિય લાગવું તે સુખ અને સંબંધ પ્રતિકૂળ આવેથી જે અપ્રિય લાગવું તે દુઃખ. મનુષ્યની વૃત્તિ સત્વાદિ ગુણભેદે જૂદી જૂદી, વિષય જૂદા જૂદા, વૃત્તિઓનો વિષયો સાથે સંબંધ જૂદો જૂદો તેથી સુખ દુઃખ જૂદા જૂદા પ્રકારનાં હોય છે; અને કેટલાંક વળી કેટલી રીતે સરખાં પણ હોય. જેણે અમુક સ્થિતિમાં જેને સુખ માનેલું, તે પોતાની અમુક સ્થિતિમાં તે સુખને ઇચ્છતો નથી; જે વિષયથી સુખ માનેલું તે વિષયના દોષ જાણ્યા પછી તે વિષયથી દૂર રહેવામાં પણ તે સુખ માને છે; અને સંબંધ પણ કોઇવાર થોડો ને કોઇવાર ઘણો ગમે છે અથવા બીલકુલ ગમતો નથી. ઇચ્છા, ક્રિયા ને વિવેકનાં સુખ પણ વિધવિધ હોય છે. એમ છે તથાપિ હું **નિત્ય સુખમાં** રહું એ ઇચ્છા આત્માને નિત્ય રહે છે ને સમજ પ્રમાણે માની લીધેલાં સુખને માટે સમજ પ્રમાણે મથન કરે છે.

૧૯. સુખવિષે મનુષ્યની સમજ જૂદી જૂદી છે પણ આટલું તો સર્વમાન્ય છે કે જે સુખ, દુઃખનું કારણ થાય તે સુખ ખરું નહિ; જે સુખ દુઃખના ભેળવાળું હોય તે પણ રુડું નહિ–સુખ નિર્મળ તે જ ખરું સુખ. જે સુખ ઘણીવાર રહે તે મોટું સુખ; અને ઘણા વિષયના સંબંધમાં જે સુખ, તેના કરતાં થોડા વિષયના સંબંધનું સુખ તે જ આત્માને સ્વભાવે વધારે ગમતું છે.

શાંતિમાં, સ્થિરતામાં, સંતોષમાં જે ખરું સુખ તેવું ઉન્મત્તાઈ, ચંચળતા, લોભમાં, નથી; જેવું નિઃસંગ કે ત્યાગમાં, તેવું સંગ કે રાગમાં નથી; જેવું નિરિચ્છપણામાં તેવું ઇચ્છામાં નથી; ધર્મ કર્મનું તેવું વ્યવહાર કર્મનું નથી; અને પરોપકારબુદ્ધિનું તે સ્વાર્થબુદ્ધિના સુખથી શ્રેષ્ઠ છે; પણ વળી પરમાર્થ વિષયમાં સ્વાર્થબુદ્ધિનું તેજ સર્વોપરિ છે.

૨૦. વેદ, વિરક્તને માટે એકાંતસેવન, આત્માનું ચિંતન, વેદાંતશ્રવણ અને કર્મ કરવાની વૃત્તિથી પાછાં હઠી પૂર્ણ શાંત સ્થિતિભણી આવી રહેવા અભ્યાસ કરવાનો બોધ કરે છે. સંસારીને માટે નિત્ય નૈમિત્તિક કર્મ ને સદાચારનો બોધ કરે છે; દેવને અરાગે અહંકારરહિત કીધેલું અર્પણ તે જ ઉત્તમ છે. ધર્મકર્મનું ફળ તરત દેખાતું નથી ને મોડું પણ થાય તેથી ભોગપ્રિય અધીર જનોને માટે કામ્ય કર્મનાં વિધાન પણ વેદે દાખવ્યાં છે.

૨૧. જીવાત્મા નિર્મળ સુખને ઇચ્છે છે ને ઇચ્છે, કેમકે તે પોતે અમર છે પણ ત્યારે તેવાં સુખનો વિષય પણ નાશરહિત નિર્મળ જોઇયે ને વૃત્તિનો સંભોગ પણ એકસરખો જોઇયે ને બંધ કે મોક્ષનું કારણ



મન છે માટે તે પણ જિતેંદ્રિય તથા વાસનાજાળરહિત નિર્મળ જોઇયે. સંસારવિષય સદોષ, રૂપાંતર પામતો ને દુઃખદ છે અને અવિનાશી પ્રભુરૂપ વિષય અદોષ, દોષને હણનારો, નિત્ય ને સુખઃ છે. માટે, જીવે સંસારી ભોગ લલુના ઉપરથી પ્રીતિ ખસેડી સાત્વિકબુદ્ધિ વધારી એક અક્ષર, પૂર્ણકામ, પુરુષોત્તમના નિકટ સંબંધમાં રહેવું તે નિત્ય સુખ છે. રાજસ કે તામસ જીવો ઊગ્ર તપથી ઊંચી સદ્ગતિ પામે પણ પછી સત્વશુદ્ધિ થયે આત્મજ્ઞાને મોક્ષ-પાત્ર થાય. જ્યારે દેવાત્મા કે જીવાત્મા તત્વરૂપ વિષયનું ધ્યાન કરતાં પોતાના અહંને ટાળે ત્યારે વિષયરૂપ તે પોતે થાય છે ને ભોગવૃત્તિ તે પોતાનું મૂળ જે આત્મામાં રહેલું છે (આત્મા જ મૂળ પ્રેમાસ્પદ છે) તેમાં લય પામે છે અને ત્યારે તે પૂર્ણાનંદ જ થઈ રહે છે.

आत्मज्ञानं सुखं नित्यमनित्यं भोगजं स्मृतं ।
नाशात्मकं तु तत्त्याज्यं वेदशास्त्रार्थचिंतकैः ॥

इति प्रथमोल्लासः

પ્રત્યેક જીવનું પરલોકવિષયમાં મુક્તિસુખ કહ્યું; હવે આર્યજનો અમણાની અવ્યવસ્થાના દુઃખમાંથી છૂટે ને સારી સ્થિતિ ભોગવે, તે સંસારી મુક્તિવિષે બોલીશું.

૧. ક્ષુદ્ર જીવે અનંત ઐશ્વર્યના ભોક્તા થવું–પરમેશ્વર થવું, તેને માટે ઉદ્યોગ કરવાનું વેદ કહે છે. એ ઉદ્યમબોધ શું વેદે સ્વપ્નતરંગ જેવો ચલ્યો છે? ના; મોક્ષપદની પાસેનાં પદ પામેલાને તેણે દેખાડ્યા છે કે, જેઓએ પોતાને શુદ્ધ સત્વગુણે મનુષ્યસંસારમાં જ પોતાનાં ઐશ્વર્ય પ્રસિદ્ધ કીધાં છે એવા, ચૈતન્યપૂજક ઉદ્યમવાદીઓની આગળ જડપૂજક ઉદ્યોગી જન જે આ સંસારનાં ક્ષણભંગુર સુખને સારુ તૃષ્ણા રાખે છે ને તેમાં દૈવકાળવ-શાત્ કદાપિ ફાવે છે તો નિજ પ્રયત્નને મોટું પુરુષાર્થ માની લે છે તે ક્ષુલ્લક કેમ નહિ? જીવ પોતાની મૂળ પ્રકૃતિ (સત્વાદિ ગુણ પ્રધાન એવી), પોતાનાં કર્મ ને પૂર્વકર્મનો વિપાક એને વશ છે; તે અનેક દેહે અનેક પ્રકારે સુખ દુઃખ ભોગવે છે પણ તેમાં દુઃખ જ વધારે છે;–એ પરતંત્રપણાંએ આર્ય-જીવ સંસારમાંથી ઉદાસીન રહે છે; પણ વળી પરલોકમાં અધિક સુખ કે શોકરહિત અઢળ પદ ઢુંઢવે ઉદ્યમી છે. ઉદાસીન ને ઉદ્યમી એ બે એકેકથી ઉલટી એવી વૃત્તિવાળો આર્ય તત્વવિવેક, શાંતિ, વૈરાગ્ય, શમ, દમ, તપ, ધ્યાન, શ્રદ્ધા, ભક્તિ ભણી જુએ છે; સત્ય, શુચિ, દયા, દાન, અહિંસા, ક્ષમા, નિર્મળતા, નિર્મોહત્વ, ધૈર્ય, સંતોષને રાખે છે; ભાગ્યને માનનારો તે ઉત્સાહ શૌર્યથી ખંતે કર્મ કરે છે અને સ્નેહ તથા અર્થનાં ધર્મયુક્ત કોડમાં પ્રસન્ન

રહે છે. વારેવારે આશાભંગ ને આશાતુર થતો એવાને માટે, પરલોકને માટે ને આ લોકને માટે વેદે એક જ શિક્ષા આપી છે કે **નિયમે સત્ક્રિયા કર, નિયમે જ્ઞાનાભ્યાસ કર;** તે ભણે છે કે મારા મંત્રો પણ "नियमे फलप्रदाः" છે. કર્મ પ્રમાણે સ્થિતિ માટે શુભ સ્થિતિસારુ **સત્કર્મ-પુણ્ય કર;** જો કર્ત્તવ્ય બુદ્ધિથી કરીશ તો ઉત્તમ પુણ્ય છે ને રાગી વૃત્તિયે કરીશ તો થોડું પુણ્ય છે પણ આરંભે તારે પોતે ને સંબંધીજને **શુદ્ધ તથા શ્રદ્ધાળુ થવું ને દ્રવ્યસામગ્રીને શુદ્ધ કરવી.** કેમકે પવિત્રતાનું આકરું તેજ મહાબળિયા મલિન રાક્ષસોને હણનારું ને તારું કાર્ય સદ્ય સિદ્ધ કરનારું થશે. એમ જો અંતે ઘણું પુણ્ય કર્મ થાય તો તેનું ફળ શીઘ્ર જ થાય–अत्युग्रपुण्यपापानां फलमिहैवमश्नुते"–અતિ ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ અહીં જ પમાય છે.

૨. મંડળનો મોટો ભાગ સ્વધર્મ રાખી રહ્યો છે પણ નિયમ પાલનમાં દૃઢ નથી; ધર્મશિક્ષક તે સ્વધર્મ વિષે અભણ, ધનાર્થી તે વિષયાસક્ત છે; ત્યાગી તે દંભી, મમતી ને જીભ તથા ઉપસ્થના રસમાં મગ્ન છે; અંગ્રેજી ભણેલા તથા ભણતા ને તેના સંબંધી તે સ્વધર્મનિંદક, પરધર્મ વિષે મોહિત પણ વળી સ્વેચ્છ ધર્મ પ્રવર્તાવવાને કોડીલા, પરલોક વિષે સંશયી અને ધનમાનસ્ત્રીસુખને માટે ફાંફાં મારતા છે અર્થાત્ ધર્મપરાયણ છે અને તેથી અવ્યવસ્થિત છે. એઓના મનોરથ પૂરા પડવાને પ્રથમ તો સ્વધર્મવિષે ભક્તિ દૃઢ થવી જોઇયે. પણ અર્થકાળની ઉન્મત્તાઇમાં તે ભક્તિ સતેજ કેમ થાય? ન જ થાય. અસહ્ય દુઃખ ભોગવવું પડે ને પશ્ચાત્તાપ થાય ત્યારે તે ભક્તિ થાય અથવા તો સુભાગ્યે પુણ્યના વિપાકકાળે પૂર્વજનાં જ્ઞાનધર્મની સ્મૃતિ થાય ને મોહ ખસે ત્યારે થાય. ધર્મનાજ વિચાર સત્ય છે. તથા તેજ બળવંત છે એ જ જ્યારે પ્રજા માનશે ત્યારે જ તે સુવ્યવસ્થિત થશે. પરધર્મના વિચારોથી આર્યમંડળ ત્રુટિત ને અનીતિયે અવ્યવસ્થિત છે તે પાછું સ્વધર્મના વિચારથી જ ઐકય થઈ વ્યવસ્થિત થશે. આર્યની પ્રકૃતિમાં ધર્મજ પ્રધાન છે, તેજ મોહને ખસેડશે ને તે વહેલો ખસે, તેને માટે આપણે પ્રયત્ન કરવો એ સમજુકને કર્તવ્ય છે. સંસારી અર્થકાળના યશને માટે નીતિનિયમ અવશ્ય જોઇયે. તે પણ અમણા આર્યમાં નથી ને મનોરથ તો મોટા કરે છે તો તે સિદ્ધિ કેમ પામે? અર્થકાળની નીતિને માટે પણ આર્યે સ્વધર્મ જોવો જોઇયે અને સ્વધર્મથી જ તે નીતિઓ પળાશે; અર્થાત્ આર્યને **સ્વધર્મેજ** શ્રેય છે, અન્યથા નહિ.

૩. અંગ્રેજી ભણેલાઓએ દેશદાઝમાં સંસારી અર્થકામના વિચાર આગળ પાડ્યા; પ્રથમ નિકળેલા ઉચ્છેદક સુધારાવાળાનો બોધ નીચે પ્રમાણે હતો;–



પ્રજાની સ્થિતિ ઉત્તમ કરો; **સ્વદેશનું અભિમાન રાખો.** એટલેઃ–

(૧). યૂરોપના દેશોની વિદ્યાકળા સ્વદેશમાં આણો; તેણી તરફ જવામાં સંકોચ ન રાખો.

(૨). વેપારધંધો વધારો; કારખાનાં કાઢો; દેશીકારીગીરીને ઉત્તેજન આપો.

(૩). શારીરબળ વધારો; સાહસિક થાઓ.

(૪). રાજ્યનીતિ જાણો; પ્રજાના હક સમજો ને તે સરકાર પાસે માંગો.

(૫). મંડળીઓ મેળવી ઉદ્યોગ ચલાવો.

સ્ત્રી જાતિની સ્થિતિ રુડી કરો; તેઓને છૂટ આપો.

(૧) તેઓને ભણાવો. (૨) તેઓ મોટી થઈ સ્વેચ્છાવર કરે. (૩) વિધવા પણ બીજીવાર પરણે.

એક સર્વ શક્તિમાન્ નિરાકાર જગત્કર્ત્તાની ભક્તિ કરો, સ્તુતિપ્રાર્થનાએ કે તે મનોરથના ઉદ્યમમાં સહાય થાય; માનવધર્મ પાળો.

વેદને ન માનો; દેવપિતર ખોટા; મંત્રકર્મ થોથાં; જન્માંતર જૂઠાં; મૂર્ત્તિપૂજા મૂર્ખાઈ; ધર્મગુરુ હીણા; બ્રાહ્મણ ભુંડા.

જાતિભેદ ન રાખતાં એક વર્ણ કરો કે ઐકયબળ વધે.

પછી સમાજો થઈ; તેણે પોતપોતાનાં ધર્મમત સ્થાપિત કીધાં પણ તે બધીનો ઉદ્દેશ (પ્રગટ કે પ્રચ્છન્ન) કેવળ આ સંસારનાજ સુખભોગનો હતો ને છે.

(૪). સુધારાનાં ધર્મમત વિષે બહુ લખ્યું છે; અહાં આટલું જણાવીશું કે તેમાં પણ બહુ ભેદ છે, સ્વમત પ્રમાણે તેઓ ચાલતા નથી ને જેમ જેમ વયે જાણે વધારે સમજતા જાય છે, તેમ તેમ તેઓ પોતાના પૂર્વજના ધર્મ ભણી પાછું વલણ કરે છે; તે મનસ્વી મત, મંડળમાં દાખલ થનાર નથી; તો પછી તેથી સંસારી અર્થની વૃદ્ધિ થવા વિષે બોલવું નિરર્થક છે. તે સંશયી અતોભ્રષ્ટતતોભ્રષ્ટને માટે, અને સ્વધર્મને વળગી રહેનારાને માટે કહીશું કે આર્યપુત્રે તો નીચે લખેલાં તત્ત્વ સત્યજ માનવાં.

(૧) **વેદ,** સર્વે પ્રાણીઓનાં પરલોક આલોક સંબંધી કલ્યાણને સારુ સાધનસામગ્રીરૂપ જ્ઞાનકર્મની બોધવાણી છે–ઉત્તમ પુરુષાર્થદર્શન ને પરમ પરમાર્થદર્શન છે. જગતના આરંભમાં મહાતપસ્વી દેવાત્માએ અંતરપ્રેરણાએ પ્રગટ કરેલી આદિ વાણી પરમપવિત્ર છે. મંત્રક્રિયાનો વિધિ તે **બ્રાહ્મણ** ને વેદનો સાર **વેદાંત** તે બ્રહ્મનું નિરૂપણ કરે છે.

(૨) **આત્મા** (બ્રહ્મ; તત્સત્) સકળ વિશ્વમાં વ્યાપીરસ છે. એજ એક નિરામય નિત્ય દેવ છે. ૧

(૩) **આત્મશક્તિ.** નિરાકાર આત્માનું સામર્થ્યપરમૈશ્વર્ય પ્રગટ કરનારી સર્વ ચૈતન્યરૂપ શક્તિ; ઓંકારરૂપે આત્માના આશ્રયમાં રહી ઇચ્છા, ક્રિયા, જ્ઞાન, ઉત્પત્તિ, સ્થિતિ, વય એના મહા નિયમોને પ્રવર્તાવે છે. આત્મજ્ઞાને આત્મા ને તે જ્ઞાનને વિસ્મરણે-જગત્ દેખાડે છે. એ જ શક્તિમાં નિર્ગુણ આત્મા અનેક અંશે પ્રતિબિંત થઈ દેવાત્મા, જીવાત્મારૂપે સગુણદેહ ધારણ કરે છે. ૨

(૪) **દેહાંતર**ને વશ છે પ્રાણી માત્ર પોતપોતાના કર્મને લીધે. તે દેવ-દૈત્ય, પિતર-પ્રેત, મનુષ્ય-ભૂત થાય; પશુ પક્ષી કીટ થાય; વૃક્ષ કે પાષાણ થાય. વળી સ્થિતિયે રાજા કે રાંક થાય, બ્રાહ્મણ કે અંત્યજ થાય ને લાંબે ટુંકે આવરદે કૃતકર્મનો ફળભોગ કરે.

(૫) **મોક્ષ.** દેહાંતરનાં બંધનથી છુટી જીવે (નિર્ગુણ) શિવ કે નરે (સગુણ) નારાયણ થઈ રહેવું સદાકાળ તે.

(૬) **ધર્મ.** વેદોક્ત બોધનું વિધિયે ને શ્રદ્ધાયે જે પાલણ તે. જીવાત્માએ શુદ્ધ થઈ, સ્થિર થઈ પરમાત્મા સાથે યોગ કરવો તે સંબંધી દૃઢ ધરી રાખેલું આચરણ. વિશેષ ધર્મ તે વર્ણના, આશ્રમના, રાજાના, સ્ત્રીના ઇત્યાદિ. ૩

(૭) **આચાર.** સત્ય, શુચિ ને મર્યાદા; અહિંસા, દયા ને દાન ઇત્યાદિ. વિશેષ તે ગ્રામાચાર, કુળાચાર. આચાર નિવૃત્તિમાં ને પ્રવૃત્તિમાં. ૪.

૧. અંગ્રેજી પહેલી ચોપડીમાં "ગાયને આત્મા નથી" એ વાકય છે તે વિચાર આર્ય બાળકોએ સાચો માનવાનો નથી.

૨. આર્ય તે અનાત્મ શક્તિના નહિ પણ આત્મશક્તિના જ પૂજક છે. હાલ અનાત્મશક્તિયે આર્યનાં મન હરણ કીધાં છે પણ તે મોહથકી તેઓએ ખસવું જોઇયે. જડશક્તિના સેવક અંગ્રેજી ભણેલાને શુદ્ધિમાં આણવાને મેડમ બ્લાવાટસ્કીનો શ્રમ રુડો છે, જો કે એની થીઓસોફી આર્યની શુદ્ધત્વસ્વરૂપિણી ચૈતનશક્તિને સ્વચ્છ સમજતી ના પણ હોય. વેદે સ્તવેલાં આત્મયોગસામર્થ્યને આગળ ન પાડતાં સ્વામી દયાનંદે રજસ્તમસીબળ, શારીરબળ પદાર્થબળનું માહાત્મ્ય કથ્યું એ ઠીક ન કીધું, પણ તેમ કરી કેટલાક સુધારાવાળાને વેદ માનતા કીધા એ તેણે ઠીક કીધું.

૩. અગ્રાહ્ય પૂર્ણ આત્માનું દુર્લભ જ્ઞાન પામતાં પહેલાં અંશી દેવાત્માનું યજન અવશ્ય છે. પ્રત્યેક જણ પોતપોતાની પ્રકૃતિને ગમતા ઇષ્ટ દેવતાને સાધે કે તેની પ્રસાદીએ જ્ઞાન પામવાની યોગ્યતા વહેલી મળે. નમન, પૂજન, જપ, ધ્યાન, એમ ઘણા પ્રકારનાં કર્મ છે. પ્રતિમા તે સ્થિર થવાને ઓઠું પણ અગત્યનું છે.



૪. અભિમાન રહિત-નમ્રપણું રાખવું એ મોટો સદાચાર છે. હાલ મદ્યપાન ને વ્યભિચાર એ બહુ વધ્યાં છે; મહાપાતક છે માટે તે તજવાં.

૫. મંડળના સંસારી અર્થલાભને સારુ ઉપાય બે પ્રકારના છે-ધર્મકર્મ કરવાં ને વ્યવહારકર્મ કરવાં. પૂરી આસ્થાવાળો ધીર તે ધર્મકર્મ જ કરે ને ચલિત અધીર તે વ્યવહારકર્મ કરે ને ધર્મકર્મ પણ કરે. અને નાસ્તિક તે વ્યવહારકર્મ જ કરે. લાભ તો દૈવ તથા તેના ઉદયકાળને અધીન છે અને કર્મ તે દૈવને સહાયભૂત થાય અથવા ન થાય. પ્રયત્ન ઉપરાંત અણધાર્યા અનુકૂળ યોગ વચમાં આવી પહોંચે તે દૈવવશાત્ હોય અથવા ધર્મકર્મથી મળતી ઇશ્વરકૃપાએ પણ હોય. ધર્મકર્મથી દોષવાળાં કેટલાંક કર્મ નાશ પામે કે જેથી ઇચ્છિત યોગ વહેલો આવે. વળી તે કર્મથી વ્યાવહારિક કર્મમાં ભૂલ ન થાય, બુદ્ધિ દૃઢ થાય, યુક્તિ સૂઝે ને કર્મબળ વધે. ધર્મકર્મમાં કાળ ગાળવાથી વ્યવહારકર્મમાં ખલેલ થાય છે એ વિચાર ખોટો છે.

આર્યજને નિત્ય સવારના પહોર સુધી **ધર્મ**નું, પછી સાંજ સુધી **અર્થ**નું ને રાતે **કામ**નું (કુટુંબ મિત્રમાં) સેવન કરવું. અમણા છોકરાઓ ઉઠતાંવારને નિશાળના પાઠ ગોખવા માંડે છે તેમ ન થવું જોઇએ પણ એક કલાક તેઓ સ્વધર્મવિષયનું ભણે ને પછી નિશાળના પાઠ કરે. જેને જેવો લાભ જોઇએ તેણે તે પ્રકારનું અનુષ્ઠાન કરવું કે કરાવવું. મંડળ દુઃખી હોય તો તેમાંના કેટલાક જણે યજ્ઞાદિક કરવાં-મહામારીની શાંતિને માટે કે જોઇતી વૃષ્ટિને માટે યજ્ઞ કરે છે જ. મહારાણી કે તેનું કુટુંબ સંકટમાંથી ઉગરવા નિમિત્ત આર્યપ્રજા પાસે સરકાર પ્રભુસ્તવન કરાવે છે. આર્યપ્રજાએ પોતાના દુઃખનિવારણ પ્રભુને ધર્મકર્મથી વિનવવો. પ્રજાની દાઝ જાણનારો પોતાના ઘરમાં નિત્યકર્મને કીધા પછી પ્રજાનાં કલ્યાણને અર્થે પોતાના ઇષ્ટદેવની પ્રાર્થના કરે. માંદાને સારું કરવાને વૈદ્યનું ઓસડ હોય ને ધર્મકર્મ પણ હોય. તેમ નિર્બળ પ્રજાએ સ્થિતિ સારી કરવાને બંને પ્રકારના ઉપાય યોજવા જોઇએ.

૬. સંસારી ઉપાય. નિયમ તો આ રાખવાનો કે આર્યોએ પોતપોતાનાં કુળકર્મ કરવાં, પછી કુળને ઉદ્યોગે કુટુંબનિર્વાહ ન થતો હોય તો ઉદ્યોગ બદલવો પણ તેમ કરતાં ઉતાવળ ન કરવી ને નવો ઉદ્યોગ લીધા પછી તેને જ વળગી રહેવું. થોડે ઉદ્યોગે થોડા કાળમાં બહુ લાભની તૃષ્ણા રાખવી નહિ. ખંતી ઉદ્યોગ, ધીરજ સાથે નિયમિત ખરચ રાખતાં, કરવાથી લાભ થાય. મોટાં લાભને માટે-મોટા કામને માટે ફાંફાં ન મારવાં પણ ધીરજે ઉદ્યોગ કરવો. મોટાઇમાં મોટો ખરચ ન રાખવો કે પ્રસંગે પ્રસંગે

તરતના જસને સારુ ઘેલા થઈ ખરચ ન કરવો. કુટુંબનું ભરણપોષણ થાય, ધર્મકર્મ થાય તેને માટે ઉદ્યોગ કરવો પણ વૈભવ વધારવાના હેતુથી ઉદ્યોગ કરવો નહિ.

મંડળની અમણાની સ્થિતિ સારી કરવાને પ્રથમ તો જનોએ **પોતાની નીતિ સારી કરવી જોઈએ;** અને દેશકાળનો વિચાર કરતાં નીચે લખેલી નીતિ સૌએ રાખવાની છે.

(૧) **વિલાસ ઉપરથી આસક્તિ ઉઠાડવી**–વૈભવસામગ્રીની લલુતા ન રાખવી; વિલાસથી તનમનધનબળ ઘટે ને અર્થસાધનમાં તો બળનું કામ છે.

(૨) "देहं पातयामि" કે "अर्थं साधयामि" એવે નિશ્ચયે પોતપોતાનો ઉદ્યોગ **નિયમે** કર્યાં કરવો ને સિદ્ધિને સારુ અધીન ન થવું.

(૩) ઉદ્યોગના માર્ગમાં આવતાં વિઘ્ન સંકટ ભયાદિ **દુઃખોને ધીટ થઈ સહન કરવાં** ને તેને નિવારવાને વધારે ઉત્સુક થઈ સમયોચિત વધારે શૌર્ય દાખવવું.

(૪) સંબંધી જનનાં અનેક મત સાંભળી **મનને સંશયી ન કરવું,** પણ તેના સારને ઉપયોગમાં લેવો; અને આરંભેલું વચમાંથી મૂકી દેવું નહિ.

(૫) મોટાઈ, લજ્જા ન રાખતાં **આશ્રય પણ મેળવવો,** પણ આશ્રયથી જ કાર્ય સિદ્ધિ ઇચ્છવી નહી. 'આપ સમાન બળ નહી' એ નીતિનું સ્મરણ રાખવું.

(૬) માન જસનો વિચાર ન રાખતાં **કર્તવ્યનો** જ લક્ષ રાખવો.

(૭) અધીરતાએ–દીનતાએ, અસાધુપણે દુરાચારે એટલે **અધર્મે અર્થ સાધવો નહિ.** તે પૂરો સધાય નહિ, સધાય તો ભોગવાય નહિ ને ભુંડી સ્થિતિમાં આણે.

૭. મંડળના સામાન્ય અર્થનાં મુખ્ય ત્રણ પ્રકરણ છે. વિદ્યા, સત્તાધિકાર ને દ્રવ્ય. પ્રથમ વિદ્યા વિષે મંડળના મોટા ભાગની સ્વભાવરુચિ પદાર્થવિદ્યાકળાભણી નથી પણ પરલોકસાધનવિદ્યા ભણી છે; તોપણ તે વિદ્યાઓનો અભ્યાસ સંસારી લાભને માટે કરવાને તેઓ તત્પર છે જ. પણ ભ્રષ્ટ સ્થિતિમાં, ઉદ્યોગઆશ્રયની અછતમાં તેઓ તે વિદ્યામાં પોતાના જસ શું બતાવે? યુરોપની અમણાની વિદ્યાકળાની જાણ માટે અંગ્રેજી ભાષા સારી શીખવી જોઈએ ને દ્રવ્યનો ખરચ કરવો જોઈએ; પણ તે અનુકૂળતા દેશીઓને નથી. અમણા કાલેજોમાં રસાયન, ઉદ્ભિજ્જ, વૈદક, શિલ્પ વગેરે શીખવવામાં આવે છે પણ વિદ્યાર્થીઓ ધંધે લાગ્યા પછી તે વિદ્યામાં વધારો કરી શકતા નથી. યંત્રથી ચાલતાં કારખાનામાં કામ કરનારા દેશીઓ



જાણીતા થયા છે પણ યંત્ર કેમ બનાવવાં ને સમારવાના વિષયમાં તેઓ અજાણ છે. દેશી કારીગીરીને ઉત્તેજન નથી. પરતંત્ર સ્થિતિમાં એમ જ હોય, સધાય તેટલું સાધવું. આ કરીએ કે તે કરીએ ને ઇચ્છા તો આ છે પણ પેટનું પ્રથમ કરવાનું છે; શ્રીમંત મૂર્ખ છે ને કામદાર ધૂર્ત છે; તોપણ વિદ્યાર્થીએ ગુજરાન જેટલું મળેથી સંતોષે રહી પોતાની રુચિની વિદ્યામાં વધારો કરવાની ખંત રાખવી.

ધર્મવિષયના ગ્રંથોનાં ભાષાંતર થવા લાગ્યાં છે એ ઠીક થાય છે, પણ કેવળ સંસારી વિષયના જેવા કે વૈદક, શિલ્પ તથા બીજી કારીગીરીના, ગણિત ને જ્યોતિષના, ઇતિહાસ ને રાજનીતિના ગ્રંથ પ્રસિદ્ધિમાં આણવાને પંડિતોએ પરિશ્રમ કરવો. અંગ્રેજી ભણેલાઓએ યૂરોપની પદાર્થવિદ્યા ને તેમાં અવશ્યે યંત્ર, શિલ્પ ને રસાયન એ ત્રણનો, નૌકાશાસ્ત્ર ને યુદ્ધકળાનો પરદેશ જઈને ને તેણી તરફની ઇતિહાસકથા તથા રાજનીતિનો ને વૈદકમાંની વાઢકાપની કળાનો અભ્યાસ કરવો. (૨) સત્તાધિકાર, નોકરીમાં ને રાજસત્તાઓમાં દેશીઓને માટે તે વિષે લખાયું છે ને વળી લખાશે;–પણ એ વિષયમાં ઉચ્ચ વિચારની પ્રજા અતિશય દુઃખી છે ને સરકારની સ્વલ્પ કૃપાને માટે ભારે ઓશીઆળી દીન છે. (૩) રાજકુટુંબ ઇંગ્લંડમાં રહે છે, ત્યાંથી આવતા કારભારી મુદત ભરાયે પાછા ત્યાં જાય છે, તેથી દ્રવ્ય અહીં રહેતું નથી; દેશી વેપારીઓ અંગ્રેજી ભણેલા નહિ તેથી અંગ્રેજ આડતીઆ મારફત વેપાર કરે છે ને તે આડતીઆ કેવી રીતે સોદા કરે છે, કેવી રીતે નાણાં પાછાં વાળે છે, એ વિષે બેદરકાર છે કે જેથી દેશીઓને જોઈએ તેટલો લાભ નથી; ઇંગ્લંડથી આવતા માલનું તકલદીપણું ને તેથી વારેવારે ખરચ કરવાનો; વગેરે કારણથી દેશમાં ધન રહેતું નથી. દેશી વેપારીઓ અહીં તહીં સાંચાનાં કારખાનાં કાઢવાને તજવીજો ચલાવે છે. દેશનું દળદર જાય ને દોલત વધે, તેના ઉપાયમાં બાધક કારણ કેટલાંક સરકાર તરફનાં છે કે જે ખસે તેવાં નથી, પણ દેશીઓએ પોતાની તરફથી જેટલું બને તેટલું કરવું.

૮. પ્રજાને પોતાના ધર્મઅર્થ કામને માટે રાજ્યસત્તા અનુકૂળ જોઈએ. તે અનુકૂળતા પ્રજા અને સત્તા એ બેના દેશ–જાતિ–સ્વભાવ–નીતિના નિકટ દૂરના સંબંધ પ્રમાણે વધતી ઓછી હોય; અને **સ્વદેશી સ્વધર્મી સત્તાથી જ પ્રજાને ઉત્તમ સુખ હોય છે.** તેવું સુખ આર્ય પ્રજાએ ભોગવ્યું છે ને તેવું સુખ પાછું મળે તેવી ઇચ્છા કોઈને થતી પણ હોય પણ લાંબે કાળે સંધાય તેવો તે સીધો ઉદ્દેશ મનમાં રાખનારા કોઈ નથી; તો તે

વિષે અમારે અવશ્યે વધારે બોલવું શું? માત્ર અમણાની અવ્યવસ્થાનું કેટલુંક દુઃખ ઓછું થાય તે વિષે બોલીશું.

૯. પ્રજામાં અવ્યવસ્થા પ્રજાની પોતાની તરફની ને સરકાર તરફની એમ બે પ્રકારની છે. પહેલી વિષે સરકાર નથી કહેતી કે કોરટમાં કજીઆ લેઈ આવો પણ બાપ દિકરા, ધણી ધણીઆણી, સગા ભાઇઓ, હેત પ્રીતે થયલા ભાગીઆઓ કોરટ ચઢે છે; જ્ઞાતિઓમાં તથા કુટુંબોમાં ક્લેશ છે; અરીષ્યા ને મમત, ગજા ઉપરાંત વ્યય ને વ્યસનલંપટપણું, ધનવંત મદે ભર્યા ને 'દળદરીને સુસ્તી ઘણી,' ભણેલ સફાઈ લુચ્ચાઈ કરે ને અભણ તે ભુંડાઈ ધરે,–સર્વ પ્રકારની મર્યાદાનું ઉલ્લંઘન ને મેલું સ્વચ્છંદી આચરણ જોવામાં આવે છે. નક્કી, પ્રજામાં સદાચાર નથી ત્યાં સૂધી તેને રાજકીય લાભ પણ થનારો નહિ. પ્રજાએ સદ્‌ગુણી થવું, એ અર્થ પ્રથમ સાધવો જોઇએ કે જેના બળથી બીજા અર્થની પ્રાપ્તિને માટે વધારે બળ આવે.

ઉપાયમાં (૧) **સ્વધર્મ વિષે ભક્તિ** સતેજ થવી જોઇએ કે જેથી પરલોક આલોકનું ખરું સુખ તે સમજે ને સમજે કે દુર્ગુણથી થતાં પાપની સુવા પછી શિક્ષા ભોગવવી પડશે ને અહીં પણ દુર્દશા થશે;–દુર્દશાને અનુભવે જેટલું સમજશે તેટલું બોધથી નહિ, તોપણ ધર્મશિક્ષકોએ સ્વધર્મે રહી ખંતથી બોધ આપ્યા કરવો. (૨) મોટા જનોએ પોતાનાં સારાં આચરણથી બીજાઓને દાખલો મળે તેમ કરવું ને એમ કરી ઉઠી ગયેલાં **જનમતને** પાછું **પ્રતિષ્ઠિત** કરવું. (૩) વાંદરી દારુ પીધેલી હોય, વીછુઓ ડંખ દેતા હોય ને વળી ભૂત ભરાયું હોય, તેવી જનમતિ છે પણ તેને **મનુષ્યના વિવેકવાળી** કરવી જોઇએ; **ઠરેલપણું, સંતોષ ને સંપ** એથી જે લાભ છે, તે ચંચળતા અસંતોષ ને કુસંપમાં નથી.

૧૦. સરકાર તરફની અવ્યવસ્થા ત્રણ પ્રકારની છેઃ–અંગ્રેજ લોકની નીતિ, અંગ્રેજી રાજ્યની નીતિ ને અહીંની અંગ્રેજી સરકારની નીતિ કેટલીક તે પ્રજાને પરવડતી, કેટલીક ન પરવડતી છે ને કેટલીક વિષે તે નિઃસ્પૃહ છે. જોઇયે:

(૧) અંગ્રેજી લોક યૂરોપખંડવાસી છે તથા ધર્મે ખ્રિસ્તી છે; યૂરોપવાસીની નીતિ સામાન્યતઃ વિશેષ આ સંસારના **અર્થભોગની** છે ને મોટું ને ઉત્તમ રાજ્ય કરવું એનેમાટે તેનો પ્રયત્ન છે; રાજનીતિના પ્રકાર ખોળવા પ્રયોજવા એમાં તે ઉદ્યમી છે; જર્મન ખ્રિસ્તી બ્રાહ્મણ છે, ફ્રેંચ ખ્રિસ્તી ક્ષત્રી છે અંગ્રેજ ખ્રિસ્તી વૈશ્ય છે ને રૂશિઅન હવે પછી પૂરા જણાશે; જર્મને રાજસત્તાને, ફ્રેંચે પ્રજાસત્તાને ને અંગ્રેજે તે બે ભેળી સત્તાને શ્રેષ્ઠ સ્થાપી



છે; સ્વદેશી સ્વાધીન રાજ્ય કરવું ને રાખવું એ વિષે યૂરોપના લોકની ખંત છે. પ્રત્યક્ષ તે જ સત્ય, પદાર્થવિદ્યાથી લાભ છે, તે પ્રત્યક્ષ છે, ભોગસામગ્રીની વૃદ્ધિ કરવી ને મનુષ્યે બંધુત્વ રાખવું, એ વિચાર શ્રેષ્ઠ મનાય છે.*

આર્યપ્રજા એશિયા ખંડવાસી છે ને વેદધર્મી છે; એશિયાવાસી સર્વ લોકની સામાન્ય નીતિ આ સંસારી અર્થભોગને અવશ્યે તુચ્છ માનનારી ને પરલોકના વિચારવાળી છે. તેથી રાજ્ય મેળવવા કે સ્વાધીન કરવા વિષે તેનો ખંતી ઉદ્યોગ નથી; એશિયાના સર્વ લોકે રાજસત્તાને જ શ્રેષ્ઠ સ્થાપી છે. આર્યપ્રજા પોતાની ચૈતન્યશુદ્ધિ તથા ઈશ્વરજ્ઞાનબળની વૃદ્ધિ ને મનુષ્યથી ઉત્તમ લોકની સ્થિતિ મેળવવાને ઇચ્છે છે–યૂરોપના વૃદ્ધિવિચારનું પરિણામ દારિદ્રય ને શાઠ્ય છે ને તે પ્રત્યક્ષ છે. પ્રાણી માત્રની દયા, એ આર્યવિચાર છે.

અર્થાત્ અંગ્રેજ ને આર્ય એ બેને હળે નહી ને હળતું નથી, પણ પ્રજાના ધર્મ ઉપર કોઈ રીતની જબરદસ્તી નથી; તેથી પ્રજા તે લોકના સંબંધમાં ઝાઝી નથી. અંગ્રેજો આ દેશમાં થોડા છે તેથી પ્રજાને અંગ્રેજની ત્રાસદ સત્તાની પીડા નથી. પછી 'યથા રાજા તથા પ્રજા' તેમ સહવાસ સંગતિએ દેશીઓ સ્વધર્મ ભૂલે ને પછી દુઃખી થાય, એ અલાભ થોડો ઘણો તો રહેવાનો જ. આ દેશના દ્રવ્ય ઉપર અંગ્રેજોની મેલી દૃષ્ટિ છે ને કેવળ અર્થબુદ્ધિની ન્યાયનીતિયે વ્યવહારમાં વર્ત્તે છે એટલું ખોટું છે ને તેઓનો ઉદ્દેશ ગમે તેવો હોય, તે વિષે લક્ષ ન આપતાં ખંતી ઉદ્યોગ ને નિયમપાલણ, એને આર્યપ્રજા શિક્ષણીય માની વખાણે છે.

(૨). ઈંગ્લંડના રાજ્યની નીતિને અનુસરતું અહીંનું અંગ્રેજી રાજ્ય છે; ઈંગ્લંડના ધારા ઘણાક સ્થાપિત છે ને અહીંના થોડી થોડી મુદતે બદલાતા છે તેથી પ્રજાને ગુંચવાવું પડે છે. ઈંગ્લંડનું રાજ્ય પોતાના આ દેશનાં ઉપરાજ્યને પોતાનાથી છૂટું પાડવાને ઇચ્છતું નથી. કારણ કે તેમ થવાથી તેને દ્રવ્ય, માનયોગ્યતા વગેરેમાં હાનિ થાય; એટલે 'બાદશાહ ત્યાં બજાર'ની નીતિયે આ દેશનું દ્રવ્ય અહીં રહે એમ જોવું દુર્લભ છે. વળી આ દેશની સમૃદ્ધિ તે ઈંગ્લંડના લોકને સારુ ને અહીંના લોક તંગીમાં રહે, એ નીતિ દેશી પ્રજાને અનુકૂળ નથી. દેશમાં મકાનો, કારખાનાં, રેલ્વે, તાર વગેરેથી, રસ્તાઓની સુધરાઇથી, પોસ્ટ વગેરેની સગવડથી દેશીઓને સુખ છે. રાજ્ય પોતાની અંગ્રેજ પ્રજાનો અને દેશી પ્રજાનો ન્યાય ભેદબુદ્ધિયે કરે ને તેમ

* એમાંના ઘણાક વિચાર અંગ્રેજી ભણેલાઓએ આર્યપ્રજા પાસે મનાવવાને યત્ન કીધો તેથી પણ અવ્યવસ્થા મંડળમાં ઘણીક રીતે થઈ, પણ તે અવ્યવસ્થા ટાળવાને ઉપલા વિચાર ટાળવા જોઇએ.

સ્વભાવે ને સ્થિતિની મોટાઇયે હોય પણ સમાનતાને દંભે વિષમનીતિ તે દેશીઓને અણગમતી છે.

(૩). અહીંની સરકારના વડા ઈંગ્લંડની રાણી સરકારથી નીમાય છે; તેઓ થોડે થોડે વર્ષે બદલાય છે ને પોતપોતાની મતિયે ધારા કરે છે. અભ્યાસ વિનાના દેશીઓને ઘડી ઘડી બદલાતી ચંચળ નીતિ અસાવધ ને અલાભ કરનારી છે. દેશી બધી પ્રજાને સમાન ન્યાય આપે છે, ઉંચી કેળવણી આપે છે પણ ઊંચા દરજાની નોકરી નહિ; અહીંની સરકાર વેપારપ્રકરણમાં પણ ઈંગ્લંડનાં કારખાનાનો લાભ વધારે જોય છે; ઈંગ્લંડને વાસ્તે અહીંથી ફોજ જાય તેના ખરચમાં અહીંની સરકાર ભાગ આપે; કરવેરાથી ને નોકરી ધંધાની અછતથી પ્રજા હેરાન છે. મ્યુનીસીપાલીટીઓને કેટલોક હક આપ્યો છે, લોકની તરફથી ને સરકાર તરફથી નીમાયલા એવાની સભા તે વિશેષમતે કારભાર કરે; *ધારા કરનારી સભામાં પણ થોડાક દેશીઓની નામગણના થાય છે, પણ તેથી હવે પછી કેટલું સારું પરિણામ પ્રજાના હકમાં થશે, તે સમય ઉપર આધાર રાખે છે. સરકાર વર્ગમાંના થોડાકનું મત છે કે, દેશીઓને પછી તેના હક જાણી કે પોતાની મેહેરબાનીએ ઊંચા ચઢાવવા ને તેઓની ભક્તિએ રાજ્યને સબળ કરવું; કેટલાકનું મત છે કે આંગળી આપતાં પોંચો પકડશે ને રોજ સતાવ્યાં કરશે, માટે સાવધ રહી આપવું. અને ઘણાકનું મત છે કે, પ્રજા વિશ્વાસને પાત્રજ નથી. તેને શસ્ત્રે કે દંડબળે દાબીજ રાખવી જોઇએ. અર્થાત્ સરકારનીતિ કોઇસમે અનુકૂળ ને કોઇસમે પ્રતિકૂળ થાય છે.

૧૧. એ વિવેચન ઉપરથી દેશી પ્રજાના રાજકીય સુખ વિષે સમજવાનું છે. જાન માલની સલામતી, ધર્મ તથા સંસાર વહેવાર પ્રકરણમાં યથેચ્છ વર્ત્તવા વિષે અટકાવ ન હોવો, મુસીબતે પણ છેલ્લીવારે ઘણુંખરું ખરો ઇનસાફ મળવો અને લુખાં પણ માનમાં લાડ એ જાથુ જેવાં સુખ ઉપરાંત જે સુખ તેને માટે વીસ વર્ષને માટે પણ નક્કી કહેવાય નહિ; સમય જે કરે તે ખરું, કેમકે રાજનીતિ સમય સમયની જૂદી એટલે ચંચળ હોય.

લાર્ડ રિપનની ઉદાર નીતિયે કેટલીક રુડી યોજનાઓ કીધી છે, પણ

* લોકના પ્રતિનિધિઓની મંડળીઓ ને તેમાં વિશેષાનુમતને ધોરણે કામ કરવું, એ નીતિ દેશીઓને પોતાની નીતિ તથા સ્થિતિમાં હાનિ કરનારી છે; જો કે તેથી કેટલાક સુધારાવાળા રાજી થયા છે ને તે આટલાજ માટે કે, સરકાર કોઈ પણ રીતે દેશીઓની યોગ્યતા જાણે.



નવો વૈસરાય તે નહિ ફેરવે ને તેમાં વધારો કરશે એની શી ખાત્રી? તેણે કરવેરાની બાબતમાં કેટલાંક બીલ રદ કીધાં છે, દેશી છાપાને કેટલીક અણુઘટીત બંધી હતી તે કાઢી નાંખી; કેળવણીની હાલત જાણવાને કમીશન કીધું; દેશી કારીગીરીને કાંઇએક ઉત્તેજન આપ્યું; દેશીઓને સ્થાનિક કારભાર કરવાનો હક આપ્યો અને તે જ્યુરીસડિકશન બીલ પસાર કરવાને બહુ મથ્યો.

**ઉપાય.** હક શા માટે ન આપે, ન આપે તો સતાવીને પણ લેવા, એવી ઐરીશ પ્રજા જેવી આ દેશની પ્રજાની નીતિ નથી; એ રાજ્ય પ્રકરણની જાથુની ખટપટથી કાયર છે. અગ્રેસરોએ પત્ર કે પુસ્તકદ્વારા વિવેકે કહેવાની રીત રાખી છે તેજ ચાલુ રાખવી—કે ન્યાય ચોખ્ખો થવાથી, કારભાર ઓછા થવાથી, રોજીને સારુ ઘણાક જણ કકળે છે તે બંધ થવાથી ને ઊંચા કારભારમાં સામેલ કરવાથી પ્રજાની પ્રીતિ રાજ્ય તરફ વધશે ને તેજ અડીવેળાએ સરકારને ખરી મદદ કરશે. અગ્રેસરો ઠરેલ ક્ષત્રીની વૃત્તિ રાખીને સ્પષ્ટવક્તાપણું કરે; તેઓ પોતાનો અર્થ ન જોતાં પ્રજા સમસ્તના અર્થનો ને સમયની સરકાર નીતિનો અર્થ વિચારી પ્રૌઢપણે વર્ત્તે. ગોરી પ્રજાનો પણ ઇનસાફ યોગ્યતાવાળો દેશી કરે, એ વિષયમાં ગોરી પ્રજાએ સરકાર ઉપર પણ ડાબ ચલાવ્યો ને દેશી પ્રજાને ભાંડી તેવા ઉત્પાતમાં અગ્રેસરોએ પોતાનું ઊંચાપણું દાખી ઊંચી અલિષ્ઠ રાજનીતિ આગળ પાડવી.

૧૨. પરવિચારમોહિત સુધારો કહે છે કે, મંડળના ઘણા જનનું રાજપ્રકરણમાં મન હોય તો તેથી ઘણો ને વહેલો લાભ થાય; મંડળ અદૃષ્ટને માને છે ને પ્રયત્ન કરતું નથી તેથી, તેને સુખ મળતું નથી; ખંતી ઉદ્યોગે સરકાર પણ ડરીને હક આપે. જે જ્ઞાનધર્મે નખોદ વાળ્યું છે તેને હણવો; અહીંના સુખ સારુ પ્રયત્ન, તેજ પુરુષાર્થ છે.

પરંપરા કહે છે કે, રાજા દેશી વિદેશી કોઈ પણ હોય ને ગમે તેમ તે રાજ્ય કરે, અમારા ભાગ્ય પ્રમાણે અમને સુખદુઃખ મળશે. પ્રપંચની જાળમાં ગુંચવાયાથી ધર્મસેવનમાં ખલેલ પહોંચે; ધર્મને સારુ મનુષ્યજન્મ છે. પરતંત્રતા સ્વતંત્રતા એ કાળને અધીન છે. સરકારની મતિ અતિ વિપરીત થશે, એટલે તે પાપે પડશે; વળી યોગ આવેથી પ્રજા શક્તિ પ્રગટી, દેશમાં સ્વસ્થતા આણશે. ભુંડા સમયનું પણ દુઃખ સહેવું તથા લાભ સંતોષે રહેવું ને ઊંચી આશાએ ધર્મપાલન કરવું.

પૂજ્ય છે પ્રભુનો નિયમ કે, ચઢતી પડતી સર્વને છે; જરા તથા નાશને અધીન થવા વિના કંઈ પણ રહેતું નથી; અભિમાની આસુરી સત્તા મોટી

સમૃદ્ધિ સાથે વહેલી પડે છે ને અંતે જયી દૈવી સત્તા હોઇને એ ઘણા કાળ રહે છે. સ્થિર થઈ વિવેકે જોવા જેની દૃષ્ટિ ટુંકી, તે અદષ્ટને ન માને; મંડળને કાળકાળના ઉત્પાતના ક્ષેમ રાખનાર જ્ઞાન ધર્મ છે; નખોદ વાળવાને તો સુધારો પોતે મથે છે; આર્યધર્મ હણાય જ નહિ, કેમકે તે અમર આત્માનો ધર્મ છે. પરતંત્રપણાની પીડાનો મળાવડો અમને નથી; એકલપેટે વૈભવ કરશે તે મહાદળદરી થશે ને સાધુને જે દાસ ગણશે, તે પોતાની સઘળી આશા ખોશે. ધીરવીરની યોગ્યતા ઉન્મત્તશૂરથી અધિક જ છે. વિપત્તિમાં ધૈર્ય, સંપત્તિમાં ક્ષમા ને સર્વ કાળ ધર્મ, એ જ આર્ય પુરુષાર્થ છે, અહીંના સુખને માટે પણ.

પરતંત્રપણામાં સ્વધર્મનું રક્ષણ અવશ્ય કરવું. તત્વસત્યાર્થ, તે ઉપરથી સ્થાપિત થયેલા ધર્મ ને એને આધારે રચાયલી સંસાર વહેવારની નીતિરીતિ એ સર્વેને બને તેટલે પ્રયત્ને ક્ષેમ રાખવાં, પછી કાળેકાળે ઘસારો થાય તેને તો અધીન થયા વિના છૂટકો નહી. પરધર્મી વિચારોના સહવાસથી મતિસ્થિતિ ભ્રષ્ટ થાય જ. દેશાભિમાનની નીતિયે ગમે તેવું નઠારું પણ તે આપણું ને વિષમ કાળમાં તેનું પણ અભિમાન રાખવું તો આપણું સારું છે તેને કેમ વગોવવું. રાજ્યપ્રકરણમાં મન રમવાથી વાદવિવાદ, લોભ, સંકોચ, શઠતા એ વધે છે, માટે મંડળે તેથી દૂર રહેવું, પણ વળી કાર્યપરત્વે તેના પ્રતિનિધિરક્ષક જે ક્ષત્રી ને એને અભાવે અમણાં મુત્સદ્દીઓએ રાજપ્રકરણમાં મચવું.

આર્યમહાત્માનો બોધ છે કે, ભોગની લલુતા ન કરવી; પણ અનાયાસે પ્રાપ્ત થયલો સુખ ભોગ ભોગવવો. ગીતાઓનું જ્ઞાન છે કે ફળેચ્છા રાખ્યા વિના કર્તવ્ય કરવાં પણ અમણાના ચંચળ આર્યને માટે **ભ**ર્તૃહરિની શિખામણ અહીં લખીશું કે–"ઇચ્છિત ફળ ભોગવવાને **સત્ક્રિયા ભગવતીને** આરાધ કે જે ખળને સાધુ કરે, મૂર્ખને પંડિત કરે, શત્રુને મિત્ર કરે, પરોક્ષને પ્રત્યક્ષ કરે, વિષને અમૃત કરે ને તત્ક્ષણ, તેવી છે; હે સાધુ, ઘણા ગુણને વિષે પ્રીતિ કરી મિથ્યા આસ્થા કરીશ નહિ." સત્ક્રિયા તે ધર્મ વ્યવહાર, અભિલાષ વિષયમાં—

'या साधूंश्च खलान्करोति विदुषो मूर्खान् हितान् द्वेषिणः ।
प्रत्यक्षं कुरुते परोक्षममृतं हालाहलं तत्क्षणात् ॥
तामाराधय सत्क्रियां भगवतीं भोक्तुं फलं वांछितं ।
हे साधो व्यसनैर्गुणेषु विपुलेष्वास्थां वृथा मा कृथाः" ॥ १ ॥

इति द्वितीयोल्लासः



ધર્મ તથા અર્થ વિષે કહ્યું; હવે કામ (પ્રેમ–અભિલાખ–કોડ) વિષયમાં થોડું બોલીશું.

## ગૃહસ્થાશ્રમ

(૧) યોગમાયા પરમાત્માને આધારે છે ને એને આશ્રયે જીવોનું પાલન કરે છે. સગુણ સર્વેશ્વરના દર્શનમાં દક્ષિણાર્ધ અંગ તે પુલ્લિંગ ને વામાર્ધ અંગ તે સ્ત્રીલિંગ સ્વરૂપે છે; દેવની મૂર્ત્તિની ડાબી પાસે તેની શક્તિની મૂર્ત્તિ હોય છે.

પુરુષ સ્ત્રીનો આધાર છે; સ્ત્રીને સૌભાગ્ય તે પુરુષથી છે–'અખંડ હેવાતન' એ આષિસ્ તેનો સ્વામી જીવતો રહે ને તેના આશ્રયમાં તે ધર્માર્થકામ પામે. શુભ કર્મ કરવાના પ્રસંગમાં સ્ત્રી પુરુષની ડાબી પાસે છે.

એ વિચારો હજારો વર્ષ થયાં પળાતા આવેલા, તેને મંડળમાંથી કઢાવી નાખવાનો સુધારાએ સ્વતંત્રતા ને સમાનતા બોલી બતાવી!

(૨) દેવપિતર મનુષ્ય સંબંધી દેણ આપવાં ને પ્રજાની ઉત્પત્તિયે પરલોકમાં સદ્ગતિની આશા રાખવી, એ આર્ય ગૃહસ્થના શ્રમનો ઉદ્દેશ છે. ધર્મને ઉદ્દેશે, વિધિયે લગ્ન કરવાં ને ધર્માચારે રહેવું. ધર્મ રાખવાને અર્થ સાધન છે પણ સંસારી અર્થ સાધવો પણ ધર્મે; અને ધર્મને બાધ ન આવે તેમ સંસારી વિલાસ ભોગ પણ કરવો. પુરુષ સ્ત્રીનો સહવાસ કરે, પણ વળી પાછો તેનાથી અળગો થાય અને સ્ત્રી પોતાના બન્ને લોકના હિતને માટે આશ્રયરૂપ પુરુષને વળગતી જાય, પણ વળી પછી પોતે પણ ત્યાગ ધરે. બ્રાહ્મણી; ક્ષત્રાણી, વૈશ્યાણી પતિના વાનપ્રસ્થમાં સાથે જતી, પણ સંસારી ભોગ રહિત રહેતી અથવા પતિને પરણે સંસારમાં દેવ યજનથી ને દેહકષ્ટવાળાં વ્રતથી વૈરાગ વધારતી.

બૌદ્ધજૈનની આરજાઓ ત્યાગનો બોધ કરનારી છે, પણ કેવળ સંસારી અર્થકાળને ઉદ્દેશે ગૃહસ્થાશ્રમ અને આર્ય સ્ત્રીની સ્થિતિ નરસી માની લઈ તેને સારી કરવાની દાઝ અને સ્ત્રીની પ્રસન્નતામાં પોતે પ્રસન્ન રહેતું,–સ્ત્રીજિતપણામાં–સ્ત્રી સેવામાં રાજી રહેવું, એ કોડ સુધારાએ જણાવ્યાં!

(૩) કુમારીકાનાં પૂજન, કન્યાદાન, કન્યાએ સધવા થઈ સદ્વાસનાએ સ્વામીને સેવવો ને વિધવા સ્ત્રીએ મુવા ભર્તારની સદ્ગતિ ને પોતાની પરલોકમાં સારી સ્થિતિ એને માટે બ્રહ્મચર્ય ધર્માચરણ કરવું. પુરુષ પોતાના ધર્માર્થ કામમાં સ્ત્રીને સહાયરૂપે–સેવકરૂપે–પ્રિયારૂપે રાખે, તેના અર્થ નામને સંતોષે, પણ વળી તેની ચંચળવૃત્તિને શિક્ષા પણ કરે.

સુધારો ધર્મોક્ત શુદ્ધિ, દાન પરલોકને માનતો નથી. સ્ત્રી પુરુષે એકમેકની ઇચ્છાએ લગ્ન કરવાં એમ તે કહેતો, પણ વળી અમણુા તે ચાલતી રીત રાખે છે. બાળલગ્નથી પ્રજા નબળી થાય માટે રજસ્વલા થયા પછી પણ લગ્ન કરવાં એમ કહે છે અને વર્ણભેદ પ્રમાણે વિધવાનાં લગ્ન થાય, તેને સારુ ઉદ્યમી છે.*

(૪) આર્ય સ્ત્રીઓ પોતપોતાના ઘરના ધર્મમાર્ગ પાળે છે; આદિ ચૈતનશક્તિ તથા તેનાં સ્વરૂપોનાં વ્રત કરે છે; જીવને જન્માંતરો ને પુણ્ય પાપે સ્વર્ગ નર્ક સુખદુઃખ ભોગવવાનાં છે, એ વિચાર રાખે છે; ઇત્યાદિ. ઘરની તથા પ્રજાની વ્યવસ્થા આચાર સાથે રાખે છે ને કુટુંબ જ્ઞાતિના વહેવાર પણ ચોખ્ખા રાખે છે ને એ કામમાં તે સ્વતંત્ર જેવી છે. ગરીબ ઘર સારી રીતે ચલાવી જાણે છે, કુછંદી સ્વામીનું પણ સહન કરે છે, ને સંતોષે રહે છે, વડીલની મર્યાદા પાળે છે, ધણીને જમાડ્યા વિના પોતે જમતી નથી, રસોઈ કરતાં, સીવતાં ભરતાં જાણે છે, ઉંચ ઘરની કેટલીકને વાંચતાં લખતાં આવડે છે ને ભણેલી નહિ તે પણ પોતાના ધંધાના લેણુ-દેણુના હિસાબ સારી રીતે સમજે છે.

સુધારો સ્ત્રીઓને ભણાવવા વિષે બોધે છે તે કીએ ઉદ્દેશે ? ભણ્યા પછી સ્ત્રીઓએ જે કરવાનું, તે તો ભણ્યા વિના પણ આર્યસ્ત્રીઓ કરે છે; સંસારી વિદ્યા કળામાં જાણીતી થાય, સ્વતંત્રપણે ઉદ્યોગ કરતી થાય, ટુંકમાં યુરોપના દેશની સ્ત્રીઓ જેવી વૈભવી થાય એ હેતુ હશે !!

(૫). હાલ પુરુષ ઉદરનિર્વાહની ચિંતાએ અવ્યવસ્થિત છે; પુરુષ સ્ત્રી બન્નેનું મન કાળે આણેલા વૈભવ તરફ છે ને તેથી અસંતોષી છે ને તેથી નીતિએ ભ્રષ્ટ છે. નીરાંત ટાઢા લોહીનું સપ્નું સુખ આર્ય ઘરોમાંથી ઓછું થાય છે પણ એવી સ્થિતિમાં ગૃહસ્થાશ્રમનો ભાર જેઓને શિર રહ્યો છે એવી જે આર્ય સ્ત્રીઓ તેઓએ ધણીની અવ્યવસ્થામાં વૈભવની આસક્તિ તજી વ્રતાદિ ધર્માચરણ પાળવાં.

"વેદોક્ત વચન પાળવું કે નારીને પોતાનો પતિ તે જ દેવ છે. માટે કહીં કોઈ વાર ને કોઈ પણ પ્રકારે તે વિના બીજાને વિષે ભાવ કરવો નહીં." "પતિની સેવામાં રહેવું, એ જ સ્ત્રીનો સનાતન ધર્મ છે, શુભ ઇચ્છાવાળીએ તે જેવો હોય તેવો સર્વ પ્રકારે સેવવો." અનસૂયાનું કહેવું છે કે,

*અમારું મત હવે આ છે કે, ધર્માચારે પોતાની ઉંચી માનનારી જ્ઞાતિઓમાં વિધવાલગ્ન ન થવાં. પ્રથમ આપેલાં મતમાં દયા ને આ લોકસુખના વિચાર આગળ પડતા હતા ને અમણુના મતમાં શુચિ ને પરલોક તથા આ લોકહિતના આગળ પડતા છે.



"માત્ર સ્વામીસેવાથી જ સ્ત્રી ઇચ્છિત લોકને પામે છે; જેનું ચિત્ત સ્વામીને પ્રસન્ન કરવામાં છે, તે તેના પુણ્યનું અર્ધ ફળ પતિસેવાથી ભોગવે છે." સ્ત્રીને તેનું શીલ જ પાપથકી સદા રક્ષણ કરે છે." પુરુષે સ્વકીયામાં જ પોતાનું પ્રેમસુખ જોવું, ઉત્તમ સંબંધ તે સ્વકીયાનો, મધ્યમ તે સામાન્યાનો ને કનિષ્ઠ તે પરકીયાનો છે. વ્યભિચાર તે પુણ્યનો ને આયુષ્યનો ક્ષય કરનારો છે.

### શૌર્યના અખાડા

મોટા દેશમાં ૨૭ વર્ષ થયાં કોઈ રણઅખાડો થયો નથી; તે સરકારનો જસ કહેવાય, પણ પ્રજા પાસે શસ્ત્ર હોત ને એટલો કાળ રણઅખાડો ન થયો હોત તો તે બહુ મોટો જસ દેશ વિદેશમાં મનાત. સરકારી ફોજમાંના થોડાક દેશી સીપાઇઓ આફગાનીસ્તાન ને ઇજીપ્તમાં પોતાના કામથી વખાણ પામ્યા છે. આર્ય પ્રજાનો મોટો ભાગ રણથી છેટે રહેનારો છે ને તેની લડનારી જાતિઓના જન કોઈ દેશી રાજ્યની ફોજમાં છે, કોઈ ખેતી કરે છે ને કોઈ બીજા ધંધા કરે છે. મમત મોટાઇના વાદમાં ને સુધારાના બરાડામાં પ્રજાનું શૌર્યદર્શન છે.

### મંડળનું અમંગળપણું

દેશમાં બખેડા નહિ તે છતાં પ્રજા સુખમાં નથી–સુખના ઉદ્યમમાં નથી, દુઃખી છે. તે પોતાની સ્થિતિ સુધારવાના વિચારમાં ફાંફાં મારતી છે. સંશયનો ધુંધવાટ, નિર્વાહનો ઉચ્ચાટ, આશા ભંગનો ઉકળાટ તથા ઘુમરાટ; સંકોચ ને શોચઃ ક્ષુદ્ર કોડ ને અંધી હોડ, મમતનો વાદ ને ઇંદ્રિયોનો સ્વાદ, નાગપાશી નીતિ ને વિલાસી ભક્તિ, વધતો દુરાચાર ને ઘટતો સદાચાર, લઘુતા બ્રહ્મવિદ્યાની ને ગુરુતા ભ્રમવિદ્યાની એ અમંગળપણું સર્વત્ર છે.

### ઉપાય

અધીર પ્રજા મથન કરો, ધીર પ્રજા તપન કરો ને સર્વ પ્રજા સહન કરો પણ શાંતિસુખનો યોગ તે દૈવકાળે થાય. એ મર્યાદા ઈશ્વરી છે પણ અતિ પીડિતને માટે તે યોગ વહેલો આવવો ને ભાવીને માટે રુડો આવવો તે કૃપા ઈશ્વરપ્રસાદે થાય, એ પણ ઈશ્વરી નીતિ છે. સર્વ પ્રજાએ અભિમાન મૂકી પોતપોતાના ઇષ્ટદેવતાદ્વારા સર્વેશ્વરનું નિત્ય સ્મરણ કર્યા કરવું, અને અમે આ ઉલ્લાસની સમાપ્તિયે સર્વ અશુભની ભીડ ભાંજનાર ને સર્વ શુભને આપનાર જગતનાં માતપિતાનું શરણ ધરીએ છીએ.

"शरणं तरणेंदुशेखरः, शरणं मे गिरिराजकन्यका
शरणं पुनरेव तावुभौ, शरणं नान्यदुपैति दैवतम् "॥

इति तृतीयोल्लासः

વળી મિત્રોની ઇચ્છાએ ચોથો ઉલ્લાસ કરી ગૃહસ્થાશ્રમ વિષે વિશેષ વદીશું.

૩. સ્ત્રી પુરુષનો બંધાયલો જે નિત્ય સંબંધ પોતાનો વિસ્તાર કરવાને તે ગૃહ; અને તે સંબંધરૂપ ઘરમાં જે પુરુષ તથા સ્ત્રી તે ગૃહસ્થ તથા ગૃહિણી એ શબ્દે ઓળખાય છે. પરણ્યાં સ્ત્રીપુરુષે સાથે રહી ઘર ચલાવવું, એ તેઓની સ્થિતિ તે ગૃહસ્થાશ્રમ.

મંડળમાં સ્ત્રી પુરુષની સંખ્યા એકમેકના પ્રમાણમાં હોય તેના ઉપર પણતરો ને તેના પ્રકારપર આધાર રાખે છે; મંડળમાં પરણેલાં જન ઘણાં હોય તે કે થોડાં હોય તે સારું; સારા સૈનિકજન વાંઢા કે પરણેલા નીકળે; છડાં છુટાં રહેવામાં સુખ કે પરણી પણુતરના બન્ધનમાં રહેવાથી સુખ; પરણ્યા પુરુષે સાસરાના આશ્રયમાં નવું ઘર માંડવું કે સ્ત્રીએ પુરુષને ઘેર જઈ રહેવું કે એ બન્નેએ નવું સ્વતંત્ર ઘર માંડવું, એ વિષય મંડળીઓમાં ચરચાઓ.

૨. સ્ત્રીપુરુષે સ્વેચ્છાએ પરણવું કે વડીલની ઇચ્છાએ લગ્ન થવાં, એમાં વધારે સારું કીયું? પણતરનો સંબંધ અખંડ સતેજ રહે, એ ઉદ્દેશ નીતિ બંને મતે માન્ય રાખી છે. ઉપલાં બે મતમાં બીજું બલિષ્ઠ છે; કેમકે તેમાં પિંડના સુખ કરતાં ઘરને ક્ષેમ રાખવા ઉપર બંનેનો લક્ષ વિશેષ હોય છે, મર્યાદાને વિચારે.

સ્વેચ્છિત લગ્નમાં પ્રેમ, કારણ તથા સાધન હોય છે. પણ પ્રેમ પતંગીઆનો કે દીવામાં ઝંપાવે, પ્રેમ માછલાંનો કે ગલથકી કે જાળથકી વહેલાં મોડાં મરે, પ્રેમ ભ્રમરનો કે ઠામઠામ રસ લે પણ તેને એક ઠામ વધારે વહાલું હોય. પરસ્પર બને અને ઘર—પ્રજા—વ્યવહારની વ્યવસ્થા સારી રહે એને માટે સ્વતંત્ર મૂળ પ્રેમ કોઈ રીતે સાધન નથી. તેના બગાડાનું મોટું કારણ થાય ખરો. લગ્ન પછી થોડે કાળે સ્ત્રીપુરુષનો પ્રેમ ટાઢો પડે, ઘર ચલાવવામાં તેઓનું મન રોકાય કે પ્રજા થાય કે બંને પ્રેમ તે ઉપર ઠરે, એટલે પ્રથમનો પ્રેમ કદાપિ હોય તો તે અપ્રગટ જેવો થઈ રહે છે. વળી સ્વતંત્ર પ્રેમ જ્યારે ત્યારે ક્રોધમાં ભરાય તે ઘર કે પ્રજાની દરકાર ન કરે. જે પ્રેમ ચંડાળપણું છોડી ઠરીને ચળકે તે ઉત્તમ; પ્રિય પ્રિયામાં જે એક બીજાને માટે પોતાના સુખની હાનિ કરે, પોતે દુઃખ પામી તેની સેવા કરે તે ઉત્તમ પ્રેમ. એવો પ્રેમ સ્વતંત્ર પ્રેમવાળાં પણતરોમાં જુજ કોઈ ઠામે હોય; વડિલ વિવેકે પરણેલામાં ઘણે ઘેર હોય. વડીલ પરણાવે છે ત્યાર પછી વહુવરમાં પ્રેમલાગણી ઉપજે છે; વડીલની મર્યાદાએ અંકુશમાં રહેતાં તે લાગણી અધીરી થાય છે, પણ વળી મર્યાદાએ ધીરી થાય છે; ને એ



રીતે પ્રેમ સુઘડ ને ઠરેલ થાય છે. કદાપિ એકમેકને ન બન્યું તો પણ બંને, કુળની લાજ રાખવાના વિચારથી નિભાવે છે ને ઘરને ભાંજવાનું સાહસ કરતાં નથી. સ્વતંત્ર પ્રેમમાં સમાનતાને વિચારે અણબનાવનો સંભવ વધારે છે. વડીલો સંતાનના ભાવિ સુખનો વિચાર કરી પરણાવે છે તેમાં ભૂલ પણ થાય, પણ તરુણ જનો પોતાના મોહિતપણામાં જે ભૂલો કરે તે ઘણી હોય. સ્વતંત્ર પ્રેમવાળાં ઇચ્છામાં આવે ત્યારે પરણે ને વડીલ જનો રૂઢિ ને સમય સ્થિતિનો વિચાર કરી પરણાવે.

૩. ઘર જો કે પુરુષ સ્ત્રી બંનેથી મંડાય છે ને બંનેથી ચાલે છે તો પણ તેમાં પુરુષનું સ્થિતિપદ મોટું છે. તેની બુદ્ધિનીતિ ઉપર ઘરનું મોટપણ તથા સુખ અવશ્ય આધાર રાખે છે; તેને નામે ઘરવ્યવહાર ચાલે છે. તે ઘરરાજ્યનો રાજા છે. સ્ત્રીએ પુરુષની ઇચ્છાને અનુસરતાં રહી તેના આશ્રયમાં ઘરવ્યવસ્થાનું, બીજાં ઘરો સાથે વહેવાર ચલાવવાનું ને પ્રજા ઉછેરવાનું કામ જે પોતે જ કરવાનું તે કરવું ને પુરુષના કામમાં પણ સહાય રહેવું.

પ્રેમસ્વભાવમાં પુરુષ મોહક ને સ્ત્રી મોહિત છે—કઠિણ સુંદરતા કોમળ સુંદરતાને પોતા તરફ ખેંચે છે; પણ કેટલાંક મંડળમાં સ્ત્રી મોહકપણે વર્તે છે ને પુરુષ મોહિતપણે ને એમ મૂળસ્વભાવથી વિપરીત વર્ત્તણુકે બનાવ રહે નહીં ને તેથી પછી સમાનતાને વિચારે બંનેએ પોતપોતાનું સમાધાન થવું માની લીધું છે. પુરુષસ્ત્રીની બુદ્ધિનીતિ જન્મથી સરખી છે. તેનામાં સ્વાભાવિક દોષ વિશેષ નથી એમ કહેનારા તે પોતાના અનુભવના સત્યને પણ અસત્ય કહેનારા છે; મોહિતપણાને પણ મમત ધરીને સ્ત્રીબુદ્ધિ ઉપર પુરુષબુદ્ધિનો અંકુશ હોય તો જ ઘર સારું ચાલે; જે ઘરમાં સ્ત્રીનું ચલણ, તે ઘર પોતાનો જસ વધારે તો નહિ પણ ઘણો જ ઘટાડે.

૪. વડીલ વિવેકે લગ્ન, મર્યાદા વિવેકવાળો વહુવરનો પ્રેમ, અને પુરુષની ઇચ્છાને અધીન રહેવું એ સ્ત્રીનો તથા સ્ત્રીપ્રજાને સંરક્ષિત રાખવી એ પુરુષનો વિવેક—એ તત્વ એશિયાના ઘણાખરા લોકના ગૃહસ્થાશ્રમમાં ઘણા કાળથી છે ને તેમ આર્યપ્રજાનો ગૃહસ્થાશ્રમ છે. (પરલોક સંબંધી તત્વ અમણાં દૂર જ રાખ્યાં છે.)

જુના કાળમાં ક્ષત્રીઓમાં કોઈ કોઈ તે પ્રેમેચ્છાએ પરણતા ને તે ગાંધર્વવિવાહ કહેવાયો છે. ત્રણ પ્રકારની સ્વયંવરની રૂઢિ હતી. વડીલ, રાજકુળોને પોતાને ત્યાં બોલાવે ને તેમાંથી એકને કુમારી પસંદ કરી પરણે; વડીલ કે કન્યા અમુક પ્રતિજ્ઞા કરે ને જે કોઈ તે પૂર્ણ કરે, તેની સાથે

પરણે; અને કન્યાનું હરણ કરી લઈ જવાનો રાક્ષસવિવાહ હતો, જેમાં કોઈ કન્યાને ગમતું ને કોઇને અણગમતું થતું.

૫. વળી શુચિ, મર્યાદા ને અવિભક્તપણું એ આર્ય ગૃહસ્થાશ્રમનાં તત્વ છે; તેનું પ્રગટ દર્શન શુભાશુભ પ્રસંગે કુટુંબોના પરસ્પર વહેવારમાં છે; અને તેનું પ્રૌઢું દર્શન વર્ણવ્યવહારમાં છે. અથવા, વર્ણજ્ઞાતિ–ગૃહ એ ત્રણેનું બંધારણ ઉપલાં તત્વોથી છે.

એ પ્રકરણ ગ્રંથ વિસ્તારને પામેથી આર્યદર્શન ચોખ્ખું થશે. જુદી જુદી જાતના લોક એક ઠેકાણે આવી રહી અને એક જાતના લોક એક ઠેકાણે આવી રહી કુટુંબોની વ્યવસ્થા કરે તે બે નીતિ જુદી હોય ને તેમાં બીજી તે આર્યની છે. ઉપર લખ્યા સાત્વિક સદ્‌ગુણ તે જુની ખાણના હીરા જેવા છે કે જેને સરાણે ચઢાવેથી જ આર્યનું ખરું કલ્યાણ થશે. તે હીરા સુધારાને પસંદ નથી; તે નવી ખાણના પાસાદાર બનાવેલા હીરા તરફ મંડળનો રાગ કરાવે છે પણ તેમાં તે ભૂલ કરે છે; કેમકે આર્યના સ્વભાવમાં સંસાર તે અસાર જ છે. વિપરીત પ્રકૃતિ થઈ કે પ્રાણ રહે નહિ; જ્યારે આર્ય તે સંસારને જ સાર માનતો થશે ત્યારે તે આર્ય જ નહિ.

સુધારો એકવર્ણ કરવા ઇચ્છે છે પણ સુઘટિત બન્ધારણ જોતાં તેમ થવાનો સંભવ નથી. તે જ્ઞાતિનાં બન્ધન તોડવા મથે છે પણ તે હઠીલી છે; યુરોપનાં સંસારબન્ધન ઘણા ભુંડાં છે. તે બાળલગ્ન કાઢવાનું કહે છે પણ નથી જોતો કે તે ચાલ ઘણા કાળની છતે પ્રજાએ વીરશ્રી દાખવી છે; ને આજે પણ ઘણાક પ્રાંતની પ્રજા શરીર બાંધામાં સબળી જ છે. તે વિધવાની દાઝ આણે છે? પણ તેથી થવાની જે અવ્યવસ્થા ને અશુચિ, તેનો વિચાર કરે છે? સ્ત્રીઓને ભોગલલુતાવાળી સ્વચ્છંદી કરવામાં લાભ છે? એ સવાલની જરૂર નથી;–યુરોપમાં જેમ થાય છે તેમ અહીં થશે, એમ તેનું કહેવું છે. તે જડશક્તિની સંપત્તિ મંડળને આપવા કરે છે પણ મંડળે તો જીવશક્તિની સંપત્તિને શ્રેષ્ઠ માની છે.

૬. આર્ય પુરુષનું શૌર્ય ધર્માર્થમાં હતું; બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણમાં ને ગૌ-બ્રાહ્મણપ્રતિપાળ ક્ષત્રોમાં; તે પોતાની ધીરવીરશ્રીએ ને ધર્મદાનશ્રીએ આદિ સંપદ્દિમાં પ્રસન્ન રહેતો. આર્ય સ્ત્રીનો સર્વોપરિ યશ તે તેના સતીપણામાં–પતિવ્રતમાં–કુળવધૂપણામાં–શીલમાં હતો. તેણે સર્વસ્વ પતિને અર્પણ કીધું હતું. આર્યનું પ્રેમશૌર્ય સ્વધર્મવિષયમાં.

તેમાંનું આજે કેટલું છે? બહુ થોડું, પણ તે છે; ને સ્મૃતિમાં તો સઘળું છે. પણ વળી સુધારો યુરોપના શૌર્ય પ્રેમ દાખી તેની ભક્તિ કરાવવા નિકળ્યો છે! પણ વળી આર્ય સ્ત્રીએ પ્રેમની ઉત્તમ નીતિએ પોતાના સઘળા હક સ્વામીને આપી દીધા છે તેનું કેમ?



અમણાની સ્થિતિ; કોઈ ખાવા લઈ છોકરીને પરણાવે છે–ઘરડાને કે રોગીને; કોઈ સામા આપનારની છોકરી સાથે છોકરાને પરણાવે છે; કહીં કહીં કજોડાં છે. કેટલેક ઘેર એકથી વધારે વહુ હોય છે ને ત્યાં શોકોના કલહ હોય છે; સાસુ નણંદ ને વહુવારુના અણબનાવ; સાવકાં સઇઆરાના ટંટા હોય છે. કેટલેક ઘેર સ્ત્રીઓને ઘરકામની સૂઝ નહિ, કોઈ છોકરાંને રડતાં રઝળતાં રાખનારી કે અતીસે લાડ કરનારી છે, ને કેટલીક તે લુગડાં ઘરેણાની વધી ગયલી ઇચ્છામાં કોઈ પણ રીતે તે મેળવવાની, જુક્તિ કરે છે. જ્ઞાતજ્ઞાતની કેટલીક રીતિ નઠારી છે જેવી કે ફટાણાંની, રડવા કુટવાની વગેરે. ઉંચી જ્ઞાતિઓમાં ઘણીકને લખતાં વાંચતાં આવડે છે, કોઈ સંસ્કૃત ગીતાભાગવતનો પાઠ કરે છે, જુજ કોઈ તે સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરે છે. કેટલીક સ્ત્રીઓ ગીત ગાવામાં ને કેટલીક ઢોલક સાથે ગાવામાં સારી માહિતી ધરાવે છે; સીવવું, ભરવું, રાંધવું તો ઘણીખરીને આવડે છે. ખેતી, કારીગરી, મજુરી કરનારી જ્ઞાતિમાં બૈરાં ધણીનાં કામથી જાણીતાં થઇને તેને મદદ કરે છે. કોઈ દેવદર્શનના, કોઈ માળાપૂજાના નિયમવાળી ને ઘણું કરીને સઘળી વ્રત પાળનારી હોય છે, છોકરીઓ પણ એ પ્રમાણે છે; જે નરસું છે તે કાઢવું ને સારું છે તે વધારવું, એને માટે અનુકૂળ સ્થિતિ આવેથી પુરુષ ને સ્ત્રી ઉત્તમ યોગ્યતાવાળાં થશે–સુધારાની યોજનાએ નહિ, પણ સ્વધર્મ શિક્ષકના બોધથી.

૭.* જ્યાં સત્તાધારી ને પ્રજા જુદી જાતનાં હોય, જ્યાં પ્રજા ધર્મ-વિચારની સામસામી હોય ત્યાં ગૃહસ્થાશ્રમ વ્યવસ્થિત સુંદર હોય નહિ ને થાય નહિ; તોપણ બને તેટલો તેને વ્યવસ્થિત રાખવા તથા કરવા ઉપાય

* બીજીવારનું આર્યરાજ્ય રજપૂતોના ટંટાથી ને મુસલમાનની જીતથી તૂટ્યું હતું. મુસલમાની સત્તામાં આચાર્યોએ તથા જ્ઞાતિઓએ આચારનું ને સાધુઓએ ઈશ્વરજ્ઞાનનું રક્ષણ કીધું; રજપૂતોએ વૃથા મુત્સદ્દીઓએ રાજપ્રકરણમાં બન્યું તેટલું પ્રજા-લાભમાં કીધું અને સ્ત્રીઓ ઉપર બળાત્કાર થવા લાગ્યો ત્યારે સેંકડો રજપૂતાણી ને બીજીઓએ રાજનું રક્ષણ કરવાને ચિતા પેટવી કે શસ્ત્રથી કે વિષથી આપઘાત કીધા હતા.

અંગ્રેજી સત્તાતળે પ્રજા નિર્ભય ને સ્વતંત્ર છે; પણ અંગ્રેજી વિદ્યા નીતિ વૈભવે પ્રજાને મોહિત કીધી છે; અતિમોહિત તે પ્રજાનું સર્વસ્વ વખોડતાં મંડળમાં પરદેશી પરધર્મી તત્વ ઘુસાડવાને મથે છે ને પ્રજા અવ્યવસ્થિત છે; પુરુષ કોડીલા તેમ જ સ્ત્રીઓ પણ કોડીલી થઇને વ્યભિચારમાં ઉતરી છે; દેશ નિર્ધન છે ને દેશી નીતિ નબળી છે; અંગ્રેજી ભણેલા રાજકીય લાભ સરકાર પાસે માગે છે.

આ છે કે, પુરુષોએ પોતાની ઉદ્યમશક્તિ વધારવી, વિચાર પાકા કરવા ને સબળી નીતિ આચરવી.

સુધારો કહે છે કે (૧) આર્ય ગૃહસ્થાશ્રમ સારો નથી; (૨) તેને સારો કરવાને પ્રથમ સ્ત્રીઓની સ્થિતિ સારી કરવી; (૩) ને એને માટે તેઓને ભણાવવી.

(૧) કેટલીક નીતિરીતિ નરસી છે તે ઉપરથી માત્ર નહિ પણ આર્ય સંસારનાં તત્વ પરલોક વિચારથી ભળેલાં છે ને કેટલાંક સંસારી બંધન ઘણાં સખ્ત છે માટે તે નઠારો છે એમ તે કહે છે. તે જુના વિચાર જાણી લેવાને ઇચ્છતો નથી, પોતાનો વિચાર મહામંડળમાં કેટલો ચલાવી શકશે, તેનો વિચાર કરતો નથી પણ પોતાનો કક્કો મનાવવાને મથે છે.

(૨) પ્રથમ સ્ત્રીને સુધારવી. સુધારાને યુરોપની વાત ગમતી છે તો અમે પુછીશું કે ત્યાંના કીઆ લોકની રાજસ્થાપના સ્ત્રીસુધારાથી થઈ છે? ને કીઆ લોકે પરતંત્રપણામાંથી નીકળવાને પ્રથમ સ્ત્રીસુધારો કીધો હતો? કોઇએ નહિ, એ જ ઉત્તર તેને દેવાનો છે. યુરોપના લોક પોતપોતાની રાજકીય પરાધીનતાથી છુટ્યા અને પછી ધર્મ તથા રાજ્યવિષયના યુદ્ધોથી પરવાર્યા ત્યારે જ (સ્વસ્થતામાં) તેઓએ સ્ત્રીસુધારાના વિચાર કરવા માંડ્યા હતા. સ્ત્રી સુધરશે, તેની પ્રજા પરાક્રમ કરશે ને રાજ્યને સ્વાધીન કરશે ને પછી જે ગૃહસ્થાશ્રમ થશે, તેનું સુંદર દર્શન થશે; અચ્છી દીર્ઘદૃષ્ટિ!

(૩) સ્ત્રીને ભણાવવી. તેનો ઉદ્દેશ મંડળની પરંપરાની નીતિ ઉચ્છેદવાની છે, તો હવે પોતાની નીતિને અનુસરતું ભણતર કીયું તે ભણાવશે? યુરોપનો સ્ત્રીસુધારો ચાર સ્વરૂપે દેખાય છે–અમેરિકાની કહેશે કે, અમે પુરુષ જસના કામને લાયક છીએ ને તે આ જોઈ લો; અંગ્રેજણ કહેશે કે આપણા હક આપણને મળવા તો જોઇએ ખરા; ફ્રેન્ચેણ કહેશે કે, સમાન હકનો વિચાર તો અમારું જીવન છે; અને જર્મનેણ કહેશે કે અમારા હક વિષે અમારા પુરુષ સમજે છે;–કીઆ મંડળના સુધારાનાં ધોરણ ઉપર સુધારો નવી રચના કરવા ઇચ્છે છે? જે પ્રજા સ્વભાવે તથા કેળવણીએ રણે ખટપટે રાચનારી, જેમાં સંસારી માનનો વિચાર આગળ પડતો ને સ્ત્રીઓને માનમાં રાખવાની પરંપરા તે પ્રજાની નીતિરીતિ આ દેશની પ્રજામાં દાખલ કરવા વિષે શી યોજના કીધી છે? આ દેશની સ્ત્રીઓને કેટલે લગી છુટ આપવાના વિચાર તેણે કીધા છે? સુધારાને સહાયરૂપ ધર્મ આપવાનો તે વળી કીયો? એ વિચાર તેણે કીધા જ નથી; ને એ નક્કી થયા વિના સ્ત્રીઓને કોઈ વિદ્યા શીખવવી, એ વિષે પણ નક્કી શું હોય? ઉચ્છેદક સુધારો તો



આમ જ કહેશે કે, પુરુષની પેઠે સ્ત્રિઓ ભણે–ઇચ્છામાં આવે તે ભણે–સ્કૂલ કોલેજમાં ચાલતું ભણતર ભણે, પુરુષની પેઠે ઉદ્યોગ લે ને શક્તિનીતિના જશ જગતને દેખાડે!

પાંતરીસ વર્ષ થયાં નિશાળો ચાલે છે; તેની સ્થિતિનું અવલોકન અવશ્ય કરવાનું છે. છોકરીઓ પરણ્યા પછી–૧૧ વર્ષની વય પછી નિશાળમાં રહેતી નથી; સ્ત્રીશિક્ષકો છતાં પણ રહેતી નથી ને વિધવા છોકરીઓ પણ આવતી નથી. નિશાળે ભણેલી છોકરીમાંથી મોટી થયા પછી કોઈ વિદ્યા કે ગુણે નામ ગણાવામાં જણાઈ નથી. લાંબી મુદ્દત થયાં શિક્ષકોનો વિચાર અમે જાણી લીધો છે કે, ઘણીક છોકરીઓએ પોતાના લખવા વાંચવાને આડે રસ્તે વાપર્યું છે ને છોકરીઓને લાયકનું ભણતર શીખવવામાં આવતું નથી. ટ્રેનિંગ કોલેજવાળી જે શિક્ષકની નોકરીએ ગુજરાન કરે છે, તેમાંથી પણ કોઈ બહાર આવેલી નથી.

કેટલાક સુધારાવાળા પોતાની સગીઓને ભણેલીનું માન અપાવે છે. કેટલાક પુરુષ ભણેલી સ્ત્રિયો ઉપર આશ્ચર્યથી જોય છે. કોઈ કોઈ તરુણીઓ પોતાને સુધરેલી કહેવડાવતી હશે પણ તે સ્વરૂપ ઠરેલું નહિ ને સુધરેલી માતા એવું સ્વરૂપ તો હજી હવે દેખાય ત્યારે.

અમારું મત સ્ત્રિયો ભણે તેને માટે છે પણ તેઓએ કંઈ કંઈ વિદ્યા ભણવી, તેઓને કેવે પ્રકારે ભણાવવી ને શાળાઓ કેવી જોઇએ, એ વિષે યોજના અમે કીધી નથી.

૮. મૂળતત્વ જનાર નથી, નવો રંગ વધતો ઓછો ભળે, રૂપાંતર પામતી સ્થિતિમાં ધોરણ બંધાય નહિ, માટે છે તેનું રક્ષણ કરવું ને રક્ષણ કરતાં તેને સબળ કરવું એ જ દેશજનતાને–દેશાભિમાનને–આર્યાભિમાનને–સ્વધર્મને ઇચ્છનારા આર્યપુત્રોનો ધર્મ છે. નિસ્તેજ પણ અમારું; અમે અમારું ગૃહસ્થાશ્રમસ્વરૂપ અદર્શ થયલું ને તેને બદલે નવું સ્વરૂપ જોવાને ઇચ્છતા નથી. યૂરોપની વિદ્યાનીતિને અમે માન આપીશું પણ પૂજીશું તો અમારી જ વિદ્યાનીતિને; કાળી બૈરીઓ સાબુ લગાડવાથી ને વસ્ત્રાલંકારથી ગોરી થનારી નથી પણ તે બહારના કાળાપણમાં અંદરનું ગોરાપણું દેખાડે તેવું અમે ઇચ્છીએ છીએ. અમે ચંચળ સુંદરતાને પણ જોઇને રાજી થઇએ પણ વસાવીશું તો ઠરેલ સુંદરતાને. અમે ઘીના સવાદીઆ છેએ.*

* યૂરોપીઅનો માખણના સ્વાદ લગી આવ્યા છે, ઘીનો અનાદર કરે છે પણ ઘીની લેહજત લેતા થશે (ઝાડપાનના ખોરાક ઉપર આવશે) ત્યારે જ તેઓ અહિંસક થઈ આર્યનું સાત્વિક બળ સુંદરતા જોશે. આર્ય છેક પૂર્વકાળથી ઘીના ભોગી છે. યજ્ઞમાં ઘી હોમી દેવતાને તે આપતા.

મિસ્રી ખાલદી આજે નથી; યાહુદી ટોળું સ્વદેશરહિત અહીં તહીં વેરાતું છે પણ મૂળ ધર્મ રાખી રહ્યું છે; જુના ગ્રીક રોમન આજે નથી; જુના ઇરાનીનું રહેલું નાનકડું ટોળું આ દેશમાં વાસો કરે છે; પણ તેઓની સ્વધર્મસ્થિતિ આજના આર્ય કરતાં વધારે ભુંડી છે; ચીનાઓ પોતાની જુની નીતિરીતિ રાખી રહ્યા છે અને આર્યજન તે એક મોટા જથામાં એક ઠેકાણે અનેક ઉત્પાતોમાં પણ પોતાનો સ્વધર્મ રાખી રહ્યા છે-એ રક્ષણબળ સ્તુત્ય નથી, એમ કોણ કહેશે? અને અમે અમારા સંસારી ગૃહસ્થાશ્રમને પરલોક વિચાર સાથે આજે પણ સતેજ જોઇએ છીએ.

૯. રાજ્યમાં ને ઘરમાં સ્વસ્થતાનું સુખ જોઇએ. સ્થિતિ છિન્ન ભિન્ન છે; તોપણ મૂળના બંધારણથી, પરંપરાની રહેણીકરણીથી, પરલોક સુખની આશાથી આર્યગૃહોમાં શાંતિનું ઊંચું સુખ દેખાય છે. એવાં સુખને સારુ મહા ઉદ્યમી યુરોપીઅનો પણ તૃષ્ણા રાખે. આર્ય પોતાના ગૃહસ્થાશ્રમને આ પ્રમાણે બતાવે છે:-આનંદયુક્ત ઘર, સારી બુદ્ધિવાળા પુત્ર, કાંતા અપ્રિય ભાષણ કરનારી નહિ, સારા મિત્ર, ધનપણ ખરું, પોતાની જ સ્ત્રીનો સંભોગ, આજ્ઞાતત્પર સેવકો, મિષ્ટાન્નપાનનો ભોગ, નિત્ય આતિથ્ય-દાન, દેવપૂજન ને સાધુનો સંગ ઉપાસવામાં આવે, તે ગૃહસ્થાશ્રમને ધન્ય છે.

> सानंदं सदनं सुताश्च सुधियः कांता न दुर्भाषिणी ।
> सन्मित्रं सधनं स्वयोषिति रतिश्चाज्ञापराः सेवकाः ॥
> आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे ।
> साधोः संगमुपासते हि सततं धन्यो गृहस्थाश्रमः" ॥ १ ॥

इति चतुर्थोल्लासः

—※※※※※※※※※—

# ધર્મજિજ્ઞાસા

પ્રશ્ન-ધર્મ એટલે શું?

ઉત્તર-દેશદેશના મહાનુભાવ આત્માઓએ* અજ્ઞાન જીવોનાં કલ્યાણને અર્થે જે નિશ્ચય, નિયમ ને કર્મવિધાન દેખાડ્યાં હોય તે તથા તે ત્રણેનું જે પાલણ તે ધર્મ.

* મૂળધર્મના પ્રવર્તાવનાર યોગબળે કે ધ્યાન ધારણાબળે પ્રકાશિત થયલા હોય છે-તેઓએ અંતરપ્રેરિત થઈ પોતાના મંડળને ધર્મબોધ કરેલો ને મંડળે તેને વિશ્વાસે સત્ય માનેલો તથા શ્રદ્ધાએ દૃઢ પાળેલો.



પ્ર.-એમ તો દેશદેશના ધર્મ જૂદા પડે ને એક દેશમાં પણ અનેક ધર્મ હોય ને કાળકાળના પણ જૂદા થાય?

ઉ.-હા. પણ એક દેશમાંના જે અનેક તેમાં ઘણુંક તો તેનું તે જ હોય; કાળકાળના જૂદા તેમાં પણ કેટલુંક તેનું તે જ હોય; અને દેશદેશના જૂદા તેમાં પણ માનવધર્મરૂપે કેટલુંક તેનું તે જ હોય.

પ્ર.-પણ ત્યારે અનેક ભેદ શું કરવા હોવા? સર્વકાળ સર્વ દેશમાં એક જ ધર્મ કેમ નહિ?

ઉ.-અનેક ભેદ થવા એવી મનુષ્યની પ્રકૃત બુદ્ધિ છે, એટલે તે અનિવાર છે.

પ્ર.-જ્યારે જગતના સર્વે મનુષ્યનો એક જ ધર્મ ન જ થાય એવું છે ત્યારે કેટલાક ધર્મના આચાર્ય તથા ઉપદેશક સર્વેનો એક ધર્મ કરવાને મથન શા માટે કરે છે?

ઉ.-મિથ્યા;—અજ્ઞાને માની લીધેલાં કલ્યાણની બુદ્ધિયે, કોડની ઘેલાઇયે કે કીર્તિને લોભે કે દયાને આવેશે.

પ્ર.-એક દેશમાં એક કાળના ધર્મ એક બીજાથી જૂદા પડે ને તેના કરતાં તે જ દેશના કાળકાળના ધર્મ વધારે જૂદા પડે, પણ ત્યારે તે જ દેશના સર્વકાળ એક જ ધર્મ એવું હોય કે નહિ?

ઉ.-હોય, ને છે જ; ને એમ જ કહેવાય છે. એક દેશના લોક ઘણીક રીતે સ્વભાવ, બુદ્ધિ તથા નીતિરીતિમાં સરખા હોય છે; તેઓ પોતાના વૃદ્ધોએ પાળેલો ધર્મ ફેરફાર વિના કે થોડોક ફેરફાર કરી પાળે છે; અને એમ વંશપરંપરાના ધર્મ જોતાં તે સર્વે ધર્મોનું મૂળ કોઈ છેક જૂના કાળમાં હોય છે:-એટલે છેક જૂના કાળમાં જે ધર્મબોધ લોકને મળેલો, તે જ ઉત્તરોત્તર કાળમાં થોડા કે ઘણા ફેર સાથે દેશમાં પળાય છે;-એટલે દેશના સર્વલોકનો સર્વકાળને માટે નિત્યધર્મ તો એક જ છે. વળી એક દેશનો નિત્યધર્મ બીજા દેશના નિત્યધર્મથી જૂદો હોય છે, માટે દેશદેશના ધર્મ જૂદા કહેવાય છે.

પ્ર.-શું એ ત્રણ દેશમાં એક જ ધર્મ નથી હોતો?

ઉ.-હિંદુસ્થાનના ઘણા લોકોનો એક જ ધર્મ છે, ચીનમાં સૌનો એક જ ધર્મ છે અને મધ્યમ તથા પશ્ચિમ એશિયા ખંડના ઘણાખરા દેશોનો એક જ ધર્મ છે અને યૂરોપખંડના સઘળા દેશોનો તથા અમેરિકા ખંડના ઘણાક દેશોનો એક જ ધર્મ છે એમ કહેવાય.

પ્ર.-ત્યારે વર્તમાનમાં આ પૃથ્વી ઉપર મુખ્ય ધર્મ કેટલા છે?

ઉ.–ઉપર કહેલા પ્રદેશ વિભાગ પ્રમાણે ચાર છે અને તે વેદોક્ત, બૌદ્ધ, મહંમદી ને ખ્રિસ્તી એ નામે ઓળખાય છે.

પ્ર.–એ ધર્મો ક્યારથી પ્રથમ પ્રવર્તમાન થયા?

ઉ.–મહમ્મદી તે સંવત્ ૬૭૮ માં, ખ્રિસ્તી તે સંવત્ ૮૨ માં, બૌદ્ધ તે વિક્રમ સંવત્ પૂર્વે ૪૮૭ વર્ષ ઉપર, અને વેદોક્ત તે અનાદિ છે.*

પ્ર.–જેમ જૂનો તેમ શું વધારે સારો ધર્મ સમજવો?

ઉ.–જે લોકમાં જે ધર્મ ચાલતો હોય, તે લોકમાં તે ધર્મનું મૂળ સ્વરૂપ સૌથી ઉત્તમ સમજવું.

પ્ર.–ત્યારે તે પ્રમાણે સર્વ કાળ મૂળ ધર્મ કેમ નથી પાળતા?

ઉ.–કાળે કાળે લોકની બુદ્ધિ તથા સ્થિતિ બદલાય છે, માટે મૂળ ધર્મને અનુસરતો એવો સમયનો જે ધર્મ, તે ધર્મ સમયના લોકોને માટે ઉત્તમ છે. વર્તમાનમાં મૂળ ધર્મ પ્રમાણે વર્તાય જ નહિં ને તેમ વર્તવા વિષે આગ્રહ ભર્યો જે બોધ તે નિષ્ફળ છે.

પ્ર.–ધર્મ જીવના કલ્યાણને અર્થે છે પણ તે મરણ પહેલાનાં કે પછીનાં કે સદાનાં કલ્યાણને અર્થે છે?

ઉ.–સદાનાં જ કલ્યાણને અર્થે છે અને એમ છે માટે મરણ પહેલાનાં કરતાં પછીનાં કલ્યાણને અર્થે અવશ્યે ધર્મબોધ હોય છે. વળી એ ધર્મબોધમાં મરણ પહેલાંના કલ્યાણ વિષે પણ બોધ આવે છે જ.

પ્ર.–ઈશ્વર પ્રીત્યર્થ કર્મ વિધાન તે ધર્મ અને સંસારવિષયમાં જે નિયમ પાલણ તે નીતિ એમ આજકાલ ભેદ પાડવામાં આવે છે, તે વિષે આપનું શું મત છે?

ઉ.–અવશ્યે ભેદ રાખવો એવું અમારું મત નથી. ધર્મ શબ્દમાં નીતિનો સમાસ થાય છે. પૂર્વ કાળમાં નીતિને ઠેકાણે ધર્મ શબ્દ વપરાતો.

પ્ર.–ધર્મ વિષયમાં જગત્કર્ત્તા કોઇએક પરમેશ્વરનું અસ્તિત્વ માનવું અવશ્ય ખરું કે?

ઉ.–હા અવશ્ય ખરું. (બૌદ્ધ જૈન ધર્મમાં એક પરમેશ્વરનું અસ્તિત્વ

* મહમ્મદી ને ખ્રિસ્તી એ બે ધર્મનું મૂળ યાહુદીધર્મમાં છે ને એ પ્રવર્તાવેલો મુસાએ સંવત્ પૂર્વે ૧૪૩૫ વર્ષ ઉપર, મહમ્મદી ને ખ્રિસ્તીનાં મુખ્યતત્વ મુસાઈ ધર્મમાં છે. બૌદ્ધધર્મ વેદોક્તધર્મથી જૂદો છે, પણ તેનાં કેટલાંક તત્વો વેદોક્ત ધર્મમાંનાં જ છે. વળી જરથોસ્તીધર્મ જે ઈરાન દેશમાં પ્રવર્તેલો, તેનાં તત્વ પણ વેદોક્તધર્મમાં છે.



નથી, તોપણ તેમાં ઉત્તમ ગતિને પામેલા જીવ પોતાના મહાસામર્થ્યવડે જગતની ઉત્પત્તિ વ્યવસ્થા કરે છે માટે તે ઈશ્વરો મનાય છે).

પ્ર.–વ્યાવહારિક ધર્મમાંના કેટલાક, સર્વ મનુષ્ય માટે સઘળા જ ધર્મમાં સરખા જ મોટા મનાવ્યા છે, પણ ઈશ્વરજ્ઞાનવિષયમાં તથા તેની પ્રીતિ મેળવવાનાં કર્મવિધાનમાં બહુ જ અંતર છે એ શા માટે વારુ?

ઉ.–પરોક્ષ વિષયમાં સ્વભાવ બુદ્ધિ પરત્વે લોકે જૂદા જૂદા વિચાર કર્યા છે.* જૂદે વિચારે જૂદા સિદ્ધાંત ને જૂદે સિદ્ધાંતે જૂદાં કર્મ થાય. જરથોસ્તી, યાહુદી, ખ્રીસ્તી ને મહંમદી. એમાં અવશ્ય ભક્તિપ્રધાન મનાવી છે અને વેદોક્ત તથા બૌદ્ધમાં **જ્ઞાનને જ** અવશ્ય પ્રધાન મનાવ્યું છે.

પ્ર.–ભક્તિપ્રધાન ધર્મમાં શું કોઈ પુરુષ જ્ઞાનધર્મનાં સિદ્ધાંતને માનનારો ન હોય ને હોય તો તેને એ ધર્મમાં લેવાય કે નહિ?

ઉ.–હોય પણ તેનાથી તે પળાવો કઠિણ છે. તેને લેવાય પણ જ્ઞાનધર્મને જેવી રીતે પાળવાને તે શકિતમાન્ હોય તે પ્રતિનો ધર્મ તે પાળે.

પ્ર.–કોઈ મનુષ્ય પોતાની બુદ્ધિ ઇચ્છાએ પોતાનો પરંપરાનો મુખ્ય ધર્મ છોડી બીજો કોઈ મુખ્ય ધર્મ પાળે તો તેથી તેનું કલ્યાણ છે કે નહિ? કોઈ મોટો સમૂહ પોતાનો મુખ્ય ધર્મ બદલે તો કેમ?

ઉ.–સામાન્યતઃ આજ ખરું છે કે, એકનું કે સમૂહનું મુખ્ય ધર્મ બદલવાથી કલ્યાણ નથી જ. મુખ્ય ધર્મમાં રહીને જે કોઈ પોતાના વૃદ્ધનો ધર્મમાર્ગ ટાળી બીજો ધર્મમાર્ગ સ્વીકારે તો તેથી કલ્યાણ થાય. પણ જો વળી તે ધર્મમાર્ગ પોતાના સ્વભાવ ગુણને અનુકૂળ હોય તો જ; પૂરતો વિચાર કર્યા વિના ઉદ્ધતપણે કે સ્વાર્થ બુદ્ધિએ સ્વીકારે તો અકલ્યાણ છે. સૌએ પોતપોતાની જાતિનો ધર્મ પાળવો.† "પારકો ધર્મ સારો વ્યવસ્થિત

* સ્વાર્થવિષયમાં–શરીર તથા મન શુદ્ધ રાખવાં, સત્ક્રિયાએ ઉદ્યમ કરવો, સુખમાં ફુલાવું નહિ ને દુઃખે ચિડાવું નહિ, ગર્વ કરવો નહિ ને નિત્ય સમાધાન સંતોષમાં રહેવું. પરાર્થ વિષયમાં–પરોપકાર કરવો, સાચો વ્યવહાર રાખવો ને ન્યાયે વર્તવું, પરમાર્થ વિષયમાં–જગત્કર્ત્તા એક છે ને સત્યસ્વરૂપ તથા મોટો ઐશ્વર્યવાન્ છે, માટે શ્રદ્ધાએ કર્મ કરી તેની પ્રીતિ મેળવવી. એ, સર્વે ધર્મમાં છે પણ ઈશ્વરના સ્વરૂપ વિષે, જીવ વિષે ને તે બેના સંબંધ વિષે દેશ દેશના ધર્માધિકારીઓની સરખી પોંચ નથી, જૂદી જૂદી સમજ છે.

† જીવ પોતાના પૂર્વનાં ગુણકર્મ પ્રમાણે અમુક દેશ લોકમાં જન્મ લે છે, જન્મ લીધા પછી તે સહવાસ સંગતિની બુદ્ધિ નીતિ પ્રમાણે ઘણું કરીને પોતાના જ લોકના જેવો ઘડાય છે, તેમાં વળી જો તે વર્ણવ્યવસ્થાએ અમુક વર્ણમાં મુકાય તો તેનાં ગુણ-

હોય તોપણ તેના કરતાં અવ્યવસ્થિત સ્વધર્મ શ્રેયકારી છે; સ્વધર્મમાં મરણ પણ શ્રેય છે ને પરધર્મ તે ભયને આણનારો છે."

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ १ ॥

પ્રશ્ન–વેદોક્તધર્મમાં એક પરમેશ્વરનો વિચાર નહોતો કે અમણાં એ જ વિચાર અવશ્ય આગળ પાડવામાં આવ્યો છે?

ઉત્તર–જ્યારથી વેદ ત્યારથી જ તે વિચાર ચાલ્યો આવે છે; વેદધર્મી લોક એટલે પરમેશ્વર એક છે ને વળી આવે સ્વરૂપે છે એમ જાણનારા જે લોક તે. વેદના ઉપનિષદ્ ભાગમાં તેજ વિષય છે; સંહિતામાં તથા સ્મૃતિપુરાણમાં એકનું જ જ્ઞાન વ્યાપ્ત છે ને એકનું જ જ્ઞાન આપવા માટે અનેક વિષયની યોજના છે. આચાર્યોએ ને પંથના ગુરુઓએ એકનો જ બોધ કીધો છે. અર્થાત્ પરમેશ્વર એક છે, એ આપણા લોકે નવું જાણવા માનવાનું નથી. પણ તે એકના સ્વરૂપનું જ્ઞાન થવું દુર્લભ, માટે તેનાં લભ્ય-સ્વરૂપોને કર્મઉપાસનામાં યોજ્યાં છે; એ અનેક સ્વરૂપ દેવના ઉપર અભ્યાસે આસક્તિ વધી જવાથી લોકને મૂળસ્વરૂપનું સમયે સમયે વિસ્મરણ થાય છે. મુસલમાનોએ આપણા ધર્મને નિંદ્યો ત્યારે વૈષ્ણવ આચાર્યોએ અને કબીર નાનક વગેરેએ એક પરમેશ્વરનું જ્ઞાન સતેજ કરાવ્યું. અંગ્રેજી રાજ્ય થયા પછી ખ્રિસ્તી પાદરીઓએ આપણા દેવોને નિંદી ચલાવ્યું કે, હિંદુઓને એક દેવનું જ્ઞાન નથી, ત્યારે અંગ્રેજી ભણેલા તરુણો પણ તેમ જ સમજ્યા ને એઓએ વળી માની લીધું કે એ જ કારણ છે દેશની પડતીનું ને પછી દેશની ચઢતી કરવાને એકેશ્વરની ભક્તિનો બોધ કાઢ્યો. ધર્મસંબંધી ચર્ચાએ પરમેશ્વર એક છે એ જ્ઞાન તો પાછું સતેજ આર્ય સમસ્તને થયું છે.

પ્ર.–એક દેવ ને અનેક દેવ એ બધું શું?

ઉ.–ધીરજ રાખ, અમણા એકની જ વાત કર.

પ્ર.–બીજા ધર્મના લોક આદિદેવને માને છે ને આપણે પણ માનીએ છીએ તો હવે એ વિષયમાં કાંઈ વિશેષ જાણવાનું છે?

કર્મ ઘણું કરીને તો પછા ના જ બદલાય, માટે તેણે પોતાના ધર્મથી ભાવ ઉઠાડવાનું સાહસ કરવું નહિ. કોઈ સમૂહ પોતાનો મુખ્ય ધર્મ બદલે કે તેને બદલવો પડે તો પણ તેની મૂળ ધર્મબુદ્ધિના અંકુર રહેવાના, પછી તે પરદેશમાં બીજાના સહવાસમાં જઈ રહે તોપણ ધર્મ પાળ્યાથી જીવની ઉત્તમ ગતિ થાય છે, ને સ્વધર્મ પાળ્યાથી તે વહેલી થાય છે; સ્વધર્મનો ત્યાગ કરે તો તે સ્થિતિભ્રષ્ટ પતિત થઈ રહે ને ફરીથી ઉંચે ચડતાં તેને વાર લાગે.



ઉ.–હા, બહુ જાણવાનું છે, અવશ્ય. તેઓનો આદિદેવ વ્યક્તિવાળો સગુણ છે ને આપણો અવ્યક્ત નિર્ગુણ છે.

પ્ર.–એ વળી શો ભેદ છે?

ઉ.–હું છું–ઇચ્છું છું–કરું છું, એવું જ્ઞાન પોતાને હોવાથી જેનું આપો-પુંપોતાપણું સ્પષ્ટ છે તથા જે જગતની ખટપટ–મનુષ્યનાં કામ સાથે સંબંધ રાખે છે, તે તેઓનો આદિદેવ છે; અને આપણો આદિદેવ જગત્ સંબંધી જે ઉપાધિ તે રહિત છે; હું સ્ફુરણ (આપોપું) વિનાનું તથા એની પૂર્વની સ્થિતિમાં જે જ્ઞાન તે રૂપે છે. તે એક, અનાદ્યંત, અપ્રાકૃત, અચંચળ, સઘન, નિત્ય, સર્વવ્યાપી, સૂક્ષ્મ, શાંત, તેજસ્, આનંદરૂપ, નિરાકાર, જ્ઞાનતત્વ છે.

પ્ર.–આદિદેવ વિષે સ્વચ્છ કેમ સમજાતું નથી?

ઉ.–તે આપણી મનેન્દ્રિયને અગ્રાહ્ય છે પણ યોગ્ય સાધને ગ્રાહ્ય થઈ અનુભવાય છે; એ સમજવાને પાત્ર કરનાર તે માત્ર એક વેદધર્મ છે, બીજો કોઈ નથી.

પ્ર.–આદિદેવ વિષે સમજાવશો વળી?

ઉ.–ના, અમણા નહિ; ઓળખાવી રાખીશું–"સર્વ ઉત્પન્ન થયલાંને વિષે ગૂઢ રહ્યો છે; સર્વવ્યાપી તથા સર્વ જગતનો અંતરાત્મા છે; પોતે કર્મ ન કરતો છતે જેનેવડે કર્મ થાય છે તથા જેને વિષે કર્મ લય પામે છે એવો અધ્યક્ષ છે સર્વ કર્મનો; સર્વ જગત્ જેમાં મૂળે વાસો કરી રહ્યાં છે તે છે; સાક્ષી, પ્રેરણા કરનારો, નિર્ગુણ, કેવળ એક દેવ છે." "હૃદય કમ-ળમાં સત્યસ્વરૂપ, સર્વ જગત્સ્વરૂપ, પરમાત્મા એ સંજ્ઞાએ ઓળખાતો, વાણીએ અગમ્ય, નિત્ય, જ્ઞાનરૂપ એક પ્રમાણપુરુષ છે, તેનું ધ્યાન કરું છું."

एकोदेवःसर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतांतरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलोनिर्गुणश्च ॥ १ ॥
हृत्पद्ममध्ये पुरुषंप्रमाणंसत्यात्मकंसर्वजगत्स्वरूपम् ।
ध्यायामिनित्यं परमात्मसंज्ञंचिद्रूपमेकंवचसामगम्यम् ॥ २ ॥

પ્ર.–અચળ, અકર્મ, નિરાકારત્વ એ કર્મશક્તિવિના જગતને કેમ ઉત્પન્ન કરી શકે? ને એ જગત્કર્ત્તા કેમ કહેવાય?

ઉ.–સત્તાધીશ રાજા પોતે કામ ન કરે પણ તેના નિમેલા પ્રધાના-દિજનો કરે તો પણ રાજા કર્ત્તાહર્તા કહેવાય. તેમ સત્તાધીશ તત્વદેવ તે

જગદીશ્વર જગત્કર્તા કહેવાય. પણ સાંભળ, અચળતત્વ પણ જડતત્વ નથી–જ્ઞાનતત્વ છે; તે પોતાની યોગમાયામાં પ્રતિબિંબરૂપે ઉતરે છે.* અને એ સ્વરૂપે તે સગુણ જગદીશ્વર છે; જેમ રાજા કોઈ સમયે પ્રધાનરૂપે થઈ કામ કરે તેમ. એ રીતે અકર્ત્તા તે કર્ત્તા થાય છે. એ ઇચ્છે છે કે, હું બહુરૂપે થાઉં "एकोहं बहुधा स्यां" ને એવો આ જગતની ઇચ્છા કરનારો દેવ નારાયણ છે, ને એ પછી ઉત્પત્તિસ્થિતિલયકર્ત્તા થાય છે ને એમ આ જગતની ઉત્પત્તિ કરનારો દેવ તે બ્રહ્મા છે.

પ્ર.–ખરેખર અદ્ભુત ગહન વિષય છે; એમાં પ્રવેશ કેમ થાય?

ઉ.–અનેક સાધન છે પણ તે ઉપરથી લોકનો ભાવ ખસી ગયો છે તે પાછો બેસવો જોઇયે. તું થોડો કાળ થોડો પણ વિશ્વાસ રાખ, પોતાનાથી વધારે જાણીતા ઉપર; ધીરો થઈ સાંભળી લે ને પછી ઠરીને વિચાર કરજે.

પ્ર.–આપણા લોકમાં વર્ત્તમાનમાં મનાતા બ્રહ્મા, વિષ્ણુ, શિવ એને આદિદેવ સર્વવ્યાપી અચળતત્વના સંબંધમાં કેવી રીતે ઓળખવા?

ઉ.–અવતરણસ્વરૂપે. આદિદેવ શુદ્ધ નિરાકાર છે પણ ચિત્સ્ફુરણે પ્રગટેલા દેવ તે સાકાર છે. (પછી કોઈ પણ પ્રકારની સૂક્ષ્મ દેહે ને એ દેવ તે પોતાના સંકલ્પથી સ્થૂલદેહ પણ કરી શકે). સાકાર દેવમાં જ્ઞાનતત્વનો મોટો અંશ હોય છે, તેથી આદિદેવે અવતરણ કરેલું જેમાં એવા તે મનાય છે. પૂર્વકાળમાં અગ્નિ, વાયુ, સૂર્ય એ દેવતા મનાતા. દેવતાઓને લોક અવતરણ સ્વરૂપે ને જ્ઞાનીઓ તત્વાર્થ લક્ષણાએ જોય છે. રામકૃષ્ણ એઓએ અસાધારણ અલૌકિક ઐશ્વર્ય દાખ્યું, માટે તે પણ અવતાર મનાયા.

---

* જ્ઞાનતત્વ સર્વકાળ સ્વરૂપસ્થિતિમાં જ હોય છે; અને યોગમાયાચિત્સ્ફુરણ શક્તિ–ત્રણ ગુણ ધારણ કરનારી મૂળપ્રકૃતિ–જગતની બીજરૂપ જડશક્તિ જે જ્ઞાનતત્વને આશ્રયે રહી છે તે ઉગે છે, રહે છે, લય પામે છે એમ રૂપાંતર દાખવ્યાં જ કરે છે, લય થયા પછી પણ શેષ રહે છે આદિતત્વ–બ્રહ્મના એક દેશમાં, એમ કેટલાક કહે છે પણ કેટલાક તો કહે છે કે પ્રકૃતિ એ કાંઈ જૂદી શક્તિ નથી જ, માત્ર અજ્ઞાનનો સ્વલ્પ ભાસ છે કે જે મોક્ષ સમયે રહેતો જ નથી. અનેક સ્ફુરણ ઉપડે છે ને લય પામે છે; એકેકમાં મહદ્ભૂત ઐશ્વર્ય રહ્યું છે. કોઈ જગતનો કર્તા તે ઇચ્છા પુરૂષના હુનો સત્વગુણ, કોઇનો તે રજોગુણ, ને કોઇનો તે તમોગુણ હોય છે; આપણા જગતનો બ્રહ્મા તે નારાયણના હુંતું રજોગુણ સ્વરૂપ છે. નિરાકાર તે સાકાર, વ્યાપક તે મૂર્ત્તિમાન્ એ કેમ, વિદ્યાશક્તિવાળા દેવ ને અવિદ્યાશક્તિવાળા જીવ એ શું, અનેક દેવ–જીવ–જગત્ એ સૌનો એક બ્રહ્મ સાથે સંબંધ એકેકનો ને સમૂહનો–એ સર્વે પ્રકરણની અહીં સૂચના કરી રાખવાનું કારણ કે તત્વજ્ઞાન ઉપર આપણો ધર્મ રચાયો છે.



પ્ર.–ત્યારે સમાજોના દેવને કેવી રીતે ઓળખવો?

ઉ.–તે દેવની પ્રતિષ્ઠા તત્વને દર્શને કે વિવેકે થઈ નથી. તે જગતની ઉપાધિરહિત એવો આદિદેવ નથી કે તેનું અવતરણ સ્વરૂપ નથી કે તેનું તટસ્થલક્ષણાસ્વરૂપ પણ નથી.

પ્ર.–તેઓ તેને અનંતગુણ વિશેષણોએ ઓળખાવે છે ને?

ઉ.–ને શું આપણાં અવતરણસ્વરૂપોને તેમ ઓળખાવામાં નથી આવતાં? વિષ્ણુ–શિવ–દેવી સહસ્રનામ પ્રસિદ્ધ જ છે; પરધર્મી લોક પણ પોતાના દેવને તેવાં વિશેષણ લગાડે છે જ. વળી સમાજોના દેવમાં કર્તૃત્વ, સત્ય, સામર્થ્ય, ન્યાય, કૃપા એ અવશ્ય બહાર પાડવામાં આવે છે તેમ આપણા અમુક અમુક સ્વરૂપમાં અમુક અમુક ગુણનું વિશેષ આરોપણ છે જ. સમાજોના દેવસંબંધી વિશેષ ઓળખ શી અપાય?*

પ્ર.–અવતરણસ્વરૂપ કલ્પિત કે સત્ય હશે?

ઉ.–કેવળ સત્ય તો એક અચળ જ્ઞાનતત્વ છે. સઘળાં અવતરણ સ્વરૂપ અંતે લય પામે છે એટલે મિથ્યા છે. તોપણ જ્યાં લગી તે ભક્તના ભાવમાં છે ત્યાં લગી તે સત્ય છે ને દૃઢ ભાવે તે સાક્ષાત્ દર્શન દે છે કે અદર્શ રહી કાર્ય કરી પોતાના અસ્તિત્વની પ્રતીતિ આપે છે.†

પ્ર.–સ્વરૂપોની ઉપાસના શા માટે કરવી?

ઉ.–નિર્ગુણ તત્વનું ચિંતન ચોખ્ખી રીતે જ્ઞાની કે યોગીથી જ થાય. કેટલાક વળી તટસ્થલક્ષણાએ કરે પણ પ્રપંચમાં પચેલા લોકથી તે થઈ શકે જ નહિ; વળી આ દેશના રસભર્યા લોકને શુષ્ક ઉપાસના ગમે નહિ માટે.‡

---

* આટલી અપાય કે કોઈ પણ ધર્મવાળા માન્ય ન કરે તેવો છાયારૂપ ઉટાંગદેવ છે; પછી આર્યસમાજ સંહિતાનો, નવી બ્રહ્મસમાજ તથા પ્રાર્થનાસમાજ બુદ્ધિનો ભલે ભણો; ને વળી પોતપોતાનાં નિશાણ ઉડાવી તે ઉપર દેખાડો શાંતિઃ શાંતિઃ કે તત્સત્ કે સત્યમેવ જયતુ, ઓંકારને આગળ કરીને.

કબીરે નિર્ગુણની તત્વાર્થલક્ષણાએ એક સગુણ રામની ઉપાસના કરાવી હતી અને નાનકે નિર્ગુણને શબ્દલક્ષણાએ ઓળખાવી તેનો બોધ કીધો હતો.

† એકેકા સ્વરૂપમાં દૃઢ બ્રહ્મભાવ ધરેથી બ્રહ્મસ્વરૂપ થવાય છે. એ વિષય તે યોગમાયાવડે આત્માનાં અદ્ભુત કામ છે.

‡ વેદાંતી જયકૃષ્ણે શંકરાચાર્યનાં સ્તોત્ર પોતાના મંડળને માટે છપાવ્યાં છે તેમાંનાં કેટલાંકમાં નિર્ગુણની ઉપાસના છે. એવી ઉપાસના સર્વ લોકને અનુકૂળ આવે તો બહુ સારું, પણ તેમ આવે જ નહિ બુદ્ધિભેદે.

પ્ર.–પણ ઘણાની શા માટે?

ઉ.–સૌ પોતપોતાની પ્રકૃતિને પ્રિય એવાંને જ શોધે; પ્રિય સ્વરૂપને ભજતાં મનકામના વહેલી પાર પડે; વળી એક જણ કાર્યવશાત્ બીજાને પણ સેવે.

પ્ર.–સર્વ લોક અમુક એક જ સ્વરૂપને ભજે તો તે વધારે સારું કે નહિ?

ઉ.–હા; ને લોક તેમ જ કરે છે. છેક જૂના કાળમાં મુખ્ય ઉપાસના બ્રહ્માની હતી; ને પછી શિવવિષ્ણુની થઈ. લોકનાં ઐક્યને અર્થે અનેક સંપ્રદાય, અનેક મત ને અનેક ઉપાસના છે તો પણ લોક શિવ કે વિષ્ણુ એ બે જ મુખ્ય સ્વરૂપની ઉપાસના કરે છે.* ને એ બેમાં પણ કાળે કાળે એકને જ આગળ પડતો ગણે છે વિક્રમ સંવતથી તે ૧૨૫૦ સુધી શિવધર્મ પ્રધાન હતો ને પછીથી વૈષ્ણવધર્મ થયલો જે આજ વગોવાય છે.

પ્ર.–અનેકની ઉપાસનાથી ધર્મ વધારે અવ્યવસ્થિત નહિ થાય?

ઉ.–અનેકની પણ વ્યવસ્થાવાળી ઉપાસનાથી જ્ઞાનધર્મ અવ્યવસ્થિત થતો નથી; અનેકની ઉપાસના પરંપરાથી ચાલી આવી છે ને ધર્મ રહ્યો છે જ; સમયે સમયે થોડો ઘણો અવ્યવસ્થિત થાય પણ થોડીવાર સત્યધર્મ ખોળતાં તે તેવો થાય તોપણ શું? સમાજ કાઢી બોધ આપનારા તે જ સૌ એકમતના ક્યાં છે ને કેમ થતા નથી?

પ્ર.–ત્યારે હવે લોકે કયું સ્વરૂપ પૂજવું, કઈ સમાજનો દેવ ભજવો?

ઉ.–વળી ભૂલ્યો? સમયે અવ્યવસ્થા ને સમયે વ્યવસ્થા થવી એમ ક્રમ જ છે. અમારું મત આ છે કે હજુ થોડાંક વર્ષ સૌએ પોતપોતાનો સ્વતંત્ર વિચાર કરવો; પ્રત્યેક જણે પોતાની શક્તિ નીતિ જેટલી બહાર કઢાય તેટલી કાઢવી, દુરાગ્રહે નહિ; તોપણ નિર્ગુણ સગુણ વિષે અને શિવ કે વિષ્ણુ કે સમાજેનો દેવ એ ત્રણમાંથી એકને પૂજ્ય માનવા વિષે અવશ્ય ઠરીને અંતે વિચાર કરવો.

પ્ર.–એક તત્વની સત્તાએ અનેક સંકલ્પ દેવતા ઉત્પન્ન થયા છે અને સગુણ દેવતા તે અચળ દેવનાં અવતરણ સ્વરૂપ છે, એ તો મારે નક્કી માનવું કે?

ઉ.–તે તો તું જાણે.

પ્ર.–વળી કહેશો કંઈ?

* બે હોવાનું કારણ કે પ્રથમથી જ બ્રાહ્મણવર્ગ લોકવર્ગથી જૂદો છે. જ્ઞાન, સ્વભાવ તથા કરણી રહેણીમાં, તો તે વર્ગનો મોટો ભાગ લોકનાથી જૂદા ઇષ્ટ દેવને માને.



ઉ.–"આત્મા–ઈશ્વર–સાક્ષી–સ્વયંપ્રકાશ–પોતાને પોતેજ જાણનાર જેને કોઈપણ વિશેષણ અપાતું નથી, એવું જે પરમ કારણ જગતનું તેજ હું (વિષ્ણુ) છું, બ્રહ્મા છે ને શિવ છે; કેમ કે હે દક્ષ! તે જ હું, ગુણવતી ને આત્મમાયામાં પ્રવેશ કરીને જગતનું સૃજન, સંરક્ષણ તથા સંહાર કરતાં ક્રિયાને ઘટતું નામ ધારણ કરું છું; માટે, હે બ્રાહ્મણ! જે મનુષ્ય સર્વ ભૂતના આત્મારૂપ તથા એકરૂપ એ ત્રણેમાં ભેદ નથી જોતો, તે જ શાંતિને (મોક્ષ સુખને) પામે છે."

अहं ब्रह्मा चशर्वश्चजगतःकारणंपरं। आत्मेश्वरउपद्दष्टास्वयंदृगविशेषणः ॥ १ ॥
आत्ममायांसमाविश्यसोहंगुणमयींद्विज। सृजनरक्षन्हरन्विश्वंदध्रेसज्ञांक्रियोचिताम् ॥२॥
त्रयाणामेकभावानांयोन पश्यति वैभिदाम्। सर्वभूतात्मनांब्रह्मन्सशांतिमधिगच्छति ॥३॥

પ્રશ્ન–પરમેશ્વર–ઈશ્વરની પ્રાપ્તિને અર્થે કે તેની પ્રીતિને અર્થે સાધન શાં છે?

ઉત્તર–જ્ઞાન, ઉપાસના ને કર્મ એ ત્રણ છે. પણ એ ત્રણેનું સત્વ તે વિશ્વાસ–ભાવ–શ્રદ્ધા છે; એ વિના ત્રણે સાધન નિષ્ફળ છે.

પ્ર.–જ્ઞાન તે શું? તેથી ફળ શું ને તે સાધન કોને અનુકૂળ આવે?

ઉ.–બ્રહ્મ ને જગત્–શિવ ને જીવ એ વિષે તથા તત્વો વિષે જાણી લઈ કર્મદોષ તથા અજ્ઞાન એથી શુદ્ધ થઈ કર્મબંધન તથા ભ્રાંતિથી છુટવું. એ વિષયમાં જે વિવેક વિચાર કરવો તે જ્ઞાન એથી અંતે ફળ આ કે જીવ વારેવારે જન્મ લેતો અટકે ને સચ્ચિદાનંદ–સદાશિવ–વિષ્ણુરૂપ થઈ રહે. એ સાધન જેનામાં જન્મથી વૈરાગ્યનો અંકુર હોય, તેને અનુકૂળ આવે, સૌ લોકને નહિ.

પ્ર.–ઉપાસના તે શું? તેથી ફળ શું ને કોને અનુકૂળ આવે?

ઉ.–નિર્ગુણ બ્રહ્મનું કે તેના કોઈ સગુણ સ્વરૂપનું શરીરની ચેષ્ટા તથા મનની ચંચળતાએ રહિત થઈ એકાગ્રચિત્તે ચિંતન કે ધ્યાન કરવું તે ઉપાસના. એ સગુણ ઈશ્વરની સકામ હોય તો ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ને નિષ્કામ હોય તો વધારે ઊંચી સ્થિતિ; વળી ઉત્તમ હોય તો કેટલીક સિદ્ધિ તથા ઈશ્વરપ્રાપ્તિ. નિર્ગુણની યોગક્રિયાએ જે ઉપાસના તેથી મોટી મોટી સિદ્ધિ ને તત્વદર્શન. ઉપાસના સાધન નિશ્ચય વૃત્તિવાળાને વિશેષ અનુકૂળ આવે.

પ્ર.–કર્મ તે શું? તેથી ફળ શું ને કોને અનુકૂળ આવે?

ઉ.–સગુણ ઈશ્વરની કૃપાપ્રસાદીને અર્થે શરીરચેષ્ટા સાથે જે કાંઈ કરવું–કરેલું તે એથી કર્મના દોષ જાય ને અંતઃકરણ શુદ્ધ થાય. એ સર્વ

લોકને અનુકૂળ આવે. જીવની વૃત્તિ જન્મથકી જ કર્મ ભણી છે, મનુષ્યે પોતાની વૃત્તિ સત્કર્મ* ભણી કરવી, એ તેનું બીજા પ્રાણીઓથી જૂદું ને પોતાનું વિશેષ કર્મ છે; સત્કર્મ તે મનનાં માન્યાં નહિ પણ સ્વધર્મોક્ત કરવાં એ તેનું પુરુષાર્થ છે. ઉપાસનાને માટે પાત્ર થવાને કર્મ અવશ્ય છે; જ્ઞાનપ્રાપ્તિ થતાં પહેલાં સ્વભાવમનના દોષ કાઢવાને કર્મ અવશ્ય છે; જ્ઞાન વિરાગથી, વિરાગ ભક્તિથી ને ભક્તિ કર્મથી થાય છે.

પ્ર.–ઈશ્વરનું સ્મરણ કરવાને, તેને ભક્તિ અર્પણ કરવાને, પ્રસંગે નિત્યને માટે વિહિત કર્મ કિયાં છે?

ઉ.–સ્નાન, સંધ્યાવંદન, જપ, પૂજન, હોમ.

પ્ર.–સમાજવાળા સ્નાન તે સ્વચ્છતાને માટે છે ને જપ હોમ તે નિરર્થક છે એમ જાણે છે. જગદીશ્વરની કૃપાપ્રસાદીને માટે તેની પ્રાર્થના કરવી એ જ પૂરું સાધન છે ને મૂર્ત્તિ તો ન જ પૂજવી, એવો તેઓનો હઠીબોધ છે. એ વિષે આપનું શું મત છે?

ઉ.–સ્નાન સ્વચ્છતાને માટે છે એ તો ઠીક પણ વળી સ્નાનથી મન ઉકળાટ ગયે થંડું પડે છે તથા વ્યગ્રતા ટળે સ્થિર થાય છે–એટલે ઈશ્વરારાધનને આરંભે સ્થિર થવાને પ્રથમ કર્મ છે ને ઈશ્વરસ્મરણ એ પવિત્ર ઉદ્દેશને અર્થે જે સ્નાન તેથી શરીર તથા મનની પવિત્રાઈ છે.† જપ, હોમ, એ યોગ્ય સાધન છે. જપ સમજુ અણસમજુ સૌને માટે છે ને હોમ અનુકૂળતાવાળાને માટે છે. પણ બ્રાહ્મણે નિત્ય વૈશ્વદેવ ને સૌએ શુભાશુભ કર્મને પ્રસંગે યજ્ઞ કરવા. એ વિના પૂર્વકાળની પેઠે અગ્નિહોત્ર રાખવાં તથા વારેવારે યજ્ઞો કરવા એને માટે આ સમય નથી.‡ પ્રાર્થના, સ્તુતિપાઠ, જપ-

* કર્મ, અસત્કર્મ, સત્કર્મ; જ્ઞાતિકર્મ, આશ્રમકર્મ, નિત્યનૈમિત્તિકકામ્યકર્મ શુભાશુભકર્મ ઇત્યાદિ વિષે હવે પછી.

† સમાજવાળા પ્રભુનું ન્યાયીપણું પ્રગટ પાડે છે પણ પવિત્રપણું નહિ; અંતરશુદ્ધિને વખાણે છે પણ એને બાહ્યશુદ્ધિથી ઘણી પુષ્ટિ મળે છે એ વાતને તુચ્છ ગણે છે. વળી આ જાણી રાખવાનું છે કે મુસલમાન મસીદમાં જઈ જોડા કાઢી હાથ પગ ધોઈ પછી નિમાજ પઢે છે; આપણા લોકો દેરાં બહાર ઉભા રહી દૂરથી દર્શન કરે છે તે પણ જોડા કાઢીને, પણ સમાજવાળા જોડા સાથે લટકતે પગે ઉંચે બેસી પ્રાર્થના કરે છે.

‡ ગુણ વિશેષણે ઈશ્વર સંબંધી મનમાં જે ઓળખ છાપ, તે પણ એક પ્રકારની મૂર્ત્તિ છે. એ વિષે સમાજેના અગ્રેસર વાંધો લે જ નહિ; પણ દર્ભના ચટ કે ધાતુના દેવતા કે કાષ્ઠપાષાણની પ્રતિમા એ પૂજવાની તેઓ ના કહે છે પણ જ્યારે તેઓ અવતરણ સ્વરૂપને માનતા નથી, મંત્ર દૈવતે દેવની પ્રતિષ્ઠા થાય છે એ માનતા નથી ત્યારે તેઓ મૂર્ત્તિપૂજનની ના જ ભણે.



ધ્યાન, હોમ, જેમ જેને ગમે ને ફાવે તેમ તે કરે. મૂર્ત્તિપૂજન એ પણ સગુણ દેવ પ્રીત્યર્થે સારું કર્મ છે; ઉત્તમ નથી. ચિત્તમાં કલ્પેલી દેવની મૂર્ત્તિ સ્થિર ન રહે, માટે પ્રતિમા એમ ન સમજતાં પ્રતિમા એ જ દેવ છે એમ સમજવું ને મૂર્ત્તિપૂજન એ જ ઉત્તમ ધર્મકર્મ છે એવો મમત ધરવો-એ અજ્ઞાન તથા જડશક્તિ છે ને તેથી કલ્યાણ નથી જ. વળી જેઓ કેવળ મૂર્ત્તિનાં દર્શનની જ લલુતા રાખે છે તે તો પામર પ્રાણી છે.* "સર્વભૂતને વિષે રહ્યો એવો જે હું આત્મા–ઈશ્વર તેનું જ્ઞાન ન રાખી પ્રતિમાને ભજે છે મૂઢપણે, તે રાખોડીમાં જ હોમે છે."

यो मां सर्वेषु भूतेषु संतमात्मानमीश्वरं ।
हित्वार्चां भजते मौढयात् भस्मन्येव जुहोति सः ॥ १ ॥

**પ્રશ્ન.**–વ્રત, તીર્થદાન, એ વિષે સમજાવશો?

**ઉત્તર.**–વ્રત એ ઉપાસના અંગનું સંકલ્પ સાથે આચરણ છે. વ્રત અનેક છે પણ તે ત્રણ વર્ગમાં મુકાય–દેવદેવીનાં–જેવાં કે એકાદશી, શિવરાત્રિ, નવરાત્રિ, અવતારી પુરુષસંબંધી–જેવાં કે વામનદ્વાદશી, રામનવમી, જન્માષ્ટમી; અને સદ્‌ગુણસંબંધી–જેવાં કે સત્યવ્રત, દાનવ્રત, બ્રહ્મચર્ય, પતિવ્રત, માતપિતાની સેવા, ઇત્યાદિ. પહેલા બીજા વર્ગનાં વ્રતમાં ઉપવાસ કે ફલાહાર કરવો ને ઉપાસ્યનું ચિંતન કરવું એ આચરણ હોય છે; અને ત્રીજા વર્ગના વ્રતમાં હાનિ કે ભયની સ્પૃહા ન રાખતાં દૃઢ નિશ્ચયે અમુક સદ્‌ગુણનું (સર્વકાળ) પાલણ હોય છે.†

* વેદમાં અગ્નિ, ઇંદ્ર, વરુણાદિ દેવતાનું યજન છે એમ જે સઘળા ભાષ્યકારોએ કહ્યું છે તે વિષે અમને શંકા નથી જ. પૂર્વકાળમાં વેદાધ્યયન, યજ્ઞ એ મુખ્ય કર્મ હતાં, વળી પાર્થિવ તથા બીજી પ્રતિમાનું પૂજન હતું તોપણ અમણાં જેમ સ્થાપિત દેવનાં અનેક દહેરાં છે તેમ તે કાળે નહોતું; યજ્ઞશાળાઓ ઘણી હતી એમ અમે માનીએ છિયે. બૌદ્ધધર્મે યજ્ઞકર્મને નિંદી મૂર્ત્તિપૂજન વધારેલું તેથી બ્રાહ્મણોએ પણ તે કર્મ સ્થાપી રાખ્યું એમ અમને લાગે છે. અમણાંના લોકની અપ્પટ સ્થિતિ, ધર્મવિષે અરૂચિ ને વિષયસેવન ઉપર લલુતા એ જોતાં લોકસમૂહને મૂર્ત્તિપૂજન વિના બીજું કોઈ કર્મ અનુકૂળ આવે એવું નથી. માટે નિરાકાર તત્વનાં જ્ઞાનવિના મુક્તિ નથી જ; બ્રહ્મા, વિષ્ણુ, શિવ એ આદિ દેવ પણ અંતે મિથ્યા છે; મૂર્ત્તિઓ એ માત્ર ધ્યાન કે સ્મરણને માટે છે; એ આપણા લોકના નિત્યના વિચાર જે અમણા અજ્ઞાને વિસ્મૃતિની ગુફામાં પડ્યા છે તે પાછા વિદ્યાબળે બહાર પડી ઉંચે ચઢી પ્રકાશતા થવા જોઇએ–પછી મૂર્ત્તિપૂજા રહો અથવા ન રહો.

† વળી દ્વાદશી (વિષ્ણુપર્વણી), અમાવાસ્યા (પિતૃપર્વણી), સંક્રમણપર્વ, ગ્રહણપર્વ ઇત્યાદિ તિથિ–કાળ પુણ્ય કરવાને છે. ભૂખ્યા રેહેવું કે સ્વલ્પ ફલા-

પ્ર.–તીર્થ તે શું ને તેનો મહિમા શો?

ઉ.–શરીર મન પવિત્ર થાય તેવાં ઠેકાણાં તે તીર્થ.* નદી, સમુદ્ર, ધર્માત્મા સત્પુરુષના આશ્રમ કે દેવદેહરાં અને માતપિતા (સંબંધ સ્થાન). એકમાં સ્નાને, બીજામાં દર્શને કે સ્મરણે ને ત્રીજાને વિષે સેવાએ પવિત્ર થવાય છે. દેવદર્શન, ધર્માત્માનાં સ્મરણ તથા કથાશ્રવણ ને ત્યાં મળેલા સાધુસંતનો સમાગમ એથી મન નિર્મળ થાય છે; ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન વિષે સુબુદ્ધિ થાય છે; અને દાનપુણ્ય થાય છે.

પ્ર.–હવે દાન વિષે?

ઉ.–સ્મૃતિકારોએ કલિયુગને માટે દાનધર્મ જ પ્રધાન કહ્યો છે. પાત્રને યથાશક્તિ દાન આપવું ને દાન આપીને કહી સંભળાવવું નહિં. વિદ્યાદાન તથા અભયદાન એ ઉત્તમ છે; ને કીર્તિને માટે કે કામ કરાવવાને માટે દાન તે અધમ છે. બહુ લોકનું હિત થાય તેવાં સુબોધદાનથી કે પ્રાણદાનથી અને કુવા, વાવ, ધર્મશાળા, સદાવ્રત, પર્વ એથી મોટું પુણ્ય ને ઉંચી સ્થિતિ પ્રાપ્ત થાય છે–પછી નિષ્કામ કે સકામ ભાવ હોય તે પ્રમાણે.†

પ્ર.–દીનને, ભૂખ્યા તરસ્યાને, અપંગનિરાશ્રિતને દાન આપવું એ યોગ્ય છે પણ બ્રાહ્મણને દાન ભોજનનો શો મહિમા? સ્વધર્મ નથી જાણતા કે નથી પાળતા, તે છતાં તેઓ પૂજાય છે તે તેઓને પોતાને વારસામાં મળેલાં બળે કે લોકને અજ્ઞાને કે બંનેથી?

ઉ.–બ્રહ્મજ્ઞાન, આચાર, વિદ્યા, નિવૃત્તપ્રવૃત્ત ધર્મનું શિક્ષણ, અયાચકવૃત્તિએ સંપત્તિ હોવાથી બ્રાહ્મણ પ્રથમ પૂજ્ય ને ઉત્તમ દાનપાત્ર છે. અમણાના

હાર તે આટલા માટે કે શરીર હલકું રહે, આળસ ન રહે ને ઇષ્ટના જ વિચારમાં રહેવાય. ત્રીજા વર્ગના મહા પુરુષોના દાખલા રામાયણ, મહાભારત ને પુરાણોમાં ઘણા છે. અંગ્રેજી ભણેલા પહેલા બીજા વર્ગનાં વ્રતને માનતા જ નથી પણ કેટલાક, લોકલાજે કે વડીલને ધાકે કે સ્ત્રિયોની હઠે પાળે છે; તેઓ સદ્ગુણને બહુ વખાણે છે પણ એકના પણ ઉપાસક નથી.

* કેટલાંક તીર્થસ્નાનથી શરીરના બહુ કાળના રોગ પણ જાય છે. તીર્થયાત્રાથી સુખ દુઃખની અનુભવતુલના થાય છે; અને અનેક લોકના મેળાવડાથી તથા અનેક વસ્તુનાં હાટ ભરાવાથી પણ લાભ થાય છે.

† જે દાન જેવે ભાવે અપાય, તેવે ભાવે બીજે જન્મે મળે; ભાવથી આપનાર લેનાર બંને સ્વર્ગે જાય છે; માગવા આવનારને કંઈ પણ આપવું, કેમકે એમ નિત્ય આપતાં કોઈ સમયે પાત્ર પુરુષ પણ આવી જાય કે જે દાતારને સર્વ દુઃખથી તારે. અમુક દાનથી અમુક ફળ પ્રાપ્તિ, એ વિષે સત્પુરુષોનાં વચન છે.



બ્રાહ્મણો તારા કેવા પ્રમાણે 'બંનેથી' પૂજાય છે પણ યુગયુગના ધર્મ જૂદા હોય છે અને કલિયુગના બ્રાહ્મણ પણ ઉતરતા હોય છે, માટે તેઓની પાસે પૂર્વજોનું સામર્થ્ય ઇચ્છવું એ મિથ્યા છે; અમણા પણ શુભાશુભ કર્મ કરાવનારા ને આચારને સ્થાપિત રખાવનારા બ્રાહ્મણ જ છે.

પ્ર.–અમુક પુરુષોને માટે આપ કહો છો તે ઠીક છે પણ હું તો મૂર્ખ બ્રાહ્મણના સમુદાયને માટે કહું છું.

ઉ.–એ વિષે અમણા આટલું જ જાણી રાખ કે, બ્રાહ્મણજ્ઞાતિ પૂર્વકાળથી જૂદી જ રહીને ઉંચી મનાતી આવી છે. વિદ્યાચારમાં તે બીજી બધી જ્ઞાતિથી હજી પણ ઉંચી જ છે. તોપણ, મૂર્ખ અપાત્ર બ્રાહ્મણને દાન કે ભોજન આપવું ને ઘણાને જમાડવા, એ તો જમાડનારનો અવિચાર તથા કીર્તિધર્મ છે; મૂર્ખ આળસુને ઉત્તેજન આપ્યાનાં પાપમાં તે પડે છે.*

પ્ર.–બીજાં સત્કર્મ વિષે બોલશો આજે?

ઉ.–આચારવિષે બીજા પત્રમાં બોલીશું, પણ આ પત્રમાં કહેવા જેવાં કર્મ આ છે કે વેદાર્થનાં વ્યાખ્યાન, ઉપનિષદ્‌વિષયનાં ભાષણ, સ્મૃતિઓના વિષયની ચર્ચા, પુરાણકથા, હરિકીર્તન ને સંતસાધુનો સમાગમ એનો લાભ લેવો કે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તનો સુબોધ હૃદયમાં ઠસે.

પ્ર.–ભક્તિ એટલે ભાવે–સ્નેહે દેવને અર્પણ કરવું તે; પણ વૈરાગ્ય તે?

ઉ.–સંસારવિષયનું સેવન એ પાપ છે, મુવા પછી દુઃખ ભોગવવું જ છે ને જીવતાં પણ તે દુઃખદ છે એમ સમજી તે ઉપરથી પ્રેમ–રાગ ખસેડી લેવો તે વૈરાગ્ય. (ઈશ્વરપ્રતિ વૃત્તિ કરવાને.) આ સુભાષિતનું સ્મરણ રાખજેઃ–

गेयं गीतानामसहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रं ।
नेयं सज्जनसंगतिच्चित्तं देयं दीनजनाय च वित्तं ॥ १ ॥
सुरतटिनीतरुमूलनिवासः शैय्याभूतलमजिनं वासः ।
सर्वपरिग्रहभोगत्यागः कस्य सुखं न करोति विरागः ॥ २ ॥

પ્રશ્ન–વેદોક્તધર્મમાં આચાર કોને કહે છે?

* મનુસ્મૃતિ–"ધનવાન્ ગૃહસ્થે પણ ઘણાને જમાડવા નહિ, તેમ કર્યાથી બ્રાહ્મણનો સત્કાર, દેશકાળની યોગ્યતા, પવિત્રતાને પાત્ર બ્રાહ્મણ મળવાની આવશ્યકતા એનો નાશ થાય છે." દશ લાખ મૂર્ખને જમાડવા, તેના કરતાં એક જ્ઞાનીને જમાડવાનું અધિક પુણ્ય છે.

ઉત્તર–વેદની મર્યાદામાં રહી સત્પુરુષ જે પદ્ધતિએ પરંપરાથી ધર્મ કર્મ પાળતા આવેલા તે. *

પ્ર.–મુખ્યત્વે કીયા ધર્મકર્મ વિષયમાં આચાર પાળવાનો?

ઉ.–સંસ્કાર, વેદાધ્યયન, દેવકર્મ, પિતૃકર્મ, શૌચાશૌચ, ભક્ષ્યાભક્ષ્ય ને પ્રાયશ્ચિત્ત એમાં.

પ્ર.–એ કર્મ સૌ લોકોને માટે હતાં?

ઉ.–દ્વિજ માત્રને માટે એટલે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય એ ત્રણે વર્ણને માટે હતાં, શૂદ્રને માટે કેટલાંક નહોતાં.

પ્ર.–ઉપર કહ્યા તે વિષયમાં વર્તમાનમાં બ્રાહ્મણ વિના બીજા તો કોઈ આચાર નથી પાળતા ખરું?

ઉ.–વેદોક્ત ધર્મ માનનારાં સૌ જ આચાર પાળે છે;†–હમણા આચાર સતેજ નથી, પણ વળી હઠ બળવિનાનો પણ નથી.

પ્ર.–તે કાળની ને આ કાળની જ્ઞાતિમાં મોટો અંતર શો?

ઉ.–પૂર્વે મુખ્ય ત્રણ વર્ણ હતી; થણીક શંકર જ્ઞાતિ હતી ને શૂદ્રની ચોથી વર્ણ કહેવાતી. હમણા સેંકડો જ્ઞાતિ છે ને એમાંની થણીક પોત-

* પરંપરાથી ચાલતી આવેલી રીતિ તે આચાર, (રૂઢિ)–દેશાચાર, જ્ઞાત્યાચાર, કુલાચાર. વ્યવહારમાં રીતિ તથા તે પ્રમાણે થતી ક્રિયા એમને આચાર કહેવામાં આવે છે ને એમ જ અમે અહીં વાપર્યો છે.

† વેદોક્ત કે તેને અનુસરતો ધર્મ માનનારા લોક પંદરેક કરોડ હશે. બ્રાહ્મણ તથા જનોઇવાળી બીજી જ્ઞાતિ મુખ્ય સંસ્કાર હજી કરે છે જ; વેદનું અધ્યયન કરનારા બ્રાહ્મણ હજી છે જ; જનોઇવાળી ઘણીખરી જ્ઞાતિ દેવપિતરનું અર્ચન વેદોક્ત મંત્રે કરે છે; અને બ્રાહ્મણ તો ભક્ષ્યાભક્ષ્ય, શૌચાશૌચ પ્રાયશ્ચિત્તનો વિચાર અવશ્ય પાળે છે જ.

જનોઈ વિનાની સઘળી જ્ઞાતિ કેટલાક સંસ્કાર રીતે જે રાખવાના તે પણ કરે છે; વેદાધ્યયન નથી કરતી પણ પુરાણોક્ત ભક્તિ વૈરાગ્યની તથા વેદાંત જ્ઞાનની કથા સાંભળે છે; ખાવાપીવા સંબંધી, સૂતક પ્રાયશ્ચિત્ત સંબંધી થોડા ઘણા નિયમ રાખે છે; અને દેવપિતરનાં કર્મો તો કરે છે જ.

બ્રાહ્મણમાંથી થતા સંન્યાસી ત્યાગી જોગી (શૈવ), વેરાગી (વૈષ્ણવ) તે પણ કેટલોક આચાર પાળે છે. વૈષ્ણવ બ્રાહ્મણ કે વૈષ્ણવ ક્ષત્રી, વૈશ્ય, આચારને માટે બહુ જ આગ્રહ રાખે છે.

આર્યસમાજ તથા પ્રાર્થનાસમાજવાળા અણગમતો આચાર પણ પાળે છે. (પણ નવી બ્રહ્મસમાજે પોતાના જનોઇવાળા પાસે જનોઈ કઢાવ્યાં છે અને લગ્નને માટે સરકારમાં નવો ધારો કરાવ્યો છે.)



પોતાની સ્વતંત્ર વ્યવસ્થા રાખે છે; તોપણ બ્રાહ્મણ માત્રની એક, અને એઓને પૂજ્ય માનનારા બીજા લોક સમસ્તની એક એમ બે મુખ્ય જ્ઞાતિ ગણાય. હમણાની જ્ઞાતિઓમાં (બ્રાહ્મણની તેમાં પણ) એક બીજા સાથે ખાવાપીવાનો ને બેટી લેવાદેવાનો વ્યવહાર રાખવામાં કઠિણ પ્રતિબંધ છે કે જેવો પૂર્વે નહોતો.

પ્ર.–હમણાના પ્રતિબંધ સકારણ થયેલા શું? એથી હાનિ નથી?

ઉ.–કારણ ધર્મરક્ષણ હતું; પણ ધર્મશિક્ષક નિર્બળ હોવાથી લોકે આચારના દુરાગ્રહમાં ને સંસારી મોટાઈ તથા દ્વેષ મમતમાં તે વધારી દીધા. કઠિણ પ્રતિબંધે લોકનું કલ્યાણ નથી જ.

પ્ર.–વંશપરંપરા જ્ઞાતિભેદ રાખવાની આવશ્યકતા ખરી કે?

ઉ.–હા, મુખ્ય જ્ઞાતિઓ પરંપરા જૂદી રહેવી જોઇએ;* પણ વળી સમયે સમયે નવી વ્યવસ્થા થવી ગુણકર્મપ્રમાણે–પ્રત્યેક જ્ઞાતિમાંથી કેટલાક ખસે ને તેમાં કેટલાક નવા આવે. વર્તમાન સમય કઠિણ પ્રતિબંધ તોડવાનો છે, માટે હમણા વ્યવસ્થાનો વિચાર કરવાનો નથી.

પ્ર.–વારુ, આશ્રમ તે?

ઉ.–પૂર્વે જનોઇના સંસ્કારથી તે મરણ લગીમાં અમુક કાળે અમુક જે સ્થિતિ રાખવાનો નિયમ હતો તે–બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને સંન્યાસ,

* જ્ઞાનનો સૂક્ષ્મ વિષય એવો ધર્મ તથા તેના ઘણાક સ્થૂલ ભેદ ને એમાં પવિત્રતાની આવશ્યકતા; લોકની પ્રકૃતબુદ્ધિ પણ ધર્મભણી, દેશ મોટો તથા તેમાં ઘણાક પ્રદેશ; અને લોક ઘણા તથા બહુ બહુ પ્રકારની સ્થિતિ બુદ્ધિના;–એ કારણોથી વેદોક્તધર્મનાં નિત્ય રક્ષણને અર્થે તથા તેની સારી વ્યવસ્થાને અર્થે પરંપરાની જ્ઞાતિ અવશ્ય છે. બ્રાહ્મણ જ્ઞાતિ જૂદી રહી છે તો જ હજી આર્યપણું રહ્યું છે. ભેદ કેવા પ્રકારનો તથા કેવા પ્રતિબંધનો તો તે અવ્યવસ્થિત સમય વીત્યા પછી લોકનું ધર્માચરણ જેવું દેખાય તેને અનુસરતો;–હમણાના અવ્યવસ્થિત કાળને અંતે બ્રાહ્મણ ક્ષત્રી–વૈશ્ય બુદ્ધિના જેટલા તથા જેવા જણાશે, તે પ્રમાણે વર્ણવ્યવસ્થા થશે. જ્ઞાતિભેદ વિષે હજી વધારે બોલાશે.

વિષ્ણુ બ્રહ્મચારી કહે છે કે, જે વર્ણમાં જે છોકરો જન્મ્યો હોય ને તે વર્ણનો ગુણ તેનામાં ન હોતાં તે વર્ણનું કામ કરે તો તે નરસું કરે તથા લોકને અપકાર કરે માટે વર્ણવ્યવસ્થા જોઇએ; માટે છોકરાઓની પરીક્ષા લેઈ બ્રાહ્મણ કે ક્ષત્રી કે વૈશ્ય શૂદ્રના ગુણકર્મનો અંકુર હોય ને તે પ્રમાણે તે તે વર્ણમાં મૂકી તે તે વર્ણના કામનો અભ્યાસ કરાવવો–વર્ત્તમાનમાં પણ એમ જ કરવું.

સ્વામી દયાનંદ નિઃસ્પૃહ રહી એ વિષે એટલું જ કહે છે કે, ત્રણ વર્ણ કહી છે તેમ મનુષ્યની એક જ જ્ઞાતિ છે ને વળી આર્ય ને દસ્યુ–શૂદ્ર કે વિદ્વાન્ ને મૂર્ખ એવી બે જ્ઞાતિ પણ કહી છે વેદમાં.

એ ચાર આશ્રમ હતા. હમણા વાનપ્રસ્થ કોઈ પાળતું નથી ને સંન્યાસ કોઈ કોઈ બ્રાહ્મણ લે છે.

પ્ર.–સારે એ જ આશ્રમ છે કે હમણા?

ઉ.–બ્રહ્મચર્યાશ્રમ પણ નહિ જેવો; ગૃહસ્થાશ્રમ માત્ર છે.

પ્ર.–એ વિષે થોડુંક કહેશો?

ઉ.–પૂર્વે બ્રાહ્મણ ક્ષત્રી કે વૈશ્યપુત્ર ધનાઢ્ય કે નિર્ધન, કોઇપણ ઓછામાં ઓછાં બાર વર્ષ વિદ્યાભ્યાસ કરતો ને પછી તે સંસાર માંડતો. હમણાં વિદ્યાભ્યાસ કરાવ્યા વિના જ છોકરાને પરણાવી દેવામાં આવે છે. પૂર્વનો ગૃહસ્થાશ્રમ વિદ્યા સંપન્નજનનો ધર્મ કર્મ પ્રધાન એવો તથા સાંસારિક ઉદ્યમે સબળ જ હતો; હમણાનો ઉદરપોષણ કર્મપ્રધાન એવો તથા સગાજ્ઞાતિલાનો વ્યવહાર ચિંતાએ જાળવવા વિષે નિર્ધન સ્થિતિએ ભુંડો દયામણો છે.

પ્ર.–હવે સંસ્કારાદિક કર્મ વિષે થોડું થોડું સમજાવશો?

ઉ.–સંસ્કાર–શુદ્ધ વેદોક્ત કે તેને અનુસરતો ધર્મ પાળનારો છે મનુષ્ય, એમ ઓળખવાને કે તે ધર્મ પાળવાની પાત્રતા આણવાને જે કર્મ તે.*

વેદાધ્યયન–જનોઇના સંસ્કાર વિના વેદાધ્યયન કોઇએ ન કરવું કે ગાયત્રીમંત્ર ન જપવો, એ શિક્ષાએ હમણા પણ વર્તવું. વળી આ સમય વેદાધ્યયનને માટે નથી જ, લોકપાત્ર નથી જ ને તે ઇચ્છતા પણ નથી. †

દેવકર્મ–સ્નાને શુદ્ધ થઈ સ્થિર વૃત્તિએ જપ પૂજન સ્તુતિ એ કર્મ કરવાં દેવપ્રીત્યર્થ, જે બ્રાહ્મણોએ પોતાનાં નિત્ય કર્મ ઉપરથી શ્રદ્ધા ઉઠાડી તેઓએ તે પાછાં કરતાં થવું.‡

---

* સંસ્કાર રહિત તે અપવિત્ર; 'સંસ્કારે બીજ તથા ગર્ભને લગતાં પાપ ધોવાઈ જાય છે.' વિષ્ણુબ્રહ્મચારી તથા સ્વામી દયાનંદ સંસ્કાર કરાવી લેવાનું કહે છે.

† સ્વામી દયાનંદ કહે છે કે સૌ લોકે વેદાધ્યયન કરવું ને આ સમયમાં પણ.

‡ બ્રાહ્મણ જ્ઞાતિના પુરુષ પોતાપણું નહિ જાણે ત્યાં સુધી તેઓની પોતાની ને લોકની દુર્દશા રહેવાની. મનુસ્મૃતિમાં વચનો છે કે 'બ્રાહ્મણ ધર્મનું મૂળ છે;' 'ક્ષત્રી બાહુથી, વૈશ્ય શૂદ્ર પોતાના ધનથી પણ બ્રાહ્મણ તો કેવળ જપ હોમથી પોતાની પીડા દૂર કરે છે;' 'બ્રાહ્મણનું વડીલપણું જ્ઞાનથી છે;' 'કોઈ બ્રાહ્મણ જ્ઞાનનિષ્ઠ, કોઈ તપમાં મચેલો, કોઈ વેદપાઠી ને કોઈ કર્મકાડમાં કુશળ હોય.' વેદમાં વચન છે કે 'બ્રાહ્મણ,' "સહસ્રશીર્ષા" પુરુષનું મુખ છે."–સત્વગુણયુક્ત તે છે. ગીતામાં કહ્યું છે કે 'શમ (શાંતિ), દમ (ઇન્દ્રિયદમન),' તપ (સ્વધર્મનું અનુષ્ઠાન), શૌચ (પવિત્રતા), શાંતિ (ક્ષમા), આર્જવ (દંભ નહિ પણ સરળપણું), જ્ઞાન (વિદ્યા), વિજ્ઞાન (નિરાકાર તત્વનું અનુભવજ્ઞાન) અને આસ્તિક્ય (વેદધર્મ ઉપર વિશ્વાસ), એ છ ગુણકર્મનો અંશ (થોડો કે ઘણો) બ્રાહ્મણમાં સ્વાભાવિક હોય છે. બ્રાહ્મણે 'ભૂદેવ' એ નામ સાર્થ કરવું.



પિતૃકર્મ–સંતતિનું કલ્યાણ ઇચ્છનાર પિતરરૂપ જીવાત્માપ્રતિ કૃતજ્ઞ વંશજનું જે કર્ત્તવ્ય તે–તર્પણ શ્રાદ્ધ.*

શૌચાશૌચ–(શુદ્ધિ ને અશુદ્ધિ) એ પ્રકરણમાં અહિં સૂચવવા જેવો વિષય સૂતકનો છે. મુવાનું સૂતક સંબંધીઓએ પાળવું, એટલે તેઓના જીવ, શોકગ્રસ્ત, મલીન, અપવિત્ર હોવાથી તેઓએ દેવ પિતરનાં પવિત્ર કર્મ કરવાં નહિ ને એ કર્મ કરનારાઓએ તેઓનો સ્પર્શ કરવો નહિ.†

ભક્ષ્યાભક્ષ્ય–આટલી વસ્તુ ખાવાપિવામાં લેવી ન લેવી એ વિષે નિયમો હતા;–મદ્ય તો વર્જ્ય જ હતો, ને અમુક માંસને માટે પ્રતિબંધ નહોતો. હમણાને માટે અમારું મત આ છે કે મદ્ય તો વેદોક્ત ધર્મ માનનારા કોઇએ પણ વાપરવો નહિ અને માંસ માત્ર ક્ષાત્ર કર્મ કરનારા વાપરે. ‡

પ્રાયશ્ચિત્ત–"દુષ્ટ બુદ્ધિનાં આચરણ પાપ ભરયાં હોય છે, માટે શુદ્ધ થવાને પ્રાયશ્ચિત્ત લેવું; એમ ન કરેથી બીજે જન્મ શરીર ઉપર નઠારાં ચિહ્ન જણાશે." "પૂર્વ જન્મમાં તથા આ જન્મમાં કરેલાં પાપને લીધે શરીર ઉપર કોહોડ કે બીજા રોગ કે ખોડ કોઈ હોય, તે મટાડવાને પ્રાયશ્ચિત્ત કરવું." "સત્ય તથા શ્રદ્ધાપૂર્વક પ્રાયશ્ચિત્ત ક્રિયા કરવી." §

---

* પિતરરૂપ આત્મા તે દેવતારૂપ આત્મા કરતાં પણ અધિક પવિત્ર છે માટે પિતૃકર્મમાં ઘણી જ પવિત્રાઈ જોઇયે. તર્પણ એટલે જળદાને પ્રસન્ન કરવાને, શ્રાદ્ધ એટલે શ્રદ્ધાયે પૂજન કરી તેઓનો આશીર્વાદ 'આયુ, પ્રજા, ધન, વિદ્યા, યશ, સ્વર્ગ, મોક્ષ, સુખ થજો' એ મેળવવો.

† રજસ્વલા, સૂતિકા, શબ એ અપવિત્ર ગણાય છે ને તેનો સ્પર્શ કરનાર અપવિત્ર થાય. મરનારનાં પાસેનાં સંબંધી અપવિત્ર થાય ને વળી તેનાં મૂળ પુરુષની વંશશાખાના પુરુષ પણ અપવિત્ર થાય. સૂતકમાં જીવનાં સ્વરૂપ તથા તેનાં સગપણ સંબંધ એ વિષયનો સૂક્ષ્મ વિચાર પવિત્રતાને લગતો છે. સૂતકી જીવે પોતાનું મન સ્નેહ–સંસારમાંથી ખસેડવું–સર્વ નાશવંત છે એમ વિચારી, ઈશ્વર સ્મરણ કરવું. મુછ મુંડાવવી તે એમાં માની લીધેલી શોભાનો ગર્વ મૂક્યો, એમ સર્વને જણાવવું–નમ્ર થવું એ પણ ખરું.

‡ મદ્યમાંસથી બળ વધે છે એવી સમજ લોકમાં ફેલાઈ ને માંસ તેટલું નહિ પણ મદ્યપાન ઉંચી જાતિઓમાં બહુ વધી ગયું. હવે વળી તે સમજ ખોટી હતી એમ વિચાર ચાલે છે. યજ્ઞકાર્યમાં પશુવધ, દેવીને મદ્યમાંસનું નૈવેદ્ય, બ્રાહ્મણ પણ પ્રસંગે મદ્યમાંસ ખાય, ઔષધમાં મદ્ય લેવો, ઇત્યાદિ વિષે ચર્ચા બીજા કોઈ પ્રસંગે.

§ "બ્રહ્મજ્ઞાન, તપ, ધર્મકાર્ય, કાળ, મન, સૂર્ય, વાયુ, જળ, માટી, ગાયનું છાણ એટલાં વાનાં દેહધારીને પવિત્ર કરે છે." 'અજાણતાં થયલાં પાપને માટે થોડું ને ઇચ્છાથી થયલાને માટે વધારે પ્રાયશ્ચિત્ત છે.' 'નરસાં કર્મનો પ્રશ્ચાત્તાપ થાય ને પ્રાયશ્ચિત્ત લે તો જ પાપથી છૂટાય.' 'વિદ્વાન્ અપરાધને ક્ષમા કરવાથી, અયોગ્ય

પ્ર.–હવે નિત્ય પાળવાના સદ્‌ગુણ કહી જશો?

ઉ.–કોઇનું કંઈ હરણ કરવું નહિ–ચોરી છિનાળી રંડીબાજી કરવી નહિ, કોઇના જીવની હિંસા કરવી નહિ, માદક પદાર્થ ખાવા નહિ, અસત્ય બોલવું નહિ, જૂઠા સમ ખાવા નહિ, વ્યવહારમાં અપ્રામાણિક થવું નહિ, કોઇનું મર્મ ઉઘાડું પાડવું નહિ, સત્ય પાળવું, ધૈર્યવાન્ થવું, કાયા કષ્ટ હોવાનો અભ્યાસ પાડવો, જીવ માત્ર ઉપર દયા રાખવી, પરોપકાર કરવો, અતિથિને સંતોષવું, ગુરુ–વડીલની મર્યાદા પાળવી.

પ્ર.–છેલ્લું કહો, વેદોક્ત ધર્મનું મૂળ શું?

ઉ.–બ્રાહ્મણની આજ્ઞા ને એનું મૂળ તપશ્ચર્યા ને એનું મૂળ આચાર છે.*

आचारात्प्राप्यते श्रैष्ठ्यमाचारात्कर्म लभ्यते ।
कर्मणो जायते ज्ञानमिति वाक्यं मनोः स्मृतं ॥

જિજ્ઞાસુ–આપે જે જે કહ્યું, તેથી થોડાક સંશય મટયા ને આપણા ધર્મ વિષે કેટલીક મને નવી જેવી જ જાણ થઈ; પણ હજી ઘણા સંશય છે, તેમાંના કોઈ કોઈ આગળ કરું આજે?

સુજ્ઞ–ના, તે પછી; જીવ વિષે થોડુંક સાંભળી લે. દેહનાં અમુક તત્વનાં સંયોગીકરણથી ઉત્પન્ન થયલો એવો જીવ નથી; તેમ દેહના નાશની સાથે જીવનો નાશ નથી; પણ દેહનાં મૂળ તત્વમાં–જગતની બીજશક્તિના પ્રસ્તારમાં પ્રતિબિંબરૂપ જે ચિદંશ છે પરમાત્માના, તે જીવ છે; વસ્તુતઃ જીવ દેહથી જૂદો જ છે.† જીવ દેહના સંબંધમાં હોય, દેહવિના કર્મ કરી શકે નહિ, કર્મ પ્રમાણે નવા નવા દેહ ધારણ કરે એમ તેને સર્જિત છે; વળી સ્વરૂપનું જ્ઞાન પામવે, ઇચ્છિત દેહ ધારણ કરવે, દેહરહિત હોવે સમર્થ પણ તે થઈ શકે ખરો. જીવ સત્કર્મે દેવ પિતરાદિ તથા મનુષ્ય દેહ પામે છે અને અસત્કર્મે પશુ કીટ વનસ્પતિ ને સ્થાવર એવી દેહ લે છે; વળી અનેક જન્માંતરે શુદ્ધ તથા જ્ઞાની થઈ પરમ કલ્યાણપદને પામે છે.

જિ.–જીવ સંબંધી કથા અદ્‌ભુત છે!

સુ.–વૈદિક અને બૌદ્ધ તથા જૈન એ ત્રણે ધર્મની એકસરખી વાણી છે કે જીવ કર્મ પ્રમાણે જન્માંતર કરે છે ને તત્વજ્ઞાને કર્મરહિત થઈ પરમ સુખપદે ઠરે છે.

જિ.–જીવે અંતે નિત્ય કલ્યાણપદે ઠરવું, એ જ મોક્ષ કે?

સુ.–હા; સર્વ દ્વૈતભ્રાંતિથી ને કર્મબંધનથી ને જન્મમરણાદિકના દુઃખથી છુટવું તે મુક્તિ ને તેવી જે સ્થિતિ તે મોક્ષ.

જિ.–ત્રણે જ્ઞાનધર્મનું દર્શિત મોક્ષદર્શન એક કયાથી? વેદોક્ત ધર્મનું કીયું છે?

સુ.–ત્રણેનું જૂદું જૂદું છે ને પ્રત્યેકનું તે પણ કાળકાળના આચાર્યની દૃષ્ટિએ કંઈ કંઈ જૂદું જૂદું ચિતરયું હોય છે. વેદોક્ત ધર્મમાં ચાર પ્રકારની મુક્તિ છે. ઉત્તરોત્તર–સલોકતા, સમીપતા, સરૂપતા, ને સાયુજ્ય. જીવે સદાશિવ–બ્રહ્મ જ થઈ રહેવું, એ જ સર્વોત્તમ મોક્ષ છે.*

---

કામ કરનાર દાનથી, જેનાં પાપ છાનાં રહેલાં તે જપથી ને વેદ ભણનારા તપશ્ચર્યાથી પવિત્ર થાય છે.' બ્રાહ્મણ પોતાનો અપરાધ પ્રસિદ્ધ સભામાં પ્રકટ કરે તો તે દોષથી મુકાય.' ગોહત્યા, બ્રહ્મહત્યા, ગુરુતલ્પગનું પાપ, મદિરાપાન એ મહા પ્રાયશ્ચિત્તનાં કર્મ છે.

બ્રહ્મઘાતી તે ક્ષય રોગી, ચાડિયાને નાકમાં ફોલ્લા, સુરાપાનીના દાંત કાળા, વ્યભિચારીને ઇંદ્રિયરોગ એ પ્રમાણે બીજાં નરસાં કર્મને લીધે આંધળાં, લુલાં બહેરાં મૂગાં થાય છે.

* 'તપોબળે બ્રહ્માએ વેદધર્મ રચ્યો ને તપોબળે ઋષિઓએ વેદનું જ્ઞાન મેળવ્યું; દેવ ને મનુષ્યનાં સર્વ સુખનું મૂળ તપમાં રહ્યું છે;' 'નાના પ્રકારની સમૃદ્ધિ તપોબળે જ મળે છે.' 'દુસ્તર દુર્લભ તે તપથી સાધ્ય થાય છે;' 'તપ એ કર્મ કર્યાં સમાન છે, તે બ્રાહ્મણને જ્ઞાન, ક્ષત્રીને રક્ષણ, વૈશ્યને ધંધો ને શૂદ્ર સેવા છે.'

† "હૃદયકમળમાં એક અતિસૂક્ષ્મ કમળ છે તેમાં અંગુષ્ઠ જેટલો જીવ રહે છે." દેહથી જૂદો પડે છે ત્યારે મૂર્છિત થાય છે પણ પછી તેને કીધેલાં કર્મ પોતાની મેળે સાંભરી આવે છે.–નવી ભોગસૃષ્ટિ ઉત્પન્ન થાય છે, જેમ બીજમાંથી વૃક્ષ તેમ, અને જીવ સૂક્ષ્મદેહે સુખદુઃખ ભોગવે છે જેમ સ્વપ્નમાં તેમ. પછી તે પાછો વિસ્મૃતિમાં પડે છે ને એ સમયમાં તેનાં પાપપુણ્ય નક્કી થાય છે ને પછી એને ભોગવવાનો નવો દેહ ધારણ કરે છે. કીએ પાપે કીએ પુણ્યે કીઓ દેહ–સત્વાદિ ગુણભેદે કીઓ, એ વિષે બીજે કોઈ સમયે કહેવાશે પણ આટલું નક્કી જાણી રાખ કે "વિષયને સેવતાં જીવ તેમાં વધારે કુશળ થઈ વધારે પાપ કરે છે ને તેથી તેનાં જન્માંતર પણ વધતાં જાય છે ને તે વધારે વધારે દુઃખી થાય છે."

* એક બ્રહ્મતત્વવિના બીજું કંઈ જ નથી વસ્તુતઃ અને જીવ તે શિવ, આત્મા તે પરમાત્માસ્વરૂપ થાય એ બે વિષય માત્ર વેદોક્ત ધર્મના જ છે ને એટલા જ માટે વેદોક્તધર્મ તે બીજા બધા ભક્તિધર્મથી ને બીજા જ્ઞાનધર્મથી જૂદો છે ને જૂદો હોઇને વળી સર્વનો સમાવેશ પોતાનામાં કરે છે. જૈનમોક્ષ આ કે પ્રત્યેક જીવ પોતપોતાની મૂળ પ્રકૃતિમાં આવી સિદ્ધરૂપે થઈ રહે. બૌદ્ધ નિર્વાણ આ કે પ્રત્યેક જીવ પોતાની મૂળ પ્રકૃતિના મહાકાશમાં અદર્શ થઈ જાય. વેદોક્તમોક્ષ આ કે મુક્ત જીવ સર્વે એક પરમાત્મારૂપ થઈ રહે.

ઓમ્ એ ત્રિગુણ માયાની તથા એના શુદ્ધ સત્વસ્વરૂપની જાણ કરી એને જેવો આશ્રય એવું જે બ્રહ્મ તેની સૂચના કરે છે; નિર્ગુણનું સગુણ થવા ઉપરનું સ્વરૂપ

જિ.–વેદોક્ત ધર્મના સ્વરૂપનો હવે મને ભાસ થયો, પણ અમણા ચાલેલા વિચારોના સંબંધમાં સંક્ષેપમાં ફરી પાછું વિવેચન કરશો ?

સુ.–પરમેશ્વર છે એ વિષે લોકને શંકા નોતી જ; શું એક નથી ? એવી વિસ્મયવાળી શંકા કેટલાકને થઈ હતી તે તેઓને હવે નથી.

(૧) એક છે એટલું જ જાણીને અટકી રહે તેવી આ દેશના લોકની બુદ્ધિ નથી ને એ હવે એક તે શું છે, કેવું છે એ જાણવાને ઉત્સુક છે. વળી સમય પણ અનુકૂળ છે ઉદ્યમો બંધ પડવાથી;–તો વિષ્ણુ કે શિવ અને સમાજોનો જગદીશ્વર એમાંથી કીયાને દેશમાં સમયનો મુખ્ય દેવ સ્થાપવો, એ વિષે લોકે વિચાર કરવો.*

(૨) એ વિચારની સાથે સાધનવિષયમાં વિચારવાનું છે કે ભક્તિ કે ક્રિયા ? ભક્તિ–સપ્રેમ ભક્તિ તે અવશ્યે ઇષ્ટની કૃપા ઉપર જ વિશ્વાસ રાખે છે ને ક્રિયા તે અવશ્ય પોતાના નિયમ બળ ઉપર રાખે છે ઇષ્ટની પ્રસાદીને અર્થે. †

(૩) પવિત્રતા ને સ્થિરતા કેટલી સાધ્ય છે (આ સમયમાં), તે વિષે વિચાર કરવાનો છે. ‡

(૪) કેટલીક સમાજ તે વેદને વિભુપ્રભુની વાણી માનતી નથી; વળી ધર્મક્રિયાનો અનાદર કરી માત્ર સંસારી નીતિ પાળવા વિષે કહે છે; અને મનુષ્યનો બંધુત્વભાવ આગળ પાડે છે;–એ વિષે, અને જીવ, પુનર્જન્મ મોક્ષ એના સંશયવિષે લોકે બહુ પૃચ્છા કરી મનનું સમાધાન કરવાનું છે. §

છે–ને તેથી જ તે સર્વે દેવતાના નામની સાથે જોડાય છે; બ્રહ્મનું ઓળખ નામ છે; સર્વે મંત્રબીજનું આદિબીજ છે; એ જ્યોતિઃસ્વરૂપ સર્વે પાપને બાળનાર છે; પરમ પવિત્ર છે.

* વિષ્ણુ, શિવ, એ સર્વવ્યાપી એક નિર્ગુણ બ્રહ્મનાં સગુણસ્વરૂપ છે; તેમ વળી એકેક તે પૂર્ણ આદિદેવ સ્વરૂપ પણ મનાય છે; વળી જગત્કર્તા પિતા, સર્વ શક્તિમાન્, મુક્તિ આપનાર એમ પણ સમાજોનો દેવ તે સ્વતંત્ર સગુણ છે એટલે સાકાર જ. અનેક દેવની ગોંધળ છે એમ કહેનારાએ ચૈતન્યશાસ્ત્રનાં સત્ય જે વેદોક્ત–બૌદ્ધ–જૈન ધર્મી પંડિતોએ અનુભવેલાં છે તે જાણી લેવાં; ગોંધળ તો વ્યવસ્થા ન સમજે તેને છે. સમજ ન પડે તેથી સત્યને અસત્ય કહેવું ને અસત્યને સત્ય કહેવું ?

† સમાજોએ ભક્તિને વધારી છે તે ધર્મક્રિયાને કઢાવવાને; અને સંશય, નાસ્તિક્ય, મોહ એના કાળમાં; એટલે નામની ભક્તિ.

‡ ધર્મકર્મ નિરર્થક છે ને તેમાં કાળ ગાળવાથી સંસારી કામ થાય નહિ એ ખોટી સમજથી લોકની વૃત્તિ ચંચળ થઈ બહેકી ગઈ છે.

§ પરમાત્મા બ્રહ્મ, અંતર્યામિ સર્વાત્મા જીવ એ વિષે, પરાવાણી એ શું છે એ વિષે, સહજ પ્રેરણા એ શું છે, યોગનું ઐશ્વર્ય શું છે, એ વિષે યથાસ્થિત જાણી લેઈ



(૫) લોકની બુદ્ધિ જો મૂળનો વેદોક્તધર્મ સમજવાને પાત્ર નથી તો તેઓને માટે તે જ ધર્મનો રૂપાંતર પ્રકાર રાખવો કે અમણા લોકને ગમે તેવો નવો ધર્મ યોજી તેને મૂળનો વેદધર્મ છે, એમ ઠોકી બેસાડવું ? એ વિષે પણ બુદ્ધિમંતોએ વિચાર કરવા.

જિ.–એ પાંચ પ્રકરણમાં આપે શો વિચાર કીધો છે ને શું મત રાખ્યું છે ?

સુ.–સર્વે વિચાર વ્યાખ્યાનમાં જણાવાય તે પછી મત કહેવાય તો સારું; પણ તું ઇચ્છે છે તો મારું મત સાંભળી લે. (૧) લોકે શિવસ્વરૂપને પૂજવું.* (૨) ઈશ્વર પ્રીત્યર્થે સ્વધર્મકર્મ કરવાં ભક્તિપૂર્વક. (૩) પવિત્રતા તથા સ્થિરતાનો અનાદર ન કરવો. (૪) વેદ એ પરમેશ્વરની વાણી છે ને તે સૌએ પૂજ્ય માન્ય રાખવી જ; જીવ જન્માંતર કરે છે ને તેણે પોતાની મુક્તિને અર્થે શાસ્ત્રોક્ત શિક્ષાને અનુસરતું આચરણ રાખવું. (૫) વર્તમાન જે ધર્મપ્રકાર ને સત્યયુગનો ધર્મપ્રકાર, એ બેમાં મોટો અંતર છે તો પણ વેદધર્મનું સત્ય તથા તેનાં તત્વ તે પૂર્વે હતાં તે જ હમણાં છે.

જિ.–ધર્મક્રિયાની ખટપટથી સંસારી કામમાં ખલેલ પહોંચે ને એથી સંસારસુખની હાનિ થાય ?

સુ.–નિયમિત કાળે ધર્મકર્મ ને નિયમિત કાળે વ્યવહારકર્મ રાખવાથી કોઈ રીતની હાનિ નથી પણ લાભ જ છે. †

જિ.–વિવેચન સંક્ષેપમાં પણ બહુ કીધું આપે; થોડીક વાત સમજમાં ઉતરી, પણ ઘણીક તો મેં મોહમૂઢ થઈ સાંભળ્યાં જ કીધી છે.

પછી વેદવાણિ વિષે શંકા કરવી. 'आत्मवत्सर्वभूतेषु, 'समो नागे मशके' એ ભાવના મહત્વ જેટલું બંધુત્વનું નથી જ, વેદોક્તનીતિ પ્રાણીમાત્રપ્રતિ ઔદાર્યે તથા દયાથી છે ને બંધુત્વની તે માત્ર કહેવાની છે. પુનર્જન્મને માનતા નથી તે પાપી જીવનો એક સપાટે આદિદેવસાથે ભક્તિયોગ કરાવી દે છે; અને જન્માંતર માનનારી સમાજ દેવ-પિતર યોનિની ના કહે છે.

* વિષ્ણુની શક્તિ સંપદા લક્ષ્મી તે તો અનીતિમંત લોક ઉપર રુઠી છે; વિષ્ણુના સેવક તે આચાર ક્રિયાની જાળથી કંટાળ્યા છે; પણ વિદ્યાશક્તિ હવે આગળ પડી છે, શિવની ભક્તિમાં ઠાઠમાઠ નથી; વૈરાગ્યબુદ્ધિએ શિવની ભક્તિએ લોક નીતિમંત થશે ને આર્યસરસ્વતી તથા આર્યલક્ષ્મી તે ફરી દર્શન દેશે.

† ધર્મકર્મ એ સંસારી કર્મને બાધ કરતાં નથી. સંસારી ઉદ્યોગથી જ સંસારી કામની સિદ્ધિ એમ નથી–સિદ્ધિ થવી એ તો પૂર્વજન્મના કર્મથી બંધાયલે પ્રારબ્ધે છે ને ઉદ્યોગ એ અવશ્ય સાધક નિમિત્ત છે; ધર્મકર્મ એ સદુદ્યોગ છે ને સંસારી કર્મ એ સત્ અસત્નો છે. ( એ વિષે વિસ્તારપૂર્વક યથાસ્થિત વિચાર બીજે પ્રસંગે ).

સુ.–હા બહુ ગર્ભિત છે વિવેચન; સમજાશે ધીમે ધીમે.

જિ.–વર્તમાનમાં લોકની ધર્મબુદ્ધિ નથી તેનું કારણ શું? તે પાછી આવશે કે નહિ? ને શી રીતે આવશે?

સુ.–ધર્મબુદ્ધિ કોઈ કાળે અધિક હોવી ને કોઈ કાળે ન્યૂન હોવી, એવો મહાનિયમ જ છે. તે પાછી આવશે ને સમય આવશે:–જ્યારે કેટલોક જણ દુઃખી થશે, એવા કે દુઃખથી છૂટવાને અનેક મથન કરતાં પણ ફાવશે નહિ ત્યારે તે પરોક્ષ સામર્થ્યની કૃપાને અર્થે પોતાના જીવની વૃત્તિ કરશે ત્યારે. જ્યારે કેટલાક પૂર્વજન્મના સંસ્કારે મોહગર્ભિત કે જ્ઞાનગર્ભિત વૈરાગ્યે સ્વધર્મને જાણશે ત્યારે અને ત્યારે કોઈ મહાપુરુષ ઉત્પન્ન થઈ ધર્મની વ્યવસ્થા કરશે ને સર્વ લોક સુખી થશે.

જિ.–લોકોની ધર્મબુદ્ધિ કરવાને ઉપાય નથી?

સુ.–ઉપાય ચાલે જ છે; ને વળી સમયે લોકની વૃત્તિ ફેરવવા માંડી છે; પણ લોકનું મનબળ છેક જ ઘટી ગયું છે.–જો અભિમાન મુકતા ને આસ્થા રાખતા, મર્યાદા પાળતા ને યથેચ્છ ઉદ્યમ કરતા, ધીરજ ધરતા ને દેહકષ્ટ કરતા, અસત્યને ટાળતા ને સત્ય સ્થાપતા થાય–સ્નેહમાં ધર્મ, અર્થમાં ધર્મ ને ધર્મમાં ધર્મ જોતા થાય તો ધર્મ પ્રકાશે ને એ પ્રકાશ્યો કે થયું કલ્યાણ, એ તું નક્કી જાણ.

જિ.–વિનંતિપૂર્વક ઇચ્છા કરું છું કે, વેદોક્ત ધર્મના નિત્ય સ્વરૂપનું દર્શન છેલ્લું એકવાર કરાવો.

સુ.–જો કોઈ વનચર કહે કે અમારો સગો મરી ગયા પછી બળવાન્ દેવ થયો છે તથા જીવતાના અંગમાં આવે છે અને વેવારમાં સૂરજ ચાંદાની શાખ પાળે છે તો તે વેદોક્ત ધર્મની આણમાં છે; પણ જે નગરવાસી શરીરમાં જીવ ઉપજે છે તથા યંત્ર બગડેથી તે તેમાં સમાઈ જાય છે એમ કહે અને વ્યવારમાં કદાપિ ઉત્તમ સાધુપણું રાખે તોપણ તે કોઈ પણ જ્ઞાનધર્મની આણમાં નથી. જે જન્માંતરને તથા ઓંકારને માને છે પણ એકથી જે અનેક થયું છે તે અનેક ટળી પાછું એક જ થઈ રેવાનું છે એ જે નથી માનતો તે વેદોકત ધર્મની આણમાં નથી. જગકર્ત્તા કે વેદ કે આચાર એ વિષે જે કાંઈ જ જાણતો નથી, માત્ર કાષ્ઠપાષાણની સારાં ડોળવાળી કે ભયંકર ડોળની મૂર્ત્તિઓ અનેક પૂજે છે. પણ જો બ્રાહ્મણ તેનો ગોર છે તો તે વેદ ધર્મની આણમાં છે; પણ બ્રાહ્મણ જ્ઞાતમાં જન્મી વેદશાસ્ત્ર ભણ્યો છતે નાસ્તિક કે આચાર રહિત હોય તો તે વેદધર્મની આણમાં નથી.



એ દૃષ્ટાંતોથી જાણ કે મરણ પછી જીવને ગતિ છે ને જગદીશ્વર એક છે, એ જ્ઞાન (વેદ) ઉપર જેને વિશ્વાસ છે ને એ જ્ઞાને ઉત્પન્ન કરેલો આધાર (વેદોક્ત) જે પાળે છે, તે વેદધર્મ માનનારો છે.

ચાર્વાક તથા બીજા કેટલાક પંડિતોએ વેદ, ઋષિ અને આચાર એ ત્રણને નિંદ્યા ને બૌદ્ધ જૈન પ્રકાશી અસ્ત પામ્યા (આ દેશમાં); તો પણ આજે વેદોક્ત ધર્મ છે અને એ આપણા વૃદ્ધોએ પાળ્યો હતો તથા આપણે પાળીએ છીએ.

ભક્તિધર્મમાં સ્વતંત્રતા નથી, જ્ઞાનધર્મમાં બહુ છે; પણ વેદોક્ત ધર્મમાં વર્ણવ્યવસ્થા સાથે છે. કોઈ યજો, કોઈ જપો, કોઈ તપો, કોઈ ધ્યાઓ, કોઈ સ્તવો, કોઈ પૂજો, કોઈ કલ્પો, કોઈ વિચારો;–પણ આગળથી બુદ્ધિનું વલણ નક્કી કરીને; આગળથી જાણવું, શિષ્ટનું માનવું ને પછી કામ કરવું, એ આપણી પદ્ધતિ છે.

એક ને અનેક, નિત્ય ને અનિત્ય, સત્ય ને અસત્ય એ આપણું જ્ઞાન છે; શાન્તિ ને શુચિ, સંતોષ ને મર્યાદા, પ્રસન્નતા ને વ્યવસ્થા એ આપણો સ્વભાવ છે; આત્મા ને બુદ્ધિ, સુખ ને બાહુ, બ્રાહ્મણ ને ક્ષત્રી એ આપણું ઉચ્ચ સ્વરૂપ છે; પરમાર્થ ને ઔદાર્ય, યોગ ને ત્યાગ, ભાગ્ય ને પ્રયત્ન એ આપણું બળ છે; વેદ ને આચાર, તપ ને યજ્ઞ, અનુષ્ઠાન ને વ્રત, એ આપણું કર્મ છે; નિરભિમાન ને અભિમાન, સત્તા ને ઐશ્વર્ય, ધર્મ ને રાજ્ય, એ આપણો જયપ્રકાશ છે; અને આપણે બહુ લાંબા જન્માંતરમાર્ગમાં અનેક પ્રસ્થાન કરતાં કરતાં, સ્વધર્માનુષ્ઠાન કરતાં કરતાં ને "कोहं कोहं" એમ આત્મસ્વરૂપ વિચારતાં વિચારતાં 'तत्त्वमसि' 'अहं ब्रह्मास्मि' એ સ્થિતિએ પહોંચી, પ્રજ્ઞાનમાનંદ થઈ રહેવું છે–છેલ્લું ચિંતન કરી.

हरिः ओम् ३ शांतिः शांतिः शांतिः ॥ १

---

પ્ર.–સ્ત્રી પુરુષની સ્થિતિ યોગ્યતા સમાન કે વધતી ઓછી?

ઉ.–મનુષ્યરૂપે સમાન પણ સ્ત્રીપુરુષ જાતિરૂપે તે બે જેમ ઘાટ રૂપમાં જૂદાં છે તેમ સ્વભાવ, બુદ્ધિ, બળ, કર્મ, યશ એમાં પણ જૂદાં છે, અને જેમ જ્ઞાન તે કર્મથી, બ્રાહ્મણબુદ્ધિ તે ક્ષાત્રવૈશ્યબુદ્ધિથી, સત્વગુણ તે રજોતમોગુણથી તેમ પુરુષ તે સ્ત્રીથી અધિક છે સ્થિતિ યોગ્યતામાં.

પ્ર.–આપણાં શાસ્ત્ર શું કહે છે? ને આપનું શું મત છે?

ઉ.–'આત્મશક્તિનું જમણું અંગ તે પુરુષ ને ડાબું તે સ્ત્રી,' 'પુરુ-

ધર્નું વામાંગ તે સ્ત્રી' 'શરીરના બંધારણમાં જેટલી કઠિણ વસ્તુ તે પુરુષનો ભાગ ને કોમળ તે સ્ત્રીનો,' એમ ધણીક રીતે કથી, 'સ્ત્રી તત્વજ્ઞાનને યોગ્ય નથી,' 'સ્ત્રી સ્વાતંત્ર્યને યોગ્ય નથી,' 'સ્ત્રીને ધર્મકર્મવિષયમાં પૂરો અધિકાર નથી' એ પ્રમાણે સ્ત્રીની યોગ્યતા ઓછી ભણી છે–સામાન્ય પક્ષે; પછી કોઈ સ્ત્રીઓ શ્રેષ્ઠ પુરુષને સમાન કે તેથી પણ અધિક શ્રેષ્ઠ હોય કોઈ સમયે. અમારું પણ એ મત છે. સ્ત્રીપુરુષની યોગ્યતા સમાન એ વિચાર માત્ર ખ્રિસ્તી લોકનો છે,* ને તે વર્તમાન અંગ્રેજી ભણેલા જનોમાં ઝાઝો ફેલાયો છે; પણ તે આપણાં જનમંડળને બહુ બહુ રીતે હાનિ કરનારો છે.

પ્ર.–એ વિષય શું વાદયુક્ત નથી?

ઉ.–અમે નથી કહેતા. વિચારશીલ આર્યપુરુષ તો નિ:શંક છે તે વિષે, અને સમાન યોગ્યતાનો દાવો કરનારી કોઈ પણ સ્ત્રી નિકળે તો તે આર્યસ્ત્રી નહિ, એ અમારું મત છે.

પ્ર.–ત્યારે સ્ત્રી કેટલી સ્વતંત્રતાને પાત્ર છે?

ઉ.–આર્યસ્ત્રી યથેચ્છ સ્વતંત્રતાને, પણ સ્વધર્મે રહે તો જ.†

પ્ર.–સ્ત્રીના–આર્યસ્ત્રીના સ્વધર્મ તે કીઆ?

ઉ.–સ્ત્રીજાતિના ધર્મનો આર્યસ્ત્રીના ધર્મમાં સમાવેશ થાય છે અને આર્યસ્ત્રીના ધર્મ તે કહીશું.

પ્ર.–તેનો સ્વધર્મ શો પતિપ્રતિ ને પુરુષનો શો સ્ત્રીપ્રતિ?

ઉ.–સ્ત્રીએ પતિની આજ્ઞા પાળવી તથા એને પ્રસન્ન રાખવામાં પોતે પ્રસન્ન રહેવું એ દૃઢ વ્રત; અને પતિએ તેને સંરક્ષિત તથા સંતુષ્ટ રાખવી એ યત્ન;–એ બે સત્વને ઐક્યબળે ગૃહસંસારથી પોતાનો યશ પ્રકાશ કરે છે.

પ્ર.–ગૃહસંસારમાં તેની યશવાળી સ્થિતિ કેવી?

---

* એશિયાના સર્વે લોક બહુ જૂના કાળથી સ્ત્રીને પુરુષથી ઓછી યોગ્યતાની સમજતા આવ્યા છે. ખ્રિસ્તીઓ સ્ત્રીને સમાનતા આપે છે પણ સઘળા જ તેમ મનમાં સમજે છે કે ખરેખર વર્તે છે એમ નથી–યૂરોપમાં સ્ત્રીઓ હકને માટે મથન કરે છે પણ હજી લગી તો તેઓ ફાવી નથી. યૂરોપના લોક જેટલી છુટ સ્ત્રીઓને આપે છે. તેટલી ન જ આપવી, એવો હમણાના ભણેલાનો પણ વિચાર ખરો. જોન સ્ટુવર્ટ મિલ તથા તેવા બીજાના ઉત્તેજનથી ઉશ્કેરાયલી સ્ત્રીઓના ઉદ્યમનો જશ હવે પછી જણાશે.

† સ્વભાવબુદ્ધિના ધર્માધર્મમાંથી જે સત્કર્મ નિત્યને માટે સારરૂપ છે, તે જ અર્થમાં સ્ત્રીનો સ્વધર્મ સમજવો આ પત્રિકામાં.



ઉ.–તે, સઘળી વ્યવસ્થા રાખનારો તથા સ્વામીને સહાય રહેનારો તથા પંડે શ્રમ લેઈ કામ કરનારો ગૃહરાજ્યનો પ્રધાન છે.*

પ્ર.–સ્ત્રી માનને તો યોગ્ય ખરી કે?

ઉ.–નિ:સંદેહ તે માનને યોગ્ય છે સદ્ગુણ વ્રતને યશે. એ તેને ઉત્તમ માન છે. માત્ર ઘરકામની આવડત તથા વ્યવહારની જાણ એ તેને મધ્યમ માન છે. માત્ર અમુક વિદ્યામાં કુશળતા એ પણ તેને મધ્યમ માન છે અને એ સર્વેમાં નિપુણ તે બહુ બહુ માનને યોગ્ય છે.

પ્ર.–સ્ત્રીના મુખ્ય સદ્ગુણ ગણાવશો?

ઉ.–ભર્તારનું કલ્યાણ ઇચ્છવું, કુળમર્યાદા પાળવી ને ઘરની વાત ઉઘાડી પાડવી નહિ એ મુખ્ય છે; પતિવ્રત પાળવું એ તો સર્વોપરિ છે જ. ઘર ચલાવવાની નીતિમાં કુશળ રહેવું; ઘરના વડીલની મર્યાદા પાળવી, પરોણાનો સત્કાર કરવો દક્ષતાએ, રોષવાળું મુખ પતિને દેખાડવું નહિ ને પતિ દોષવાળો હોય તોપણ અધીન રહેવું ઇત્યાદિ†. બ્રાહ્મણીએ પતિને કર્મમાં સહચારિણી રહી બીજી વર્ણની સ્ત્રીઓને સર્વ વિષયમાં ધર્મબોધ કરવો; ક્ષાત્રીબુદ્ધિનીએ સ્વામીને ક્ષાત્રકામમાં ઉત્તેજન આપવું અને વૈશ્યાણી ને શૂદ્રી એઓએ પતિના ઉદ્યોગમાં સહાય રહેવું.

પ્ર.–આજથી પચ્ચીસ વર્ષે ઉપરની ને અમણાની સ્ત્રી કેવી હતી ને છે તે દાખવશો?

ઉ.–તે વેળાની સ્ત્રી પોતાનું ઘર તથા પોતાનો વહેવાર એ જાણતી, આમન્યા પાળતી, ધર્મભાવ રાખતી, કુટુંબ દેખી હરખાતી, ધણીને વશ રહી સંતોષે વર્ત્તતી; અને અમણાની તે પોતાના પંડની વાત જાણતી (હું, મારો ધણી ને મારાં છોકરાં), આમન્યાવિનાની, ધર્મરહિત, ધણી વશ રહે તથા હું સ્વતંત્ર ઉપરી ઘરની થાઉં એમ અસંતોષે વર્ત્તતી છે. અનાચાર ને દૂરાચારમાં અમણાની સ્ત્રીની સંખ્યા આગળના કરતાં સોળ, ગણી વધારે હશે.

પ્ર.–સુધારાવાળાનો શ્રમ તો સ્ત્રીઓની સ્થિતિ સારી કરવાને છે ને દેખાય છે તો આમ?

---

* સર્વ વિષયમાં સઘળી વ્યવસ્થા–ઘરમાંની વસ્તુની ગોઠવણ, ઘરનાં કામની ગોઠવણ, સાચવવું તથા ખરચવું, છોકરાંની સંભાળ તથા તેની કેળવણી, ચાકરના કામની તપાસ, સગાંસ્નેહી જ્ઞાતિજન સાથનો વહેવાર, દુ:ખ અડચણના સમયને માટે આગળથી વિચાર તથા પ્રયોગ ઇત્યાદિ સંબંધી જાણવી.

† એ સામાન્ય ધર્મ છે; દોષવાળો પતિ હોય તો સ્ત્રીએ ને દોષવાળી સ્ત્રી હોય તો પતિએ કેમ વર્ત્તવું, એ વિષે વિશેષ ધર્મ તે જૂદા છે.

ઉ.–પણ સુધારાવાળા પોતે જ મોહિત નિર્બળ છે એટલે સ્ત્રીઓ પણ ઉન્મત્ત હોય. ઉમંગ વધ્યો છે સંસારી વિષયમાં, પણ એ સ્વધર્મે સુઘટિત નથી ને ઇચ્છિત અર્થ ન મળવાથી તેઓ મનસ્વી રીતે વર્તે છે.

પ્ર.–સુધારાના વિચાર બહાર પડવાથી કીઉં કીઉં કામ થયું છે?

ઉ.–વિદ્યાભ્યાસ વધ્યો છે. છોકરીઓ વાંચતાં લખતાં ગણતાં શિખી છે ને શિખે છે. તેઓ કેટલીક જાણુ નિશાળમાંથી ને કેટલીક ઘરમાં વર્ત્તમાનપત્રોથી કે સુધરેલ જનોના સમાગમથી મેળવે છે. સિવવા, ભરવા, ગુંથવાના કામમાં કેટલીક સ્ત્રીઓ આવડતવાળી થઈ છે ને થોડીક તો બહુ વખાણુને યોગ્ય છે. કેટલીક રૂઢિ નઠારી છે ને કેટલાક વહેમ દુઃખદાયક છે એ તેઓએ જાણ્યું છે ને કોઈ કોઈ સ્ત્રી નરસાંથી અળગાં રહેવાની ચિંતા રાખે છે.*

પ્ર.–બાળવિવાહ ને પુનર્વિવાહ સંબંધી કામ થયું જણાતું નથી કેમ? આપનું મત કહેશો.

ઉ.–અતિ બાળલગ્નનો નિષેધ સમજુક પુરુષના હૈયામાં વસ્યો છે પણ રૂઢિને માન આપનારી તથા કોડીલી સ્ત્રીઓ આગળ તેઓનું ચાલતું નથી. આ સમયમાં છોકરીને નવમું બેઠા વિના ને છોકરાને સોળમું બેઠા વિના લગ્ન કરવાં નહિ; સાથે રહેવાની વય ૧૩ ને ૧૯ રાખવી. પચાસનો સાત આઠ નવનીને પરણે, એ અતિ અધમ લગ્ન છે. પુનર્વિવાહ જૂજ થયા છે ને તે પણ સ્થિતિ વિધિ પરત્વે સ્વચ્છ નહિ જ. નિયોગને માટે સમય જ નથી ને પુનર્વિવાહ ચાલવાનો સંભવ માનીએ તો તે વિષે આ પ્રમાણે મત આપીએ કે, અળગી ન બેઠેલી એવીનું તેના કોઈ સગાએ દાન આપવું અને અળગી બેસતી થઈ હોય ને તેની ઇચ્છા ફરી લગ્નની હોય તો તેણે ઇચ્છા-

* આગળ ઉંચી જ્ઞાતિમાં કેટલીક સ્ત્રી વિદ્યાભ્યાસ કરતી ને અમણા સર્વ જ્ઞાતિઓને માટે બોધ ચાલે છે. આજલગીમાં સ્વભાષા કે પરભાષામાં વિદ્વાન્ થઈ પ્રસિદ્ધિ પામેલી એવી આખા હિંદુસ્તાનમાં વીસેક કહીએ પણ એક પણ એવી નથી સંભળાઈ કે જેનું કામ પોતાની જાતિને સુધારવા સંબંધી મોટું અગત્યનું થયું હોય. આગળ કોઈ કોઈ સ્ત્રી લેણદેણ વ્યાજવટંતરના ગણિતમાં કુશળ હતી પણ અમણાં થોડીકની જ રુચિ ગણિત વિષયમાં જણાય છે. સ્ત્રીકેળવણી નિશાળોથી એ બોલવું અર્થરહિત છે. અગિયાર બારની વય લગી ભણતી ને નિશાળમાંના પાઠ એથી શું? ભણેલી સ્ત્રીઓની વૃત્તિ કોડ ભણી છે પણ ધર્મનીતિ ભણી દેખાતી નથી.



વર ખોળવો. વળી ધણી સાથે રહેતી થઈ હોય ને સંતાન ન થયું હોય કે થઇને મરી ગયું હોય ને તેની ઇચ્છા હોય તો તેણે પણ ઇચ્છાવર ખોળવો.*

પ્ર.–પુરુષ એકથી વધારે સ્ત્રી કરે?

ઉ.–તેણે એકથી જ સંતુષ્ટ રહેવું; તોપણ તેને કેટલાંક કારણથી વધારે કરવાની શાસ્ત્રાજ્ઞા છે ખરી.†

પ્ર.–ધર્મ સમજનારા આર્ય શિષ્ટોએ પુરુષને વિશેષ અધિકાર શા માટે આપ્યો હશે?

ઉ.–પુરુષના વ્યભિચારાદિક અધર્મની વૃદ્ધિ થતી અટકાવવાને; વંશ વિસ્તાર ધર્મે કરવાને અને સ્વર્ગપ્રાપ્તિ તથા પિતરને સંતોષ એને માટે પુત્ર ઉત્પન્ન કરવાને.‡

પ્ર.–સ્ત્રીઓ વિષે આપણા લોકમાં પણ શું બહુ મત નથી?

ઉ.–કાળ કાળના લોકની ધર્મબુદ્ધિ તથા પ્રેમવૃત્તિ જૂદી જૂદી હોવાથી મતફેર છે.§ તોપણ સ્ત્રીપુરુષના સંબંધમાં ધર્મરહિત સ્નેહને અધમ દુઃખદ

* જેણે પ્રથમ વિવાહમાં કન્યાદાન દીધું હોય તે વિના બીજાએ દેવું અને સ્વયંવર હોય તો ઓછામાં ઓછા પાંચ પ્રતિષ્ઠિતજનની સાક્ષે બ્રાહ્મણ મંત્ર ભણે તે પ્રમાણે અગ્નિમાં આહુતિ આપવી. પચ્ચીસ વર્ષ ઉપરનીનો પુનર્વિવાહ ન થાય; પુનર્લગ્ન પછી વર મરે તો ત્રીજીવાર લગ્ન ન કરવું; અણબનાવના કારણથી ધણીધણીઆણી જૂદાં રહે પણ થયલો સંબંધ ટળે નહીં.

† પ્રથમ પરણેલીને ધર્મકર્મનો અધિકાર હોય; સંસાર સુખવિષયમાં પુરુષે ન્યૂનાધિક રાખવું નહિ.

‡ છોકરીઓની ઝાઝી ઉત્પત્તિ, યોગ્ય કુલીન પુરુષને કન્યાદાન કરવાનો મહિમા એ પણ કારણ છે; કોઈ મહાપુરુષ કાર્યવશાત્ ઘણી સ્ત્રી કરે એમ પણ છે. સુરાપાન કરનારી, રોગી, ધૂર્ત, વંધ્યા, ઘરકામનો વણસાડ કરનારી, અપ્રિય ભાષિણી, કન્યા જ જણનારી, પુરુષ દ્વેષિણી એવી સ્ત્રી હોય તો બીજી પરણવી એવાં પણ વચન છે સ્મૃતિઓમાં. વ્યભિચાર એ મોટો દોષ છે પુરુષને ને સ્ત્રીને, તોપણ સ્ત્રીને વિશેષ છે એમ શિષ્ટોએ ભણ્યું છે. સકારણ તે વિષે બીજે કોઈ પ્રસંગે બોલાશે.

§ 'અસત્ય, સાહસ, માયા, મૂર્ખતા, લોભ, અશૌચ, નિર્દયપણું એ સ્ત્રીના સ્વાભાવિક દોષ છે.' 'પુરુષથી બમણો આહાર, ચારગણી લજ્જા, છગણું સાહસ ને આઠગણો કામ છે.' એ બે શ્લોકાર્થ તમોગુણી સ્ત્રીને વિષે જાણવા. 'દુષ્ટભાર્યાના સહવાસમાં રહેવું તે સાપ હોય તેવા ઘરમાં રહેવા જેવું છે.' 'સ્ત્રી નિર્ધન પુરુષને તજે છે.' 'સ્ત્રીનો વિશ્વાસ ન કરવો.' ઇત્યાદિ. 'સંસાર તાપમાં જે વિશ્રાંતિઠામ છે તેમાં મુખ્ય સ્ત્રી છે.' 'ભાર્યા તો ખરો મિત્ર છે.' 'સ્ત્રીએ ઘર શોભે છે.' 'રૂપયૌવન માધુર્ય એના જેવું સ્ત્રીનું બીજું ઉત્તમ બળ નથી.' ઇત્યાદિ. જો સ્ત્રી પતિના છંદને અનુગામી છે તો સ્વર્ગ

જાણવો. સ્નેહના ધર્મમાં રજોગુણનો, ન્યાય ઇચ્છતો તે શ્રેષ્ઠ ને સત્વગુણનો પોતાનું વ્રત દૃઢ પાળતો તે અધિક શ્રેષ્ઠ છે. સામાન્યપક્ષે સધર્મસ્નેહ તે ઉત્તમ છે; એ જ સ્નેહ આર્યનો તે નિત્ય કલ્યાણકારક છે. વર્તમાનમાં ધર્મરહિત સ્નેહ છે.

પ્ર.–આપણો ઘરસંસાર હવે ક્યારે વ્યવસ્થિત થશે?

ઉ.–જ્યારે વિદ્યાવિચારે આપણે પુરુષ આપણું પોતાનું સ્વરૂપ સમજીશું ત્યારે. પરદેશી પરધર્મી વિચાર જે આપણા ઘરમાં ઘુસ્યા છે તે જતા થશે ને આપણા પોતાના જ નિત્યધર્મના નિર્મળ સતેજ જ્ઞાનપ્રવાહે આપણાં ઘર ધોવાઈ પવિત્ર થશે. જ્યારે આપણે પુરુષો ને આપણી સ્ત્રીઓ પોતપોતાના ધર્મના ઉપાસક થઇશું ત્યારે આપણો ઘરસંસાર સધર્મસ્નેહે પાછો ઉત્તમ વ્યવસ્થિત થઈ શોભશે. જ્યારે આપણી સ્ત્રીઓ આપણી પૂર્વની બ્રાહ્મણી ક્ષત્રાણી વૈશ્યાણીમાંની ઉત્તમ ઉત્તમની ગુણમૂર્ત્તિઓનાં મંગળ દર્શન કરશે અને વળી કેટલીક તે પોતાના દૃષ્ટિમાર્ગમાં આધુનિક કાળની સર્વ ધર્મની ને સર્વ વર્ગની ઉત્તમ સ્ત્રીઓને પણ સાવધાનપણે નિહાળી લેશે ત્યારે આર્યસ્ત્રીઓ પોતાની મેળે ને સંતતિદ્વારા સ્ત્રીજાતિમાં પોતાનું સર્વોપરી ઉચ્ચપણું (ધર્મે) ને મોટપણું (સામર્થ્યે) સુંદર ભવ્ય દાખવશે અને ત્યારે જ આર્યગૃહસંસાર ધર્મ અર્થ કામ એણે સંપન્ન એવો જગતમાં પ્રકાશશે.

પ્ર.–અંગ્રેજી રાજ્ય થયા પછી આપણા લોકમાં પ્રથમ સંકલ્પ શો ઉઠ્યો?

ઉ.–ધર્માભિમાન ઉદય પામ્યું.

પ્ર.–એ સમજાવશો?

અહીં જ છે;' 'દંપતીમાં કલહ નથી ત્યાં લક્ષ્મી પોતાની મેળે આવી વસે છે;' 'કુલીન સ્ત્રી લજ્જા મૂકે નષ્ટ થાય છે;' 'સત્સ્ત્રીઓએ ઘરનું રક્ષણ થાય છે,' 'પતિવ્રત એ સ્ત્રીનું રૂપ છે;' 'નઠારા કુળમાંથી પણ સ્ત્રીરત્ન લેવું;' 'સત્કુળમાં કન્યા આપવી;' 'સ્ત્રીઓને યત્ને સેવવી;' ક્રોધમુખી ભાર્યાને તજવી' 'દાન તીર્થ ઉપવાસથી નારી શુદ્ધ થતી નથી જેવી ભર્તારના પાદોદકથી થાય છે તેવી;' 'પતિની આજ્ઞાવિના વ્રત કરનારી તે પતિનું આયુષ્ય ઘટાડે છે;' વાગ્દાન થયું ત્યારથી જ સ્ત્રી પતિને વશ છે; એ સદાચારવિનાનો, પરસ્ત્રીની આસક્તિવાળો 'વિદ્યાદિગુણવિનાનો હોય તોપણ પતિવ્રતાએ પતિનો દેવપ્રમાણે સત્કાર કરવો.' એ સર્વેમાંથી સ્ત્રીના સ્વાભાવિક ગુણદોષ જે પુરુષથી અવશ્ય જૂદા પડે તે વિષે અને સત્વાદિગુણ પરત્વે સ્ત્રીજાતિમાં જે વિશેષ જૂદા પડે તે વિષે બીજે પ્રસંગે કહેવાશે અને ત્યારે પૂર્વની આર્ય સ્ત્રી તથા અમણાની આર્ય સ્ત્રી અને રોમન સ્ત્રી તથા યૂરોપની અમણાની સ્ત્રી, એ વિષે પણ દાખલા અપાશે.



ઉ.–બંગાળામાં પાદરીઓ અનેક દેવ તથા મૂર્ત્તિપૂજાની નિંદા કરતા, તેવામાં એક બંગાળી બ્રાહ્મણે ઉપનિષદમાંથી દેખાડ્યું કે હિંદુઓ એક જ દેવને માનનારા છે; ને પછી તેણે બ્રહ્મસમાજ સ્થાપી.

પ્ર.–પછી ક્યા વિચારો બહાર પડ્યા?

ઉ.–મુંબઇના દક્ષિણી તથા ગુજરાતીઓમાં સ્ત્રીકેળવણી ને પદાર્થવિદ્યાના વિચાર ચાલ્યા; અને પ્રજાના દુઃખ વિષે સરકારને જણાવવાને શ્રીમંત તથા વિદ્વાનોએ મળી એક સભા સ્થાપી.

સ્વદેશાભિમાન તથા ઐક્ય અને દેશાટન તથા ઘરસંસાર એ વિષે ભાષણ લખાણ ગુજરાતીઓમાં અને ઐક્યાદિ સદ્ગુણ તથા પદાર્થવિદ્યાવિષે ભાષણ દક્ષિણીઓમાં ચાલ્યાં.

પછી વળી દક્ષિણી ગુજરાતીઓમાં એકેશ્વરને ભજવો ને જ્ઞાતિભેદ ટાળવો, એ વિષયની ચર્ચા ચાલી.

પાદરીઓ જે મૂર્ત્તિની નિંદા કરતા, તેની સામા એક દક્ષિણી બ્રહ્મચારીએ મૂર્ત્તિઓની અગત્ય દેખાડીને વેદોક્ત ધર્મ વિષે લોકને કેટલીક સમજ આપી.

એક ગુજરાતી બ્રાહ્મણે એક વલ્લભી મહારાજ સામા પુનર્વિવાહ વિષે વાદ આરંભેલો, તેમાંથી એક ગુજરાતી વાણીઆએ લૈબલ કેસ ઉભો કીધો ને તે પ્રસંગે સુધારાવાળા ગુજરાતી તથા દક્ષિણી તે વલ્લભી ધર્મ તથા ધર્મગુરુની સામા એક સંપે હતા. ચાલેલી ચર્ચાથી ને કોર્ટના ન્યાયથી વલ્લભી મહારાજો લજ્જિત થયા હતા.

પ્ર.–મુંબઇમાં એટલી બધી ચંચળતા હતી, તેવામાં બીજે કેથે કોઇ વિચાર નો'તા ચાલતા?

ઉ.–કલકત્તાની બ્રહ્મસમાજમાં વાદ ઉઠેલો કે બ્રાહ્મણને અધિકાર વિશેષ શામાટે ને તે ઉપરથી નવી બ્રહ્મસમાજ થઈ ને એણે પોતાનું નવું સ્વરૂપ દેખાડ્યું.

પ્ર.–પછી?

ઉ.–મુંબઈમાં દક્ષિણીઓમાં એક પ્રાર્થનાસમાજ થઈ. પછી કેટલેક વર્ષે અમદાવાદમાં થઈ ને પછી ગુજરાતી તથા દક્ષિણીની એકઠી એવી આર્યસમાજ થઈ.

પ્ર.–બીજું કાંઈ?

ઉ.–પૂનામાં સાર્વજનિક સભા છે.

પ્ર.–પછી?

ઉ.–દેશી કળા ધંધાને ઉત્તેજન આપવાનાં તથા દેશની સમૃદ્ધિ વધારવાનાં ભાષણ લખાણ દક્ષિણીઓમાં ને પછી ગુજરાતીઓમાં ચાલ્યાં. વળી સરકારે મૂકેલા કરભાર વિષે પણ પત્રોમાં લોકનો પોકાર થઈ રહ્યો.

પ્ર.–પછી?

ઉ.–કંઈ નહીં. આટલું જાણી રાખ કે, પચાસ વર્ષમાં અનેક વિષયના ગ્રંથ છપાયા છે જૂના ને નવા.

પ્ર.–સંક્ષેપમાં સુધારાનો વૃત્તાંત આપે સારો કથ્યો. પણ હવે વળી સંક્ષેપમાં જણાવશો એકેક વિષયમાં કેટલું કેટલું કાર્ય થયું છે તે.

ઉ.–કહ્યું તો છે જ સઘળું તને; વળી સાંભળ.

સુધારાવાળાઓએ સ્વદેશના ઉત્કર્ષને અર્થે ત્રણ ઐકય યોજ્યાં; ધર્મનું ઐકય, વ્યવહારનું ઐકય અને ભાષાનું ઐકય.

ભાષાનું ઐક્ય. એ મુદ્દો કોઈ કોઈ ગુજરાતીઓએ ઉઠાવ્યો, પણ તે માત્ર આર્યસમાજના પુસ્તકદ્વારા ચાલતો જોવામાં આવે છે. પૂર્વે વિદ્વાનોની એક ભાષા સંસ્કૃત પણ લોકની જૂદી જૂદી પ્રાકૃત હતી; મુસલમાની રાજ્યમાં સરકારના સંબંધમાં આવેલા તે ફારસી જાણતા; અમણા સરકારી નોકરમાંના ઘણાકને થોડાક બીજા તે અંગ્રેજી જાણે છેઃ–પણ પ્રાંત પ્રાંતની પ્રાકૃત ભાષાઓ સારી રીતે કેળવાતી જાય છે. પ્રાંત પ્રાંતના લોકોનું ઐકય આવી રીતે થાય છે કે, એક પ્રાંતના અંગ્રેજી ભણેલા પોતાના પ્રાંતમાં છપાતાં અંગ્રેજી વર્ત્તમાનપત્રમાં લખાણ કરે છે ને તે ભરતખંડમાં બધે વંચાય છે અને તે અંગ્રેજી લખાણનાં ભાષાંતર પ્રાંત પ્રાંતની પ્રાકૃત ભાષાઓમાં થાય છે. વળી એક પ્રાકૃત ભાષામાં લખાયલા વિષયનો સાર અંગ્રેજી વર્તમાનમાં પણ આવે છે. પ્રાકૃતમાંથી પ્રાકૃત ભાષાંતર પણ થાય છે.

વ્યવહાર ઐક્ય બે પ્રકારનું છે. જાતિભેદ કાઢી નાખીને કરવાનું તે ખાવાપીવાના ને લગ્ન વહેવારના પરસ્પર પ્રતિબંધે લોક યથેષ્ટ ઉદ્યમ કરી શકતા નથી ને દેશના સામાન્ય લાભને અર્થે પણ લોક એકત્ર થઈ શકતા નથી વાસ્તે. કોઈ કોઈ જુવાન હામ ભીડી ઇંગ્લંડ જઈ આવ્યા ને કોઈ કોઇએ પુનાવવાહ કીધા, એ ઉપરથી જ્ઞાતિઓમાં ખળભળ થઈ. વળી સુરાપાન કરવા વિષે જુવાનીઆઓની વૃત્તિ થયેલી, તેથી તેઓએ ગુપ્ત રીતે અનેક જાતના જન સાથે ખાનપાન કીધું ને બહારથી વળી જ્ઞાતિઓમાં ખરા જ, તેથી જ્ઞાતિમાંના પણ કેટલાએક સાથી થયા. એથી આટલું થયું કે જ્ઞાતિઓમાંથી ધર્માચારનું મમત્વ ઘટયું ને માત્ર કુળાચારની સત્તા હજી રહી



છે. જુદી જુદી જ્ઞાતિઓમાં પરસ્પર લગ્ન વહેવાર નથી ચાલ્યો ને એક જ્ઞાતિના બીજી જ્ઞાતિના સાથે ભોજન વહેવાર નથી કરતા, તોપણ અતિ કરડા પ્રતિબંધ તે શિથિલ થયા છે ખરા. બીજું, લોકનું પ્રજારૂપ ઐકય તે થયું નથી; અને પરદેશી માલ ન વાપરવા વિષે તે પણ થયું નથી. મંડળીઓ સ્થપાઈ ને દેશી માલનો ખપ વધારવાને દક્ષિણીઓએ દુકાનો કાઢી ને કોઈ કોઇએ દેશી માલ વાપરવાના નિયમ લીધા, પણ એ કામ નહિ જેવું છે.

ધર્મનું ઐક્ય સર્વે આર્ય પરમેશ્વર વિષે તથા તેને ભજવા વિષે એકમત થાય તો ધર્મ સંબંધી અનેક બખેડા ટળે ને સૌ એક લક્ષ થાય. વળી ધર્મકર્મ ઘટવાથી સૌ પોતપોતાનો વ્યવહાર ઉદ્યમ વધારે વાર કરે. ધાર્યા પ્રમાણે તો બન્યું નહિ. સર્વની એક સરખી ધર્મબુદ્ધિ તો થઈ જ નહિ. માત્ર આટલું થયું કે, પાદરીઓ આર્ય ધર્મને નિન્દતા અટકયા અને સર્વે આર્યનું એક ઇશ્વરનું જ્ઞાન સતેજ થયું.

પ્ર.–અંગ્રેજી રાજ્યમાં અભિમાનનો બોધ નીકળ્યો, તે સઘળે સરખો કે જૂદો?

ઉ.–બંગાળામાં ધર્માભિમાન અને ગુજરાત તથા દક્ષિણમાં દેશાભિમાન, ધર્માભિમાન ને આર્યાભિમાન.

પ્ર.–નવા વિચાર સમાજદ્વારા પ્રવર્ત્તમાન છે, તે વિષે આપનું મત જણાવશો.

ઉ.–રામ મોહનરાયના મરણ પછી આદિ બ્રહ્મસમાજને બ્રાહ્મણ વૈશ્યબુદ્ધિ, નવીને ખ્રિસ્તી હિંદુ શૂદ્રબુદ્ધિ, પ્રાર્થનાસમાજને ખ્રિસ્તી હિંદુ બ્રાહ્મણ વૈશ્યબુદ્ધિ, અને આર્યસમાજને ખ્રિસ્તી હિંદુ ક્ષાત્ર શૂદ્રબુદ્ધિ દોરે છે.

પ્ર.–જૂના વિચારના તે નવા વિચારના ઉપર કેવી દૃષ્ટિએ જોય છે?

ઉ.–તેઓ ધર્મવિષયમાં નવા ઉપર મોહથી જોતા, પણ હવે એને હસી કાઢે છે કે પાખંડ કહી તે વિષે નિઃસ્પૃહ રહે છે. કાશીમાં કેટલાક પંડિતને મુંબઇમાં પંડિતશાસ્ત્રી સ્વામી દયાનંદ સામા થયા હતા. પુનર્વિવાહની ચર્ચામાં કલકત્તા કાશી મુંબઇના પંડિતો ઉતર્યા હતા. દેશાટન વિષયમાં ઇંગ્લંડ જઈ આવેલાઓને પ્રાયશ્ચિત્ત કરાવવાની ભાંજગડમાં ગુજરાતના શાસ્ત્રીઓ સઘળાએ સારી પેઠે ભાગ લીધો હતો. વળી ગુજરાતની બ્રાહ્મણ વાણિયાની જ્ઞાતિઓમાં ટંટા પેઠા હતા ને જૂના વિચારના લોકે નવા વિચારવાળાને મોટા ધોક્કા પહોંચાડ્યા હતા. કહેવાનું આ કે જૂના વિચારના લોકે પોતાનું મૂકયું નથી ને નવા તે જૂના તરફ વળતા જાય છે.

પ્ર.–નવા વિચાર આગળ દોડ કરતા અટકયા છે ને જૂનાને અધીન થતા જાય છે એ ખરું છે. હવે લોકની અમણાની સંસારવ્યવહાર સ્થિતિ વિષે કહેશો?

ઉ.–રાય ને રાંક, પંડિત ને મૂર્ખ, ધની ને નિર્ધની, સ્વામી ને સેવક સૌ જ પોતપોતાની સ્થિતિને માટે ચિંતાગ્રસ્ત છે. મોંઘવારીએ હતા ને કરભારે લોક દુઃખી છે. ઉદ્યોગ બંધ પડ્યા છે. ધીર આંટ ઉઠી ગઈ છે. દેશમાં સર્વત્ર દારિદ્રય વ્યાપી રહ્યું છે. સરકારનો લોકપરથી ને લોકનો સરકારપરથી વિશ્વાસ ઉઠી ગયો છે. જ્ઞાતિ કુળ ઘરસંસાર કલેશમય છે.

પ્ર.–ખરેખર આ સમયે લોક ધર્મભ્રષ્ટ સ્થિતિભ્રષ્ટ હોઇને દુઃખના પર્વતતળે દબાય છે, તો હવે કેમ કરવું?

ઉ.–ધીટ થઇને દુઃખ વેઠવું, બુદ્ધિનું અભિમાન મૂકી પરંપરાનું ધર્માચરણ પાળવું; પરદેશી પરધર્મી નીતિ વસ્તુ ઉપર મોહ ન રાખવો; નિશ્ચય તથા ખંતે અને ધૈર્ય તથા સત્યે ઉદ્યોગ કરવો.*

શ્રી

# આર્યદર્શન

## ભૂતકથન

પશ્ચિમના ગ્રંથોમાં લખ્યું છે કે, આસીરિયાની રાણી સેમિરામિસે (ઇ. સ. પૂ. શૈકા ૨૦) અને ઇજીપ્તના રાજા સિસોસટ્રિસે (શૈકા ૧૫) હિંદુસ્થાન ઉપર ચડાઈ આણી હતી. ઇરાનના ડરાયસે સિંધૂ નદીનો કેટલોક પ્રદેશ પોતાની સત્તામાં આણી રાખ્યો હતો. (ઇ. સ. પૂ. ૫૨૧–૫૧૮).

માસિડન દેશના શિકંદરે જહલમનદી ઉતરતાં ગુજરાતનગર આગળ પૌરવરાજાને હરાવ્યો હતો (૩૨૬), પણ પછી તે સતલજલગી વધીને પાછો ફર્યો હતો. સેલ્યૂકસનું સીરિયાનું રાજ્ય અને ચંદ્રગુપ્તનું (૩૧૫–૨૯૧) મગધનું રાજ્ય એ બેને મૈત્રિસંબંધ હતો. સીરિયાનાં મહારાજ્યમાંથી બાક્-

* ધર્મજિજ્ઞાસા ગ્રંથ સંવત ૧૯૪૩–સને ૧૮૭૯ માં રચ્યો હતો. અંક છ મુંબઇમાં શ્રા૦ શુ૦ ૫–૮–૧૨–૧૪ ને વદ ૮–૧૨; પછીના પાંચ અંક સુરતમાં શ્રા૦ વ૦ ૩૦ ને ભા૦ શુ૦ ૩–૪–૯–૧૩ એકેકો.



ટ્રિયાનું ગ્રીક રાજ્ય જૂદું પડ્યું (૨૫૦). ત્યારથી એ રાજ્યના રાજાઓની આફ્ગાનીસ્તાન તથા પંજાબમાં મોટી વગ સત્તા હતી; વળી જ્યારે શકસિથિયન લોકે બાક્ટ્રિયાનું રાજ્ય ઉંધું વાળ્યું (૧૨૬) ત્યારે રાજવંશીઓ આફ્ગાનીસ્તાન, પંજાબ, સિંધ, ગુજરાતદ્વીપકલ્પ એ પ્રદેશોમાં આવી રહ્યા હતા; શકસિથિયન લોકે પણ પશ્ચિમ તથા ઉત્તર હિંદુસ્થાનમાં કહીં કહીં રાજ્યો માંડ્યાં હતાં–એ સંધાં રાજ્યોને ઉજ્જનના વિક્રમે જીતી પોતાનો શક વર્તાવ્યો હતો. (ઇ. સ. પૂ. ૫૬).

એ પછી સાતસેંક વર્ષ સૂધી હિંદુસ્થાન ઉપર બહારના કોઈ લોકે ચડાઈ કીધી એવું જાણવામાં આવ્યું નથી. ઇ. સ. ૬૩૬માં આરબલોકે વહાણમાં આવી થાણા લૂટયું હતું; ૬૬૪માં તેઓ કાબુલથી મુલતાન લગી આવી ગયા હતા; ૭૧૨માં મહમ્મદ કાસીમે દાહીર રાજાને હરાવી સિંધમાં આરબસત્તા સ્થાપી, પણ થોડાંક વર્ષ પછી દાહીરના દીકરા જેસિંહે પોતાના બાપનું રાજ્ય પાછું મેળવ્યું હતું;–પણ એ તથા બીજા કેટલાક રાજવંશી મુસલમાન થયા હતા. એ પછી બસેં વર્ષલગી બહારના લોકના આ દેશ ઉપર હુમલા ન હોતા. ગિજનીના સબક્તગીને પંજાબ ઉપર ચડાઈ કરી લાહોરના રાજા જયપાળને તથા તેના સાથીઓને હરાવ્યા હતા ને તેનાં મરણ પછી તેના બેટા મહમૂદે ૧૦૦૧ થી તે ૧૦૨૬–૨૭ સૂધીમાં બાર વાર મોટી ચડાઈ કીધી હતી.

ઇ. સ. ૧૧૯૩ થી આ દેશના લોક મુસલમાનના નિત્ય સંબંધમાં આવ્યા. મુસલમાની રાજ થયાં, તેમાં આફ્ગાન લોકનાં ૧૫૨૬ સૂધી હતાં ને એ વર્ષથી તે ૧૮૦૩ સૂધી મોગલ લોકનાં હતાં. દિલ્હીની બાદશાહી છસેંક વર્ષસૂધી રહી.

ઇ. સ. ૧૪૯૮ થી યૂરોપના ખ્રિસ્તીલોક આ દેશના સંબંધમાં આવ્યા–પોર્ટુગીસ (ફિરંગી), ડચ (વલંદા), ઈંગ્લિશ (અંગ્રેજ), ડેન્સ અને ફ્રેંચ (ફ્રાંસિસ) એ સંધા વેપારને અર્થે આવેલા, પણ પછવાડેથી ફિરંગી, અંગ્રેજ, ફ્રાંસિસ એઓએ પોતપોતાને ફાવતે ઠેકાણે પોતપોતાની રાજસત્તા સ્થાપી; અને એ ત્રણમાં અંગ્રેજ કંપનીએ ૧૮૦૩ માં દિલ્હી લઈ ત્યાંના બાદશાહને પેનશન આપી દૂર કર્યો ત્યારથી તે હિંદુસ્થાનમાં સર્વોપરિ સરકાર મનાઈ; એ સત્તા ગ્રેટબ્રિટનની રાણીએ ૧૮૫૮થી પોતાને હાથ રાખી છે; અને હવે તે નામાંકિત રાજપુરી દિલ્હીમાં સંસ્કારી થશે.

એ ઉપલી હકિકત ઉપરથી આટલી વાત સ્પષ્ટ થાય છે કે, ઇ. સ. ૧૦૦૦ સૂધી જેટલી ચઢાઈ થયલી, તે હિંદુસ્થાનના પશ્ચિમ પ્રદેશમાં થઇ

હતી ને પરદેશીઓનાં રાજ્ય પણ ત્યાંજ હતાં. ગિજનીના મહમૂદની ચડાઇયો પણ પંજાબ, મુલતાન, સિન્ધ, ગુજરાત દ્વીપકલ્પ, થાણેશ્વર (સરસ્વતી ને જમના એ બેની વચ્ચે), કનોજ કલિન્જર, ગ્વાલિયર એટલા પ્રદેશમાં હતી. પણ ૧૨૦૬ થી મુસલમાન લોક આ દેશના જાથુના રહીશ થયા છે. ખ્રિસ્તી રાજવંશીઓ હજી લગી આ દેશના રહીશ થયા નથી.

વિક્રમ શાલિવાહનના કાળથી તે દિલ્હીમાં મુસલમાની બાદશાહી થઈ ત્યાં લગીના કાળમાં આ દેશમાં જે રાજ્યો હતાં, તેમાંનાં ઘણાંકના સત્તાધારીઓ રજપૂત* એ નામે ઓળખાતા લોક હતા. દેશના લોકનો મોટો ભાગ હિંદુધર્મ પાળતો હતો. એ સાડી બારસેં વર્ષના કાળમાં હિન્દુ રાજા તથા હિન્દુ પ્રજા એમ હતું; પછીનાં છસેં વર્ષના કાળમાં મુસલમાન રાજા ને હિન્દુ તથા મુસલમાન પ્રજા એમ હતું અને ૭૩ વર્ષ થયાં ખ્રિસ્તી રાજા ને હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે પ્રજા એમ છે. એ ત્રણેકાળનાં સ્વરૂપ અને ભાવિસ્વરૂપ એ જાણવાને આ યત્ન ગ્રંથ છે.

વિક્રમ શાલિવાહન ને પૃથીરાજ એના મધ્યકાળમાં આ દેશના લોક (રાજવર્ગસહિત) પુરાણોક્તધર્મ પાળતા અને રાષ્ટ્રરક્ષણ તથા પ્રાણધનરક્ષણ અને દુર્ગુણનું શાસન એને અર્થે પ્રદેશ પ્રદેશના રજપૂત રાજાઓની આણ માનતા,–ધર્માધિકારી બ્રાહ્મણવર્ગ ને રાષ્ટ્રાધિકારી રજપૂતવર્ગ હતા;–અને એ બે સ્વરૂપ દાખવતાં નિજ એક સ્વરૂપનો પ્રકાશ કરતું એવું બહુ મોટું બ્રાહ્મણ રજપૂત રાજ્ય હતું કે જેમાં ઘણાંક તેવાં મોટાં નાનાં રાજ્યો હતાં. સત્યયુગના આરંભથી તે યુધિષ્ઠિરનો શક ચાલ્યા પછી કેટલોક કાળ વેદોક્ત ધર્મ હતો; પછી તે પુરાણોક્ત તથા બૌદ્ધ એ બે ધર્મમાં ઉતર્યો.†

* રજપૂત લોકમાંના કેટલાક તે પરદેશી સિથિયન હતા, એવું હાલના શોધક પંડિતો કહે છે. એ લડાયક જાતિ સિથિયનોને બ્રાહ્મણોએ હિન્દુ કીધા હોય ને રાજપુત્ર એ નામે ઓળખાવ્યા હોય? "અગ્નિમાંથી નિકળેલા ચાર પુરુષ જેઓએ ક્ષાત્રકર્મ કરી વેદધર્મને નિંદનારા લોકને હણ્યા, તે ૩૬ કુળ રજપૂતના મૂળ પુરુષો છે." વિક્રમ પછી રજપૂત કુળ પ્રસિદ્ધિમાં આવ્યાં જણાય છે. આ દેશના જૂના ને સંકર રાજકુળ તે અને પરદેશી લોક જેણે આ દેશનો ધર્મ સ્વીકારી અહીં રાજ્ય ચલાવેલાં તે સૌને માટે રજપૂત એ શબ્દ કાં ન હોય?

† ચન્દ્રગુપ્ત તથા એનો દીકરો બિન્દુસાર એ બ્રાહ્મણધર્મ (વેદોક્ત કે પુરાણોક્ત?) પાળતા પણ બિન્દુસારના દિકરા અશોકે (ઈ૦ સ૦ પૂ. ૨૬૩–૨૨૩) બૌદ્ધધર્મી થઈ એને મોટો આશ્રય આપ્યો. ત્યારથી આ દેશનાં ઘણાંક રાજ્યો એ ધર્મ પાળતાં થયાં હતાં; પણ એ ધર્મે બ્રાહ્મણધર્મને નિકન્દન કીધો ન હતો અને બ્રાહ્મણધર્મી લોક કરતાં બૌદ્ધધર્મી લોકની સંખ્યા વધારે હતી, એવું પણ નિઃશંક કહેવાઈ



બૌદ્ધધર્મ પ્રકાશ્યો ને પુરાણોક્ત તે નિસ્તેજ રહ્યો; વળી બૌદ્ધ નિસ્તેજ ને પુરાણોક્ત (ઉપાસના માર્ગ) તે પ્રકાશ્યો; એ અવ્યવસ્થિત થયા પછી એને પાછો શંકરાચાર્યે જે વ્યવસ્થામાં આણ્યો, તે વ્યવસ્થાવાળો ધર્મ વર્ણન કરવાના કાળમાં વેદાંતજ્ઞાન* ને શિવભક્તિનો હતો.

નિર્ગુણ બ્રહ્મ, જગન્મિથ્યા, પ્રારબ્ધ, જન્માંતર એને વિચારે સાયુજ્યાદિ ચાર મુક્તિ આપનારી વૈરાગ્યવાળી શિવભક્તિયે લોક સંસારી ભોગલંપટ ન હતા અથવા તેઓના ઉપર મોટો અંકોશ હતો. લોક રાષ્ટ્ર સંબંધી ને ધર્મ સંબંધી અવ્યવસ્થામાંથી નવા જ મુક્ત થયા હતા, રજપૂત સરખા લડવૈયા રાજાઓનાં રક્ષણમાં નિર્ભય હતા ને ઘણાંક રાજ્યોને લીધે રાજ્ય રાજ્યના લોક પોતપોતાની નવી બંધાયલી જાતિઓના ધારાને અનુસરતા રહી ઘણું કરીને પોતપોતાના જ રાજ્ય પ્રદેશમાં પોતાના સંસારી ઉદ્યમમાં ઉત્સુક હતા. બ્રાહ્મણો બૌદ્ધ તથા બીજા પંથીઓના ઉપર જીત મેળવેલી તેથી નવા સ્થપાયલા રાષ્ટ્ર રાજાઓના તથા નવા કરેલા યજમાનોના આશ્રયથી પોતાને અધિકારીરૂપે કરવાનાં જે કર્મ તે ઉમંગે કરતા–તેઓએ ધર્મ કર્મના ઠાઠથી લોકને વશ કીધા હતા; શાળા ને પાઠશાળાઓ સ્થાપી હતી, સંસ્કૃત વિદ્યાને હોંસ ખંતથી પુસ્તકો લખી વાદવિવાદ કરી પાછી પ્રકાશતી કીધી હતી.

રજપૂત લોક રણરંગમાં રાચનારા વડા શૂરવીર હતા. ભૂમિ સંબંધી હકને માટે, સ્ત્રીવર્ગનાં રક્ષણને માટે, પરધર્મીઓથી પ્રજાનું રક્ષણ કરવા માટે, તેઓ નિત્ય તત્પર હતા; જ્યારે યુદ્ધનો છેડો આવવાનો સમય તેઓને દૂર જણાતો ને પોતાની તરફથી સર્વ પ્રકારની રણસામગ્રી ખૂટી જવાનો સમય નિકટ જણાતો, અથવા પોતાનો એકાદો સંકલ્પ પૂર્ણ કરવાને અધીર થતા ત્યારે તેઓ કેસરિયાં કરતા–મરવું હક છે, રણમાં મરવું દુર્લભ છે ને શંકર રુડું જ કરશે, એ વિચારે ઘોડો દોડાવી મૂકી શત્રુ ઉપર પડી જય

શકાતું નથી. મોરીવંશના સમાપ્તિ થઈ (ઈ૦ સ૦ પૂ. ૧૯૫). પછી બ્રાહ્મણધર્મ પાછો સબળ સતેજ થયો હતો–કેટલાંક રાષ્ટ્રરાજ્ય બૌદ્ધધર્મી ને કેટલાંક બ્રાહ્મણધર્મી હતાં; પછીથી બ્રાહ્મણધર્મી રાજ્ય ઘણાં થયાં હતાં.

* એક સ્વતઃસિદ્ધ–નિરામય–પૂર્ણજ્ઞાન જેમાંથી અનંત જગત્ ભાસી આવે છે ને પાછાં જેમાં લય પામે છે તે જ બ્રહ્મ–સચ્ચિદાનંદછે; 'ब्रह्म सत्यं जगन्मिथ्या' દેવ સૃષ્ટિમાં આદિ ત્રણ દેવમાંનો એક, સંહાર ને પાછી ઉત્પત્તિ એ સામર્થ્ય પ્રકાશ કરનારો, ભક્તનું કલ્યાણ કરનારો યોગીશ્વર મહાદેવ તે શિવશિવ, એ પોતાની શક્તિ સાથે પૂજાય છે ત્યારે સાંબશિવ ને નિર્ગુણ સ્વરૂપે ધ્યેય હોય છે ત્યારે સદાશિવ કહેવાય છે.

મેળવતા કે એમ કરતાં પોતાની પાછળ યશ મેલી જતા. રજપૂત રાજાઓ ભણેલા ને રાજનીતિમાં કુશળ ને પ્રજાનું હિત કરી એની પ્રીતિ મેળવવાને અને રાજ્યમાં બળ તથા સમૃદ્ધિ વધારવાને ઉદાર કોડીલા હતા.*

૧. ઈ. સ. ૧૨૦૬ થી તે ૧૮૦૩ સુધી આ દેશના ધર્મરાજ્યની સ્થિતિ આ પ્રમાણે હતી. સૈકા ૧૨ માં વિષ્ણુસ્વામી, રામાનુજ, મધ્વ એ ત્રણ વિદ્વાન્ બ્રાહ્મણોએ તત્વજ્ઞાન દર્શાવ્યું કે જગદીશ્વર એક છે પણ તે સગુણ–સાકાર–ભોગી ને સ્થિતિ પાલન કરનારો વિષ્ણુ છે; આચાર પાળી એની સેવા ભક્તિ કરવી, કે જેથી સરૂપાદિ ત્રણ મુક્તિ પમાય; એકે વિષ્ણુના બાળમુકુંદ સ્વરૂપને, બીજાએ મુખ્યત્વે રામસીતાનાં જુગલ સ્વ-રૂપને ને ત્રીજાએ મુખ્યત્વે કૃષ્ણરુક્મિણીનાં સ્વરૂપને ભજવાનો બોધ કીધો. વલ્લભે (૧૪૭૯–૧૫૩૧) બાલકૃષ્ણની પ્રેમભક્તિનો માર્ગ પ્રવર્તાવ્યો. (એ ચાર પછી બીજા કોઇએ આચાર્યપદ ધારણ કરી કોઈ નવો ધર્મમાર્ગ

* રાષ્ટ્રપ્રદેશ આ હતાઃ મગધ, માળવા, તૈલંગણ. અહીં ઈ૦ સ૦ ૪૩૬ સુધી આંધ્રરાજાનું રાજ્ય હતું; ઈ૦ સ૦ ૫૨૪ સુધી વલ્લભીના રાજા આ દેશમાં વડા મનાતા. દક્ષિણમાં કલ્યાણીનું રાજ્ય ઈ૦ સ૦ ૭૦૦ માં બળવાન્ હતું. કનોજનું રાજ્ય રાઠોડે ૪૭૦ માં માંડેલું. તેની સત્તા હિમાલયથી તે આર્વલી લગી ને સિંધુથી તે બનારસ સુધી હતી; અનહિલપુરનું રાજ્ય ચાવડા રજપૂતે ૭૪૬ માં સ્થાપેલું. ત્યાં ૯૪૨ થી સોલંકી રજપૂત રાજા હતા–એની સત્તા દક્ષિણે સમુદ્રથી તે ઉત્તરે મોટાં રણ લગી, અને સિંધુથી તે મેવાડ લગી ચાલતી (ગુજરાત દ્વીપકલ્પ સાથે ને સિંધનો થોડોક ભાગ); ચિતોડનું ઘેલોટ રજપૂતનું રાજ્ય ૭૨૮ થી મંડાયલું. તેની સત્તા આર્વલીથી તે વિંધ્યાચળ લગી હતી; પ્રાચીન ઇંદ્રપ્રસ્થનાં ખંડિયેરની જગામાં તુવાર કુળના અનંગપાળે ૭૯૨ માં નગર વસાવ્યું તે દિલ્હીનું રાજ્ય કહેવાયું; (જુના પાયાની–ખીલીને ઉંડાઈ વિષે સાંભળેલી વાત સાચી છે તે નક્કી કરવાને અનંગપાળે તે ખોદાવી હતી તેથી તે ઢીલી થઈ હતી,–અને ઢીલી ઉપરથી દિલ્હી થયું છે એવી દંતકથા ટૉડે લખી છે); દિલ્હીની સત્તા ગંગાથી તે સિંધુ સુધી–ગંગાના ફાંટાના પ્રદેશમાં તે છેક આર્વલીપર્વત લગી ચાલતી, બંગાળામાં દશમા સૈકામાં પાલ તથા સેનવંશના રાજા હતા; પંજાબના બ્રાહ્મણ રાજાને ગિજનીના મહમૂદે હરાવ્યા હતા.

શિકંદરની સાથે ને પછી આવેલા ગ્રીક ગ્રન્થકારોએ લખ્યું છે કે, એશિયાના જે જે લોક ગ્રીક લોકની જાણમાં આવ્યા છે, તેમાં આ દેશના લોક વધારે બહાદુર અને અસાધારણ સાચા છે. તેઓ મિતવૃત્તિના, ધીર ને શાંતિને ઇચ્છનારા છે; સાદા ને સાહુ, વચની ને પ્રમાણિક છે; હક વગેરેને માટે સરકારમાં જઈ ઇનસાફ કરાવવાનો તેઓને બહુ કંટાળો છે. હ્યૌયેનત્સાંગ નામના ચીના મુસાફરે (ઈ૦ સ૦ સૈકા ૭ માં) આ દેશના લોકની સારી ચાલ તથા આબાદાની વિષે ગ્રીક લોકોની પેઠે જ સારું મત આપ્યું છે.



ચલાવ્યો નથી). રામાનુજની ત્રીજી ચોથી શિષ્ય પેડીએ રામાનંદ (સૈકા ૧૪–૧૫) થયો તેણે, એના શિષ્ય કબીરે (૧૩૮૦–૧૪૨૦) અને નાનકે (જન્મ ૧૪૫૯ માં) અને ચૈતન્ને (૧૪૮૫–૧૫૨૭) પોતપોતાના માર્ગ ચલાવ્યા હતા. બ્રાહ્મણનો મોટો ભાગ પોતાનો શિવમાર્ગ રાખી રહ્યો હતો. (એ પેશવાઈ થયા પછી તેના રાજપ્રદેશમાં સતેજ થયો હતો;–(કહેવાય છે કે, રામદાસ સાધુની આજ્ઞા ઉપરથી શિવાજીએ પોતાના સૈન્યનો ઝુંડો ભગવો રાખ્યો હતો.) એ કાળમાં આર્યધર્મ રાજ્યની સત્તા એક ચક્રે સબળ ન હતી, પણ તે અનેક સ્વતંત્ર સત્તારૂપે દીપતી હતી ને તેમાં વિષ્ણુભક્તિ પ્રધાન હતી; પ્રદેશ પ્રદેશના લોક સ્વતંત્ર બુદ્ધિએ પોતાને ગમતા માર્ગ સ્વી-કારતા ને તેને મમતથી પાળતા. લોકનું સામાન્ય ઐક્ય (ધર્મ વિષયમાં) દૃઢ સબળ ન હતું અને વિષ્ણુભક્તિથી લોક વિશેષે સંસારી, વિલાસી, નિર્બળ, ભીરુ થયા હતા અથવા એવી અવ્યવસ્થામાં વૈષ્ણવમાર્ગ નિકળ્યો હતો કે, જેથી તેવા લોક સ્થિતિભ્રષ્ટ થાય નહીં ને સારી સ્થિતિમાં આવી રહે.*

૨. હવે રાષ્ટ્ર રાજ્ય સંબંધીઃ રજપૂત ને આફગાન એ બે વચ્ચે થાણેશ્વર પાસે બેવાર લડાઈ થઈ તેમાં પેલી રજપૂત જીત્યા ને બીજી હાર્યા ને એ સમયથી (૧૧૯૩ થી) આ દેશમાં મુસલમાની રાષ્ટ્રરાજ થયાં. (૦) ૧૨૦૬ થી તે ૧૩૨૧ સુધી રજપૂત ને આફગાન એવી બે જાતની સામ-સામી ઝુરકતી રાજસત્તા હતી. દિલ્હીના બાદશાહ જ્યારે ધસારા કરી આવતા ત્યારે રજપૂતો લડાઈ આપી પોતાનું રક્ષણ કરતા અથવા હારતા

* જૈનધર્મનો કળસ બારમા સૈકામાં ચઢ્યો ને ઉતર્યો; એ માર્ગના લોક જૂજ શિવમાર્ગી પણ કેટલાક વૈષ્ણવ થયા ને કેટલાક હજી જૈન જ છે.

વિષ્ણુસ્વામી રામાનુજની પેલાં થઈ ગયો ને મધ્વ કુમારપાળના સમયમાં હતો. ગજનવી મહમૂદના આવ્યા પછી અને ઘોરી શાહબુદ્દીનના આવવાની આગમજ (ઈ. સ. ૧૧૫૦) રામાનુજે વિશિષ્ટાદ્વૈત એટલે ચિત્ અચિત્ (ચૈતન જડસહિત) એવો એક હરિ છે, એ જ્ઞાન પ્રગટ કીધું હતું. એણે દક્ષિણમાં બલાળ રાજાઓ જે જૈન ધર્મ પાળતા, તેમાંના એક વિષ્ણુવર્ધનને વૈષ્ણવ કીધો હતો (૧૧૩૩). ઓઢિયામાં જગન્નાથની સ્થાપના ચોથા સૈકામાં થયલી, પણ પછી વિષ્ણુભક્તિ નિસ્તેજ થયલી તેથી તેનું મોટું દેરું બંધાયલું નહિં પણ જ્યારે તે પાછી સતેજ થઈ ત્યારે તે બંધાયું હતું (૧૧૯૮). (વિષ્ણુપુરાણ ૧૦૪૫ માં રચાયું, એમ ખ્રિસ્તી વિદ્વાનો કહે છે.) રામાનુજે અવશ્યે ઉંચી જાતિના આર્ય લોકને બોધ્યા પણ રામાનંદે નીચ જાતિના લોકોને પણ પોતાના ધર્મબોધને પાત્ર ગણ્યા અને ત્યાગી ઉપદેશકોને માટે ઠામ ઠામ મઠો સ્થાપ્યા. રામાનંદે આર્ય સમસ્તનું ધર્મવિષયમાં ઐક્ય કરાવવાને તજવીજ કીધી હતી પણ એના શિષ્ય કબીરે આ

તો બાદશાહની આણ થોડી વારને માટે માનતા ને વળી પાછા આણમાં ન હોય તેવું આચરતા. નરવાડના રાજા ચહારદેવે રજપૂત રાજ્યોના અધિરાજ થઈ અલ્તમસ તથા બુલબન એના સમોવડિયારૂપે પરાક્રમ દાખવ્યું હતું (પણ તે હાર્યો હતો;) અનહિલવાડ, દેવગિરી ને ચિતોડ અહીંના રજપૂતો ખુની અલાઉદ્દીનની પણ સામા થયા હતા (પણ કરણે ગુજરાત ખોયું, રામદેવે ખંડણી આપી અને ચિતોડનો કિલ્લો હમીરે પાછો લીધો હતો.) (૨) ૧૩૨૧–૧૫૬૭ સુધીમાં હિંદુ ને મુસલમાન એવી બે સત્તા પરસ્પર સરસાઈ કરતી હતી. મહમ્મદ તઘલખના વખતથી દિલ્હીની બાદશાહી, પ્રાંતોના મુસલમાન હાકેમોએ જ તોડવા માંડી ત્યારથી રજપૂત રાજ્યો નિઃસંદેહ સ્વાધીન જ હતાં. દિલ્હીની બાદશાહીની આણથી મુક્ત સ્વાધીન રાજ્યો હતાં તેમાં રજપૂતમાં આગેવાન મેવાડનું હતું, કે જ્યાંના રાણા સંગે એક લાખ સ્વારોની સરદારી કરી મોગલ બાબરને ફતેહપુર સિક્રી આગળ લડાઈ આપી હતી (પણ હાર ખાધી હતી), અને અફ્ગાન હાકેમવાળાં રાજ્યોમાંના બંગાળાના શીરશાહે બાબરના બેટા હુમાયુને કનોજ આગળ હરાવી પોતાને બાદશાહ કેવડાવ્યો હતો. (૩) ૧૫૬૭–૧૭૦૭ સુધી મોંગલાઈ પ્રકાશી. હુમાયુના બેટા અકબરે રજપૂત તથા આફ્ગાન એ બંને સત્તાને (એકને સામ દામે ને બીજીને ભેદ દંડે) વશ કરીને આ દેશમાં એક ચક્રી મોગલ બાદશાહી સ્થાપી આગરાને રાજનગર કીધું. પણ શાહજહાંના વખતથી દિલ્હી થયું, તે મોગલાઇની આખર સુધી રહ્યું; (હિંદુસ્થાનનાં અધિરાજ પદને માટે રજપૂતો રાણા ઉદેસિંગની સરદારી તળે ૧૫૬૭ માં અકબર સામા ઉઠ્યા હતા પણ અકબરે ચિતોડ લેઈ લડાઇનો અંત આણ્યો હતો.) જહાંગીર શાહજહાંની કારકીર્દીમાં સર્વત્ર શાંતિ હતી પણ ઔરંગજેબે સતરામી વેરાગીઓનું બંડ બેસાડ્યું (૧૬૭૬) ત્યારથી તેણે ખિજવાઇને હિંદુઓ ઉપર જીજીઓ મૂક્યો (એ કર દિલ્હીના આફ્ગાન બાદશાહના વખતમાં લેવાતો પણ અકબરે બંધ કીધો હતો); અને એ ઉપરથી સર્વ વર્ગના હિંદુઓમાં હાહાકાર થઈ રહ્યો. જોધપુરનો જસવંતસિંગ હિંમતથી સામો થયો હતો; એનાં મરણ પછી એનાં કુટુંબ પ્રતિ ઔરંગજેબે તિરસ્કાર બતાવ્યો હતો. તે ઉપરથી પણ રજપૂતો ક્રોધે

દેશના હિંદુ મુસલમાન સૌને એક ધર્મમાર્ગના ઐક્યમાં આણવાની ખંતે મહેનત કીધી. ચૈતન્યનું મત આવું કે સઘળી જાતનાં માણસ ઈશ્વરભક્તિને માટે પાત્ર છે ને ભક્તિથી તે સઘળાં સરખાં શુદ્ધ થાય છે; પૂર્ણ આસ્થા ને નિત્યધ્યાન એજ પ્રભુપ્રાપ્તિનો માર્ગ છે; શાંતિ, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય, માધુર્ય એ ભક્તિક્રમ છે. (ચૈતન્યના મતને મળતું યુરોપમાં 'ક્વાએટિઝમ' હતું, (શૈકા ૧૮ ના આરંભમાં).



ભરાયા ને જસવંતસિંગનાં કુટુંબનું રક્ષણ કરવાને તથા જીજીયાની સામે થવાને તેઓ એકસંપ થઈ બાદશાહની સામા લડ્યા હતા. એ બાદશાહની કારકીર્દીમાં હિંદુધર્મી મરેઠા લોક નવાજ પ્રસિદ્ધિમાં આવ્યા ને એઓના સરદાર શિવાજીએ બાદશાહને બહુ બહુ રીતે પજવી (૧૬૭૪) માં પોતાનું નવું રાજ્ય સ્થાપ્યું હતું. ગુરુ ગોવિંદે સીખ લોકનું બળિષ્ઠ ધર્મરાજ્ય કરવા માંડ્યું હતું (૧૬૭૫). (૪) ૧૭૦૭–૧૮૦૩ એ કાળ મોગલાઇની પડતીનો, પેશવાઇની ચડતી પડતીનો અને (૧૭૫૭ થી) અંગ્રેજ કંપનીની ચડતીનો હતો. *

* (૧) બાદશાહે જેંઘીસખાનના ઉત્પાતમાંના નાસરડુઓને અને તેના મોગલોને હિંદુસ્થાનમાં પેસવા દીધા નોતા. બગદાદના ખલીફે અલ્તમશને પોશાક મોકલ્યો તેથી દિલ્હીની બાદશાહી દુનિયામાં નામીચી જણાઈ; લશ્કરમાં રહેલા મોગલો મુસલમાન થયા, કેટલાક હિંદુ મુસલમાન થયા ને એમાંના કોઈ કોઇએ મોટા દરજ્જા ધરાવ્યા; એ હાકેમોની હિંદુ પ્રજા દુઃખી હતી; અને આ દેશના સઘળા હિંદુઓ જાન, માલ, સ્રીની લાજ, ધર્મ એ બાબતોમાં ઉંચે જીવે રહેતા. (ઉપર જણાવ્યું છે કે ૧૩૨૧ થી આફ્ગાન બાદશાહી નિસ્તેજ થતી ચાલી, પણ તે ખરેખરી તૂટવા માંડી, ૧૯ મો બાદશાહ મહમ્મદ તઘલખ ૧૩૫૧ માં મૂઓ ત્યારથી. છેલ્લે પંજાબના હાકેમ દોલત લોદીએ બંડ ઉઠાવ્યું, મદદમાં બાબરને બોલાવ્યો, એણે પાણીપતના મેદાનમાં ઈબ્રાહિમ લોદીને (૩૪ મો બાદશાહ) હરાવ્યો ને દિલ્હી મોગલની થઈ હતી.)

(૨) બાદશાહથી છૂટાં પડેલાં રાજ્ય આ હતાં: બંગાળાનું (૧૩૪૦ થી); બ્રાહ્મણી (૧૩૪૭), જુવાનપુરનું (૧૩૯૪), ગુજરાતનું (૧૩૯૬), માળવાનું (૧૪૦૧), પછી બ્રાહ્મણીમાંથી વિજાપુરનું (૧૪૮૯ થી), અહંમદનગરનું (૧૪૯૦), વરાડનું (૧૪૮૪), બેદરનું (૧૪૯૮) ને ગોવળકોંડાનું (૧૫૧૨), એ રાજ્યોના મુસલમાનો હિંદુ પ્રજા સાથે હળતા થયા હતા. રજપૂત રાજ્યોમાં મેવાડનું, જોધપુરનું, જેસલમેરનું, વિકાનેરનું, જેપુરનું (એ પ્રથમ અજમેરનું ખંડિયું હતું), બુંદીનું અને બીજા નાનાં નાનાં ઘણાંક હતાં; દક્ષિણમાં વિજયનગરનું ને બીજાં કેટલાંએક નાનાં હિંદુ રાજ્યો હતાં. ૧૪૯૮ ના મેમાં યૂરોપના પોર્ટુગાલી લોકે આ દેશની ભૂમિપર પગ માંડ્યા ને ૧૫૧૦ માં તેઓએ ગોઆને પોતાનું રાજનગર કીધું; ૧૫૩૬ માં દીવનો કિલ્લો બાંધ્યો; ૧૫૭૧ માં તેઓએ વિજાપુર, અહંમદનગર ને કલિકટ એ ત્રણના સંપની સામે એકેકને લડાઈ આપી ગોઆનું રક્ષણ કીધું હતું.

(૩) બાબરના બેટા હુમાયુને બંગાળાના શીરશાહે (આફ્ગાન સૂરવંશનો) હરાવી રઝળતો કીધો (૧૫૪૦ થી), ને એ રીતે ફરી પાછા હિંદુસ્થાનમાં આફ્ગાન બાદશાહ થયા; પણ ત્રીજા બાદશાહ અદિલશાહની ફોજને હુમાયુના બેટા અકબરની મોગલ ફોજે પાણીપતની લડાઇમાં હરાવી–નવંબર ૫, ૧૫૫૬; અને પછી અકબરે ૧૫૭૩ સુધીમાં બીજાં રાજ્યોને પોતાની આણમાં લેઈ મોગલ બાદશાહીને પાકા પાયાપર સ્થાપી

શિવાજીએ વિજાપુર સરકાર તથા મોગલ સરકાર એ બેને છેતરી એ બેની સામા થઈ પોતાને રાજ્યાભિષેક કરાવ્યો. તેનાં મરણ પછી ઔરંગજેબે મરતાં લગી મરેઠીરાજ્યને તોડી નાંખવાને બહુ મહેનત કીધી, પણ મિથ્યા–૧૭૦૮માં શિવાજીના દિકરાના દિકરા શાહુએ સતારા મેળવ્યું, ને ૧૭૧૨માં બાલાજી વિશ્વનાથને પોતાનો પ્રધાન કર્યો. ત્યારથી મરેઠીરાજ્યની વૃદ્ધિ થતી ચાલી. ૧૭૨૦માં દિલ્હીની દરબારે લેખ કરી આપ્યો કે દક્ષિણની ચોથ તથા બીજા હક મરેઠાઓનાં સ્વરાજ્યને મળે ને એ કોઈ પણ સત્તાની આણથી મુક્ત છે. ૧૭૨૪માં સિંધિયા હોલકર ગાયકવાડ એઓએ પોતાનાં ઉપરાજ્ય કીધાં; ૧૭૩૦ માં કોલાપુરનું નવું રાજ્ય થયું; ૩૪ માં માળવામાં, ને ૩૬ માં દિલ્હીમાં મરેઠાની સત્તા સારી પેઠે ચાલી, ૩૯ માં તેઓએ વસૈ લઈ ફિરંગીઓની સત્તા પાયમાલ કીધી, ૫૮ માં લાહોર લીધું, ૬૦ માં નિઝામ ઉપર જીત મેળવી. ૧૭૬૧ માં પાણીપતની લડાઇમાં હાર ખાધી, ૬૪ માં હૈદરઅલીને હરાવ્યો, ૬૯ માં ચંબળનદી ઓળંગી ઘણાંક રજપૂત રાજ્યોને ખંડણી આપતાં કીધાં, ૭૦ માં તેઓ દિલ્હીમાં કર્તા હર્તા થઈ પડ્યા; ૭૨ માં શ્રીરંગપટણના ઘેરામાં ફતેહ ન પામ્યા પણ સઘળી માંગણીઓ કબૂલ કરાવી લીધી; ૭૪માં રાઘોબા પેશવા અંગ્રેજ કંપનીની મુંબઇ સરકારને મળ્યો ને પછી મરેઠા ને અંગ્રેજ વચ્ચે લડાઇઓ ચાલી હતી.

શિવાજીએ ૧૬૬૪ માં પોતાને રાજા કેવડાવ્યું ને તે જ વર્ષમાં ફ્રાન્સના લૂઈ ૧૪ માના આશરા તળે ફ્રેંચ ઇસ્ટ ઇંડિયા કંપની ઉભી થઈ; ૭૪ માં શિવાજીએ રાજ્યાભિષેક કરાવ્યો ને તેજ વર્ષમાં ફ્રેંચલોકે વિજાપુરના રાજા પાસેથી પોંડીચેરીની જગા ખરીદ કીધી કે જે તે વખતથી આ દેશના ફ્રેંચ પ્રદેશની રાજધાની મનાઈ છે; ૮૮ માં ઔરંગજેબ પાસેથી ફ્રેંચે ચંદ્રનગર મેળવ્યું; ૧૭૪૧ માં ડૂપ્લે પોંડીચેરીનો ગવરનર થઈ આવ્યો ત્યારથી તેણે અંગ્રેજોને હિંદુસ્થાનમાંથી કાડવાનો ઘાટ રચ્યો–લાગ પણ હતો કે યૂરોપમાં અંગ્રેજ ફ્રેંચ વચ્ચે લડાઈ ઉઠી હતી. દેશી સરદારોના ટંટામાં

હતી. જહાંગીર તથા શહાજહાં એ બેએ મુગલાઇનો ઉત્કર્ષ દાખવ્યો. ઔરંગજેબે દક્ષિણમાં જીત મેળવી બાદશાહી વધારીને બહારથી અતિભવ્ય દેખડાવી પણ અંદરથી અવ્યવસ્થિત કરી મૂકી; તેનાં મરણ પછી બાદશાહી કમજોર થતી ચાલી.

(૪) ૧૭૨૦–૨૫માં રજપૂત રાજા અજીતસિંગે અજમેરમાં, નિઝામ ઉલમુલ્કે દક્ષિણમાં, સાદતખાને અયોધ્યામાં, મુરશિદકુલીખાને બંગાળામાં પોતપોતાનાં સ્વાધીન રાજ્યો કીધાં. બાદશાહ મહમ્મદશાહ, પોતાની ફોજે સરહિંદની લડાઇથી દુરાની મહમ્મદશાહને હાંકી મેલ્યો તે જોઈ મરણ પામ્યો (૧૭૪૮) ને એ વખતથી દિલ્હીની બાદશાહી પિંખાતી થઈ.



ફ્રેંચ અંગ્રેજો સામસામા ઉતર્યા તેમાં ફ્રેંચ ફાવ્યા; ૫૧ માં ફ્રેંચ સરકારની સત્તા માત્ર મરેઠાઓથી જ ઉતરતી હતી. ૫૫ માં ફ્રેંચ અંગ્રેજને સલાહ થઈ,–આવે કરારે કે કોઇએ દેશીરાજ્યોની ખટપટમાં પડવું નહિ; પણ ૫૭ માં બંનેએ કરાર તોડ્યા ને પાછી લડાઈ ચાલી કે જેથી ફ્રેંચોનું ૬૧ માં પૂરેપૂરું પડી ભાગ્યું; (૬૩ માં પારિસના કોલકરારથી પોંડીચેરી તથા બીજાં કેટલાંક સંસ્થાનો તેઓ હજી રાખી રહ્યા છે). ફ્રેંચોએ અંગ્રેજની સામા હૈદર ટીપુને મદદ કીધી હતી–નેપોલીયને ટીપુ સાથે પત્રવ્યવહાર રાખ્યો હતો.

ઇ. સ. ૧૬૦૦ માં એલીઝાબેથ રાણીએ વેપારીની એક કંપનીને હિંદુસ્થાન સાથે વેપાર કરવાની સનંદ આપી; ૧૩ માં કંપનીએ સુરત, અમદાવાદ, ખંભાત, ગોઘા અહીં કોઠીયો કરવાની બાદશાહની પરવાનગી મેળવી; પછી વળી બીજે કેટલેક ઠેકાણે કોઠીયો ઘાલી ને વેપાર સંબંધી કેટલાક હક માગી લીધા હતા. ૩૯ માં મદ્રાસ મેળવી ત્યાં કિલ્લો બાંધ્યો; મુંબઈ ટાપુ મોગલ સરકારે ૩૦ માં પોર્ટુગીસને આપેલો, તે પોર્ટુગલના રાજાએ ઇંગ્લાંડના ચાર્લ્સ બીજાને આપ્યો ને એણે તે ૬૮ માં કંપનીના હવાલામાં આપી દીધો; ૯૬ માં કલકત્તા તથા બીજાં ગામ કંપનીએ ઔરંગજેબના બેટાના બેટા પાસેથી ખરીદ કીધાં ને કલકત્તામાં કિલ્લો બાંધ્યો. ૧૭૪૬ થી કંપનીએ દેશી રાજ્યોની ખટપટમાં પડવા માંડ્યું; ૫૧ પછી ફ્રેંચ ઉપર જીત મેળવતાં એની સત્તા તોડી; ૫૬ માં બંગાળાના નવાબ સુજાઉદ્દૌલા ને કલકત્તાની કોઠીવાળા એઓ વચ્ચે ઝગડો ચાલ્યો; એ નવાબે અંગ્રેજોના ભૂંડા હાલ કીધા કે જે ઉપરથી અંગ્રેજોએ નવાબની સામાં ઘણીક મેલી ખટપટ કરી હતી, ને ૫૭માં પ્લાસીની લડાઈ જીતી હતી. ૬૫ માં દિલ્હીની દરબારે બંગાળા, બહાર ને ઓરીસા એ ત્રણની દિવાની કંપનીને આપી; ૬૭ માં કંપનીએ હૈદર તથા નિઝામ એ બેને લડાઈ આપી જીત મેળવી; ૭૪ માં રોહીલા લોકને હરાવ્યા; ૭૫ માં કંપની મુંબઈ સરકારે રાઘોબા સાથે પુના સરકારની સામાં સુરતમાં કોલકરાર કીધા; પછી પુના સરકાર તથા મરેઠા સરદારો એઓની સામા અને હૈદર ટીપુ તથા ફ્રેંચ એઓની સામા લડાઇયો ચલાવી હતી; ૯૯ માં કંપનીએ ટીપુને હરાવી શ્રીરંગપટણ લીધું અને ૧૮૦૦ માં નાના ફડનવીસ મરણ પામ્યો કે ૧૮૦૨ ની છેલ્લી તારીખે વસૈના કોલકરારથી મરેઠા સરદારોનો સંપ તોડી, પોતાની હાક તેમનાપર બેસાડી–બાજીરાવે સ્વતંત્રતા ખોઈ ને મરેઠી રાજ્ય માન તેજ બળમાં કંપનીરાજ્યથી ઉતર્યું.

## વર્તમાનકથન.*

૧ આ વર્તમાન સૈકા પોણામાં આર્ય ધર્મરાજ્યની સત્તા કેવળ અવ્યવસ્થિત તથા તેજહીન થઈ રહી છે. શિવમાર્ગ કે કોઈ પણ વૈષ્ણવમાર્ગ દ્રઢ ભાવે પળાતો નથી; પણ હજી લગી લોક તે સત્તાની આણમાંથી ખસ્યા નથી; અને જો કે લોકની વૃત્તિ ધર્મવિષય ભણી દોરાતી નથી તો પણ કોઈ કોઈ પુરુષે પોતપોતાનાં નવાં મત પ્રસિદ્ધિમાં આણ્યાં છે ને જૂદાં જૂદાં મતવાળાં કીધાં છે, પણ એક વિના બીજા તે હજી પાકાં બંધાયાં નથી. પ્રવૃત્તિના ધર્મ પણ ત્રુટિત, અનિયમિત, સંકલ્પ વિકલ્પવાળા, મિશ્રિત, મલિન છે પણ એ સર્વેમાં દેશનું સારું થાઓ એ સામાન્ય શુભેચ્છા (પ્રગટ કે અપ્રગટ, પાકી કે કાચી) તપે છે અને એ જ આજકાલ આર્યધર્મ રાજ્યનું મહાતેજ છે,—બાકી, નથી મહાવિદ્યા કે મહાબુદ્ધિનું, કે બાહુનું કે સમૃદ્ધિનું આજના લોકની નીતિ રીતિ પણ મનસ્વી રીતે સારી નરસી મનાય છે.

* ખ્રિસ્તી રાજ્યકાળના આરંભમાં અયોધ્યાના એક જણે સાધુ થઈ ગૂજરાત કાઠિયાવાડમાં ઉદ્ધવ સંપ્રદાય નામનો વૈષ્ણવપંથ ચલાવ્યો, જે વળી સ્વામીનારાયણનો કહેવાય છે. (જ. ૧૭૮૦ ને મ. ૧૮૨૯.) એ પછી ધર્મવિચાર પ્રસિદ્ધ કરનારાઓમાં બંગાળાનો બ્રાહ્મણ રામમોહનરાય થયો (૧૭૭૪-૧૮૩૩);—એણે મૂર્તિઓને નિંદી, ને ઉપનિષદમાં વર્ણેલાં અદ્વૈત બ્રહ્મને જગદીશ્વર માન્યો અને ચાલતાં ધર્મકર્મવિષે નિઃસ્પૃહ રહી બ્રાહ્મ ધર્મનું મંદિર સ્થાપ્યું ને ત્યાં અઠવાડિયામાં એકવાર પ્રાર્થના તથા ઉપનિષદ્ કથા ચાલૂ રાખી. એ બ્રહ્મસમાજમાંનો કેશવચન્દ્રસેન (વૈશ્યજાતિ) એ એક જગદીશ્વરને માને છે; વેદ બ્રહ્મવાણી છે, એમ માનતો નથી; અને જાતિભેદ ન પાળવો, મૂર્તિપૂજા શ્રાદ્ધાદિ ન જ કરવાં એવો તેનો આગ્રહ છે—તેણે પોતાનો માર્ગ ચલાવ્યો છે. દક્ષિણીઓમાં વિષ્ણુ બ્રહ્મચારી થઈ ગયો. તેણે વેદોક્ત ધર્મને સર્વ રીતે માન્ય રાખી લોકને સમજાવ્યો અને નીતિરીતિ સંબંધી કેટલીક શિક્ષા આપી. ગુજરાતી પણ હિંદુસ્થાનમાં રહેલો દયાનંદ સરસ્વતી એ વેદને સત્ય મનાવે છે, એક જગદીશ્વરની સ્તુતિ પ્રાર્થના કરવાનો બોધ આપે છે, મૂર્તિપૂજન સંપ્રદાય ચલાવનારા બ્રાહ્મણોના દોષ દેખડાવે છે, પણ દેશના—આર્યના ઉત્કર્ષને માટે દેશાભિમાન, ઐક્ય, બાહુબળ સંબંધી પ્રવૃત્તિના ધર્મનો અવશ્યે બોધ કરે છે; એણે મુંબઇમાં આર્યસમાજ સ્થાપી છે. કેટલાક દક્ષણી ગુજરાતી નાનાં મંડળ પોતાના વૃદ્ધનાં ધર્મકર્મ પાળે છે પણ આઠે દહાડે એકવાર જગત્કર્ત્તા એક પ્રભુનું ભજન કરવાને એકઠા મળે છે કે જે મંડળ પ્રાર્થનાસમાજ એ નામે ઓળખાય છે. ગુજરાતનાં ગામડાંઓમાં કેટલાક વેશધારી દક્ષિણીઓ શંકરાચાર્યને નામે કણબી રજપૂત વગેરે લોકને શિવભક્તિનો બોધ કરે છે.

ખ્રિસ્તી રાજ્યના સંબંધથી લોકમાં બે જથા થયા છે, કે જેને આપણે જૂના વિચારના ને નવા વિચારના કહીએ. જૂના વિચારના લોક ઘણા છે ને તેઓને દોરનારો



૨ હવે રાષ્ટ્રરાજ્યસંબંધી:* બહારના લોકના હુમલાઓની સામા થવાના પ્રસંગ નહિ, નિર્માલ હિંદુ મુસલમાન દેશી રાજાઓ પરસ્પર વઢે ને રાજ્યમાં બખેડા થાય તેવો સંભવ નહિં, તો હવે દેશીરાજ્યોની ઉપર દેખરેખ રાખવી અને ખુદની પ્રજાની વ્યવસ્થા રાખવી એ જ કામ અંગ્રેજ સરકારે કરવાનું તે તેણે પચાસેક વર્ષ લગી જસ સાથે કીધું—લોકના માંહોમાંહેના બખેડાથી તેઓના જાનમાલની ખરાબી ન થાય તેને માટે બંદોબસ્ત; અમલદારો

મોટો બ્રાહ્મણવર્ગ છે કે જે આજ કેટલીક રીતે કર્મભ્રષ્ટ થયો છતે પોતાના વૃદ્ધના વિચારને વળગી રહ્યો છે અને દિઙ્મૂઢ રહી સમય જે કરે છે, તે જોયા કરે છે. નવા વિચારવાળા થોડાક છે; આગેવાન પુરુષ જૂજ છે—કોઈ ધર્મસુધારામાં, કોઈ સંસારસુધારામાં, કોઈ રાજ્યસુધારામાં, કોઈ દેશની સમૃદ્ધિ વધારવામાં વિશેષ આગળ પડતા છે પણ પોતાના વિષય સંબંધી પાકો વિચાર કોઈનો નથી. એક ઈશ્વરનું ધ્યાન કરવું, મૂર્તિપૂજન શ્રાદ્ધાદિ કર્મ ન કરવાં, જાતિબંધન ન પાળવું, દેશાંતર કરવામાં બાધ ન સમજવો, વિધવાને પુનર્વિવાહ કરાવવો, પુરુષે એકથી વધારે સ્ત્રી ન કરવી, સ્ત્રીને દાસીરૂપે ન જાણવી, વિદ્યાભ્યાસ કરવો, ઉદ્યમ કરવો, રાજા પ્રજાના ધર્મ જાણવા, દેશનો ઉત્કર્ષ થાય તેને અર્થે પ્રયત્ન કરવો એ સા સુધારાના સાધારણ વિચાર કહેવાય. ધર્મસંબંધી વિષયમાં જો કે એક જગદીશ્વરને માનવો એવું કહે છે પણ તેનાં સ્વરૂપવિષે કોઇનો નક્કી વિચાર નથી; જૂજ જણ વેદને માન આપે છે પણ તેમાં શું છે તે સમજીને નહિ; ઘણાક જણ મરણ પછીની જીવની સ્થિતિવિષે ને સ્વર્ગ નર્કવિષે સંશયી છે ને કેટલાક તો નાસ્તિક છે ને આ જીંદગીનાં જ સુખને સાચાં માને છે; ઘણા જણ દેવપિતરભૂતયોનિ, અવતરણશક્તિ, યોગસિદ્ધિ એને હસી કાઢે છે; કેટલાક બુદ્ધિવાદના જ અનુમાનને સત્ય માને છે, ઈશ્વરપ્રસાદને માનતા જ નથી; ઇત્યાદિ.

ખ્રિસ્તી રાજ્યમાં લોકનો કેટલોક ભાગ પ્રવૃત્તિ ધર્મનો હિમાયતી છે પણ રાજવર્ગ ને લડવૈયો વર્ગ એ જે સમયે સમયે ખરી પ્રવૃત્તિમાં મચનારા તે હજી જૂના વિચારને જ વળગી રહ્યા છે. સુધારાવાળા દોડાદોડ કરે છે પણ સંસારબંધન તોડી શકતા નથી ને ઉદ્ધતપણે તોડવાને ઇચ્છતા નથી; તેઓમાંના કેટલાક ખ્રિસ્તી લોકની નીતિરીતિ લેવાનું મન કરે છે પણ ખ્રિસ્તીધર્મ અંગીકારવાનું જરાએ મન કરતા નથી. ખ્રિસ્તી ઉપદેશકો પોતાનો ખંતીલો શ્રમ છતે આર્ય ધર્મરાજ્યના લોકમાંના જૂજ જણને ને તે પણ નીચી કહેવાતી જાતિનાને ખ્રિસ્તીધર્મમાં આણી શક્યા છે.

* વસૈના કોલકરાર મરેઠાઓને પરવડ્યા નહિ ને તરત પાછી લડાઈયો ચાલી—કંપનીએ મરેઠાઓને જીત્યા, પેશવાને પદભ્રષ્ટ કીધો ૧૮૧૮ માં, ને બીજે વર્ષે પિંડારા સરદારોને જીતી મરેઠા સરદારોના પ્રદેશની વ્યવસ્થા કીધી. ૧૮૨૬ માં ભરતપુરનો કિલ્લો લીધો; ૩૩ માં કૂર્ગના રાજ્યપ્રદેશમાં સત્તા બેસાડી, ૪૩ માં સિંધ મેળવ્યું; ૪૫-૪૬ માં સીખ સરદારો સાથે લડાઇયો કરી પંજાબની વ્યવસ્થા કીધી; ૪૯ માં પંજાબ, ૫૩ માં નાગપુર ને ૫૬ માં અયોધ્યા એ અંગ્રેજી રાજ્યમાં મેળવ્યાં.

અન્યાયે ન વર્ત્તે ને અપરાધીઓને દંડ થઈ લોકને શિક્ષા મળે તેન માટે ધારા; ઇચ્છા પ્રમાણે ધર્મ પાળવાની છૂટ, ઇચ્છા પ્રમાણે પહેરવા ઓઢવાની છૂટ, ઇચ્છા પ્રમાણે ઉદ્યમ ધંધા કરવાની છૂટ, ઇચ્છા પ્રમાણે વિચાર પ્રસિદ્ધ કરવાની છૂટ વગેરે; દેશી અંગ્રેજી કેલવણી, ને નિયમિત મળતા પગારવાળી સરકારી નોકરી; સડક ને તાર; પોસ્ટ આફીસ ને દવાખાનાં; સસતી ને સારી સુખ સામગ્રી,–એ સર્વ વાતથી આ દેશના લોક અંગ્રેજી રાજ્યને વખાણતા ને તે આબાદ રહે તેવું ઇચ્છતા. પણ પંજાબ, નાગપુર ને અયોધ્યા, અહીંનાં રાજ્યો ખાલસા કરવામાં આવ્યાં અને ૧૮૫૭ માં બળવો થયો ત્યાર પછી અંગ્રેજ સરકાર અને દેશી લોક સમસ્ત એઓનો એકબીજા ઉપરથી સ્નેહ ઉઠી ગયો છે.–લોકમાંના વિચક્ષણ પુરુષ તથા શ્રીમંતજન એઓની સભાઓ કેટલાક વર્ષ થયાં દેશીઓનાં દુઃખ વિષે સરકારને જણાવે છે અને વર્ત્તમાનપત્રવાળાઓ લોકના વિચારો જણાવી સરકારે કરવા ધારેલાં કામ ઉપર ચર્ચા ચલાવે છે, તોપણ સરકાર તેની સ્પૃહા રાખતી નથી; સરકાર લોકહિત સંબંધી આમ કરીશું એવું જણાવે છે ને પછી તેમાંનું કંઈ તે કરી બતાવતી નથી; ૧૮૫૮ ના ઢંઢેરામાં પ્રસિદ્ધ કરેલા વિચારથી ઉલટી, હાલમાં જોઇએ છિયે તેવી સરકારની વર્ત્તણુક છે. અંગ્રેજીરાજ્યે લોકને પોતાનાં દુઃખ જણાવતાં ને હક માગતાં શિખવ્યું, અંગ્રેજીરાજ્યે લોકની વૃત્તિ બદલાવી ને ઇચ્છા અતીસે વધરાવી–એઓને એઓની પરંપરાની નિવૃત્તિમાંથી ખસેડ્યા ને પ્રવૃત્તિના મોહપાશમાં નાંખ્યા અને અંગ્રેજીરાજ્ય હવે એઓના લાભમાં કંઈ કરી શકતી નથી; ઉત્કંઠિત લોક વધારે અધીર થતા જાય છે અને કેટલાક અમલદારો મદે ભરાઈ તિરસ્કારે ને અન્યાયે વર્તે છે. લોક નિર્ધન થયા છે, અને ઉદ્યમ–ઉદ્યમનાં સાધન રહિત છે, વળી કર વેરા સરકારને આપવાના છે જ, પરદેશી વસ્તુ વાપરવાને નવો રીવાજ ચાલ્યો છે એથી પણ લોક દુઃખી છે. આજકાલ લોકની જાત (દેહ તથા મન) અવ્યવસ્થિત છે, ઘર (મર્યાદા તથા સંપ) અવ્યવસ્થિત છે, વેપાર (ધીરધાર) અવ્યવસ્થિત છે, ધર્મ (નિવૃત્તિ પ્રવૃત્તિના) અવ્યવસ્થિત છે અને રાજ્યનીતિ અવ્યવસ્થિત છે.*

* **આર્ય** ધર્મરાજ્યની પ્રજાનો મોટો ભાગ તથા મુસલમાન વગેરે તે **અંગ્રેજ** સરકારની ખુદની પ્રજા છે અને નાનો ભાગ તથા મુસલમાન વગેરે તે દેશી રાજ્યોની પ્રજા છે; હિંદુ મુસલમાન દેશી રાજ્યોની પ્રજામાંનો થોડોક ભાગ મુકાબલે વધારે સુખી હશે પણ ઘણો ભાગ નથી–કારણ કે દેશી રાજ્યો પણ સ્થિતિભ્રષ્ટ છે. દેશી રાજાઓ તે મોગલાઈની વખતના જાગીરદાર દેસાઇયો જેવા છે ને એઓની તે વખતે જે હાલત હતી, તેવી પણ અમણા નથી–તેઓને પરસ્પર સંબંધવહેવાર નથી; તેવી જ જરૂર હોય



## વિવેચન.

૧ આદિ મધ્ય અવસાનમાં કાળ તો છે જ. એને વળી વીર્ય, દેશ, ધર્મ, નીતિરીતિ, ભાષા એને સંયોગે દેશીજનમંડળનું સ્વરૂપ ઘડાય છે કે જે, તે પાંચ વાનાંમાંથી પહેલાં ત્રણમાંના એકનાં પ્રધાનપણાં ઉપરથી એન નામે ઓળખાય છે. આર્યલોકે પોતાની વસ્તીના પ્રદેશને આર્યાવર્ત કહ્યો છે, એમાં આર્યશબ્દ વીર્ય (જાતિકુળ) સૂચક છે; સિંધુસ્થાનનું હિંદુસ્થાન, તો એ શબ્દ દેશસૂચક છે; મુસલમાન ખ્રિસ્તી વગેરે લોકથી જૂદા આ દેશના ઘણાક (બ્રાહ્મણ જૈન સર્વ જે ધર્મ રીતભાત ભાષામાં ઘણુંકરીને સરખા જેવા છે) તે હિંદુ—અહીં હિંદુ શબ્દ અવશ્યે ધર્મસૂચક છે. પશ્ચિમના લોક જેને ઇતિહાસકાળ કહે છે તેનાથી બહુ જ છેટેના કાળમાં જે લોકે જે દેશમાં આવી જે જ્ઞાનધર્મ તથા નીતિરીતિ સ્થાપ્યાં ને જે ભાષા પ્રવર્તાવી તેજ લોકના વંશજ (હીણા), તેજ દેશમાં (હિંદુસ્થાનમાં), તેજ જ્ઞાનધર્મ નીતિરીતિ (મલિન) ને તેજ ભાષા (પ્રાકૃત સ્વરૂપે) વાપરતા આજે છે જ; વેદધર્મી લોકનું, આર્યલોકનું, ઋષિબ્રાહ્મણદ્વારા પ્રેરિત ધર્મનું, ઉપર કહેલાં પાંચે વાનાંએ અનુકૂળ પરંપરાથી અખંડિત ચાલ્યું આવતું,

તો વળી સરકારની મંજુરિયતે વહેવાર થાય; એજન્ટ રેસિડેન્ટની હંમેશની નિઘેદારીની તાબેદારીમાં, લશ્કરી છાવણીના રક્ષણમાં હોઇને, રાજકાજ કારભારીઓને સોંપી રાજાઓ પોતાના છંદમાં ગુલતાન રહે છે ને વખતે વખતે પોતાનાં રાજનગર છોડી બોલાવ્યા હોય ત્યાં જઈ વડી સરકારે આણેલા પ્રસંગને મુજરો ભરી આવે છે–નાણાંની તંગીમાં નજરાણાં સંબંધી, જવા આવવા સંબંધી ને જ્યાં જાય ત્યાંના લોક બજાર સંબંધી ખરચ કરે છે–એઓ પોતાની પ્રજા ઉપર વેરા નાખે છે; ભાયાતની જમીનોમાંથી કેટલીક રાજાઓએ પચાવી છે તેથી તેઓ દુઃખી છે; તેઓની ફરીઆદ **અંગ્રેજ** સરકાર ઘણો ખરચ થયા પછી સાંભળે છે અથવા નથી સાંભળતી. કારભારીઓને પોતાના રાજાની ને **અંગ્રેજ** અમલદારોની બંનેની મરજી રાખવાની; તેઓએ રસ્તા, પોસ્ટ ઓફિસ, ઇસ્પિતાલ, નિશાળ વગેરે સુધારા કીધાની આબરૂ મેળવવી, અમલદારોની મહેરબાની મેળવવામાં પોતાની વગ સત્તા વધારવી અને રાજાઓને અજાણ્યા રાખી સરકારની મેહેરબાનીની વાતો સમજાવી કામોને બાંને નાણાં કઢાવી પોતાનાં ઘર ભરવાં, એ રાજનીતિ આજકાલના દેશી કારભારીઓની છે.

બળવાના વખતથી તે હાલલગીના મોટા બનાવો–પ્રજા શસ્ત્રરહિત થઈ તે; કમાઈ ઉપર કર હતો તે; **અમીરખાન**, કુકા, **નાનાસાહેબ** નામનો શખ્સ ને **મલારરાવ** એઓની તપાસ ચાલેલી તે; જસટિસ **નોર્મન** તથા **લાર્ડ મેયો** એનાં ખૂન થયાં તે; સરહદના પહાડી લોક સાથે લડાઈયો થઈ તે; મોટી દરબારો ભરાઈ તે; શાહજાદાઓ આવ્યા ગયા તે.

પંદર કરોડ જેટલા લોકનું એક મહારાજ્ય છે જેમાં જ્ઞાનધર્મ રાજા પોતાના પ્રૌઢ સ્વરૂપના પ્રકાશમાં સમયસમયનાં સ્વરૂપ દર્શન કરાવે છે. *

---

* બ્રાહ્મ ને બૌદ્ધ જૈન જ્ઞાનવાદમાં જૂદા છે પણ સૂક્ષ્મ તથા સ્થૂલ ધર્મોમાં ઘણું કરીને સરખા જ છે; પ્રથમના બૌદ્ધ લોકમાં કેટલાક બ્રાહ્મણ હતા જ. જૂનામાં જૂના પશ્ચિમના લોકના વંશજ જે પોતાનો જૂનો ધર્મ પાળી રહ્યા છે તેમાં જે યાહુદી ને જરતોસ્તી તેઓ આજ દેશસ્થિતિસંખ્ય ભ્રષ્ટ છે; ખાલદી ને મિસ્રી ધર્મરાજ્ય તો જૂના કાળમાં જ લય પામી ગયાં છે.

લયાઓટ્સી અને કનફીયુશિયસ એના ધર્મના ચીનાઓએ બૌદ્ધ ધર્મને પણ પૂજ્ય માન્યો અને પરંપરાની પૂર્વજભક્તિનીતિરીતિરાણીનો પ્રધાન કરી સ્થાપ્યો ઇ. સ. શૈ. ૧ માં; ને એ આજ ૪૫ કરોડ વસ્તીની વ્યવસ્થા રાખે છે. નીતિરીતિ દેશ સાથે વળગેલી છે તેથી, ચઢી આવી હલ્લો કરનારાં ટોળાં દેશી લોકમાં ભળી ગયાં છે તેથી અને ઘણો કાળ પરદેશીના સંબંધમાં ન આવેલા માટે દેશ ઉપર જ સ્નેહ બાઝી ગયલો તેથી દેશનું માહાત્મ્ય ધર્મ કરતાં વિશેષ આગળ પડે છે. (ચીનનાં મહારાજ્યમાં આજકાલ ૪ કરોડ મુસલમાન છે પણ માથે ચોટલા રાખે છે.)

ખ્રિસ્તીધર્મરાજ્ય તે બૌદ્ધધર્મરાજ્યના જેટલું છે (કંઈક ઓછું કે કંઈક વધતું પણ હોય;) પણ તે રાષ્ટ્રરાજ્યના (રોમ પારિસના) આશ્રયે જન્મ્યું અને પાછળથી પોપ તથા જર્મન રાજા વચ્ચે સર્વોપરિપણાને માટે ઝઘડા મચ્યા, પછી બે રાજ્ય જૂદાં ગણાયાં ને આજકાલ ધર્મરાજ્ય તે રાષ્ટ્રરાજ્યને આશ્રયે તથા એને અનુસરી વર્તે છે.

મહમ્મદીધર્મરાજ્ય તે આર્યરાજ્યનાં જેટલું જ છે. આપબળની દોડે લોકમાં તથા પ્રદેશમાં વિસ્તાર પામ્યું અને પાછળથી જો કે તેનું રાષ્ટ્રરાજ્ય ત્રૂટિત થયું ને જેંઘિસ મોગલે બગદાદની ગાદી ઉઠાવી નાખી તોપણ તે હજી સતેજ દીપે છે ને પોતાની આણમાંના સર્વોપરી રાષ્ટ્રરાજ્યની આબાદીને ઇચ્છે છે.

આર્યધર્મરાજ્ય તે રાષ્ટ્રરાજ્યને પોતાનું એક અગત્યનું અંગ માને છે; એ અંગ જો અંગીને અનુકૂળ હોય છે તો તે બંને ઉત્કર્ષમાં પ્રકાશે છે અને પ્રતિકૂળ હોય છે તો અંગી તેની સ્પૃહા ન રાખતાં પોતાને જ બળે પ્રદીપે છે.

આર્યધર્મરાજ્યનું સનાતનપણું નક્કી કરવાને આ ટિપ્પણ સ્મરણ અવશ્ય છે: વર્ત્તમાન શ્વેતવરાહ કલ્પનો આરંભ આજથી ૧,૯૬,૦૮,૫૨,૯૭૭ વર્ષ ઉપર થયો અને આ સાતમો મન્વંતર બેઠાને ૧૨,૦૫,૩૨,૯૭૭ વર્ષ થયાં; ચાર યુગની એક ચોકડી એવી ૨૭ ચોકડી ગઈ ને આ અઠાવીસમી બેઠી તેને આજ ૮૩,૯૨,૯૭૭ વર્ષ થયાં છે; અને આ કલિયુગ બેઠાને ૪૯૭૭ વર્ષ થયાં છે (ઇ. સ. પૂ. ૩૧૦૧); અને ત્યારથી જ યુધિષ્ઠિર શક ચાલ્યો ને પછી ૩૦૪૪ વર્ષે વિક્રમ શક બેઠો એમ પંચાંગમાં હોય છે. રાજતરંગિણીમાં લખ્યું છે કે કલિયુગના આરંભ પછી ૬૫૩ વર્ષે કૌરવ પાંડવ થયા. વરાહમિહિરમાં છે કે શાલિવાહન શકની પૂર્વે ૨૫૨૬ વર્ષ ઉપર યુધિષ્ઠિરે ઇન્દ્રપ્રસ્થમાં રાજ્ય આરંભ્યું, એટલે વિક્રમ પહેલાં ૨૬૯૧ વર્ષ ઉપર.



આર્યધર્મરાજ્યનીતિનાં તત્ત્વ આવાં કહાય છે; (૧) એક જે નિત્ય છે તેને જાણવું, જોવું, પામવું, અનુભવવું. (૨) એકમાંથી અનેક કાળેકાળે થઈ આવી સમાઈ જાય છે, પણ તે એક પોતે છે તે છેજ. (૩) એક જે પૂજ્ય તેની આજ્ઞામાં રહી અનેકે પરસ્પર વ્યવસ્થિત રહેવું. (૪) એ વ્યવસ્થા અનેકનાં ગુણકર્મના વર્ગ પાડી કરવી. (૫) મર્યાદામાં રહેતાં કર્મ કરવાં. (૬) જે એકને તે અનેકને તથા જેવું પોતાને તેવું સૌને. (૭) શુદ્ધાચાર રાખવો–અંતર તથા બહાર. (૮) પ્રારબ્ધ પણ વળી પુરુષપ્રયત્ન. (૯) શાંતિમાં જ સાચો મોટો ઉંચો આનંદ છે.–એ તત્વો ઉપર નિવૃત્તિપ્રવૃત્તિનાં સકળ કાર્યની વ્યવસ્થા આધાર રખે છે. *

આર્યધર્મનો ઉદ્દેશ બ્રહ્મજ્ઞાન છે. જેથી જગતની ઉત્પત્તિ થાય છે, જેવડે જગત્ સ્થિતિમાં રહે છે ને જેમાં જગત્ પાછું લય પામે છે તે બ્રહ્મ છે–એક, અનાદ્યનંત, જ્ઞાન–આત્મ સ્વરૂપ, શાંત–તેજસ્ આનંદ સ્વરૂપ છે. એ નિર્ગુણ બ્રહ્મનાં જ્ઞાન સાથે–એનું જ્ઞાન પામવાને સગુણ બ્રહ્મના કોઈ

---

એક ફ્રેંચ વિદ્વાને હાલમાં પોતાના ગણીતના જોરે જણ્યું છે કે, પૃથ્વી વસવાજોગ થઈ તેને ૬ અબજ વર્ષ થયાં છે; ભૂતળવિદ્યાના પંડિતો તેથી વધારે વર્ષ કહે છે. પશ્ચિમના ઇતિહાસ કર્તા મનુષ્યની ઉત્પત્તિને માટે ઈ. સ. પૂ. ૪–૫ હજાર કહે છે ને વસ્તીચક્રનો ફેરફાર પ્રલયે કીધો તે ઈ. સ. પૂ. ૨૩૪૮.

* મનુષ્યના મનની વૃત્તિ બે પ્રકારે રહી છે; પોતાનાં અંતર ભણી ને સંસારભણી; કોઈ મનુષ્યમાં પહેલી ને કોઈમાં બીજી વિશેષ તેજ બળવાળી હોય છે; કેટલાંક મનુષ્ય સ્વભાવે જ સંસાર પ્રતિ ઉદાસી તથા સંતોષી અને કેટલાંક ઉમંગી તથા લંપટ હોય છે; આ દેશના લોકનો મોટો ભાગ પ્રથમથી જ નિવૃત્તિને ઇચ્છનારો છે ને એટલા જ માટે તેનાં જ્ઞાનકર્મનો ઉદ્દેશ શાંતિ સુખ છે. (બૌદ્ધ ધર્મે વેદધર્મી લોકનાં એક બ્રહ્મને ન માન્યું તોપણ શાંતિસુખને તો માન્યું જ.)

મનુષ્યના મનમાં નિવૃત્તિપ્રવૃત્તિના સંકલ્પ જાગે છે, દોડે છે, સ્થિત અવ્યવસ્થિત થાય છે, પાછા સમાઈ જાય છે. એ જ્ઞાનનો અંકુશ સર્વ દેશના લોકને છે પણ એ જ્ઞાનને અનુસરી વર્તતાં તો આ જ દેશના લોકને આવડે છે. (ને દેશસ્થિતિ પણ ઠરીને વિચાર કરવાને સર્વ વાતે અનુકૂળ છે;) બીજા દેશના લોકને સંસારી ખટપટ સ્વભાવે વિશેષ રુચે છે ને તેમાંથી પરવારવું અશક્ય છે, દેશસ્થિતિ અનુકૂળ નહિ તેથી. આર્યની રાજ્યનીતિનો જય અનેક સ્મૃતિઓમાં પ્રકાશે છે; તેઓના યુદ્ધજયી મહાપુરુષો ચિરંજીવી પુરાણગ્રંથોમાં ને દેહેરાંઓમાં વિરાજે છે અને પદાર્થ શાસ્ત્રમાં જો કે અમણાના જેટલા શોધ કરવાની જરૂર કે ઈચ્છા નોતી, તોપણ વનસ્પતિ, રસાયન, વૈદ્યક, શિલ્પ, યુદ્ધ, ગણિત, જ્યોતિષ વિદ્યાના ગ્રંથો આજ પણ શોધ્યા ઘણા જડે છે; અને આ દેશની સમૃદ્ધિ વિશે તો બોલવું જ શું, કે જે ઘણા કાળથી પરદેશી મોટાં રાજ્યોને મોહ જ પમાડતી છે.

પણ ગુણ સ્વરૂપની આરાધના કર્મ ઉપાસના ભક્તિએ કરવી, (જેની જે દેવ ઉપર આસ્થા બેસે તેણે તે દેવની ને ઇચ્છામાં આવે તેવે પ્રકારે–જપે, તપે, યજ્ઞે, વ્રતે, પૂજને ઇત્યાદિ) એ આર્યધર્મનું નિત્ય સ્વરૂપ છે. બ્રહ્મનાં સ્વરૂપ વિષે એક કાળે ને જૂદે જૂદે કાળે જૂદી જૂદી પ્રકૃતિના વિદ્વાનોએ જૂદા જૂદા તર્ક સિદ્ધ કીધા છે ને તે તે પ્રમાણે કર્મ પ્રવર્ત્તાવ્યાં છે. બ્રહ્મ-જ્ઞાન વિના મુક્તિ નથી. એ જ્ઞાનની પ્રાપ્તિને અર્થે અંતઃકરણની શુદ્ધિ અવશ્ય છે ને એને અર્થે અમુક કર્મ અવશ્ય છે; વૈરાગ્ય ને એકાગ્રતા.

શાસ્ત્રાભ્યાસે આત્મતત્વદર્શન ને યોગાભ્યાસે જ્ઞેયનું સાક્ષાત્કારપણું એ થાય ત્યારે ઉપનિષદનું બ્રહ્મ અનુભવાય–એ જે દુર્લભ ઉંચું જ્ઞાન તે બ્રાહ્મ-ણોનું જ છે, એ ઉપર વેદધર્મ રચાયો છે. શિષ્ટ બ્રાહ્મણોએ એ નિર્ગુણ બ્રહ્મને જગત્કર્ત્તા પુરુષ ઐશ્વર્યવાન્ બ્રહ્મા આદિદેવ મનાવ્યો ને એની આજ્ઞા પ્રમાણે ગાયત્રી મંત્રના ઉપદેશથી આર્યમંડળ સંસ્કારી થયું ને ગાયત્રી મંત્રે જ (જ્ઞાનના) પ્રકાશના અધિષ્ઠાતા (બ્રહ્મ) સૂર્યદેવનું ત્રિકાળ સંધ્યોપાસન ચાલ્યું; અને દેવ પિતૃ અર્થે જે કર્ત્તવ્ય તે પળાયું.*

* જેવી મનુષ્યસૃષ્ટિ છે તેવી અંતરિક્ષમાં પણ કેટલીક સૃષ્ટિઓ છે કે જ્યાંના પ્રાણીઓને, આપણે આપણી બહારની આંખે જોઈ શકતા નથી, પણ તેઓ આપણને જોય છે, તેઓ મહાશક્તિમંત છે; આપણામાં જે ગુણ છે તે ગુણ તેઓમાં પણ વધારે મોટા તથા ઊંચા છે. તેઓને સાધ્યાથી મનોરથ વહેલો પાર પડે છે; દેવ દૈત્ય સ્વર્ગ નર્ક પુણ્ય પાપ ઇત્યાદિ વિષય, સૃષ્ટિના આરંભકાળથી લોકમાં મનાતા ને પંડિતોમાં ચરચાતા આવ્યા છે. આ દેશમાં તો બ્રહ્મ, બૌદ્ધ, જૈન આચાર્યોએ સંકલ્પ સૃષ્ટિના ચમત્કાર સત્ય માન્યા છે; ખાલદી, મિસ્રી, ઈરાની, ગ્રીક, રોમન, ખ્રિસ્તી, મહમંદી એ સર્વેનાં ધર્મ પુસ્તકે અંતવાહક પ્રાણી દેવ ફરેસ્તા આદિ લેઈ, છે એવું મનાવ્યું છે. આર્યલોકે અગ્નિ વાયુ વરુણ સૂર્ય એ આદિ થોડાકને વિશેષે કર્મઉપાસનાએ સેવ્યા–તેઓ જડરૂપે ઈશ્વરની કૃતિના જયદર્શક છે એ ભાવે નહિ ને તેઓની જડ પ્રતિમા-રૂપે પણ નહિં, પણ તેઓ બ્રહ્મસત્તાનાં ચેતનસ્વરૂપ ફળદાતા છે એમ માનીને.

જગત્કર્ત્તા એક છે એટલું જ જાણવું કે સત્ય માનવું એ કંઈ ધર્મ નથી; સંકલ્પ-પૂર્વક જે આચરણ તે અથવા વિધિયુક્ત કર્મનું જે પાલણ તે ધર્મ છે. કલ્યાણ કરશે જ, એ ભાવે તે એકની પણ ઉપાસના અંતઃકરણ શુદ્ધ રાખી કરાય ત્યારે તે કર્મ ધર્મ કેવાય; અંતઃકરણશુદ્ધિ, સત્યઉપર ભક્તિ ને નહિં તૃષ્ણા ભુક્તિમુક્તિની ને એકનું જ નિત્ય ધ્યાન એવું આચરણ હોય તે. અનેક કામનાવાળા લોકથી તે ધર્મ પળાય તેવો નહિ માટે બુદ્ધિપ્રમાણે ઇષ્ટદ્વારા પરમેશ્વરને અર્થે કરવું એ આર્યધર્મ છે.

જેને હાલ નવા વિચારના લોક દેવલાં મૂગી મૂર્તિ–જડપદાર્થ કહે છે તેને તેઓએ બાળપણમાં ચેતન ભાવથી પૂજી છે; તેમાંના કેટલાક સંશયી ને કેટલાએક નાસ્તિક થયા છે; પૂર્વે તેઓની શુદ્ધ ભાવવાળી જે સ્થિતિ હતી તે હાલ નથી; થોડાક જાણ



યુધિષ્ઠિર પછી દોડેક હજાર વર્ષે ક્ષત્રીકુળ પૂરાં નાશ પામ્યાં, અનેક બુદ્ધિવાદ ચાલ્યા, બ્રાહ્મણવર્ગ પણ કેટલોક તૂટ્યો, બીજા લોક ભ્રષ્ટ થઈ સ્વચ્છંદે વર્તતા થયા,–એ અવ્યવસ્થા જોઈ શિષ્ટ બ્રાહ્મણોએ પોતાના વર્ગને માટે વેદોક્ત કર્મ (સંક્ષિપ્ત) રાખી રહી એની સાથે પુરાણોક્ત ધર્મ પાળ્યો ને લોક પાસે પળાવ્યો;–શિવ શક્તિ, વિષ્ણુ આદિ દેવદેવીની ઉપાસનાનું મહાત્મ વધાર્યું (બ્રહ્મ અને ઈંદ્રાદિ દેવતાનું મહાત્મ ઓછું કીધું ને યજ્ઞ બંધ કીધા); કાળાંતરે ઉપાસના બંધ કીધી ને શિવ વિષ્ણુની ભક્તિના માર્ગ ચલાવ્યા. (એ બે વિષે અવશ્ય જેટલું પૂર્વે કહ્યું છે.)

અમણાં વળી ધર્મ અવ્યવસ્થિત થયો છે. કેટલાક સુધારાવાળાઓ બૌદ્ધ ધર્મ પાળનારા કહેવાય;–વિક્રમ પહેલાં નિવૃત્તિનો બૌદ્ધ ધર્મ હતો ને અમણાં પ્રવૃત્તિનો બૌદ્ધ ધર્મ છે; તે કાળના બૌદ્ધ એક જગત્કર્ત્તાનું અસ્તિત્વ માનતા નોતા અને હાલના પણ માનતા નથી. વળી કોઈ માને છે તે તેની કૃપાપ્રસાદી આપવાનાં સામર્થ્યની ના કહે છે; પૂર્વના બૌદ્ધ જન્મ પછી અન્યયોનિ દેવસૃષ્ટિ ઇત્યાદિકને માનતા ને અમણાના કંઈ જ માનતા નથી. (સુધારાવાળા વિષે વિસ્તારથી પૂર્વે કહ્યું છે.)

સ્મૃતિઓમાં કલિયુગને માટે દાનને મુખ્ય ધર્મ–મહાનીતિ કહી છે; અને સર્વ કાળને માટે પરોપકાર બુદ્ધિને ઊંચી માની છે; પણ આજકાલ લોકમાં દાનને બદલે હરણ ને પરાર્થને બદલે સ્વાર્થ એ બુદ્ધિ જોવામાં આવે છે. આ દેશના સઘળા ધર્મે દારુ માંસને મહાપાતક ઠરાવી લોકને તેથી દૂર રાખ્યા ને આજ લોકમાં તે, બળ જોરસો ગમત આપનારાં મનાઈ વૃદ્ધિ પામે છે; વ્યભિચાર અતિ નિંદિત કહ્યો છતે તે આજકાલ બહુ ફાલ્યો છે; આર્યધર્મનો પહેલો સંસ્કાર જે આચાર, તે સચવાતો નથી.

૨. હવે રાષ્ટ્રરાજ્ય સંબંધીઃ આ દેશનાં જૂનામાં જૂનાં રાષ્ટ્રરાજ્યનો ઇતિહાસ પરશુરામના કાળ સૂધી ને પછી પરશુરામથી તે યુધિષ્ઠિર સૂધી ને પછી તે ચંદ્રગુપ્ત સૂધી એમ સમાપ્ત થાય છે; એ પછી અશોકથી તે મોરી રાજવંશની સમાપ્તિ સૂધીના કાળનાં રાષ્ટ્રરાજ્ય હતાં. પછી વિક્રમ શાલિવાહનનાં રાજ્ય પ્રકાશ્યાં ને પછી બીજા રજપૂત કૂળનાં.* એ લાંબા

ઈશ્વર વસ્તુ વિષે માત્ર અધિક જ્ઞાન ધરાવતા થયા છે પણ ધર્મકર્મ વિષે કંઈ પણ નક્કી કરી શકતા નથી. શ્રદ્ધા–ભાવ એ ધર્મનું પ્રધાન તત્વ છે અવશ્ય.

* આસીરિયાનું મહારાજ્ય ૧૪૭૫ વર્ષ ચાલ્યું ને પછી ત્રણ રાજ્યમાં વેંચાયું કે જે ત્રણેની સમાપ્તિ ૨૨૫ વર્ષમાં થઈ હતી; રોમનું મહારાજ્ય ૧૨૨૯ વર્ષ ચાલ્યું ને પછી પૂર્વનું રોમન [ગ્રીક] રાજ્ય ૯૯૭ વર્ષ રહ્યું; રોમ તૂટયા પછી ૫૧ વર્ષે જસટિ-

કાળમાં આ દેશનાં રાષ્ટ્રરાજ્યોનાં બળ તેજ તથા તેઓની પ્રજાહિત બુદ્ધિ એ કેવાં હતાં, તે વિષે આ પ્રસંગે વિસ્તાર કરવાની જરૂર નથી. પણ આટલું જ કહી જવું બસ છે કે, સંધાં સ્વદેશી સ્વધર્મી રાજ્ય હતાં. ઈ. સ. સૈકા ૧૩ થી પરધર્મી લોકે સ્વદેશી થઈ રાજ્ય ચલાવ્યાં; અને સૈકા ૧૯ થી પરદેશી પરધર્મી લોક જેઓ અહીંના રહીશ થયા નથી, તેઓનું રાજ્ય છે.

આ દેશનાં રાષ્ટ્રરાજ્યો મહાભારતનાં યુદ્ધ લગી ને પછી થોડેક લગી આર્યધર્મ રાજ્યનાં અંગરૂપ હતાં; બૌદ્ધ રાજાઓના કાળમાં બૌદ્ધધર્મ તથા બ્રાહ્મણધર્મ પોતપોતાનાં રાષ્ટ્રરાજ્યોના આશ્રયમાં હતા; રજપૂતોનાં રાષ્ટ્રરાજ્ય તે આર્યધર્મ રાજ્યનાં અંગરૂપ હતાં. (પણ બ્રાહ્મણક્ષત્રીનો નિકટ સંબંધ હતો તેવો બ્રાહ્મણ રજપૂતનો ન હોતો). વર્તમાનમાં, પંજાબ તથા નેપાળમાં બ્રાહ્મણક્ષત્રી સાથે જમે છે અને જ્યારથી પરદેશી પરધર્મી લોકની સત્તા થઈ છે, ત્યારથી આર્યધર્મ રાજ્ય પોતાનાં કર્મપ્રધાન અંગરહિત છે; આર્યપ્રજા સ્વરાજ્યાશ્રયરહિત છે, અને માત્ર સત્તાધારીની નીતિ તથા દયાને અધીન છે. સ્વદેશી સ્વધર્મી રાષ્ટ્રરાજ્યથી લોકને સુખ છે અને પરદેશી પરધર્મી રાષ્ટ્ર રાજ્યથી લોકને દુઃખ છે;* (પછી એ રાજ્યોની નીતિ સમય સમયને માટે કદાપિ ઘણી સારી હોય તોપણ તે વહેલી બગડી જાય છે ને લોકને વધારે અવ્યવસ્થિત કરે છે.)

ધર્મરાજ્ય ને રાષ્ટ્રરાજ્ય એ બંનેનો ઉદ્દેશ લોકનું ઐક્ય તથા સુખ છે. ધર્મ તે જગદીશ્વર એકને દેખડાવી અવશ્યે ઐક્ય રખાવે છે ને રાજ્ય તે પુરુષ એક અથવા ઘણાના વિચારથી એક નિશ્ચયરૂપ થયેલી જે શિક્ષા તેને દેખડાવે છે કે જેથી પણ અવશ્યે બાહ્યૈક્ય રહે છે. ધર્મ તથા રાષ્ટ્ર બંનેની નીતિ જરૂરની છે પણ કોઈ લોકમાં એક ને કોઈ લોકમાં બીજી પ્રધાન હોય છે; બીજી જ્યાં પ્રધાન તે રાષ્ટ્રરાજ્યની હૈયાતિ મુકાબલે થોડી હોય છે; એવાં રાજ્યોમાં રાજનીતિ જ્યારે ત્યારે વહેલી વહેલી બદલાયા કરે છે; અને એથી રાજવર્ગને પ્રજાની તરફનું ભય પણ રહે છે ને બહુ જ ચોકશી રાખવી પડે છે. આર્યધર્મના રાષ્ટ્ર રાજાઓનો વ્યવસાય પ્રજાના સંબંધમાં થોડો હતો. કેમકે ઘણુંક કામ ધર્મની સત્તાથી યથાસ્થિત રુડું જ થયા કરતું.

આ દેશનાં રાષ્ટ્રરાજ્યોની રચના ઘણું કરીને સર્વ કાળ જર્મનીનાં રાજ્યો જેવી જોવામાં આવી છે. ઘણાંક સ્વાધીન જૂદાં જૂદાં રાજ્ય અને તેમાં જે પ્રદેશ તથા બળે વિશેષ તે સર્વોપરિ કહેવાતું. કે જેને વળી પોતાના તાબાના ખંડણી આપતાં નાનાં રાજ્યો પણ હતાં. કોઈ કોઈ વાર કોઈ રાજાના સમયમાં સ્વાધીન રાજ્યો ઘણાં થોડાં રહેતાં ને તે રાજા ચક્રવર્તી કેવાતા. દક્ષિણના કેટલાંક સ્વાધીન રાજ્યવિનાનો બીજો સઘળો મોટો પ્રદેશ એક રાજનીતિના વહીવટમાં હતો તેથી મુગલાઈ ચક્રવર્તી કહેવાઈ. આફ્ગાનીસ્તાનનો પ્રદેશ જે મુગલાઇમાં હતો તે ચક્રવર્તી અંગ્રેજીમાં નથી પણ તેમ દક્ષિણમાં કોઈ રાજ એવું નથી કે જે અંગ્રેજી રાજ્યની થોડી પણ સત્તાને વશ નહિ હોય. દેશીરાજ્યો મુગલાઇની તાબેદારીમાં હતાં ને અંગ્રેજીમાં કેટલાંક કોલકરારથી તાબેદારીમાં ને કેટલાંક મોટાં ને મિત્રાચારીનો હક ધરાવતાં હતાં. પણ આજકાલ અંગ્રેજી રાજ્યે પોતાના આશ્રિત મિત્રરાજ્યોને પણ તાબેદાર રાજ્યો જેવાં ગણ્યાં છે.

આર્યરાષ્ટ્રરાજાઓ પરદેશીની સામાં ટકી શક્યા નથી એમ કહેવાય છે તે શું છે? છેક જૂનાકાળને માટે જાણવાને સાધન નથી પણ રામે શત્રુના પ્રદેશમાં રાનીઓનાં ઝુડને લડાવ્યાં હતાં ને જય મેળવ્યો હતો. કાળયવનને ભયે કૃષ્ણે*, આગળથી મથુરાના લોકને દ્વારિકા મોકલ્યા ને

---

નિયન થયો ને પછી ૯૪૬ વર્ષે રાજ્યની સમાપ્તિ થઈ હતી. મહાભારતનાં યુદ્ધ પછી સવાસો વર્ષ ઉપર જનમેજય હતો ને પછી પણ (બૌદ્ધધર્મ પ્રગટ્યો ત્યાં સુધી) બ્રાહ્મણ ધર્મના રાષ્ટ્રરાજ્ય હતાં;—તો એ કાળ ઓછામાં ઓછો દોઢ હજારનો તો માનવામાં સંકોચ જેવું નથી. નિવૃત્તિવાળાનાં રાજ્ય વધારે ટકે જ અને હિન્દુસ્થાન એલાહેદું એક બાજુ તરફ હોવાથી તેમાં પહાડની મારફતે પરદેશીઓને આવવું મુશ્કેલ હતું.

* જે મહારાજ્યમાં રાજવર્ગ તથા પ્રજાવર્ગ જૂદા ધર્મના, જૂદી રીતભાતના, જૂદા સ્વભાવના, જૂદી ભાષાના હોય તે રાજ્યમાં બંને વર્ગને એક બીજાનો ભરુસો પડે નહિં, રાજવર્ગથી નિષ્પક્ષપાતે વર્તાય નહિં, પ્રજાથી હિંમત ધરી બોલાય નહિં ને પ્રજા દુઃખમાં રીબાય ને સ્થિતિભ્રષ્ટ થાય ઇત્યાદિ. જે દેશમાં પરદેશી રાજ્યો હોય—પરદેશથી આવતા અમલદારો રાજ ચલાવે ને એ પાછા સ્વદેશ જાય તે દેશનાં તેવાં રાજ્યમાં લોકને નાણાંની ભીડ પડે (બાદશાહ ત્યાં બજાર ન હોવાથી) અને પ્રજાને અમલદારોની સામે દરીયાદ ઉઠાવવી એજ કઠણ વાત થઈ પડે, તેમાં વળી દૂર દેશની જ્યાં બાદશાહી દરબાર હોય ત્યાં ફરીયાદ લેઈ જવી, એ તો ઘણુંજ કઠણ કામ થઈ પડે ઈ૦; વળી રાજવર્ગ ને પ્રજાવર્ગ એ બેમાં જેટલો અંતરાય વધારે, તેટલું રાજ્યનું બળ ઓછું જ હોય.



* કૃષ્ણે જરાસંધને સત્તરવાર હરાવ્યો હતો પણ કાળયવનને યુદ્ધ ન આપતાં મુચકુંદ પાસે મરાવ્યો, એ પ્રસંગે કૃષ્ણે ભેદનીતિયે ક્રૂર મ્લેચ્છથી થનારો જે સંહાર તેથી લોકને ઉગારયા. દેવદાનવની યુદ્ધ વારતાઓ ઉપરથી જણાય છે કે દાનવને ત્રાસે દેવ કેટલોક કાળ છુપાઈ રહેતા; એ ઉપરથી કહેવાય કે તેઓ દાનવના જેવા નિડર શૂરા નોતા; પણ વળી આમ વિચાર કરાય છે કે દેવ, દાનવો સાથે યુદ્ધ તો કરતા; જય પણ મેળવતા ને ઘણો કાળ તે ભોગવતા, પણ જ્યારે તેઓ હારતા ત્યારે ક્રૂરની

પછી શત્રુને મુખ દેખડાવી નાસી જઈ કપટે મુચકુંદ પાસે મરાવ્યો હતો. શિકંદરની સામાં પૌરવ લડ્યો હતો પણ હાર્યો હતો. વિક્રમે સિથિયન બાક્ટ્રિયન લોકને દેશમાંથી હાંકી કાઢી શકારી સંવત્ ચલાવ્યો, કે જે હજી ચાલે છે. અનંગપાળ સબક્તગીનના પ્રદેશમાં લડાઈ આપવા ગયો હતો પણ એને પાછું ફરવું પડ્યું હતું ને એ હાર્યો હતો. સુલતાન મહમૂદ સામા રાજાઓ ફાવી શક્યા નહોતા. પૃથીરાજ આફ્ગાન સામાં લડી જીત્યો હતો પણ બીજી લડાઇમાં હાર્યો હતો. રજપૂતોએ બાબરને લડાઈ આપી હતી પણ તેઓ હાર્યા હતા. શિવાજીએ લૂટખટપટલડાઇથી ઔરંગજેબને શેહ પમાડી હતી ને રાજ્ય સ્થાપ્યું તે તેને કબૂલ રાખવું પડ્યું હતું. દક્ષિણમાં દેશી રાજાઓ ફિરંગીથી હાર્યા હતા પણ ફિરંગીઓ ઉપર પેશવાએ મોટી જીત મેળવી હતી. અંગ્રેજની સામાં મરેઠી તથા મુસલમાની રાજ ટકી શક્યાં નહિ અને હિંદુ તથા મુસલમાન રાજવંશીઓની સરદારી તળે અંગ્રેજી દેશી લશ્કરે બળવો કીધો, પણ એ ફાવી શક્યો નહિ.

એ ઉપલી હકીકત ઉપરથી આટલું તો સ્પષ્ટ જણાય છે કે, આર્યરાષ્ટ્રરક્ષકો બીકણ તો નથી જ. પરદેશીઓ સામાં બહાદુરીથી લડ્યા છે, પછી જીતહાર તો સમયે જે દેખડાવી તે ખરી. અશોકપછી પરદેશીઓએ આ દેશમાં થાણાં ઘાલ્યાં હતાં તે સર્વેને વિક્રમે ઉઠાડી નાખ્યાં હતાં. પછી ઘણો લાંબો કાળ તેવો કોઈ પરદેશી જણાયો નહોતો; પૃથીરાજ હાર્યો ત્યારથી રજપૂતો અફ્ગાન તથા મુગલ ઉપર જીત મેળવી શક્યા નહિં; પણ વળી મુગલાઇની પડતીના ઉત્પાતમાં પ્રજાનું રક્ષણ કરવાને રજપૂતો જોઇએ તેટલા બળવંત નહિ તેથી આર્યધર્મરાજ્યે નવા રક્ષક મરેઠા ઉભા કીધા ને એઓએ પ્રકાશ કીધો. આર્યધર્મરાજના લોકનો બહુ મોટો ભાગ લડાઇથી

દૃષ્ટિથી દૂર રહી પોતાનું રક્ષણ કરતા ને દાનવને કાઢવાના ઉપાય શોધતા ને સમય અનુકૂળ આવ્યો જાણતા કે યુદ્ધ કરી જય મેળવતા,–સમયની સામા થઈ જયથી ઉદ્ધત થયલાની સામા મિથ્યા મથન કરી પોતાની હાનિ કરી લેતા નહિં.

છેલ્લે રાજા–સરદાર પડે કે સૈન્ય વિખરાઈ જાય એ રીતિ અને એક પડે કે તરત બીજો ઉભો થાય ને યુદ્ધ ચાલ્યાં કરે એ રીતિ; વળી લડાઇનો અંત આણવાને કેસરિયાં કરવાં એ રીતિ અને થોડો કાળ લડાઈ બંધ રખાવવી, કોલકરારની ગોઠવણો કરવી, પછી સલાહ કરવી કે પાછી લડાઈ ચલાવવી એ રીતિ; વળી દુઃખદરાજ્યથી મુક્ત થવાને ઉજળા ઉપાય વાપરતા રહી સમયની વાટ જોવી ને પછી એકદમ તૂટી પડવું એ રીતિ અને છાની મંડળીઓ મેળવી મોટો સંપ કરી રાજ્યની સામા બંડો કર્યાં કરવાં એ રીતિ; એ સર્વે સમયસમયની નીતિરૂપે સારી છે. સર્વે દેશને માટે ને નિત્યનીતિરૂપે અમુક અમુક દેશને માટે અમુક અમુકજ સારી છે.



દૂર રહેનારો હોવા છતાં તે જ રાજ્યના લઢવૈયા લોકે પોતાના દેશી ધર્મી લોકનું ઐક્ય તૂટવા દીધું નથી ને તે વળી ચાલતી આવેલી પડતીના કાળમાં.

આર્યધર્મરાજ્યનું નિત્યજથી શ્રેષ્ઠબળ ક્ષમાશસ્ત્રે શત્રુને નિવારવાને એટલે પરધર્મવિષે નિઃસ્પૃહ રહી સ્વધર્મને જ વળગી રહેવામાં છે; અને તેનાં સ્વધર્મી રાષ્ટ્રરાજ્યનું મહાબળ સ્વરાજ્યમાં શુદ્ધ ન્યાયે તથા ઔદાર્યે વર્ત્તવામાં, પરરાજ્યના હુમલાથી ખંતે રક્ષણ કરવામાં અને આપત્તિમાં સહનવૃત્તિનો પ્રતિરોધ રાખવામાં તથા સમયે કેસરિયાં કરવામાં જણાયું છે.

અમણા આર્યધર્મરાજ્યની વ્યવસ્થા (સમયોચિત) કરવાને આર્યજન જ બહાર પડ્યા છે; અને તેના સ્વધર્મી રાષ્ટ્રરક્ષક લોક તે રજપૂત, સીખ, મરેઠા, ઉત્તર હિંદુસ્થાન તથા દક્ષિણના બ્રાહ્મણ, ક્ષત્રી, ભીલ, કોળી એ છે; અને એ સૌ અંગ્રેજસરકારની પ્રજારૂપે છે ને એમાંના કેટલાક તે સરકારનાં લશ્કરમાં નોકરી કરે છે.

આફ્ગાન સત્તાધારીમાંના ઘણાક તુરક (તાતાર દેશના) હતા. મૂળપુરુષ આફ્ગાનીસ્તાનની દક્ષિણમાં ગિજની તથા હેરાત એ બેની વચમાંનો પ્રદેશ જે ઘોર કેવાતો ત્યાંનો હતો; ખિલજી લોક તુરકજાતના સિવિસ્તાન ને હિંદુસ્તાન એ બેની વચમાંના પ્રદેશના આફ્ગાનોમાં આવી વસ્યા હતા; તથલખ એ પણ તુરકની એક જાત હતી. દશમા શૈકામાં બોખારામાં સામાની વંશના હાકેમ હતા ને તેમાંના એકના ગુલામ–સરદારે ગિજનીમાં પોતાને સ્વતંત્ર કહેડાવ્યું; એના ગુલામ સરદાર–જમાઇ–સબક્તગીને પોતાને ગિજનીનો પહેલો સુલતાન કેવડાવ્યું ને વીસ વર્ષમાં આફ્ગાનીસ્તાન, બલૂચીસ્તાન ને તુરકસ્તાન એટલા પ્રદેશનું એક જબરું રાજ્ય કીધું હતું; એનો બેટો મહમૂદ ૧૦૩૦ માં મરણ પામ્યા પછી ગિજનીનાં રાજ્યની ૧૪૦ વર્ષની પડતીમાં ઘોરના સરદાર હાકેમ બહાદુર જણાયા ને એમાંના એક ગ્યાસુદીને ૧૧૭૩ માં પોતાના નાનાભાઈ મહમ્મદ–શાહબુદીનને ગિજનીની ગાદીએ બેસાડ્યો હતો–એ ઘોરીએ પૃથીરાજને હરાવ્યો હતો ને એના ગુલામ–સરદાર કુતુબુદીને દિલ્હીમાં બાદશાહી માંડી હતી. મુગલ સત્તાધારીનો મૂળપુરુષ બાબર બાપના સંબંધમાં તુરક તૈમુરલેનથી છઠ્ઠી પેઢીએ પણ માના સંબંધમાં જંઘીસખાન મુગલની જાતનો હતો. તૈમુરવંશના જૂદા જૂદા પુરુષો સમરકંદ, બોખારા, બલખ, કાબૂલ, ફરઘાન અહીંના હાકેમ હતા ને ફરઘાનમાં બાબરના બાપદાદાની હાકમી હતી; બાબર ઘણુંક સંકટ વેઠી ૧૫૧૧ માં સમરકંદબોખારાનો ધણી થયો હતો. પણ ત્રણ વર્ષ પછી તેની પાસે માત્ર બલખનો જ પ્રદેશ રહ્યો હતો; તેણે દિલ્હી લીધી

તેની પહેલાં કાબૂલ (૧૫૨૪ માં) તથા લાહોર એ પોતાનાં કીધાં હતાં. એ હકીકત જોતાં જણાય છે કે, આફગાન મોગલ લોક જેણે આ દેશમાં સત્તા કીધી તે કોઈ નાના કે મોટા વ્યવસ્થિત રાજ્યના નહોતા પણ જાત-જાતના તથા પ્રદેશ પ્રદેશના લડવૈયા ટોળામાંના હતા કે, જે સત્તાલોભી સરદારોથી દોરાતા, અંગ્રેજલોક જે પ્રથમ આ દેશના વેપારીરૂપે ને પછી વેપારી સત્તાધારીરૂપે જણાયા તે યૂરોપની પશ્ચિમે ઉત્તરમાં બ્રિટન નામનો ટાપુ છે ત્યાંના—ઈંગ્લંડનાં વ્યવસ્થિત રાજ્યના હતા;—ઈંગ્લંડમાં નાનાં નાનાં સાત રાજ્ય હતાં તે જોડાઇને ૮૨૭ માં એક રાજ્ય થયું હતું; એ રાજ્યમાં ૧૦૬૬ થી નોર્મનફ્રેન્ચ લોક સત્તાધારી થયા હતા કે, જે દોડસો બસે વર્ષે પ્રજાલોકમાં મળી ગયા હતા; સત્તરમા સૈકાના આરંભમાં અંગ્રેજ વેપારીઓ આ દેશમાં આવ્યા;* અને ફ્રાન્સનાં રાજ્ય સાથે લડાઈ ચાલેલી (૧૭૫૬—૬૩), તે વખતના બ્રિટિશ રાજ્યના અંગ્રેજોએ વેપારી કંપનીની નોકરીમાં હોઇને બંગાળામાં અંગ્રેજી રાજ્યસત્તા સ્થાપી—મદ્રાસ કોઠીવાળાની આફીસનો થોડા પગારવાળો એક કલાર્ક નામે ક્લૈવ એણે પોતાનો ને બ્રિટીશ રાજ્યનો નવો જ પ્રકાશ કીધો. (ઘોરી શાહબુદીન, મોગલ બાબર તથા અકબર અને અંગ્રેજ ક્લૈવ તથા હેસ્ટિંગ્સ એ પુરુષોનાં જન્મચરિત્ર અવશ્ય વાંચવા જેવાં છે.)

* હિંદુસ્થાનનો માલ ઈરાનમાં થઇને સીરિયાનાં બંદરોમાં અથવા રાતા સમુદ્રને માર્ગે થઇને ઈજીપ્તનાં બંદરોમાં લેઈ જવામાં આવતો અને તે બંદરો સાથે વેનીસ તથા જીનોઆના લોક ભૂમધ્યસમુદ્રને માર્ગે વેપાર કરતા; પણ પંદરમા સૈકામાં પોર્ટુગીસ લોકે આફ્રિકાની પશ્ચિમે આટલાંટિક મહાસાગર ખેડવા માંડ્યો ને એમ કરતાં તેઓ આફ્રિકાના દક્ષિણ છેડાલગી આવ્યા, ને પછી વાસ્કોદીગામા તે છેડાને વટાવી હિંદુસ્થાન આવ્યો હતો. એ શોધથી વેનીસ જીનોઆનો વેપાર તૂટ્યો ને પોર્ટુગીસ લોકનો વધતો ચાલ્યો; ૧૫૮૦ થી પોર્ટુગલ સ્પેનસાથ જોડાયું ત્યારથી પોર્ટુગીસની વેપાર સત્તા હિંદુસ્થાનના સંબંધમાં ઘટી. પોર્ટુગીસનું જોઈ વલંદા વાણુખેડુ લલચાયા હતા; જ્યારે યૂરોપની ઉત્તરેથી સમુદ્રમાર્ગે હિંદુસ્થાન આવવાની તજવીજમાં ન ફાવ્યા ત્યારે વલંદા લોક પોર્ટુગીસે શોધેલે માર્ગે હિંદુસ્થાન આવ્યા; તેઓએ બંગાળામાં હુગલી પાસે ચિનસુરામાં કોઠી કીધી હતી કે જે શેહેર ૧૮૨૪ થી અંગ્રેજના હવાલામાં આવ્યું છે. ડેનમાર્ક સરકારનાં બે શેહેર આ દેશમાં હતાં પણ તે ૧૮૪૫ માં બ્રિટિશ સરકારે ખરીદ કરી લીધાં છે. અંગ્રેજોએ પણ ઉત્તરમહાસાગરમાં થઈ ઉત્તર પૂર્વમાર્ગે અહીં આવવાની મેહેનત કીધી હતી પણ તેઓ ફાવ્યા નોતા; ૧૫૮૩ માં બે ગૃહસ્થ એલીઝાબેથનો કાગળ અકબર ઉપર લેઈ સીરિયામાં થઇને અહીં આવ્યા હતા; ૧૫૯૩ ને ૧૬૦૧ માં અંગ્રેજી વહાણો કેપ આવ ગુડ હોપને માર્ગે આણી તરફ આવવા નિકળ્યાં હતાં; પછી ૧૬૦૮ માં હોકિન્સ સુરતમાં ને ૧૧ માં મિડલટન ખંભાત ઉતરયો હતો; ૧૩ માં સાર ટામસરો એણે જહાંગીર પાસે કોઠીઓ ઘાલવાનો પરવાનો મેળવ્યો હતો.



આફગાન તથા મુગલ લોકે મોટી લડાઈ કરી દિલ્હીનગર પ્રથમ જ જીતી લીધું હતું અને અંગ્રેજ કંપનીએ ખટપટથી ને લડાઇથી દિલ્હી તાબાના બંગાળ પ્રાંતની નવાબી પ્રથમ મેળવી હતી ને પછી ૪૬ વર્ષે દિલ્હી આગ્રા પોતાના તાબાનાં કીધાં હતાં. એશિયાના મુસલમાન લોકે પ્રથમ દિલ્હી લેતાં જ પોતાના સરદારને હિંદુસ્થાનનો બાદશાહ એ નામ આપ્યું હતું ને અંગ્રેજ લોક પ્રથમ કલકત્તા લેઈ છેલ્લીવારે દિલ્હી લેઈ ૫૪ વર્ષ કંપની સરકારની આણ મનાવ્યા બાદ ૧૮૫૮ થી બ્રિટીશ રાણી વિકટોરિયા સરકારની આણ મનાવે છે અને હવે નવું વર્ષ બેસતાં જ દિલ્હીમાં દરબાર ભરી રાણીને હિંદુસ્થાનની મહારાણી એવું માનગૌરવ કરશે.

હવે હિંદુસ્થાનના સોળ લાખ ચોરસ મૈલના વિસ્તારનાં મહારાજ્યનો ઉત્તરોત્તર સ્થિતિ પ્રકાશ અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામેલાં નાનકડાં સને ૧૨૬૫ નાં ઈંગ્લંડનાં (૨૨,૩૧૫ ચો. મૈલનાં) રાજ્યનો મહાપ્રકાશ એ જોઇએઃ—

| હિંદુસ્થાન. | ઈંગ્લંડ—બ્રિટન. |
|---|---|
| ૧. ઈ. સ. ૧૨૦૬ થી આફગાન બાદશાહી થઈ, તે ૧૩૫૧ સૂધી સતેજ રહી. દેશમાં બે જાત ને બે ધર્મના લોક થયા; મુસલમાન તે હિંદુ ભણી ધિક્કારે ને ક્રૂરતાએ વર્ત્યા;—હિંદુ પ્રજા દુઃખી હતી. | ૧. ચૌદમા સૈકાના આરંભમાં નોર્મનફ્રેંચ તે આંગ્લો સાકસન સાથે પૂરેપૂરી મળી રહી ઈંગ્લંડના લોકનું ખરેખરું એક રાજ્ય થયું; ને તે એડવર્ડ ત્રીજાની કારકીર્દીમાં (૧૩૨૭-૭૭) માંહે ને બહાર ભભકે ઝળક્યું. |

૧ અજમેર તથા કનોજ એ બે રાજ્યના માહોમાહેના ટંટાને લીધે રજપૂતો પરદેશી મુસલમાનોની સામાં એકસંપે થયા નહિ; પૃથીરાજ પહેલી જીતથી ફુલાઈ વિલાસી આળસુ થયો હતો; પૂરજતોમાં ધર્મમમત્વ તથા દેશભક્તિ એ ઘટી ગયાં હતાં. મુસલમાનો ધર્મદ્વેષે, સત્તાલોભે ને થયેલી હારથી વસેલે વેરે ઘણાજ ઉશ્કેરાયા હતા; શાહાબુદીન ખસૂસ ખંતી ને ઉદ્યમી હતો. આફગાનબાદશાહી ૧૪૫ વર્ષ સતેજ રહી પણ તે વ્યવસ્થિત થઈ જ નહોતી.

૧ ઈંગ્લંડની પ્રજા નોર્મનફ્રેંચ રાજાને તાબે થઈ (૧૦૬૬ માં); રાજા પોતાની જીંદગીનો મોટો ભાગ ફ્રાન્સમાં ગુજારતા. તેઓની સાધારણ બોલી ફ્રેંચ હતી, ઈંગ્લંડમાં દરેક મોટા દરજાઉપર ફ્રેંચ જન હતો; સત્તાધારી ફ્રેંચલોક અંગ્રેજ પ્રજા સાથે અનાદરે ધિક્કારે વર્ત્તતા. દહોડસો વર્ષ અંગ્રેજોએ પરાધીન સત્તાની કરડાકીનું દુઃખ વેઠ્યા પછી તેરમા સૈકાના આરંભથી ફ્રેંચ લોક ઇંગ્લંડને સ્વદેશ માનતા થયા ને પછી સો વર્ષમાં આંગ્લોસાકસનમાં મળી રહ્યા. બસો ઉપર વર્ષ થયાં ફ્રાન્સ સાથે જ્યારે ત્યારે લડાઇઓ ચાલ્યા કરતી પણ ૧૩૪૬—૫૬માં અંગ્રેજોએ જશાળી જીત મેળવી હતી પણ ફાયદો કંઈજ થયો ન હોતો.

૨. આફગાન બાદશાહીની પડતીનાં બસેં વર્ષમાં મુસલમાનનાં તથા હિંદુનાં સ્વાધીન રાજ્યો ઝળક્યાં ને ચળક્યાં. હિંદુ તથા મુસલમાન એક બીજા સાથે એક દેશીરૂપે હળ્યા; હિંદુ પ્રજા પાછલા કાળના મુકાબલામાં સુખી હતી. એ બધાં રાજ્યોને અકબરે જીત્યાં ને મુગલાઈ ભવ્ય પ્રકાશી. (૧૫૫૬–૧૬૦૫).

૩. પછી જહાંગીર ને શાહજહાં એ બાદશાહની કારકીર્દીમાં મુગલાઇનો સ્થિર સઘન મહાપ્રકાશ હતો. ૧૬૫૮ સૂધી લોક સર્વ પ્રકારે સુખી હતા. દેશ ધન સમૃદ્ધિયે, સંસ્કૃત તથા ફારસી વિદ્યાએ અને હિંદુ મુસલમાન સૈન્યબળે મોટી કીર્ત્તિમાં હતો.

૪. પછી ૧૭૦૭ સૂધી ઔરંગજેબની મુગલાઈ બહુ આકરી

૨. પછી પાછું અમીરોની માંહોમાંહેની લડાઈથી ને તે પત્યા પછી ધર્મના ઝગડાથી રાજ્ય અવ્યવસ્થિત થયું હતું; પણ વળી તે એલીઝાબેથની કારકીર્દીમાં માંહે વ્યવસ્થિત ને સ્પેનના કાફલાનો નાશ થવાથી બહાર બળવાન્ એવું ઝળુકતું પ્રકાશ્યું. (૧૫૫૮–૧૬૦૩).

૩. પછી વળી સ્કાટલંડનો રાજા તે ઈંગ્લંડનો રાજા થયો અને એ તથા એનો બેટો ચાર્લસ એઓની કારકીર્દીમાં રાજા પ્રજાના હક સામસામાં વઢ્યા–ચાર્લસનો વધ થયો ને પ્રજારાજ્ય થયું કે જે ક્રોમવેલની કારકીર્દીમાં માંહે ને બહાર તકતકતું પ્રકાશ્યું (૧૬૪૯–૫૮).

૪. પછી વળી ૧૬૬૦ માં રાજાની સ્થાપના થઈ; પણ રાજાઓએ રાજ્યને

૨ સ્વાધીન રાજ્યોનો ચળકાટ સૈકા ચૌદના અંતથી તે સોળના આરંભ સૂધી હતો. ગૂજરાતનાં રાજ્યે પોર્ટુગીસ સાથે વહાણની લડાઇઓ કરી હતી. અકબરે અનેક રાજ્યોને જીતી બાદશાહી આણમાં એકઠાં કીધાં. મુસલમાન તથા હિંદુ પ્રજાને સરખા રાજકીય હક આપ્યા, જીજીયો કર ને જાત્રાળુ ઉપરનો વેરો એ કહાડી નાખ્યા, મહારાજ્યની ઘટ વ્યવસ્થા કીધી ને સઘળી પ્રજાને પોત પોતાના ધંધામાં આબાદ કીધી.

૨ એલીઝાબેથના રાજ્યે પોતાનાં લશ્કરી વહાણનાં બળની હિમ્મત દેખાડી યૂરોપમાં તે વખત સર્વોપરિ બળવાન જે સ્પેનનું રાજ્ય તેનું કેટલુંક તેજ હરી લીધું; કાથલિક પ્રજા ઉપર સખતી કરી પ્રોટેસ્ટંટ પ્રજાને આશ્રય આપ્યો, ધર્મકર્મની નવી પદ્ધતિ સ્થાપી, વેપારને ઉત્તેજન આપ્યું; પણ પ્રજા સરકાની જબરદસ્તી તળે પીડિત હતી. વૈભવ સામગ્રી જૂજ હતીઃ

૪ ઔરંગજેબે ભુંડી રીતે ગાદી મેળવી ત્યારથીજ તે લોકનાં મનમાંથી ઉતર્યો હતો. તેણે રજપૂતોને તરછોડ્યા ને એઓએ તેની સામા સંપ કીધો; ગુરુ ગોવિંદે શીકનું ઐક્ય કરાવ્યું; સતરામીએ બલવો કીધો ને બાદશાહે જીજીઓ મૂકયો; રજપૂ-



પ્રકાશી પણ તેથી રજપૂત સરદાર રાજાઓનાં દીલ ખાટાં થયાં હતાં, લડાઇને બખેડા હતા, અને બાદશાહીની જાહોજલાલી ઝાંખી કારમી દીપતી હતી.

અંગ્રેજવેપારીકુંપનીની કેટલેક ઠેકાણે કોઠી હતી. ૧૬૬૮ માં મુંબઈ હવાલામાં આપ્યું; ૧૬૯૬ માં કલકત્તામાં કિલ્લો બંધાયો; (મદ્રાસનો ૧૬૪૦ માં બંધાયો હતો.) બીજા યૂરોપિઅન વેપારીની પણ કોઠીઓ હતી અને ફિરંગીનું તો નાનું રાજ્ય હતું.

૫. પછી ૧૧૦ વર્ષ દેશમાં સ્વસ્થતા નહોતી–મુસલમાન ને મુસલમાન, હિંદુ ને મુસલમાન, ખ્રિસ્તી ને ખ્રિસ્તી, હિંદુ મુસલમાન ને ખ્રિસ્તી, હિંદુ ને હિંદુ, હિંદુ ને ખ્રિસ્તી સૌ લઢ્યા; પિંડારા ઉભરાયા. તૂટતી મુગલાઈમાં દક્ષણી ને પછી અંગ્રેજ એ આગળ પડતા પ્રકાશ્યા. ૧૭૫૭ થી આરંભ કરી ૧૮૧૮ માં પેશવાઈ ને ખસેડી અંગ્રેજી સત્તા હિંદુસ્થાનમાં સર્વોપરિ બળવાન્ સ્થપાઈ.

કથાથલિક કરવાની તજવીજ કીધી ને ગેર શિરસ્તે કામ કીધાં તે ઉપરથી આગેવાન લોકે ૧૬૮૮ માં રાજા જેમ્સ બીજાના જમાઈ વિલિયમને હાલંડથી બોલાવી ઈંગ્લંડનો રાજા કરી સ્થાપ્યો, રાજગાદીના વારસા સંબંધી તથા લોકના હક સંબંધી ધારા નક્કી થયા અને એ રીતે પૂરું વ્યવસ્થિત થયલું રાજ્ય રાણી આનની કારકીર્દીમાં સ્કાટલંડનું રાજ્ય જોડાયા પછી માંહે ને બહાર સુંદર ચળક્યું, ૧૭૦૨–૧૪.

૫. જ્યોર્જ પહેલા પછી જ્યોર્જ બીજા ત્રીજાની કારકીર્દીમાં યૂરોપ અમેરિકા હિંદુસ્થાન અહીં ચાલેલી લડાઇઓમાં ગ્રેટબ્રિટનનાં રાજ્યે મોટું પરાક્રમ દાખવી જગતમાં પોતાનો જયપ્રકાશ કીધો. અમેરિકામાંનો પ્રદેશ ખોયો પણ હિંદુસ્થાનમાંનો મોટો પ્રદેશ પોતાનો કીધો. નેપોલિયનની સામાં બ્રિટિશ રાજ્યે ધીરતાથી લડી પ્રુશિયાની મદદે ૧૮૧૫ માં તેને હરાવી ફ્રાન્સનાં રાજ્યની નવી વ્યવસ્થા કરાવી.

તોએ બંડ કીધું; શાહજદા અકબરે કીધું; દક્ષિણમાં લડાઇઓ ચાલી. મુગલાઈ ઉપર પહેલો હાથ શિવાજીએ કીધો ૧૬૬૨ માં ને પછી તેણે સ્વરાજ્ય નવું સ્થાપ્યું હતું.

૫ ફ્રાન્સની સાથે ચાલેલી લડાઇથી (૧૭૫૬–૬૩) બ્રિટિશ રાજ્યે તેનો તથા સ્પેનનો કેટલોક સંસ્થાની મુલખ મેળવ્યો ને પોતાનું નૌકાબળ વખણાતું કીધું. અમેરિકાના સંસ્થાની લોક સાથે લડાઈ ચાલી (૭૫–૮૦) તેમાં બ્રિટિશ રાજ્યે હાર ખાધી ને યુનૈટેડસ્ટેટ્સનું જૂદું રાજ્ય થયું; પણ એ જ સમાઉપર હિંદુસ્થાનમાં હેસ્ટિંગ્સ અંગ્રેજી રાજ્યની વૃદ્ધિ કરતો હતો.

૬. પછી ૪૦ વર્ષ હિંદુ મુસલમાન લોક એકદેશીરૂપે ને કુંપની સરકારની પ્રજારૂપે સુખી હતા. દેશી રાજ્યો ને અંગ્રેજી રાજ્ય એઓનો સંબંધ મિત્રાચારી ભરેલો હતો. ૧૮૫૭ માં બળવો થયો ને ૫૮ થી કુંપની સરકારની ટળી રાણી વિક્ટોરીયા સરકારની આણ ચાલે છે.

૬. જ્યોર્જ ચોથો ને વિલિયમ ચોથો એ પછી ૧૮૩૭ થી ચાલેલી રાણી વિક્ટોરિયાની કારકીર્દીમાં બ્રિટિશ રાજ્ય પોતાની મહાસમૃદ્ધિના વૈભવના વિસ્તરેલા પ્રકાશમાં વિરાજે છે. સર્વે સંસ્થાન લેતાં મહારાજ્ય ૮૫ લાખ ચો. મૈલનું ગણાય.

## ભાવિભાસ.

વર્તમાનમાં નિવૃત્તિધર્મની સત્તા પાછલા કાળ કર્તાં બહુ તેજબળભ્રષ્ટ છે. સંસાર સ્થિતિબંધ કાંઇક ધસાયો છે, શિથિલ થયો નથી; જાપાનના લોકે ધર્મ તથા સંસારમાં જેટલો ફેરફાર કરી નાખ્યો તેટલો આ દેશના લોક (પ્રકૃતિવશાત્) કરનાર નથી–એ જોતાં આર્યધર્મરાજ્યને નિર્મૂળ ઉખડી જવાનો સંભવ નથી જ.

ધર્મ વિષયમાં લોક થોડુંક ખોશે ને દેશ વિષયમાં થોડુંક નવું પ્રાપ્ત કરશે ને એ બેનાં મિશ્રણથી આર્યધર્મરાજ્યનું એક નવું સ્વરૂપ ઘડાશે. હજી જૂના નવા વિચારોનું સંમિશ્રણ થયું નથી; ને તરત થવાનો સંભવ પણ નથી. જૂના વિચારનું તત્વ નિરભિમાન છે ને નવા વિચારનું તત્વ અભિમાન છે. જ્યારે જોઇએ કે કાળે કાળે ઉત્તરોત્તર પ્રવૃત્તિ વધતી જાય છે ને હજી વળી વધશે; હાલમાં લોકને ધર્મ વિષયની લાગણી નથી; અંગ્રેજી ભણેલા સ્વદેશનો વિચાર મોખરે ધરી રાખે છે, અને દેશાભિમાનથી યૂરોપના લોક સુખ* ભોગવે છે એ દાખલો પોતાને માટે લે છે; વળી આર્ય લોકના ઇતિહાસમાં પહેલો જ કાળ છે કે, જેમાં આ દેશના લોક સંસાર પ્રવૃત્તિમાં રાચનારા થયા છે ને સ્વાધીન રાષ્ટ્રરાજ્યનાં સુખનો લાવો તો હજી તેઓને લેવો બાકી છે; ત્યારે આપણને ભાસે છે કે, ધર્મ કરતાં દેશનો વિચાર હવેથી પ્રધાન મનાશે. વળી જ્યારે જોઇએ કે હજારો વર્ષ

* ધર્મ તથા સંસાર એ બે વિષયમાં આર્યલોકે જે સુખ ઉચ્ચું માન્યું છે તેથી જૂદું સુખ યૂરોપના લોકે પોતાને માટે માન્યું છે; અને યૂરોપના લોક જે સંસાર સુખની તૃષ્ણા રાખે છે તે હજી તેઓને મળ્યું નથી. રાજકીય સુખ મળ્યા પછી જ તે સુખ મળે અથવા તે સુખને માટે અમુક રાજકીય વ્યવસ્થા જોઇએ એવો તેઓનો વિચાર પ્રયત્ન છે. આ દેશના લોકે રાજકીય સુખ પણ ઘણીવાર ભોગવ્યું છે; હાલ નથી ભોગવતા તેનું કારણ સમય છે અથવા સમયના ધર્મનું અજ્ઞાન છે.



થયાં આ દેશમાં નિવૃત્તિધર્મ જ (ઈશ્વર ને સમય) નિત્ય તથા પ્રધાન અને પ્રવૃત્તિધર્મ (રાજ્ય ને પુરુષપ્રયત્ન) અનિત્ય તથા ગૌણ મનાયો છે તો માત્ર રાજકીય સુખને અર્થે સઘળા લોક બુદ્ધિ રુચિ યુક્તિ હંમેશને માટે રાખે તેવું સંભવતું નથી; પૂર્વકાળમાં પ્રજાનો મોટો ભાગ લડાઇમાં ઉતર્યો નથી ને હવે તે દેશને માટે જ્યારે ત્યારે હથિયાર ધરશે, એવું પણ સંભવતું નથી; હાલમાં દેશભક્તિ સ્વાધીનતાના વિચાર પ્રકટ થયા છે, તે વિષે લડાયક જાતિ બેદરકાર છે; વળી હાલ ધર્મ ઉપરથી ભાવ ખસ્યો છે, તેટલા ઉપરથી હંમેશને માટે તે ખસ્યો છે એમ નક્કી કહેવાય નહિ; ત્યારે આપણને જણાય કે, દેશનો વિચાર વહેલો દબાઈ જઈ પાછો ધર્મનો જ વિચાર પ્રધાન મનાશે.

રાષ્ટ્રરાજ્યમાં મોટી ઉથલપાથલ થઈ નવી કોઈ વ્યવસ્થા થશે, એટલું હાલ ધારી શકાય છે પણ ત્યારે પછી અંગ્રેજી રાજ્ય પ્રજાને હિતકારી થઈ રહેશે કે તે ભાંગશે તૂટશે, રુશિયન કે બીજું કોઈ પરદેશી રાજ્ય થશે કે દેશીનું થશે, મુસલમાન કે હિંદુનું થશે, એકનું થશે કે ઘણાં થશે, તે વિષે હાલ શી કલ્પના?*–

## લગ્ન.

ઘરસંસારમાં સુધારાવાળાઓએ જે જે ફેરફાર કરવા યોજ્યા, તેમાં મુખ્યત્વે લગ્નવિષય છે.

બાળલગ્ન ને પુનર્લગ્ન એ વિષે બહુ બોલાયું લખાયું છે, આવું કે પહેલું ન કરવું ને બીજું કરવું. હવે પ્રથમ લગ્ન વિષે સારી પેઠે સમજી પછી તે વિષે નક્કી કરવું.

લગ્ન વિષે પ્રથમ નિકળેલા સુધારાવાળાનાં મત આવાં કે સ્ત્રીપુરુષ મોટી વયે એક બીજાની ઇચ્છાએ પરણે–વડીલ સંમત થાય તો ઠીક જ ને ન થાય તો ચિંતા નહિં; વળી લગ્નનું વિધાન જેમ હાલ બ્રાહ્મણો ચલાવે છે–અનેક દેવતાને વચમાં આણીને, તેમ નહિ–પણ સંક્ષેપમાં ને પ્રાકૃત ભાષામાં હેતું જોઇએ. એમાંનાં ઘણાકનો સમાવેશ કેશવચંદ્રસેનની બ્રહ્મસમાજના મતમાં થાય છે ને તે સમાજે લગ્નવિષયના નિયમ કીધા છે.

વેદ તથા વેદોક્ત કર્મને ન માનનારી પ્રાર્થનાસમાજ, તેણે પોતાના નિયમ લગ્ન સંબંધી બાંધ્યા નથી; પણ કન્યાદાને જ લગ્ન તથા વેદોક્ત મંત્ર

* સુરત આશો શુદ ૧૦ સં. ૧૯૩૨; સને ૧૮૭૬.

વિધાને તથા અનેક કર્માંગ દેવતાને આણીને કરવાં, એવું તેઓનું મત નથી; તોપણ અમણાં તેઓ તે વિષે મૌન રાખી રહી બાળલગ્ન તથા વિધવાનાં લગ્ન એ વિષે મત પ્રસિદ્ધ કરે છે. આર્યસમાજ અનેક કર્માંગ દેવતાને વચમાં આણવાની ના કહે છે, બાળલગ્ન ન કરવા વિષે આગ્રહ બતાવે છે ને વિધવાને અર્થે નિયોગની ભલામણ કરે છે.

સનાતન ધર્મ પાળનારા લોકમાં પણ વિધવાનાં લગ્ન વિષે કેટલાકની મતિ થઈ છે દેશમાં સર્વત્ર.

લગ્નને વિષે.–પ્રજોત્પત્તિ ને સંસારી ભોગ એ ઉદ્દેશે લગ્ન છે એવું સર્વે ધર્મના લોક સમજે છે; પણ વેદધર્મી લોકમાં વિશેષ એ અવશ્ય સમજ આ છે:–પ્રજોત્પત્તિએ તેના ધર્મકર્મવડે અને વિધિએ પરણેલી સ્ત્રીને સાથે રાખી કરેલા ધર્મકર્મવડે પિતર સંતુષ્ટ થાય અને સ્વર્ગ મળે; કન્યાદાનથી પરણેલીનો પુત્ર કુળના પૂર્વજને તથા પરજને અને પોતાને પવિત્ર કરે છે; કન્યાદાનનું મોટું પુણ્ય છે; રજસ્વળા પછી કન્યા પોતાનું વ્રત રાખી રહે એ દુર્લભ છે અને વિધિ વિના પશુધર્મ આચરનારી સાથે અથવા પ્રથમ કોઈને આપવાનો સંકલ્પ થયલો એવી સાથે લગ્નસંબંધ કરવો, તે પવિત્ર નહિ; વળી સપિંડ સગોત્રમાં લગ્ન ન કરવાં, એ સમજ ઉપરથી ચાલેલી રીતિ બદલાય ને પારસી, મુસલમાન, ખ્રિસ્તી લોકના જેવી રીતિ હિંદુઓમાં દાખલ થાય, એ ઇચ્છા સુધારાવાળાની પાર પડવાનો સંભવ નથી; ને તેટલા જ માટે તેઓનો અમણાં ઉદ્યોગ પણ નથી; વળી લગ્નનાં વિધાન ફેરવવાનો પણ નથી.

ઉપર જણાવેલી સમજમાં જેઓ વિશેષે ને અવશ્યે પરલોક સંબંધી પોતાના લાભ માને છે, તેઓ પ્રજા નબળી થાય છે, વરવહુનો સ્નેહ બાઝતો નથી ઇત્યાદિ હાનિ આ લોક સંબંધી બાળલગ્નથી થતી, તે વિષે નિઃસ્પૃહ કેમ ન હોય? પણ સુધારાવાળાઓએ છેક નિરાશ થવાનું નથી; કેમકે ઘણીક જ્ઞાતિમાં મોટી વયે રજોદર્શન પછી છોકરી પરણાવવાનો ચાલ છે. માત્ર બ્રાહ્મણ જ્ઞાતિ તથા તેને અનુસરતી કેટલી જ્ઞાતિમાં રજોદર્શનની પૂર્વે કન્યા પરણાવવામાં આવે છે તો એ વિષયમાં કન્યાદાનનો કાળ છે, તેમાંનો છેલ્લો પળાતો થાય એટલે જ ઘણું થયું. **અંગિરા** કહે છે કે, આઠથી તે દશ વર્ષ લગીમાં ને **મનુ** કહે છે કે આઠથી તે બાર વર્ષ લગીમાં કન્યા પરણાવવી. વળી દશ વર્ષ પછીની કન્યા તે રજસ્વળા કહેવાય, **અંગિરાના** મત પ્રમાણે; ને કેટલાકના કહેવા પ્રમાણે દશ વર્ષ પછીની ને ૧૩ વર્ષ લગીની તે વૃષલી કહેવાય; ને વર્ત્તમાન સ્થિતિનું અવલોકન કરતાં



જણાય છે કે, છોકરીઓ અગિયારથી તે તેર લગીમાં રજસ્વળા થાય છે; માટે નવથી તે અગિયાર લગીનો કાળ કન્યાદાનને માટે રાખવામાં શાસ્ત્રનો બાધ નથી. છોકરીને નવની અંદર તથા છોકરાને સોળની અંદર ન જ પરણાવવાં અને તેર લગીની છોકરીને ચાળીસ પછીના પુરુષ સાથે ન જ પરણાવવી, એ અમારું મત છે.

વિધવાનાં લગ્નનો વિષય પણ માત્ર ઉંચી મનાયલી જ્ઞાતિઓને કાજે છે; ઉતરતી મનાયલી જ્ઞાતિઓમાં નાતરાંની રૂઢિ છે જ.

એ વિચાર સુધારાવાળાઓને સૂઝયો તે શા ઉપરથી? યુરોપની સ્ત્રીઓને માન લાડ વિશેષ અને આપણી સ્ત્રીઓને તેટલું નહિ તે ઉપરથી એઓની દાઝ અને વિધવાની સ્થિતિ તો અતિશય ભુંડી, માટે એ પ્રથમ સુધરવી જોઇએ.*

એ વિષય સારી પેઠે ચર્ચાયો છે–લોકમાં ને શાસ્ત્રી પંડિતોમાં. વિધવાની દયામણી સ્થિતિ–તેઓના કુવેશ, તેઓને થતો તિરસ્કાર, તેઓને પીડતો વિકાર, તેઓનું સંસારસુખમાં નિરાશીપણું એ વિષે તથા તેઓથી થતાં કુકર્મ–વ્યભિચાર, ગર્ભપાત, બાળહત્યા એ વિષે લોકમાં બોલાયું છે અને શાસ્ત્રની આજ્ઞા છે કે નહિ એ વિષેના વાદવિવાદ વિદ્વાનોમાં થયા છે, કલકત્તાના પંડિત અને પુના મુંબઈના કેટલાક એઓએ પુનર્લગ્નનો અને કાશી સુધીના પંડિતોએ સામો પક્ષ ધર્યો છે. બંગાલા, મહારાષ્ટ્ર ને ગુજરાત એ ત્રણ પ્રાંતમાં કોઈ કોઈ વિધવાનાં ફરી લગ્ન થયાં છે.

**વિવેચન કરીએ:** ઉંચી જ્ઞાતિઓમાં લગ્નવિષયમાં ધર્મની સમજ અવસ્ય રહી છે તો વિધવાનાં લગ્નવિષયમાં તે હોવી જોઇએ; પણ જેવી લગ્નપ્રકરણમાં સર્વે પંડિતોની એક સરખી **સમજ** છે તેવી વિધવાનાં પુનર્લગ્ન પ્રકરણમાં નથી. બ્રહ્મચર્ય પાળવું કે સતી થવું એ શિક્ષા વિધવાઓને અર્થે

* કલકત્તાના **રામમોહનરાયે** પુનર્લગ્ન ન થવા વિષે લખ્યું નથી. મુંબઈમાં સંવત્ ૧૮૯૩ માં પ્રથમ દક્ષણીઓએ ચર્ચા ઉઠાવેલી તે એક નાના ગ્રંથમાં છપાઈ છે. તેમાં એક બ્રાહ્મણે શાસ્ત્રને આધારે દેખાડ્યું છે કે પુરુષ સંબંધની પૂર્વે–રજોદર્શનની પૂર્વે થયલી બાળ વિધવાનો પુનર્વિવાહ કરવો. સંવત ૧૯૧૨ માં સરકારે કાયદો જાહેર કીધો કે પુનર્વિવાહ કરનારી. વિધવાને તેના આગલા ધણીનો વારસો મળે. સંવત્ ૧૯૧૫-૧૬ માં ગુજરાતી તથા દક્ષણીમાં સારી પેઠે ચર્ચા ચાલી; મુંબઈમાં વિષ્ણુ બ્રહ્મચારી પુનર્વિવાહના પક્ષમાં ને દક્ષણી શાસ્ત્રીઓ તેની સામા હતા. સં. ૧૯૧૯–૨૦ માં કલકત્તા ને કાશી અહીંના પંડિતોનો વાદ થયો ને સર્વેનો સાર તથા સ્વમત્ત એતું પુસ્તક સંવત્ ૧૯૨૧ માં **વિષ્ણુ પરશુરામ** શાસ્ત્રીએ મરેઠીમાં છપાવ્યું મુંબઈમાં. સં. ૧૯૨૪ માં છપાયલા **આર્યવિદ્યાસુધાકરમાં** સુરતના શાસ્ત્રી **યજ્ઞેશ્વરે** જણાવ્યું છે કે પુનર્વિવાહની ધર્મશાસ્ત્રમાં આજ્ઞા નથી.

ઋષિઓએ ભણી છે, એમ સર્વ પંડિતો કહે છે; બ્રાહ્મણ વિના બીજી જ્ઞાતિઓને માટે સતી થવાનું મહાપુણ્ય કહ્યું છે. શાસ્ત્રમાં પણ–તે પ્રકાર સરકારે બંધ કરાવ્યો છે માટે તે વિષે હમણા બોલવાનું પ્રયોજન નથી; હવે બ્રહ્મચર્યના અભાવમાં પુનર્વિવાહને શાસ્ત્રોક્ત કહે છે કેટલાક પંડિત; ત્યારે બીજા કહે છે કે, તેને માટે આજ્ઞા નથી જ એમ છે; પણ ધર્મનું સંરક્ષણ કરવું, એ હેતુ બંને પક્ષના પંડિતોનો છે. કેટલાક પંડિત વિધવાથી થતાં કુકર્મ અટકાવવાં તથા તેમને સંસારાશ્રમમાં યોજવાં, એ ઇહલૌકિક ધર્મને પ્રધાન ભણી, સમય ધર્મને તેનો સહાય ઠેરવી, **પરાશર**ના વચનને આગળ પાડી, ધર્મનું રક્ષણ કરે છે અને કેટલાક પંડિત લગ્નનાં પરલોક સંબંધી હેતુપૂર્વક ધર્મને જ આગળ પાડી, સમય ધર્મની સ્પૃહા ન રાખતાં, **પરાશર**નાં વચનની જૂદી સમજ દાખવી ધર્મનું રક્ષણ કરે છે. નિત્ય ધર્મના રક્ષણને અર્થે સમયના ધર્મની કંઈ પણ સ્પૃહા ન રાખવી, એ મમત છે; કેમકે કાળે કાળે ધર્મસ્વરૂપ કંઈ કંઈ પણ બદલાયા વિના રહેતું જ નથી.* અને સમયના ધર્મને નિત્યધર્મ ઠેરવવો અથવા સમયના ધર્મને નિત્ય ધર્મમાં દાખલ કરવાને બળાત્કારે મથન કરવું, એ મમતાવાળું સાહસ છે. કેમકે તરતને માટે ઠીક થાય કદાપિ; પણ ભાવિને માટે નિત્ય ધર્મને મોટી હાનિ પહોંચે કદાપિ. હવે પછીનો કાળ શું નક્કી કરશે, તે વિષે અમણાં કંઈ કહેવાતું નથી; તો પણ વર્ત્તમાન કાળે ધર્મબુદ્ધિને ખસેડી અર્થબુદ્ધિ તથા કામબુદ્ધિ એ બેને બહુ જ આગળ પાડી છે, એ જોતાં સમયનેઃ ધર્મ પણ નિત્ય ધર્મમાં થોડોક પણ ભળે જ, એમ પૂર્વના ઇતિહાસ ઉપરથી માનતાં, વિધવાનાં લગ્નની રીતિ ચાલુ થવાનો સંભવ છે; પછી ભાવિકાળ સ્વધર્મ બુદ્ધિને વધારનારો આવે ને સ્વધર્મના રક્ષક પુનર્વિવાહને ન જ રાખે એમ પણ થાય;–એવું છે માટે નિત્ય ધર્મને જેમ વધારે અનુસરતું રહેવાય તેને પ્રકારે નવી રીતિ દાખલ કરવી, એને અમે સાવધાનીવાળી સુધી નીતિ સમજીએ છીએ.

પતિત બ્રાહ્મણને જેમ ફરીથી જનોઇનો સંસ્કાર, તેમ વિધવાને પણ ફરી લગ્નનો સંસ્કાર કરવો, એમ પુનર્વિવાહના પક્ષના પંડિતો કહે છે ને તે પ્રમાણે કહીં કહીં કર્મ થાય છે, પણ તે **કન્યાદાન**નો વિચાર કરતાં ખોટાં જ થાય છે. અમારું મત આ છે કે, ઋષિઓએ કહેલા આઠ વિવાહમાંનો જે ગાંધર્વ, તે વિધવાઓને કાજે યોજવો.

* યુગયુગના ધર્મ થોડા થોડા જૂદા પડે છે; આચાર્યોએ નવા નવા ફેરફાર કીધા છે; એમ ન થાય એટલે દેશકાળનો વિચાર ન કરવામાં આવે તો ધર્મની હાનિ થાય.



**યાજ્ઞવલ્કય** કહે છે કે, સ્ત્રી પુરુષ પરસ્પર પ્રીતિસંકેત કરી વરવહુ થઈ રહે તે ગાંધર્વવિવાહ. **મનુ**એ કહ્યું કે કેટલાક ઋષિને મતે ગાંધર્વ વિવાહ તે બ્રાહ્મણ પણ કરે અને સ્વમત જણાવ્યું છે કે, ગાંધર્વ પણ ધર્મ્ય છે.

**યાજ્ઞવલ્કય** કહે છે કે, કન્યાદાનને માટે યોગ્ય અધિકારી ન હોય તો કન્યાએ યોગ્ય વર જોઇને સ્વયંવર વિધિએ પરણવું. કન્યાને માટે સ્વયંવર વિવાહ કહ્યો છે તો તે વિધવાને લાગુ કરવો. વિધવાને કન્યાદાનના જેવો વિધિસંસ્કાર ન થાય તથા તેના પૂર્વપતિના સંબંધમાં ધર્મહાનિ થાય, એ પ્રકારના દોષનું નિવારણ મોટું પ્રાયશ્ચિત્ત આપી કરાવવું.

પતિના મરણ પછી તરુણીએ (સોળથી તે પચ્ચીસ વર્ષની વય લગીની ને સંતાન રહિત એવીએ) પોતાને ગૃહસ્થાશ્રમ ભોગવવાની બુદ્ધિ થયેથી પોતાને યોગ્ય એવો પુરુષ પોતાની મોટી જ્ઞાતિમાંનો ખોળી, તેની સાથે લગ્ન કરવું, પણ પતિના મરણનાં ઉભા વર્ષમાં તો નહિ જ. પ્રથમ પ્રાયશ્ચિત્ત લેવું, પછી દશ વીસ સગાં સ્નેહીની સમક્ષ બ્રાહ્મણદ્વારા વરવહુએ ગાંધર્વ સ્વયંવર વિવાહને અનુકૂળ એવા વેદોક્ત મંત્ર યોગે કર્માંગ દેવતાને પ્રસન્ન કરી સંસ્કાર કરાવી લેવો.*

અમારું મત સુધારાવાળામાંના એક રૂપે વિધવાનાં પુનર્લગ્નની રીતિ ચાલુ કરવાનું હતું તથા તેને અર્થે અમારો ખંતે ઉદ્યોગ પણ હતો. પણ પાછળથી જન્માંતર તથા કર્મવિપાક એ વિષે, પુનર્લગ્ન પણ પછી ભાગ્યને અધીનતા એ વિષે, સ્નેહની ઉત્તમ નીતિવિષે, ગર્ભપાતાદિકનાં પાપ વિધવાનાં, અને સુરાપાન વ્યભિચાર ભ્રષ્ટપણાં પુરુષનાં એ વિષે, પુનર્લગ્નની રીતિ દાખલ થયા પછી હિંદુ ગૃહસૂત્ર પવિત્ર વ્યવસ્થિત રહેશે કે કેમ એ વિષે, શાસ્ત્રની આજ્ઞા છે કે નહિ તે વિષે, ઘણા જણની ઇચ્છા છતે રીતિ ઝડપથી દાખલ કેમ થતી નથી એ વિષે અને અમણાં જે કોઈ કોઈ પરણે છે તે શા હેતુથી, કેવે પ્રકારે ને પછી જોડું કેવી રીતે વર્ત્તે છે તે વિષે–એ

* ઘણાક બ્રાહ્મણ શ્રુતિસ્મૃતિની મર્યાદા બહાર વર્તે છે, આચાર પાળતા નથી, કર્મભ્રષ્ટ છે; કળિવર્જ્ય કર્મમાંનાં ઘણાંક તે બ્રાહ્મણો કરે છે જ; અનધિકારીને વેદોક્ત કર્મ કરાવે છે, શૂદ્ર તથા રજસ્વળા આગળ વેદમંત્ર ભણે છે, એવો જ્યારે સમો છે ત્યારે વિધવાનો વિવાહસંસ્કાર વેદોક્ત મંત્રે કરવામાં બાધ ગણવાનો નથી. હાલ જે પ્રકાર ચાલે છે, તેમાં કોઈ અધિકારી દાન દેતો નથી, પણ કૃત્રિમ અધિકારી દે છે; વળી વરવહુ પ્રથમ પરસ્પર ઇચ્છાએ લગ્નનો સંકેત કરે છે એ ગાંધર્વવિવાહનું લક્ષણ છે ને એમ છે તો તેને ગાંધર્વ વિવાહનો જ સંસ્કાર રાખવો; એ વિવાહનું કર્મવિધિ પૂર્વેના બ્રાહ્મણનું રચેલું, તે જોઈ તેમાં કેટલીક વધઘટ કરી નવી પદ્ધતિ રચવી.

સર્વે વિષે આમતેમ વિચાર કરતાં જો કે અમારો આગ્રહ શિથિલ થયો છે, તો પણ વિધવાનાં પુનર્લગ્ન ન જ થવાં એવું અમારું મત નથી; ધર્માચરણ રાખવાની શુદ્ધ બુદ્ધિએ યથાવિધિ લગ્ન થાય; કેમકે કાળની કામપ્રવૃત્તિમાં મોહિત જનને પ્રથમ સામાન્ય ધર્મે પણ અંકુશિત રાખવાને તથા પછી સ્વધર્મ ભણી વૃત્તિ કરાવવાને આશ્રમ મર્યાદા અવશ્ય જોઇએ; ગૃહસ્થાશ્રમ ધર્મમાં મોટા તથા રુડા ધર્મ સમાયા હોય છે. કેટલાક કુટુંબો કન્યા ન મળવાથી કુંવારા જ મરી જાય છે. તેઓને પણ વિધવાનાં લગ્નની છૂટથી લાભ થાય.

બ્રહ્મચર્ય પાળવું, એ વિધવાનો નિત્ય ધર્મ છે અને ગાંધર્વવિવાહ એ તેને માટેના સમયનો પ્રેરેલો ધર્મ છે–સુધારાવાળાઓએ પ્રથમ લગ્નમાં ઇચ્છેલો તે છે. એ વિવાહસંસ્કારે મંડાયલી સ્ત્રીની યોગ્યસત્તા વસ્તુતઃ લગ્ન પ્રકારને વિચારે ઊતરતી (સાત્વિક બ્રાહ્મણની યોગ્યતાથી રાજસી બ્રાહ્મણની ઉતરતી તેટલી જ); તો પણ પ્રથમ વિવાહવાળીની પેઠે જ તે સર્વે ધર્મકૃત્ય કે સંસારકૃત્ય કરવાનો સર્વ પ્રકારે અધિકાર રાખશે, તે સ્ત્રીથી પતિથી છુટાં પડી શકાશે નહિ ને પતિને મરણે બીજીવાર પુનર્લગ્ન કરી શકશે નહિ.

વિધવા ગાંધર્વ સંસ્કારે પરણુતી થાય, સદાચરણે તથા સ્વધર્માચરણે પોતાના નવા ગૃહસ્થાશ્રમને કીર્તિમંત કરતી થાય તો જ પુનર્લગ્નને માટે ૪૫ વર્ષ થયાં ચાલેલો ઉદ્યોગ સફળ થયો કહેવાય.*

# દેશાભિમાન

હિંદુસ્તાનના સંબંધમાં **દેશાભિમાન** વિષય મુખ્યત્વે પાંચ પ્રકરણમાં લખાયઃ—એકમાં પરદેશી રાજ્યસત્તા દેશમાંથી કાઢી નાખવાને અર્થે દેશી સર્વેનો સંપીલો ઉદ્યમ; બીજામાં પરદેશી સત્તાની પ્રજારૂપે સર્વે જાતિ વર્ગનાં

* સ્વતંત્ર બુદ્ધિનો કાળ છે, સર્વત્ર અવ્યવસ્થા છે, રાજ્ય અનુકૂળ છે, જાતિનાં ધર્મબંધન ઢીલાં છે એમ છતે સ્ત્રીપુરુષો બહાર નથી પડતાં. કહીએ કે અગ્રેસરો પોતે દાખલો નથી આપતા; પણ ખરું કારણ એ છે કે ગૃહસ્થાશ્રમની નીતિ ભણી તેઓનો લક્ષ નથી પણ ભોગની લલુતા છે તેઓને; જો ખરેખરો જોસ્સો હોય તો જ્યારે ઘણીક રીતે વડીલની મર્યાદા તોડે છે ત્યારે આ વાતમાં કેમ ન તોડે? ઇચ્છા કરનારાં આપબળ ચાતુરીએ દુઃખ વેઠીને પણ અર્થ પ્રાપ્ત કરવાની સમજ આણતાં નથી; પણ એકલાં પડી જઇશું, પ્રજા રઝળશે, મરણવેળા અડચણ પડશે એમ બાનાં બતાવે છે.



જનસુખી થાય તથા પરદેશી સત્તાના અંકુશમાં રહેલાં સર્વે દેશી રાજ્યોની કળા વધે તેને અર્થે ઉદ્યમ; ત્રીજામાં દેશની સમૃદ્ધિ વધે, દેશમાં વિદ્યાકળા વધે તેને અર્થે ઉદ્યમ; ચોથામાં જાતજાતના લોક પોતપોતાના ધર્મના મમતમાં પરસ્પર દ્વેષ ન રાખતાં દેશના સામાન્ય લાભને અર્થે સૌ એકરૂપ થાય તેને અર્થે ઉદ્યમ; અને પાંચમામાં જાત જાતના લોક પોતપોતાના ધર્મ તથા સંસાર વિષયમાં સુધારો કરે તેને અર્થે ઉદ્યમ.

(૧) પહેલા પ્રકારનો ઉદ્યમ દેશમાં નથી. એ ઉદ્યમ સર્વે જાત વર્ગના લોકમાં વસે ને વળી ધર્મમાં સર્વ સુદૃઢ થાય તેવી દેશની પ્રકૃતિ નથી ને લોકના મોટા ભાગની પ્રકૃત બુદ્ધિ પણ નથી. અમેરિકાના ને ઇટાલીના લોકે પરદેશી રાજ્યથી સ્વાધીન થવાને જે જે પ્રકારનો ઉદ્યોગ ચલાવ્યો, તેવો સંપીલો જાથુનો ઉદ્યોગ આ દેશમાં થવાનો ને જેવી નાની મોટી ટોળીઓ છૂપી કે ખુલ્લી યૂરોપમાં પોતાના રાજકીય મતના પ્રસાર તથા જયને માટે નિરંતર મથન કરે છે, તેવી આ દેશમાં થવાનો સંભવ નથી જ.

ઔરંગજેબના જુલમથી હિંદુ પ્રજા કંટાળી હતી ને શિવાજીએ તથા ગુરુ ગોવિંદે સ્વરાજ્યો કીધાં પણ પ્રજાના મોટા ભાગે હથિયાર લીધાં નો'તાં, પેશવાએ તથા હૈદર ટીપુએ અંગ્રેજોને દેશમાંથી કાઢવાને તજવીજ કીધેલી પણ લોક સર્વેને તે વિષે જાણ નહોતી. દેશાભિમાન શબ્દનો પોકાર અંગ્રેજી ભણેલા જુવાનો કરતા થયા તેની પહેલાં હિંદુ તથા મુસલમાન રાજકુળોએ બ્રિટિશ લશ્કરની મદદે બ્રિટિશ કંપનીની સત્તા ભાંજી નાખવાને છુપો ઉદ્યોગ ચલાવેલો, પણ બ્રિટિશ પ્રજાને ઘણુંક દેશી રાજ્ય એ સૌ કંપનીના હિતુ હતાં. આ ચોવીસ વર્ષમાં કોઈ પણ રાજકુળે કે પ્રજાકુળે પોતાની બુદ્ધિ બ્રિટિશ રાજ્યની સામે થવાને કીધી નથી. સૌ પોતપોતાની વર્તમાન સ્થિતિમાં એવાં તો સંકડાઈ રહ્યાં છે કે, કોઇને પાસેની કે તરતની અડચણ મટાડવી, એ ઉપરાંત બીજી મોટી ઇચ્છા હોય જ શેની? કોઈ સાહસિક પુરુષ રાની લોકની મદદથી કદાપિ રાજ્યની સામા હથિયાર લે પણ તેને આસરો આપવાની બુદ્ધિ કરે તેવું રાજકુળ કે પ્રજાકુળ કોઈ નિકળે તેવો સંભવ અમણાં તો નથી;–હજી હાક બ્રિટિશની ગાજે છે અને બ્રિટિશ આણ ઉમંગે પાળે છે પ્રજા, એ જ રાજ્યથી મળતાં છૂટ સંબંધી વિશેષ સુખ વિચારીને.

કદાપિ બ્રિટિશ રાજ્યની પડતીના વખતમાં કોઈ એક પુરુષ કે કોઈ રાજકુળ કે કોઈ પ્રજાકુળ બહાર પડે કે સઘળાં દેશી રાજ્ય એકી કરી સામા થાય; તોપણ તે પ્રજાના દેશાભિમાનથી થશે, એ સમજ અમે ખોટી

સમજીયે છિયે. પ્રજા ઇચ્છે છે કે, રાજ્ય ન્યાયી તથા સુખકર રહે પણ
કદાપિ ત્રાસદ નિકળ્યું તો તે દુઃખ વેઠશે કાળની અવધિ લગી.
(૨) બીજા પ્રકારનો ઉદ્યોગ બ્રિટિશ રાજ્યની મૂળ નીતિએ પ્રજાને
મળતી છૂટ તથા મહારાણીની રહેમ મહેર એને લીધે થોડાક જણ રાજ
નગરોમાં ચલાવે છે—સભાદ્વારા ને પત્રદ્વારા. આસોસીએશન કહેવાતી સભા
તે દેશી વ્યવસ્થાની છે. સરકારી નોકરીમાં નહિ તેવા કેટલાક ધનવંત
(અંગ્રેજી જાણનારા કે ન જાણનારા) ને કેટલાક વિદ્વાન્ (અંગ્રેજી જાણનારા)
એવા થોડાક જણે સ્થાપી છે; અને **પુના સાર્વજનિક સભા**નું બંધારણ
આવું કે પુના તથા તેને લગતા કેટલાક તાલુકાના લોકે પોતાના મુખત્યાર
ઠરવેલા એવાઓની તે સભા છે. એ સભાઓ ન્યાય, ધારા, કારભાર, દેશી-
ઓની વૃદ્ધિ એ વિષયમાં સમયે સમયે માંગણી કરે છે ને રાજકુળ કે
અધિકારીઓને માનપત્ર આપવાનો વિવેક કરે છે; પુનાની સભા, દેશીઓ
પોતાના લેણદેણનો ફડચો લવાદ કોરટથી કરી લે તેને માટે યત્ન કરે છે
એ વિશેષ છે. એ સભાઓના ઉદ્યોગને ઉત્તેજન મળે તેવું કંઈ જ નથી—
સભાસદ ખંતે કામ કરવાવાળા જુજ, ને બીજા તે કોઈ માનના કોડીલા,
કોઈ બીકણ કે ખુશામતિયા કે મતલબ કાઢનારા હોય છે. સરકાર તેઓનું
સાંભળે છે પણ કરે છે પોતાનું ધાર્યું જ.
પ્રજાના મુખત્યારોની સભાઓ થાય ને તે સરકાર પાસે હક ન્યાય
સુખ માગે એવું, પરદેશી પરધર્મી સત્તાને અધીન એવી હિંદુસ્થાન જેવા
મોટા દેશની, અનેક જાત ધર્મવાળી, ને રાજપ્રકરણમાં ચિત્ત ન રાખનારી
એવી, વળી સેંકડો વર્ષ થયાં પરતંત્ર એટલે ઊંચી બુદ્ધિનીતિએ હીણ એવી
પ્રજામાં થવાને શી આશા કરવી? હિંદુસ્થાનના લોક સમસ્તના મુખત્યારોની
એક મોટી સભા થાય-કાનેડા કે **આયરલંડની** પેઠે બ્રિટિશ પાર્લામેંટમાં
દેશીઓ બેસે એને માટે પ્રયત્ન કરવો મિથ્યા છે.* સરકાર કીયા મોટા

* લોકના પોકારથી કોઇએક વાતે તરતને માટે તેઓ કદાપિ પોતાને ફાયદો
કરી લે, પણ સરકાર મમતમાં બીજી ઘણીક વાતે તેઓને ગેરફાયદા કરે; સર-
કાર વખતે વખતે દબતી રેહ એ ફાયદા કરતાં તે બહુ જુલમ કર્યાં કરે
તેથી લોકને હમેશને વાસ્તે વધારે ફાયદા છે; હિંદુ પ્રજાનો જય સહનત્વનાં તપનમ
છે, અધૈર્યના યત્નોમાં નહિ; એ નીતિ લોક ભૂલ્યા છે ને મથનમાં પણ કેટલીક નીતિ
જરૂરની છે કે જે યુરોપના લોક પાળે છે તે પણ તેઓમાં નથી; માટે સભા તથા
પત્ર એઓએ લોકનું દુઃખ સરકારને હઠથી નહિ પણ નમ્રતાથી જણાવવું. પછી એ
ગમે તેમ વર્તે.



હક આપે છે ને કેવો કરભાર ઓછો કરે છે તે આપણે જાણીએ છીએ તો સરકાર પોતાની સામાં રાજકીય ઐક્ય કેમ થવા દેશે? અરે! લોકના અગ્રેસરો પોતાનું ઐક્ય કરી શકતા નથી તો બીજા કોની વાત કરવી? દિલ્હીમાં મળેલી દરબારના મેલાવડામાં પત્રવાળાઓએ પોતાની એક સભા કરવાનો વિચાર ઊપજાવેલો, તે પાર પડ્યો નથી જ.

દેશીઓની કલમથી લખાતાં જુજ પત્ર, ધારાની બાબતમાં સારી ચરચા કરે છે ને **અમૃતબઝાર** દેશી નીતિ રીતિનું સંરક્ષણ ને સરકારી કામદારોના અન્યાય પક્ષપાત વિષે સ્પષ્ટ બોલે છે. દેશીઓથી લખાતાં સઘળાં પત્રોએ વડોદરાના પ્રસંગમાં પાછળથી એક સરખું લખ્યું હતું; દેશી રાજ્યનું રક્ષણ થવા વિષે, વર્તમાનપત્રોની રીત આપણા દેશમાં નવી છે. (એ વિષે બીજે પ્રસંગે વિચાર આપીશું,) એથી પ્રાંત પ્રાંતના લોક એકમેકનું જાણે છે ને જાણમાં વધારો કરે છે–ને એથી જ સરકારની નીતિવૃત્તિ વિષે લોકે એક સરખું મત વહેલું બાંધ્યું છે. કેટલીક વાતે પત્ર ઉપર સરકારનો અંકુશ છે, તથાપિ સરકારની હજી મેહેર છે ને પત્ર છુટથી લખાય છે.

દેશી રાજ્યના કારભારીઓ બ્રિટિશ સરકારથી નિમાયલા તેઓની નીતિ આવી કે રાજ્યમાં બખેડો ન થાય તેવી વ્યવસ્થા રાખવી ને શેહેર સુધરાઈનાં કામો કરવાં; અને રાજાઓમાં કોણ છે? ઔરંગજેબે હિંદુ ઉપર જીજીઓ મૂકેલો તે કાઢી નખાવવા વિષે ઉદેપૂરના રાજા સરદારે સૌ હિન્દુના પ્રતિનિધિરૂપે બાદશાહને લખ્યું હતું, તેવું હાલ કોઈ કાંઈ કરતું નથી.

બ્રિટિશ પ્રજા ને દેશી રાજ્ય બંને બ્રિટિશ સરકાર ઇચ્છા દેખાડે તે કામમાં ભાવે કે અભાવે પણ શ્રમ વેઠે; યુરોપીઅનને માટે ઉભી થયલી ટીપોમાં ધનવંતો નાણાં ભરે ને દેશી જનને માટે કે દેશી કામને માટે થયેલી ટીપમાં ન ચાલતાનું ભરે ને સરકારની ઇતરાજી થવા જેવું ભાસે તો કંઈ પણ ન ભરે. કેળવણી લીધેલા એવા બુદ્ધિવંતો તે તો સરકારી નોકરીમાં એટલે લોકને અર્થે બોલી લખી શકે નહીં.

કંપનીના રાજ્યમાં સુધારાવાળાઓએ જે રાજનીતિ રાખેલી સરકાર સાથે વર્તવાની, તે આ કાળમાં રહે જ નહિ—એકમાં વસ્તુતઃ **બ્રિટીશ રાજ્ય** પાસે માગવાનું હતું ને બીજામાં **હિંદુસ્થાનની માહારાણીની સરકાર** પાસે માગવાનું છે.

(૩) ત્રીજા પ્રકારનો ઉદ્યોગ થોડાં વર્ષ થયાં ચાલ્યો છે, તેટલામાં ઘણા લોકની ઇચ્છા થઈ છે કે દેશ સધન થાય તો સારું, ઉદ્યોગ વહેલો સફળ નહિ થાય પણ દેશને લાભકારી છે.

સસ્તું સારું તરત મળે તરત ઉપયોગમાં આવે, તેવી પરદેશી વસ્તુઓનો આદર કરવા વિષે લોકની બુદ્ધિ છે તેને દોષ ન કહિયે, પણ ભોગ લલુતા વધી ગઈ છે ને પ્રાપ્તિને માટે પરિશ્રમ કરવાની ટેવ ઘટી ગઈ છે એ વૃત્તિ મોટો દોષ છે; વળી કેટલાક પરદેશી વસ્તુના વાપરવામાં મોટાઈ માની તેને માટે ઘણું ખરચે ને દેશી બનાવટ ઉમદા હોય તો પણ તેને ખરીદે નહિ, એ વૃત્તિ પણ દોષ છે. નગરની કે દેશની વધઘટનો વિચાર જેણે કરવો જોઇએ એવા ધનવંત જે સાહુકાર વેપારી તે આજકાલ સ્થિતિભ્રષ્ટ, અભણ, સ્વાર્થી, વિલાસી, મોટાઇખોર, ખુશામત ઇચ્છનારા છે. તેઓ દેશી કળાને ઉત્તેજન આપતા નથી અને એવાઓને સારી પેઠે સમજાવે તેવા સલાહ આપનારા નથી. થોડાક જણ દક્ષિણી ગુજરાતી બંગાલી પુસ્તકો લખે છે. ભાષણો કરે છે; કાંઈ કાંઈ માલ બનાવે છે ને કેટલોક વેચે છે. પણ એ ઉદ્યોગ લોકસંખ્યાના પ્રમાણમાં નહિ જેવો છે.

એ વિષયમાં અપાતો બોધ એ કે—(૧) દેશનું દ્રવ્ય બહુ બહુ રીતે પ્રદેશ ગયું છે તથા જાય છે; લોકને ઘણા કર આપવા પડે છે ને તે વળી ધંધા રોજગારની અછતમાં, સરકાર લોકનું દારિદ્ર્ય કાઢવાને કાંઈ કરી શકતી નથી; ત્યારે લોકે જ પોતાને માટે વિચાર કરવો. (૨) લોકમાં કેટલાક હુન્નરી કિસબીઓ છે, પણ તેમને આસરો મળે તો પરદેશી વસ્તુઓના જેવી અહીં પણ બને અને ખપ જાગેથી દેશી વસ્તુઓ વધારે સસ્તી સારી પણ મળે. (૩) માટે દેશી માલ વાપરવાને સૌએ બુદ્ધિ કરવી; કારખાનાં કાઢવાં; ધનવંતોએ અને વિદ્વાનોએ કૃષિશાસ્ત્ર, ઉદ્‌ભિજ્જશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર એ વિષયના ગ્રંથો લખવા.

**'બાદશાહ ત્યાં બજાર'** એવું આ દેશમાં અમણા ન હોવાથી, રાજ્યાધિકારીઓ પોતાના ધનનો ઉપભોગ ઘણોક ઈંગ્લંડમાં કરવા લાગ્યા તેથી, અહીંના અભણ વેપારીઓ બ્રિટિશ આડતીઆ મારફતે બ્રિટિશ વેપારીઓ સાથે વેપાર કરે તેથી; જુના વહીવટની સાહુકારી તૂટી જવાથી, સરકારના કરભારથી ને પ્રજાના પોતાના અઘટતા ખરચથી દેશમાં નાણું રહેતું નથી; ઝાઝું આવતું નથી, સહુ જાય છે, ને અહીં ભીડ તાણમાં રાખે છે લોકને. બ્રિટિશ કારખાનાને ગેરફાયદો થઈ આ દેશના કારખાનાને ફાયદો થાય તેવાં કામમાં આપણી સરકાર મદદ ના કરે, પણ અટકાવ ખસુસ કરે, એ સ્થિતિ જોતાં, ઉપર કહી તેવી ધનવંતોની સ્થિતિ જોતાં, રાજાથી તે રાંક લગીના સૌ જણનો પરદેશી વસ્તુ ઉપર મોહ તથા સંસારી વૈભવ ઉપર પ્રીતિ, એવી લોકની સ્થિતિ જોતાં આ સમયમાં દેશનું



ધન વધે તેવું તો થનાર નથી. હા, લોકનો મોહ સમજથી કે દુઃખથી ઘટે, હઠથી ઘટે ને લોકમાં સ્વાર્થ, પણ થોડીવારનો કે હંમેશનો છે, આ કે તે એવી સમજ આવે તો જ પરદેશી વસ્તુનો કેટલોક વાપર ઓછો થાય ને એમ દેશના ધનનું કાંઇક રક્ષણ થાય ખરું.

(૪) ચોથા પ્રકારના ઉદ્યોગનું બીજ આ મુદ્દો કે સૌ માણસ સરખાં છે સૌનો બનાવનાર એક જ છે; એટલે આપણે સૌ ભાઇઓ છીએ, સંસાર વહેવારમાં સૌની નીતિ સરખી છે માટે હિંદુઓએ પોતાનામાંના અનેક ધર્મ પંથના મમત મુકી દેવા અને મુસલમાન, પારસી, ખ્રીસ્તી સાથે ખાવા પીવામાં બાધ ગણવો નહિ; એઓએ પણ ભળવું; હિંદુઓએ વેદ ન માનવો એમ સ્પષ્ટ કહ્યું અને બીજા ધર્મના લોકે પોતપોતાના ધર્મપુસ્તકને માનવા એવું સૂચવ્યું. એ મત સમાજોનું લોક માનતા નથી ને સમાજવાળા પણ ઘણાક સ્વમત પ્રમાણે આચરતા નથી; વળી કોઈ મુસલમાને કે બીજાએ પોતાનો ધર્મ છોડી સમાજોનો કબૂલ કીધો નથી.

આપણો દેશ યૂરોપના રાજ્યના ઉત્કર્ષને ક્યારે પામે, કેમ પામે એમ ગ્લાનિથી ઉઠેલા ભાવે દેશાભિમાનને હિત દીઠું ને પહેલું બળ સુધારાવાળાઓએ સનાતન ધર્મને નિર્મૂળ કરવા ભણી વાપર્યું; હિંદુ મુસલમાન સૌને એક કરવાને; અને આ મંત્ર ભણ્યો કે દેશાભિમાન એ બીજ ને સર્વ વિષયમાં ઐક્ય એ શક્તિ એ બેએ સ્વરાજ્ય લક્ષ્મીનો ભોગ પ્રાપ્ત કરવો. સમાજોએ એકેશ્વરની ભક્તિ સુધારાવાળાની રાખી પણ એકની સાથે ૐ શબ્દ બૌદ્ધ જૈન વૈદિકનો જોડ્યો કે જેને બીજા કોઈ પણ ધર્મના તે કબુલ ન રાખે. આદિ બ્રાહ્મસમાજ તે વેદ ઉપનિષદને માને છે; નવી બ્રાહ્મસમાજ તથા પ્રાર્થનાસમાજ તે વેદને માનતી નથી પણ બ્રહ્મ "ૐ તત્સત્" રાખે છે કે જે બૌદ્ધ જૈનનું નહી પણ વેદ માનનારાનું જ છે; અને આર્યસમાજ તે વેદને માને છે. એ સમાજ વળી આગ્રહ સાથે બોધ કરે છે કે આર્યાભિમાન એ બીજ તથા વેદ ઉપર આસ્થા એ શક્તિ એણે લોકનું ઐક્ય કરી પૂર્વના આર્યની મહાલક્ષ્મી પ્રાપ્ત કરવી. સમાજોમાં ત્રણ હિંદુઓનું ને એક બધા ધર્મનું ઐક્ય કરાવે છે ને ત્રણનાં મત પણ ઉપર કહ્યા પ્રમાણે જૂદાં છે.

રાજપ્રકરણમાં હિંદુ, મુસલમાન વગેરેએ સંપે કામ કીધું છે તે ઇતિહાસ ઉપરથી જણાય છે અને આજે કરે છે તે જોઇયે છીએ; વેપારધંધામાં અગાઉ સૌ સંપે કામ કરતા હતા ને આજે પણ કરે છે; સંસારી કોઈ પણ લાભમાં જાત ધર્મનો વિચાર રાખતા જ નથી. હિંદુઓએ લડાઇમાં ધર્મના આચારની દરકાર રાખી નથી; આજે પણ ઉત્તર હિંદુસ્થાનના

બ્રાહ્મણ ક્ષત્રી એઓએ લશ્કરમાં અનેક જાત વર્ગની સંગતિમાં છતે અને દૂર દેશાવર ગયે છતે પણ હિંદુનો આચાર મૂકયો નથી.

(૫) પાંચમા પ્રકારનો ઉદ્યોગ આ દેશના સર્વ ધર્મના લોકમાં ચાલે છે–હિંદુઓમાં ધર્મસંશોધન થાય છે અને ધર્મ સાથે અવશ્ય તથા વિશેષે ભેળાયલા એવા જે જ્ઞાતિ તથા ઘરસંસાર વિષય તેમાં પણ જુના નવા વિચાર ચરચાય છે.

હિંદુઓમાં માંહોમાંહે જ્ઞાતિકુળ બંધન ન જોઇયે એવો સમાજોનો ઉદ્દેશ છે. કર્મ પ્રમાણે સ્થિતિ ને સ્થિતિ પ્રમાણે કુળ એ નિયમ સર્વત્ર છે. બીજા લોક સંસારી સ્થિતિને કુળનું કારણ જાણે છે ને હિંદુ લોક પણ; હિંદુઓ વિશેષ આ કે જન્માંતરના વિચારથી જે જ્ઞાતિમાં જન્મ, તેને પૂર્વ જન્મના કર્મ ઉપરથી પ્રાપ્ત કુળ સ્થિતિ સમજે છે. વળી વેદ ધર્મની વ્યવસ્થા જ્ઞાતિભેદ એ અવશ્ય તત્વ છે–જાતિભેદ ને આચાર ન રહે તેવો કળિયુગ આવવાને હજી ઘણો લાંબો કાળ થશે. વળી બ્રાહ્મણની જ્ઞાતિ તેમાંના સૈંકડો ને હજારોના વિચાર ફરી જાય, તોપણ બીજા લોકથી જુદી રહેવાની. સમયના ધર્મને માટે નવી વ્યવસ્થા થશે–કેટલાંક બંધન શિથિલ થયાં છે તથા કેટલાંક તૂટશે ને આચાર ઓછો પળાશે; પણ જ્ઞાતિમર્યાદા રહેશે જ.

યુરોપની ચઢતીમાં સ્ત્રીકેળવણી એ એક અગતનું કારણ મનાયું છે. માટે તે લોકમાં દાખલ કરવી; તેની યોગ્યતા, તેને માન, તેને છૂટ વગેરેમાં આપણા બૈરાં યુરોપનાં બૈરાં જેવાં થાય અને આપણામાં લગ્ન, બાળલગ્ન, વગેરેમાં ઘણો સુધારો જોઇએ ને પુનર્લગ્નની રીતિ નવી કરવી. સ્ત્રીકેળવણી દાખલ થાય છે, તે ત્રીસ વર્ષના અનુભવ ઉપર વિચારવું છે; યોગ્યતા વગેરે ઉપર વિચાર કોઇએ કીધા છે પણ તે હજી ચર્ચાયા નથી. લગ્નાદિમાં બોલાયું છે તથા લખાયું છે કેટલુંક, અને પુનર્લગ્ન જૂજ કોઈ કોઇએ કરી દેખાડ્યું છે–(જ્ઞાતિકુળ ઘરસંસાર પ્રસંગે પ્રસંગે બોલવામાં આવશે.)

(૬) છઠ્ઠું દેશાભિમાન આ હતું કે, દેશની એક જ ભાષા કરવી પણ તે વિષય ઝાઝો ચરચાયો નથી; પ્રાંતપ્રાંતના લોકો પોતપોતાની ભાષાની સંવૃદ્ધિ કરતા થયા છે. તોપણ અંગ્રેજી ને હિંદુસ્થાની એ બે ભાષા લોકના સામાન્ય લાભને અર્થે અગતના સાધન જોવામાં આવે છે. હિન્દુઓના શુભાશુભ કર્મ પ્રાકૃતમાં થવા વિષે સમાજોના કાંઈ કાંઈ ઉદ્યોગ છે.



(૭) સાતમા પ્રકારનું અભિમાન તે જૂના ગ્રંથો ખોળવા વાંચવા છપાવી પ્રસિદ્ધ કરવા એની હોંસમાં દેખાય છે, કે જેથી લોક પોતાની પૂર્વ સ્થિતિને જાણી ભાવી સ્થિતિને માટે ઉદ્યમી થાય, એ ઉદ્યોગ સફળ થશે.

દેશાભિમાન તથા નીતિવિષયમાં દેશના લોકની કેવી સમજ તથા સ્થિતિ છે, તે વિષે ઉત્તર હિંદુસ્થાનમાં કામને અર્થે જઈ આવેલા તથા જાત્રા કરી આવેલા તેઓએ અમને આ પ્રમાણે કહ્યું છે. એક દેશાભિમાની વૃદ્ધ દક્ષિણી, મળવા આવેલો તેણે કહેલું કે "દેશાભિમાન કેથે નથી કલકત્તે કે કોઈ ઠેકાણે; અમારા લોકમાં કાંઇક છે પણ બડબ્બડ બહુને ઐક્ય નહિ." બીજાઓનું કહેલું તે આવું–લોક અંગ્રેજી ભણે છે ને નોકરી મેળવવાના હેતુથી જ. અંગ્રેજી રાજ્યથી રહેતી જાનમાલની સલામતી ને છૂટ એને બહુ વખાણે છે. માત્ર કારભારને વાસ્તે બહુ દલગીર છે; બ્રિટિશ ખાલસા ભાગના શેહેર કસબાઓમાં કોઈ કોઈ કેલવણી પામેલા ને રાજ્યપ્રકરણમાં વિચાર કરવાવાળા છે; દેશી કારીગરીથી ગરીબાઈ મટાડવાના ઉદ્યમ વિષે વાતો થાય છે; કસરત કરવા ઉપર સૌને શોખ ખરો, કાશીમાં બ્રાહ્મણો સંન્યાસી મોટા પંડિત છે. અંતરવેદમાં લોક જોસ્સાવાળા છે પણ અજ્ઞાન છે; ઉત્તર હિંદુસ્થાનમાં પૈસો ન મળે. બંગાળી કેળવણીવાળા તે વિવેકી છે પણ યુરોપીયનને ખુશ રાખનાર છે; એઓની રીતભાત ખસૂસ દાખલ કરે છે. ધર્મ વિષે ઘણાક તે પાછલું કાયમ રાખી ચલાવ્યા જાય છે; રજપૂતોમાં હથિયારનો શોખ તથા માવજત ઓછાં નથી; કેટલાંક રાજ્ય વગવાળાં ને પુખ્ત વિચારનાં છે; સીખ લોક કેટલાક ધનાઢ્ય ને ઘણા ખરા શૂરા છે, પણ બ્રિટિશ સરકારને અધીન; તેઓમાં કેલવણી નથી.

ધર્મ વિષયમાં સમાજોનાં પણ જુદાં મત, એને લીધે અને પ્રવૃત્તિને જ વિચારે તથા હારી થાકી ગયલે અભિમાનને ભૂલી પડેલી સંશયી બાવરી થયલી પ્રજાએ હવે કીઓ માર્ગ લેવો? આપણા પૂર્વના જ્ઞાની શિષ્ટજનોની શિક્ષા આવી છેઃ–

સૈંકડો વર્ષ પરતંત્ર રહી સ્વતંત્ર થવાની શુભેચ્છા થઈ છે તો સિદ્ધિ કાળ વેહેલો મોડો પણ આવશે જ માટે **ધીરજ રાખવી.** પારકી નીતિએ આપણું બળ વર્ધનારું નથી; આપણું બળ આપણી પોતાની જ નીતિએ વધશે ને તેને માટે પહેલી આ સમજ કે, પરદેશી ધર્મ નીતિ રીતિ વસ્તુ ઉપર જે **મોહ** થયો છે તેને **હણવો;** આત્મસ્વરૂપ ઓળખી નિર્મળ થવું. રાગી વૃત્તિને અંકુશિત રાખીને **વિરાગવૃત્તિ** ધરવી કે, જેથી આ લોકમાં દૃઢ નિયમે સારાં કામ થાય ને પરલોકમાં સારી ગતિ મળે.

એ ત્રણ શિક્ષાને માટે મંત્રબોધ નિત્યને માટે લોક સમસ્તને અર્થે આ પ્રમાણે કરે છે કે નિરભિમાન એ **બીજ**, સ્વધર્માનુષ્ઠાન એ **શક્તિ**; એ બે ષડૈશ્વર્યના ભોગની પ્રાપ્તિ કરવી. નિરભિમાન રેહવું એટલે ઈશ્વરેચ્છાને બળવતી માનવી, અને મમત્વ સ્વાર્થ ત્યાજવાની તથા સમતા પરોપકાર બુદ્ધિ રાખવાની ટેવ પાડવી. સ્વધર્માનુષ્ઠાન એટલે પોતપોતાનાં ધર્મ કર્મ કે સંસારી ઉદ્યોગ શ્રદ્ધાએ કે ઠરી બુદ્ધિએ કરવાં; ષડૈશ્વર્ય એટલે ઈશ્વરજ્ઞાન, વૈરાગ્ય, સત્તા, બળ, યશ, શ્રી—વળી દુર્ધર સમયને માટે કહ્યું છે કે—

तपसा प्राप्यते लक्ष्मीस्तपसा राज्यमुत्तमं ।
तपसा बलवृद्धिः स्यात्संग्रामे विजयस्तथा ॥ १ ॥

તો તપ કરવું. પણ વનમાં જઈ યોગ સાધે કે એકાંતમાં ઉપાસના કરે તેવા મહેચ્છ જીવ અમણાં નથી ત્યારે કેમ? પ્રત્યેક જણે પોતપોતાની બુદ્ધિને અનુસરતું કામ પોતપોતાના ઉદ્દેશને માટે એક લક્ષે કર્યાં કરવું, પણ અભિમાન તથા પ્રપંચ મૂકીને; એમ કરવું તો જ એ તપ ને એ તપકાળની અમુક અવધિએ ફળશે સૌને; વળી જેનું તપોબળ વિશેષ હશે, તે મહાન્ પુરુષની કીર્ત્તિ સંપાદન કરશે.*

ઘણા લોકની ધર્મ ઉપરથી આસ્થા ઘટી ગઈ છે ને નીતિ નબળી છે; વિશેષ, માંસ મદ્ય વાપરવાં કે બળ ને જોસ્સો આવે એવું કેટલાક સુધારાવાળાનું મત હતું, પણ હવે તે ફર્યું છે; માંસ ઘણું વપરાતું થયું નહિ પણ મદ્ય બહુ વપરાતો થયો. સનાતન ધર્મે મદ્યને ચાર મહાપાતકમાંનું એક ગણ્યું છે; કેમકે તેથી તમોગુણ વધે છે, બહુ પાપ થાય છે ને હીણા જન્મ લેવા પડે છે. યુરોપ અમેરિકાના કેટલાક વિદ્વાનોએ મદ્ય પીવાથી ફાયદો નથી એવું સારી તપાસ કરીને બતાવ્યું છે. સંસારમાં ગેરફાયદા થાય છે તે ખુલ્લા દેખાય છે તે છતાં દારુ બંધ થતો નથી. દારુથી વિલાસની વૃત્તિ ને એથી નાકૌતી વધે છે. પ્રવૃત્તિના વિચાર વધવાથી લોકની (પુરુષ સ્ત્રી બંનેની) નીતિ નથી બગડી એમ કોણ કહેશે? ઈચ્છા મોટી ને નીતિ ખોટી તો ઈચ્છા કેમ પાર પડશે? ને એવી સ્થિતિમાં કદાપિ રાજ્ય મળ્યું તો તે

* તેનું નિરભિમાન તે મહાભિમાન ને તેનો અપ્રપંચ રૂપ થઈ મોટું અદ્ભુત કર્મ દાખવશે કે જેનું પરિણામ મોટાં ઊંચાં ને લાંબો કાળ રહે તેવાં સુખમાં જોવાશે. તે સમા ઉપર મોટા પુરુષો ભલે પોતપોતાના મંડળને અભિમાન ને પ્રપંચનો બોધ કરે. અભિમાનનો નિત્ય બોધ હિંદુ સર્વેને કામનો નથી ને પ્રસંગ વિના તો તે કેવળ બકવાદ જ છે. અભિમાનના કરતાં સંકલ્પ નિશ્ચયથી (ફરજ સમજી) કરવાથી કામ વધારે ને વધારે સારું થાય.



ટકવાનું કેટલું? ધર્મ ઉપર મોટો અનાદર, ધર્મ રહિત અર્થ ને ધર્મ રહિત સ્નેહ એથી મોટી હાનિ છે, નિઃસંદેહ ધર્મે જ જય છે.

કાળે સુધારાવાળાને ઉભા કીધા ને એઓએ હિંદુઓને બોધ આપી ચંચળ તથા પૃચ્છક કીધા; કાળે સુધારાવાળાનાં મત જૂદાં જૂદાં તે ચાર સમાજમાં દેખાડ્યાં; અને કાળ પ્રેરણા કરે છે કે, હિંદુઓએ હવે તીસ વર્ષના અનુભવ ઉપરથી પોતાની નવી વ્યવસ્થા કરવી, સુવૃદ્ધિ અર્થે. અમારું મત આ છેઃ—

ગતાભિમાન રહો થઈ,—થવે ધરો અભિમાન
ધર્મ કર્મ તપશે થશે, જયી સર્વ અભિમાન—૧

# સામાજીક તથા સનાતન ધર્મસ્થિતિ.

કલકત્તાની બ્રહ્મસમાજ સંવત ૧૮૮૪ માં સ્થપાયલી, તે વિષે હિંદુસ્થાનના બીજા ભાગના લોક જાણીતા નોહતા, પણ ૧૯૦૮ માં કેશવચંદ્રસેને નવી બ્રહ્મસમાજ સ્થાપી ને મુંબઈ આવી ભાષણ કીધાં ત્યારથી બંને સમાજના મત અહિંના લોકના જાણવામાં આવ્યાં. સંવત ૧૯૦૮ માં કે વરસ એક બે અગાઉ પછી એટલામાં, પરમહંસ સભા મુંબઈમાં થઈ હતી પણ તે પોતાનું કામ ખાનગી રાખતી, તેનો ઉદ્દેશ લોક ખાવે પીવે જાતિભેદ ન રાખે તેવું કરવાનો હતો ને તેવો બોધ કરવાને બહાર પડવું તેને સારુ છૂપા સભાસદો નોંધતા; તેની સંખ્યા સો એકની થઈ ને કેટલાએકે મમત લીધો કે હવે તો બહાર પડવું જ. ત્યારે તે સભા તુટી ગઈ. પછી પાંચેક વર્ષે એમાંના કેટલાએક તથા બીજાઓએ મળી ૧૯૨૪ માં પ્રાર્થનાસમાજ સ્થાપી જાતિભેદનો વિષય પડદામાં રાખી એક જગદીશ્વરની ભક્તિનો બોધ બહાર પાડ્યો. એમ દક્ષિણીઓનું જોઈ અમદાવાદના ગુજરાતીઓએ પ્રાર્થનાસમાજ સ્થાપી (૧૯૩૦ માં). પછી સ્વામી દયાનંદે મુંબઈ આવી મૂર્ત્તિપૂજાની વિરુદ્ધ ભાષણ કીધાં અને વેદને ન માનનારા બ્રહ્મસમાજ તથા પ્રાર્થનાસમાજ તેની સામા વેદને ઈશ્વરપ્રેરિત સ્થાપી દાખ્યો; (૧૯૩૧ માં). અનેક ધર્મ કરવાને અતિઉત્સુક તે સૌ એક બીજાથી જૂદા પડ્યા; પોતપોતાનાં નાનાં નાનાં મંડળ બાંધી બેઠા. દક્ષિણી કે ગુજરાતી પ્રાર્થનાસમાજમાં નોંધાયલા જનની સંખ્યા જૂજ છે ને તેઓની હિંમત સનાતન ધર્મની આણમાંથી ખસવાની નથી; તેમ તેઓ નથી ભળતા બ્રહ્મ-

સમાજમાં કે આર્યસમાજમાં. બ્રહ્મસમાજવાળા તો સનાતન ધર્મથી જૂદા ઉડી પોતાનું મત ઉત્સાહથી ચલાવે છે જ. **સ્વામી** દયાનંદ નવી નવી આર્યસમાજો સ્થાપવામાં, વેદનું ભાષ્ય કરી છપાવવામાં ને પ્રતિપક્ષીઓની સામા વાદ કરવામાં ઉદ્યમી છે. સોળ કરોડ હિંદુઓનું કલ્યાણ—એઓનું નવું ઐક્ય કરવાનું માન કોણ મેળવશે—**સ્વામી** કે **સેન**, તે હવે પછી જણાશે.

કોઈ પણ સમાજનો ધર્મ સંસાર પ્રવૃત્તિને નિંદતો નથી જ. જગતમાં જેટલા ધર્મ પ્રવર્ત્યા છે તે સઉએ તો તેને નિંદી છે, પણ એ ન છુટકાની હોવાથી તેમાં કેવી રીતે વર્તવું, એને માટે બોધ કીધા છે. પૂર્વે ત્યાગીઓએ ધર્મ ચલાવ્યા છે ને આજે આ દેશમાં રાગી જનો નિવૃત્તિધર્મ વિષયમાં પણ ઉત્તમ બોધ આપવાને મોટું અભિમાન કરે છે; વળી માનવ માત્રનો સામાન્ય ધર્મ પોતે બોધે છે તે જ છે કે જેવો બોધ પૂર્વે કોઇએ આપ્યો જ નથી. રજસ્તમસી બુદ્ધિવાદ! આ કાળના ખ્રિસ્તીઓના જયસુખની લલુતાવાળો ને તે વળી દેશાભિમાનદ્વારા ને એનો પ્રકાર આવો કે ધર્મનું ઐક્ય કરવું, એકેશ્વરની ભક્તિએ કે સર્વે વર્ણ એક થઈ સદા પ્રવૃત્તિમાં જ મચી રેહ! ઉત્સાહ ને પ્રયત્ન તો ખરો; પણ ગાઢો મોહ વિષયનો.

વેદધર્મના કાળકાળના સ્વરૂપ વિષે મેં આર્યસમાજમાં ભાષણ કીધું છે, તોપણ પ્રસંગને માટે થોડુંક કહું છું. વિક્રમ પહેલાં દોડસો વર્ષ એટલા કાળથી તે આજ લગી બ્રાહ્મણ આચાર્યોએ સ્થાપેલો ધર્મ આર્યલોક પરંપરાથી પાળતા આવ્યા છે. એ કાળના વેદોક્ત ધર્મનાં બે સ્વરૂપ (સહચર) અદ્વૈત શૈવ ને દ્વૈત વૈષ્ણવ–તેમાં શૈવ સંપ્રદાય પ્રધાન હતો (સંવત ૧૨૫૦ સુધી), પછીથી વૈષ્ણવ સંપ્રદાય પ્રધાન થયો તે હજી પણ છે. (રામાનુજે ૧૧૮૯ માં જૈનધર્મી બલ્લાલ રાજાને વૈષ્ણવ કીધો હતો.) મુસલમાની રાજ્યકાળમાં વૈષ્ણવના ચાર સંપ્રદાય ઉપરાંત બીજા ઘણા પંથ નીકળ્યા હતા. રામાનુજે અવશ્ય ઉંચી જાતના આર્યલોકને બોધ્યા, પણ રામાનંદે નીચ જાતિ લોકને પણ બોધપાત્ર ગણ્યા. રામાનંદે આર્ય સમસ્તનું ધર્મ વિષયમાં ઐક્ય કરવાની યોજના કીધી ને એના શિષ્ય કબીરે આ દેશના હિંદુ મુસલમાન બંનેને ધર્મમાર્ગના ઐક્યમાં આણવાને ખંતે શ્રમ લીધો. એ સઘળા મતવાળા સનાતન ધર્મને અનુસરતા રહી પરધર્મ થકી સ્વધર્મનું રક્ષણ કરવાને અને જાતિઓનો દ્વેષ ન રહે તેવું કરવાને મથ્યા હતા. વર્તમાનમાં સનાતન ધર્મ વૈરાગ્યહીન નિયમ નિશ્ચયરહિત દિઙ્મૂઢ છે, પણ બહુ કાળનો સ્થાપિત–બહુ લોકમાન્ય–ને બહુ બહુ રીતે પોતાના અંગ પર-



સ્પર બળ સાથે ગંઠાએલો, એવો હોવાથી હજી પણ મહાબળવાન્ છે, શાંતિ ને દૈવ કાળને પ્રધાન માનનારો સનાતન ધર્મ તે પણ કાળે કરીને મોહિત સ્તંભિત થયો છે! સમાજધર્મની સામો થતો નથી ને પોતાની વ્યવસ્થા પણ કરતો નથી.

એ પ્રમાણે સનાતન ધર્મ ને એનો ઉચ્છેદક સામાજીક ધર્મ એ બંને મોહવશ છે. સનાતન ધર્મે પોતાના બ્રાહ્મણ તથા સંન્યાસીદ્વારા સમયને માટે પોતાની વ્યવસ્થા કરવી; સામાજીક ધર્મે પોતાનો મમત દંભ મુકી સનાતન ધર્મને નમવું ને નિવૃત્તિ વિષયમાં તે પોતાનું મત યથેચ્છ પ્રવર્ત્તાવે;–એમ થશે ત્યારે જ આર્ય સમસ્તનું ધર્મૈક્ય સબળ થઈ પ્રકાશશે.

સંવત ૧૯૧૩ થી હું ગુજરાતીઓને નિવૃત્તિ પ્રવૃત્તિના ધર્મ વિષે ઉપદેશ કરતો થયો ને ૧૯૧૬ માં પરમહંસ સભામાં દાખલ થયા પછી મોટા આગ્રહથી બોલતો લખતો ને આચરતો થયો. સમાજનો ધર્મ તેજ મારો ધર્મ હતો; વિશેષ આ કે જગદીશ્વરની નિષ્કામ ભક્તિ કરવા વિષે પણ કહેતો ને જીવ શુદ્ધ થઈ જગદીશ્વરમાં મળી જાય, તે મોક્ષ માનતો.

સર્વ ઠામ દીસે મતમતવાદ, કીયો ધર્મ માનું જાણી શુદ્ધ,
કર્યો મેં નિશ્ચય જગકર એક, નીતિમય બ્રહ્મ મમ દેવ;
કૃતિ કીર્તિ ગાવી થઈ નીતિમાન, નિષ્કામે તેની એ રુડી પૂજા.*

એ વિચારો ઉપર વિચારો નિરંતર થયાં જ કરતા; તોપણ ૧૯૩૦ સુધી સામાજીક વિચાર મારા મનમાં હતા એમ કહેવાય. એ વર્ષને અંતે બ્રહ્મના તત્વસ્વરૂપ વિષે, તેનાં અવતરણ સ્વરૂપ વિષે ને વેદ ઈશ્વર પ્રેરિત

* અસલ અમારા આ મુખ્ય વિચારો હતા:–“ જગત્કર્તા એક છે ને તે સકળ સદ્ગુણયુક્ત છે; અનેક નામ તે ગુણ ઉપરથી. વેદ ઈશ્વર પ્રેરિત નથી; દેવ પિતર નથી–વ્રત જપ તીર્થ એથી ફળ નથી માત્ર મનશુદ્ધિ જોઇએ, શ્રાદ્ધ નિરર્થક છે. અવતાર વળી કેવા? ઈશ્વર નિરાકાર છે. મૂર્તિ ન પૂજવી. સ્વર્ગ નરક એટલે પાપ પુણ્યનો બદલો. જીવને જન્માંતર નથી, સો માણસ સરખાં છે, જાતિભેદનું પ્રયોજન નથી; અન્યધર્મી સાથે ભોજન વહેવારથી ને મદ્યમાંસ વાપરવાથી પતિત થવાતું નથી. ધર્મક્રિયાની આવશ્યકતા નથી. લગ્નક્રિયા, મરણક્રિયા નિરર્થક છે. સમજતી વયે પરણવું–સામસામાં વચન આપીને, અનીતિનો પશ્ચાત્તાપ એ જ પ્રાયશ્ચિત્ત, નીતિમાન થવા વિના ભક્તિમાન થવાય નહિ ઈત્યાદિ. સંક્ષેપમાં સગુણ એક પરમેશ્વરને માનવો, તેનાં કામ નિયમ જોઈ તેની સ્તુતિ પ્રાર્થના કરવી, પાપને માટે માફી માગવી ને સારી સ્થિતિને માટે તેની કૃપા માગવી, એ પુણ્ય પાપનો બદલો છે, મુવા પછી પણ જીવ છે, બીજો બધો કર્મમાર્ગ ખોટો છે.”

છે, એ વિષે હું નિસ્સંદેહ થયેલો તેની ઝાંખી મેં ૧૯૩૧ ના કાર્તક વદ ચોથે બુદ્ધિવર્ધક સભામાં કરેલાં ભાષણને અંતે વાંચેલી કવિતાની પહેલી કડીમાં કરાવી હતી:—

આપ જાણતાં આપ બળવડે, યોગ સાધતા થાઓ,
એક ઓમ્ શિવશક્તિ જયથી, રંગ મૂર્ત્તિ ને ધ્યાઓ;
સત્ય પ્રેમ શૌર્યે હો, આર્યપણું પામવા હો.

સોળ વર્ષે સ્વધર્મથી પતિત રહ્યા પછી પાછો સ્વધર્મના સિદ્ધાંતોને સત્ય માનતો થયો. ૧૯૩૩-૩૪ માં નિવૃત્તિ પ્રવૃત્તિનાં ભાષણ કીધાં ને ૧૯૩૫ માં ગ્રહણકાળ પાળવા વિષે પત્રિકા પ્રસિદ્ધ કીધી તેથી લોક સૌએ જાણ્યું કે મારા વિચાર બદલાયા.

આર્યલોકે જાણવું કે ઇશ્વરપ્રતિ જીવનાં કર્તવ્ય એ વિષયમાં પૂર્વેના આચાર્યોનું બોધેલું તે જ સત્ય છે; સમાજવાળાનું નહીં. સમયનો ધર્મ અવ્યવસ્થિત છે તે પાછો વ્યવસ્થિત થશે જ, પણ હમણા (આપત્કાળમાં) સૌએ પોતપોતાની બુદ્ધિને રુચતો સ્થાપિત સંપ્રદાયમાંથી કોઈ પણ આદરી રાખવો; એથી જ તેઓનું બાવરાપણું મટશે ને ચિત્ત વહેવાર ધંધામાં લાગશે.

# બુદ્ધિ

શરીરમાં રહેલી વસ્તુ જેને આપણે જીવ શબ્દે ઓળખીએ છીએ, તેની જે એક વૃત્તિ અમુક વાતનો નિશ્ચય કરે તે બુદ્ધિ. આ આમ છે તે તેમ નથી; આ કરવું તે ન કરવું એમ હરકોઈ નિશ્ચયવાળી વૃત્તિ–બુદ્ધિ થઈ કે પછી કર્મ થાય છે; કર્મનું કારણ બુદ્ધિ છે. (કર્મ પ્રમાણે બુદ્ધિ એ પણ ખરું છે પણ તે વિષે આજે બોલવું નથી.) બાળકની, તરુણની, વૃદ્ધની, પુરુષની, સ્ત્રીની, કુળ કુળ ગામ ગામ–દેશ દેશ–ખંડ ખંડના લોકની બુદ્ધિ જુદી જુદી રીતે દેખાય છે. વળી કાળ કાળની, ને પ્રસંગ પ્રસંગની. (બીજા પ્રાણીની બુદ્ધિ વિષે આજે બોલવું નથી.) યુરોપના વિદ્વાનોએ મનુષ્યોની ભાષા ઉપરથી એરિયન સમિટિક ને ટ્યુરેનિયન એવી ત્રણ જાતિ પાડી છે; એકેકનો ગુણકર્મપ્રકાશ જુદો જુદો દેખાયો છે ને તેમાં એરિયન પ્રકાશ શ્રેષ્ઠ છે. હિંદુસ્થાનના આર્યપંડિતોએ બુદ્ધિ ત્રણ પ્રકારની ભણી છે–સાત્વિક, રાજસી ને તામસી અથવા સત્વ, રજ, તમ એ ત્રણ ગુણવાળી ને તેમાં સત્વને ઉત્તમ કહ્યો છે. બુદ્ધિ ત્રણ ગુણવાળી મનુષ્ય



માત્રની છે પણ કોઇમાં કોઈ તો કોઇમાં કોઇ ગુણવાળી આગળ પડતી હોય છે; વિશેષ કહેવું આ છે કે, જે ગુણ જે મનુષ્યમાં આગળ પડતો તે ગુણ તે મનુષ્યના સ્વભાવમાં જ અધિકાંશે રહ્યો હોય છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ સર્વેમાં પ્રકૃતિના એ ત્રણ ગુણનો બહુ બહુ પ્રકારે બોધ કીધો છે. અમુક લોક રાજ્યના આરંભથી તે લય લગીમાં અનેક પ્રકારની બુદ્ધિ દેખાડે તોપણ તેના સર્વે સ્વરૂપમાં અમુક ગુણ સામાન્યત: ઝળકયો હોય જ; તો એ ઉપરથી જણાય કે તે ગુણ તે લોકનો વિશેષ, ને આદિથી તે અંત લગી અમુક ગુણ જોવામાં આવ્યો તો તે ગુણના અધિકાંશ બુદ્ધિમાં સમજવા. બુદ્ધિ બીજમાંના અમુક ગુણના અધિક ન્યૂન અંશ પ્રમાણે જ કર્મ વૃક્ષનું સ્વરૂપ પ્રકાશે ને ફળ ભોગ દર્શાવે. એ ત્રણ ગુણની ઓળખ માટે નીચે પ્રમાણે છે:—

મનુસ્મૃતિમાં કહ્યું છે કે "યથાર્થ જ્ઞાન, તેજના જેવી શુદ્ધવૃત્તિ, પુણ્યવૃત્તિ, ક્લેશનો આભાસ નહિં, તમ, જ્ઞાન, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, ધર્મકર્મ, આત્મચિંતન, બ્રહ્મજ્ઞાનની ઇચ્છા. કર્મ કરવે લાજ નહિ, સંતુષ્ટ આત્મા એ સત્વનાં લક્ષણ ને તેનો પ્રધાન ધર્મ છે. રાગ તથા દ્વેશ, દુ:ખ તથા અસ્વસ્થતા, ધર્મ કરતાં તરત ફળની ઇચ્છા રાખવી, અધૈર્ય, અસત્કર્મ, વિષયસેવા, હેતુ પાર ન પડે તોપણ ખેદ ન પામવો, માનની તૃષ્ણા રાખવી એ રજસનાં લક્ષણ છે ને તેનો પ્રધાન અર્થસંપત્તિ છે. અજ્ઞાનમાં રહેવું, મોહવિષયમાં લીન રહેવું, લોભ, આળસ, કૃપણતા, નિંદા, ભીખ માગવાની ટેવ, આચારલોપ, ધર્મકાર્યવિષે અપ્રીતિ, કામ કરતાં ને કરીને લાજવું એ તમસનાં લક્ષણ છે ને તેનો પ્રધાન કામ છે." (એ એકેકની દેશકાળ ને કર્મસ્થિતિ પ્રમાણે પ્રથમ, મધ્યમ ને ઉત્તમ ગતિઓ થાય છે.) ભગવદ્ગીતામાં કહ્યું છે કે "નીરોગીપણું, નિર્મળપણું, બુદ્ધિ–વૃત્તિનો પ્રકાશ, જ્ઞાન સુખની વૃદ્ધિ એ સાત્વિક જનનાં લક્ષણ છે ને તે જ્ઞાનથી દેવ લોકમાં જાય છે; રાગ, તૃષ્ણા, સ્પૃહા, કર્મપ્રયત્ન, શાંતિ રહિતપણું એ રાજસીનાં લક્ષણ છે ને તે લોભથી મનુષ્ય લોકમાં રહે છે; ભ્રમ, ભ્રાંતિ, અજ્ઞાન, પ્રમાદ, આળસ, નિદ્રા, અસાવધાનતા, અવિવેક, અપ્રવૃત્તિ એ તામસનાં લક્ષણ છે, ને તે મોહથી પશ્વાદિ યોનિમાં જાય છે." બૃહત્સંહિતામાં કહ્યું છે કે સત્વગુણાધિક પુરુષમાં સત્વ, દયા, સ્થિર ચિત્ત, સરળ સ્વભાવ, બ્રાહ્મણ તથા દેવ એની ભક્તિ હોય છે. રજોગુણાધિક પુરુષમાં કાવ્ય નૃત્ય ગીતાદિ કળા, યજ્ઞ, સ્ત્રીઓમાં આસકત ચિત્ત ને અતિ શૌર્ય હોય છે. તમો ગુણાધિક પુરુષ, લોકને ઠગનાર, મૂર્ખ,

આળસુ, ક્રોધિષ્ઠ, અતિનિદ્રાળુ હોય છે. એ ત્રણે ગુણ મિશ્રણ ઉપરથી સાત પ્રકારે સ્વભાવને પ્રગટ કરે છે—સત્વ, રજ, તમ, સત્વરજસી, રજસ્તમસી, સત્વતમસી, ને સત્વરજતમાંસિ; સંસ્કૃત, ઝેન્દ, ગ્રીક, લાટિન, ટ્યુટોનિક એ ભાષા બોલનારાએ જે કામ કરેલાં છે તે કામ કરવાવાળી બુદ્ધિમાં સત્વ વિશેષ બહાર પડયો છે ને તે સત્વમાં ઉંચી પંક્તિનો સંસ્કૃત બોલનારાઓનો હતો. આજે પણ બીજા બધા દેશના લોક કરતાં આ દેશના લોકના સ્વભાવમાં સત્વાંશ વધારે છે જ; પણ રજોતમ બહુ ભેળાયાથી હિંદુનો સત્વ પોતાનો પ્રકાશ કરી શકતો નથી. સંભળાવી મારે કહેવાનું કે આ સભા બુદ્ધિવર્ધક નામની તે વિશેષે કીઆ ગુણની બુદ્ધિ કેળવવા માટે છે? સ્થાપના વેળાએ આ પ્રમાણે બુદ્ધિના ભેદ છે એમ સભાસદો જાણતા નહોતા. હવે જ્યારે નવી વ્યવસ્થા થઈ છે ત્યારે સભાનો હેતુ અમુક ગુણની બુદ્ધિને અવશ્યે વિશેષ કેળવવી એ પણ નક્કી થયું-કે તેને બહુ આડા આવે તેવા ભાષણ કરવા વિષે સાવધ રહેવાય.

બુદ્ધિ ત્રણ પ્રકારની પણ અમુક ગુણ અધિકન્યૂન અંશ તો સ્વભાવમાં જ; એ વળી જો કે અમણાના વિદ્વાનો નહીં જ માને. તોપણ આર્યશિષ્ટજન સમસ્તનું એમ જ કહેવું છે-જેમકે ગીતામાં " त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा । सत्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ! "

એક માબાપનાં છોકરાં સરખી સ્થિતિ કેળવણીનાં તે જુદા જુદા દેખાવ દે છે; સદ્ગુણી માબાપનાં છોકરાં દુર્ગુણી ને પંડિતનાં છોકરાં મૂર્ખ જોવામાં આવ્યાં છે; કોઈ બાળક ચંચળ ને કોઈ ઠાવકું હોય છે; કોઈ થોડે બોધે ઘણું શીખી લે છે ને કોઈ મૂર્ખને ઘણા બુદ્ધિમંતો પણ સમજાવી શકતા નથી; તો મનુષ્ય પ્રકૃતિ સૌની સરખી કેમ કહેવાય? યુરોપના લોક ધર્મ નીતિ રીતિ ખાન પાન વગેરેમાં ઘણીક રીતે સરખા છે, નિરંતર પરસ્પર વહેવાર રાખે છે, સરખી કેળવણી લે છે પણ જર્મન ફ્રેંચ, ઈંગ્લીશ, રૂસ, અમેરિકન એ સ્વદેશી પ્રકૃત્યંશ જુદા દાખવે છે જ; વળી એ ઉપરાંત પ્રત્યેકજન પોતાનો જુદો પ્રકૃત્યંશ અધિક-તે આગળ પડતો દાખવે છે જ. યુરોપના તત્વજ્ઞાનીઓ તથા ધર્મોપદેશકો પુનર્જન્મ વિષે સમજી શકતા નથી તથા પ્રાચીનકાળમાં પણ પીઠાગોરસ, પ્લેટો વગેરે જુજ સિવાયે બીજા પંડિતો પણ સમજ્યા નોતા જ; બ્રાહ્મ; બૌદ્ધ; જૈનધર્મના પંડિત તથા લોક સૌ સમજે છે,-કારણ શું? યુરોપના લોકની પ્રકૃતિમાં સત્વગુણાંશ ઓછો છે કે જેથી તેઓની સમજમાં જીવની ગતિ મરણ પછી, કર્મ પ્રમાણે નવો દેહ-પ્રારબ્ધ એ વિષે વિચાર ઉતરતા જ નથી. યુરોપના



લોક શાંતિ શાંતિ ( peace) ને વખાણે છે ને તે તેના લાભ જાણીને-પણ શાંતિ રાખી શકતા કેમ નથી? જન્મ પ્રકૃતિ જ અતિ અભિમાની છે કે જેવી હિંદુની નથી. જેટલા ધર્મ છે તે સઉ એશિયામાં જ ઉદય પામ્યા છે. સત્વ વિના ધર્મ નહીં અને જેવો સત્વ તેવો ધર્મ. જ્ઞાન ને અજ્ઞાન, પ્રકાશ ને અંધારું, સદ્ગુણ, દુર્ગુણ સૃષ્ટિના પહેલા કાળથી છે જ. જીવની અંતરવૃત્તિ ને બાહ્યવૃત્તિ, પુરુષસ્વભાવ ને સ્ત્રીસ્વભાવ, દેવસ્વભાવ ને દૈત્યસ્વભાવ એમ ભેદ સૃષ્ટિના પહેલા કાળથી છે જ. વળી જો પ્રકૃતિ જુદી જુદી ન હોય તો અમણા જેટલો ભેદ મનુષ્યના ગુણ કર્મમાં જોવામાં આવે છે, તેટલો કેળવણી તથા સંગતી પછી ન રહેવો જોઇએ. કેળવણી તથા સંગતી તે પ્રકૃતિમાં રહેલા ગુણોને વધારે કે ઘટાડે પણ ઘણે જન્મે, આ જન્મે તો કોકને જ જો પાછલી તૈયારી હોય તો કેળવણી તથા સંગતી સ્વભાવ ગુણને પ્રકાશિત કરનારાં છે; મનુષ્ય જન્મમાં.

સત્વગુણ—સત્ય, શુચિ (પવિત્રતા) શ્રદ્ધા, ક્ષમા. ધૃતિ (ધૈર્ય,) અનુકંપા (દયા), લજ્જા, સંતોષ, શાંતિ, રજોગુણ—પ્રદ્વેષ, દ્રોહ, મત્સર, સ્તંભ, ઉત્કંઠા, અનિદ્રા, માન, દંભ, ગર્વ, અશ્રદ્ધા. તમોગુણ—અજ્ઞાન, નિદ્રા, દૈન્ય, ભય, પરદોષાનુદર્શન (પારકાનો દોષ જોવા ઉપર જ વૃત્તિ.) પરતાપોપપાદક ( બીજાને દુઃખ થાય તેવું કરવું.)

'सत्वं प्रकाशयितव्यं नियंतव्यं रजः ।
सदा संहर्तव्यं तमः कामजनने शुभमिच्छता' ॥

અર્થ સ્પષ્ટ આ પ્રમાણે છે, કે સત્વ કોઈ વાર રજસ્તમસી જેવું કામ કરે, રજો તે સત્વ તમસી જેવું કામ કરે ને તમ તે સત્વરજસી જેવું, પણ નિત્ય નહીં.

સત્વ વધે તો ધર્મ ઉપર મતિ બેસે; રજ તમ થકી ઉત્પન્ન થયેલા સંસારી અર્થનું ચિંતન ન કરે પણ સત્વથી થયેલાનું કરે. અનાયાસે કીધેલા અર્થને ધર્મ યત્નને ઇચ્છે. રજ વધે તો સનાતન ધર્મને છોડી અધર્મ કરે; સંસારી અર્થની ને ભોગની વૃદ્ધિ કરે; સત્વ ગયેથી તમને ધરીલે. તમોગુણ વધે તો ઉન્મત્ત થાય; વેદ તથા ધર્મશાસ્ત્ર ઉપર વિશ્વાસ ન રાખે; ધનનો નાશ કરે; સઘળે દ્રોહ કરે; શાંતિને પામે જ નહિ.

સત્વગુણ શ્રેષ્ઠ છે. જીવ સત્વને બળે બ્રહ્મજ્ઞાન પામે છે. સંસારપ્રવૃત્તિથી અળગા થયેલા પુરુષોએ સત્વ બળ વધારી ધર્મરાજ્ય ને રાષ્ટ્રરાજ્ય સ્થાપ્યાં છે. અમણાનાં રાજ્યો ગમે તેવાં પણ સત્વને બળે ક્ષેમ રહ્યાં છે. શંકા—અધિક સત્વાંશવાળા હિંદુ પરતંત્ર કેમ? ચઢતીનો તેમ પડતીનો પણ

કાળ છે, સુખ તેમ દુઃખ પણ ભોગવવું, એ સૃષ્ટિનો નિયમ છે. શંકા—અધિક સત્વાંશે મોળાં પડી જવાય? ના—નિશ્ચયથી નિયમથી ઘણું થાય, એ ઘણું સારું થાય, ઘણો લાભ આપે ને એ ઘણો ભોગવાય. શંકા—મોટી પ્રવૃત્તિ થાય નહિ સમયે? સમયે તો તે બહુજ મોટી પ્રવૃત્તિ કરે, શુદ્ધ સત્વાંશવાળા પરશુરામ, રામ, કૃષ્ણ એઓએ એમ જ કીધું છે ને મલીન સત્વાંશ ભળેલા રજસ્તમસી શિકંદર, સીઝર, નેપોલિયન એઓ અમુક અમુક કાળે જ થયા છે. યુરોપના લોક પણ જયકાળ વિષે આગળથી નક્કી કરી શકતા નથી, જો કે નિત્ય મથન કરે છે. એશીયાના લોક સ્વધર્મકર્મ નિવૃત્તિના પ્રવૃત્તિના કર્યાં કરે છે ને સમયે કોઈ મોટો પુરુષ દેખા દેઈ ધર્મચક્ર કે રાજચક્ર ફેરવી નાખે છે. ગૌતમ ને જરતોસ્ત; મૂસો, ખ્રિસ્ત ને મહમદ; વળી નેબુકડનેઝર, કેખસરૂ, જંગિસખાન જેવા. શાંતપ્રકૃતિનાં ધર્મ અર્થ કામ તે ઉત્સાહ પ્રકૃતિના થકી જૂદાં જ છે. શાંતપ્રકૃતિવાળા જ્ઞાને નિરભિમાન છતે ધર્મ પાળવે અભિમાનિ થઈ પોતાનો જૂદોજ મોટો પ્રકાશ દેખાડે છે. શાંતિનો ગુણ સ્વભાવમાં હોય છે. કર્મમાં પણ નીતિરૂપે પ્રગટે છે ને ઉત્તર સ્થિતિમાં પણ સતેજ રહે છે. મોહ અને કર્મનો અભ્યાસ કરવો અર્થલોભે કરવો ને ધર્મનિયમે કરવો એ ત્રણમાં કીયો અભ્યાસ પોતાના સંબંધી જનને સ્વદેશના લોકને પ્રથમથી તે અંત લગી વિશેષ સુખકર, વિશેષ બળવાન્ અને વિશેષ ઐશ્વર્યવાળો તેનો હવે તમારે સૌએ વિચાર કરવો. બુદ્ધિવર્ધક હિંદુ સભાએ સત્વાંશ અધિકવાળી પોતાની હિંદુ બુદ્ધિની જ સુવૃદ્ધિ કરવી અને આર્યસમસ્તે—સાત્વિક બ્રાહ્મણે, સત્વરજસી ક્ષત્રીએ, ને રજે સતો વૈશ્યે—પોતપોતાની બુદ્ધિ નિર્મળ કરવી, દૃઢ કરવી ને પ્રકાશતી કરવી.

# સ્વદેશાભિમાન

ઉત્તરે હિમાલય પર્વત, પૂર્વે બ્રહ્મપુત્રા નદી તથા સમુદ્ર, દક્ષિણે સમુદ્ર, અને પશ્ચિમે સમુદ્ર તથા સિંધુ નદી એ ચતુઃસીમાવાળા મોટા દેશમાં અનેક મનુષ્ય કુટુંબોનો વાસ છે. કુટુંબો હિંદુ, મુસલમાન, જરતોસ્તી, ખ્રિસ્તી વગેરેનાં નામથી ઓળખાય છે. હિંદી કુટુંબો બીજી બધી જાતીનાં કુટુંબોના કરતાં ઘણાં જ વધારે છે ને હજારો વર્ષ થયાં આ દેશમાં વસે છે ને એટલા જ માટે દેશનું નામ પણ હિંદુસ્થાન* છે.

* 'હિંદુ' શબ્દ ફારસી છે તો તેની સાથે 'સ્તાન' જોઇએ ને મુસલમાન લોક હિંદુસ્તાન' કહે છે. હિંદુઓ કેટલાક કાળથી 'હિંદુસ્થાન' બોલતા આવ્યા છે; કેટલાક વિદ્વાનો 'હિંદુ' તે 'સિંધુ'નો અપભ્રંશ છે એમ માને છે (ફારસી શબ્દની સાથે સંસ્કૃત શબ્દ જોડાયલા એવા કેટલાક શબ્દ પ્રાકૃત ભાષાઓમાં વપરાય છે.)



૨. હિંદુસ્થાન તે પ્રત્યેક હિંદુજનનો ને સકળ હિંદુજનનો દેશ છે ને સ્વદેશ છે. ઘણા કાળથી આપણે હિંદુઓ જ આ દેશમાં છૈયે; રક્ત, ભાષા, ધર્મ આદિ લેઈ અનેક વાતે સગાંસંબંધીજન છૈયે; ને એક સરખી રીતે સમાન સુખ દુઃખ ભોગવતા આવ્યા છૈયે; એટલા માટે હિંદુસ્થાન તે આપણો દેશ છે. બીજા દેશોથી આપણો દેશ ઘણીક વાતે જૂદો જ પડે છે; જૂદો જ શોભે છે; જન્મભૂમિરૂપે આપણને પ્રેમ જગાવે છે ને જૂના જયરંગોનું સ્મરણ કરાવી આપણું અભિમાન પ્રગટ પાડે છે; એટલા માટે, હિંદુસ્થાન તે આપણો પોતીકો દેશ છે.

૩. જે લોકે સપ્તસિંધુ ગંગા વગેરે નદીઓના તથા પર્વતઅરણ્યના મહિમા ગાયા છે અને ઘણાંક રાજનગરનાં વર્ણન સપ્રેમ કીધાં છે, તે લોકમાં સ્વદેશપ્રીતિ નહોતી એમ કેમ કહેવાશે? જે જયી લોકે પોતાના રાજ્યપ્રદેશને પોતાનું નામ જોડી આર્યાવર્ત એ નામે જગતમાં ઓળખાવ્યો, તે લોકમાં દેશાભિમાન ન હોતું એમ કેમ કહેવાશે? વિશાળ, રસાળ, પ્રદેશના ધણીયાતા, પરદેશીઓની તરફથી નિર્ભય ને ધર્મની જ આણ માની તેના જ યશ ગાનારા એવા લોકને દેશાભિમાનનું માહાત્મ્ય અવશ્ય વધારવાનું પ્રયોજન ન હોતું જ.

૪. મહાભારતનાં યુદ્ધ પછી નવાં રાજ્યો મંડાયાં ને તેમાં મગધનું રાજ્ય સર્વોપરિ શોભ્યું; પરદેશી લોકના હુમલાઓ થયા ને કેટલાક રાજાઓએ પરાક્રમ દાખવી રાજ્યો ક્ષેમ રાખ્યાં ને ગયલાં મેળવ્યાં; લોકે યુદ્ધિષ્ઠિર, મહાવિરસ્વામી, વિક્રમ, શાલિવાહનના શક ઉપયોગમાં આણ્યા ને વર્ષે વર્ષે ઓચ્છવ કરી તે રાજાઓ પ્રતિ પોતાની ભક્તિ દેખાડી, પણ તેઓ સંસારવિષયમાં ને ધર્મવિષયમાં સ્થિત ન હોતા એટલે પછી તેઓનામાં પોતપોતાનાં રાજ્યો પ્રતિ ભક્તિ હોય જ શેની? વેદધર્મ ને બૌદ્ધ ધર્મ, પુરાણધર્મ ને જૈનધર્મ એ પ્રમાણે અનેક ધર્મના લોક પોતપોતાના ધર્મનું અને પોતપોતાની જ્ઞાતિઓનું અભિમાન રાખતા થયા; સમસ્ત લોકનો એક અખંડિત એવા આનંદને બદલે લોક નાના નાના સમવાય કરી પોતપોતાના એવા અનેક સંકોચિત આનંદ લેતા થયા; એટલે પછી, દેશાભિમાન હોય જ શાનું? તોપણ દેશાભિમાનની પ્રેરણા કરનારી જે આદિશક્તિપ્રકૃતિ તેની સ્થાપના કેટલાક તત્વશાસ્ત્રદ્વારા ને બૌદ્ધજૈનધર્મદ્વારા થઈ હતી; વળી બ્રાહ્મણોમાં પણ કાળીદાસે 'जगतः पितरा वंदे, पार्वतीपरमेश्वरौ' ભણ્યું ને શંકરાચાર્યે લોકને અર્થે શક્તિયુક્ત શિવનું પૂજન માન રાખ્યું.* (સંવત

* વેદે 'પરમાત્મા—પુરુષને આદ્ય સ્થાપ્યો; કાળાંતરે પ્રકૃતિ આદિ મનાઈ; કાળાંતરે પુરુષપ્રકૃતિ-શિવશક્તિ એ જુગલનો મહિમા ચાલ્યો.

૩૭૪ માં વલ્લભીપુર નાશ પામેલું, ત્યારથી તે નાગરનો શક થોડોક કાળ ચાલ્યો હતો.)

૭. કાળાંતરે **રામ** ને અયોધ્યાપુરી, અને કૃષ્ણ ને મથુરા, ગોકુળ, દ્વારકા, હસ્તિનાપુર એ ગવાયાં. બ્રાહ્મણ ને જૈન, સ્માર્ત તથા વૈષ્ણવ ને દિગંબર તથા શ્વેતાંબર અને સંન્યાસી જોગી સાધુ એમ ધર્મ વિષયમાં જૂદા છતે હિંદુઓ પ્રદેશ પ્રદેશનાં નામથી ઓળખાતા થયા. રજપૂતોએ નગર-ભક્તિ, રાજ્યભક્તિ ને રાજ્યાભિમાન એ દેખાડ્યાં; દક્ષિણીઓએ 'સ્વરાજ્ય'નું અભિમાન રાખી પરદેશી ને પરધર્મીજન ઉપર ધિક્કાર દેખાડ્યો. પણ હજી સૌ લોક ધર્મબંધને તથા જ્ઞાતિબંધને જૂદા હતા ને ધર્મ નિવૃત્તિને પ્રધાન હજી માની સંસારપ્રવૃત્તિને ગૌણ માનતા હતા.

૬. આજકાલ હિંદુઓમાં જુના નવા વિચારોનાં યુદ્ધ ચાલે છે; એક પાસથી અનેક ધર્મજ્ઞાતિબંધન શિથિલ થતાં જાય છે ને બીજી પાસથી અનેક રીતે લોકનું ઐક્ય થતું જાય છે; લોકે સંસાર પ્રવૃત્તિને મુખ્ય માનવા માંડી છે ને તેઓ રસબુદ્ધિએ ને અર્થબુદ્ધિએ મંડળીઓ કરી કરી વધારે વધારે ઉદ્યમી થતા જાય છે; અંગ્રેજ સરકારની પ્રજારૂપે પ્રાંત પ્રાંતના લોક ઉંચ નીચ સૌ ધારા ન્યાયની સત્તા તળે સમાન મનાય છે; ન્યાતના લોકમાં માન મળે તેના કરતાં દેશના લોકમાં માન મળે તે વધારે સારું છે એવી સમજ લોકમાં આવતી જાય છે. પ્રાંત પ્રાંતના વિદ્વાનો દેશકલ્યાણના વિષયમાં માનને અર્થે, ધનને અર્થે, આનંદને અર્થે, પરોપકારને અર્થે મંડળીઓમાં પોતપોતાના વિચાર જણાવે છે ને યથાશક્તિ કામ કરી દેખાડે છે; પ્રાંત પ્રાંતના શ્રીમંતો ધર્મબુદ્ધિથી કે માનબુદ્ધિથી, કોડમાં કે શરમમાં દેશકલ્યાણમાં નાણું વાપરે છે ને નિર્ધન લોકને સાથે રાખી પંત્યાળે વેપાર ધંધા કરે છે; દેશી રાજ્યની પ્રજાએ અંગ્રેજી રાજ્યની પ્રજાની સ્વતંત્રતા ઉપર મોહથી જોવા માંડ્યું છે;–એ સંધા ઉપરથી જણાય છે કે, જો કે આજ કાલ દેશદાઝ, દેશપ્રીતિ ને દેશાભિમાન એ વિષે લોકને શુદ્ધ જ્ઞાન નથી તોપણ તેઓનાં મનનું વલણ ને તેઓની કર્મવૃત્તિ એ સમસ્ત દેશી જનનું ઐક્ય કરવા ભણી છે. એ ઐક્યને અર્થે બંગાળીઓ પ્રથમ જ ધર્મનો ને દક્ષિણીઓ આજકાલ અવશ્યે સમૃદ્ધિ અર્થનો બોધ કરવાને આગળ પડ્યા છે.*

* પ્રજાને રાજ્યની તરફનું સુખ હોય તો જ તેની સંસાર-ધર્મ સદ્ગુણ-વિદ્યા સંબંધી સ્થિતિ સારી થઈ શોભે એ વિચારે ઠામેઠામના વિદ્વાનો (પોતાના સત્તાધારી લોકની જ નીતિ પ્રમાણે) લોકના હક તથા તેઓનાં દુઃખ વર્તમાનદ્વારા તથા સભા-દ્વારા સરકારને જણાવે છે; નવા ઘડાતા ધારા ઉપર વિચાર આપે છે, અને વળી સરદાર ધનવંતોને સાથે રાખી સમસ્ત લોકનું પ્રતિનિધિપણું કરે છે. કેટલાક જણ દેશમાં સર્વત્ર એક જ ધર્મપ્રકાર રાખવાનું કહે છે તેમ કેટલાક જણ સર્વત્ર એક જ પ્રાકૃત ભાષા થાય તેવું કહે છે. કેટલાક જણ સમસ્ત લોકનો અવશ્યે એક સરખો સૂધારો (હમણા વતી જ) થયાં કરે તેવું ઇચ્છે છે અને કેટલાક જણ ભાષા પરત્વે જૂદા પડેલા પ્રદેશ પ્રદેશના લોક હાલમાં અવશ્યે પોતપોતાનો જ સુધારો કરે (ને એમ થશે તો જ સામાન્ય સૂધારો વધ્યાં કરશે) એવું દેખડાવે છે. ઘણાક જણ કહે છે કે, દેશમાં દોલત વધશે એટલે પછી સઘળા સૂધારા વહેલા થશે અને કેટલાક જણ ભણે છે કે, પ્રથમ લોકે ઉચ્ચ સદ્ગુણી થવું–પોતાનાં અંતરને સબળ કરવું, એટલે પછી બાહ્ય સ્થિતિ પણ સારી થશે ને એ રીતે સર્વ સૂધારા સ્થાયી થઈ શોભશે.



[illegible]નું ઐક્ય થશે, એટલે દેશી સમસ્તનું એક સ્વરૂપ ઘડાઈ રહેશે ને [illegible] એ સ્વરૂપનું હુંપણું–દેશાભિમાન પ્રગટ જણાશે ને તે પુષ્ટ થયે તેના જય ગાજશે. આપણે સંસારના યશસુખની સ્પૃહા ન રાખ્યે કેવળ આચાર અહિંસાના ધર્મને મર્યાદા ભાવથી પાળી ને આપણે [illegible] તથા દામણા થયા, તો હવે, તરતને તરત પાછી ધર્મદ્વારા આપણી સ્થિતિ સૂધારવાનો સંભવ નથી જ; અને નિવૃત્તિશાંતિના વિચાર દબાઈ જઈ પ્રવૃત્તિઉત્સાહના વિચાર વધતા જાય છે. પ્રવૃત્તિની નીતિ (નિવૃત્તિની નહિ) પ્રબળ છે, ને એ નીતિનું શ્રેષ્ઠદૈવત સ્વદેશાભિમાન છે, તો હવે, હિંદુસ્થાનના [ મન ત્યાં અન્ન એમ સમજતા ] સકળ હિંદુઓને અને (અન્ન ત્યાં મન એમ સમજતા) મુસલમાન પારસીઓને–એ સૌને સ્વદેશ હિંદુસ્થાનનું જ અભિમાન એ જ મોટું ઉત્તમ સુખદાતા દૈવત છે, પૂજ્ય ને આરાધ્ય છે. ધર્માભિમાન દૈવતનો કાળ ગયો ને દેશાભિમાન દૈવતનો કાળ આવ્યો તો હવે એના જ ઉપર પૂર્ણ આસ્થા શ્રદ્ધા રાખવી; જેવું ધર્માભિમાનમાં દાખવ્યું તેવું ઔદાર્ય દેશાભિમાનમાં દાખવવું; દેશકલ્યાણને અર્થે, દેશી સમસ્તરૂપી મહા કુટુંબના કલ્યાણને અર્થે, સહન કરવું ને મનન કરવું, તન મન ધન અર્પણ કરવાં ને પ્રસંગે પ્રાણ પણ અર્પણ કરવા; પ્રત્યેકના ઉદ્યમે સમસ્તની સમૃદ્ધિ વધારવી ને સમસ્તના સુખમાં પોતાનું સુખ શોધવું;– એ નીતિ મનસા વાચા કર્મણા પાળવાથી આપણ સમસ્તની–દેશની સ્થિતિ ફરી પાછી સઘળી વાતે ઉત્તમ શોભશે જ શોભશે.

૮. મહાભારતના યુદ્ધકાળથી આપણું આર્ય–ઐક્ય ત્રુટિત થતું ચાલ્યું ને આપણ રાજ્ય–ધર્મ–વિદ્યા ઘરસંસારના સુખ રહિત થયા; એ આપણી ભુંડી સ્થિતિ બદલાવાનો સમય આવી પહોંચ્યો હતો ને અંગ્રેજી રાજ્યનો રુડો ઉત્તેજક સંબંધ થયો ને સ્થિતિ બદલાવા માંડી,–આપણા સારાંને

માટે ને ઠાવકાં જુદ્ધ થઈ થઇને; પણ હવે તે વહેલી બદલાર પણું ઐક વહેલું થાય, સુઘટ થાય, જયી થાય તેને માટે પ્રત્યેક મંડળે ી સમસ્તે ઉત્સાહે ને આગ્રહે કર્મસિંધુ ખેડવો અવશ્ય છે.

૯. કૂવામાં હોય તો હવાડામાં આવે, નદી કૂવાવડે જ નગરમાં રતાં જન ધૂટથી પાણી વાપરે છે, ને રાજ્યનીતિ ઉપર પ્રત્યેક કુટુંબનું સુખ મુખ્ય આધાર રાખે છે. દેશી મહારાજ્યરૂપી ઐક્ય ભાગ્યું, બાહુબળ ઘટ્યું, ઊંચું સુખ ગયું ને લોક વહેમી, કાયર ને ઢીલા થઈ રહ્યા; એઓને પાછા ઉલટમાં આણી તનમને દઢ ને ધને અનુકૂળ કરવાને ધર્મ–ભયદર્શનની અગત નથી, અર્થદર્શનની કેટલી રીતે અગત છે પણ મહાત્મતા–ઔદાર્ય દર્શનની ને કીર્તિ દર્શનની ન જ ચાલે તેવી જરૂર ને મોટી અગત છે. કેવળ સ્વાર્થ બુદ્ધિથી અનર્થ થવાનો મટે, તે બુદ્ધિ ઉપર ભારે અંકોશ રાખી પરમાર્થ બુદ્ધિથી જ વર્તવું. સહુનું સારું થાઓ ને સહુનું સારું કરવામાં સહુએ ભાગ લેવો. સહુમાં હું પણ છઉં માટે મારે પણ લેવો એ બુદ્ધિ વિના આપણે કોઈ પણ મોટું ને ઉજળું કામ કદી પણ કરી શકવાના નથી. માટે, ‘એકમાંહે સકળ સોહે ને એક સકળથી સોહે’ એ મંત્રને જપવો અને સરસ્વતી (જ્ઞાનશક્તિ) તથા સેનાની [ કર્મશક્ત ] એ બેને ખંતે સેવવાં ને સાધવાં, આપણું પ્રત્યેકનું ને સમસ્તનું બાહ્યાંતર ઉત્તરોત્તર અધિક અધિક શુદ્ધ સબળ સતેજ કરવું ને દાખવવું. એ જ આપણાં આપદ્ધર્મ કર્મ છે ને એવડે જ–સત્ય-પ્રેમશૌર્ય, એવડે જ આપણું સ્વદેશાભિમાન સત્વરે જયી થઈ દિવ્ય પ્રકાશશે સત્ય, સત્ય, સત્ય.

## ગ્રહણકાળ.

૧. એને વેદધર્મના લોક જ પુણ્યકાળ માને છે. જગતમાં બીજા કોઈ લોક તેમ માનતા નથી. કારણ કે બુદ્ધિ તથા સ્વભાવમાં વેદધર્મી લોક બીજા સૌથી જૂદા જ છે; બીજા દેશ ધર્મના લોક પ્રવૃત્તિમાં ને વેદધર્મી લોક અવશ્યે નિવૃત્તિમાં રાચનારા છે; કોઈ ધર્મપતાકા ત્યાગ પરોપકારનો તથા કોઈ પ્રેમદીનતાનો ને કોઈ કૃપા ઔદાર્યનો જયપ્રકાશ દાખવે છે; પ ર શાંતિશુચિનો જયપ્રકાશ દાખવે છે.



બીજા દેશના શાસ્ત્રીઓ ગ્રહણસમયે ગ્રહ ગોળના પૃષ્ટને નિહાળે ને ગણિત નોંધે છે. પણ પૂર્વના વેદધર્મી પંડિતોએ ગ્રહણથી જગની વિકૃતિ થાય છે, એવું સિદ્ધ કરી રાખ્યું છે. ગ્રહનો પ્રકાશ થવાથી તથા થોડીવાર મંદ કે બંધ રહેવાથી ને વાતાવરણમાં ફેરથી પ્રાણીઓ ઉપર (ઉદ્‌ભિજ પણ પ્રાણી છે) નિત્યના કરતાં જૂદા અસર થાય છે. (ગ્રહણ સમયે પક્ષીઓની વૃત્તિ જેવી.) ગ્રહણથી પ્રાણીઓનું વહેતું ચાંચલ્ય થોડું ઘણું સ્તબ્ધ થાય છે, મન સ્થિરતાને પામે છે. યોગીઓએ જાણ્યું છે કે, ગ્રહણ સમયે લોકમાત્રના શ્વાસનું સમા ન થાય છે. જગતની સુષુમ્ણા નાડી ચાલે છે. (પ્રાણાયામ, ત હોય ત્યારે જ ચોખ્ખા થાય છે.)

૩. ગ્રહણ સમય તે સ્થિરતાનો ને વળી દુર્લભ સ્થિરતા તે સમયે અવશ્ય પુણ્ય કર્મ કરવા વિશે ધર્માધિકારી યોગી ઋષિઓ આજ્ઞા આપી છે. (માંય બહાર સ્થિરતા રાખી પરમેશ્વરનું ચિંતન કરવું, એવી જગતના સર્વે લોકના ધર્મપુસ્તકમાં આજ્ઞા છે.) મંત્રશાસ્ત્રીઓ કહે છે કે, સ્પર્શથી તે મોક્ષ પર્યન્ત મંત્ર જપ થાય તો મંત્રના જેટલા વર્ણ, તે પુરશ્ચરણનું ફળ મળે. ઉપાસકો પોતાના ઇષ્ટદેવતાને ગ્રહણ વેળા અ જપે છે, તે આટલા માટે કે સિદ્ધિ વહેલી થાય.

૪. પુણ્યકર્મમાં સ્નાને શુદ્ધ થઈ નિષ્કામપણે પ્રભુસ્મર નિસ્કામ કે પછી સકામપણે ઇષ્ટદેવતાનું સ્મરણ કરવું ને દાન ધર્મોપદેશકને, અયાચક બ્રાહ્મણને, નિર્ધન નિરાશ્રિત અપંગાદિ દીનહીન મલીન જાતિને.

૫. ગ્રહણ પૂર્વેને સમયે ભૂખ્યા રહેવું આટલા માટે કે ભૂખ્યા શરીરમાં રહેલો પ્રાણવાયુ ધ્યાન જપ કીર્તનને અર્થે સ્થિરત રહે છે; ચાંચલ્ય કે આળસ દૂર થઈ પોતાના ઉદ્દેશને અર્થે થવાય છે.

૬. માગણ પોકારે છે કે “દો દાન છૂટે ગ્રહણ” એટલે ગ્રહણ તો દાન કરવાનો જે આ અમોઘ સમય તે ફરી વેહેલો નહીં વહેલા વહેલા દાન કરો. વળી દો દાન કે છૂટે ગ્રહણ, એ અર્થ દાનથી જ (કલિયુગમાં દાન ધર્મ મોટો ભણ્યો છે) તમે તમ અનેક ગ્રહણ થકી છૂટશો.

૭. આવતી અમાસે સૂર્ય ગ્રહણ છે સૂર્ય ગ્રહણ ... ધર્મપુસ્તકોમાં કથ્યો છે. માટે અજ્ઞાનતાએ ભ્રષ્ટ થયલા ...ધ... સાવધ થવું. બીજા ધર્મના લોક પણ ગ્રહણકાળે પ્રભુસ્મરણ કરે તો... પોતપોતાના ધર્મથી બાધ આવશે નહીં ને એમ થાય તો જગતમ... વસા વધે ને કલિયુગમાં કૃતયુગ દર્શન દે.

ગ્રહણ સમયના ધર્મને, પાળંતાં વિધિયુક્ત;
સ્થિતિ ગ્રહણ ખગ્રાસથી, થવાય સત્વર મુક્ત.

...ત ૧૯૩૫ ના
...૧૩ ને વાર
... લખ્યું.

12 — 3 1988
ENTERED
SHML
22833
NOT TO BE ISSUED
7BL
1107
.N2